



# ગુજરાત : ‘એટ-અ-ગ્લાન્સ’



# ગુજરાત 'એટ-અ-ગ્લાન્સ'





પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.

વર્ષ : ૨૦૧૮-૧૯

પ્રસ્તુત પુસ્તકમાં વાચકોને અદ્યતન વિગતો પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેમ છતાં અદ્યતન અને વધુ વિગતો માટે જે તે જિલ્લાની વેબસાઈટ અથવા વહીવટી કચેરીનો સંપર્ક કરવો.



# સંદેશો

ગુજરાતે વિકાસની નવી ઊંચાઈઓને આંબવા સમગ્ર વહીવટીતંત્રના માળખાને સુદૃઢ બનાવી વધુ ગતિશીલ બનાવ્યું છે. રાજય કક્ષાથી જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાથી ગ્રામ્ય કક્ષા સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ કરી જિલ્લા અને તાલુકાઓનું પુનઃગઠન કરી, બહુજન સમાજની સરળતા માટે નવા જિલ્લા અને તાલુકા વિકસાવવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ જ લોકોના કામ સરળતાથી થઈ શકે, તેમની જમીન, મકાનના દસ્તાવેજો-પ્રમાણપત્રો સ્થળ ઉપર જ મળી શકે, રાજયની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે પ્રાન્ત કક્ષાની કચેરીઓને વિકસાવી વસતી અને વિસ્તારની દ્રષ્ટિએ જિલ્લાઓ અને તાલુકાઓની પુનઃરચના કરી લોકોની આકાંક્ષાઓને સંતોષવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા આ જિલ્લાઓ અને તાલુકાઓની પુનઃરચના બાદ જિલ્લાની મહત્ત્વની જાણકારી સામાન્ય જનને મળી શકે તે માટે માહિતી ખાતા દ્વારા જિલ્લાની રૂપરેખાની એક ઝલક સ્વરૂપે ‘‘ગુજરાત એટ-એ ગ્લાન્સ’’ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. જેમાં રાજયના તમામ જિલ્લાની વિગતોને આવરી લઈ ઉપયોગી માહિતી પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે, રાજયના નાગરિકોને તેમજ રાજય બહારના મુલાકાતીઓને આ પુસ્તિકા માર્ગદર્શક બની રહેશે.

(વિજયભાઈ રૂપાણી)
મુખ્ય મંત્રી, ગુજરાત રાજય




## ગૌરવવંતુ ગુજરાત...

આગવી પરંપરા, અનોખી રીત-ભાત અને અવનવા તહેવારો ગરવા ગુજરાતની આગવી ઓળખ છે. ગુજરાતની ગૌરવગાથા અનેક કવિઓ અને લેખકોએ પોતાના શબ્દોમાં અદ્ભુત રીતે આલેખી છે. ગુજરાતની લાગણીશીલ પ્રજા જ્યાં જ્યાં જઈને વસી છે ત્યાં  આગવા ગુજરાતનું નિર્માણ કર્યું છે.

આપત્તિ - પડકારોની વણઝારની વચ્ચે ગુજરાતે પ્રગતિના અવસરોને કેન્દ્રસ્થાને રાખ્યાં છે. ગુજરાતની વિકાસયાત્રાના નવા આયામો ઉપર સમગ્ર હિન્દુસ્તાનની નજર મંડાયેલી છે. વિશ્વભરમાં પોતાના સાહસ, બુધ્ધિકૌશલ્ય તથા ઉદ્યમશીલતાથી પ્રતિષ્ઠા પામેલાં ગરવા ગુજરાતીઓએ રાજ્યને ગૌરવ અપાવ્યું છે. ગુજરાતના જિલ્લાઓની ઝલક પ્રસ્તુત કરતી આ પુસ્તિકામાં રાજ્યના વિવિધ જિલ્લાઓની વિશેષતા સુપેરે જાણવા મળે છે.

તહેવારપ્રિય ગુજરાતીઓ નાત-જાતના ભેદભાવ વિના વિવિધ તહેવારોને ઉજવે છે. પ્રકૃતિપ્રેમી અને પ્રવાસપ્રિય ગુજરાતીઓના વિવિધ પ્રવાસન સ્થળો મનોરમ્ય જોવાલાયક છે. માહિતી ખાતાએ **''ગુજરાત-એટ-અ ગ્લાન્સ''** ચિત્રસભર પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં ગુજરાતના ૩૩ જિલ્લાની ઉપયોગી માહિતી રસપ્રદ રીતે આપવામાં આવી છે. આ પુસ્તક દરેક ગુજરાતીને ખૂબ ઉપયોગી બની રહેશે.

(અશ્વિની કુમાર)
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



## ગૌરવશાળી ગુજરાત...

પૂર્વમાં સહ્યાદ્રિ અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચિમમાં કચ્છનું રણ, ઉત્તરમાં ગિરિરાજ આબુની ડુંગરમાળ અને દક્ષિણે દમણગંગાનું નૈસર્ગિક સૌંદર્ય ધરાવતા ગૌરવવંતા ગુજરાતમાં કુદરતની વિવિધતા અને ભાતીગળ લોકસંસ્કૃતિનો વિશાળ સાગર લહેરાતો જોવા મળે છે.

એકવીસમી સદીમાં ભારત વિકાસના સામર્થ્ય થકી દુનિયામાં શકિતશાળી રાષ્ટ્રનો પ્રભાવ પાડી રહ્યું છે ત્યારે ગુજરાતનો વિકાસ માત્ર નકશા કે ગ્રાફમાં નથી - સહુ કોઈ ગુજરાતના વિકાસની નજરોનજર અનુભૂતિ કરી રહ્યું છે. ગુજરાતે જનભાગીદારીની તંદુરસ્ત લોકશાહી અને વિકાસની રાજનીતિના સુશાસનની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. સાથોસાથ ગુજરાત તેનો ભવ્ય કલા અને સંસ્કૃતિનો વારસો જાળવીને વિકાસના પથ પર ચાલ્યું છે.


દરેક ધર્મ-સંપ્રદાય, જાતિ, બોલી તથા દરેકની અલગ જ વિશેષતા હોય તેવા કુલ ૩૩ જિલ્લા અને ૨૪૯ જેટલા તાલુકા ધરાવતા ગુજરાતની ઝાંખી **"ગુજરાત-એટ-અ ગ્લાન્સ"** પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. લાંબા પ્રયાસને અંતે સમગ્ર ગુજરાતની માહિતી કચેરીઓમાંથી આવેલી વિગતોને સંકલિત કરી એક અલભ્ય' પુસ્તક સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તક અભ્યાસુઓ, પ્રબુદ્ધ નાગરિકો, પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને વિવિધ વિષયો પર સંશોધન કરનારા પ્રત્યેકને ઉપયોગી થશે એવી મને આશા છે.

અશોક કાલરીયા

(અશોક કાલરીયા)

માહિતી નિયામક



# ગુજરાત દર્શન


ગુજરાત એટ-અ-ગ્લાન્સ










પાકિસ્તાન
રાજસ્થાન
મધ્ય પ્રદેશ
મહારાષ્ટ્ર
ભારત
કચ્છ
કચ્છનું રણ
બનાસ કાંઠા
પાટણ
મહેસાણા
સાબર કાંઠા
અરવલ્લી
મહીસાગર
દાહોદ
ગાંધીનગર
અમદાવાદ
ખેડા
આણંદ
પંચમહાલ
વડોદરા
છોટા ઉદેપુર
ભરૂચ
નર્મદા
સુરત
તાપી
ડાંગ
નવસારી
વલસાડ
મોરબી
સુરેન્દ્રનગર
જામનગર
દેવભૂમિ દ્વારકા
રાજકોટ
બોટાદ
ભાવનગર
પોરબંદર
જૂનાગઢ
અમરેલી
ગિર સોમનાથ
અરબ સાગર
કચ્છનો અખાત
ખંભાતનો અખાત
દમણ
દીવ
દાદરા અને નગર હવેલી

# ગુજરાત : એક ઝલક

"ગુજરાત-મહાવીરોની ધરતી" ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે આવેલું છે. જેની ઉત્તર સીમા પાકિસ્તાન અને રાજસ્થાન સાથે, પૂર્વ સીમા મધ્યપ્રદેશ સાથે, દક્ષિણ સીમા મહારાષ્ટ્ર, કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ, દાદરા અને નગર હવેલી તથા પૂર્વ અને દક્ષિણ સીમા અરબી મહાસાગર સાથે જોડાયેલી છે.

ગુજરાત રાજ્યનું નામ ગુજરાત ગુજ્જર પરથી પડેલું છે. જેમણે ઈ.સ. ૭૦૦ અને ઈ.સ. ૮૦૦ દરમિયાન અહીં રાજ કર્યું હતું.

પાષાણ યુગમાં ઉદ્ભવ પામેલી સાબરમતી નદી અને હિન્દુ સંસ્કૃતિની ધરોહર ધરાવતા હડપ્પન અવશેષો લોથલ, રામપુર તથા અમરી વગેરે સ્થળોએ જોવા મળે છે.

ગિરનાર પર્વતમાં મળી આવેલા શિલ્પ-સ્થાપત્યો મૌર્ય સમ્રાટ અશોકના સામ્રાજ્યની ગવાહી પૂરે છે. જેણે શક અને હુણોએ કબ્જે કરેલા વિસ્તારમાંથી ખદેડી મૂકી ગુજરાત પ્રદેશમાં સામ્રાજ્ય કર્યું હતું.

૯મી સદી દરમિયાન સોલંકી યુગનો ઉદય થયો જેના શાસનકર્તાએ ગુજરાતમાં ગૌરવવંતો ઇતિહાસ બનાવ્યો.

ત્યારબાદ સુદીર્ઘકાળ સુધી મુસ્લિમ શાસક અહેમદ પહેલો- જેણે ગુજરાત પર સૌ પ્રથમ સ્વતંત્ર મુસ્લિમ શાસક તરીકે ઈ.સ. ૧૪૧૯માં અમદાવાદ શાસનની ધૂરા સંભાળી. ઈ.સ. ૧૫૭૦માં સમ્રાટ અકબરે માલવા અને ગુજરાત પ્રાંતની શાસન ધૂરા સંભાળી

સમયાંતરે ગુજરાતનો કારોબાર વિવિધ રજવાડાંઓના હાથમાં હતો. ઈ.સ. ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારથી લઈને ૧મે, ૧૯૬૦ સુધી સૌરાષ્ટ્ર સિવાયનો સમસ્ત ગુજરાત પ્રદેશ મુંબઈ રાજ્ય હસ્તક હતો. બાદમાં મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઈને સમાવી ગુજરાતને અલગ રાજ્યનો દરજ્જો અપાયો. ગુજરાતના સ્થાપના કાળે રાજધાની અમદાવાદ બની હતી. વર્ષ ૧૯૭૦માં ગાંધીનગરનું નિર્માણ કરી રાજ્યની રાજધાની ગાંધીનગર લઈ જવામાં આવી.



## પ્રાચીન ઈતિહાસ

સૌ પ્રથમ ગુજરાત પ્રાંતમાં ગુજ્જરોએ વસવાટ કર્યો. જે ભારત અને હાલના પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો ભાગ છે. હુણોએ ઉત્તર ભારત અને સૌરાષ્ટ્ર ઉપર આક્રમણ કર્યું તે જાતિના નામ પરથી ગુજ્જર થયું. જે પછીથી હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને શીખ ધર્મમાં પરિવર્તિત થયું.

ભૂસ્તર શાસ્ત્રીઓને ભૂમિ ઉત્ખનન દરમિયાન પાષાણ યુગના અવશેષો ગુજરાતની ભૂમિમાંથી તેમજ સાબરમતી અને મહી નદી પાસેના પ્રદેશમાંથી મળી આવ્યા. હડપ્પા સંસ્કૃતિ સમયના શહેરો લોથલ, રામપુર, અચરજ વગેરે જગ્યાઓએ પણ અવશેષો મળી આવેલા છે.

પ્રાચીન ગુજરાત પર મૌર્ય શાસકે પણ શાસન કરેલું. ગુજરાતના કેટલાક સ્થળો સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યએ જીતેલા. જ્યારે તેના પૌત્ર સમ્રાટ અશોકે તેમાં વિસ્તાર કરેલો, શરૂઆતના ત્રણ મોર્યના સ્તૂપો મળી આવેલા હતા. ઈ.સ. પૂર્વ ૨૩૨માં સમ્રાટ અશોકનું મૃત્યુ થવાથી તેના સામ્રાજ્યમાં રાજકીય મતભેદોને લીધે તે અંત તરફ આગળ વધ્યું. રાજા શુંગારુએ રાજકીય કૂનેહથી મૌર્ય સામ્રાજ્યનો અંત કર્યો.

મૌર્ય સામ્રાજ્યના પતન પછી ડેમેટ્રીસ્ટના તાબા હેઠળ ગ્રીક આક્રમણ ગુજરાત પર થયું હતું. સ્થાનિય રજવાડાઓની સંખ્યા ૨૩ હતી. તેમાનાં મુખ્ય ત્રણ હિન્દુ રજવાડાઓ ચાવુરા, સોલંકી અને બાધીલાહ હતા. તેમણે ભારત પર ૫૭૫ વર્ષ સુધી શાસન કર્યું. જ્યારે ગુજરાત મોહમેદન્સના કબ્જામાં હતું. ચાવુરા જાતિએ ૧૯૬ વર્ષ સુધી શાસન કર્યું. તેમના પછી સોલંકી રાજાઓએ શાસન કર્યું.

ઈ.સ. ૯૦૦ દરમિયાન સોલંકી શાસન આવ્યું. સોલંકી શાસન દરમિયાન ગુજરાતનો સૌથી વિશાળ

વિસ્તાર તેમના તાબામાં હતો. ગુર્જરો સોલંકી જાતિની સાથે સંકળાયેલા હતાં. કારણ કે પ્રતિહારાઓ, પરમારો અને સોલંકી ગુર્જરોને મળતા આવે છે. પ્રાચીન ગુજરાતના છેલ્લા હિન્દુ શાસક સોલંકી અને રાજપૂત હતા. જેમણે ઈ.સ. ૯૬૦ખી ૧૨૪૩ સુધી શાસન કર્યું. એમ માનવામાં આવે છે કે, ગુજરાતના છેલ્લા હિન્દુ શાસક કરનદેવ વાઘેલા ઈ.સ. ૨૯૭માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીથી પરાજય પામ્યા હતાં.

## મધ્યકાલીન આક્રમણો :

મુસ્લિમોનું શાસન ૪૦૦ વર્ષ સુધી રહ્યું. ઝફરખાન મુઝફ્ફર તે સમયના નબળા દિલ્હીના સુલતાનનો ફાયદો ઉઠાવીને ગુજરાતનો પહેલો સ્વતંત્ર સુલતાન બન્યો. તેણે પોતાનું નામ મુઝફ્ફર શાહ જાહેર કર્યું. અહમદ પહેલો જેણે ગુજરાત પ્રાંતમાં પ્રથમ સ્વતંત્ર મુસ્લિમ શાસક તરીકે ઈ.સ. ૧૪૧૧માં સાબરમતી કિનારે અમદાવાદ વિકસાવ્યું.

આ અગાઉ ઈ.સ. ૧૦૨૬ મોહમદ ગજનીએ ગુજરાત પર આક્રમણ કર્યું. તે મૂર્તિ પૂજાનો વિરોધી હતો. તેણે રાજ્યમાં મૂર્તિઓનો નાશ કરાવ્યો. કાફિરોને માર્યા. યુદ્ધમાં પકડાયેલા સૈનિકોને બંદી બનાવ્યા અને સમૃદ્ધ ગુજરાતની સંપત્તિની લૂંટ ચલાવી. જે સંપત્તિ- વૈભવ માટે ગુજરાત જગ મશહૂર હતું. ત્યારબાદ અલાઉદ્દીન ખીલજી ઈ.સ. ૧૨૯૮માં ગુજરાતમાં આવ્યો.

ગુજરાતના તત્કાલિન સુલતાન ઈ.સ. ૧૫૭૬ સુધી સ્વતંત્ર રહ્યા. મુગલ સમ્રાટ અકબરે ગુજરાતને મુગલ સામ્રાજ્યમાં ભેળવી દીધું. તેણે માલવા અને ગુજરાતને મુગલ સામ્રાજ્યમાં ઈ.સ. ૧૫૭૦માં સામેલ કર્યા. મુગલોએ બે સદીઓ સુધી શાસન કર્યું. ૧૮મી સદીના મધ્યમાં મહાન મરાઠા સેનાપતિ છત્રપતિ શિવાજીએ પોતાના પ્રભાવ અને કુનેહથી ગુજરાત પ્રાંત કબજે કર્યો.

## અદ્યતન પદ્ધતિનો પ્રભાવ :

ઈ.સ. ૧૬૦૦માં ડચ, ફ્રેન્ચ, અંગ્રેજ અને પોર્ટુગીઝ વગેરે ગુજરાતના દરિયા કિનારે આવ્યા અને પોતાના વિસ્તારો વિકસાવ્યા. જેમાં દમણ, દીવ અને દાદરા અને નગર હવેલીના પ્રદેશો મુખ્ય હતાં.

બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના વેપારી કામકાજો ઈ.સ. ૧૬૧૪માં સુરત ખાતે શરૂ કર્યા, પરંતુ ઈ.સ. ૧૬૬૮માં પોર્ટુગીઝ પાસેથી મુંબઈનો કબજો લીધા બાદ તેઓ તેમના વેપારી કામકાજો મુંબઈ લઈ ગયા. ગુજરાતના મોટા ભાગનો અંકુશ મરાઠા શાસક પાસે રહ્યો. ઘણા સ્થાનિક શાસક જેમ કે, વડોદરાના મરાઠા ગાયકવાડ પોતાની શાંતિવાર્તા બ્રિટિશ સરકાર સાથે કર્યા બાદ બ્રિટિશ શાસન હેઠળ પોતાનું શાસન ચલાવ્યું.

ગુજરાતની શાસન વ્યવસ્થા તત્કાલિન બોમ્બેના શાસક દ્વારા કરવામાં આવતી હતી. જેમાં વડોદરા સામેલ ન હતું. જે સીધા જ ભારતના જનરલના તાબા હેઠળ હતું. ઈ.સ. ૧૮૧૮થી ઈ.સ. ૧૯૪૭ દરમિયાન આજનું ગુજરાત અનેક નાના-નાના વિસ્તારો જેવા કે કાઠિયાવાડ, કચ્છ અને ઉત્તર પશ્ચિમ ગુજરાતમાં વહેંચાયેલું હતું પણ ઘણા મધ્યના જિલ્લાઓ જેવા કે અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત પ્રાંતો સીધા જ બ્રિટિશ સરકારના તાબામાં હતાં.

મોહનદાસ કરમચંદ ગાંધીના સ્વતંત્રતાના આંદોલનથી નવા યુગની શરૂઆત થઈ. જેમાં તેમને સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ, મોહનલાલ પંડ્યા, ભુલાભાઈ દેસાઈ, રવિશંકર મહારાજ વગેરે જેવા ગુજરાતી નેતાઓએ સાથ આપ્યો. ગુજરાત ઘણી રાષ્ટ્રીય ઘટનાઓનું સાક્ષી રહ્યું છે જેમ કે, બારડોલીનો સત્યાગ્રહ, બોરસદનો સત્યાગ્રહ અને મીઠાનો સત્યાગ્રહ.

## મહાગુજરાત આંદોલન :

સ્વતંત્રતા પછી ઈ.સ. ૧૯૪૮માં મહાગુજરાત સંમેલન થયું. જેમાં ગુજરાતી બોલનાર વસ્તી ધરાવતા વિસ્તારે પોતાના અલગ રાજ્યની માંગ કરી અને ઈ.સ. ૧૯૬૦, ૧લી મેના રોજ સંયુક્ત મુંબઈ-ગુજરાતનું વિભાજન કરી મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્યોની અલગ રચના કરવામાં આવી. ગુજરાતી ભાષા બોલનાર વિસ્તારમાં

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ કરાયો. આમ પહેલીવાર ગુજરાતે સ્વાયત રાજ્યનો દરજ્જો મેળવી લીધો.

વિભાજન બાદ ઈ.સ. ૧૯૬૦થી ગુજરાતમાં ૧૭ મુખ્યમંત્રી આવ્યા. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ નારાયણ મહેતા બન્યાં. જેમણે ૧લી મે, ૧૯૬૦થી ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૩ સુધી શાસન કર્યું. ઈ.સ. ૧૯૯૫ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય થયો અને ભારતીય જનતા  પાર્ટીના શ્રી કેશુભાઈ પટેલ રાજ્યની શાસનધૂરા સંભાળી.

સને ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈ મોદી શાસનમાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ ૨૦૦૨ની ચૂંટણીમાં પણ બહુમત મેળવ્યો અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧થી ૨૧ મે, ૨૦૧૪ સુધી મુખ્ય મંત્રી તરીકેની ફરજ બજાવી. ૧ જુન, ૨૦૦૭ના રોજ તેઓ સૌથી લાંબું શાસન કરનાર મુખ્યમંત્રી બન્યાં હતાં. અત્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર શાસનધુરા સંભાળી રહી છે.

### વિભૂતિઓની ભૂમિ ગુજરાત :

ગુજરાતની કૂખે અનેકવિધ વિભૂતિઓ જન્મી છે. સ્વાતંત્ર્ય સંગ્રામના સ્વાતંત્ર્યવીરોમાં મોહનદાસ કરમચંદ ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ વગેરે કે જેઓએ આઝાદીના જંગમાં લડત આપી. અહિંસા, ભાઈચારો, બીજા પ્રત્યે માન તેમજ રાષ્ટ્રભક્તિના પાઠો ભારતીય જનોને શિખવાડ્યા.

### ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સ્મારકો :

૪૫૦૦ વર્ષથી પણ વધુ સમયનો ભવ્ય ઈતિહાસ ધરાવતા ગુજરાતે અનેકવિધ સાંસ્કૃતિક સભ્યતાને પોતાના ખોળે ઉછેરી છે. આ ભવ્ય પરંપરાની સાક્ષીરૂપે ગુજરાતમાં અદ્વિતીય ઐતિહાસિક અને પુરાતત્વીય ઈમારતો આવેલી છે. લોથલ હડપ્પન, પાલિતાણા મંદિરોના નિર્માણ દ્વારા તેની ધાર્મિક સંસ્કૃતિની ગવાહી પૂરે છે. જૂનાગઢમાં બૌદ્ધ ઋષિઓની ગુફાઓ આવેલી છે.

### ગુજરાત પ્રવાસન ક્ષેત્ર - પશ્ચિમનું ઘરેણું :

ગુજરાત તેના સમૃદ્ધ ઈતિહાસ, ભવ્ય પરંપરા, ગૌરવપૂર્ણ વારસો, ઉજ્જવળ સંસ્કૃતિ માટે જગપ્રસિદ્ધ છે. ગુજરાતમાં હિન્દુ, ઈસ્લામ અને યુરોપિયન સંસ્કૃતિની ઝાંખી જોવા મળે છે. દુનિયા સાથે તાલમેલ બેસાડતા ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે વિશ્વ પ્રવાસીઓને આકર્ષીને વિકાસની હરણફાળ ભરી છે.

રાજ્ય સરકારે સાપુતારાને એક હરિયાળું પ્રવાસન ક્ષેત્ર બનાવીને ગુજરાતને આગવી ઓળખ આપી છે.

સાપુતારાનો વિસ્તાર ૧૦૦૦મી છે અને તે દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં આવેલો છે. જે સુરત શહેરથી નજીક છે. અહીં સહ્યાદ્રી પર્વત શૃંખલા સૌથી ઊંચી છે અને તે ઠંડક અને પ્રાકૃતિક આનંદ આપે છે.

સાપુતારાના ગીચ જંગલોમાં રહેતા આદિવાસીઓ તેમના વિશિષ્ટ નૃત્ય માટે ખાસ જાણીતા છે. સાપુતારામાં હોટલો, બગીચા, સ્વીમિંગ પુલ, બોટ ક્લબ, નાટ્યગૃહો અને સંગ્રહાલયનો વિકાસ કરવામાં આવ્યો છે. તે એક સુંદર અને આહ્‌લાદક પ્રાકૃતિક અનુભૂતિ કરાવતું પ્રવાસનક્ષેત્ર બન્યું છે.

તિથલ, ભૂલેશ્વર, સુરત, ચોરવાડ, જુનાગઢ જિલ્લાને ગુજરાત સરકાર દ્વારા પર્યટન સ્થળો બનાવવા માટેની યોજના છે. પાવાગઢ અને તુલસીશ્યામ તેના ગરમ પાણીના ઝરણા અને ગીર તેના જંગલોને કારણે પ્રખ્યાત છે.

મુખ્ય પ્રવાસન ક્ષેત્ર તરીકે ઉદ્‌વાડા, વલસાડને વિશ્વ શાંતિ અને સહિષ્ણુતાનું પ્રતીક બનાવવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં ઘણા પ્રવાસન ક્ષેત્રો આવેલા છે. અમદાવાદમાં આવેલો ગાંધી આશ્રમ વિશ્વ પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે. જે ઘણા પ્રવાસીઓને તેની તરફ ખેંચી લાવે છે.

### ગુજરાતના કેટલાક પ્રવાસન ક્ષેત્રો :

- ધાર્મિક ક્ષેત્રો જેવા કે દ્વારકા, સોમનાથ, પાવાગઢ, અંબાજી, ભદ્રેશ્વર, શામળાજી અને તારંગા પાલિતાણાના જૈન મંદિર અને ગીરનારના જૈન મંદિરો.

- સ્થાપત્ય કળાના નમૂના પાટણ, સિદ્ધપુર, ઘુમલી, ડભોઈ, વડનગર, મોઢેરા, લોથલ અને અમદાવાદમાં આવેલા છે.
- દરિયા કિનારા માંડવી, ચોરવાડ તથા તિથલમાં આવેલા છે.
- સાપુતારા ગિરી મથક
- ગીરમાં સિંહનું અભયારણ્ય અને કચ્છમાં ઘુડખરનું અભયારણ્ય
- ગાંધીજીનું જન્મ સ્થાન પોરબંદરમાં કીર્તિ મંદિર અને તેમનો હરિજન આશ્રમ તથા હૃદયકુંજ અમદાવાદમાં આવેલા છે.
- ગુજરાતનું તોરણ સફેદ રણ - કચ્છ
- દેશની એકતા, અખંડિતતાના પ્રતીક સમી વિશ્વની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી.

### પ્રવાસન ક્ષેત્રો :

ગુજરાતમાં પ્રવાસન માટે જુદા જુદા સ્થળો આવેલા છે. જે ગુજરાતની ઐતિહાસિક સમૃદ્ધિની ઝાંખી કરાવે છે.

આધ્યાત્મિક પ્રવાસન, નૈસર્ગિક પ્રવાસન , વેપારી પ્રવાસન, હેરિટેજ પ્રવાસન, મેડિકલ પ્રવાસન, મનોરંજન અને પર્યાવરણ પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવાસન, આરોગ્ય પ્રવાસન, ગ્રામ્ય અને શહેરી પ્રવાસન, એડવેન્ચર સ્પોર્ટ્સ, પ્રસંગ પ્રવાસન.

### આધ્યાત્મિક પ્રવાસન :

ગુજરાતમાં અસંખ્ય જગ-પ્રસિદ્ધ યાત્રાધામો આવેલા છે. જેમાંના મોટાભાગના હિન્દુઓના તીર્થસ્થાનો છે. આ યાત્રાધામોના પ્રત્યેક ગુજરાતી જીવનમાં ઓછામાં ઓછા એકવાર દર્શન કરે છે. વિદેશીઓ અને બિન નિવાસી ભારતીયો અને ખાસ કરીને ગુજરાતીઓ ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામોની મુલાકાત લેવા માટે ગુજરાત આવે છે.

### સોમનાથ અને દ્વારિકા :

ભગવાન શ્રી શિવજીના પ્રસિદ્ધ બાર જ્યોર્તિલીંગમાંનું સોમનાથ જ્યોર્તિલીંગ ગુજરાતમાં વેરાવળ પ્રભાસ-પાટણ ક્ષેત્રમાં આવેલું છે. આ ભવ્ય મંદિરનું નવનિર્માણ ઈ.સ. ૧૯૫૦માં કરવામાં આવેલું હતું. વિદેશી આક્રમણકારોએ સોમનાથ મંદિરનો અસંખ્યવાર ધ્વંસ કર્યો હતો. હિન્દુઓની આસ્થાના પ્રતિકરૂપ સોમનાથ મંદિરનો સાત વખત જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. સોમનાથ ભગવાન શિવજીનું મંદિર છે. જે યર્જુ યુગમાં ભૈરવેશ્વર, ત્રેતાયુગમાં શ્રવણીકેશ્વર તથા દ્વાપરયુગમાં શ્રી ગણેશ્વરના નામે ઓળખાય છે.

દ્વારકા (જામનગર જિલ્લો) જે પ્રાચીન સૌરાષ્ટ્ર રાજ્યની રાજધાની હતી. જેની રચના ભગવાન શ્રીકૃષ્ણએ કરી હતી.

પાવાગઢ પ્રસિદ્ધ ઐતિહાસિક અને ધાર્મિક યાત્રાધામ છે. જે ચાંપાનેર ખાતે આવેલું છે. પાવાગઢને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવામાં આવ્યો છે. પાવાગઢ મંદિર એ પર્વતની શિખર પર આવેલું છે. જેની ઊંચાઈ ૧,૪૭૧ ફૂટ છે. ગુજરાત સ્થિત પાવાગઢ જગપ્રસિદ્ધ સંગીતકાર બૈજુ બાવરાનું જન્મસ્થળ છે.

જુનાગઢ સ્થિત ગિરનાર પર્વત હિન્દુ સાધુઓ અને જૈન મુનિઓ માટે અતિ પવિત્ર સ્થાનકોમાંનું એક છે, અહીં સાધુઓના અખાડા તેમની અલગારીને લીધે પ્રસિદ્ધ છે. ઘણા સાધુઓ અને પવિત્ર દેહધારી પુરુષો તેમની મસ્તીમાં જીવન વિતાવે છે. વિશેષ રૂપથી જૈન તીર્થંકર ભગવાન નેમિનાથ તેમના દિવ્યરૂપ સાથે બિરાજમાન છે. આ ગિરનાર પર્વત ઉપર રાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવે છે જેમાં ગિરનારના કુલ ૯૯૯૦ પગથિયાંમાંથી ૫૫૦૦ પગથિયાં ચઢવા ઉતરવાની પ્રતિયોગિતા યોજાય છે.

- ૫૧માંથી ૨ શક્તિપીઠ ગુજરાતમાં આવેલી છે. મા અંબાજીનું મંદિર ઉ. ગુજરાતના બનાસકાંઠા અને મા મહાકાળીનું મંદિર મધ્ય ગુજરાતમાં પાવાગઢ ખાતે આવેલા છે.
- ભારતના પાંચ પવિત્ર તળાવોમાંથી એક નારાયણ સરોવર અને સાત પવિત્ર નદીઓમાંથી એક પાવાગઢમાંથી આવે છે.
- ડાકોર, દ્વારિકા, સોમનાથ, વીરપુર, ખોડીયાર, સારંગપુર, ગોંડલ વગેરે સ્થળો ધર્મ અને આસ્થાના પવિત્ર સ્થાનકો ગુજરાતમાં આવેલાં છે.
- પારસીઓના ત્રણ પવિત્ર યાત્રાધામો ગુજરાતમાં આવેલ છે. આગ મંદિર ઉદવાડામાં, અત્મબેહરમ નવસારીમાં અને સુરતમાં અત્સબેહરમ છે. પારસીઓએ ભારતમાં આવવા માટે ઉતરાણ કર્યું હતું તે સ્થળ સંજાણ બંદર ગુજરાતના દક્ષિણકાંઠે આવેલું છે.
- સ્વામિનારાયણ સંપ્રદાયના પવિત્ર મંદિરો અમદાવાદ, વડતાલ, ગઢડા, સારંગપુર, મૂળી, પીપલાણા, જૂનાગઢ, અક્ષરધામ, બોચાસણ, ગોંડલ વગેરે આવેલા છે.
- જૈન સંપ્રદાયના પાંચમાંથી બે યાત્રાધામ પાલિતાણા અને ગિરનાર ગુજરાતમાં આવેલા છે. તદ્ઉપરાંત જૈન યાત્રાધામો જેવા કે શંખેશ્વર, તારંગા, કુમ્ભારીયાજી, ભદ્રેશ્વર, માંડવી, મહુડી વગેરે આવેલાં છે.
- સરખેજ અને ઊંઝા પાસે ઉનાવામાં ઈસ્લામ ધર્મની પવિત્ર મસ્જિદ આવેલી છે.
- આધ્યાત્મિક ગુરુઓ મોરારિબાપુ, રમેશ ઓઝા વગેરેના પણ આશ્રમો આવેલા છે. જેઓ ભારતભરમાં પ્રસિદ્ધ છે.
- ગુજરાતમાં સમૃદ્ધ વિશ્વ પ્રસિદ્ધ સ્થાપત્ય કળાના નમૂના આવેલા છે. પ્રાચીન શહેર જેવા કે લોથલ અને ધોળાવીરા, પ્રાચીન બુદ્ધિસ્થ સ્થાપત્ય.
- અમદાવાદની હેરિટેજ વોક ભારતની એક માત્ર "વોકીંગ ટુર" છે.
- ગુજરાતના અમૂલ્ય સ્થાપત્યના પરિણામે ગુજરાત પાસે ૨૦ હેરિટેઝ હોટલો છે કે જે જૂના મહેલો કે કિલ્લામાંથી બનાવેલી છે.

### નૈસર્ગિક પ્રવાસન :

વિશ્વ પ્રવાસીઓ કે જે કુદરત અને વન્યજીવનની શોધમાં છે તેમના માટે ગુજરાત એક હકીકત સમાન છે. ગુજરાતમાં વિવિધ પ્રકારના જંગલો, વિશાળ સમુદ્ર કિનારો, દરિયાઈ જીવન, રણ પ્રદેશ, સમૃદ્ધ હરિયાળા જંગલો છે. અહીં કેટલાક વિશેષ પ્રાણીઓના રહેઠાણ છે. જંગલના રાજા સિંહ ગીરના જંગલોમાં જોવા મળે છે. જે ગુજરાત પ્રવાસન માટેનું એક મુખ્ય આકર્ષણ છે.

ગુજરાતમાં ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૨૧ અભયારણ્યો આવેલાં છે.

- ગીરના જંગલોમાં સિંહ, કચ્છના રણમાં ઘુડખર, વિદેશી પક્ષીઓ નળ સરોવરમાં, કાળિયાર અને ચાર શિંગડાવાળા હરણના અભયારણ્યો, કેટલાંક પક્ષીઓના અભયારણ્યો ગુજરાતમાં આવેલાં છે.

- કચ્છના અખાતમાં દેશનું પ્રથમ દરિયાઈ અભયારણ્ય આવેલું છે.

### વેપારી પ્રવાસન :

ગુજરાતે આર્થિક વિકાસનું પોતાનું રોલ મોડલ વિકાસશીલ રાષ્ટ્રના ભાગરૂપે રજૂ કર્યું છે. ગુજરાતે પોતાની સભ્યતા-ઉચ્ચ જનજીવન, આનંદ,વેપાર અને રમત-ગમતને વિશ્વ ફલક પર મૂકેલું છે. ગુજરાતીઓ ઉચ્ચ જીવનશૈલી સાથે સારા ગુણાત્મક જીવનનો આનંદ લે છે. ગુજરાત પશ્ચિમનું માન્ચેસ્ટર કે ડેનિમ શહેર તરીકે જાણીતું છે. ગુજરાતની કુલ ઔદ્યોગિક બનાવટોમાંથી ટેક્ષટાઈલ ઉદ્યોગમાંથી ૬ ટકા હિસ્સો આવે છે. ગુજરાત કોટનનું મોટું ઉત્પાદક (૩૫%) અને નિકાસ કરનાર (૬૦ %) છે. તે દુનિયાનું ત્રીજા નંબરનું ડેનિમ ઉત્પાદક છે. જે ભારતની ૧૨% ટેક્ષટાઈલ્સ નિકાસ કરે છે.

ગુજરાત સૌથી ઝડપી રાસાયણિક ઉત્પાદનોનો વિકાસ કરનાર અર્થતંત્ર ધરાવતું રાજ્ય છે. યોગ્ય રીતે ચકાસણી કર્યા બાદ તેની પાસે સુયોજિત રસાયણ ઉત્પાદન માટેનો ઔદ્યોગિક ઢાંચો છે જેમાં પેટ્રોકેમિકલ્સ અને તેની આડપેદાશો, ડાઈઝ અને તેના આનુષાંગિક ઉત્પાદન થાય છે. ગુજરાત ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટેનું હબ બન્યું છે. આ ક્ષેત્રે સૌથી વધુ વિકાસ અને હરિફાઈની દ્રષ્ટિએ ગુજરાત વિકસિત છે. અંદાજે ૩૨૪૫ બનાવટના લાયસન્સ ધરાવે છે અને ભારતના ફાર્માસ્યુટિકલ ટર્નઓવરનો કુલ ૪૨% હિસ્સો છે અને તેના ૨૨ % નિકાસ ભારત કરે છે.

## મેડિકલ પ્રવાસન :

ગુજરાત પાસે આરોગ્ય પ્રવાસનના વિકાસ માટે આગવી સૂઝ છે. ગુજરાતનું મુખ્ય શહેર અમદાવાદ આરોગ્ય પ્રવાસન કે ચિકિત્સા માટે ભારતનું એક અદ્ભુત પ્રવાસન શહેર છે. અમદાવાદ દુનિયાભરના તમામ આરોગ્ય પ્રવાસનની હરિફાઈ કરી શકે તેમ છે. વૈશ્વિક સ્તરની શ્રેષ્ઠ આરોગ્ય સેવા, સારવાર સેવા અને વાજબી કિંમત દ્વારા અમદાવાદ ભારતનું સૌથી શ્રેષ્ઠ આરોગ્ય પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરની સુવિધા જેવી કે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ જે આરોગ્ય પ્રવાસન માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. ૧૦૮ સેવા ખૂબ જ પ્રશંસનીય સેવામાં સામેલ કરવામાં આવી છે.

## મનોરંજન અને પર્યાવરણ પ્રવાસન :

ગુજરાત આનંદ પ્રમોદની ભૂમિ છે. ભારતભરમાં ગુજરાતમાં શ્રેષ્ઠ દરિયાકિનારો છે. અહીં અર્થ-પ્રવાસનની ઊજળી તકો છે. અહીં મનોરંજન પ્રવાસનની સાથે સાથે આર્થિક પ્રવાસનની તકો ઊજળી છે. નળ સરોવર તથા ગાંધીનગર અર્થ પ્રવાસન સાથે જોડાયેલા છે. નળસરોવર કુદરતી સૌંદર્યના સ્થળની સાથે સાથે ઈકો-પાર્ક છે. નયનરમ્ય સ્થળો અને વિકાસ માટેની અમાપ તકો છે. આ સમગ્ર વિસ્તાર સપાટ ખુલ્લા મેદાનો અને જંગલો વાળો વિસ્તાર છે. સ્થાનિક પ્રવાસીઓ માટે એકદિવસિય પ્રવાસ માટે શ્રેષ્ઠ જગા છે. જ્યાં બોટિંગ, પક્ષીદર્શન સાથેની આનંદપ્રમોદની પ્રવૃત્તિઓની સગવડ છે. અહીં ગુજરાતભરના પ્રવાસીઓ આવે છે. ગાંધીનગર પ્રાકૃતિક સૌંદર્ય અને ઉદ્યાનોથી ઘેરાયેલું લીલુંછમ શહેર છે.

ગુજરાતમાં સરિતા ઉદ્યાન, સયાજીબાગ, પરિમલ બાગ જેવા સૌંદર્ય અને પ્રાકૃતિક સંપદાથી સજ્જ બગીચાઓ આવેલા છે. અમદાવાદ સ્થિત રિવરફ્રન્ટ નવું આકર્ષક પ્રવાસન સ્થળ બન્યું છે તેમજ કાંકરિયા તળાવ તેના નવા રૂપરંગ અને સગવડોથી પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કાંકરિયાની ફરતે પ્રાણીસંગ્રહાલય, માછલીઘર, બાળકો માટે બાલવાટીકા, રેલગાડી ઉપરાંત કાંકરિયામાં જળવિહાર તેમજ ખાણી-પીણી અને આનંદ પ્રમોદની સગવડો ઉપલબ્ધ છે.

## આરોગ્ય પ્રવાસન :

આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ અને પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિનું કેન્દ્ર ગુજરાત છે. ગુજરાતમાં અમદાવાદ, નડિયાદ, કરમસદ અને વડોદરામાં વિશ્વસ્તરના આધુનિક દવાખાનાં અને ચિકિત્સા સુવિધા આવેલી છે. તબીબી અભ્યાસ માટે ગુજરાતમાં શ્રેષ્ઠ મેડિકલ કોલેજ અને ફાર્મા કોલેજો આવેલી છે.

## પ્રસંગ પ્રવાસ :

- પ્રસંગ પ્રવાસન એ આર્થિક કામકાજો-પ્રવૃત્તિમાં અને પ્રવાસીઓને રાજ્યમાં આકર્ષવા માટે વધારો કરે છે. ગુજરાતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેપારી સંમેલનો, મેળાવડા, વેપારી ગોષ્ઠી, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેળાઓ, કોન્ફરન્સ વગેરે અવારનવાર થાય છે. તેમાં રાજ્ય સરકારનો અભિગમ પ્રસંગ પ્રવાસનને વેગ મળે તે છે.
- પ્રસંગોચિત પ્રવાસનના લીધે રમત પ્રવાસન, પર્યાવરણ પ્રવાસન, મનોરંજન પ્રવાસનમાં પ્રવાસીઓનો વધારો થાય છે. વળી તેઓ ગુજરાતના ગામો, શહેરો, દરિયા કિનારા, થિમ પેવેલિયન જોઈને ગુજરાતની ઝાંખી મેળવે છે.
- ગુજરાત પાસે અખૂટ જોવા મળતી પ્રવાસનના વિકાસ માટેની તકો છે. જે આર્થિક લાભની સાથે મનોરંજન અને આનંદ આપે છે.

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે આવેલ ધર્મપુરનાં નર્મદા ડેમની કેનાલ જળરમતની સુવિધા ઊભી કરવામાં આવી છે. જેનાં રોવર બોટસ, સ્કૂટર બોટસ, જેટ બોટસ તથા જેમાં કાયાકિંગ તથા કાઓઈંગ પણ સામેલ છે. હવાઈ રમતો અને દરિયાઈ રમતો યોજવાની મહત્ત્વાકાંક્ષી યોજના રાજ્ય સરકારની છે.

- હવાઈ રમતો - સાપુતારા, પાવાગઢ, જુનાગઢ
- દરિયા કિનારાની રમતો- એહમદપુર, માંડવી, ઉભરાટ, દ્વારકા, નરગોલ, તિથલ, ચોરવાડ, ડુમ્મસ વગેરે.
- ક્રિકેટ, બિલિયડ, ગોલ્ફ, ચેસ, તરણ, હૉકી, ફૂટબોલ, રોલર સ્કેટિંગ જેવી રમતો ગુજરાતના શહેરોમાં આંતરરાષ્ટ્રીય ધોરણે રમાય છે. જૂની રમતો જેવી કે કબ્બડી, ખો-ખો વગેરે પણ હજુ રમાય છે.

ભૌગોલિક તેમજ વ્યૂહાત્મક સ્થાન ધરાવતું ગુજરાત વિવિધતામાં બેજોડ છે. ગુજરાતનું ખમીર અને તેની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત તેના દરેક શહેરો અને સ્થળોના સ્થાપત્ય કળા, સંગીત, સાહિત્ય, પ્રાદેશિક રીત-રિવાજો, રાંધણકળા, મેળાની ઉજવણી અને તહેવારોની આસ્થામાં જોવા મળે છે.

ગાંધીનગર ગુજરાત રાજ્યની રાજધાની છે. રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીના નામ સાથે જોડાયેલું ગાંધીનગર રાજ્યના મુખ્ય શહેર અમદાવાદથી ૩૨ કિ.મી.ના અંતરે આવેલું છે. દેશના શ્રેષ્ઠ અને હરિયાળા શહેરોની ગણતરીમાં તે ગૌરવવંતુ સ્થાન ધરાવે છે.

રાજ્યમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મુખ્ય શહેરો છે. જે તેમના સ્થાન, રીતરિવાજો, ઈતિહાસ, સ્થાપત્યો, સંસ્કૃતિ અને વિચારસરણી સાથે વિપુલ સંપત્તિ, સૌંદર્ય અને સુખસગવડ અને ત્યાંની જીવનશૈલીને પ્રતિબિંબિત કરે છે.

અહીંનું સામાજિક જીવન, વિવિધ સ્થાનિક ભાષા બોલી, રિત-રિવાજો, તહેવારો, ઉત્સવો, પહેરવેશ, ખાણીપીણીનાં રિવાજો અને ગુજરાતના વિવિધ પ્રાંતોમાં રહેતા લોકોના રહેઠાણોની તેના વિવિધતાસભર વારસાને ઉજાગર કરે છે.

ગુજરાતમાં સ્વભાવે માયાળુ, ખંતીલા અને મહેનતકશ લોકો શહેરો, ગામડાંઓ અને નાના કસબામાં રહી તેની આર્થિક ઉપાર્જન પ્રવૃત્તિ કરે છે. ગુજરાતના ઉદ્યોગપતિઓ તેમજ કસબીઓએ પોતાના ધંધા-વ્યવસાયનો વ્યાપ ગુજરાતમાં અને પરપ્રાંતની સાથે સાથે દેશના સીમાડા ઓળંગી સમુદ્રપારના દેશોમાં પણ વિકસાવ્યો છે.

ભાષા આપણી લાગણીને જીવંત રાખતું પરિબળ છે. ગુજરાતની મુખ્ય ભાષા ગુજરાતી છે. અંગ્રેજી ભાષાને વ્યવસાયી સ્તરે સ્વીકારેલી છે. ઉપરાંત ગુજરાતમાં બાર ગાઉએ બોલી બદલાય તે ઉક્તિને પ્રમાણ માની ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ મધ્ય ગુજરાતમાં ગુજરાતી ભાષાની બોલી ધર્મ-જ્ઞાતિ-રિવાજ મુજબ બોલાય છે. સૌરાષ્ટ્ર - કચ્છમાં કાઠિયાવાડી અથવા કચ્છી બોલી બોલાય છે. તેવી રીતે મધ્ય ગુજરાતમાં ચરોતરી બોલી બોલાય છે.

## ધાર્મિક સ્થાનો :

ગુજરાતમાં ધાર્મિક-પ્રવાસનનો વ્યાપ ઘણો છે. સર્વધર્મો અને સંપ્રદાયને એકબીજા પ્રત્યે સદ્‌ભાવના, પ્રેમભાવ, સહિષ્ણુતા અને એકતા તેનું મુખ્ય કારણ છે. ગુજરાતમાં હિન્દુધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ મુખ્ય છે. મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, સિંધી, શીખ ઉપરાંત અન્ય ઘણા ધર્મો અને સંપ્રદાય પ્રત્યે શ્રદ્ધા ધરાવતો મોટો વર્ગ સમગ્ર ગુજરાતમાં પથરાયેલો છે.

પૌરાંણિક સમયથી ગુજરાત મંદિરોની ભૂમિ રહી છે. બાર જ્યોર્તિલિંગોમાંનું સૌપ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિર ગુજરાતમાં આવેલું છે. ભગવાન શ્રી શિવજીનું શાશ્વત અનાદી સ્વરૂપ સોમનાથ મંદિર ૨૦મી સદીના અંતમાં નિર્માણ પામ્યું. પૌરાણિક કથા અનુસાર મહાભારતના સમયમાં સોમેશ્વર મહાદેવ તરીકે પ્રચલિત હતું. ભગવાન સોમનાથ દિવ્ય અનુભૂતિ આપતાં દરેક યુગમાં જુદા જુદા નામોથી પ્રચલિત હતાં. સતયુગમાં ભૈરેશ્વર, ત્રેતાયુગમાં સર્વનિકેશ્વર અને દ્વાપરયુગમાં શ્રીગલતેશ્વરના નામથી પ્રચલિત હતાં.

પર્વતોના શિખરે બિરાજમાન્ આરાસુરના મા અંબાજી, પાવાગઢમાં મા કાલિકા, જૈનોના તીર્થંકર સ્વામી મહાવીર પાલીતાણામાં શિખરો, તળેટી, કંદરાઓમાં ઐતિહાસિક અને ધાર્મિક સ્વરૂપે શોભાયમાન છે. ગુજરાતમાં પાલિતાણા જૈન ધર્મનું મુખ્ય સ્થાનક છે. કુલ ૮૬૩ જેટલાં નાના નાના દેરાસરોથી સમગ્ર પાલિતાણા જૈન યાત્રાળુઓ માટે આસ્થાનું સ્થળ છે. આરસપહાણના પત્થરોને કલાત્મક રીતે કંડારી સ્થાપત્યના બેનમૂન સ્થાપત્યો પાલિતાણામાં જોવા મળે છે.

ગુજરાતમાં અન્ય મહત્ત્વના ધાર્મિક સ્થળો : અક્ષરધામ મંદિર, અંબાજી મંદિર, ડાકોર મંદિર, દ્વારકા, પાવાગઢ મંદિર, ગિરનારનું મંદિર, પાલિતાણાનું મંદિર, સોમનાથ મંદિર, સૂર્ય મંદિર

## કિલ્લા અને મહેલો :

ગુજરાતમાં આવેલા કિલ્લાઓ અને મહેલો તેના સ્થાપત્ય કળા અને ઐતિહાસિક ધરોહરને પ્રતિબિંબિત કરે છે. ગુજરાતમાં હિન્દુ, મુસ્લિમ તેમજ યુરોપિયન સ્થાપત્યની ઝાંખી જોવા મળે છે. ગુજરાતમાં પૌરાણિક કિલ્લાઓ અને મહેલો ઐતિહાસિક સાંસ્કૃતિક અને પરંપરાગત કળા-કૌશલ્યને ઉજાગર કરે છે.

અમદાવાદ સ્થિત પ્રખ્યાત ભદ્રનો કિલ્લો મધ્યકાલીન સમયનો ભવ્ય ઐતિહાસિક સ્થાપત્યનો નમૂનો છે. જે ઈ.સ. ૧૪૧૧માં બાંધવામાં આવેલો. જેમાં હિન્દુ ધર્મના 'મા' સ્વરૂપ કાલી 'મા' નું સ્થાનક છે. મધ્યકાલીન યુગમાં ભદ્રના કિલ્લામાં પ્રવેશ માટે ત્રણ દરવાજાની ઈમારત રજવાડી પ્રવેશદ્વાર ગણાતું હતું. ગુજરાતમાં અસંખ્ય એવા કિલ્લાઓ વિવિધ સ્થળોએ આવેલાં છે. જે હિન્દુ, મુસ્લિમ અને યુરોપિયન કળા સ્થાપત્યની ઝાંખી કરાવે છે.

ગુજરાતમાં અસંખ્ય એવા કિલ્લાઓ વિવિધ સ્થળોએ આવેલાં છે. જે હિન્દુ, મુસ્લિમ અને યુરોપિયન કળા સ્થાપત્યની ઝાંખી કરાવે છે.

**કિલ્લાઓ :** લખોટા કિલ્લો-જામનગર , પાવાગઢનો કિલ્લો-પંચમહાલ વડોદરા નજીક, ઉપરકોટ કિલ્લો-જૂનાગઢ, ડભોઈ કિલ્લો-નર્મદા બંધ તરફ જવા માટેનો મુખ્ય દરવાજો, જૂનો કિલ્લો-સૂરત, ભૂજિયા-ભૂજ, ઈલવા દુર્ગા-ઈડર, ધોરાજી કિલ્લો-પોરબંદર, ઓખા બંધ-દ્વારકા ઝીંઝુવાડા કિલ્લો, કચ્છનો કિલ્લો.

**મહેલો :** વિજય વિલાસ મહેલ, પાલીતાણા, ભાવનગર, આઈના મહેલ, (જૂનો મહેલ) અને પરાગ મહેલ, કુસુમ વિલાસ ભવન અને પ્રેમભવન ઉદેપુર, નવલખા મહેલ, રિવરસાઈડ મહેલ, ગોંડલ, દોલત નિવાસ મહેલ, ઈડર, આર્ટ ડેકો, મોરબી, દિગ્વીર નિવાસ મહેલ, વાંસડા, સૂરત, લક્ષ્મીવિલાસ મહેલ, નઝરબાગ મહેલ, પ્રતાપવિલા મહેલ, વડોદરા, રાજમહેલ, હવામહેલ, વઢવાણ, રણજીત વિલાસ મહેલ, વાંકાનેર.

## સંગ્રહાલયો :

ગુજરાતના ભવ્ય સંગ્રહાલયો તેના ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક વારસા અને ઐતિહાસિક પરંપરાની ભવ્યતાને વાચા આપે છે. આ સંગ્રહાલયો ગુજરાતને સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમાંકે લાવે છે. ગુજરાતમાં આવતા પ્રવાસીઓના દિલ જીતી લેતા આ ભવ્ય સાંસ્કૃતિક વારસાના સંગ્રહમાં ગુજરાતની પરંપરાગત જીવનશૈલી પ્રતિબિંબિત થાય છે.

રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીની જન્મભૂમિ તેમજ કર્મભૂમિ ગુજરાત પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેમાં અમદાવાદ ખાતે ૧૯૫૧માં સ્થપાયેલું ગાંધી સ્મારક સંગ્રહાલય મુખ્ય છે. જે ૧૯૬૩માં નવા સ્વરૂપે નવા અદાયલા સ્થળે બનાવવામાં આવ્યું. આ સંગ્રહાલયમાં ગાંધીજીની રોજીંદી ક્રિયાઓમાં વપરાશમાં આવતી ચીજવસ્તુઓને પ્રદર્શન માટે મૂકી છે. ઉપરાંત સંગ્રહાલયમાં રજૂ કરાયેલા ચિત્રો આબેહૂબ વાસ્તવિક ઘટનાઓની અનુભૂતિ કરાવે છે. અહીં પુસ્તકો, ઉપરાંત ગાંધીજીના લખાણોની હસ્તપત્રો, ગાંધીજીએ કરેલા પત્રવ્યવહારોની નકલો, ફોટોગ્રાફ્સ ઉપરાંત આશ્રમવાસીઓ સાથેના ચિત્રો જેવી ચીજવસ્તુઓ ભારતીય સ્વાતંત્ર ઇતિહાસની અનુભૂતિ કરાવે છે. ખાસ તો ગાંધીજીનો ચરખો અને તેમણે વાપરેલું ટેબલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

## કેટલીક કળાની હકીકતો :

**કેલિકો ટેક્ષટાઈલ સંગ્રહાલય :** ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદ તેની સદીઓ પુરાણી હાથ-શાળ, વણાટ કામ માટે જગમશહૂર છે. કોટન કાપડના ઉત્પાદનમાં ભારતના મોખરાના સ્થાને રહી ચૂકેલું અમદાવાદમાં

કેલિકો ટેક્ષટાઈલ સંગ્રહાલય આવેલું છે. જેમાં હાથશાળ, વણાટકામ ઉપરાંત કાપડના કલરકામ સાથે કોટન, રેશમ અને સુવર્ણ પર થયેલી કળા-કારીગરીનાં ઉત્તમ નમૂનાઓનો સંગ્રહ છે. સત્તરમી સદીનાં હાથશાળની કારીગરીને પ્રતિબિંબિત કરતું લાકડાનું નકશીકામની સજાવટવાળું આ સંગ્રહાલય તેની આગવી ગોઠવણી અને નમૂનાની રજૂઆતોમાં વિખ્યાત બનેલું છે.









**સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક :** સાબરમતી નદી કિનારે શાહીબાગ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક આવેલું છે. ભારતની આઝાદીના જંગમાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો ફાળો અને તેમની નેતાગીરીના સંસ્મરણો આ સંગ્રહાલયમાં જળવાયેલા છે. તેમના જીવન અને કાર્યોની નોંધનો સંપૂર્ણ ઇતિહાસ આ સંગ્રહાલયમાં સાચવવામાં આવેલો છે. અગાઉ રાજભવન તરીકે ઓળખાતી આ ઈમારત તેની ભવ્યતા અને સ્થાપત્ય કળામાં બેનમૂન છે.

**પતંગ સંગ્રહાલય :** 'પતંગ ઉત્સવ' ગુજરાતની આગવી ઓળખ છે. વિશ્વ ફલક પર પતંગના શોખને ઉત્સવમાં પરિવર્તિત કરી વિશ્વભરમાં ફેલાયેલા પતંગ રસિયાઓ ગુજરાતના મહેમાન બની ચૂક્યા છે. પતંગ સંસ્કૃતિને ઉજાગર કરતું 'પતંગ સંગ્રહાલય' પતંગનો એક હજાર વર્ષ જૂનો ઇતિહાસ દર્શાવે છે. પતંગના વિવિધ નમૂના અને ઐતિહાસિક દસ્તાવેજો સાથે તેની પ્રતિકૃતિઓ જોવા-માણવા માટે વિશ્વના પ્રવાસીઓ માટે 'પતંગ સંગ્રહાલય' આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**વડોદરા સંગ્રહાલય :** કળા અને શિલ્પ સ્થાપત્યના બેનમૂન અને આકર્ષક નમૂનાનો સંગ્રહ અહીં જોવા મળે છે. ઇતિહાસ, ભૂસ્તરશાસ્ત્ર અને જુદી જુદી માનવ સંસ્કૃતિના સ્વરૂપને આલેખતું આ ભવ્ય સંગ્રહાલય ગાયકવાડી, યુરોપીય અને મુઘલ સામ્રાજ્યના અમૂલ્ય નમૂનાને રજૂ કરે છે.

**માનવ સંસ્કૃતિનું સંગ્રહાલય :** 'ભારતીય સંસ્કૃતિ દર્શન' નામે પ્રખ્યાત માનવ-સંસ્કૃતિના પૂર્ણ દરજ્જાને તાદૃશ્ય કરતું આ સંગ્રહાલય ભૂજ ખાતે આવેલું છે. કચ્છની ગ્રામીણ સંસ્કૃતિના ૪૫૦૦થી વધુ નમૂના દર્શાવતા સંગ્રહાલયમાં સંસ્કૃતિ કળાના પુસ્તકો અને અન્ય સામગ્રી ઉપલબ્ધ છે. જે મુખ્ય પાંચ વિભાગોમાં વહેંચાયેલું છે. મધ્યખંડમાં સાહિત્ય ચિત્ર વિભાગમાં અલભ્ય સાહિત્યનો ખજાનો છે. ખૂબ જ કલાત્મક ચર્મકામ, સંગીતકળાના વાદ્યોના નમૂના ખૂબજ આકર્ષક અને ભવ્ય રીતે રજૂ કરાયેલા છે. જે તે સમયની કિંમતી ચીજ વસ્તુઓ, ઉપરાંત સોનું- ચલણી નાણું વગેરેને સુરક્ષિત રીતે સંગ્રહવા માટે 'કોઠાર'નું નિર્માણ અને તેની બનાવટ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**કચ્છ મ્યુઝિયમ :** ગુજરાતનું સૌથી પુરાણું સંગ્રહાલય છે. ઈ.સ. ૧૮૭૭માં નિર્માણ પામેલું આ સંગ્રહાલય ફર્ગ્યુસન સંગ્રહાલય નામે પ્રચલિત છે. બ્રિટીશ હકુમત સમયે સર જેમ્સ ફર્ગ્યુસને આ સંગ્રહાલયની વ્યવસ્થા કરી હતી. આ સંગ્રહાલયમાં સોના-ચાંદીના ઘરેણાંના નમૂના તેના ડિઝાઈન, શાળકામ, યુદ્ધ શસ્ત્રોના નમૂના, પુરાતત્ત્વીય ઇતિહાસના નમૂના, પ્રાણીના અવશેષો અને અન્ય સાધનસામગ્રી ઉપરાંત વહાણ-વ્યવહાર સાથે જોડાયેલી સંસ્કૃતિ અને સભ્યતાની રજૂઆત અહીં કરવામાં આવી છે.

**ગુજરાતમાં ગ્રંથાલયો :** ઈ.સ. ૧૯૩૯માં ગુજરાત પુસ્તકાલય મંડળની સ્થાપના થઈ. મંડળ પાસે બે ગ્રંથાલયો હતા, તેમાંનું એક ગ્રંથાલય અમદાવાદ ખાતે મધ્યસ્થ લાયબ્રેરી ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આવેલું છે. સ્વાયત સંસ્થા દ્વારા તેનું સંચાલન થાય છે, બીજું પુસ્તકાલય વડોદરા સ્થિત વડોદરા મધ્યસ્થ પુસ્તકાલય જેનું સંચાલન ગુજરાત

રાજ્યના પુસ્તકાલય નિયામક દ્વારા થાય છે. ગુજરાતમાં રાજ્ય સ્તરના અને પ્રાદેશિક કક્ષાના ઘણા પુસ્તકાલયો આવેલા છે. જેમાં કેટલાક પુસ્તકાલયો સંસ્થાકીય તો કેટલાક ખાનગી પુસ્તકાલયો છે. પુસ્તકાલયો દ્વારા સમાજમાં સાક્ષરતા દર વધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના વીર સપૂતો મહાત્મા ગાંધી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ ગુજરાતમાં સ્વાતંત્ર્યના ઈતિહાસની સાથે સાથે વિવિધ ધર્મો અને સંસ્કૃતિના અમૂલ્ય ઐતિહાસિક સ્મારકો અગણિત સંખ્યામાં આવેલાં છે.

ગુજરાતમાં પ્રાચીન અને અર્વાચીન સમયના સ્થાપત્યનો સંગમ જોવા મળે છે. ગુજરાતમાં વિશ્વફલક પર પ્રભાવ પાડી શકે તેવા સ્થાપત્યોનું નિર્માણ થયેલું છે. જે વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગુજરાત પાસે સાંસ્કૃતિક વારસાનો બહુમૂલ્ય ખજાનો છે. જેના થકી તે દેશ-વિદેશમાં તેની ભવ્યતાના દર્શન કરાવે છે.

માનવ સંસ્કૃતિ અને સભ્યતામાં પાણીનું ઘણું મહત્ત્વ છે. માનવ સભ્યતા પાણીના સંગ્રહ માટે અનેકવિધ પ્રયાસો કરતી આવી છે. ગુજરાતમાં પણ ભૂમિગત જળસંગ્રહનો વિચાર સદીઓ પહેલાં અહીંના શાસકોને આવેલો. પાણીના સંગ્રહની આ વિશિષ્ટ પદ્ધતિ દુનિયાભરમાં અજોડ છે. ગુજરાતમાં આવેલી વિવિધ 'વાવ' તેનું અદ્વિતીય ઉદાહરણ છે. વાસ્તુકલા, સ્થાપત્ય અને કળા કારીગરી એમ ત્રિવેણી સંગમના અદ્‌ભુત નમૂનામાં અલૌકિક અડાલજની વાવ અને દાદા હરિની વાવ જે અમદાવાદ જિલ્લામાં આવેલી છે. પાટણમાં 'રાણકીવાવ' આવેલી છે.

## ગુજરાતમાં ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સ્થળો :




**હૃદયકુંજ :** ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીની મુખ્ય કર્મભૂમિ અમદાવાદ રહી હતી. સાબરમતી આશ્રમ ખાતેના નાના ઓરડામાં ગાંધીજી તેમના વસવાટ દરમિયાન અહિંસાનું આંદોલન અને સ્વાતંત્ર્ય ચળવળની પ્રવૃત્તિઓ ચલાવતા હતાં. હૃદયકુંજ તરીકે પ્રચલિત સાબરમતી આશ્રમના આ સ્મારકો તેનાં મૂળ બાંધણી મુજબ સચવાયેલું છે. જેમાં ગાંધીજીના દૈનિક કાર્યોની ચીજવસ્તુઓ તેમજ તેમની અંગત જીવનોપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે જે તેની મૂળ સ્થિતિમાં આજની તારીખે પણ સચવાયેલાં છે.

'હૃદયકુંજ' વિશ્વ પ્રવાસીઓ માટેનું મુખ્ય કેન્દ્ર છે. અહીં પ્રવાસીઓ પુસ્તકાલય, ગાંધીજીના હસ્તલિખિત પત્રો, સ્વાતંત્ર્ય સંગ્રામના મૂળ દસ્તાવેજો ઉપરાંત ધ્વનિ અને પ્રકાશના આયોજનથી સ્વાતંત્ર્ય સંગ્રામની હુબહુ ઝાંખી કરાવતો કાર્યક્રમ પ્રવાસીઓ માટે રજૂ કરાય છે. ગાંધીજી દ્વારા નિયમિતપણે કરાતી હૃદયકુંજની પ્રાર્થના આશ્રમના ઈતિહાસનું બેનમૂન સંભારણું છે. આમ સ્વાતંત્ર્ય સંગ્રામનું આ પ્રમુખ સ્મારક ગાંધીજીએ સ્થાપેલા મૂલ્યોને સંવર્ધિત અને તેનો પ્રચાર કરતું આઝાદીની જંગનું મૂક સાક્ષી છે.



**લોથલ :** લોથલ એક પુરાતત્ત્વીય સ્થળ છે. ભૂસ્તર ખોદકામ દરમિયાન લોથલ ખાતેથી જે અવશેષો મળી આવ્યા તે સિંધુ સભ્યતાની ઓળખ ઊભી કરે છે. ઈ.સ. પૂર્વે ૧૮૦૦-૨૦૦૦ના સમયગાળા દરમિયાનની સિંધુ સંસ્કૃતિની સભ્યતા લોથલમાં જોવા મળે છે.

અહીં સિંધુની ખીણના અન્ય સ્થાપત્યો ઉપરાંત શ્રેષ્ઠ નગર રચના જોવા મળી છે. વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિ લોથલની ગણી શકાય. લોથલ ખાતે મળી આવેલા માનવ સભ્યતાના અવશેષોમાં રોજિંદા ઘરવપરાશના વાસણો, આભૂષણો ઉપરાંત ઘર-ઉપયોગી ચીજવસ્તુઓની રચના તેમજ રહેણાંકોની સ્થાપત્ય કળા બેનમૂન અને વિસ્મયકારક છે. લોથલના રસ્તાઓ અને જાહેર સુવિધા-સગવડોનું બાંધકામ બેજોડ છે. આવા પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતા સ્થળ લોથલ વિશ્વ પ્રવાસીઓ માટે આકર્ષણનું સ્થાન બન્યું છે.



**કીર્તિ મંદિર :** પોરબંદર ખાતે આવેલું કીર્તિ મંદિર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું જન્મસ્થાન છે. રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરાયેલા કીર્તિ મંદિરનું રાષ્ટ્રીય મહત્ત્વ જેટલું છે તેટલું ધાર્મિક મહત્ત્વ પણ છે. ભગવાન શ્રીકૃષ્ણના પરમ સખા સુદામાના જન્મસ્થાન તરીકે આ શહેરનું ધાર્મિક મહત્ત્વ પણ છે.

**વડનગર :** વડનગર તેના સ્થાપત્યો અને ઐતિહાસિક સ્થાનકો માટે જાણીતું છે. સ્થાપત્યોમાં વડનગરનું 'તોરણ' અને ધાર્મિક સ્થાનકમાં હાટકેશ્વર મહાદેવ પ્રખ્યાત છે. વડનગરના શર્મિષ્ઠા તળાવના કિનારે શહેરની ઉત્તરે આવેલું 'તોરણ' સ્થાપત્ય અંદાજે ૧૨મી સદીમાં નિર્માણ પામ્યું હતું. તેના નિર્માણમાં લાલ અને પીળા પત્થરોનો ઉપયોગ થયો હતો. ૪૦ ફૂટ ઊંચું અને કોતરણીમાં બેનમૂન એવું આ 'તોરણ' સ્થાપત્ય શહેરના પ્રવેશદ્વારની ઈમારત છે. સોલંકી યુગના શાસન દરમિયાન ગુજરાતના પ્રવેશદ્વાર તરીકે આ સ્થાપત્ય પ્રચલિત હતું. સિદ્ધપુર ખાતે આવેલા રુદ્રમહાલય સ્થાપત્યની કોતરણી- નકશીકામ આ સ્મારકને મળતી આવે છે.



**ધોળાવીરા :** ભારતની પૌરાણિક સાત અજાયબીમાંની એક અજાયબી એટલે ધોળાવીરા. ગુજરાતનું પ્રાચીનતમ સમૃદ્ધનગર એટલે ધોળાવીરા. ગુજરાતનાં કચ્છ જિલ્લામાં ધોળાવીરા આવેલું છે. સિંધુ સભ્યતાનું પ્રમુખ શહેર કે જેનું સ્થાપત્ય અને રચના બેનમૂન છે. તેનું નિર્માણ અંદાજે ઈ.સ. પૂર્વે ૨૯૦૦ના સમયગાળામાં થયું હતું. નગર રચનામાં ઈંટોનો ઉપયોગ કરાયો હતો. ઉપરાંત માનવ જરૂરિયાતની તમામ સુવિધાઓની રચના આયોજનપૂર્વક કરવામાં આવી હતી. પાણીના સંગ્રહ અને વિતરણની બેનમૂન ગોઠવણ તત્કાલિન સમયની દુનિયાની શ્રેષ્ઠ રચના-વ્યવસ્થા ગણાઈ છે.



**ચાંપાનેર - પાવાગઢ :** ચાંપાનેર- પાવાગઢ, માંચીને વિશ્વના અજોડ પુરાતત્ત્વીય ઈમારત-સ્મારક તરીકે યુનેસ્કોએ જાહેર કર્યું છે. રાજ્ય સરકારે ચાંપાનેર-પાવાગઢને પ્રવાસીઓના આકર્ષણના મુખ્ય કેન્દ્ર તરીકે વિકસીત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. પ્રવાસના અન્ય આકર્ષણોમાં નિમેટાબાગ, આજવા તળાવ, જાંબુઘોડા, અભયારણ્ય અને ડભોઈને પણ વિકસીત કરવામાં આવ્યું છે. આ સ્થળનું ઐતિહાસિક મહત્ત્વ તે અંદાજે ૧૨૦૦ વર્ષનો ઇતિહાસ અને તેથી પણ વધુ સમયથી સાંસ્કૃતિ વારસો ધરાવે છે. ૧૫મી સદીમાં રાજાપતઈને હરાવી મુસ્લિમ શાસક મહંમદ બેગડાએ આ પ્રદેશ પર પોતાની શાસન ધુરા સંભાળી હતી. મહંમદ બેગડાએ તેના શાસનની રાજધાની અમદાવાદથી ખસેડી ચાંપાનેરને બનાવી હતી.

## વન્ય જીવન :

"કોઈપણ રાષ્ટ્રની ઓળખ તેના વન્યજીવોની તેણે કરેલી માવજત ઉપરથી થાય છે." પ્રાકૃતિક સૌંદર્ય અને વન્ય જીવોની મઝા માણવા માટે ગુજરાત એ ઉત્તમ ભૂમિ છે. દરેક ઋતુમાં નવપલ્લવિત થતાં વૃક્ષો, વિશાળ ફલકમાં પથરાયેલા લીલાછમ ખેતરો અને અમાપ દરિયાઈ સિમાડાથી ઘેરાયેલી ગુજરાતની ભૂમિ પ્રાકૃતિક સંપદાઓ ધરાવતા જંગલોથી ધન્ય બની છે. દુર્લભ એવા વન્યજીવોના વસવાટની ભૂમિ પર સર્વજીવો રક્ષિત છે. જે વન્યજીવની હાજરીથી ગુજરાતની ઓળખ સમગ્ર વિશ્વમાં બની છે તે એશિયાઈ સિંહો ગીરના જંગલોમાં વસવાટ કરે છે. આ સ્થળ પ્રવાસન કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે.

| | | |
|---|---|---|
| મોસમના મિજાજ ધારણ કરતાં જંગલો | - | ગીર |
| લીલાછમ ઘાસોથી આચ્છાદીત ભૂમિ | - | વેળાવદર |
| વિશાળ પરિદ્રશ્ય | - | કચ્છનું નાનુ રણ |
| વિશાળ જીવસૃષ્ટિની ભૂમિ | - | નળ સરોવર |

દરિયાઈ ટાપુ - પીરોટનના ટાપુ

મોસમી ગીચ જંગલો - ડાંગના ગીચ જંગલો

વન્ય જીવોના રક્ષણ માટે તેમજ પ્રવાસીઓના આનંદ-પ્રમોદ માટે ગુજરાત વન્યજીવ સૃષ્ટિ વસાહતોને રક્ષિત જાહેર કરી છે. જેમાં રાષ્ટ્રીય ઉદ્યાનો તથા અભયારણ્યોમાં વન્યજીવોની પ્રકૃતિને અનુરૂપ તેના માટેનું પર્યાવરણ અને તેઓને નૈસર્ગિક વાતાવરણ મળી રહે તેવા પ્રયાસો રાજ્ય સરકારે કરેલા છે.

## રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો :

"વન્યજીવોની સાચવણી દ્વારા જ જે તે રાષ્ટ્રની ઓળખ ઊભી થાય છે."

**ગુજરાત રાજ્યમાં આવેલા વન્યજીવો માટેના અભયારણ્યો :** ગુજરાત અલભ્ય જીવો અને જીવસૃષ્ટિ માટેની ભૂમિ રહી છે. એશિયાઈ સિંહ ગુજરાતના ગીર પ્રદેશમાં જ જોવા મળે છે.જંગલી ગધેડા જે કચ્છના રણમાં જોવા મળે છે. કાળા બતક અને અન્ય જળચર જીવસૃષ્ટિની પ્રજાતિઓ પણ ગુજરાતમાં સુરક્ષિત છે.

વન્ય જીવસૃષ્ટિમાં જીવો ન કેવળ અભયારણ્યો કે ઉદ્યાનોમાં સચવાયેલા છે, પરંતુ ખાસ બનાવાયેલા અથવા કુદરતી સ્થાનો, તળાવો, જળાશયો અને નદી કિનારાઓમાં તેઓનો વસવાટ બનાવાયેલો છે. મોર, સારસ, લક્કડખોદ જેવા અલભ્ય પક્ષીઓ રાજ્યમાં ખાસ બનાવાયેલા ઉદ્યાનો અને બગીચાઓમાં વસવાટ કરે છે.

ગુજરાત રાજ્યમાં વન્યજીવ સૃષ્ટિ સુરક્ષિત અને સંવર્ધિત છે. રાજ્ય સરકારના વન્ય વિભાગના પ્રયાસો દ્વારા જન-સમૂહને વન્ય જીવોની ઓળખ અને સાચવણી માટે જાગૃત કરવામાં આવે છે. રાજ્ય સરકાર વન્યજીવોની સુરક્ષા જાળવણીની વ્યૂહરચનાના ભાગ રૂપે વન્ય વિભાગ દ્વારા યોજાતા સેમિનારો, તાલીમ, પ્રવાસ અને પ્રકૃતિ પ્રેમીઓ માટેના ક્લબો ઊભી કરી વન્યજીવોના સંવર્ધન સંરક્ષણ સંબંધિત માહિતીથી માહિતગાર કરવામાં આવે છે.

**રાષ્ટ્રીય ઉદ્યાનો :** ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, કાળા બતક- રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર, વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન, દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન

**અભયારણ્યો :** ગીર વન્યજીવો માટેનું અભયારણ્ય, ઘુડખર અભયારણ્ય, પક્ષીઓ માટે નળ સરોવર અભયારણ્ય, જેસોર હરણ અભયારણ્ય, બારડ વન્યજીવોનું અભયારણ્ય, હિંગોળગઢ નૈસર્ગિક શિક્ષણ અભયારણ્ય, દરિયાઈ અભયારણ્ય, નારાયણ સરોવર અભયારણ્ય, ખિજડીયા પક્ષી અભયારણ્ય, રતનમહાલ હરણ અભયારણ્ય, કચ્છના રણ વન્યજીવ અભયારણ્ય, ગાગા વન્યજીવ અભયારણ્ય, રામપરા વન્યજીવ અભયારણ્ય, થોર વન્યજીવ અભયારણ્ય, શૂલપાણેશ્વર વન્યજીવ અભયારણ્ય, પોરબંદર વન્યજીવ અભયારણ્ય, પનીયા વન્યજીવ અભયારણ્ય, બાલારામ અંબાજી વન્યજીવ અભયારણ્ય, જાંબુઘોડા વન્યજીવ અભયારણ્ય, પુર્ણા વન્યજીવ અભયારણ્ય, કચ્છ ઘુડખર અભયારણ્ય.

## કળા - સંસ્કૃતિ અને જીવનશૈલી :

ગુજરાતમાં કળા-સંસ્કૃતિ અને તેની જીવનશૈલીમાં સૌંદર્ય, રુચિ અને શોખની આગવી છાપ ઉપસી આવે છે. કળા દ્વારા પ્રતિભાવ અને સંવાદને, સંસ્કૃતિ દ્વારા પરંપરાગત મૂલ્યોનો પ્રભાવ જોવા મળે છે. નીતિ તેમજ જીવનશૈલીમાં ગુજરાતીઓ સૌથી નીરાળા તરી આવે છે.

ગુજરાતમાં કળા પ્રતિભાવને પ્રતિબિંબિત કરે છે. ગુજરાતમાં કળા સંસ્કૃતિ અને જીવનશૈલી દ્વારા શાંતિ અને સુખમય જીવનની પ્રતીતિ થાય છે. કલાકારો માટે કળાના પ્રદર્શન માટે ક્ષિતિજો ખુલ્લી છે. કળા આપણી સમજને પ્રદર્શિત કરે છે. ગુજરાત તેની અદ્વિતીય કળાની ઓળખ વિશ્વફલક પર પહોંચાડી શક્યું છે. વિશ્વ વિખ્યાત કલાકારોને ગુજરાતે પોષ્યા અને સંવર્ધ્યા છે. રાજ્ય સરકારે ઉગતા કલાકારો માટે કળા ક્ષેત્રની પ્રતિભાવોને શોધી તેમની કળાના સંવર્ધન માટે ક્ષિતિજો ખુલ્લી કરી છે.

ગુજરાતમાં સંગીત નિશબ્દ ચેતના છે. સંગીત અને કળામાં ગુજરાતની નૃત્ય સંસ્કૃતિ અને લોકગીતોની છાપ : સૌથી ભિન્ન છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતના ‘ગરબા’ ધાર્મિક ઉત્સવમાં રહેલા અધ્યાત્મિક તત્ત્વની સાથે સાથે નૃત્યકળા અને સંગીતની અદ્વિતીય છાપ ઊભી કરી શક્યું છે. ગુજરાતે સંગીત અને કળાની તેની યુગો જૂની પરંપરાને જાળવી રાખી સાંપ્રત સમયનાં સંગીતકળામાં તે મૂલ્યોનું સંવર્ધન કરી આધુનિક સંગીતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. લોકગીતો, પરંપરાગત સંગીત અને પરંપરાગત રાગો દ્વારા ગુજરાતમાં સંગીતના વિવિધ આયામો જોવા મળે છે.

**ગુજરાતમાં જ્ઞાનની ઊર્જા :** ભાષા-સાહિત્યના માધ્યમ થકી અનુભવી શકો છો. ગુજરાતી ભાષા અનેકવિધ પ્રકારો દ્વારા લોકભોગ્ય બની જેમાં ગીતો, લઘુકથા, નવલકથા, નવલિકા, જીવનવૃતાંત, કવિતા અને આત્મકથા, જીવનચરિત્રો પરંપરાગત સાહિત્યનું મિશ્રિત સત્વ જોવા મળે છે. રાજ્યમાં ખ્યાતિ પ્રાપ્ત અને વિદ્વાન લેખકો-કવિઓ અને વિવેચકોએ દ્વિભાષીય સાહિત્યમાં જેમ કે અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતમાં લેખનકાર્ય કરી રાજ્યના સાહિત્ય જગતની આગવી ઓળખ ઊભી કરી છે.

**ગુજરાતમાં જીવનશૈલીમાં સાતત્યતા :** ગૌરવપૂર્ણ વિભૂતિઓની ભૂમિ ગુજરાતમાં મનની શાંતિ, સમાજમાં ઐક્યભાવના અને એખલાસતા એ જીવનશૈલી બની છે. અહીંની પ્રજા પરોપકારી, મહેનતકશ અને સૌજન્યશીલતા ધરાવનારી છે. સ્વભાવે માયાળું અને બીજાને મદદરૂપ બની શકવાની ભાવના ધરાવતો ગુજરાતી બુદ્ધિશાળી અને વિનમ્રતાના ગુણો સાથે ઓળખાઈ રહ્યો છે. રીતભાત અને કંઈક અલગ અને આગવું કરી બતાવવાનો ગુણ ગુજરાતીઓ ધરાવે છે.

**કળા :** કળા અને સૌંદર્યમાં રૂચિ ધરાવતા ગુજરાતમાં ઉત્સવોની ઉજવણી સાથે તેની કળાનું પ્રદર્શન માણવાનો અવસર અનેરો બને છે. ગુજરાતમાં તેની કળા કારીગરીની અનેરી છાપ ચિત્રો, શિલ્પકૃતિઓ અને અન્ય કળાઓમાં જોવા મળે છે. કળા ગુજરાતની સમજ અને જીવનશૈલીને ઉજાગર કરે છે. વણાટ, છાપકામ, કોતરણી, કાચકામ જેવી કળામાં ગુજરાતે તેની આગવી ઓળખ અને અવર્ણનીય છાપ ઊભી કરી છે. પરંપરાગત અને ભાતીગળ પહેરવેશ અને રહેણીકરણીમાં કળા અને કૌશલ્યની આગવી શૈલી ગુજરાતમાં જોવા મળે છે. જેનો અનુભવ અવિસ્મરણીય છે.

ભવ્ય કળા અને કારીગરીનો વારસો ગુજરાતને મળેલો છે. સાંપ્રત સમયમાં તેના નાવીન્યપૂર્ણ સ્વરૂપો જોવા મળે છે. ભરતગૂંથણ કળા, વાંસ-લાકડા કામ, પથ્થરકામ અને ઘરેણાં કામમાં આગવી કલા કારીગરી ગુજરાતે ઊભી કરી છે. આમ ગુજરાત કલા-કાલીગરીનું કેન્દ્ર બની ઊભરી આવ્યું છે.

ગુજરાતની કળાની આગવી શૈલી છે. માટીકામ દ્વારા બનાવાતી કલાકૃતિઓ અને બહુવિધ પ્રકારની હસ્તકળા દ્વારા સ્થાપત્યની બેનમૂન કૃતિઓ એ ગુજરાતની ઓળખ છે.

રાજ્યમાં કળા કારીગરોનો બેનમૂન જમાવડો છે અને નવી પેઢીમાં કળા-કૌશલને ઓળખનાર, તેઓમાં રસ લેનાર અને તેને સંવર્ધિત કરનાર પણ છે. વિશ્વફલક પર પોતાની કળાનો કસબ બનાવનારા ગુજરાતીઓ રાજ્યભરમાં તેમના કૌવતથી ચિરપરિચત છે. રાજ્ય સરકાર અકાદમીના માધ્યમ દ્વારા વિવિધ કળામાં નિપૂણ અને આગવી શૈલી ધરાવનાર કલાકારોની કૃતિઓનું પ્રદર્શન, મેળાવડા યોજે છે.

**સંસ્કૃતિ અને જીવનશૈલી :** સંસ્કૃતિથી સમૃદ્ધ ગુજરાત વૈભવશાળી પ્રદેશ છે. ગુજરાત રાજ્ય તેના ભવ્ય ઐતિહાસિક વારસા, ઉચ્ચતમ જીવનશૈલી અને સમૃદ્ધ પરંપરા દ્વારા હડપ્પન સંસ્કૃતિનો વારસો ધરાવે છે. રાજ્યમાં બહુવિધ ધર્મો, જેમાં હિન્દુ, ઈસ્લામ, જૈન, બુદ્ધ પ્રચલિત છે. ગુજરાતની સંસ્કૃતિ તેની કળા, આદર-આતિથ્ય શૈલી, પરંપરા, સમાજ, ખૂબીઓ ભાષા-બોલી અને તકનિકી મૂલ્યો દ્વારા મૂઠી ઊંચેરું બન્યું છે.

ગુજરાત એક પ્રભાવશાળી જીવંત જીવનશૈલી જીવનારી પ્રજા ધરાવે છે. જે પેઢી દર પેઢી તેના સંસ્કારોને

દૃઢ કરે છે. અસામાન્ય પ્રણાલી સામાન્ય માણસના અનુભવ અને સમજણ દ્વારા ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા અને જીવનશૈલી જોવા મળે છે.

સામાજિક જીવનની શિક્ષા, ધાર્મિક વ્યવહારો અને કળા-કારીગરીના ઉત્તમ અભિગમો દ્વારા ગુજરાત રાજ્યની પ્રજાએ સદ્ભાવ, સમભાવ દ્વારા સર્વધર્મને આદર-માન આપી સિમાડા પાર દરિયાઈ ક્ષેત્રો ઓળંગી તેની સંસ્કૃતિની જ્યોત પ્રગટાવી છે.

ભારત વર્ષના હૃદયસ્થ થયેલા ગુજરાતમાં બહુવિધ સાંસ્કૃતિક વૈભવનો મેળાવડો જોવા મળે છે. અહીં જનસમુહ બીજાના ધર્મ-જાતિ પ્રત્યે આદર આપી આત્મગૌરવ પર સન્માન અને ઠોસ વિશ્વાસ સાથેની સંસ્કૃતિ ઊભી કરી છે. વૈશ્વિક સ્તરના પડકારો સામે વિશ્વાસ અને સ્ફૂર્તિથી અહીંનો જન-સમૂહ અન્ય રાષ્ટ્રો સાથે પોતાનું સાંસ્કૃતિક જોડાણ જાળવી રાખે છે.

તહેવારો અને મેળાઓ, કળા અને કારીગરી, લોકનૃત્યો, સંગીત, પોશાક અને અહીંની જીવનશૈલીમાં ગુજરાતની પરંપરાગત સંસ્કૃતિની અસર જોવા મળે છે. જીવનના મૂલ્યો અને સામાજિક પ્રણાલી અને ચારિત્ર્યવાળી અહીંની સંસ્કૃતિ પોતીકાપણાનો અનુભવ કરાવે છે.

### ભાષા :

પ્રજા ગુજરાતી ભાષા દ્વારા લોક વ્યવહાર કરે છે. ગુજરાતની માતૃભાષા 'ગુજરાતી' છે. વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતી વસ્યા છે તે ગુજરાતની ભાષા બોલે છે. પ્રાદેશિક બોલીમાં ગુજરાતમાં ચરોતરી, કાઠીયાવાડી, કચ્છી, સૂરતી અને ઉ. ગુજરાતની બોલી બોલાય છે. ઉપરાંત ગુજરાતમાં ઘણા વિસ્તારોમાં મરાઠી, સિંધી, પંજાબી વગેરે ભાષા-બોલી બોલાય છે.

### પહેરવેશ - પોશાક

રાજ્યમાં શહેરી અને ગ્રામીણ પ્રજા તેની રહેણી-કરણી અને રીત-રીવાજો અને પહેરવેશમાં સામ્યપણું જોવા મળે છે. સામાન્યપણે પુરુષ પેન્ટ અને શર્ટ અથવા ટી-શર્ટ પહેરે છે અને રાજ્યની યુવા પેઢી પશ્ચિમી અસર નીચે આવી હોવાથી સ્કર્ટ, ડ્રેસ, જીન્સ વગેરે પહેરે છે. ગૃહિણીઓ સામાન્ય રીતે સાડી અથવા સલવાર કમિઝ પહેરે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં પુરુષો ધોતી-ઝભ્ભો, બંડી અને ટોપી પહેરે છે. સ્ત્રીઓ મહદ્અંશે ચણિયા-ચોળી અને પુરુષો કેડિયું-ધોતી ઉત્સવ - તહેવારના પ્રસંગોમાં પહેરે છે.

### ભોજન :

મોટા ભાગના ગુજરાતીઓ શાકાહારી છે. પરંપરાગત 'ગુજરાતી થાળી' તરીકે ઓળખાતા ભોજનમાં દાળ, ભાત, રોટલી અને શાકભાજી, ફરસાણ, મીઠાઈ હોય છે. આ સવારનું ખાણું હોય છે જ્યારે સાંજની વેળાનું વાળું ભાખરી-શાક, અથવા ખીચડી-કઢી મુખ્ય હોય છે. આ ઉપરાંત સામાન્યપણે ચટણી, અથાણાં, કચૂંબર, પાપડ, દૂધ-ઘી, છાસ તે અહીંના રોજીંદા ખોરાકમાં લેવાતા હોય છે. રોજીંદા ભોજન ઉપરાંત ગુજરાતની ગૃહિણીઓ અન્ય વાનગીઓ બનાવવામાં ઉત્સાહી હોય છે. તેમના રસોડામાં અનેકવિધ અથાણાં અને અન્ય પ્રદેશો જેવા કે દક્ષિણ ભારતની થાળી, કોન્ટિનેન્ટલ અને ચાઈનીઝ ભોજન બનાવવાનું શીખી ગઈ છે અને તે બનાવે પણ છે.

### કાર્યશૈલી :

મોટાભાગના ગુજરાતીઓ વ્યવસાય અને ધંધા સાથેની પ્રવૃત્તિઓમાં જોતરાયેલાં છે. ગુજરાત ઔદ્યોગિક કામકાજોમાં અગ્રેસર રહેતું રાજ્ય છે. કાપડ ઉદ્યોગનું શહેર અને આર્થિક રાજધાની અમદાવાદ ભારતમાં સાતમું સ્થાન ધરાવે છે. વિશ્વસ્તરે હવાઈ માર્ગથી જોડાયેલા ગુજરાતમાં અન્ય રાજ્યો સાથેની હવાઈ જોડાણ સુવિધાઓ વધુ છે. અહીં ધંધા-વ્યાવસાયિક તકો ઘણી છે. જે વાયબ્રન્ટ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રો દ્વારા જોઈ શકાય છે.

## શ્રદ્ધા અને આસ્થા :

ગુજરાતમાં બહુવિધ ધર્મ અને સંપ્રદાયો જોવા મળે છે. અહીં શ્રદ્ધા અને આસ્થાના મૂળ તેમના ધર્મ અને સંપ્રદાય મુજબ દૃઢ બનેલા છે. મુખ્ય ધર્મોમાં હિન્દુ, જૈન અને બૌદ્ધ છે. સંપ્રદાયોમાં બોહરા અને મોરસલામ ગરાસિયા, જે કચ્છમાં પ્રચલિત છે. જેઓ ઈસ્લામમાંથી પરિવર્તીત થયેલા. તેઓની જીવનશૈલી ભાતીગળ ગુજરાતી રહી છે. સુન્ની મુસ્લિમ તેમાનાં બીજા મોટા સમૂહ તરીકે આવે છે. જૈન, ઈરાનના પારસી, દક્ષિણ ગુજરાતમાંથી આવેલા અને ખ્રિસ્તીઓ છે. ગુજરાતની પ્રજા ઈશ્વરી સત્તાને સ્વીકારનારી, સહિષ્ણુ અને સ્વભાવે ઉદાર છે. તેઓ સર્વધર્મને સ્વીકારી સન્માન, આત્મગૌરવ અને ઠોસ વિશ્વાસની આસ્થા સાથે જીવન જીવે છે. ગુજરાતીઓ દરેક ધર્મના તહેવારો, ઉત્સવો સાથે મળી ઉજવે છે.

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત."

## નૃત્ય અને સંગીત :

"ગુજરાતમાં સંગીત દેવદૂતોના શબ્દ સમાન હોય છે."

ગુજરાત તેના પારંપરિક સંગીત અને નૃત્ય માટે ખાસ્સું જાણીતું છે. ગરબા, ગરબી, રાસ જેવા નૃત્ય અને સંગીત ગુજરાતની ઓળખાળ છે અને જે પ્રવાસીઓને આકર્ષે છે. રાસ અને ગરબા ભગવાન કૃષ્ણની પરંપરાના પ્રતિક છે. જે ગોકુલમાં વાંસળી વગાડતા અને તેની ચારેબાજુ ગોપીઓ નૃત્ય કરતી હતી.

ગુજરાતના ગીતો, સંગીત અને તેના પ્રકારોમાં ખાસી વિવિધતા અને સર્જનાત્મકતા જોવા મળે છે.

જુદા જુદા ભક્તિ ગીતો વૈષ્ણવ સંપ્રદાયના ગુજરાતમાં ખાસ્સાં પ્રખ્યાત છે ચારણ અને ગઢવી સમાજના ગીતો પણ ગુજરાતમાં પ્રખ્યાત છે. જે ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાની ઓળખાણ કરાવે છે.

ગુજરાતમાં લગ્ન ગીતો, જન્મગીતો, મરણગીતો, ઉત્સવના ગીતો વગેરે પ્રકારના ગીતો ગવાય છે.

ગુજરાત પાસે પોતાનું વાદ્ય છે અને તેના દ્વારા ગુજરાત પોતાની ઓળખાણ ઊભી કરે છે. તુરી, ભુંગળ, પાવા જેવા વાદ્યો ગુજરાતમાં પ્રચલિત છે. વળી રાવણ હથ્થો, એકતારો, જંતર જેવા તારના વાદ્યો તથા મંજીરા અને તબલા પણ સુરોને સાથ આપે છે. ટોડી, બીલાવલ (વેરાવળ), સોરઠી (સોરઠ), ખંભાવતી (ખંભાત કેમ્બે), આહિરી અને લાટી વગેરે જુદા જુદા રાગે ગુજરાતમાં લોકગીતો ગવાય છે. જે ભારતીય પરંપરામાં ગુજરાતની ઓળખાણ ઊભી કરે છે.

દોહા, સોરઠ, છંદ, બિલાડ જેવા સંગીતો મુખ્યત્વે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જોવા મળે છે.

ભજન અને હવેલી સંગીત ગુજરાતના ધાર્મિક સંગીત છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ જેમણે વડોદરા પર ૧૯૪૭ સુધી શાસન કર્યું. તેમણે ગુજરાતી સંગીતને પ્રોત્સાહિત કરવા આર્ટ અને સંગીત માટે કામ કર્યું હતું. મધ્ય ગુજરાતમાં ઈ.સ. ૧૮૭૯થી ઉસ્તાદમૌલા બક્ષ અને ભારતીય સંગીત શીખવા માટે અકાદમી બનાવી હતી. આ અકાદમી પાછળથી મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીનો ભાગ બની જે વડોદરામાં આવેલી છે. ભારતીય શાસ્ત્રીય સંગીત (તબલા)નો વિભાગ સૌથી મોટો વિભાગ છે. જે જ્ઞાન શાળા કહેવાય છે.

ઉસ્તાદ અબ્દુલ કરીમખાન, ઉસ્તાદ હઝરત ઈનાયત ખાન, ઉસ્તાદ ફૈયાઝખાન, પંડિત ઓમકારનાથ ઠાકુર અને તેમના જેવા બીજા મહાન સંગીતકારો વડોદરાના દરબારમાં સ્થાન પામ્યા હતા.. ઈ.સ. ૧૯૧૪માં વડોદરામાં મહારાજ સયાજીરાવ ગાયકવાડે અખિલ ભારતીય સંગીત સંમેલન યોજ્યું હતું.

નવા યુગમાં પોપ સંસ્કૃતિ ગુજરાતના યુવાનોને ખૂબ જ આકર્ષિત કરે છે. ક્રિસમસ અને નવું વર્ષ ગુજરાતમાં ઉત્સાહભેર મનાવાય છે. પશ્ચિમી સંગીત, પોપ હિપ-હોપ અને ઝાઝ સંગીત અહીં ઈન્ડિપોપ, હીપહોપ, પંજાબી ભાંગડા વગેરે યુવાનો વચ્ચે આકર્ષણ જમાવે છે. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં કેટલાય કલાકારોના જીવંત કાર્યક્રમ થાય છે. ગુજરાતનો સમૃદ્ધ પરંપરા અને સંસ્કૃતિ આજે પણ જીવંત છે.

## સાહિત્ય :

સાહિત્ય માનવીય અનુભવોનો નિચોડ છે. તે સમાજનું દર્પણ અને સાંસ્કૃતિક મૂલ્યોનો દસ્તાવેજ છે. ગુજરાતનું સાહિત્ય સ્વતંત્રતા, પરંપરા, સંસ્કૃતિ, નૃત્ય, સંગીત, લેખો, વાર્તાઓ, નાટ્યના રચયિતાઓનું પ્રતિક છે. વિતેલાં યુગોમાં બનેલી ઘટના કે માન્યતાઓની અસર સાહિત્યમાં જોવા મળે છે.

૧૧મી સદીના સાહિત્યમાં હિન્દુ અને જૈન ધર્મની અસર જોવા મળે છે. તે પહેલાં સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં સાહિત્ય લખાતું હતું. હેમચંદ્રાચાર્યનું વ્યાકરણ "સિદ્ધ હેમ શબ્દાનુશાસન" આવ્યા બાદ ગુજરાતી સાહિત્યનો નવો યુગ શરૂ થયો.

## ભાષા દ્વારા ઇતિહાસનું વર્ગીકરણ ત્રણ ભાગમાં :

૧૦ અને ૧૧મી સદીથી ૧૪મી સદી "અપભ્રંશ" કે જૂનો ગુજરાતી સમય

૧૫મી થી ૧૭મી સદી મધ્ય ગુજરાતી સમય

૧૭મી સદીથી આધુનિક ગુજરાતી સમય

ગુજરાતમાં ભક્તિ આંદોલન જે ભારતમાં ૧૨મી અને ૧૭મી સદી દરમિયાન થયેલું. તેની શરૂઆત નરસિંહ મહેતા (૧૪૧૪-૧૪૮૧) દ્વારા થઈ હતી. ત્યારબાદ નરસિંહ મહેતા ગુજરાતી સાહિત્યના પિતામહ તરીકે ઓળખાયા. તેમના જીવન દરમિયાન તેમની સામે સામાજિક વિરોધ હોવા છતાં તેમણે પોતાનું સાહિત્ય દ્વારા ગુજરાતી ભાષામાં ભક્તિ આંદોલન ચાલુ રાખ્યું.

"આખ્યાન" જે સાહિત્યનો રસમધુર પ્રકાર છે તે પ્રેમાનંદ દ્વારા (ઈ.સ. ૧૬૩૬-૧૭૩૪) પ્રચલિત કરવામાં આવ્યું હતું. તેઓ તાંબાના ઘડાને વાદ્ય તરીકે ઉપયોગ કરીને કાવ્યરૂપે વાર્તા ગાતા અને સંભળાવતા હતાં.

ઈ.સ. ૧૨મી સદીમાં આચાર્ય પ્રથા, રામાનુજાચાર્ય, માધવાચાર્ય, શંકરાચાર્યના વિચારોનો પ્રભાવ જોવા મળે છે.

ઈ.સ. ૧૯મી સદી કવિ નર્મદ (ઈ.સ. ૧૮૩૩-૮૬) સામાજિક બદલાવની કવિતા અને પદો રચ્યાં હતાં. તેઓ એક રાષ્ટ્ર, એક ભાષા અને સ્વતંત્રતા વિષે લખતા હતાં. તેઓ ધાર્મિક અંધશ્રદ્ધાના પ્રખર વિરોધી હતાં. પાછળથી તેમણે "દાંડિયો" નામે સામાયિક પ્રકાશિત કર્યું, જેનું કામ લોકોને બ્રિટિશ હકૂમત સામે જાગ્રત કરવાનું હતું. સ્વતંત્રતા સામે સમાજને પ્રતિબદ્ધ કરવાનો તેમનો અભિગમ હતો તે પોતાના વિચારો પોતાની રચના દ્વારા દાંડીયામાં પ્રકાશિત કરતાં હતાં.

સને ૧૮૮૬-૧૯૦૭માં ગોવર્ધનરામ ત્રિપાઠી જેઓએ નરસિંહ મહેતા અને મીરાંબાઈની પરંપરા આગળ વધારી. પાછળથી તેમણે સામાજિક બદલાવ અને અસમજતા વિષે "સરસ્વતીચંદ્ર" નામની મહા નવલકથા લખી. જે ગુજરાતી ભાષાનું ઉચ્ચ શ્રેણીનું પ્રભાવી સાહિત્ય ગણાય.

કવિ ગિરધરે ઈ.સ. ૧૮૧૫માં રામાયણ લખી. તુલસી વિવાહ, ભગવાન કૃષ્ણના તુલસી જોડેના લગ્નના ગીતો બન્યા. રણછોડ ભક્ત (૧૮૦૫), રણછોડજી દીવાન, હરિ ભટ્ટ જેવા સાહિત્યાકારો અને રચનાકારો સને ૧૮૦૦-૧૯૦૦ સમયગાળા દરમિયાન થઈ ગયા.

કનૈયાલાલ મુનશીએ સોલંકી સામ્રાજ્યના ઈતિહાસની વાત કરી (૧૮૮૭-૧૯૭૧), ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રના સમૃદ્ધ વારસા અને પરંપરાની વાત કરી (૧૮૯૭-૧૯૪૭). પન્નાલાલ પટેલ ગુજરાતના શાસકોની વાત કરી. સુંદરમે ગરીબોની વાત કરી, ઊમાશંકર જોષી (૧૯૧૧-૧૯૮૮) વૈવિધ્ય સભર રચના દ્વારા ગુજરાતી સાહિત્યમાં પોતાની આગવી અસર છોડી.

## તહેવારો :

"વિશ્વફલક પર આપણા ઉત્સવો અને તહેવારોએ ગુજરાતની આગવી ઓળખ ઊભી કરી છે."

ગુજરાતના ઉત્સવો અને તહેવારો ઘણા લોકપ્રિય બન્યા છે, જેમાં તમામ ધર્મો, વ્યવસાયિક સ્પર્શ અભિગમ

અને આનંદ-પ્રમોદ સાથે મેળાઓ અને પ્રવાસન પ્રવૃત્તિઓ વિશેષ જોવા મળે છે.

ગુજરાતમાં તહેવારો સામાજિક-સાંસ્કૃતિક-ધાર્મિકના ત્રિવેણી સંગમે ઉજવાય છે, જે રાજ્યની પ્રજાને આર્થિક દ્રષ્ટિએ પણ પ્રોત્સાહક બળ પૂરું પાડે છે. વાયબ્રન્ટ નવરાત્રિ, પતંગ મહોત્સવે ધાર્મિક રીત-રિવાજોની ઉજવણી સાથે આર્થિક પાસાને મજબૂત બનાવી સિમાચિહ્ન સ્થાપ્યું છે. તહેવારો અને મેળાઓ થકી રાજ્યમાં એકતા, અસ્મિતાની સ્વયંશિસ્ત અને સદાચારની ભાવના ઉજાગર થઈ છે.

**ગુજરાતમાં ઉજવાતા મુખ્ય ઉત્સવો - તહેવારો :** નવરાત્રિ, દીપાવલી, પતંગ ઉત્સવ, શિવરાત્રી, ગણેશોત્સવ, ધૂળેટી, મહોરમ, જન્માષ્ટમી

વર્ષ દરમિયાન ગુજરાતની પ્રજા ૩૫૦૦થી વધુ મેળાઓ અને ઉત્સવોની ઉજવણી કરે છે. પરંપરાગત વર્ણોની સંસ્કૃતિ અને રીતરિવાજો સાથે ઉજવાતા ઉત્સવો અને તહેવારો ધર્મ, સંસ્કૃતિ અને રીતરિવાજોને જીવંત રાખે છે.

**મેળાઓ :** આદિકાળથી મેળાઓ અને ઉત્સવોની ઉજવણી માનવી કરતો આવ્યો છે. પ્રચલિત મેળાઓ અને તહેવારો ધાર્મિક માન્યતાઓ અને પરંપરાગત રીત-રિવાજો જોડાયેલા છે.

ગુજરાત તેના પરંપરાગત મેળાઓ અને તહેવારોના કારણે જગ પ્રસિદ્ધ છે. નાણાકીય, ઉદ્યોગિક, કૃષિલક્ષી, કલાત્મક, ધાર્મિક, પરંપરા અને અનેકવિધ વિષયોને લગતા મેળાઓ ગુજરાતમાં વર્ષ દરમિયાન જુદા જુદા સ્થળો અને સમયે ઉજવવામાં આવે છે. સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના કારણે ગુજરાત તહેવારોનો આનંદ માણે છે. ભવ્ય ઇતિહાસ, વૈભવી પરંપરા અને સમૃદ્ધ સંસ્કૃતિના કારણે મેળાઓની સમાજમાં એક અમીટ છાપ કાયમી રહે છે.

ગુજરાતે પોતાની નવી ઓળખ કચ્છ મહોત્સવ દ્વારા નવા વિકસતા ગુજરાતની છાપ મેળવી છે. જે પ્રવાસીઓને સાંસ્કૃતિક તહેવારો, લેસર શો, નૃત્યો, હસ્તકળા-કારીગરી દ્વારા પોતાની તરફ આકર્ષી રહ્યું છે. કચ્છ તેમના ભવ્ય સાંસ્કૃતિક વારસાને લીધે 'The Cradle of Craftsmanship' તરીકે પણ ઓળખાય છે.

તરણેતરના મેળાનો પોતાનો એક અલગ અંદાજ-આનંદ છે. તરણેતરના મેળામાં ગ્રામ્ય ઓલમ્પિક રમતો દ્વારા ગ્રામ્યજનો ઉત્સાહપૂર્વક ભાગ લઈ જીવનનો આનંદ માણે છે. તરણેતર હાથથી બનાવેલી કલાત્મક ચીજ વસ્તુઓ, પરંપરાગત નૃત્યો, સંગીત, તેમજ લગ્નોત્સુક યુવાન-યુવતીઓ માટે મિલન-ઉત્સવ ગોઠવવા માટેના સ્થળ તરીકે જાણીતું છે. આ મેળો ત્રણ દિવસ ચાલે છે. જે ત્રિનેત્રેશ્વર મહાદેવના સાન્નિધ્યમાં ઉજવવામાં આવે છે. જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના ખાસ આકર્ષણનું કેન્દ્ર છે.

ગુજરાતના મેળાઓ તેની ઉજ્જવળ પરંપરા, ગૌરવવંતા મૂલ્યો, સાંસ્કૃતિક વારસા, શાખ અને સાહસિકતા જેવા ગુજરાતના લોકોની વાતને વૈશ્વિક ફલક ઉપર પ્રતિબિંબિત કરે છે. આર્થિક મેળાઓને કારણે ગુજરાતના વિકાસ માટે નવા વૈશ્વિક ભાગીદારો મળે છે.

**ગુજરાતના કેટલાક મેળાઓ, તહેવારોની ઝાંખી :** ભવનાથ મહાદેવનો મેળો, વૌઠાનો મેળો, ચિત્ર-વિચિત્ર મેળો, ડાંગ-દરબાર મેળો, ધ્રાંગ મેળો, તરણેતરનો મેળો (ત્રિનેત્રેશ્વર મહાદેવનો મેળો), શામળાજીનો મેળો, મોઢેરા-નૃત્ય મહોત્સવ, કચ્છ રણોત્સવ, અંબાજી પૂનમનો મેળો.



## સપૂતોની ભૂમિ :


ગુજરાતમાં રાષ્ટ્ર ભાવના, સાર્વભૌમત્વની પરંપરા, સંસ્કૃતિનો પ્રભાવ ગુજરાતી પ્રજાના રોજીંદા જીવનમાં જોવા મળે છે. ગુજરાતમાં એવા સપૂતો થઈ ગયા કે જેમણે જીવન જીવવાનો નવો અર્થ સમજાવ્યો.

ગુજરાતની ધરતીમાં કાંઈ પ્રકૃતિદત્ત છે એ અહીંની પ્રજામાં જોવા મળે છે. જ્યાં સ્વતંત્રતા, આનંદ-ઉલ્લાસ, શાંતિની લાગણી અનુભવાય છે.

ગુજરાત એવા સપૂતોની ભૂમિ છે કે જ્યાં ભગવાન પણ રહેવાનું પસંદ કરે છે.

ગુજરાતમાં કેટલાય મહાન સપૂત થઈ ગયા જેઓ તેમના જીવનકાર્યો દ્વારા આવનારી પેઢી માટે પ્રેરણા સ્રોત બની રહ્યાં.



## ગુજરાતના પ્રેરણા સ્રોત :

**ગાંધીજી** - રાષ્ટ્રપિતા જેમણે ભારતને સ્વતંત્રતા અપાવી.

**સરદાર વલ્લભભાઈ પટેલ** - લોખંડી પુરુષ (ભારતના શિલ્પી)

**જમશેદજી તાતા** - ભારતીય ઉદ્યોગ જગતના પિતામહ

**વિક્રમ સારાભાઈ** - "ભારતીય અવકાશ કાર્યક્રમ" ના પિતામહ અને વિજ્ઞાની

**ધીરુભાઈ અંબાણી** - નવ ભારતના સ્વપ્નદૃષ્ટા

આ ઉપરાંત અનેકવિધ ક્ષેત્રોમાંથી આવતા સપૂતોએ પણ ગુજરાતનું નામ રોશન કર્યું છે.

## ગુજરાતમાં કેવી રીતે આવશો ?

**સ્થાન :** ભારતના પશ્ચિમી દરિયા કિનારાના ક્ષેત્રમાં ગુજરાત આવેલું છે. તેની ઉત્તર-પશ્ચિમે પાકિસ્તાન અને રાજસ્થાનની સીમાઓ આવેલી છે. પૂર્વ તરફથી મધ્યપ્રદેશ રાજ્યની સીમાઓ આવેલી છે. તેમજ ગુજરાતના પશ્ચિમ સીમાડે, દીવ, દમણ, દાદરા અને નગર હવેલીના ક્ષેત્રો આવેલાં છે.

**પરિવહન :** ગુજરાત પ્રવાસ- પરિવહનની સુવિધાઓથી સંપન્ન છે જેમ કે, હવાઈ પરિવહન, રેલ પરિવહન, પ્રવાસીઓ માટે સુવિધા, રાષ્ટ્રીય ધોરીમાર્ગ.

**હવાઈ પરિવહન :** અમદાવાદનું હવાઈ મથક એ ગુજરાતનું મુખ્ય મથક છે. જે દેશના મુખ્ય રાજ્યો સાથે જોડાયેલું છે જેમાં દિલ્હી, મુંબઈ, કોલકતા, ચેન્નઈ વગેરે મુખ્ય છે. જેમાં રોજીંદી હવાઈ ઉડાનોની સેવા ઉપલબ્ધ છે. ગુજરાત આંતરરાષ્ટ્રીય હવાઈ મથક ધરાવે છે. જે 'સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક નામે ઓળખાય છે. વિશ્વ સ્તરે પ્રમુખ દેશો સાથે તેનું જોડાણ છે. રાજ્યમાં આ ઉપરાંત વડોદરા, સુરત, કંડલા, જામનગર, કેશોદ, પોરબંદર, ભાવનગર, ભૂજ અને રાજકોટ ખાતે હવાઈ મથકો આવેલાં છે.'

**સ્થાનિક હવાઈ મથક** : ભાવનગર હવાઈ મથક - ભાવનગર હવાઈ મથક જે ભાવનગર શહેરથી ૯ કિ.મી.ના અંતરે.

ભૂજ હવાઈ મથક - શ્યામજી કૃષ્ણા વર્મા હવાઈ મથક.

જામનગર હવાઈ મથક - જામનગર શહેરથી ૧૦ કિ.મી.

કેશોદ હવાઈ મથક - કેશોદ હવાઈ મથક જૂનાગઢ જિલ્લામાં કેશોદ શહેરથી ૩ કિ.મી.ના અંતરે.

પોરબંદર હવાઈ મથક - પોરબંદર શહેરથી ૫ કિ.મી.ના અંતરે.

સુરત હવાઈ મથક - સુરતમાં મગદલ્લા રોડ પર હવાઈ મથકનો શુભારંભ થયેલો છે.

વડોદરા હવાઈ મથક - ગુજરાતમાં સ્થાનિક હવાઈ મથકમાં વડોદરા ખાતે આવેલું હરણી હવાઈ મથક.

**રેલ પરિવહન :** ઝડપી, સસ્તી અને સરળ રેલ પરિવહન સેવાઓ રાજ્યમાં ઉપલબ્ધ છે. જે પ્રવાસીઓ તેમજ માલસામાનના પરિવહન માટે સેવારત છે. ગુજરાતના મુખ્ય શહેરો સાથે દેશના અન્ય મુખ્ય શહેરોનું રેલ

પરિવહનથી જોડાણ છે. ત્રણ મુખ્ય રેલમાર્ગો રાજ્યમાં કાર્યરત છે.

બ્રોડ ગેજ, મીટર ગેજ, નેરો ગેજ

## રાષ્ટ્રીય ધોરીમાર્ગો

ગુજરાતમાં અંદાજીત ૭૨,૧૬૫ કિ.મી.ની રોડ પરિવહન સુવિધાઓ છે જે રાજ્ય તેમજ દેશના મહત્ત્વના સ્થાનો સાથે રોડ પરિવહન તેમજ રેલ રોડ પરિવહનથી જોડાયેલા છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૮/એ - અમદાવાદ-લિંબડી-મોરબી-કંડલા સાથે જોડાયેલો

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૮/બી - બામણબોર-રાજકોટ-ગોંડલ-જેતપુર અને પોરબંદરથી જોડાયેલો.

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૮/સી - ચોટીલા-ગાંધીનગર-સરખેજથી જોડાયેલા

એક્સપ્રેસ ધોરીમાર્ગ નંબર-૧ અમદાવાદ-વડોદરા વચ્ચે કાર્યાન્વિત છે.

રાજ્યમાં ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો આવેલો છે. જેના પરિણામે થતાં જળ પરિવહન વ્યવહાર અને દરિયાઈ વેપાર ગુજરાતમાં મોટા પ્રમાણમાં થાય છે.

દેશના અન્ય રાજ્યો કરતા ગુજરાત ૧૬૦૦ કિ.મી.નો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે. જેમાં અંદાજે ૪૧ જેટલા નાનામોટા બંદરો આવેલાં છે. (એક મોટું, ૧૧ મધ્યમ કક્ષાના અને ૨૯ નાના બંદરોનો સમાવેશ થાય છે.

## ગુજરાત - એક ઝલક

- પહેલી મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યમાંથી પશ્ચિમી વિભાગના ૧૭ જિલ્લાઓ અલગ કરી ગુજરાત રાજ્યની રચના થઈ.
- ભારતના પશ્ચિમી દરિયા કાંઠે આવેલા ગુજરાતને ૧૬૦૦ કિ.મી.નો દરિયાઈ સીમા છે જે દેશની સૌથી લાંબી દરિયાઈ સીમા છે.
- ગુજરાત પશ્ચિમે અને ઉ. પશ્ચિમે અરબી સમુદ્ર સાથે જોડાયેલું છે. જ્યારે ઉત્તરમાં પાકિસ્તાન સાથે તેની સીમા જોડાયેલી છે.
- જન સંખ્યા અંદાજીત ૬,૦૩,૮૩,૬૨૮ છે. જે સમગ્ર ભારત વર્ષની કુલ જનસંખ્યાના પાંચ ટકા થાય છે અને વિસ્તારની દ્રષ્ટિએ ભારતના કુલ વિસ્તારના છઠ્ઠા ભાગની થાય છે જે ૧,૯૬,૦૨૪ ચોરસ કિ.મીનો વિસ્તાર ગુજરાત ધરાવે છે.
- ગુજરાત ઉત્તર-પૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ અને દક્ષિણ દિશામાં મહારાષ્ટ્ર જોડાયેલું છે.
- ગુજરાત રાજ્યની રાજધાની ગાંધીનગર આર્થિક રાજધાની અમદાવાદથી ઘણી નજીક આવેલી છે.
- રાજ્યમાં ત્રણે ઋતુઓ શિયાળો, ઉનાળો અને ચોમાસુ તેના ખૂબ મિજાજમાં અનુભવાય છે.
- ગુજરાત રાજ્યમાં ૩૩ જિલ્લાઓ છે.

| | | |
|---|---|---|
| વિસ્તાર | : | ૧,૯૬,૦૨૪ ચોરસ કિ.મી. |
| જનસંખ્યા | : | ૬૦,૩૮૩,૬૨૮ |
| રાજધાની | : | ગાંધીનગર |
| મુખ્ય ભાષા | : | ગુજરાતી |
| સાક્ષરતા દર | : | ૭૯.૩૧ % |



## • ગુજરાત : શાસનતંત્ર

### ૧. રાજ્યપાલશ્રીઓ

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧ | શ્રી મહેંદી નવાઝજંગ | ૦૧-૦૫-૬૦થી ૩૧-૦૭-૬૫ |
| ૨ | શ્રી નિત્યાનંદ કાનૂનગો | ૦૧-૦૩--૬૫થી ૦૬-૧૨-૬૭ |
| ૩ | શ્રી પી.એન. ભગવતી (કાર્યકારી) | ૦૭-૧૨-૬૭થી ૨૫-૧૨-૬૭ |
| ૪ | ડૉ. શ્રીમન્નનારાયણ | ૨૬-૧૨-૬૭થી ૧૬-૦૩-૭૩ |
| ૫ | શ્રી પી.એન. ભગવતી (કાર્યકારી) | ૧૭-૦૩-૭૩થી ૦૩-૦૪-૭૩ |
| ૬ | શ્રી કે.કે. વિશ્વનાથન્ | ૦૪-૦૪-૭૩થી ૧૩-૦૮-૭૮ |
| ૭ | શ્રીમતી શારદા મુખરજી | ૧૪-૦૮-૭૮થી ૦૫-૦૮-૮૩ |
| ૮ | પ્રો. કે.એમ. ચાંડી | ૦૬-૦૮-૮૩થી ૨૫-૦૪-૮૪ |
| ૯ | પ્રો. બી.કે. નેહરુ | ૨૬-૦૪-૮૪થી ૨૫-૦૨-૮૬ |
| ૧૦. | શ્રી. આર. કે. ત્રિવેદી | ૨૬-૦૨-૮૬થી ૦૨-૦૫-૯૦ |
| ૧૧ | શ્રી મહિપાલસિંહ શાસ્ત્રી | ૦૨-૦૫-૯૦થી ૨૦-૧૨-૯૦ |
| ૧૨ | ડૉ. સ્વરૂપસિંહ | ૨૧-૧૨-૯૦થી ૩૦-૦૬-૯૫ |
| ૧૩ | શ્રી નરેશચંદ્ર સક્સેના | ૦૧-૦૭-૯૫થી ૨૯-૦૨-૯૬ |
| ૧૪ | શ્રી કૃષ્ણપાલ સિંઘ | ૦૧-૦૩-૯૬થી ૨૪-૦૪-૯૮ |
| ૧૫ | શ્રી અંશુમાન સિંઘ | ૨૫-૦૪-૯૮થી ૧૫-૦૧-૯૯ |
| ૧૬ | શ્રી કે.જી. બાલકૃષ્ણન્ (કાર્યકારી) | ૧૬-૦૧-૯૯થી ૧૭-૦૩-૯૯ |
| ૧૭. | શ્રી સુંદરસિંહ ભંડારી | ૧૮-૦૩-૯૯થી ૦૬-૦૫-૦૩ |
| ૧૮ | શ્રી કૈલાસપતિ મિશ્રા | ૦૭-૦૫-૦૩થી ૦૨-૦૭-૦૪ |
| ૧૯ | શ્રી બલરામ જાખડ (કાર્યકારી) | ૦૩-૦૭-૦૪થી ૨૩-૦૭-૦૪ |
| ૨૦ | શ્રી નવલકિશોર શર્મા | ૨૪-૦૭-૦૪થી ૨૬-૧૧-૦૯ |
| ૨૧ | શ્રી એસ.સી. ઝમીર | ૩૦-૦૭-૦૯થી ૨૬-૧૧-૦૯ |
| ૨૨ | ડૉ. કમલા બેનીવાલ | ૨૭-૧૧-૦૯થી ૧૬-૭-૧૪ |
| ૨૩ | શ્રીમતી માર્ગારેટ આલ્વા | ૦૭-૦૭-૧૪ થી ૧૬-૦૭-૧૪ |
| ૨૩ | શ્રી ઓમ પ્રકાશ કોહલી | ૧૬-૭-૧૪ થી ..... |

### ૨. ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાશન

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ ડૉ. શ્રીમન્નનારાયણ | ૧૩-૦૫-૭૧થી ૧૭-૦૩-૭૨ |
| ૨ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથન્ | ૦૯-૦૨-૭૪થી ૧૮-૦૬-૭૫ |
| ૩ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથન્ | ૧૨-૦૩-૭૬થી ૨૪-૧૨-૭૬ |
| ૪ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજી | ૧૭-૦૨-૮૦થી ૦૬-૦૬-૮૦ |
| ૫ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રી કૃષ્ણપાલસિંઘ | ૧૯-૦૯-૯૬થી ૨૩-૧૦-૯૬ |

## • વિધાનસભાના અધ્યક્ષશ્રીઓ

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧. | શ્રી કલ્યાણજી મહેતા | ૦૧-૦૫-૬૦થી ૧૯-૦૮-૬૦ |
| ૨. | શ્રી માનસિંહજી રાણા | ૧૯-૦૮-૬૦થી ૧૯-૦૩-૬૨ |
| ૩. | શ્રી ફતેહઅલી પાલેજવાળા | ૧૯-૦૩-૬૨થી ૧૭-૦૩-૬૭ |
| ૪. | શ્રી રાઘવજી લેઉઆ | ૧૭-૦૩-૬૭થી ૨૮-૦૬-૭૫ |
| ૫. | શ્રી કુંદનલાલ ધોળકીયા | ૨૮-૦૬-૭૫થી ૨૮-૦૩-૭૭ |
| ૬. | શ્રી મનુભાઈ પાલખીવાળા | ૨૮-૦૩-૭૭થી ૨૧-૦૪-૭૭ |
| ૭. | શ્રી કુંદનલાલ ધોળકીયા | ૨૧-૦૪-૭૭થી ૨૦-૦૬-૮૦ |
| ૮. | શ્રી નટવરલાલ શાહ | ૨૦-૦૬-૮૦થી ૦૮-૦૧-૯૦ |
| ૯. | ડૉ. કરસનદાસ સોનેરી (કાર્યકારી) | ૦૮-૦૧-૯૦થી ૧૯-૦૧-૯૦ |
| ૧૦. | શ્રી બરજોરજી પારડીવાલા | ૧૯-૦૧-૯૦થી ૧૬-૦૩-૯૦ |
| ૧૧. | શ્રી શશીકાંત લાખાણી | ૧૬-૦૩-૯૦થી ૧૨-૧૧-૯૦ |
| ૧૨. | શ્રી મનુભાઈ પરમાર (કાર્યકારી) | ૧૨-૧૧-૯૦થી ૧૧-૦૨-૦૧ |
| ૧૩. | શ્રી હિંમતલાલ મુલાણી | ૧૧-૦૨-૯૧થી ૨૧-૦૩-૯૫ |
| ૧૪. | શ્રી હરીશચંદ્ર પટેલ | ૨૧-૦૩-૯૫થી ૧૬-૦૯-૯૬ |
| ૧૫. | શ્રી ચંદુભાઈ ડાભી (કાર્યકારી) | ૧૬-૦૯-૯૬થી ૨૯-૧૦-૯૬ |
| ૧૬. | શ્રી ગુમાનસિંહ વાઘેલા | ૨૯-૧૦-૯૬થી ૧૯-૦૩-૯૮ |
| ૧૭. | શ્રી ધીરૂભાઈ શાહ | ૧૯-૦૩-૯૮થી ૨૭-૧૨-૦૨ |
| ૧૮. | પ્રો. મંગળદાસ પટેલ | ૨૭-૧૨-૦૨થી ૧૯-૦૧-૦૮ |
| ૧૯. | શ્રી અશોકભાઈ ભટ્ટ | ૧૯-૦૧-૦૮થી ૨૯-૦૯-૧૦ |
| ૨૦. | પ્રો. મંગળદાસ પટેલ (કાર્યકારી) | ૩૦-૦૯-૧૦થી ૨૪-૦૨-૧૧ |
| ૨૧. | શ્રી ગણપતભાઈ વસાવા | ૨૪-૦૨-૧૧થી ૨૫-૧૨-૧૨ |
| | શ્રી વજુભાઈ વાળા (કાર્યકારી) | ૦૩-૦૧-૧૩થી ૧૮-૧-૧૩ |
| | ડૉ. નીમાબહેન આચાર્ય (કાર્યકારી) | ૧૮-૦૧-૧૩થી ૨૩-૦૧-૧૩ |
| ૨૨. | શ્રી વજુભાઈ વાળા | ૨૩-૦૧-૧૩થી ૩૦-૮-૧૪ |
| ૨૩. | શ્રી મંગુભાઈ પટેલ(કાર્યકારી) | ૩૦-૮-૧૪થી ૧૦-૧૧-૧૪ |
| ૨૪. | શ્રી ગણપતભાઈ વસાવા | ૧૦-૧૧-૧૪થી ૦૭-૦૮-૧૬ |
| ૨૫. | શ્રી પરબતભાઈ પટેલ(કાર્યકારી) | ૭-૮-૧૬થી ૨૨-૦૮-૧૬ |
| ૨૬. | શ્રી રમણલાલ વોરા | ૨૨-૦૮-૧૬થી ૧૬-૦૨-૧૮ |
| ૨૭. | શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી | ૧૬-૦૨-૧૮થી... |

## ગુજરાતના મુખ્યમંત્રીઓનો શાસન સમયગાળો



### (૧) ડૉ. જીવરાજ મહેતા :

(તા. ૧-૫-૧૯૬૦ થી તા. ૧૯-૯-૧૯૬૩) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી હતા. તેમના કાર્યકાળ દરમિયાન ઈ.સ. ૧૯૬૧માં પંચાયતીરાજનો કાયદો ઘડાયો અને તા. ૦૧-૦૪-૧૯૬૩થી તેનો અમલ થયો. તેમના નેતૃત્વ હેઠળ ઈ.સ. ૧૯૬૨માં ગુજરાત રાજ્યની વિધાનસભાની પ્રથમ ચૂંટણી યોજાઈ. તેમના સમયમાં ગુજરાત સહકારી મંડળી વિધેયક, ગુજરાત પંચાયત વિધેયક, ગુજરાત યુનિવર્સિટી બાબતોનું વિધેયક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ વિધેયક જેવા અગત્યના કાયદાઓ ઘડવામાં આવ્યા.




### (૨) શ્રી બળવંતરાય મહેતા :

(તા. ૧૯-૯-૧૯૬૩ થી તા. ૧૯-૯-૧૯૬૫) તેમના સમયમાં ધુવારણ વીજમથકની શરૂઆત થઈ. દરેક જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો અને વિસ્તારની સ્થાપના કરવામાં આવી. વડોદરામાં કોયલી રિફાઈનરી કાર્યરત થઈ. પેટ્રોકેમિકલ ઉદ્યોગની સ્થાપના થઈ. શેત્રુંજી, ભાદર અને દાંતીવાડામાં જળાશયો થયાં. તા. ૧૯-૦૯-૧૯૬૫ના રોજ કચ્છ સરહદે પાકિસ્તાને તેમનું વિમાન તોડી પાડતાં તેમનું અકાળ અવસાન થયું.



### (૩) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ :

(તા. ૧૯-૯-૧૯૬૫ થી તા. ૧૩-૫-૧૯૭૨) તેમનામાં વહીવટી કુશળતા તથા રાજકારણી શાણપણનો સમન્વય થયો હતો. તેમના સમયમાં જમીનસુધારણા, સમાજકલ્યાણ, પછાત વર્ગોનો વિકાસ, સહકાર અને સિંચાઈના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ. પછાત વર્ગના વિદ્યાર્થીઓને ફી-માફી, શિષ્યવૃત્તિઓ, મફત છાત્રાલય વગેરેની જોગવાઈ કરવામાં આવી. પારડીની ઘાસિયા જમીનના પ્રશ્નનો સુખદ ઉકેલ આવ્યો. એપ્રિલ, ૧૯૭૧માં માધ્યમિક શિક્ષણ મફત જાહેર કરવામાં આવ્યું.



### (૪) શ્રી ઘનશ્યામભાઈ ઓઝા :

(તા. ૧૭-૩-૧૯૭૨ થી તા. ૧૭-૭-૧૯૭૩) તેમના શાસન દરમિયાન ૧૫ ફેબ્રુઆરી, ૧૯૭૩માં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિધેયક પસાર થતાં ખાનગી શિક્ષણ સંસ્થાઓના સંચાલનમાં ફેરફારો થયા. આદિવાસી જાતિઓના વિકાસ માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના કરવામાં આવી. નાના ખેડૂતોને મહેસૂલમાંથી મુક્તિ, રૂરલ હાઉસિંગ બોર્ડની રચના વગેરે અંગેના કાયદા ઘડવામાં આવ્યા.



### (૫) શ્રી ચીમનભાઈ પટેલ :

(તા. ૧૭-૭-૭૩ થી તા. ૯-૨-૭૪ તથા તા. ૪-૩-૯૦ થી ૧૭-૨-૯૪) તેઓ સૌથી નાની ઉંમરના મુખ્યમંત્રી હતા. તેમણે નર્મદા યોજનાનો ઝડપી અમલ કરવાનો પ્રયાસ કર્યો. ઈ.સ. ૧૯૭૩-૭૪માં અન્નની અછતનાં કારણે રમખાણો થયાં અને

નવનિર્માણનું આંદોલન થયું તથા તેમને ૯ ફેબ્રુઆરી, ૧૯૭૪ના રોજ રાજીનામું આપવાની ફરજ પડી. તેઓ તા. ૦૪-૦૩-૧૯૯૦ના રોજ ફરી મુખ્યમંત્રી બન્યા. તેમણે 'નયા ગુજરાત'નું સ્વપ્ન સાકાર કરવા અનેક પ્રયત્નો કર્યા. તા. ૧૭-૦૨-૧૯૯૪ના રોજ હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું.



**(૬) શ્રી બાબુભાઈ પટેલ :**

(તા. ૧૮-૬-૭૫ થી ૧૨-૩-૭૬) તેમણે ગુજરાતમાં પ્રથમ બિનકોંગ્રેસી જનતા પાર્ટીની સરકારની રચના કરી. એ વખતે દેશમાં આંતરિક કટોકટી હોવા છતાં તેમણે સંતોષકારક કાર્ય કર્યું. ગ્રામવિકાસ, આદિવાસી વિસ્તારોનો વિકાસ, ખેડૂતોના દેવાનો પ્રશ્ન, ઉદ્યોગોનું આયોજન, માતૃભાષામાં વહીવટ વગેરે પ્રશ્નોના ઉકેલ માટે તેમને સંનિષ્ઠ પ્રયત્નો કર્યા. ગરીબી દૂર કરવા માટે તેમણે 'અંત્યોદય યોજના' દાખલ કરી.




**(૭) શ્રી માધવનસિંહ સોલંકી :**

(તા. ૨૪-૧૨-૭૬ થી તા. ૧૧-૪-૭૭ અને ૬-૬-૮૦ થી ૬-૭-૮૫ તથા ૧૦-૧૨-૮૯ થી ૯-૧૨-૮૯) તેમના શાસન દરમિયાન ઉદ્યોગ, શિક્ષણ, વીજળી, સિંચાઈ વગેરે ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ. પછાત વર્ગોને મદદ કરવા 'કુટુંબપોથી'ની પદ્ધતિ દાખલ કરવામાં આવી. ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત આઠમાં સ્થાનેથી બીજા સ્થાને આવ્યું. સરકારે યુનિવર્સિટી સુધી કન્યા-કેળવણી મફત કરવાનું અગત્યનું પગલું ભર્યું. અનામત આંદોલન થતાં ૬ જુલાઈ, ૧૯૮૫ના રોજ તેમને રાજીનામું આપવું પડ્યું. આ પછી તેમણે ભારત સરકારના વિદેશમંત્રી તરીકે સેવાઓ આપી હતી.



**(૮) શ્રી અમરસિંહ ચૌધરી :**

(તા. ૬-૭-૧૯૮૫ થી તા. ૯-૧૨-૮૯) તેઓ ગુજરાતના પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી હતા. તેમણે ગુજરાતના કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસકૂચ જાળવી રાખવા પ્રયત્નો કર્યા. ૧૦૦ જેટલી સિંચાઈ યોજનાઓને મંજૂરી આપી. આદિજાતિ વિકાસ માટે અનેક પ્રયાસો કર્યા અને વિવિધ યોજનાઓ અમલી બનાવી.



**(૯) શ્રી છબીલદાસ મહેતા :**


(૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪થી ૧૪ માર્ચ, ૧૯૯૫)

ઈ.સ. ૧૯૪૮માં તેઓ મુંબઈ રાજ્યની વિધાન પરિષદના સભ્ય તરીકે ચૂંટાયા. ઈ.સ. ૧૯૬૨ અને ૧૯૬૭માં ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા. ઈ.સ. ૧૯૭૩માં ચીમનભાઈ પટેલના મંત્રીમંડળમાં જાહેર બાંધકામ વિભાગના મંત્રી અને ઈ.સ. ૧૯૯૦માં નાણાં મંત્રી બન્યા હતા. ચીમનભાઈ પટેલનું અવસાન થતાં ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા પ્રયત્નો કર્યા.



**(૧૦) શ્રી કેશુભાઈ પટેલ :**

(૧૪ માર્ચ, ૧૯૯૫થી ૨૧, ઓક્ટોબર ૧૯૯૫) ગરીબી રેખા નીચેની વ્યક્તિઓના ઉત્કર્ષ માટે તેમણે 'ગોકુળ ગામ' યોજના શરૂ કરી. તેમણે ગુજરાત ઈન્ફર્મેશન ટેકનોલોજીની નીતિ જાહેર કરી.



**(૧૧) શ્રી સુરેશચંદ્ર મહેતા :**

(૨૧ ઓક્ટોબર, ૧૯૯૫ થી ૧૯ સપ્ટેમ્બર, ૧૯૯૬) ભારતીય જનસંઘના ઉમેદવાર તરીકે માંડવી બેઠક પરથી ચૂંટાઈને ઈ.સ. ૧૯૮૫થી ૧૯૯૦ સુધી વિધાનસભામાં પક્ષના નેતા રહ્યા. શ્રી ચીમનભાઈ પટેલની મિશ્ર સરકારના મંત્રીમંડળમાં ઉદ્યોગ અને ખાણ ખાતાના મંત્રી રહ્યા. ઈ.સ. ૧૯૯૫ની ચૂંટણીમાં માંડવી પરથી ચોથી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈને શ્રી કેશુભાઈ પટેલના મંત્રીમંડળમાં નાણાંમંત્રી બન્યા.

કેશુભાઈ પટેલે રાજીનામું આપતાં શ્રી સુરેશભાઈ મહેતાની ઓક્ટોબર ૧૯૯૫ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પસંદગી થઈ. ઓક્ટોબર, ૧૯૯૫ના રોજ, ગુજરાતના મુખ્યમંત્રી બન્યા.

તેમણે અનુસૂચિત જાતિ જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઈકલ આપવાની 'સરસ્વતી સાધના યોજના' શરૂ કરી.



**(૧૨) શ્રી શંકરસિંહ વાઘેલા :**

(૨૩ ઓક્ટોબર, ૧૯૯૬ થી ૨૭ ઓક્ટોબર, ૧૯૯૭) તેમણે ગુજરાતની અસ્મિતા બાબતે વિશેષ રસ દાખવ્યો. ગુજરાતમાં જિલ્લાઓની પુર્નરચના કરી નવા જિલ્લાઓ અને તાલુકાઓ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું.



**(૧૩) શ્રી દિલીપભાઈ પરીખ :**

(૨૮, ઓક્ટોબર, ૧૯૯૭ થી ૪ માર્ચ, ૧૯૯૮)ઈ.સ. ૧૯૯૦ અને ૧૯૯૫માં ધંધુકાની બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે વિધાનસભામાં ચૂંટાયા હતા. ઈ.સ. ૧૯૯૫માં કેશુભાઈ પટેલના મંત્રીમંડળમાં ઉદ્યોગ મંત્રી બન્યા હતા.

તેમના સમયમાં પાંચમું પગારપંચ લાગુ કરવામાં આવ્યું. તેમણે રાજ્યપાલ સમક્ષ નવમી વિધાનસભાના વિસર્જનની માગણી કરી અને દસમી વિધાનસભાની ચૂંટણીઓ યોજવામાં આવી.



**(૧૪) શ્રી કેશુભાઈ પટેલ :**

(૪ માર્ચ, ૧૯૯૮થી ૭, ઓક્ટોબર ૨૦૦૧) દસમી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતાં ૪ માર્ચ, ૧૯૯૮ના રોજ તેઓ બીજી વાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા.



**(૧૫) શ્રી નરેન્દ્રભાઈ મોદી :**

ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તનની માંગ થતાં તેઓ તા. ૦૭-૧૦-૨૦૦૧થી મુખ્યમંત્રી બન્યા. ૨૦૦૨ની અગિયારમી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૧૨૯ બેઠકો મળતાં તેઓ બીજી વાર મુખ્યમંત્રી બન્યાં. ૨૦૦૭ની બારમી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૧૧૭ બેઠકો મળતાં તેઓ સતત ત્રીજીવાર મુખ્યમંત્રી બન્યા. તેમણે 'જ્યોતિગ્રામ યોજના', 'ચિરંજીવી યોજના', 'સુજલામ્ સુફલામ યોજના', 'વનબંધુ કલ્યાણ યોજના', 'સાગરખેડુ યોજના', 'બેટી બચાવો અભિયાન', 'માતૃવંદના યોજના', 'સરસ્વતી સાધના યોજના', 'જ્ઞાનશક્તિ', 'જળશક્તિ', 'રક્ષાશક્તિ', 'ઊર્જાશક્તિ', 'જનશક્તિ', 'કૃષિ મહોત્સવ', 'ગરીબ કલ્યાણ મેળા','ઈ-ધરા', 'સ્વાગત ઓનલાઈન','નિર્મળ ગુજરાત', 'શહેરી વિકાસ', 'પ્રવાસન વર્ષ', 'ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ', 'ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ' વગેરે કાર્યક્રમો દ્વારા ગુજરાતનો સર્વગ્રાહી સર્વોત્તમ વિકાસ સાધ્યો છે. વર્ષ ૨૦૧૨ની તેરમી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૧૧૫ બેઠકો મળતાં તેઓ સતત ચોથી વાર મુખ્યમંત્રી બન્યા. અને વર્ષ ૨૦૧૫માં ૧૫મી લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપને ભારે બહુમતી મળતાં તેઓ દેશના પ્રધાનમંત્રી બન્યા.



**(૧૬) શ્રીમતી આનંદીબહેન પટેલ :**

૧૯૯૪માં રાજકીય કારકીર્દિનો પ્રારંભ કર્યો. રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાઈ દિલ્હી ગયા સંસદમાં મહિલાઓના અધિકાર અને સલામતિ સંબંધી બાબતોને વાચા આપી, ભારતના પ્રતિનિધિ તરીકે બેઈજિંગ (ચીન) ખાતે વિશ્વ મહિલા સંમેલનમાં ભાગ લીધો. ૧૯૯૮ની વિધાનસભાની ચૂંટણીમાં અમદાવાદના માંડલ વિધાનસભા ક્ષેત્રના પ્રતમવાર ધારાસભ્ય બન્યાં. અને કેશુભાઈના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારના કેબિનેટ મંત્રી બન્યાં, ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં પાટણથી સતત બીજીવાર ચૂંટણી જીતી શિક્ષણ, મહિલા અને બાળ-કલ્યાણ મંત્રી બન્યા. ૨૦૧૨ની વિધાનસભાના ચૂંટણીમાં ચોથીવાર વિજયી બની મહત્ત્વના પાંચ ખાતાના મંત્રી બની ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવી.

ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બહેન શ્રીમતી આનંદીબહેને ગુજરાતનું સુકાન સંભાળ્યું, ગુજરાતનું નેતૃત્વ સંભાળતાંની સાથે જ વહીવટી તંત્રને ગતિશીલ ગુજરાતનો મંત્ર આપીને કાર્ય એજન્ડા આપ્યાં અને ગુજરાતને તેજ રફતારથી આગળ ધપાવવા શ્રીમતી આનંદીબહેને મક્કમ પગલાં ભર્યાં.



**(૧૭) શ્રી વિજયભાઈ રૂપાણી :**

૮મી ઓગસ્ટ-૨૦૧૬થી તેઓએ મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો હતો. ૬૯ - રાજકોટ મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા શ્રી વિજયભાઈ રૂપાણી-૨૦૦૬ થી ૨૦૧૨ દરમિયાન રાજ્યસભાના સાંસદ, ૨૦૦૬માં પ્રવાસન નિગમના ચેરમેન, રાજકોટના મેયર, ૧૯૯૯ થી ૨૦૦૦ દરમિયાન સંકલ્પ પત્ર અમલીકરણ - સમિતી બોર્ડના ચેરમેન, ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને સામાજિક સંસ્થાઓમાં પ્રમુખ-મહામંત્રી, ૧૩મી વિધાનસભા દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં તેમણે વર્ષ ૨૦૧૪ થી વાહન વ્યવહાર, પાણી પુરવઠો અને શ્રમ-રોજગાર વિભાગના મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. ક્રિકેટ, નાટ્ય અને વાંચનનો શોખ ધરાવતા શ્રી રૂપાણીએ બી.એ., એલએલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. વેપાર અને ઉદ્યોગ વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી રૂપાણીનો જન્મ ૨ જી ઓગસ્ટ, ૧૯૫૬માં બર્માના રંગૂન ખાતે થયો હતો. ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળતા તેઓએ ફરી એકવાર મુખ્યમંત્રી બની ગુજરાતની શાસનધુરા સંભાળી છે.


# અમદાવાદ જિલ્લો











પાટણ
મહેસાણા
ગાંધીનગર
ગાંધીનગર
અમદાવાદ
સુરેન્દ્રનગર
ખેડા
નડિયાદ
ધોળકા
ધંધુકા
આણંદ
બોટાદ
ભાવનગર
વડોદરા
ભરૂચ

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **અમદાવાદ** |
| સ્થાપના વર્ષ | : | ૧લી મે, ૧૯૬૦ |
| વડુ મથક | : | અમદાવાદ |
| પૃથ્વી પર સ્થાન ભૌગોલિક | : | ૨૦.૦થી ૨૩.૪ ઉત્તર અક્ષાંશ ૭૧.૬થી ૭૨.૯ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : | ૭૧૭૦ ચો.કિ.મી. |
| વસતી | : | પુરુષ-૩૬૯૦૯૭૦, સ્ત્રી-૩૩,૫૪,૩૪૪, કુલ વસતી-૭૦,૪૫,૩૧૪ |
| તાલુકા | : | અમદાવાદ સિટી, દસક્રોઈ, દેત્રોજ, માંડલ, વિરમગામ, સાણંદ, બાવળા, ધોળકા, ધંધુકા, ધોલેરા, |
| ગામો | : | ૪૮૮ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી |
| પૂરક વ્યવસાય | : | પશુપાલન |
| ખેતી મુખ્ય પાકો | : | કપાસ, ડાંગર, ઘઉં, બાજરી, બટાટા, જુવાર, જીરુ |
| ફળ પાક | : | જામફળ |
| તેલીબિયાં | : | એરંડા, તલ, |
| મુખ્ય ખનિજ | : | રેતી (ગૌણ) |
| ઉદ્યોગો | : | ઈજનેરી, સુતરાઉ કાપડ, દવાઓ, રસાયણો, હોઝીયરી, ઈલેક્ટ્રોનિક્સ |
| જમીનનો પ્રકાર | : | ગોરાળુ, કાળી |
| ઉપજાઉ ચોખ્ખો વાવેતર વિસ્તાર | : | ૪,૯૫,૭૭૭ હેકટર બિન ઉપજાઉ, પડતર ૬૬૨૦૦ હેકટર |
| આબોહવા | : | વિષમ- સરેરાશ વરસાદ ૬૧૦ મી.મી./૭૫૦ મી.મી. |
| નદીઓ | : | ૯ (સાબરમતી, મેશ્વો, ખારી, ભોગાવો, સુખભાદર) |
| પુલો | : | ૨૭ |
| તળાવો | : | ૧૧૭, |
| સરોવરો | : | ૧ (નળસરોવર) |
| ચેકડેમો | : | ૧૫૧૭ |
| જિલ્લાના રસ્તા | : | રાષ્ટ્રીય.૧૩૫ કિ.મી. સ્ટેટ.૧૦૬૦ કિ.મી. ગ્રામ્ય . ૭૪૯ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : | ઐતિહાસિક – સીદી સૈયદની જાળી, સરખેજના રોઝા, જામા મસ્જિદ, ઝૂલતા મિનારા, ગાંધી આશ્રમ, સરદાર પટેલ સ્મારક, ધાર્મિક- સ્વામિનારાયણ મંદિર, હઠીસિંગના દેરા, બુટભવાની મંદિર- અરણેજ, ગણેશપુરાનું ગણપતિ મંદિર, જામા મસ્જિદ, કાંકરિયા તળાવ, સાબરમતી રીવર ફ્રન્ટ, સાયન્સસિટી, નળસરોવર, લોથલ. |
| હોટલો | : | ૩ સ્ટાર-૧૨, ૪ સ્ટાર-૯, ૫ સ્ટાર-૭ |
| ગેસ્ટહાઉસ | : | સરકારી : ૩ |
| રેલવે સેવાઓ | : | વડું મથક અમદાવાદ |
| રાજ્ય પરીવહન સેવાનું વડુ મથક | : | અમદાવાદ |
| વિમાની પરીવહન સેવા | : | (૧) સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથક, અમદાવાદ (૨) રાષ્ટ્રીય વિમાન મથક, અમદાવાદ |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : | મધ્યસ્થ કચેરી, અમદાવાદ |
| જિલ્લા રજિસ્ટ્રાર | : | ૦૧ દૂધ ઉત્પાદક મંડળીઓ : ૪૫૯ |
| બેંકિંગ સેવાઓ | : | ૭૬૫, ખેતી બેંક- નાબાર્ડ, ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેંક |
| પોલીસ સેવાઓ | : | શહેર જિલ્લામાં ૫૪ પોલીસ સ્ટેશન |
| યોજાતા લોકમેળા / લોકોત્સવ / | : | વૌઠાનો મેળો, અમદાવાદની રથયાત્રા, મહોરમ, ચેટીચાંદ, કાંકરિયા કાર્નિવલ. |
| ધાર્મિક તહેવારો | : | ઉત્તરાયણ, નવરાત્રિ, દિવાળી, જન્માષ્ટમી, રામનવમી, દશેરા |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ | : | કુલ-૭ |



| | | |
|---|---|---|
| ગ્રંથાલયો-વાંચનાલયો | : | ૨૫ |
| પશુપાલન પ્રવૃતિ | : | ગાય, ભેંસ, બકરી, ઘેટું, ઊંટ, |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક શાળાઓ-૮૭૬,માધ્યમિક શાળાઓ-૫૩૭, ઉચ્ચ કોલેજો-૩૩૭ ટેકનિકલ-૧૨૯ |
| યુનિવર્સિટીઓ | : | રાજ્યની મુખ્ય પાંચ, ખાનગી : (૧) ગૂજરાત વિદ્યાપીઠ (૨) આઈ.આઈ.એમ. (૩) ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી (૪) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (૫) નિરમા યુનિવર્સિટી ઓફ સાન્સ એન્ડ ટૅક્નોલોજી (૬) સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એન્ડ પ્લાનિંગ ટૅક્નોલોજી (૭) ગુજરાત ટૅક્નોલોજી યુનિવર્સિટી (૮) રક્ષા શક્તિ યુનિવર્સિટી (૯) કેટલોક્સ ટીચર્સ યુનિવર્સિટી (૧૦) અમદાવાદ યુનિવર્સિટી (૧૧) નવરચના યુનિવર્સિટી (૧૨) અજયભારતી મહિલા ગ્રામવિદ્યાપીઠ |
| આરોગ્ય સેવાઓ | : | PHC-૪૩, CHC-૧૦, CIVIL-૧ |
| પેટા આરોગ્ય કેન્દ્રો | : | ૨૩૭ |
| જિલ્લાના મહાન સપૂતો/વિભૂતિઓ | : | ડૉ. વિક્રમ સારાભાઇ, ડૉ.ગણેશ વાસુદેવ માવળંકર, ડૉ.કે.કા. શાસ્ત્રી. ડૉ.ઈલાબેન ભટ્ટ |
| સિંચાઈ સેવાઓ | : | જિલ્લામાં ૩,૩૪,૦૦૦ હેકટર વિસ્તાર સિંચાઈ હેઠળ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | અમદાવાદ શહેર જિલ્લોઃ ૨૧ |
| લોકસભાની બેઠકો | : | ૦૨ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૩૩ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૧૭૮ |
| સરકારી કચેરીઓ | : | ૭૨ |
| ન્યાયાલયો | : | ગુજરાત હાઈકોર્ટ, સી.ટી. સિવિલ કોર્ટ, મેટ્રોપોલીટન કોર્ટ, લેબર કોર્ટ, ઈન્ડસ્ટ્રિયલ કોર્ટ, ડિસ્ટ્રિકટ/ તાલુકા કોર્ટ |
| નગરપાલિકાઓ | : | ૬ |
| મહાનગરપાલિકાઓ | : | ૧ |
| લોકજીવન | : | જિલ્લાના લોકો વેપાર, ખેતી અને પશુપાલન પર નિર્ભર |
| સાક્ષરતા દર | : | પુરુષ : ૯૨.૪૪ ટકા, સ્ત્રી-૮૦.૫૯ ટકા, કુલઃ ૮૬.૬૫ ટકા. શહેરી વિસ્તારઃ ૮૯.૨૫ ટકા અને ગ્રામ્ય-૭૨.૫૨ ટકા |
| સેવાભાવી સંસ્થાઓ | : | ૨૭ અંદાજે |
| સામાજિક સંસ્થાઓ | : | ૩૬ અંદાજે |
| જીવદયા સંસ્થાઓ | : | ૧ |
| બાળ-વાડીઓ / આંગણવાડીઓ | : | ૧૬૩૧ |
| પાંજરાપોળો / ગૌશાળાઓ | : | ૫ |
| સખી મંડળો / મહિલા મંડળો | : | ૯૪૧૭ |
| દૈનિકો | : | ૬૩ |
| સાપ્તાહિકો | : | ૧૭૧ |
| માન્યપત્રકારો | : | ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા : ૨૦૫ |

**૧. અમદાવાદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. સાબરમતી નદીના કિનારે ખાંટ રાજા આશાભીલનું ગામ આશાવલ (આશાવલ્લી). કર્ણદેવ સોલંકીએ અહીં મહત્ત્વનું નગર વિસ્તાર્યું, જે ‘કર્ણાવતી’ કહેવાયું. ૧૪મી સદીમાં ગુજરાતમાં રાજપૂત સત્તાનો અંત આવ્યો. ૧, એપ્રિલ, ૧૪૧૧ના રોજ સુલતાન અહમદશાહે અમદાવાદ શહેરની સ્થાપના કરી અને ભવ્ય ઈમારતોથી શહેરની શોભા વધારી. ભદ્રનો કિલ્લો, ગાયકવાડની હવેલી, ત્રણ દરવાજા, જામા મસ્જિદ,

બાદશાહનો હજીરો, રાણીનો હજીરો, ઝકરિયા મસ્જિદ, કુતુબુદ્દીન શાહની મસ્જિદ, સારંગપુરની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, સીદી સૈયદની જાળી, આઝમખાનનો રોજો, દરિયાખાનનો ઘુમ્મટ, અહમદશાહની મસ્જિદ વગેરે મુસ્લિમ સ્થાપત્યો જોવાલાયક છે. મહંમદ બેગડાએ નગર ફરતો કોટ બનાવી તેને બાર દરવાજા મૂક્યા. કુતુબુદ્દીને બંધાવેલા તળાવ 'હોજે કુતુબ' (કાંકરિયા તળાવ)ની ગણના ભારતનાં મોટાં નગર તળાવોમાં થાય છે. શાહજહાંએ બંધાવેલો શાહીબાગ અને મહેલ વિખ્યાત છે. મુઘલ સામ્રાજ્ય દરમિયાન કાળુપુર ટંકશાળમાં સિક્કાઓ બનતા હતા. દિલ્લી દરવાજા બહારનું હઠીસિંગનું જિનાલય અને સરસપુરનું ચિંતામણીનું દેરું, ઝવેરીવાડનું પાર્શ્વનાથનું દેરાસર કલાનો અદભુત નમૂનો છે. કામનાથ મહાદેવ, ભીમનાથ મહાદેવ, નગરદેવી મા, ભદ્રકાળીનું મંદિર, સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો, વૈષ્ણવોની હવેલી, અંબાજી, રણછોડજી, શ્રીકૃષ્ણ અને શ્રી રામનાં મંદિરો છે.

નગરદેવતા જગન્નાથજીનું ભવ્ય મંદિર છે. અષાઢ સુદ બીજના દિવસે અહીંથી રથયાત્રા નીકળે છે. ઝૂલતા મિનારા, દરિયાખાનનો ઘુમ્મટ, ચંડોળા તળાવ, ગીતા મંદિર, સરદાર પટેલ મ્યુઝિયમ, કાંકરિયા બાલવાટિકા અને પ્રાણી સંગ્રહાલય, પતંગ હોટેલ, સાબરમતી આશ્રમ (ગાંધી આશ્રમ), કોચરબ આશ્રમ, શાહ આલમનો રોજો, સુંદરવન, સાયન્સ સિટી, આઈ-મેક્સ થિયેટર, મલ્ટિપ્લેક્સ થિયેટરો, મોલ વગેરે અમદાવાદના જોવાલાયક સ્થળો છે. આ ઉપરાંત દાદા હરીની વાવ, માનવમંદિર, સારંગપુરનું વૈષ્ણવ મંદિર, ભાવનિર્ઝરનું યોગેશ્વર મંદિર, ચિન્મય મિશન, ઈસ્કોન મંદિર, ગુરુદ્વારા, ભાગવત વિદ્યાપીઠ અને કૃષ્ણમંદિર જોવાલાયક છે. લૉ ગાર્ડન, તિલકબાગ, સરદાર બાગ, સૌરભ ગાર્ડન, પરિમલ ગાર્ડન, ભક્ત કવિ નરસિંહ મહેતા સરોવર (વસ્ત્રાપુર) વગેરે અમદાવાદનાં જાહેર ઉદ્યાનો છે. ધી સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અટીરા, ધી ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ સેન્ટર, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, કેલિકો કાપડ સંગ્રહાલય, શ્રેયસ લોકકલા સંગ્રહાલય, સંસ્કાર કેન્દ્ર, નિરમા યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી વગેરે કેન્દ્રો અમદાવાદને ગૌરવ બક્ષે છે. સાબરમતી નદી પર તોરણ બાંધ્યા હોય તેવાં દસ પુલો બંધાયા છે. સાબરમતી રિવર ફ્રન્ટ યોજના અમદાવાદ શહેરના સૌંદર્યમાં વધારો કરે છે. નર્મદા યોજનાને કારણે નદી બે કાંઠે છલકાય છે. એક જમાનામાં 'ભારતનું માન્ચેસ્ટર' ગણાતું આ ઐતિહાસિક શહેર પ્રગતિશીલ વેપાર, ધંધા અને કુનેહ માટે જાણીતું છે. 'રાજપથ' અને 'કર્ણાવતી' જેવી ક્લબો, એક જ ઈમારતમાં ચાર-છ થિયેટરો, શોપિંગ, બુકશોપ, રેસ્ટોરન્ટ વગેરે સુવિધાઓ વિકસી છે. અમદાવાદના આશ્રમ રોડ અને સીજી (ચીમનલાલ ગિરધરદાસ) રોડ અદ્યતન માર્ગો ગણાય છે.









**૨. સરખેજ :** અમદાવાદથી નજીક સરખેજ ગામમાં મહમદ બેગડા અને તેના શાહજાદાઓની મઝાર છે. નજીકમાં મહમદ બેગડાની બેગમનો રોજો તેમજ સુલતાન અહમદશાહના ગુરુ અહમદશાહ ખટુગંજબક્ષનો રોજો તથા મસ્જિદ છે. અહીં મોટું તળાવ પણ છે.

**૩. લાંભા :** બળિયાદેવનું ભવ્ય મંદિર છે.

**૪. ધોળકા :** ધોળકાનું પ્રાચીન નામ ધવલ્લક કે ધવલ્લકપુર તથા મહાભારત સમયનું નામ વિરાટનગર હતું. મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ અહીં છે. પાંડવોની શાળા, ભીમનું રસોડું, સિદ્ધનાથ મહાદેવ વગેરે પુરાણી જગાઓ છે.

**૫. ગણેશપુરા :** ભગવાન શ્રી ગણેશનું ભવ્ય મંદિર છે.

**૬. ભીમનાથ :** નીલકા નદીના કાંઠે મહાદેવનું મોટું અને પ્રખ્યાત દેવાલય છે.

**૭. માંડલ :** રાવલ કુટુંબના કુળદેવી ખંભલાવ માતાનું ભવ્ય મંદિર છે. મંદિરમાં સુવર્ણમઢમાં માતાજીની મૂર્તિ બિરાજમાન છે. તળાવની મધ્યમાં પ્રાગટ્યસ્થાને

પણ મંદિર બાંધવામાં આવ્યું છે. અતિથિગૃહ અને ભોજનાલયના કારણે દર પૂનમે અનેક શ્રદ્ધાળુઓ અહીં આવે છે.



**૮. વીરમગામ :** મીનળદેવીએ બંધાવેલું મુનસર અને ગંગુ વણઝારાએ બંધાવેલું ગંગાસર તળાવ અહીં આવેલાં છે.

**૯. નળ સરોવર :** ૧૨૦.૮૨ ચો. કિ.મી. વિસ્તારમાં ફેલાયેલા આ અભયારણ્યમાં શિયાળાની ઋતુમાં સ્થળાંતરીય પક્ષીઓ જેવાં કે બગલાઓ, પેલિકેન, ફ્લેમિંગો, સારસકુંજ, રાજહંસ વગેરે પ્રવાસીઓને આકર્ષે છે.



**૧૦. લોથલ :** સિંધુ સંસ્કૃતિના સમયનું બંદર હતું. અહીંથી બારું, નગર, ભઠ્ઠી, ગટરવ્યવસ્થા, હાડપિંજરો, અલંકારો, સ્મશાન વગેરે મળ્યાં છે.

**૧૧. વૌઠા :** ૪ હજાર વર્ષ પહેલાં લોથલ તરીકે ઓળખાતું. અહીં સાત નદીઓ, સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો, માઝમ, શેઢી અને ખારીનું સંગમ સ્થાન છે. કાર્તિક, પૂર્ણિમાએ મોટો મેળો ભરાય છે.

## અમદાવાદ હેરીટેજ વોક (Heritage Walk)



**૧. સ્વામિનારાયણ મંદિર, કાલુપુર :** સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રથમ મંદિર ૧૮૨૨માં બંધાયું જે જમીન બ્રિટિશ સરકારે આપી હતી. આનંદાનંદ સ્વામી દ્વારા નિર્મિત આ મંદિરની કોતરણી બર્મીઝ ટેક. પ્રકારની  છે, અને દરેક કમાન અને કૌંસ તેજસ્વી રંગોથી રંગવામાં આવેલા છે. ભગવાન  સ્વામિનારાયણ દ્વારા પોતે સ્થાપિત મૂર્તિઓ તેમજ તેમની કેટલીક અંગત વસ્તુઓ અને શિલ્પોનું પ્રદર્શન અહીં છે. જૂના શહેરના પૂર્વીય ભાગમાં કાલુપુરની નજીક સ્થિત, સ્વામિનારાયણ મંદિર એ શહેરના મધ્યમાં ભૂખરા રંગનું છિદ્ર છે અને જૂના શહેરના ધ્રુવો દ્વારા હેરિટેજ વૉકનું પ્રારંભિક બિંદુ પણ છે.

**૨. કવિ દલપતરામ ચોક, લામ્બેશ્વરની પોળ :** કવિ દલપતરામ ચોક ૧૯મી સદીના પ્રખ્યાત ગુજરાતી કવિ દલપતરામના ઘર તરીકે પ્રસિદ્ધ છે, તેઓ આ ઘરમાં રહેતા હતા. આ ચોકમાં મૂકેલ મહાન કવિની મૂર્તિ કાઠીયાવાડી  ભરતકામવાળા કુર્તા , ધોતી, પાઘડીના પહેરવેશવાળી તથા જમણા પગ અને તેમની આંખોમાં ધ્યાનપાત્ર દેખાવવાળી છે.

**૩. કાલિકો ડોમ :** અમેરિકન આર્કિટેક્ટ, ફ્રાન્ક લોયડ રાઈટએ કેલિકો મિલ્સ માટે વહીવટી કાર્યાલયની ડિઝાઇનની રચના કરી હતી,  પરંતુ  તે સમયે અમદાવાદ કૉર્પોરેશને પરવાનગી આપી ન હોવાથી તેનું નિર્માણ થયું નહોતું. પાછળથી તે જ સ્થળે, કેલિકો ડોમનું નિર્માણ થયું જે ૧૯૬૨માં ખુલ્લો મુકાયો હતો. ૨૦૦૧ના ભૂકંપમાં ગુંબજનું કેન્દ્ર ભાંગી પડ્યું હતું. ૧૯૭૦માં અમદાવાદમાં પ્રથમ ફેશન શો અહી યોજાયો હતો જેમાં અભિનેત્રી પરવીન બાબીએ આ શોમાં ભાગ લીધો હતો.

**૪. કલા રામજી મંદિર, હાજા પટેલની પોળ :** હાજા પટેલની પોળના ખૂણામાં, કાલા રામજી (ભગવાન રામ)નું એક ખૂબ જૂનું મંદિર છે, ભગવાન રામની મૂર્તિ એક કાળા પથ્થરમાં બેઠેલી મુદ્રામાં છે. આ મૂર્તિનું "વનવાસ"ના સમયગાળા તરીકે અર્થઘટન કરવામાં આવે છે. સોનાની શુદ્ધતાને ચકાસવા માટે જે પથ્થરનો ઉપયોગ થાય છે તેવા પથ્થરમાંથી આ મૂર્તિઓનું નિર્માણ થયાની લોકવાયકા છે. મંદિર લાકડાના કોતરકામ અને મધ્યખંડની સમૃદ્ધિનું ઉદાહરણ છે, જે અમદાવાદના આર્કિટેક્ચરનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

**૫. શાંતિનાથજી મંદિર, હાજા પટેલની પોળ :** ભવ્ય શાંતિનાથના દેરાસરનો ગુંબજ, પેનલ, કૌંસ, જાળી, બારીઓ અને છતની કોતરણીમાં નાજૂક લાકડા પર ભવ્ય નકશીકામ થયેલું છે. વર્ષ ૧૯૨૩ એ.ડી.માં શાહ વખાચંદ મલિચંદ દ્વારા બનાવવામાં આવી હતી. શાંતિનાથ તીર્થંકરની મૂર્તિ ૧૯ ઇંચની છે. એવું માનવામાં આવે છે કે શરૂઆતમાં આખું મંદિર લાકડાનું બનેલું હતું. જ્યારે રાહત માર્ગ બાંધવામાં આવ્યો હતો ત્યારે મંદિરને આંતરિક ભાગમાં ખસેડવું પડ્યું હતું અને તે મંદિર આરસપહાણમાંથી બનાવવામાં આવ્યું હતું.

**૬. કુવાવાળો ખાંચો :** કુવાવાળો ખાંચો એ એક આંતરછેદ છે જે શાંતિનાથજીની પોળ નજીકના કુવાઓ ધરાવે છે, તેનું નામ છે (કુવા, ખાંચા, માર્ગ). રસપ્રદ વસ્તુ જોવા માટે કુવાવાળા ખાંચામાં એકબીજાથી વિરૂદ્ધ ૪ ઘરો છે,




જેમાં ફારસી, મુગલ, મરાઠા અને યુરોપીયન આર્કિટેક્ચર તત્વો સંબંધિત છે, આ જૂના અમદાવાદની વિશ્વસનીય સંસ્કૃતિ દર્શાવે છે. ઉપરાંત, તે ઘરોની દીવાલો પર છિદ્રો જોઈ શકાય છે. પોપટ (કે અન્ય પક્ષીઓ) વૃક્ષોની ગેરહાજરીમાં તેમના માળા તૈયાર કરવા માટે પોળના મકાનોના બાહ્ય દીવાલોમાં આવા છિદ્રો ઉપલબ્ધ કરાયા હતા.

**૭. જગવલ્લભ મંદિર, નીશા પોળ :** અમદાવાદમાં જૂના જગવલ્લભ જૈન મંદિર અને મોટા કદના અને નાજૂક હિંદુ સ્થાપત્ય માટે નીશા પોળ પ્રસિદ્ધ છે. આ દેરાસરમાં પ્રવેશથી જ, ભક્તને કયોત્સારાગા મુદ્રામાં પાર્શ્વનાથની સહસ્ત્રાફિના મૂર્તિની ઝાંખી થાય છે. વર્ષ ૧૬૦૩માં દેરાસરનો બીજો ગર્ભ-ગૃહ નગરશેઠ ખુશાલચંદ દ્વારા પદ્માસન મુદ્રામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની નાની કાળી મૂર્તિનું સ્થાપન કરાયું હતું. મૂર્તિઓ બેનમૂન છે. દેરાસર પાસે પણ પદ્માસનની યોગિક મુદ્રામાં જૈન તીર્થંકર ભગવાન અદિનાથની છ ફૂટ ઊંચી મૂર્તિ છે.

**૮. ઝવેરી વાડ :** આ વિસ્તારમાં મોટેભાગે ગોલ્ડસ્મિથ સમુદાય વસે છે. પોળમાં ખૂબ જ સજાવવામાં આવેલા ઘણાં હવેલી પ્રકારનાં ઘરો છે.

**૯. સંભવનાથની ખડકી :** વર્ષ ૧૬૬૨માં બાંધવામાં આવેલું સંભાવનાથજીનું દેરાસર અમદાવાદનું સૌથી જૂનું જૈન મંદિર માનવામાં આવે છે. મંદિરની દીવાલ પરના શિલાલેખ અનુસાર, મૂળ મંદિર લાકડામાંથી બનાવવામાં આવ્યું હતું. પાછળથી આ ઇમારતની ૧૯૦૪ એ.ડી. માં ફરીથી ગોઠવણ કરાઈ હતી.

**૧૦. ચૌમુખજીની ખડકી :** ચૌમુખજીની ખડકી અગાઉ સાઠની ખડકી કહેવાતી હતી. નામ ચુમુખજીના જૈન દેરાસરથી આવ્યું છે. ખડકી નજીક ગુંસાઈજીની વૈષ્ણવ સંપ્રદાયની હવેલી છે. ઇતિહાસકારોનું માનવું છે કે,

૧૦મી સદીથી દેરાસરના અવશેષો આ વિસ્તારમાં અજિતનાથજી દેરાસરમાં સચવાયા છે. અહીં જૈન સ્થાપત્ય શૈલીમાં બાંધવામાં આવેલા ઘણા જૈન મંદિર પણ છે.

**૧૧. દોશીવાડાની પોળ :** આ વિસ્તારમાં મોટેભાગે સોની સમુદાય વસવાટ કરે છે, મુખ્ય માર્ગ પર ઘણી નાની અને મધ્યમ દાગીનાની દુકાનો છે. પોળમાં ઘણાં સુશોભિત હવેલી પ્રકારના ઘરો છે. પોળમાં સુંદર કોતરણીવાળા ચબૂતરા છે. ચબૂતરા આર્કિટેક્ચર પર વસાહતી પ્રભાવ આ એક અનન્ય ઉદાહરણ છે.

**૧૨. અષ્ટપાદજી મંદિર :** દોશીવાડાની પોળના અંતે, જૈન ગ્રંથાલયની બાજુમાં અષ્ટપાદજીનું આરસપહાણ દેરાસર આવેલા છે. જે હિન્દુ-જૈન શૈલીના આર્કિટેક્ચરની શૈલીમાં બનેલું છે. જેમાં શિલ્પો અને નૃત્ય સ્થિતિમાં માનવ આકૃતિ અને સંગીત વાદ્યો, પ્રાણીઓ અને અન્ય વિવિધ ફૂલોની કૃતિઓ જોવા મળે છે. શેઠ મગનલાલ કરમચંદ દ્વારા વર્ષ ૧૮૫૬ આસપાસ બાંધવામાં આવેલા દેરાસર પાસે આદિશ્વર ભગવાન અને મહાવીર સ્વામીની મૂર્તિઓ છે. તેની પાસે શેઠ અને શેઠાણી અને તેમના ગુરુની મૂર્તિઓ છે.

**૧૩. હરકુંવર શેઠાણીની હવેલી :** ૧૮૦ વર્ષ જૂની હરકુંવર શેઠાણીની હવેલીમાં ૬૦ ઓરડાઓ છે, જેમાંથી મોટાભાગની અમર્યાદિત સ્તંભવાળી બાલ્કનીઓ પર ખુલ્લા છે, જે અમદાવાદના સૌથી લાંબા કોતરવામાં આવેલા લાકડાનાં કૌંસ છે. ઓલ્ડ સિટી અમદાવાદમાં હરકુંવર શેઠાણીની હવેલી પર જોવા મળતી અદ્‌ભુત લાકડાની કોતરણી ઈન્ડો-ચીની સ્થાપત્ય તત્વો દર્શાવે છે. ઓલ્ડ સિટીમાં આ સૌથી મોટો કૌંસ છે.

**૧૪. ફર્નાન્ડીઝ બ્રિજ :** ફર્નાન્ડિઝ બ્રિજ નીચેનું ચોપડા બજાર એ અમદાવાદ ગુજરાતનું સૌથી જૂનું બુક માર્કેટ છે, જે દરરોજ વપરાયેલા અને નવા પુસ્તકોની શોધમાં આવતા હજારો લોકોની સેવા કરે છે. ગાંધી રોડને વિસ્તારવા માટે ફર્નાન્ડીઝ બ્રિજનો વિસ્તાર કરવામાં આવ્યો હતો અને તે વર્ષ ૧૮૮૪થી અસ્તિત્વમાં છે.

**૧૫. ચાંદલા ઓળ :** ચાંદલા ઓળ અમદાવાદ શહેરમાં બ્રાસની પૂજાની વસ્તુઓ માટેનું સૌથી મોટું અને સૌથી જૂનું બજાર છે. તહેવાર અને પ્રસંગો અનુસાર તમને આ સ્થળે બધી બ્રાસની પૂજાની વસ્તુઓ જેવી કે સેવન-સાંચા, કોષ્ટક વેર, મૂર્તિઓ, પૂજાની થાળી, કોપર લોટા, બ્રાસ કેમ્પ, લીંબુ સૉસર, પુરી પ્રેસ, ફ્લાવર વેઝ અને ઘણું બધું મળે છે.

**૧૬. મુહરત પોળ :** મહુરત પોળ, તેનું નામ સૂચવે છે, તે શહેરની પ્રથમ પોળ છે. ૧૫મી સદીના બીજા ભાગમાં જૈનો ત્યાં થોડો સમય સ્થાયી થયા. મહેમુદ બેગડા (૧૪૬૦ અને ૧૪૮૯ ની વચ્ચે)ની સ્થાપના દરમિયાન, તે હાલમાં ઓછામાં ઓછા ૧૦૦ ઘરેણાંની દુકાનો ધરાવે છે. શહેરનો સૌથી જૂનો વસાહત વર્ષોથી શહેરના બુલિયન હબમાં પરિવર્તિત થયો છે.

**૧૭. મણેક બાબાનુ મંદિર, માણેક ચોક :** છેલ્લા ૬૦૦ વર્ષથી સંત મનાનાથના વંશજો ૧૫ મી સદીમાં અમદાવાદના નવા શહેરના નિર્માણ માટેના અહમદ શાહના પ્રયત્નોને 'પ્રભાવિત' અથવા સંક્ષિપ્ત રીતે 'અવરોધિત' કરતા હતા. વિજયદશમીના દિવસે માણેક બુર્જ જે સ્થળે છે ત્યાંથી શહેરનું બાંધકામ શરૂ થયું.

**૧૮. રાણીનો હઝિરો :** ૧૫મી સદીમાં મહાન સુલ્તાન અહમદ શાહ દ્વારા રાણીનો હઝિરો બનાવવામાં આવ્યો હતો. હઝિરો કબરો માટે એક વૉલ્ટ છે અને આ સામ્રાજ્યની રાણીઓ માટે છેલ્લે વિશ્રામનું સ્થળ છે. બહારથી આ કબરોની આજુબાજુની દીવાલો ભવ્ય રીતે પથ્થરોથી બનાવવામાં આવી છે. દફન સ્થળ કેન્દ્રમાં છે અને ક્લોસ્ટર (વરંડા) દ્વારા સીમાચિહ્ન છે. હઝિરાની દીવાલો અને ગુંબજ પર જટિલ ડિઝાઇન અને કોતરકામ છે.

**૧૯. બાદશાહનો હઝિરો :** અહમદ શાહનો મકબરો રાજાના હઝિરા તરીકે ઓળખાય છે, મધ્યયુગીન મસ્જિદ અને અમદાવાદ, ભારતના કબરોનો સમૂહ છે. અહમદ શાહની મસ્જિદ જામા મસ્જિદ માણેક ચોક નજીક આવેલી છે. દફન સ્થળ એ મુસ્લિમો માટે ખાસ ધાર્મિક મહત્ત્વ હોવાનું માનવામાં આવે છે. વર્ષ ૧૪૪૬માં બાદશાહનો હઝિરો બનાવવામાં આવ્યો હતો, તેના પર કોતરણીઓ આકર્ષક છે.

**૨૦. જુમા મસ્જિદ :** જામા મસ્જિદ સંભવતઃ આ સમયગાળામાં બાંધવામાં આવેલી ભારતીય ઉપખંડની સૌથી મોટી મસ્જિદ હતી. સમ્રાટ સુલ્તાન અહમદ શાહ દ્વારા ઈચ્છા ધરાવતી મોટી યોજનાના ભાગ રૂપે રચાયેલી. મીહરાબ પરના શિલાલેખ સુલતાન અહમદ શાહ ૧ દ્વારા ૪ જાન્યુઆરી, ૧૪૨૪ ના રોજ મસ્જિદના સ્થાપનની ઉજવણી કરે છે. મસ્જિદનો મૂળ હેતુ ફક્ત સુલ્તાનના ખાનગી ઉપયોગ માટે હતો. પીળા sandstones ઉપયોગ કરીને બનાવવામાં આવેલી આ મસ્જિદની સ્થાપત્ય હિન્દુ અને મુસ્લિમ સ્ટાઈલનું એક મિશ્રણ છે. આ ઈમારત તોડી પાડવામાં આવેલા હિન્દુ અને જૈન મંદિરોમાંથી બચાવેલી વસ્તુઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી. ૨૬૦ સ્તંભો દ્વારા સપોર્ટેડ, અમદાવાદની જામા મસ્જિદમાં ૧૫ ડોમ છે. જામા મસ્જિદ જૂના શહેરના હૃદયમાં આવેલું છે.

# અમરેલી જિલ્લો







રાજકોટ
બોટાદ
ભાવનગર
જૂનાગઢ
ગિર સોમનાથ
અમરેલી
અરબ સાગર
મહુવા

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **અમરેલી** |
| ઈતિહાસ | : | ૧૯૫૬ નવેમ્બરમાં રાજ્યોની પુર્નરચના થઈ અને વિદર્ભ, મરાઠાવાડા, સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશો સાથે બૃહદ દ્વિભાષી રાજ્યનો એક ભાગ બન્યો. ૧૯૫૯માં કેટલાયે પ્રાદેશિક ફેરફારો કરીને આ જિલ્લાની પુર્નરચના કરાઈ હતી. છેલ્લે ૧લી મે ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યનું વિભાજન થતાં ગુજરાત તથા મહારાષ્ટ્ર અલગ રાજ્યો રચવામાં આવતાં અમરેલી જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો. |
| સ્થાપનાનું વર્ષ | : | ૧લી મે, ૧૯૬૦ |
| વડુ મથક | : | અમરેલી |
| ભૌગોલિક સ્થાન | : | અક્ષાંશ : ૨૦.૪૫થી ૨૨.૧૫ ઉત્તર અક્ષાંશ<br>રેખાંશ : ૭૦.૧૩થી ૭૧,૪૫ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : | ૭,૩૬,૩૬૬ હેક્ટર, |
| વસતિ | : | ૧૫,૧૩,૬૧૪ (૨૦૧૧ મુજબ) પુરુષ - ૦૭,૭૦,૬૫૧, સ્ત્રી - ૦૭,૪૨,૯૬૩ |
| તાલુકા | : | કુલ-૧૧, અમરેલી, બાબરા, લાઠી, લીલિયા, કુકાવાવ, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા, બગસરા |
| કુલ ગામો | : | ૬૧૭ |
| શહેરો | : | ૧૦ |
| ગ્રામ પંચાયત | : | ૫૯૨ |
| નગરપાલિકા | : | ૦૯ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી |
| પૂરક વ્યવસાય | : | પશુપાલન |
| ખેતી પાકો | : | મુખ્ય પાકો : જુવાર, કઠોળ, ઘઉં, બાજરી, શેરડી,<br>તેલીબિયાં પાકો :- મગફળી, કપાસ, એરંડા, તલ |
| મુખ્ય ખનીજ | : | બોકસાઈટ, કેલ્સાઈટ, બેન્ટોનાઈટ, ગ્રેનાઈટ, બ્લેકટ્રેપ, વિવિધ પ્રકારની માટી, બાંધકામના પથ્થરો, રેતી, ચૂનાનો પથ્થર. |
| ઉદ્યોગો | : | મત્સ્યોદ્યોગ, સિમેન્ટ, પથ્થર, શીપિંગ, કપાસ-જીન, ઓઈલ મિલો |
| લઘુ ઉદ્યોગ | : | આરી ભરતકામ, ગોલ્ડ પ્લેટીંગ, વજનકાંટા |
| પરંપરાગત ઉદ્યોગો | : | હાથવણાટ, મોતીકામ, ભરતકામ |
| આબોહવા | : | જિલ્લાનું હવામાન સૂકુ, તાપમાન વધુમાં વધુ ૪૫ ડિગ્રી તથા ઓછામાં ઓછું ૪ નોંધાયેલ છે. |
| સરેરાશ વરસાદ | : | ૨૫ ઈંચ, |
| જંગલો /વનસંપદા | : | વન વિસ્તાર : ૩૦,૮૯૮ હેક્ટર |
| નદીઓ | : | શેત્રુંજી, ધાતરવડી, વડી, ઠેબી, કાળુભાર, ઘેલો, ગાગડીયો, સાંકરોલી, સાંતલી, નાવલી, શેલ, દેદુમલ, રાયડી, રૂપેણ |
| જળાશયો | : | ખોડિયાર, મુંજીયાસર, ધાતરવડી, રાયડી, સુરવો, વડી, શેલદેદુમલ, |
| સાગરકાંઠો | : | ૬૦ કિ.મી. |
| બંદરો | : | જાફરાબાદ, પીપાવાવ અને વિકટર (ચાંચ) |

| | |
|---|---|
| જિલ્લાના રસ્તા | : રાષ્ટ્રીય ધોરી માર્ગ - ૫૫ કિ.મી., રાજ્ય ધોરી માર્ગ - ૧૦૨૬ કિ.મી. મુખ્ય જિલ્લા માર્ગ - ૯૪૪ કિ.મી.ગ્રામ્ય માર્ગ - ૧૮૨૬ કિ.મી. અન્ય માર્ગ - ૪૬૬ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : ઐતિહાસિક : અમરેલીનો ટાવર, રેલવે સ્ટેશન અમરેલી, કામનાથ ડેમ, કલાપી તીર્થ, ચાવંડ દરવાજો- લાઠી, શાહગૌરા વાવ-લાઠી, પાંડવકુંડ - બાબરા, વનવિહાર - મિતિયાળા ફોરેસ્ટ બંગલો, ચાંચ બંગલો - રાજુલા |
| ધાર્મિક સ્થળો | : નાગનાથ મંદિર, જુમ્મા મસ્જિદ, જીવન મુક્તેશ્વર મંદિર, કામનાથ મહાદેવ મંદિર, કૈલાસ મુક્તિધામ, દ્વારકાધીશ હવેલી, શ્રી ભોજલરામધામ - ફતેપુર, સ્વામિનારાયણ મંદિર અમરેલી અને નાના માચિયાળા, કવિ ઈશ્વરદાન સ્મૃતિ મંદિર- ઈશ્વરીયા, ગુરુદત્ત મંદિર, મહાત્મા મુળદાસ બાપુની જગ્યા, સ્વામિનારાયણ ગુરુકુળ તરવડા, સિદ્ધિ વિનાયક મંદિર, ભીમનાથ મહાદેવ - નાના માચીયાળા, વરૂડી માતાનું મંદિર - અમરપુર, ભોળી આઈનું મંદિર - નાના માચીયાળા |
| બગસરા તાલુકો | : રા'નવઘણનો પાળીયો, બગેશ્વર મહાદેવ મંદિર, |
| બાબરા તાલુકો | : ગરણેશ્વર મહાદેવ મંદિર - ગરણી, તાપડિયા આશ્રમ - બાબરા |
| લાઠી તાલુકો | : ભુરખિયા હનુમાન મંદિર, જીવાઈ સત્તાધાર મંદિર - જાનબાઈ દેરડી. |
| લીલીયા તાલુકો | : અંટાળીયા મહાદેવ મંદિર, ઉમિયામાતા મંદિર - લીલિયામોટા, રાઘવાદ આશ્રમ મોટા કણકોટ, પંચમુખી આશ્રમ લીલિયા, રામનાથ મહાદેવ પૂતળીયા, નાગબાઈમાનું પ્રાચીન મંદિર - પૂંજા પાદર, આંબા આપાગીગાની જગ્યા, દિવ્ય ચેતના આશ્રમ લીલીયામોટા |
| કુંકાવાવ તાલુકો | : રાંદલમાતા મંદિર - દડવા, કૃષ્ણવલ્લભાચાર્ય સ્મૃતિ મંદિર - કુંકાવાવ, સંત વેલનાથ સમાધિ અને હુકશાપીર દરગાહ - ખડખડ |
| ધારી તાલુકો | : યોગીજી મહારાજ જન્મ સ્થળ, જીવન મૂક્તેશ્વર મંદિર, ખોડિયાર મંદિર અને ડેમધારી, શ્યામ સુંદર મંદિર-સરસિયા, દાનગીગેવ મંદિર - ચલાલા, |
| ખાંભા તાલુકો | : હનુમાનગાળા- ખાંભા, વાદળિયા હનુમાન- ઈંગોરાળા |
| રાજુલા તાલુકો | : પીપાભગતનું મંદિર - પીપાવાવ, બલાડમાતા મંદિર, રાજુલા કુંભનાથ અને સુખનાથ મહાદેવ મંદિર |
| જાફરાબાદ તાલુકો | : વારાહસ્વરૂપ મંદિર, લુણસાપુરિયા દાદા મંદિર - લુણસાપુર, સરકેશ્વર બીચ |
| સાવરકુંડલા તાલુકો | : રિદ્ધિ સિદ્ધિ મહાદેવ મંદિર, જલારામ મંદિર- સાવરકુંડલા, વારાહી માતા મંદિર (હઠીલા) ખાલપર, ગોદડીયા, આશ્રમ-બાઢડા, સેંજળ ધામ. |
| સાંસ્કૃતિક | : ગીરધરલાલ સંગ્રહાલય, કૈલાશ મુક્તિધામ - અમરેલી |
| રેલવે સેવાઓ | : બ્રોડ ગેજ લાઈન-૧૨૦ કિ.મી. તથા મીટર ગેજ લાઈન - ૧૬૧ કિ.મી. રેલવે સ્ટેશનની સંખ્યા : ૩૯ |
| રાજ્ય પરિવહન સેવા | : શિયાળબેટ સિવાય તમામ ગામોને એસ.ટી.ની સુવિધા |
| વિમાની પરિવહન સેવા | : ઉપલબ્ધ |
| પોસ્ટ સેવા | : હેડ પોસ્ટ ઓફિસ -૧, |
| ટેલિફોન સેવા | : બીએસએનએલ અને બાકીની મોબાઈલ નેટવર્ક |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૧૩૮ |

| | | |
|---|---|---|
| યોજાતા લોક મેળા/ | : | દિવાળી, શિવરાત્રી, હોળી, રામનવમી, હનુમાન જયંતી, વિશ્વકર્મા જયંતી, ભગીરથ જયંતી, |
| લોકોત્સવ / ધાર્મિક તહેવાર | : | જન્માષ્ટમી, નવરાત્રી, દશેરા, મોહરમ, ચેટીચાંદ વગેરે. |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ / માર્કેટ યાર્ડ | : | ૧૧, સબ માર્કેટ યાર્ડ -૨ |
| જિલ્લાના મહાન સપૂતો/વિભૂતિઓ | : | સંત ભોજાબાપા, સંત મુળદાસ, સંત પીપાભગત, યોગીજી મહારાજ, સ્વામી ધર્મજીવનદાસજી, કવિ કલાપી, કવિ હંસ, કવિ કાંત, કવિ રમેશ પારેખ, વાર્તાકાર કાનજી ભુટા બારોટ, લોક કવિ પદ્મશ્રી દુલા ભાયા કાગ, ભાગવતાચાર્યશ્રી રમેશભાઈ ઓઝા, જાદુ સમ્રાટ કે.લાલ, ગુજરાતના પ્રથમ મુખ્ય મંત્રી ડૉ. જીવરાજ મહેતા, વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ રાઘવજી લેઉવા. |
| સિંચાઈ યોજનાઓ | : | ખોડિયાર, ધાતરવડી, રાયડી, સુરવો, વડી, મુંજીયાસર, શેલ દેદુમલ |
| વિધાનસભા બેઠકની સંખ્યા | : | ૫ (પાંચ) ૯૪- ધારી, ૯૫- અમરેલી, ૯૬- લાઠી, ૯૭- રાજુલા, ૯૮- સાંવરકુંડલા |
| લોકસભા બેઠકની સંખ્યા | : | ૧ (એક) |
| જિ. પંચાયત બેઠકની સંખ્યા | : | ૦૩૪ |
| તા. પંચાયત બેઠકની સંખ્યા | : | ૧૮૧ |
| નગરપાલિકાની સંખ્યા : | | ૦૯ |
| લોકજીવન રહેણીકરણી | : | પુરુષો ચોરણી, કેડીયું, ખેસ, પાઘડી અને સ્ત્રીઓ ચણીયો, કબજો અને ઓઢણી (સાડી) પહેરે છે. |
| સાક્ષરતા દર | : | ૭૪.૪૯ ટકા (૨૦૧૧ મુજબ) પુરુષ : ૮૧.૮૨%, સ્ત્રી : ૬૬.૯૭% |
| જન્મદર | : | ૨૦.૬ |
| મૃત્યુદર | : | ૬.૬ |



## અમરેલીનો ટાવર :

મહારાજા ગાયકવાડના સમયનો અદ્દભૂત સ્થાપત્યના નમૂનારૂપ આ ટાવર હાલમાં પણ તેની ગરિમા સાચવીને અમરેલી શહેરની મધ્યમાં અડીખમ ઊભો છે. સમગ્ર અમરેલીની પ્રમુખ બજાર વિસ્તારનો એવો હિસ્સો છે જ્યાં સતત માનવ મહેરામણ ચહલ-પહલ કરતું રહે છે.

## રાજમહેલ-અમરેલી

ગાયકવાડી રાજ્ય સમયનો આ રાજમહેલ હકીકતમાં ૧૭૮ વર્ષ જૂની ભવ્ય ઈમારત છે. જેમાં બે માળ અને સરેરાશ ઊંચાઇ ૧૦ થી ૧૨ મીટર જેટલી છે. રાજાશાહી વખતે અહીં લોકદરબાર ભરાતો હતો. ઈમારતનું બાંધકામ ૩૮૦૭.૧૫ ચો. મી. વિસ્તારમાં છે. ઈમારતમાં હોલ ટાઇપના ૧૨ રૂમ તથા કોર્નર પર ચાર માળમાં રેકર્ડ રૂમ અને ચારેબાજુ ફરતા ઝરૂખા છે. આ રાજમહેલ જે-તે સમયે રૂ.૨,૧૪,૨૬૦ના ખર્ચે બાંધવામાં આવ્યો હતો.





મહેલના પટાંગણમાં રાજવી શ્રી મહારાજા સયાજીરાવ ગાયકવાડની સ્મૃતિ સમી કાંસ્યપ્રતિમા પણ જોવા મળે છે.

## ગિરધરભાઇ સંગ્રહાલય-અમરેલી



અમરેલીના મધ્યમાં આવેલ આ સંગ્રહાલયમાં મહાત્મા ગાંધીજીના જીવન-કવનને પ્રદર્શિત કરતી તસવીરો, જિલ્લાના સ્વાતંત્ર્ય વીરોની તવારીખ રજૂ કરતી ગેલેરી, ડૉ. જીવરાજ મહેતાના જીવનને આલેખતી ગેલેરી, ખગોળવિદ્યા અને આકાશદર્શન કરાવતા પ્લેનેટોરિયમ આકર્ષક છે. આ ઉપરાંત આ પટાંગણમાં ચાલતા બાલભવન, સંગીત વિભાગ, ચિત્રકલા અને કોમ્પ્યુટર વિભાગો પણ ધ્યાનાકર્ષક છે.

## રેલવે સ્ટેશન-અમરેલી



મહારાજા સયાજીરાવ ગાયકવાડનો ૧૮૮૧માં રાજ્યાભિષેક થયા બાદ પાંચ વર્ષે તેઓ અમરેલીમાં પધાર્યા હતા. ઇ.સ.૧૯૧૬માં અમરેલી ખાતે રેલવે સ્ટેશન શરૂ થયું હતું. હાલ પ્રાચીન સ્થાપત્યના નમૂનાસ્વરૂપ તેની ભવ્યતા પ્રદર્શિત કરતું અડીખમ છે.

## સરકારી જિલ્લા પુસ્તકાલય-અમરેલી



ઇ.સ.૧૭૩૦માં શ્રી દામજીરાવે અમરેલીનો કબજો લઇ ગાયકવાડી થાણું સ્થાપ્યું હતું. ત્યારબાદ અંગ્રેજો દ્વારા વોકર સેટલમેન્ટના નામે થાણું સ્થાપી, ઇ.સ.૧૮૮૦માં કર્નલ એલેકઝાંડર વોકરના નામે અમરેલી ખાતે વોકર લાયબ્રેરીનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ ઇમારતમાં આજે મહિલા, બાળકો, યુવાનો અને સામાન્ય વાંચન વિભાગો કાર્યરત છે.

## નાગનાથ મંદિર-અમરેલી



અમરેલી શહેરની મધ્યમાં આવેલ નાગનાથ મંદિર અંદાજે ૨૧૧ વર્ષ જૂનું છે. ઇ.સ.૧૮૦૨માં મહારાજા સયાજીરાવ ગાયકવાડના પ્રતિનિધી તરીકે સૌરાષ્ટ્રની વ્યવસ્થા સંભાળવા આવેલ સરસુબા શ્રી વિઠ્ઠલરાવ દેવાજીના હસ્તે ભગવાન શિવના આ મંદિરનું બાંધકામ થયું હતું. આ મંદિર અમરેલી શહેરની જનતાની આસ્થા-શ્રધ્ધાનું કેન્દ્ર છે.

## કામનાથ મહાદેવ મંદિર-અમરેલી

અમરેલી શહેરમાં વડી-ઠેબી નદીના કાંઠેનું આ મંદિર પ્રાચીન છે. અહીં પવિત્ર શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે મેળો ભરાય છે. હજારો શ્રધ્ધાળુઓ ભકિતભાવપૂર્વક મુલાકાત લે છે. મંદિરની સમીપ આવેલા કામનાથ ડેમમાં શિયાળાની ઋતુમાં યાયાવર પક્ષીઓ આશ્રય લે છે. આ મંદિર ભકિતધામ અને પીકનિક પોઇન્ટના સમન્વયસમું છે.



## શ્રી ભોજલરામ ધામ ફતેપુર-અમરેલી

અમરેલીથી સાતેક કિ.મી. દૂર ફતેપુર ગામમાં સંત શ્રી ભોજાભગતની જગ્યા આવેલી છે. સવંત ૧૮૪૧ની વૈશાખી પૂનમે જન્મેલ સંત શ્રી ભોજાભગત પોતાના ચાબખારૂપ વાણીથી











જગપ્રસિધ્ધ થયેલ. તેમની તિથિની ઉજવણીના ભાગરૂપે ત્યાં મેળો પણ ભરાય છે. હાલમાં તે ભોજલધામ તરીકે પ્રખ્યાત થયું છે. ભોજલરામ ધામ ખાતે સંતશ્રીની પ્રસાદીનો ઢોલિયો, માળા, પાઘડી અને દેગ વગેરે જોવા મળે છે. વીરપુર(જલારામ)માં ઇ.સ.૧૮૫૦માં ભોજા ભગતનું અવસાન થતા આ સ્થળ તેમની સમાધિનું સ્થાન બન્યું છે.

## પાંડવ/દ્રૌપદી કુંડ-બાબરા

બાબરામાં આદિકાળથી બ્રહ્મકુંડની ઐતિહાસિક જગ્યા છે. પાંડવો અજ્ઞાતવાસ દરમિયાન આ જગ્યાએ રોકાયા હોવાની લોકવાયકા છે અને તેથી જ પાંચ પાંડવોના પવિત્રકુંડને પાંડવકુંડ કે દ્રૌપદીકુંડ તરીકે ઓળખવામાં આવે છે. અહીં ભગવાન નિલકંઠનું મંદિર છે.

## ચાંચ બંગલો-રાજુલા

રાજુલાના વિકટર બંદરથી દરિયાઈ માર્ગે ચાંચ ગામમાં જતા દરિયા કાંઠે આવેલો આ બંગલો ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહે બંધાવેલો હતો. આ બંગલાનું બાંધકામ ૧૯૪૫માં શરૂ થયેલ હતું. અને દસ વર્ષે રૂપિયા ૨૦ લાખના ખર્ચે પૂર્ણ થયેલ હતું. ૮૮ ખંડો ધરાવતા આ બંગલામાંથી અરબી સમુદ્રની ભવ્યતા સોળે કળાએ ખીલેલી દેખાઇ છે.

## રાંદલ માતાનું મંદિર – દડવા

અમરેલી જિલ્લામાં બાબરા–વાસાવડ રોડ ઉપર દડવા–રાંદલ ગામે આવેલું આ મંદિર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર છે. રાંદલમાતાના વિશાળ મંદિરમાં માતાજીની બાધાથી સંતાન પ્રાપ્તિ કરનાર મહિલાઓ મોટી સંખ્યામાં આવે છે. આ મંદિરની મુલાકાતે આવનાર શ્રધ્ધાળુઓ માટે રહેવા–જમવાની ઉત્તમ સુવિધા પ્રાપ્ત છે.

## શ્યામ સુંદર મંદિર – સરસીયા

અમરેલી શહેરથી ૫૫ કિ.મી. દૂર ધારી 'તુલશીશ્યામ રોડ ઉપર સરસિયા ગામે આવેલા મંદિરની અનેક યાત્રાળુઓ મુલાકાત લે છે.આ મંદિરમાં શ્યામ સુંદર ભગવાનની મૂર્તિનું સ્થાપન થયેલું છે.

## કૃષ્ણ વલ્લભાચાર્યનું મંદિર

સ્વામિનારાયણ સંપ્રદાયના સંત શ્રી કૃષ્ણ વલ્લભાચાર્યજી મૂળ કુકાવાવના વતની હતા. તેમની સ્મૃતિમાં આ મંદિર કુકાવાવમાં નિર્માણ થયું છે. આસો સુદ – ૮ના દિવસે જન્મેલા સંતકૃષ્ણ વલ્લભાચાર્યજીની સ્મૃતિમાં આ મંદિરનો જિર્ણોદ્ધાર થયો છે. આ સ્થળ અમરેલી શહેરથી ૨૭ કિ.મી.ના અંતરે આવેલું છે.



## પીપા ભગતનું પૌરાણીક મંદિર

પીપાવાવ ગામે ઝોલાપુરી નદી કાંઠે કોળી સમાજનાં સંત પીપા ભગતનું પૌરાણિક મંદિર આવેલું છે. અહિં રણછોડરાયનું મંદિર પણ ૬૦૦ વર્ષ પહેલાં પીપા ભગતે બંધાવ્યું હતું. દર વર્ષે ચૈત્રી પૂનમે અને ભાદરવી અમાસે ભરાતા મેળામાં શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. સંત પંરપરામાં પીપા ભગતનું નામ ખૂબજ આદરથી લેવાય છે.



## દાન ગીગેવ જગ્યા – ચલાલા

અમરેલીથી ૨૪ કિ.મી. દૂર ચલાલા ખાતે સંત શ્રી દાનબાપુએ ૨૦૦ વર્ષ પહેલા આ જગ્યાની સ્થાપના કરી હતી. શ્રી દાન મહારાજના શિષ્ય આપાગીગાએ સત્તાધારની જગ્યા સ્થાપી હતી .મંદિર પરીસરમાં શ્યામસુંદર ભગવાનનું મંદિર તેમજ પ્રસાદીની વસ્તુઓ પણ દર્શનાર્થે રખાયેલ છે. ચલાલા પંથકમાં આ મંદિર મહત્ત્વનું સ્થાન ધરાવે છે.



## આઇશ્રી ખોડીયાર મંદિર – ધારી

અમરેલીથી આશરે ૪૫ કિ.મી. દૂર ધારી ખોડિયાર ડેમ સાઇટમાં ગળધરાવાળી ખોડીયાર માતાજીનું મંદિર આવેલું છે. સૌરાષ્ટ્રના ખોડિયાર માતાજીના મુખ્ય ત્રણ મંદિરો પૈકીનું એક છે. ખોડીયાર ડેમની હેઠવાસમાં શેત્રુંજી નદીના કાંઠે માતાજીના મંદિરે રવિવારે અને મંગળવારે લોકો લાપસીની માનતા ધરવા પધારે છે.



## અંટાળિયા મહાદેવ

અમરેલી શહેરથી ૨૦ કિ.મી.દૂર લાઠી - લીલિયા વચ્ચે અંટાળીયા ગામ નજીક ગાગડિયો નદી કાંઠે આ મંદિર પણ ધાર્મિકોની આસ્થાનું કેન્દ્ર છે. આ મંદિરમાં ભોળા શિવની મૂર્તિ બિરાજમાન છે. આ વિસ્તાર કાળિયાર હરણનો વિસ્તાર હોય સહેલાણીઓને તેનો લાભ પણ મળે છે.



## ભુરખિયા હનુમાન

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં ભુરખિયા ગામે આવેલું આ મંદિર ચાર સૈકા જૂનું છે. લોકવાયકા અનુસાર કવિ પીગળશીભાઇ ગઢવીને મંદિરનો પરચો થયો હતો. અહિં હિન્દુ ધર્મની ચોર્યાસીનું અદકેરૂ મહત્ત્વ છે. દૂરદૂરથી ભાવિક ભકતો અહિં તેમની મનોકામના પૂર્ણ કરવા આવે છે. ચૈત્ર સુદ-૧૫ને દિવસે અહિં ભવ્ય-ભાતીગળ મેળો ભરાય છે.




## કલાપી તીર્થ – લાઠી

અમરેલીથી ૨૪ કિ.મી.ના અંતરે લાઠી ખાતે કવિ કલાપી તીર્થ આવેલું છે.રાજવી કવિ શ્રી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'ની સ્મૃતિઓની કૃતિઓ કલાપી તીર્થમાં જોઇ શકાય છે. 'સ્વાન્ત સુખાય' પ્રોજેક્ટ હેઠળ લોકભાગીદારીથી નિર્માણ પામેલ 'કલાપી તીર્થ'નું લોકાર્પણ પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે સંપન્ન થયું હતું.

# અરવલ્લી જિલ્લો






રા જ સ્થા ન
સા બ ર કાં ઠા
મ હી સા ગ ર
ખે ડા
ગાં ધી ન ગ ર
હિંમતનગર
મોડાસા
મેઘરજ
માલપુર
ધનસુરા
બાયડ
વીરપુર
લુણાવાડા

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: અરવલ્લી** |
| સ્થાપના | : તા. ૧-૮-૨૦૧૩ના રોજ નવરચના |
| વડુ મથક | : અરવલ્લી-મોડાસા |
| તાલુકાઓ | : મોડાસા, ભીલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને બાયડ |
| કુલ ગામો | : ૬૮૯ |
| વસતિ | : કુલ વસતિ - ૧૦,૫૧,૭૪૭, પુરષો-૫,૪૨,૧૩૮, સ્ત્રીઓ-૫,૦૯,૬૦૮ |
| જાતિ પ્રમાણ | : દર ૧૦૦૦ પુરુષે ૯૪૦ સ્રીઓ |
| મુખ્ય ખનીજ ઉદ્યોગો | : ગ્રીટ, કપચી, મેટલ, ચુનાનો પથ્થર, બોક્સાઈટ અને ગ્રેનાઈટ |
| પરંપરાગત ગૃહઉદ્યોગ | : ભરતગૂંથણ |
| જમીનનો પ્રકાર | : ગોરાડું, કાળી અને રેતાળ |
| કુલ ઉપજાઉ જમીન | : ૨૦૩૦૫૦ |
| આબોહવા | : જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થતો હોવાથી ગરમ આબોહવા રહે છે. |
| સરેરાશ વરસાદ | : ૪૧૬૦ મિ.મી. |
| નદીઓ | : મેશ્વો, માજુમ, વાત્રક |
| તળાવો | : ૪૬૧ (નાના-મોટા) |
| રાષ્ટ્રીય ધોરીમાર્ગ | : હિંમતનગરથી રાજસ્થાન નેશનલ હાઈવે ૫૩ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : ઝાંઝરી ધોધ |
| ઐતિહાસિક | : ભવનાથ મંદિર, ભૂલવણી મંદિર, ભિલોડા |
| ધાર્મિક | : વિષ્ણુમંદિર, શામળાજી, ભવનાથ મંદિર |
| રેલવે સેવાઓ- મધ્યમકદની | : ૧૬ કિ.મી. |
| રેલવે સ્ટેશન | : ૩ |
| રાજ્ય પરીવહન સેવાઓ | : હિંમતનગર વિભાગીય કચેરી દ્વારા ૬૮૯ ગામોને એસ.ટી. સેવાનો લાભ આપવામાં આવે છે. |
| હેડપોસ્ટ ઓફિસ | : ૦૧ |
| અન્ય શહેરી અને ગ્રામ્ય પોસ્ટ ઓફિસ | : ૬ તાલુકા મથક સહિત તમામ ગ્રામ્ય વિસ્તારમાં |
| મુખ્ય ખેતી પાકો | : ડાંગર, બાજરી, ઘઉં, તમાકુ, કેળા |
| રોકડીયા પાકો | : ફળ, ફૂલ, શાકભાજી |
| મુખ્ય ખનીજ | : સાદી રેતી, સાદી માટી, ગ્રીટ-કપચી |
| ઉદ્યોગો | : લઘુ : ૩૭૭, મોટા/મધ્યમ-૭૨, |
| ગૃહ ઉદ્યોગ | : પાપડ, ચર્મ ઉદ્યોગ, મરઘા ઉછેર, મત્સ્ય ઉદ્યોગ, બીડી ઉદ્યોગ, કેન્દ્ર અકીક, પતંગ ઉદ્યોગ |
| જિલ્લા રસ્તા | : રાષ્ટ્રીય માર્ગો- ૮૬, આંતરરાષ્ટ્રીય-સ્ટેટ - ૪૫૬, ગ્રામ્ય-૧૦૬૪, એમડીઆર - ૭૭૩, કુલ ૨૩૮૦ કિ.મી. |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૯૩૧ |
| બેંકિંગ સેવાઓ | : ૨૫૮ |
| પોલીસ સ્ટેશન | : ૬ |
| આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન | : ૪ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર | : ૭ |
| પશુપાલન પ્રવૃત્તિ | : ગાય, ભેંસ, બકરી, ઘેટાં, બળદ, ઘોડા, ઊંટ, ગધેડા. |



| | | |
|---|---|---|
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક શાળાઓ-૧૨૬૦, માધ્યમિક-૧૪૬૬ |
| ગ્રંથાલયો | : | ૪૪ |
| નગરપાલિકા | : | ૨ |
| ન્યાયાલય | : | ૬ |
| સહકારી મંડળીઓ | : | ૨૨૪ |

## અરવલ્લી જિલ્લાની ઓળખ

અરવલ્લીની ગિરિમાળાઓ સાબરકાંઠા અને અરવલ્લી ટેકરીઓના સ્વરૂપે છે. ઈતિહાસે કરવટ બદલી અને તા. ૧-૦૮-૨૦૧૩ના રોજ મોડાસા, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને બાયડ તાલુકાનો સમાવેશ કરી અરવલ્લી જિલ્લાનું પુનઃગઠન થતાં નવો અરૂણોદય થયો. અરવલ્લીની ગિરિમાળાઓ પરથી સાબરકાંઠામાંથી વિભાજિત થયેલ તાલુકાઓના ભાગને અરવલ્લી નામ આપી જિલ્લાની નવરચના કરવામાં આવી છે.

## ભૌગોલિક દ્રષ્ટિએ અરવલ્લી જિલ્લો

રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશવાના ધોરીમાર્ગ પર આવેલા અરવલ્લીની જિલ્લાની ભૂરચનાએ પણ આ પ્રદેશની પ્રજાના જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અરવલ્લીની ગિરિમાળાઓ તથા અનેક નદીઓથી ગૂંથાયેલો આ જિલ્લો રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશવાનો દરવાજો હોવાથી, તે પૂર્વકાળથી જ રાજકીય અને વેપારી મહત્ત્વ ધરાવે છે.

અરવલ્લી જિલ્લાની ઉત્તર અને પૂર્વ સરહદોને રાજસ્થાનની વિશાળ પટ્ટી સ્પર્શે છે. પશ્ચિમે સાબરકાંઠા જિલ્લો તથા દક્ષિણમાં ખેડા અને પંચમહાલ જિલ્લાઓની સરહદો સ્પર્શે છે. આ જિલ્લાની ઉત્તર અને પૂર્વ બાજુઓને અરવલ્લીની વિસ્તૃત ગિરિમાળાઓનું કુદરતી રક્ષણ મળી રહ્યું છે. આ ગિરિમાળાઓ વિપુલ પ્રમાણમાં ખનીજ સંપત્તિ પૂરી પાડે છે. મેઘરજ, ભિલોડા, વગેરે તાલુકાના વનવિસ્તારમાં વસવાટ કરી જીવન જીવતાં આ લોકો મજબૂત બાંધાના, ખડતલ, ખમીરવાળા છે. ભૌગોલિક પરિસ્થિતિની પ્રજાજીવન પર ખાસ અસર વર્તાય છે.

પર્વતોની હારમાળાઓમાંથી વહેતા સંખ્યાબંધ ઝરણાં વાત્રક, મેશ્વો અને માજૂમ વગેરે નદીઓએ અરવલ્લીની પ્રજાને પોષણ પૂરું પાડે છે.

## અરવલ્લીના પ્રવાસન સ્થળો

**શામળાજી :**

૧૫૦૦ વર્ષ પહેલાંના અવશેષો ધરાવતી એક ભવ્ય નગરી એટલે આજની તીર્થભૂમિ શામળાજી. કાળના પંજામાં લુપ્ત થયેલી નગરીમાં આજે ગદાધર ભગવાન વિષ્ણુની મૂર્તિ બિરાજે છે. તે શામળાજીનું મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું તેનો ઈતિહાસ ઉપલબ્ધ નથી, પરંતુ શામળાજીની આજુબાજુના વિસ્તારમાં સાંપડેલ અવશેષો ઉપરથી પુરાતત્વખાતાની દ્રષ્ટિએ ૧૫૦૦ વર્ષ પહેલાં અહીં નગરી અસ્તિત્વમાં હોવી જોઈએ.

પ્રખ્યાત જર્મન, પુરાતત્વવિદ ડૉ. બોઝ શામળાજીનાં કેટલાંક શિલ્પ છઠ્ઠી સદીના ગણે છે. અહીંથી છઠ્ઠી સદીની મળી આવેલી મૂર્તિઓ અને દેવની મોરી વિસ્તારમાં મળી આવેલા એકવીસ ઈંચની લંબાઈની ઈંટોના થરના થર પ્રાચીન સમયની ભવ્ય નગરી હોવાની વાતને સમર્થન આપે છે. વરાહમિહિરે પાંચમી સદીમાં માતૃપૂજા વિશે લખ્યું છે અને અમરકોષમાં સાત માતુકાઓના નામ આપ્યા છે. એન્દ્રી, વરાહી, મહેશ્વરી, કૌમરી વગેરે માતુકાઓની મૂર્તિઓ શામળાજીમાંથી મળી આવી છે. એક લોહી નીતરતું દાનવનું કાપેલું માથું હાથમાં લઈ ઊભેલા ચામુંડાની મૂર્તિ અહીંથી મળી આવેલ છે તે પણ પાંચમાં સૈકાની છે.

કળસી છોકરાની માના નામે ઓળખાતી મૂર્તિના અવશેષો મુંબઈ પાસે આવેલા એલિફન્ટાની ગુફાઓમાં શિવના ત્રિમૂર્તિના પ્રખ્યાત શિલ્પને મળતા આવે છે.

શામળાજી સાથે જોડાયેલ તીર્થ મેશ્વો અને પિંગળા નદીના સંગમ સ્થાન, નાગધરો, હિરચંદ્રનીમોરી, રણછોડરાયનું મંદિર, દેવની મોરી, કળશી માતાનું મંદિર મળી આવેલ પ્રાચીન બૌદ્ધ અવશેષો વગેરે ઉપરથી એક વાતની પુષ્ટિ થાય છે કે એક સમયનું અતિ પ્રાચીન અને પવિત્ર સ્થળ હશે.



સંવત ૧૭૨૮માં શામળાજી ઉપર આક્રમણ થયું. ઈડરના મહારાજા અને બીજા ઠાકોરોએ વીરતાથી સામનો કર્યો, શામળાજી મંદિરમાં લશ્કર પ્રવેશ્યું મૂર્તિઓ તોડવા માંડી, અંદર દાખલ થઈને ગરૂડજીનું નાક છૂંદયું એ સાથે ચમત્કાર સર્જાયો ગરુડજીના છેદાયેલા નાકમાંથી અસંખ્ય ભમરા પ્રગટ્યા અને લશ્કરના સૈનિકો ઉપર ભમરા તૂટી પડ્યા. તેમના અંગો ઉપર ચોંટીને ડંખ દેવા લાગ્યા. ડંખની પીડાથી સૈનિકો ચિત્કારી ઉઠ્યા ચીસ પાડીને જીવ બચાવવા મંદિરમાંથી ભાગ્યા.

સૈન્ય બળ વિહોણા આ રાજપૂતો અને ઠાકોરોએ તીર્થની મૂર્તિઓ પર્વતોની કંદરામાં છૂપાવી અને ભગવાન શામળિયાની મૂર્તિ કરાજવુજ તળાવમાં પધરાવી.

ત્યાર પછી સો-સવા સો વર્ષ પછી એ જ કરાજવુજ તળાવમાંથી એક આદિવાસી યુવાનને હળ ચલાવતા જે મૂર્તિ હાથ લાગી એ જ કાળિયો ઠાકર એ જ ભગવાન શામળાજી.

**મેશ્વો વાટિકા :** મેશ્વો ડેમના હેઠવાસમાં અને નાગધરાની બાજુમાં રાજ્ય સરકાર દ્વારા સુંદર મેશ્વો વાટિકા બનાવવામાં આવી છે. જેમાં હરવા -ફરવા ઉપરાંત બાળકોને રમવા સુંદર બાલ ક્રિડાંગણ તેમજ પાર્કિંગ વ્યવસ્થા પણ કરી છે. ટ્રેકિંગ માટે પર્વત ઉપર આવેલા મંદિર સુધી પગથિયાં પણ બનાવ્યાં છે.

**મેશ્વો ડેમ :** મેશ્વો ડેમમાં નૌકા વિહાર કરીને ડૂબમાં ગયેલ દેવની મોરી, મહારાજા ભોજના ટીંબાના દર્શન તેમજ આસપાસના નૈસર્ગિક સૌંદર્યના દર્શન કરીને યાત્રિકો આનંદ માણી શકે છે.

**નાગધરો :** મેશ્વો અને પિંગળા નદીનું સંગમસ્થાન નાગધરા તરીકે ઓળખાય છે. લોકવાયકા છે કે, જે માનવી કે અન્ય પ્રાણીઓના અસ્થિ  નાગધરામાં નાખવામાં આવે અને જેના નામથી શ્રાદ્ધ કરવામાં આવે તે દેહધારી જીવાત્માઓને ફરી જન્મ લેવો પડતો નથી અને મોક્ષગતિ પામે છે.

**હરિચંદ્રની ચૌરી :** દંતકથા પ્રમાણે અયોધ્યાના રાજા હરિચંદ્રે પુત્ર પ્રાપ્તિ માટે રાજસૂર્ય યજ્ઞ કરાવ્યો હતો. આ સ્થળ હરિચંદ્રની ચૌરી નામે ઓળખાય છે.

**મેશ્વો સરોવર :** મેશ્વો અને પિંગળાના સંગમ સ્થાને ભારત સરકારના જળ સિંચાઈ યોજના મુજબ જળાશય બાંધવામાં આવેલો છે. બે ડુંગરોની વચ્ચે લગભગ ૨૦૦ ફૂટ ઊંચો બંધ છે. આ સરોવર માટે ખોદકામ કરતાં બૌદ્ધકાલિન સ્તૂપ, વિહાર મહાક્ષત્રપ રૂદ્ર દામન રાજાની રૂપાની મુદ્રાઓ તથા તાંબાનું અસ્તિપાત્ર મળી આવ્યું હતું. જે હાલમાં વડોદરા મ્યુઝિયમમાં છે. આ સરોવરમાંથી મોટાભાગે ખેડા જિલ્લાને અને અમુક સાબરકાંઠા જિલ્લાને સિંચાઈ માટે પાણી અપાય છે.

**કાશીવિશ્વનાથ મહાદેવનું મંદિર :** ખાકચોકના ઉત્તર છેડે કાશી વિશ્વનાથ મહાદેવનું અતિ પુરાણું શિવાલય આવેલું છે. આ શિવાલયમાં બિરાજેલી સદાશિવની અલૌકિક અનુપમ મૂર્તિ એક મુખી શિવલિંગની સુંદર ત્રિનેત્ર પ્રતિમા છે, માથે જટા મુગટ છે. દેવળની અંદરની મૂર્તિ ગંગાઅવતરણનું દશ્ય છે. સ્વર્ગમાંથી ગંગાજીનું પૃથ્વી પર પધારવું અને શિવની જટામાંથી સરિતારૂપે વહેવું એ સુંદર દશ્ય અહીં નિહાળવામાં આવે છે. આ પ્રતિમા સાતમાં સૈકાની હોવાનું મનાય છે.

**જૂના ભવનાથ મંદિર :** આ સ્થળ ભિલોડા તાલુકાના મઉ ગામે આવેલું છે. ભિલોડા તાલુકા મથકથી આશરે ૯ કિ.મી. દૂર આવેલ છે. આ સ્થળ આશરે ૧૩૦૦ વર્ષ જૂનું હોવાનો આધાર શિલાલેખ પરથી મળે છે. ભવનાથનું નામ ભૃગુકુંડને લીધે જાણીતું છે. કુંડની માટીથી સ્નાન કરાવાથી કોઢનો રોગ મટે છે તેવું માનવામાં આવે છે. આ જગ્યાએ મહાદેવનું મંદિર તેમજ ભૃગુઋષિના પુત્ર ચ્યવન ઋષિનું મંદિર પણ આવેલું છે. આ સ્થળ હાથમતી નદીના ડેમના કિનારા ઉપર અને ડુંગરોની વચ્ચે રમણીય સ્થાનમાં આવેલું છે. શ્રાવણ માસના છેલ્લા સોમવારે તેમજ શિવરાત્રિના દિવસે મેળો ભરાય છે. આ મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ લોકો આવે છે.




**ઝાંઝરી :** સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ડાભા ગામથી ૪ કિ.મી.ના અંતરે ઝાંઝરીના નામે પ્રવાસન સ્થળ આવેલ છે. આ સ્થળ તાલુકા મથક બાયડથી ૧૬ કિ.મી. અને દહેગામથી ૩૫ કિ.મી. દૂર આવેલું છે. દહેગામ-બાયડ હાઈવે રસ્તાથી ૪ કિ.મી. દૂર આવેલું છે. ઝાંઝરીમાં (ડાભા) ગંગેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જે ઈ.સ. ૧૯૬૫ (સવંત ૨૦૨૨) માં બાંધવામાં આવેલું છે. આ ધાર્મિક સ્થળ તેમજ કુદરતી નૈસર્ગિક સૌંદર્યતા ધરાવતું સ્થળ છે. ઉપરવાસથી આવતો પાણીનો કુદરતી પ્રવાહ ધોધ સ્વરૂપે નીચે પડીને નયનરમ્ય દ્રશ્ય બનાવે છે. જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ગંગેશ્વર મહાદેવના દર્શનાર્થે તથા શાંત પ્રકૃતિ સ્થળ જાહેર જનતા માટે પીકનીકનું માનીતું સ્થળ બન્યું છે.

**'શ્યામલ વન' શામળાજી :** અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે ૨૦૦૯માં વનવિભાગ દ્વારા 'શામળાજી વન' બનાવવામાં આવ્યું છે. તે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર અમદાવાદથી આશરે ૧૨૭ કિ.મી. દૂર આવેલા છે. અહીં 'ભગવાન વિષ્ણુ'નું વિખ્યાત મંદિર આવેલું છે. દર વર્ષે લાખો લોકો આ સ્થળની મુલાકાતે આવે છે. કોપીસીંગ પ્રકારના વૃક્ષનું આવરણ ધરાવતાં બે ડુંગરોની વચ્ચે આવેલા આ સ્થળના શામળાજી મંદિરના દર્શને આવતાં મોટાભાગના લોકો અચૂક મુલાકાત લે છે.

કોતરણીવાળું મુખ્ય પ્રવેશદ્વાર, દશાવતાર વન, નક્ષત્ર વન, રાશિ વન, ધનવંતરી વન, દેવ વન, સ્મૃતિવન અને ગ્રામવાટિકા દ્વારા વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવેલું છે. તે ઉપરાંત ફૂવારો, લોન વિસ્તાર, બાળકો માટે રમતનું ક્રિડાંગણ વનકુટીર, ખેત, વનીકરણ નિદર્શન પ્લોટ, આધુનિક નર્સરી બામ્બુ સિટમ, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ટ્રી મ્યુઝિયમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જે લોકો માટે એક અનેરું આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.


**મોડાસાની મસ્જિદો અને મકબરાઓ :** મોડાસા મુસ્લિમ સમાજ ઈદ-એ-મિલાદ જે મોહમ્મદ પયગંબર (સલલ્લાહુ અલયહિવસલ્લમ)ના જન્મ દિવસને અનેરા ઉત્સાહથી ઉજવે છે. મોડાસામાં આ દિવસની ઉજવણીમાં થતું લાઈટ ડેકોરેશન ગુજરાતમાં અજોડ છે. ઉપરાંત રમજાન ઈદ, બકરી ઈદ અને મહોરમનો તહેવાર પણ ઉજવવામાં આવે છે. હજરત મોહમ્મદ (સલલ્લાહુ અલયહિવસલ્લમ)ના દોહિત્ર સૈયદના ઈમામહુસેન (રદીયલ્લાહુ અન્હુ)ની યાદમાં મોડાસા શહેરમાં બે તાજીયા બનાવવામાં આવે છે. તેમજ મોડાસામાં સૂફી સંતોની દરગાહ પણ આવેલી છે. (૧) જે દાતા ગંજબખ્શ લાહોરી જે સમગ્ર ભારતના સૂફી સંત છે. તેમના પૌત્ર હજરત મખદુમ લાહોરી રહ.(૨) હજરત મહંમદ યુસુફ કીનઆની રહ. (૩) હજરત મદનીસાહબ રહ (૪) હાજી ગડગડ શાહ રહ. હજીરા (૫) હજરત મ. ઐયુબ લાહોરી રહ. (૬) હજરત મક્કીશા બાવા રહ. (૭) હજરત રાણા સૈયદ રહ. (૮) હજરત જલાલખાં રાજુખાં રહ. (૯) હજરત બાલાપીર રહ. (૧૦) હજરત નવસેતખત રહ. (૧૧) હજરત જમાલશા કમાલશાહ રહ. (૧૨) હજરત કાદરશા રહ. વગેરે સૂફી સંતોની દરગાહ આવેલી છે. જેમનો ઉર્સ મેળો ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ ઉપરાંત મોડાસામાં નવસો નવ્વાણું સૂફી સંતની દરગાહો આવેલી છે. જેથી મોડાસા માટે કહેવાય છે કે પીર પટન અને સહીદાના મોડાસા આ યુક્તિ જાણીતી છે. સૂફી સંત હજરત મહંમદ યુસૂફ કીનાની રહ. મકબરા પાસે પ્રાચીન મોટામાં મોટુ હજરત નવસે શહીદ કબ્રસ્તાન પણ આવેલું છે. આ સાથે બીજું પ્રાચીન કબ્રસ્તાન હજરત મક્કી શાહ (હજીરા) તેમજ હજરત મખદુમ લાહોરી રહ. કબ્રસ્તાન તેમજ સૈયદોના કબ્રસ્તાન વગેરે નાના મોટા કબ્રસ્તાન પણ આવેલા છે.



# આણંદ જિલ્લો






અ મ દા વા દ
ખે ડા
વ ડો દ રા
ભ રૂ ચ
નડિયાદ
આણંદ
વડોદરા
ખંભાત
બોટાદ
પાદરા

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **આણંદ** |
| સ્થાપના નોટિફિકેશન | : | ૨-૧૦-૧૯૯૭ |
| સ્થાપના વર્ષ | : | ૧૯૯૭ |
| વડુ મથક | : | આણંદ |
| પૃથ્વી પર સ્થાન ભૌગોલિક | : | અક્ષાંશ-રેખાંશ ૨૨.૦૬ થી ૨૨.૪૩ ઉત્તર અક્ષાંશ ૭૨.૨૦ થી ૭૩.૭૨ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : | ૨૯૫૧.૧૦ |
| વસતી | : | સ્ત્રી, પુરુષ, બાળકો મળી કુલ ૨૦,૯૦,૨૭૬ |
| તાલુકા | : | ૮- આણંદ, બોરસદ, ખંભાત, પેટલાદ, સોજિત્રા, ઉમરેઠ, તારાપુર, આંકલાવ |
| ગામો | : | ૩૬૫ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી, પુરક વ્યવસાય : પશુપાલન |
| ખેતી પાકો | : | મુખ્ય પાક : ડાંગર, બાજરી, ઘઉં, તમાકુ, કેળા<br>રોકડિયા પાકો : ફળ, ફુલ,શાકભાજી, તેલીબિયાં : કપાસ, મગફળી |
| મુખ્ય ખનીજ | : | સાદી રેતી, સાદી માટી, ગ્રીટ-કપચી, ખનીજ તે ખંભાત |
| ઉદ્યોગો | : | લઘુ : ૩૭૭, મોટા/મધ્યમ - ૭૨, ગૃહ ઉદ્યોગ (પાપડ, ચર્મ ઉદ્યોગ, મરઘા ઉછેર, મત્સ્ય ઉદ્યોગ, બીડી ઉદ્યોગ, કેન્દ્ર અકીક, પતંગ ઉદ્યોગ) |
| જમીનનો પ્રકાર | : | ગોરાળું, કાળી, ભાઠાની જમીન ઉપજાઉ : ૨૯૫૬૯૦ હેક્ટર |
| આબોહવા | : | વિષમ |
| સરેરાશ વરસાદ | : | ૭૦૦ મી.મી. |
| નદીઓ | : | મહી, સાબરમતી, શેઢી |
| તળાવો | : | સરોવર-૧ |
| જિલ્લા રસ્તા | : | રાષ્ટ્રીય ૮૬, આંતરરાષ્ટ્રીય - સ્ટેટ - ૪૫૬, ગ્રામ્ય - ૧૦૬૪<br>એમડીઆર : ૭૭૩ કુલ ૨૩૮૦ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : | ઐતિહાસિક : ૧૨, ધાર્મિક : ૩૦ |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : | મુખ્ય પોસ્ટ : ૦૧, ટપાલ કચેરીઓ - ૨૨૦ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૩૯૭, અમુલ |
| બેંકીંગ સેવા | : | ૨૪૦, ખેતી બેન્ક - ૪૦, ગ્રામીણ બેન્ક - ૦૧ |
| પોલીસ સ્ટેશન | : | ૧૯, આઉટ પોસ્ટ - ૧૮ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર | : | ૮ |
| પશુપાલન પ્રવૃત્તિ | : | ગાય, ભેંસ, બકરી, ઘેટું, બળદ, ઘોડા, ઊંટ, ગધેડા |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રા. શાળા - ૧૨૮૪, મા., ઉ.મા. શાળા - ૨૯૭ |
| યુનિવર્સિટીઓ | : | ૦૩ |
| આરોગ્ય સેવાઓ | : | પીએચસી - ૪૬, સીએચવી - ૧૧, સિવિલ - ૧ |
| મહાન સપૂતો/વિભૂતિઓ | : | સરદાર વલ્લભભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, ડો. એચ.એમ. પટેલ, ડૉ. વિ. કુરિયન |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૦૭ |
| લોકસભાની બેઠકો | : | ૦૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૩૭ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૧૭૪ |
| ન્યાયાલયો | : | જિલ્લા ન્યાયાલય - ૧, તાલુકા કોર્ટ - ૦૬, ગ્રાહક સુરક્ષા કોર્ટ - ૧<br>મજૂર અદાલત - ૧, ફેમિલી કોર્ટ - ૧, બોર્ડ ઑફ નોમિનીઝ - ૧ |
| નગરપાલિકાઓ | : | ૧૧ |

| | | |
|---|---|---|
| સાક્ષરતાનો દર | : | પુરુષો - ૯૩.૨૩૨, સ્ત્રી - ૭૭.૭૬, કુલ ૮૫.૭૯ ટકા |
| જન્મ દર | : | ૧૯.૫ ટકા |
| મૃત્યુ દર | : | ૭ ટકા |
| બાળ આંગણવાડી | : | ૧૯૭૯ |
| પાંજરાપોળ/ગૌશાળા | : | ૨ (ખંભાત-પેટલાદ) |
| સખી મંડળો/મહિલા મંડળો | : | ૮૪૯૩ |
| દૈનિકો | : | ૦૫ |
| સાપ્તાહિકો | : | ૨૬ |

**આણંદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. ઈ.સ. ૧૯૪૬માં સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ સ્થપાયેલ 'અમૂલ ડેરી' એશિયાની મોટામાં મોટી ડેરી છે. 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ'નું મુખ્ય મથક અહીં છે.

**વલ્લભવિદ્યાનગર :** અહીં સરદારની દૃષ્ટિ અને શ્રી ભાઈલાલ પટેલની વ્યવસ્થાશક્તિના સુભગ પરિણામરૂપે ઊભું થયેલું વિદ્યાધામ છે. અહીં અનેક કોલેજો અને સંશોધનશાળાઓ છે.



**બોરસદ :** બોરસદમાં મહાકાળેશ્વરનું શિવાલય, ફૂલમાતા, બહુચરાજી, તોરણમાતા તથા નારાયણ દેવનાં મંદિરો છે.

**કરમસદ :** સરદાર પટેલનું વતન. હોસ્પિટલ અને મેડિકલ કૉલેજ છે.

**ખંભાત :** આ પૌરાણિક, ઐતિહાસિક નગર અગાઉ 'સ્તંભતીર્થ' તરીકે ઓળખાતું. અહીંની જુમ્મા મસ્જિદ ભવ્ય કોતરણીવાળી છે. ખંભાતથી ૫ કિ.મી. દૂર કાકાની કબર વહોરાઓનું મોટું યાત્રાધામ છે.

**લુણેજ :** ઈ.સ. ૧૯૫૮માં અહીંથી ખનીજ તેલ મળ્યું હતું. અહીં ગેસનો મોટો ભંડાર છે. આ ગેસ ધુવારણના તાપ વિદ્યુત મથકને પૂરો પાડવામાં આવે છે.

**વડતાલ :** સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલની ગાદીનું બહુ મહાત્મ્ય છે. મંદિરમાં આવેલી લક્ષ્મીનારાયણની ભવ્ય મૂર્તિની સ્થાપના ઈ.સ. ૧૮૨૪માં સહજાનંદ સ્વામીએ કરી હતી.



# બનાસકાંઠા જિલ્લો









રાજસ્થાન
ભારત
પાલનપુર
ડીસા
અમીરગઢ
દાંતીવાડા
થરાદ
ધાનેરા
દિયોદર
કાંકરેજ
વડગામ
દાંતા
ભાભર
વાવ
સાબરકાંઠા
મહેસાણા
પાટણ
સિદ્ધપુર
ઊંઝા
વડનગર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: બનાસકાંઠા** |
| સ્થાપના વર્ષ | : ૧૯૪૭ |
| વડુ મથક | : પાલનપુર |
| ભૌગોલિક સ્થાન | : ૨૩°-૩૩° થી ૨૪°-૪૫° ઉત્તર અક્ષાંશ અને ૭૧°-૦૩° થી ૭૩°-૦૨° પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : ૧૦,૭૫૭ ચો.કિ.મી. |
| વસતિ વર્ષ ૨૦૧૧ મુજબ | : ૩૧,૧૬,૦૪૫ |
| તાલુકા | : ૧૪ |
| ગામો | : ૧૨૪૯ |
| શહેરો | : ૧૨ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી અને પશુપાલન |
| ખેતી પાકો | : બાજરી, કપાસ, દિવેલા, મગફળી, બટાટા, ઘઉં |
| મુખ્ય ખનીજ | : માર્બલ |
| લઘુ ઉદ્યોગો | : હેન્ડલુમની બનાવટો, ભરત ગૂંથણ, હીરાઉદ્યોગ. |
| જમીનનો પ્રકાર | : ગોરાડુ અને રેતાળ જમીન |
| આબોહવા | : મધ્યમ |
| સરેરાશ વરસાદ | : ૬૨૫ થી ૮૭૫ મી.મી. |
| ભૌગોલિક વિસ્તાર | : ૧૦,૪૪,૮૪૧ હેકટર |
| નદીઓ | : બનાસ, સીપુ, સરસ્વતી, અર્જુની, ઉમરદશી |
| જળાશયો | : દાંતીવાડા, સીપુ, મુકતેશ્વર |
| જિલ્લા બાગાયત વિસ્તાર | : ૨,૦૦,૩૨૮ હેકટર |
| મુખ્ય બાગાયતી પાકો | : દાડમ, પપૈયા, કેરી, ખારેક |
| પાકોનો વાવેતર વિસ્તાર | : ૯૨,૩૩૩ હેકટર |
| જિલ્લાના રસ્તા | : માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૧૫ કિ.મી., રાજ્ય ધોરીમાર્ગ-૭૧૭.૨૪૭ કિ.મી. અન્ય માર્ગ - ૧૨૯૩.૨૧ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : રીંછ અભયારણ્ય જાસોર હિલ, તા. અમીરગઢ, પિકનિક પોઈન્ટ બાલારામ, દાંતીવાડા કૃષિ, યુનિવર્સિટી, રણ વિસ્તાર, નડાબેટ સીમાદર્શન. |
| ધાર્મિક સ્થળો | : પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી, ૫૧ શક્તિપીઠના મંદિરો, ગબ્બર પર્વત, કોટેશ્વર, કુંભારીયા જૈન દેરાસર અંબાજી, પાતાળેશ્વર મંદિર, મણિભદ્રવીરનું મંદિર મગરવાડા, શ્રી અમીઝરા પાર્શ્વનાથ જૈન તીર્થ મંદિર ડુવા તા. થરાદ, ભીલડીયાજી જૈન મંદિર - ભીલડી, ધરણીધર ભગવાનનું મંદિર - ઢીમા, તા. વાવ, ગંગેશ્વર મહાદેવ મંદિર હાથીદરા, તા. પાલનપુર, જૈન તીર્થ મંદિર રામસણ - તા. ડીસા, જૈન તીર્થસ્થાન ઋણી તા. કાંકરેજ, કપિલેશ્વર મહાદેવ તા. વાવ, કટાવધામ તા. વાવ, મુકતેશ્વર મંદિર તા. વડગામ, પ્રાચીન મૂળેશ્વર મહાદેવ પાડણ, તા. વાવ, નડેશ્વરી માતાજીનું મંદિર નડાબેટ, તા. સુઈગામ, શ્રી ઓઘડનાથજી (દેવ દરબાર) તા. કાંકરેજ, શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ જૈન દેરાસર, પાલનપુર, ગોગ મહારાજનું મંદિર સેંભર, તા. વડગામ, સિદ્ધામ્બિકા માતાજીનું મંદિર, જુના ડીસા. |
| રાજ્ય પરિવહન સેવા | : મોટાભાગના ગામોમાં એસ.ટી. બસ સુવિધા |
| પોસ્ટ સેવા | : હેડ પોસ્ટ ઓફિસ-૧, સબ પોસ્ટ ઓફિસ-૩૨, બ્રાન્ચ ઓફિસ-૩૭૪ |
| દૂધ-ઉત્પાદક મંડળીઓ | : ૧૨૭૧ |

| | | |
|---|---|---|
| ખેતીવાડી ઉત્પન્ન | | |
| બજાર સમિતિઓ | : | માર્કેટ યાર્ડ- ૧૪, સબ માર્કેટ યાર્ડ-૪ |
| ગ્રંથાલયો-વાંચનાલયો | : | ૨૭૨ |
| પશુધન | : | (૧૯મી પશુધનની ગણતરીએ) ગાય-૯,૫૪,૯૨૮ , ભેંસ-૧૧,૭૧,૮૩૨, ગધેડા-૧૪૯૧, ઊંટ-૪૨૧૯, ઘેટાં-૧,૧૫,૭૯૭, બકરાં-૨,૯૫,૫૪૬, ઘોડા અને ટટ્ટુ-૧૦૧૯, કુલ પશુધન-૨૫,૪૪,૮૩૬ સસલાં-૪૦૮, કુતરા-૩૭,૧૫૦, પોલ્ટ્રી-૨,૭૫,૦૯૩ |
| આરોગ્ય સેવાઓ | : | સિવિલ હોસ્પિટલ, પાલનપુર, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, ડીસા અને થરાદ, સામુહિક આરોગ્ય કેન્દ્રો - ૨૫, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-૧૦૭, સબ સેન્ટરો-૭૪૫, બ્લોક હેલ્થ ઓફિસો-૧૪ |
| સિંચાઇ સેવાઓ | : | મોટી અને મધ્યમ કક્ષાની દાંતીવાડા, સીપુ, મુકતેશ્વર અને હડમતિયા નાની સિંચાઈ યોજનાઓ-૩૯ |
| લોકસભાની બેઠકો | : | ૦૧ |
| ગુજ. વિધાનસભાની બેઠકો | : | ૦૯ : ૭-વાવ, ૮-થરાદ, ૯-ધાનેરા, ૧૦-દાંતા(અ.જ.જા.), ૧૧-વડગામ (અ.જા.), ૧૨-પાલનપુર, ૧૩-ડીસા, ૧૪-દિયોદર, ૧૫-કાંકરેજ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૬૬ |
| દૈનિકો | : | ૧૬ |
| સાપ્તાહિકો | : | ૮૩ |
| સ્થાનિક ચેનલો | : | ૦૯ |

હજારો વર્ષ પહેલાં અહીં દરિયો હતો. આ જિલ્લામાં ઘણા સ્થળોએ આવેલા પ્રાચીન અવશેષો એ બાબતની ગવાહી આપે છે કે હજારો વર્ષ પહેલાં પણ આ પ્રદેશમાં માનવજીવન ધબકતું હતું. એકવાર આ આખો પ્રદેશ આનર્તના નામે પણ ઓળખાતો હતો.

પૃથ્વી ઉપર સામ્રાજયો અને શાસન વ્યવસ્થાનો આવિષ્કાર થયો ત્યારથી કૃત્રિમ સીમારેખાની લીટીઓ અંકાતી ગઇ. બનાસકાંઠા જિલ્લાનું વર્તમાન સ્વરૂપ અમલમાં આવ્યા પૂર્વે આ વિભાગ જુદા જુદા નામોની સાથે સંકળાયેલો હતો. એના પરિવર્તનનો એક ઇતિહાસ છે. શાસકે શાસકે... કૃત્રિમ સીમાઓ અને વિવિધ નામકરણ થતા ગયા અને એ લાંબા ઇતિહાસમાંથી બનાસકાંઠા જિલ્લાનો ઉદ્‌ભવ થયો.

અંબાજી, આબુ, ચંદ્રાવતી વગેરે સ્થળો ખૂબ પ્રાચીન સમયથી પ્રસિધ્ધ છે. થરાદનો જન્મકાળ સવંત ૧૦૧નો છે. આ બધો પ્રદેશ રાજપૂતાના તરીકે ઓળખાતો હતો. સોલંકી કાળમાં બનાસકાંઠાનો પ્રદેશ સોલંકીઓના હાથમાં હતો. પૃથ્વીરાજ ચૌહાણના પતન સાથે દિલ્હીથી ચૌહાણો થરાદમાં આવીને વસ્યા અને સિધ્ધરાજ જયસિંહે તેમને એ પ્રદેશ આપ્યો. ચૌહાણોએ પાછળથી વાવ પરગણું વસાવ્યું. દેવાજીએ દિયોદર વસાવ્યું. વારાહીમાં પહેલા વાઘેલા રાજ કરતા હતા. સાંતલપુર તાલુકામાં નાનાં રાજયો હતાં અને તેમાં રાજપૂતો રાજ કરતા હતા. મુસ્લિમોના સમગ્ર સમય દરમિયાન બનાસકાંઠાના રજવાડા આપસમાં લડતાં હતાં. તેમાં સત્તા પરિવર્તન થતું રહેતું. એ સમયે પાલનપુર, રાધનપુર, વારાહી વગેરે જગ્યાએ મુસ્લિમ શાસકો હતા. તો દાંતા, કાંકરેજ, દિયોદર, થરાદ અને વાવમાં રાજપૂતવંશો રાજ કરતા હતાં.



બનાસકાંઠા જિલ્લાના ઉદ્‌ભવ પહેલાં આ પ્રદેશ નાનાં રજવાડાઓમાં વહેંચાયેલો હતો. રાધનપુર વિભાગ વઢિયાર નામે આળખાતો હતો. વારાહી અને સાંતલપૂરનો વિભાગ જતોડા નામે ઓળખાતો. ડીસા કાંપ કહેવાતું, અને દિયોદર વિભાગને હિંદવાણી, હિંદવી કે રાજપુતાનાનો દેશ કહેવાતો. કાંકરેજને કાંકરેજી કહેવાતું. ધાનેરા અને પાલનપુરનો અમુક વિસ્તાર મારવાડની સાથે વધુ સંકળાયેલો હતો.



ઇ.સ.૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં રાજયો, જિલ્લા અને તાલુકાઓ પ્રમાણે ઘણા મોટા ફેરફારો થયા અને તે સમયે એટલે કે સને ૧૯૪૭માં બનાસકાંઠા જિલ્લાનો ઉદભવ થયો. અગાઉ બનાસકાંઠા જિલ્લામાં ૧૧ તાલુકાઓ હતાં. તે પૈકી રાધનપુર અને સાંતલપુર બે તાલુકાઓનો સમાવેશ નવિન રચાયેલ પાટણ જિલ્લામાં થયેલો છે.બનાસકાંઠા જિલ્લામાં તાલુકાઓનું વિભાજન થતાં હાલમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ-૧૨+૨ = ૧૪ તાલુકાઓ અને ૧૨૫૦ ગામડાંઓ છે. તાલુકાઓની વિગત નીચે પ્રમાણે છે.

(૧) પાલનપુર, (૨) ડીસા, (૩) દાંતીવાડા, (૪) ધાનેરા, (૫) થરાદ, (૬) કાંકરેજ, (૭) દિયોદર, (૮) દાંતા, (૯) અમીરગઢ, (૧૦) વડગામ, (૧૧) ભાભર, (૧૨) વાવ, (૧૩) સૂઇગામ, (૧૪) લાખણી

બનાસકાંઠા જિલ્લાનું મુખ્યમથક પાલનપુર છે. બનાસકાંઠા જિલ્લો બનાસ નદીના કાંઠા ઉપરના આસપાસમાં વસેલા પ્રદેશનો બનેલો છે. ઉત્તરે અરવલ્લીના પહાડો અને જંગલો છે. પશ્ચિમે નાનુ રણ આવેલું છે. આ જિલ્લાની વધુમાં વધુ લંબાઇ પૂર્વ-પશ્ચિમ ૨૦૦ કિ.મી. અને પહોળાઇ ઉત્તર દક્ષિણ ૧૨૨ કિ.મી. છે.

### જિલ્લાના પુરાણા ઇતિહાસની રૂપરેખા :

બનાસકાંઠામાં વિશાળ સામ્રાજયો ન હતાં પરંતુ તેમ છતાંયે સાતમા સૈકામાં ગુર્જર દેશની ભવ્ય રાજધાની પંચાસરનગરી બનાસકાંઠામાં પ્રવર્તમાન હતી. પંચાસરના પતન સાથે ગુર્જર દેશની રાજધાની અણહિલવાડ પાટણમાં ખસેડાઇ ત્યારે બનાસકાંઠામાં કેટલાંક રાજયો અસ્તિત્વમાં આવ્યાં. ચંદ્રાવતીનું રાજય પણ વિશાળ કહી શકાય તેવું હતું. કેટલાંક રાજયો નાનાં હતાં તો કેટલાંક રાજયો મોટા પણ હતાં. કેટલાંક રાજયો પાટણ શાસકના તાબામાં હતાં તો કેટલાંક સ્વતંત્ર હતાં. મુસ્લિમોના સમયમાં કેટલાંક રાજયો અમદાવાદના તાબામાં પણ આવ્યા અને પછી મરાઠાના સમયમાં એમના તાબામાં આવ્યા. અંગ્રજોના સમયમાં બનાસકાંઠા જિલ્લાનાં રજવાડા પાલનપુર એજન્સીની નીચે મૂકાયા.

ગુર્જર અસ્મિતાને પહેલો વ્યાપક અર્થ પ્રાપ્ત થયો એ જયશિખરી ચાવડાનો પુત્ર વનરાજ આ બનાસની ધરતી પર રમ્યા, ઉછર્યા... હતા.. દાંતાના પહાડો વચ્ચે તરસંગની પ્રાચીન રાજધાનીના અવશેષો હજુ સચવાયેલા પડ્યા છે. આખા ગુજરાતમાં નાગ દેવતાને લઇને ફરનાર જાદુના ખેલો કરનાર લાલવાદી અને ફુલવાદીના કુળદેવતા એવો ભુજીયો નાગ આ તરસંગન તે વાઘેલા વંશનો એક આખો ભાગ ભીલડિયા કહેવાયો એ ભીલડી આ જિલ્લામાં જ આવેલું છે. જયાં પવિત્ર જૈનતીર્થ છે. ભગવાન શ્રીકૃષ્ણ અહીથી પસાર થયા એવી કિવદન્તીઓ વચ્ચે બેઠેલું ઢીમા તીર્થ,... મૂળરાજ સોલંકીએ વસાવેલું પાડણનું મૂળેશ્વર મહાદેવ પાંડવોને નામે ઓળખાતા એવા આલુવાસ અને ગંગેશ્વર મંદિર પણ આ જિલ્લામાં છે. પ્રાચીન ચંદ્રાવતીના શિલ્પોના વેરણછેરણ ટૂકડા આ પ્રદેશની ભવ્યતા વ્યકત કરે છે.

### ડીસા વિશે :

પ્રાચીન સમયમાં સિધ્ધામ્બિકા માતાની નિશ્રામાં એક ગામ હતું તેને દેવીગામ કહેવાતું. આ દેવીગામ કાળક્રમે અપભ્રંશ થઇને ડીસા બન્યું. ઇ.સ. ૧૮૨૧ ની આસપાસ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને એમ લાગ્યુ કે રાજપૂતાના, કચ્છ અને ગુજરાતને જોડતા માર્ગ ઉપર એક લશ્કરી છાવણી હોવી જોઇએ. જગ્યાની તપાસ કરતાં બનાસ નદીની





પાસે લીલાછમ્મ જંગલો વચ્ચેની આ જગ્યા પસંદ પડી. આસપાસના વિસ્તારમાં ઘનઘોર ઝાડી હતી તેને કાપી નાખવામાં આવી અને જૂના ડીસાથી ૩.૫ માઇલ દૂર નૈઋત્ય ખૂણામાં આવેલી આ હરિયાળી જગ્યામાં અંગ્રેજ છાવણી સ્થાપવામાં આવી જે પહેલાં કેમ્પ નામે ને પછી ડીસાના નામે પ્રસિદ્ધ થયું. તત્કાલીન સમયમાં ડીસાના લશ્કરને ડીસા ફિલ્ડ બ્રિગ્રેડ કહેતા હતા કારણ કે આ ફોજને કચ્છ અને આબુ વચ્ચેના લુટારાના સરદારો અને પારકર તરફથી આવતા ખોસા અને ઉત્તર ગુજરાતના તથા વાડગમાંથી આવતા ધાડાંને ઝેર કરવા હમેશાં ખડેપગે તૈયાર રહેવું પડતું.

## સિધ્ધરાજ જયસિંહનું જન્મસ્થળ પાલનપુર :

પાલનપુર જિલ્લાનું મુખ્યમથક છે. આ શહેર અત્તરની બનાવટ માટે દેશભરમાં જાણીતુ છે. સુગંધીનગરી તરીકે પ્રસિધ્ધ પાલનપુર શહેરની મધ્યમાં આવેલો કીર્તિસ્થંભ શહેરનું સોહામણુ આભૂષણ છે. કીર્તિસ્થંભની પાસે જ પાતાળેશ્વર મહાદેવનું મંદિર છે. આ મંદિરનો પુરાણો ઈતિહાસ ભવ્યાતિભવ્ય છે.

આશરે ૮૬૨ વરસ પહેલાં ઈ.સ. ૧૧૫૧, વિક્રમ સંવત ૧૨૦૮ના અરસામાં આ જગ્યાએ ઘોર જંગલ હતું. તેમાં એક તપસ્વી સાધુ મહાત્માનો આશ્રમ હતો. મહારાજા કરણસિંહને પ્રથમ રાણી મીનળદેવીથી વર્ષો સુધી સંતાન ન થતાં તેમણે બીજુ લગ્ન કર્યુ હતું. પરંતુ દૈવવસાત્ તેમના બીજા લગ્ન પછી પ્રથમ પત્ની મીનળદેવી સગર્ભા બન્યાં. દરમિયાન બીજી રાણીને આ બાબતે દ્વેષભાવ થતાં તેમણે કોઈ સિધ્ધ તાંત્રિકનો સંપર્ક કરીને, મીનળદેવીના ગર્ભનું બંધન કરાવ્યું અને તેથી કહેવાય છે કે, મહારાણી મીનળદેવીને અઢાર માસ સુધી પ્રસવ ન થતાં મીનળદેવીએ નિર્ધાર કર્યો કે, હવે કાશી જઈને ત્યાં પ્રાણ છોડવો કે જેથી આત્માની મુકિત થાય. આ હેતુથી તેઓએ સોમનાથની યાત્રા કર્યા પછી કાશી જવાના પ્રવાસે નીકળ્યા. તેમની સાથે મહારાજાના મંત્રી સહિતનો રસાલો હતો. આ રસાલાનો પ્રવાસ માર્ગ માઉન્ટ આબુ થઈને જવાનો હોવાથી તેમણે આ સ્થળે પડાવ નાંખી રાત્રિ રોકાણ કર્યુ. તેમના રાતવાસા દરમિયાન આ સ્થળે આશ્રમમાં રહેતા તપસ્વી સાધુને મહાદેવજીએ સ્વપ્નામાં પ્રેરણા આપી કે તેમણે મહારાણીનો સંપર્ક કરવો અને તેમની હકીકત સાંભળીને માર્ગદર્શન આપવું. એ સાધુ મહાત્માએ બીજે દિવસે મહારાણી તથા મંત્રીનો સંપર્ક કર્યો અને તેમના પ્રવાસનું પ્રયોજન જાણ્યું. ત્યારબાદ એ સાધુ મહાત્માએ મહાદેવજીનું ધ્યાન ધરી જાણ્યું કે કોઈ તાંત્રિકે તંત્રવિદ્યાથી ગર્ભબંધન કરેલ છે એટલે મહારાણીને પ્રસવ થતો નથી. તેમણે મહારાણી તથા મંત્રીને કહ્યું કે, તમો મહારાજા કરણસિંહને સમાચાર મોકલો કે મીનળદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો છે અને તમે ચોક્કસ વિશ્વાસ રાખો કે મહારાણીને પુત્ર અવતરશે જ.



મીનળદેવી ખૂબ જ શ્રધ્ધાળુ હોઈ તેમણે મંત્રીને આ



સાધુ મહારાજાના સૂચનનો અમલ કરવા આદેશ કર્યો. તેથી મંત્રીએ તરત જ મહારાજા કરણસિંહને સમાચાર મોકલ્યા કે અહીં મીનળદેવીને પુત્રરત્નનો જન્મ થયો છે.  આ સમાચાર પાટણ પહોંચતાં જ પુત્રજન્મનો મહાઉત્સવ ઉજવાયો.

હવે આ બાબતની જાણ નવી રાણીને થતાં તેમણે પેલા તાંત્રિકને બોલાવી ઘટનાનો ખુલાસો માંગ્યો. તાંત્રિકે જણાવ્યું કે, આ તદ્દન અશકય છે. પ્રસવ થઇ શકે નહિ, છતાં રાણીએ તેની વાત ન માનતા તાંત્રિકે પોતે કઇ રીતે ગર્ભબંધન કર્યુ છે તે બતાવવા પોતાની સાથે રાણીને નગર બહાર જંગલમાં સાથે આવવા સૂચવતા રાણી અને તાંત્રિક છૂપા વેશે જંગલમાં ગયા. ત્યાં જે સ્થળે તાંત્રિકે ઊંડો ખાડો ખોદીને તાંબાનો ઘડો દાટ્યો હતો તે કાઢીને બતાવ્યો  અને કહ્યુ કે, આમાં જલભરીને તંત્રવિદ્યાથી એક દેડકાને પુરેલો છે. એ દેડકો જયાં સુધી જીવે ત્યાં સુધી ગર્ભ પણ જીવીત રહેશે અને એ દેડકો જયારે મરી જાય ત્યારે ગર્ભ પણ મરી જાય. જો દેડકો બહાર નીકળી જાય તો મીનળદેવીને પ્રસવ થાય. તાંત્રિકે કહ્યું ઘડો હજુ બંધ છે. એટલે મીનળદેવીને પ્રસવ થયાની વાત ખોટી છે. પરંતુ રાણીએ ઘડો ખોલાવીને દેડકો જોવાનો આગ્રહ રાખતાં તાંત્રિકે ઘડા પરનું ઢાંકણ ખોલતાની સાથે જ દેડકો કૂદકો મારીને બહાર નીકળ્યો અને તે જ ક્ષણ અહીં આ સ્થળે(પાતાળેશ્વર મંદિર, પાલનપુર) મીનળદેવીને પ્રસવ થયો અને તેમણે પુત્રરત્નને જન્મ આપ્યો. જે આપણા ગુજરાતના એક સમયના રાજાધિરાજ સિધ્ધરાજ જયસિંહ તરીકે પ્રસિધ્ધ થયા.

મહારાણીએ આ સ્થળે એક વાવ ખોદાવવાનું  નક્કી કર્યુ અને તે પ્રમાણે ખોદકામ કરાવતાં અંદરથી એક શિવલીંગ પ્રગટ થયું. જેની હાલ પાતાળેશ્વર મહાદેવ તરીકે પૂજા થાય છે. પાલનપુર શહેરની મધ્યમાં કીર્તિસ્થંભ પાસે આવેલા પાતાળેશ્વર મહાદેવ મંદિરનો ઇતિહાસ આ રીતે ભવ્ય છે. આ મંદિરમાં બારેમાસ શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે.



## બનાસી-વસુંધરાના કવિઓની સંક્ષિપ્ત ઝાંખી :

### રાજા પ્રહલાદન

પાલનપુર નગરના સ્થાપક આ રાજવી સંસ્કૃતના કવિ અને નાટ્યકાર હતા. પાલનપુરમાં હનુમાન શેરી પાસે આવેલા મોટા જૈન દેરાસરમાં તેમની પ્રતિમા સ્થાપિત છે. પ્રખર શબ્દના સાધક એવા આ રાજવીની શબ્દ તપસ્યાના પુણ્ય પ્રતાપે જ કદાચ પાલનપુરની ધરતીમાંથી સાહિત્યરૂપી અનેક સરિતાઓ આજે પણ વહી રહી છે.

### કવિ શૂન્ય પાલનપુરી

ગઝલ સર્જક શ્રી મુસાફીર પાલનપુરી વ્યવસાયે શિક્ષક છે. તેમનું મૂળ નામ અમીર મહંમદ દિન મહંમદ સિંધી છે. કવિ શૂન્ય, સૈફ અને ઓજસના ગઝલ વારસાને તેમણે ધબકતો રાખ્યો છે.

બનાસની ધરતીમાં સાહિત્યકારો, કવિઓ, શાયરોએ શબ્દસાધના વડે લાખો કરોડો લોકોના દિલમાં  સ્થાન મેળવ્યું છે. આ જિલ્લામાં આજે પણ કવિઓ અને શાયરો ખૂબ સરસ રચનાઓ કરીને પ્રસિધ્ધ થયા છે. એવા નામોનો બહુ જ સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરીએ તો... કવિ લાલમિયાં સૈયદ, કવિ સુરજમલભાઇ ઝવેરી કેમે કરીને ભુલાય તેમ નથી. ખોડાલીમડાની શીતળ છાયામાં રમીને પોતાનું નામ ગુંજતું કરનાર ચન્દ્રકાન્ત બક્ષીને કોણ નથી ઓળખતું...? હીરા ઉદ્યોગમાં  બનાસવાસીઓએ સમગ્ર વિશ્વમાં અગ્રહરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. અમદાવાદની રતનપોળમાં બનાસકાંઠાના સંખ્યાબંધ વેપારીઓ છે. જેમાં વાવ, થરાદ તાલુકાના ઘણાં છે. ટોરેન્ટના શ્રી ઉત્તમભાઇ  મહેતાએ ઘણા દેશો સુધી પોતાના સામ્રાજયનો વિસ્તાર કર્યો છે. ગૌતમભાઇ અદાણી બનાસકાંઠાનું ગૌરવ છે. હીરા ઉદ્યોગમાં મુંબઇમાં બી.અરૂણ આજે પણ મોટું નામ છે. ભરતભાઇ શાહ ફિલ્મ ઉદ્યોગને ફાયનાન્સ કરે છે.

બનાસકાંઠા જિલ્લાએ દેશને સારા ઝવેરીઓ અને હીરા ઉદ્યોગના મોટા વેપારીઓ આપ્યા છે. બનાસ,

સીપુ અને સરસ્વતી નદીઓની જેમ આ જિલ્લામાં સેવા માટે દાનગંગા પણ વહે છે. ભણસાળી ટ્રસ્ટના શ્રી મહેશભાઇ ભણશાળી, શ્રી અશોકભાઇ ભણશાળી અને પેથાણી પરિવારના શ્રી સુરેશભાઇ પેથાણી જેવા સેવાના ભેખધારી સજ્જનો અને દાનવીરો જિલ્લાનું ગૌરવ છે. આ જિલ્લાની કાંકરેજી ગાય અને બળદ તથા અહીંનું ભરતકામ દેશ વિદેશમાં પ્રસિધ્ધ છે.

## બનાસકાંઠા જિલ્લાના જોવાલાયક સ્થળો :

### જગપ્રસિધ્ધ શકિતપીઠ અંબાજી મંદિર :



કરોડો માઇભકતોની આસ્થાના કેન્દ્ર સમાન પ્રસિધ્ધ તીર્થસ્થાન અંબાજી આ જિલ્લામાં આવેલું છે. અરવલ્લીના ડુંગરાઓમાં પ્રકૃતિના સૌંદર્યમાં બિરાજતા આદ્યશકિત મા અંબાનું સ્થાનક અંબાજી બહુ પ્રાચીન સમયથી હોવાનું મનાય છે. અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહી, પરંતુ વીસાયંત્રની પૂજા થાય છે. દેશ, વિદેશના શકિતપીઠોમાં અંબાજી મંદિર હ્રદયસમાન છે. દેવી સતીના હ્રદયનો ભાગ અંબાજીમાં પડ્યો હોવાનું અને માતાજી પ્રગટ થયાનો પુરાણોમાં ઉલ્લેખ છે. સીતાજીને શોધતા ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ પણ અર્બુદાચલના જંગલોમાં શૃંગી ઋષિના આશ્રમમાં પહોંચ્યા ત્યારે ઋષિએ તેઓને માતાજીના દર્શનાર્થે ગબ્બર પર્વત પરના સ્થાનકે મોકલ્યા હતા. ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજીએ ભકિતભાવપૂર્વક માતાજીની પૂજા, અર્ચના કરી ત્યારે માતાજીએ પ્રસન્ન થઇને રાવણનો નાશ કરવા ભગવાન રામને અજયબાણ આપ્યું હતું અને એ જ બાણથી રાવણનો વધ થયો હોવાનું મનાય છે.

ભગવાન શ્રીકૃષ્ણનું ચૌલકર્મ પણ અંબાજી મુકામે થયાનો પુરાણોમાં ઉલ્લેખ છે. વનવાસ દરમિયાન પાંડવોએ પણ અંબાજી વિસ્તારમાં તપ કર્યાનું મનાય છે. અંબાજી તીર્થસ્થાન પ્રાચીન સમયથી હોવાનું જણાય છે. માતાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન અંબાજીથી પશ્ચિમ દિશામાં ત્રણ કિ.મી.ના અંતરે આવેલ ગબ્બર પર્વત ઉપર મનાય છે. અંબાજી મુકામે હાલ માતાજીનું જૂનું મંદિર છે તે બારસો વર્ષ પુરાણુ છે. વરસે ૧.૨૫ કરોડથી વધુ યાત્રિકો માતાજીના દર્શનાર્થે આવે છે. દર વરસે ભાદરવા મહિનામાં સુદ આઠમથી પૂનમ સુધી અહી ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. જેમાં પદયાત્રા દ્વારા ચાલતા અંબાજી જવાનો મહિમા હોવાથી માઇભકતો દૂર દૂરથી ચાલતા અંબાજી જાય છે. મેળા પ્રસંગે ૨૫ લાખથી વધુ યાત્રિકો દર્શનાર્થે આવે છે. યાત્રિકોને સરળતાથી દર્શન થાય તે માટે તથા રહેવા, જમવા માટે અંબાજી મુકામે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે. અંબાજી જવા સારા રસ્તાઓ તથા એસ.ટી.બસો અને અન્ય વાહનોની સગવડ છે. નજીકનું રેલવે સ્ટેશન આબુરોડ ૨૦ કિ.મી. અને પાલનપુર ૬૦ કિ.મી. છે. અંબાજી મુકામે અન્ય જોવાલાયક સારા સ્થળો પણ છે.

અંબાજી મુકામે ગબ્બર પર્વત, કુંભારિયા જૈન દેરાસર, પ્રાચીન તપોભૂમિ કોટેશ્વર, કૈલાસ ટેકરી, માંગલ્યવન, માન સરોવર, કામાક્ષી મંદિર જેવા પવિત્ર સ્થાનો જોવાલાયક છે.

### કુંભારિયા જૈન દેરાસર, અંબાજી :



અંબાજીથી બે ત્રણ કિ.મી.ના અંતરે આવેલ કુંભારિયા જૈન દેરાસરમાં ભગવાન નેમિનાથ, ભગવાન મહાવીર સ્વામી, ભગવાન પાર્શ્વનાથ, ભગવાન શાંતિનાથ અને ભગવાન સંભવનાથના પાંચ દેરાસરોના સમૂહ ધરાવતા મંદિર છે. આ માટે એવી દંતકથા છે કે ભીમદેવ સોલંકીના સમયમાં ચંદ્રાવતીના દંડનાયક જૈન વણિક વિમળશાએ વિજય અને સફળતા મેળવ્યા પછી તેની યાદ કાયમી કરવા સફેદ આરસના સુંદર દેરાસરોનો સમૂહ બાંધવાનો વિચાર કર્યો અને એ માટે ચિત્તોડના રાણા કુંભાજીએ આરાસુરમાં

માતાજીના મંદિર નજીક વસાવેલ કુંભારિયા ગામની જગ્યા પસંદ કરી. વિમળશાની પત્ની સુમંગલા અંબાજી માતાજીના પરમ ભકત હોઇ આ કામમાં માતાજીની કૃપા માટે તેઓએ પ્રાર્થના કરી. એક દિવસ માતાજીએ સ્વપ્નમાં આવી કહ્યુ કે તારી બધી ઇચ્છા પૂરી થશે, નાણાંની ખોટ નહિ પડે. વિમળશાએ સફેદ આરસના સુંદર કલા-કૃતિવાળા ૩૬૦ જૈન દેરાસરો બંધાવ્યા. કામગીરી પૂર્ણ થતાં વિમળશા હર્ષવિભોર બની ગયા ત્યારે બાલિકા સ્વરૂપે માતાજીએ તેમની પાસે જઇ પૂછયુ કે કોની કૃપાથી મંદિરો બનાવ્યા....? વિમળશા માતાજીને ઓળખી શકયા નહિ અને બોલ્યા મારા ધર્મગુરુના પ્રતાપે. માતાજીએ ફરી ફરી પૂછતાં આ જ જવાબ મળતાં માતાજી ક્રોધિત થયા અને વિમળશાને કહ્યુ વિમળ, હવે તમે અહીં ના રોકાશો, નાસી છુટો વિમળશા. એટલે તેઓ નાસીને આબુ જતાં રહ્યાં. ત્યાં ભયાનક આગે દેખા દીધી અને પાંચ દેરાસરો સિવાયના બાકીના નષ્ટ થઇ ગયા. અહી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી ધર્મશાળા, ભોજનશાળા તેમજ પૂજાવિધિ માટે વ્યવસ્થા છે.

**મણિભદ્ર વીરનું મંદિર - મગરવાડા :**

વડગામ તાલુકામાં પાલનપુરથી લગભગ ૧૮ કિ.મી.ના અંતરે મણિભદ્ર વીરનું ૧,૦૦૦ વર્ષ જૂનું મંદિર આવેલું છે. આ મંદિરની લોકવાયકા મુજબ માણેકશા જૈન વાણીયા હતા જેઓ તીર્થયાત્રાએ નીકળેલા અને ગાયોને બચાવવા જતાં લુંટારાઓ સાથે અથડામણમાં વીરગતિ પામ્યા હતા. તેમના શરીરના ત્રણ ભાગો થતાં મસ્તક ઉજ્જૈન (મધ્યપ્રદેશ)માં પુજાય છે. ધડ આગલોડ (વિજાપુર)માં પુજાય છે અને પગની પીંડીની મણિભદ્ર વીર તરીકે મગરવાડામાં પૂજા થાય છે. દર મહિનાની સુદ પાંચમના રોજ હજારોની સંખ્યામાં યાત્રિકો દર્શનાર્થે આવે છે.







**શ્રી અમીઝરા પાર્શ્વનાથ જૈન તીર્થ મંદિર - ડુવા, તા.થરાદ :**

થરાદ અને ધાનેરા નજીક આવેલ ડુવા તીર્થનો ઇતિહાસ ભવ્ય છે. પ્રસિધ્ધ જૈન આચાર્યશ્રી બપ્પભટ્ટીસૂરિજીનો જન્મ આ જ ડુવા નગરીમાં સંવત ૮૦૭માં થયો હતો. ગુરુધામ બનેલું ડુવા તીર્થધામ તરીકે પ્રસિધ્ધ થયું છે. જૈન તીર્થ સંગ્રહના ઉલ્લેખ મુજબ ડુવાનું જીનાલય ૨૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન ગણી શકાય. આ નગરીમાં કોઇ પ્રાચીન નગરી હોય તેવું માનવા પ્રેરતા અનેક પુરાવા આજે પણ ઉપલબ્ધ છે. આ તીર્થમાં ભવ્ય મંદિર ઉપરાંત જ્ઞાનમંદિર, આરાધના ભવન, અદ્યતન ધર્મશાળા, ભોજનશાળા છે. દર વર્ષે હજારો યાત્રિકો દર્શનાર્થે આવે છે. ધાનેરાથી ૧૪ કિ.મી. તથા થરાદથી વાયા અછવાડાથી ૩૫ કિ.મી.ના અંતરે આવેલું તીર્થસ્થાન છે.

**પ્રાકૃતિક ધામ - બાલારામ :**


ગુજરાતના કાશ્મીર તરીકે ઓળખાતું બાલારામ રમણીય સૌંદર્યધામ છે. પાલનપુરથી ૧૫ કિ.મી.ના અંતરે છે. પ્રકૃતિના પાલવમાં ગણાતું આ સ્થાન યાત્રિકો માટે અનેરા આકર્ષણનું કેન્દ્ર છે. બાલારામની દંતકથા મુજબ પોતાના બાળકને ગીચ જંગલમાં ભગવાન શંકરના સાંનિધ્યમાં મહાદેવના ખોળે ભુલી ગયેલી માતા જયારે ઘણા દિવસો પછી પાછા ફરતાં પોતાનું બાળક હેમખેમ મળતાં આ સ્થળ બાલારામ તરીકે પ્રસિધ્ધ થયું. અહીં બાલારામ નદીના કાંઠે ગીચ ઝાડીની રમણીયતા વચ્ચે આરસ પહાણમાંથી કંડારેલા આ મંદિર પાસે ડુંગરમાંથી વહેતા મીઠા પાણીના ઝરણામાંથી એક ઝરણુ આ મંદિરમાં ગૌમુખ વાટે સતત શિવલીંગ ઉપર જળાભિષેક કરી રહ્યુ છે. અહીં પર્યટકો મોટી સંખ્યામાં આવે છે.

**પ્રાચીન જૈન તીર્થ ભીલડિયાજી મંદિર :**

બનાસકાંઠા જિલ્લાના મહત્ત્વના જૈન તીર્થમાં જેની ગણના થાય છે તે ભીલડિયાજી જૈન તીર્થ ભીલડી મુકામે પાલનપુરથી ૪૫ કિ.મીના અંતરે આવેલું છે. જમીનમાંથી નીકળેલા

જૈનોના ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની ઇ.સ. ૧૩૩૪ના સમયની પ્રાચીન પ્રતિમા અહીં મૂળનાયક તરીકે બિરાજમાન છે. એક સમયે આ સ્થળ ત્રંબાવટી નગરી તરીકે જાણીતું હતું. અહીં બાર ગાઉનું ભોયરૂં હતું. રેલવે અને રોડ માર્ગે આ સ્થળે જઇ શકાય છે.

**ધરણીધર ભગવાન - ઢીમા, તા. વાવ :**



વાવ તાલુકાના ઢીમા ગામે ધરણીધર ભગવાનનું પ્રાચીન મંદિર લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. આ મંદિરમાં પ્રસ્થાપિત ધરણીધર ભગવાન વિષ્ણુની મૂર્તિ રાજસ્થાનના અરવલ્લીની પર્વતમાળામાંથી મળી આવી હતી. પ્રતિવર્ષ ભાદરવા સુદ-૧૧ના દિવસે મંદિરની બાજુમાં આવેલા તળાવમાં હજારો લોકો સ્નાન કરી ભગવાનની પૂજા કરે છે. દર પૂનમે અહીં મેળો ભરાય છે. ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં. ૧૪૭૭ના જયેષ્ઠ સુદ-૧૧ નિર્જલા એકાદશીને મંગળવારના રોજ સેવક ગદાધર દલપતરામના હસ્તે થઇ હતી. તે દિવસ ભગવાનનો પાટોત્સવ દિવસ ગણી મોટો મેળો ભરાય છે.

**ગંગેશ્વર મહાદેવ - હાથીદરા, તા.પાલનપુર :**



પાલનપુરથી ૨૨ કિ.મી.ના અંતરે આવેલું હાથીદરા ગામે ગંગેશ્વર મહાદેવનું ઐતિહાસિક તેમજ પૌરાણિક મંદિર આવેલું છે. આ વિસ્તારના લોકોની અનેરી શ્રધ્ધાનું ધામ છે. આ સ્થળના મહિમા વિશે લોકમાન્યતા અનુસાર ત્રેતાયુગમાં ભગવાન રામના સમયમાં મહાઋષિ ચ્યવનનો અહીં આશ્રમ હતો. દ્વાપર યુગમાં પાંડવો જયારે વનવાસમાં હતા ત્યારે નિત્ય શિવપૂજનનો મહિમા હોવાથી અહિંયા શિવાલયની સ્થાપના કરી હતી.

**જૈન તીર્થસ્થાન - ભોરોલ, તા. થરાદ :**



ગુજરાતના અનેક જૈન તીર્થોમાં બાવીસમાં તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનનું એક તીર્થ ગિરનાર છે, અને બીજું બનાસકાંઠા જિલ્લામાં થરાદ તાલુકામાં આવેલ તીર્થ ભોરોલ છે. ભગવાનની શ્યામવર્ણી પ્રતિમા દર્શનીય છે. થરાદથી ૨૨ કિ.મી.ના અંતરે આવેલું છે. અગિયારથી સોળમાં સૈકા દરમિયાન આ જગ્યા પર પાંચ માઇલના ઘેરાવામાં પીપલપુર પટ્ટણ નામે સમૃધ્ધ નગરી હતી. જેમાં ૬૦ કરોડપતિઓ વસતા હોવાની દંતકથા છે. આ પવિત્ર ભૂમિ ઉપર ૫૦૦ મુનિઓને આચાર્યપદ આપવામાં આવ્યું હતું.

**જૈન તીર્થ મંદિર - રામસણ, તા.ડીસા :**

ડીસાથી ધાનેરા રોડ ઉપર રમુણ ગામથી પાંચ કિ.મી.ના અંતરે આવેલું રામસણ તીર્થ દર્શનીય છે. અતિ પ્રાચીન જૈન પુરાવશેષો ધરાવતા આ નગરમાં આશરે ૨૨૦૦ વર્ષ પૂર્વે સંપ્રતિ મહારાજાએ જિનબિંબ ભરાવી જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. દસમી સદીમાં રામસૈન્યના મહારાજા રઘુસેને સંવત ૧૦૮૪માં જૈનાચાર્ય સંઘદેવસૂરી મહારાજાના હસ્તે આ દેરાસરનો જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠા કરાવી હતી. દશમી સદીમાં રામસણ નજીકના ડુવા અને ભીલડિયાજી ત્રણેય તીર્થને જોડતો ૫૦ કિ.મી. જેટલો ભૂમિવર્ગ-ભોયરું હતું તેમ કહેવાય છે.

**રીંછ અભયારણ્ય - જેસોર હિલ, તા. અમીરગઢ :**



પ્રકૃતિપ્રેમીઓ અને પર્યાવરણવિદોને આકર્ષતો અહીંનો ૧૮૦.૬૬ ચો.કિ.મી.પર્વતીય વિસ્તાર રીંછોના અભયારણ્ય તરીકે જાહેર થયેલો છે. અરવલ્લીની પર્વતમાળાઓમાં આવેલા આ વિસ્તારમાં કેદારનાથ મહાદેવનું પ્રાચીન મંદીર છે. આ સ્થળ પાલનપુરથી ૩૫ કિ.મી.ના અંતરે ઇકબાલગઢ હાઇવે રોડથી ૮ કિ.મી.ના અંતરે આવેલું છે.

દુક્કરની પીઠ જેવા આકારનો જેસોર પર્વત ૧૦૬૭ મીટરની ઊંચાઇ ધરાવે છે. કેદારનાથ મહાદેવનું મંદીર મહાભારત યુગનું છે. જેસોરની નજીક અમીરગઢની હદ પુરી થતા ચન્દ્રાવતી નામે પૌરાણિક નગરી હતી તેના ખંડેર જોવા મળે છે. જેસોરના રસ્તે બાલુન્દ્રા પાસે બનાસ નદીના કિનારે વિશ્વેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ સ્થળે વન વિભાગ તરફથી રહેવા, જમવાની સગવડ છે. આ ભરપૂર વન્યસંપતિમાં રીછ, દીપડા, જંગલી બિલાડી, વરૂ, ઝરખ, શાહુડી, વાંદરા, સસલા, લોમડી, શિયાળ, નાર, નિલગાય જેવા વન્યપ્રાણીઓ તેમજ અનેક સરીસૃપ અને લગભગ ૨૦૦ જેટલી જાતના પક્ષીઓ મુકતપણે વિચરણ કરે છે





## કપિલેશ્વર મહાદેવનું મંદિર - તા.વાવ

વાવથી ૬ કિ.મી. દૂર વીડમાં કપિલેશ્વર મહાદેવનું ભવ્ય અને પુરાતન મંદિર આવેલું છે. આ મંદિર પાંચ હજાર વર્ષ પહેલા મહાભારતના સમયમાં ચાર વેદના જાણકાર મહર્ષિ કપિલમુનીએ બંધાવ્યું હતું. વનવાસ દરમિયાન પાંડવો પણ કેટલોક સમય અહી રોકાયા હતા. મંદિરનો જિર્ણોધ્ધાર સવંત ૧૮૩૩માં થયો હતો.



## કટાવધામ - તા.વાવ

ભાભરથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલા આ ધામમાં રાઘવેન્દ્ર ભગવાનનું મુખ્ય મંદિર પ્રાચીન છે. બાજુમાં સદગુરુ મંદિરમાં ખાખીજી મહારાજની ચાખડીઓ, તુલસીની હજારીની માળા તથા સીતારામ મહારાજની પ્રતિમા છે. પૂજ્ય શ્રી ખાખીજી મહારાજ આંબલીને જટા બાંધીને રાત્રે ભજન કરતા અને આંબલીને વધવા ન દેતા તે દંતકથાની બાળ સ્વરૂપે એ આંબલી હાલ હયાત છે. પોષ સુદ પૂનમથી ત્રીજ સુધી અને ચૈત્ર માસમાં રામનવમીથી તેરસ સુધી મોટો ઉત્સવ થાય છે.



## પ્રાચીન અને પવિત્ર ધામ કોટેશ્વર મંદિર - અંબાજી

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીથી પાંચ કિ.મી.ના અંતરે આવેલું કોટેશ્વર મંદિર પૌરાણિક છે. આ સ્થાનનો મહિમા અનન્ય છે. અહી સરસ્વતી નદીનું ઉદગમ સ્થાન છે. અહી વાલ્મિકી આશ્રમ આવેલો છે. રામાયણ લેખનનો પ્રારંભ અહીથી જ થયાની માન્યતા છે. આ સ્થળ તપોભૂમિ ગણાય છે. અંબાજી દર્શનાર્થે જવાનું થાય ત્યારે આ સ્થળની મુલાકાત લેવા જેવી છે.

## મોકેશ્વર મહાદેવ - તા. વડગામ

વડગામ તાલુકામાં મોકેશ્વર મુકામે સરસ્વતી નદી ઉપર બનાવેલ ડેમ સાઈટ વિસ્તારમાં મુકતેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. ભગવાન શ્રીકૃષ્ણએ આ ભૂમિ ઉપર આવીને પાંડવો દ્વારા તેમના પિતાનું શ્રાધ્ધ કરાવીને મુકિત અપાવેલી એટલે આ સ્થળ મુકતેશ્વર તરીકે ઓળખાય છે. પહાડોના કુદરતી સૌંદર્ય વચ્ચે નદી કિનારે આવેલા આ પવિત્ર સ્થાનમાં પિતૃશ્રાધ્ધ કરવાનો મહિમા છે.

## પ્રાચીન મુળેશ્વર મહાદેવ મંદિર - પાડણ, તા.વાવ

ઈ.સ. ૯૪૨ થી ૯૯૭ના સમયગાળામાં વાવથી ૨૪ કિ.મી.ના અંતરે પાડણ ગામે રાજા મુળરાજ

સોલંકીએ બંધાવેલ અતિ પ્રાચીન મૂળેશ્વર મહાદેવનું મંદિર શ્રધ્ધાળુઓ માટે દર્શનીય સ્થળ છે.



**નડેશ્વરી માતાનું મંદિર - નડાબેટ, તા.વાવ**

વાવ તાલુકાના સુઇગામથી ૨૦ કિ.મી. દૂર જલોયા ગામ પાસે સૈનિક છાવણીના સ્થળ નડાબેટ ખાતે નડેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. બી.એસ.એફ કેમ્પના જવાનો શ્રધ્ધાથી માતાજીની પૂજા કરે છે. એક દંતકથા મુજબ જુનાગઢના રાજા રા'નવઘણે પોતાના વિશાળ લશ્કરી કાફલા સાથે પોતાની બહેન જાસલને સિંધના મુસલમાન રાજાની કેદમાંથી છોડાવવા આક્રમણ કરેલું ત્યારે માતાજીએ વિજયના આશીર્વાદ આપેલા. નડાબેટ એક ઐતિહાસિક પ્રાચીન બેટ છે. દર વર્ષે ચૈત્ર વદ નોમને દિવસે નડેશ્વરી માતાના મેળામાં હજારો ભાવિકો દર્શનાર્થે આવે છે.



**નાના અંબાજી મંદિર - સણાદર, તા.દિયોદર**

પાલનપરથી રાધનપુર-ભુજ હાઇવે તરફ જતા હાઇવે રોડ ઉપર આવેલું ખીમાણાથી ૧૫ કિ.મી.ના અંતરે અને સણાદર હાઇવેથી ૪૦૦ મીટર દૂર આ પ્રાચીન મંદિર છે. આ મંદિરની પ્રતિષ્ઠા ૧૦૦૦ વર્ષ પહેલા બ્રહ્મભટ્ટ સમાજની એક કુમારીકા દ્વારા કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામાં અંબાજી પછી બીજા નંબરનું પ્રાચીન મંદિર મનાય છે.



**શ્રી ઓઘડનાથજી(દેવદરબાર) - તા.કાંકરેજ**

કાંકરેજ તાલુકામાં આ પંથકના આરાધ્ય દેવ સમા શ્રી ઓઘડનાથજી મહારાજે તપ તેમજ ભજન, સત્સંગ સમગ્ર પંથકમાં પ્રસરાવેલ. તેઓ પોતે જ દેવદરબારના મૂળ નકળંગ ભગવાનના મંદિરના સ્થાપક ગણાય છે. મૂળ નેપાળ નરેશના રાજવી કુટુંબમાં જન્મેલા આ બાળકે ૧૨ વર્ષની ઉંમરે ઘરસંસાર છોડી ભગવાનમાં મન પરોવવા ચાલી નીકળેલા. ફરતા ફરતા જુનાગઢ આવી ચડેલ ત્યાં તેમનો ભેટો ગુરુ સદાનંદ સાથે થયેલા. તેમણે સદાનંદજીને ગુરુ માની બ્રહ્મગિરીજી નામ અંગીકાર કરેલ જે પાછળથી ઓઘડનાથજી તરીકે પ્રસિધ્ધ થયા. થરાથી દિયોદર તરફ જતા ૧૦ કિ.મી.ના અંતરે આવેલું આ એક રળિયામણું તેમજ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સ્થળ છે.

**શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ જૈન મોટા દેરાસર - પાલનપુર :**

અકબર બાદશાહના પ્રતિબોધક જગદગુરુશ્રી હિરવિજયજી મહારાજની જન્મભૂમિ પાલનપુર શહેરની મધ્યમાં પ્રસિધ્ધ જૈન દેરાસર શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ દેરાસર એક સુંદર અને ભવ્ય જિનાલય છે. જિનાલયની મધ્યમાં પાલનપુરના સ્થાપક પ્રહલાદન દેવની પ્રતિમા જોવા મળે છે.

**ગોગ મહારાજનું મંદિર - સેંભર, તા.વડગામ :**

વડગામ તાલુકાના સેંભર ગામે ગોગ મહારાજનું એક સરસ મંદિર આવેલું છે. મંદિરની દંતકથા મુજબ હજારો વર્ષ પહેલા સેંભર નગરી હતી. રાજપૂત રાજા રાજ કરતા હતા. નગરીનો નાશ થતા આ મંદિરની મૂર્તિ સરસ્વતી નદીમાં પડેલી. ચાણસોલ ગામના પટેલો બળદગાડામાં આવતા હતા તેમના બળદગાડાને મૂર્તિનો સ્પર્શ થતા બળદગાડું ત્યાં જ સ્થિર થઇ ગયું હતું. આ મંદિર આશરે ૨૦૦૦ વર્ષ જૂનું છે.



**સિધ્ધામ્બિકા માતાજી - જૂના ડીસા :**

ડીસાથી પાંચ કિ.મી.ના અંતરે આવેલું જૂના ડીસામાં સિધ્ધામ્બિકા માતાજીનું મંદિર છે. બાદશાહ અલાઉદ્દિને સૈન્ય સાથે ડીસા ઉપર આક્રમણ કર્યુ હતું. સિધ્ધામ્બિકા માતાજીનું પ્રતિક બે કટારો હતી. મૂર્તિ ન હતી. કટારોની નીચે ધન હશે તેમ માની તેની નીચેનો પર્વત વાળો ભાગ ખોદવા માંડયો. ખોદકામ સમયે સૈન્યમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો. ઘણીખરી સેના મરણને શરણ થઇ. તેથી ગભરાઇને માતાજીની કટારો ઘોરી નામના મુસલમાનને સોંપીને બાદશાહ નાસી ગયો. ત્યારબાદ આસપાસના લોકોએ માતાજીની પ્રતિષ્ઠા કરી.

## જિલ્લામાં યોજાતા લોકમેળા/લોકોત્સવ/ધાર્મિક તહેવારો

**અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો :**

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે દરવર્ષે ભાદરવા મહિનામાં ભાદરવા સુદ-આઠમથી પુનમ સુધી સાત દિવસનો મહામેળો ભરાય છે. મેળા પ્રસંગે રાજયભરમાંથી તેમજ રાજસ્થાન અને મહારાષ્ટ્રથી પણ ઘણા યાત્રિકો આવતા હોય છે. મેળાની લોકમાન્યતા અનુસાર નવરાત્રિમાં પોતાના ગામની માંડવી કે માંડવડીમાં રમવા આવવા માતાજીને આમંત્રણ આપવા માઇભકતો ભાદરવા મહિનામાં અંબાજી જતા હોય છે. આદ્યશકિત અંબાજીના આ મહામેળામાં ૨૫ લાખથી વધુ યાત્રિકો માતાજીના દર્શને ઉમટે છે. મેળા પ્રસંગે જિલ્લામાં ઉત્સાહ અને ભકિતના ભવ્ય માહોલની જમાવટ થાય છે. સાત દિવસ સુધી ચાલતા આ પવિત્ર મહાપર્વ પ્રસંગે અંબાજી જતા તમામ રસ્તાઓ પદયાત્રિકોથી ભરચક હોય છે. ઠેરઠેર ગરબાની રમઝટ જામે છે. વિવિધ સેવાકેન્દ્રો દ્વારા યાત્રિકોને વિસામો, ચા, નાસ્તો અને જમવાની સુવિધા આપવામાં આવે છે. મેળા પ્રસંગે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ કરવામાં આવે છે.

**પોષી પૂનમ માતાજીનો પ્રાગટ્યોત્સવ :**

અંબાજી તીર્થસ્થાન કરોડો માઇભકતોની શ્રધ્ધાના કેન્દ્ર સમાન છે. વરસે ૧.૨૫ કરોડથી વધુ યાત્રિકો અંબાજી દર્શનાર્થે જાય છે. આદ્યશકિત મા અંબાના પ્રાગટ્યોત્સવની ઉજવણી પોષી પૂનમના દિવસે કરવામાં આવે છે. આ દિવસે સમગ્ર અંબાજી ગામને શણગારવામાં આવે છે. માતાજીની ભવ્ય શોભાયાત્રાનું અંબાજીના માર્ગો પર પરિભ્રમણ કરવામાં આવે છે. સુખડીનો પ્રસાદ વહેંચવામાં આવે છે. માતાજીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે લોકો વિશાળ સંખ્યામાં અંબાજીમાં ઉમટીને માતાજીના આ પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

**બાલારામનો મેળો :**

પાલનપુરથી આશરે ૧૫ કિ.મી.ના અંતરે આવેલું બાલારામ પ્રસિધ્ધ પિકનિક પોઇન્ટ પણ છે. આ સ્થળે બાલારામ મહાદેવનું સરસ મંદિર છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર નદીકાંઠે આવેલા આ સ્થળે શ્રાવણ મહિનામાં યાત્રિકોની ભીડ રહે છે. શ્રાવણ માસમાં દર સોમવારે મેળો ભરાય છે.

**ધરણીધર ભગવાન ઢીમાનો મેળો :**

વાવ તાલુકાના ઢીમા ગામે ધરણીધર ભગવાનનું પ્રાચીન મંદિર લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં.૧૪૭૭ ના જયેષ્ઠ સુદ ૧૧ નિર્જલા એકાદશીને મંગળવારના રોજ કરવામાં આવી હતી. આ દિવસે અહીં મોટો મેળો ભરાય છે જેમાં હજારો લોકો દર્શનાર્થે ઉમટે છે.

**જૈન તીર્થ - રૂણી, તા.કાંકરેજનો મેળો :**

કાંકરેજ તાલુકાના રૂણી મુકામે જૈન તીર્થ સ્થાન છે. પ્રાચીન તેમજ અર્વાચીન જિનમંદિરનો સુભગ સમન્વય જોવા અહીં પોષી દસમે વિશાળ સંખ્યામાં યાત્રિકો ઉમટે છે.

**વિશ્વેશ્વર મહાદેવનો મેળો :**

અમીરગઢ તાલુકામાં જૂની સરોત્રી પાસે બનાસ નદીના કિનારે વિશ્વેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. શ્રાવણ માસમાં વિશાળ સંખ્યામાં યાત્રિકો અહીં દર્શનાર્થે આવે છે. દર વરસે શિવરાત્રીના દિવસે અહીં લોકમેળો ભરાય છે. પર્યટન સ્થળ તરીકે આ જગ્યાનો વિકાસ થઇ રહ્યો છે.

**કટાવધામ - તા.વાવનો મેળો :**

આ ધામમાં શ્રી રાઘવેન્દ્ર ભગવાનનું મુખ્ય પ્રાચીન મંદિર છે. દર વર્ષે પોષી પૂનમથી ત્રીજ સુધી અને ચૈત્ર માસમાં રામનવમીથી તેરસ સુધી મોટો ઉત્સવ થાય છે. તેમાં સત્સંગ અને પ્રવચનો થાય છે.

**ખુણીયા અંબાજી મંદિરનો મેળો - તા.અમીરગઢ :**

અમીરગઢ તાલુકાના ખુણીયા મુકામે અંબાજી માતાજીનું મંદિર આવેલું છે. અરવલ્લી ડુંગરોમાં વન્ય સંપદાથી ભરપૂર આ વિસ્તારમાં માતાજીના સ્થાનકે દર વર્ષે ચૈત્રી પૂનમનો મેળો ભરાય છે.

**મણીભદ્ર વીરનું મંદિર - મગરવાડાનો મેળો :**

પાલનપુરથી આશરે ૧૮ કિ.મી.ના અંતરે વડગામ તાલુકામાં મગરવાડા મુકામે મણિભદ્ર વીરનું સરસ મંદિર છે. વિશાળ સંખ્યામાં યાત્રિકો અહીં દર્શનાર્થે આવે છે. આસો સુદ પાંચમના દિવસે મોટો લોકમેળો ભરાય છે. દર મહિનાની સુદ પાંચમના દિવસે દૂર દૂરથી હજારો લોકો દર્શનાર્થે આવે છે.

**મોકેશ્વરનો મેળો :**

વડગામ તાલુકાના મોકેશ્વર મુકામે સરસ્વતી નદી ઉપર બનાવેલાં ડેમ વિસ્તારમાં મુકતેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે. દંતકથા મુજબ ભગવાન શ્રીકૃષ્ણએ આ ભૂમિ પર આવીને પાંડુરાજાનો મોક્ષ કરાવ્યો હતો તે પરથી આ સ્થળનું નામ મોકેશ્વર છે. ભાદરવા સુદ-૧૧ના દિવસે અહીં મોટો મેળો ભરાય છે.

**મુળેશ્વર મહાદેવ - પાડણ તા. વાવનો મેળો :**

વાવ તાલુકાના પાડણ મુકામે ઇ.સ.૯૪૨થી ૯૯૭ના સમયગાળામાં રાજા મુળરાજ સોલંકીએ અતિ પ્રાચીન મુળેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું હતું. આ સ્થળે દર વરસે મહાશિવરાત્રીના દિવસે મોટો મેળો ભરાય છે. જેમાં હજારો લોકો દર્શનાર્થે આવે છે.

**નડેશ્વરી માતાજીનો મેળો :**

વાવ તાલુકાના સૂઇગામથી ૨૦ કિ.મી. દૂર જલોયા ગામની પાસે સૈનિક છાવણી નડાબેટ મુકામે નડેશ્વરી માતાજીનું પુરાણું મંદિર છે. દર વર્ષે ચૈત્ર સુદ નોમના દિવસે અહીં મોટો મેળો ભરાય છે. જેમાં હજારો લોકો દર્શનાર્થે આવે છે.

**રામદેવપીર મજાદરનો મેળો :**

વડગામ તાલુકાના મજાદર ગામે બાબા રામદેવપીરનું મંદિર છે. ભાદરવા સુદ ૯ થી ૧૨ સુધી અહીં મોટો ભરાય છે.

**સિધ્ધામ્બિકા માતાજી ડીસાનો મેળો :**

ડીસાથી ૫ કિ.મી.ના અંતરે સિધ્ધામ્બિકા માતાજીનું મંદિર છે. દર વર્ષે અહીં શ્રાવણ સુદ-૮ના મોટો મેળો ભરાય છે.


**જિલ્લાના મહાન સપૂતો/વિભૂતિઓ :**


(૧) શ્રી ચંદ્રકાન્ત બક્ષી- પ્રસિધ્ધ લેખક, (૨) શ્રી એન.સી.મહેતા-યુનિયન કાર્બાઇડ એશિયા ઝોનના એક સમયના ચેરમેન, (૩) શ્રી દેવેન્દ્ર કોઠારી-ગુડલક-નેરોલક કંપનીના વાઇસ ચેરમેન, (૪) શ્રી ઉત્તમભાઇ મહેતા- ટોરેન્ટના સર્વેસર્વા, (૫) શ્રી ગૌતમ અદાણી-અદાણી ગૃપ, (૬) શ્રી ભરતભાઈ શાહ- ફાઇનાન્સર, (૭) શ્રી એલ.એ.સૈયદ-પ્રસિધ્ધ ફોટોગ્રાફર, (૮) શ્રી પ્રકાશ શાહ- રાષ્ટ્રસંઘના એલચી તરીકે નિમાયા હતા, (૯) શ્રી પ્રકાશ કોઠારી- જાણીતા સેક્સોલોજીસ્ટ.



# ભરૂચ જિલ્લો




NARMADA BRIDGE
COMMENCED 7TH DECEMBER 1877 COMPLETED 16TH MAY 1881
SPEED LIMIT



વ ડો દ રા
ન ર્મ દા
સૂ ર ત
ભરૂચ
જંબુસર
કરજણ
પાદરા
રાજપીપળા
અંકલેશ્વર
હાંસોટ
વાલિયા
ઝઘડિયા
આમોદ
વાગરા

| | |
|---|---|
| **વડુ મથક** | : **ભરૂચ** |
| ભૌગોલિક સ્થાન | : ૨૧.૩૦ થી ૨૨.૦૦ ઉ.અક્ષાંશ અને ૭૨.૩૪ થી ૭૩.૧૫ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : ૫,૨૪,૬૮૩ ચો.કિ.મી |
| વસતી | : ૧૫,૫૦,૮૨૨ પુરુષ :- ૮૦૫૯૪૫ સ્ત્રી:- ૭૪૪૮૭૭ |
| તાલુકા | : ૯, નેત્રંગ તાલુકો વર્ષ-૨૦૧૩ થી અસ્તિત્વમાં આવ્યો. |
| ગામો | : ૬૬૬ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી |
| પૂરક વ્યવસાય | : ઉદ્યોગ |
| ખેતી પાકો | : મુખ્ય પાકો : ઘઉં, જુવાર, બાજરી, કપાસ, ડાંગર<br>રોકડિયા : તુવેર, કેળા, પપૈયા, કપાસ, તેલિબિયાં : મગફળી, દિવેલ, સોયાબીન, તલ |
| મુખ્ય ખનિજ | : કાળો કોલસો, લિગ્નાઇટ, અગેટ |
| ઉદ્યોગો | : ૪૮૨૭ |
| ગૃહ ઉદ્યોગો | : ૪૯૭, પરંપરાગત - ૫ |
| જમીનનો પ્રકાર | : મધ્યમ કાળી, ગોરાડું, રેતાળ<br>ઉપજાઉ : ૨૪૫૦૦ હેકટર, બિન ઉપજાઉ : ૭૨૬૦૦ હેકટર પડતર : ૬૦૦૦ હેકટર |
| આબોહવા | : વિષમ |
| સરેરાશ વરસાદ | : ૭૬૦ મી.મી. |
| જંગલો/વનસંપદા | : ૨૫૪૩૨ હેકટર |
| નદીઓ | : નર્મદા, ઢાઢર, કીમ, નાંદ, ભુખી, કાવેરી, મધુમતી |
| પુલો | : ૩૦ |
| જળાશયો | : ૬ |
| તળાવો | : ૧૫ |
| ચેકડેમો | : ૨૦૮ |
| જિલ્લાના રસ્તા | : ૨૧૯૦ કિ.મી<br>રાષ્ટ્રીય - ૧, આંતરરાષ્ટ્રીય - ૦, સ્ટેટ - ૧૦૭૮.૦૬ કિ.મી., ગ્રામ્ય : ૧૨૭૪.૦૦ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : ૧૦, ઐતિહાસિક - ૧, ધાર્મિક - ૫૦ |
| ભોજનાલયો | : ૧૩ |
| રેલવે સેવાઓ | : ૮ |
| દૂધ ઉત્પાદન મંડળીઓ | : ૨૯૦ |
| બેંકીંગ સેવાઓ | : ૧૦૯ |
| ખેતી બેંક | : ગ્રામીણ બેંકો : ૨૧ |
| લોકોત્સવ/ધાર્મિક તહેવારો | : શુકલતીર્થ, દેવજગત, ગોદાવરી, હઠીલા હનુમાન, કોટેશ્વરનો મેળો, ભાડભૂતનો મેળો, ગુમાનદેવનો મેળો, મેઘરાજા છડીનો મેળો. |
| ખેતીવાડી ઉત્પન બજાર સમિતિઓ/માર્કેટ યાર્ડ | : ૭ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : પ્રાથમિક શાળાઓ - ૧૧૭૬, માધ્યમિક શાળાઓ - ૧૬૬ કૉલેજો - ૨૧ |
| ઉ. માધ્યમિક શાળાઓ | : ૧૭૩ |
| યુનિવર્સિટીઓ | : ૧ |
| આરોગ્ય સેવાઓ | : પ્રાથમિક અરોગ્ય-૪૨, સામુહિક આરોગ્ય-૮ પ્રાઈવેટ-૧૪ |
| મહાન સપૂતો/વિભૂતિઓ | : કનૈયાલાલ મુનશી, ઓમકારનાથ ઠાકુર, છોટુભાઈ પુરાણી, શ્રી ચંદુલાલ દેસાઈ. |

| | |
|---|---|
| સિંચાઇ સેવાઓ | : નર્મદા, કરજણ, ઉકાઇ ૧૧૯૦૦૦ હેકટર પિયત વિસ્તાર |
| ગુજરાત વિ.સભાની બેઠકો | : ૫ |
| લોકસભાની બેઠકો | : ૧ |
| રાજ્યસભાની બેઠક | : ૨ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : ૩૪ |
| તાલુકા પંચાયતની બેઠકો | : ૧૭૮ |
| સરકારી કચેરીઓ | : ૬૪ |
| ન્યાયાલયો | : ૧ |
| તાલુકા ન્યાયાલય | : ૮ |
| નગર પાલિકાઓ | : ૩ |
| લોકજીવન/રહેણીકરણી | : વસાવા, ગામીત, ચૌધરી, પટેલ, વાણીયા, બ્રાહ્મણ, ઘાંચી, રાણા, મુસ્લિમ. |
| સાક્ષરતા દર | : ૮૩.૦૩ |
| જન્મ દર | : ૨૨.૪ ટકા |
| મૃત્યુ દર | : ૪.૮ ટકા |
| સેવાભાવી સંસ્થાઓ | : ૬૦ |
| સામાજિક સંસ્થાઓ | : ૬૫ |
| જીવદયા સંસ્થાઓ | : ૫ |
| બાળ-વાડી/આંગણવાડીઓ | : ૧૩૭૪ |
| પાંજરા પોળો/ગૌશાળાઓ | : ૩ |
| સખી મંડળો/મહિલા મંડળો | : ૬૭૯૨ |
| જિલ્લાના દૈનિકો | : દૈનિકો-૨, સાપ્તાહિકો - ૨૫ |

પુણ્ય સલીલા મા નર્મદાની ગોદમાં વસેલા ભરૂચ શહેર અને જિલ્લાના પાયામાં ભવ્ય ઈતિહાસ ભંડારાયેલો છે.

ભૃગુઋષિની તપોભૂમિ ભૃગુતીર્થ આજનું ભરૂચ બલિરાજાના સમયકાળ જેટલું પ્રાચીન અને ભગવાન વામનની અવતારી લીલાની યાદ તાજી કરાવે છે.

જૂના જમાનામાં મકકાના બારા બાબુલ તરીકે જાણીતું હતું. મકકા હજ કરવા જનારાઓ ભરૂચથી આવતા જતાં હોવાથી મુખ્ય વ્યાપારી કેન્દ્ર તરીકે વિકસિત થયું અને દ્રવિડ સંસ્કૃતિનાં સમયમાં ભૃગુકચ્છ બંદર તરીકે જાણીતું હતું. પાલી ભાષામાં લખાયેલી બૌદ્ધ જાતક કથાઓમાં પણ ભૃગુકચ્છ બંદરની વિખ્યાત જાહોજલાલીનાં ઉલ્લેખ મળે છે.

આવી ભવ્ય ભૂતકાલીન જાહોજલાલીને વરેલા ભરૂચ જિલ્લામાં અનેક શાસકોનાં શાસનો આવ્યા. દેશની સ્વતંત્રતાની લડતમાં પણ ભરૂચનું અનેરૂં યોગદાન હતું.

તા.૨-૧૦-૧૯૯૭ ના રોજ તત્કાલીન ગુજરાત સરકારે રાજયનાં નવા જિલ્લાઓની રચના કરતાં ભરૂચ જિલ્લાનો રાજપીપળા પ્રાંત નર્મદા જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો. જેમાં રાજપીપળા, સાગબારા અને દેડિયાપાડા તાલુકાઓનો સમાવેશ કરાયો. જયારે ભરૂચ જિલ્લામાં ભરૂચ, આમોદ, વાગરા, જંબુસર, અંકલેશ્વર, હાંસોટ, ઝઘડિયા અને વાલિયા તાલુકાઓ રહયા.

કનૈયાલાલ માણેકલાલ મુનશી, પંડિત ઓમકારનાથ ઠાકુર, છોટુભાઈ પુરાણી અને છોટે સરદાર ચંદુલાલ દેસાઈની જન્મભૂમિ એવા ભરૂચ શહેર-જિલ્લાના સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયાસો થઈ રહયાં છે.

ભરૂચ જિલ્લો એ રાજયનું આર્થિક પાટનગર ગણાતા સુરત અને સંસ્કારી નગર વડોદરાની વચ્ચે તથા સરદાર સરોવર જેવી ભવ્ય યોજના લઈને ઉભેલા નર્મદા જિલ્લાનો પડોશી જિલ્લો છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ - ૮ અને મુંબઈ-દિલ્હી વચ્ચેની બ્રોડગેજ રેલવે લાઈનના માર્ગમાં આવતો જિલ્લો છે. સાથે સાથે એશિયાની મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વર, એશિયાનું મોટું કેમિકલ પોર્ટ, દહેજ અને ગુજરાતના અગ્રેસર ખાતરના કારખાના પૈકીનું જી.એન.એફ.સી. પણ ભરૂચમાં છે. જેમનાથી જિલ્લાના વિકાસનું ચિત્ર બદલાયું છે. ડ્રીપ ઈરીગેશન, બાગાયત પાકો, વાડી યોજના જેવા નૂતન પ્રયોગો અપનાવી ભરૂચ

જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોએ જિલ્લાના આધુનિક કૃષિ વિકાસને નૂતન દિશા કંડારી અન્ય ખેડૂતો માટે દીવાદાંડી સમાન બન્યા છે. સહકારી ક્ષેત્રે પણ સુગર ફેકટરીઓ, સહકારી બેંકો, સહકારી સંઘ, સહકારી મંડળીઓ પણ તેમના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી છે. ઝઘડિયા, વાલિયા જેવા અંતરિયાળ આદિવાસી વિસ્તારોની ગ્રામ્ય મહિલાઓએ સ્વબચત જૂથોની રચના કરી મહિલા જાગૃતિ, મહિલા વિકાસનું અનેરૂ ઉદાહરણ પૂરું પાડયું છે.

ઔદ્યોગિક વિકાસમાં ખાસ કરીને દહેજ ઔદ્યોગિક વિસ્તારમાં સમાવેશ થયો છે જેના કારણે અનેક નાના મોટાં ઔદ્યોગિક એકમોમાં મોટા રોકાણકારોએ નાણાં રોકી નવાં ઉદ્યોગો સ્થાપવાની તૈયારી દર્શાવી છે જેના કારણે જિલ્લાનાં જ મોટી સંખ્યામાં કુશળ અને બિનકુશળ કારીગરોને ઘર આંગણે જ રોજગારી મળી રહે છે.

**ભૌગોલિક સ્થાન :**

નર્મદા પુરાણમાં રેવા ખંડમાં જણાવ્યા મુજબ ભૃગુ ઋષિએ ''કર્મ'' અથવા ''કચ્છ'' (કાચબો)ની પીઠ ઉપર એક નગરની સ્થાપના કરી અને તે નગર ભૃગુ કચ્છ નામે ઓળખાયું મત્સ્ય પુરાણમાં ''મારૂ કચ્છ''નો ઉલ્લેખ મળે છે. એ જ પૂમો માર્કંડેય, વાયુ અને વામન પુરાણમાં પણ ભારૂ કચ્છનો ઉલ્લેખ છે. ૧૦ મી સદીના શ્રી રાજશેખરે ''કાવ્ય મીમાંસા'' માં ભૃગુ કચ્છ સંજ્ઞા જણાવી એને જનપ્રદેશ કહયો છે. જૂના શિલાલેખો તથા ઐતિહાસિક લખાણોમાં પણ ભરૂચનું મૂળ નામ ભૃગુ કચ્છ અથવા ભૃગુ કુળ જણાવ્યું છે. પ્રાકૃત કોશમાં ભારૂ શબ્દ અનાર્થ દેશ અને તેમાં વસતા લોકો માટે વપરાયેલો છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મત અનુસાર ભરૂ કચ્છ શબ્દ નગર વાચક, જયારે ભારૂ કચ્છ શબ્દ દેશ વાચક છે.

આમ, ભરૂચના પ્રાચીન નામમાં ભૃગુ કચ્છ, ભૃગુ કુળ, ભૃગુ તીર્થ, ભૃગુ ક્ષેત્ર ભરૂ કચ્છ વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં નામો ભૃગુ ઋષિના સંદર્ભમાં અથવા તો ભાર્ગવોની અહીં વસાહતોને પરિણામે પ્રચલિત થયા છે.

ઈ. સ. પહેલાં બીજા સૈકાની ભૂગોળમાં અને ઈ.સ. પહેલી સદીમાં લખાયેલા ગ્રીક પુસ્તક ''પેરિપ્લસ'' માં લારિગાઝા નામ પ્રાપ્ત થાય છે. તેમાં ભરૂચનાં બંદરનું અને ભારતનાં દરિયાકાંઠાનું વિગતવાર રસપ્રદ વર્ણન છે. અગાઉ આ જિલ્લો મુંબઈ રાજયના વિસ્તાર હેઠળ ભરૂચ જિલ્લા તરીકે ઓળખાતો હતો. ગુજરાત રાજયની સ્થાપના થયા બાદ પણ તેના નામાભિધાનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**ઇતિહાસ**

ગુજરાતની જીવાદોરી નર્મદા નદીનાં કાંઠે વસેલો ભરૂચ જિલ્લો ગુજરાત અને ભારતના ઔદ્યોગિક વિકાસમાં આગવું સ્થાન ધરાવે છે. તેનો પશ્ચિમ ભાગ અરબી સમુદ્રના કિનારાને અડીને આવેલો છે. જિલ્લામાંથી નર્મદા નદી પસાર થતી હોવાથી હરિયાળો પ્રદેશ જોવા મળે છે. ભરૂચ જિલ્લો વનો અને નદીના કિનારાની આચ્છાદિત અને રમણીય ભૂમિના કારણે સુંદર લાગે છે. જિલ્લાનો ઈતિહાસ પ્રાચીન કાળથી તેની આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે, જેમાં મહાભારતના સમયે જિલ્લાના ઝઘડિયા અને વાલિયાના વન અને પર્વતીય વિસ્તારોમાં પાંડવોએ વનવાસ દરમિયાન કેટલોક સમય ગાળ્યો હતો, તેવું પ્રાચીન શાસ્ત્રોમાં સમર્થન મળે છે.

ગુજરાતના ઈતિહાસ અને સંસ્કૃતિમાં ભરૂચ જિલ્લાનું આગવું સ્થાન છે. જિલ્લાને પાવન કરતી આપણા દેશની સાત મોટી નદીઓમાંની એક ગણાતી પુણ્ય સલીલા નર્મદાના તટ પર આ જિલ્લામાં જેટલાં તીર્થ અને મંદિરો છે, એટલાં ગુજરાતભરમાં કયાંય નથી.

દુનિયાની વિરાટ યોજના પૈકીની સરદાર સરોવર બંધ ગુજરાતની જીવાદોરી ગણાય છે. ૨,૬૦૦ હેકટરમાં પથરાયેલી અંકલેશ્વરની ઉદ્યોગ વસાહત ગુજરાત આ પ્રકારની સૌથી મોટી વસાહત ગણાય છે. સમગ્ર એશિયામાં એ અગ્રગણ્ય બની રહી છે. પૌરાણિક પરંપરા પ્રમાણે ભરૂચના આ પ્રાચીન પ્રદેશને ભૃગુઓ સાથે સાંકળવામાં આવે છે. ઈ.સ. પૂર્વે પાંચમા સૈકામાં લખાયેલ જાતકોમાં અને ત્યારબાદ મહાભારતના સભા પર્વમાં ભૃગુ કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. નર્મદાના બ્રાહ્મણો એમના પાંડિત્ય માટે પર પ્રાન્તોમાં પણ પ્રખ્યાત હતા. પુરાણ-પ્રસિધ્ધ શુકલતીર્થના અગ્નિહોત્રી અને સામવેદી વિદ્વાન બ્રાહ્મણોના કીર્તિ ધ્વજ ઉત્તર ભારતમાં છેક કાશી સુધી લહેરાતા હતા. ઈ.સ. ની પહેલી સદીમાં બારીગાઝા તરીકે ભરૂચ બંદરનો ઉલ્લેખ છે. સમૃધ્ધ અને સશકત એવું ભરૂચનું આ બંદર છેક ૧૬ મા સૈકા સુધી ગુજરાતનું મહત્ત્વનું બંદર

હતું. આરબ વેપારીઓ ભરૂચ મારફત ગુજરાતમાં આવતા અને વેપાર કરતાં. અંગ્રેજો, વલંદાઓ વગેરેએ ભરૂચનું મહત્ત્વ સ્વીકારી અહીં પોતાની વેપારી કોઠીઓ પણ સ્થાપી હતી. સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં એ બબ્બે વાર લૂંટાયું અને લૂંટાયા પછી તરત ઊભું થયું. ''ભાંગ્યુ ભાંગ્યું તોય ભરૂચ'' નામની કહેવત સર્જી ગયું. શિક્ષણ અને સંસ્કૃતિમાં પણ આ જિલ્લો મોખરે રહયો છે. વર્ષો પૂર્વે સંગીત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર પંડિત ઓમકારનાથ ઠાકુરથી ભરૂચ ઊજળું છે, તો સાહિત્ય ક્ષેત્રે ડૉ.કનૈયાલાલ મુનશી અને સુંદરમ જેવા સાહિત્ય સ્વામીઓએ ભરૂચને અનોખું ગૌરવ બક્ષ્યું છે. ભરૂચમાં વર્ષાઋતુમાં ઉજવાતો મેઘરાજાનો ઉત્સવ સમગ્ર ભારતમાં અજોડ ગણાય છે. પ્રાચીન કૃષિ સંસ્કૃતિનો મહિમા ગાતો આ ઉત્સવ દેશભરમાં અહીં જ ઊજવાય છે. નર્મદા નદીના ઉત્તર કાંઠાનો પશ્ચિમ ભાગ''ભારૂકચ્છ'' પ્રદેશ તરીકે ઓળખાતો. એનું વડું મથક ભરૂ કચ્છ (ભરૂચ) તરીકે ઓળખાતું, આગળ જતાં ભૃગુઓ (ભાર્ગવો) ના વસવાટના વર્ચસ્વને લીધે આ નામ ''ભૃગુ કચ્છ'' પરિવર્તન પામ્યું. નર્મદા-સાગર સંગમના સામીપ્યને લીધે ભૃગુપુર, ભૃગુતીર્થ તરીકે મહિમા ધરાવે છે, તેમજ ભૃગુ ઋષિના બે પુત્રો હતા, ઉશનસ અને ચ્યવન એ પૌરાણિક અનુશ્રુતિના આધારે ઈતિહાસમાં ઉલ્લેખ કરાયો છે. સિંહલની રાજકુમારી સુદર્શનાએ ભૃગુ કચ્છમાં સંપૂતિના શાસન દરમ્યાન (ઈ.સ. પૂર્વે ૨૨૯-૨૨૦) શકુનિકા વિહાર બંધાવેલો હતો અને ભરૂચનો વેપારી રાજકુમારીનાં જાતિ સ્મરણ માટે નિમિત્ત બન્યો હતો, જે લાટ અને સિલોનના વેપારી સંબંધો સૂચવે છે. ગુજરાતના પ્રાગ-મૌર્ય કાળ દરમિયાન ઈ.સ. ૫૫૦માં ઉજ્જયિનીનો રાજા પૂધોત મહાવીર ભૃગુ કચ્છ પર શાસન કરતો હતો. એ ગૌતમ બુધ્ધનો સમકાલીન હતો. મૌર્ય કાલ ઈ.સ. પૂર્વે ૩૩૨- ૧૮૫ સમય ગાળો હતો. અનુમૌર્ય કાલનો સમય ઈ.સ. પૂર્વે ૧૮૫ ઈ.સ. ૨૩ નો ઉલ્લેખ કરાયો છે. ઈ. સ. ૭૦-૮૦ ના દાયકામાં ગ્રીક લખાણવાળા સિકકા ભરૂચમાં આ સમય દરમિયાન પ્રચલિત હતા. જૈન આચાર્ય આર્ય ખપૂટ (ઈ.સ. પૂ. ૧લી સદી)નું પ્રવૃત્તિ ક્ષેત્ર ભરૂચની આસપાસના પ્રદેશોમાં હતું. એમણે ભરૂચમાં ''અશ્વાવબોધ'' તીર્થ બૌધ્ધોનાં કબજામાંથી છોડાવ્યું હતું.



## • ભરૂચ જિલ્લાના મેળાઓ

કેટલાક ધાર્મિક તહેવારો દરમ્યાન જિલ્લામાં એક જ દિવસે ઠેર ઠેર મેળાઓ ભરાય છે. નર્મદા તટના સ્થળોમાં મેળા જોવા મળે છે. આદિવાસીઓમાં મેળા વિશેષ મહત્ત્વ ધરાવે છે. આદિવાસી અબાલ-વૃદ્ધ સહુ એકસરખા આનંદથી મેળામાં આનંદ-પ્રમોદ કરે છે. સમગ્ર ભરૂચ જિલ્લામાં ૯૨ જેટલા મોટા મેળા ભરાય છે. ભોઇ લોકો છડીનો ખાસ મહોત્સવ પણ ઉજવે છે.

## • ગુમાનદેવ (તા.ઝઘડીયા) :

ભરૂચ જિલ્લામાં ઝઘડિયા તાલુકાના કાવેરી નદી કિનારે વસેલા ઉચેડિયા ગામમાં આવેલું હનુમાનજીનું પ્રસિધ્ધ મંદિર તરીકે જાણીતું છે. ગુમાનદેવ મંદિર તરીકે જાણીતા રામભકત હનુમાનજીના આ મંદિરમાં હનુમાનજીની ઘડયા વગરની મોટા કદની પથ્થરની ભવ્ય મૂર્તિ આવેલી છે. હનુમાન જયંતીએ અહીં ઉત્સવ જેવું વાતાવરણ હોય છે. શિવ મંદિર પણ આવેલું છે. ઉચેડિયાની ભૂમિ મોક્ષતીર્થ કે તપોભૂમિ તરીકે ઓળખાય છે.

શ્રાવણ માસના દર શનિવારે મોટો મેળો ભરાય છે. રતનપુરમાં જેમની દરગાહ આવેલી છે ત્યાં બાવાગોરનો મેળો રજબ-૯ દિવસે ભરાય છે. ત્યાં બાવાગોર મધ્ય યુગમાં થઇ ગયેલ હબસી સંત હતા.



## • કબીરવડ (તા.ભરૂચ) :

સંત કબીર સાથે સંકળાયેલું આ ક્ષેત્ર ભાવકોમાં અનેરું મહાત્મય ધરાવે છે. એક માન્યતા પ્રમાણે નર્મદા કિનારે વિહાર કરતા કબીરજી સંવત ૧૪૬૫માં મંગલેશ્વર વિસ્તારમાં આવેલા. તેઓ અહીં રોકાયેલા. લોકવાયકા પ્રમાણે શ્રી તત્વા જીવા



નામના બે ભાઈઓએ સદ્‌ગુરુ કબીર સાહેબના ચરણ કમળનું ચરણામૃત સુકાયેલ વડના ઠૂંઠા ઉપર નાખતા વડ લીલોછમ થઈ ગયો તે કબીરવડ છે અને એમાંથી આ મહાકાય વડનું નિર્માણ થયું. ચારે બાજુ નર્મદા મૈયાના આલિંગનથી અનોખી ભાવસૃષ્ટિ સર્જતા આ વટવૃક્ષનું મૂળ થડ કયું છે તે નક્કી કરવું મુશ્કેલ છે. ભરૂચથી ૧૮ કિ.મી.ના અંતરે નર્મદાના અલૌકિક પ્રવાહની વચ્ચે આવેલા આ સ્થળને માણવું જીવનનો એક લ્હાવો છે.

**● સ્તંભેશ્વર (કાવી-કંબોઇ), તા.જંબુસર :**

જિલ્લાના જંબુસર શહેરથી ત્રીસેક કિ.મી.ના અંતરે આવેલા કંબોઈ ગામે દરિયામાં જ મહીસાગર સંગમ તટે આવેલા ગુપ્તક્ષેત્ર તરીકે ઓળખાતા સ્થળે બિરાજમાન સ્તંભેશ્વર મહાદેવનાં દર્શન કરવાં અલભ્ય લ્હાવો છે. દરિયાની વચ્ચે આવેલા આ શિવલીંગના દર્શન ઓટ સમયે થઈ શકે છે. દરિયામાં ભરતી આવે ત્યારે સમુદ્રનાં પાણી શિવલિંગ ઉપર ફરી વળે છે. શિવલિંગ સુધી જવા માટે પાકો રસ્તો બનાવાયો છે.

શ્રી મહીસાગર સંગમ તીર્થ કંબોઈમાં શિવનંદન અને દેવોના સેનાપતિ કાર્તિકેયજી દ્વારા સ્થાપિત સ્તંભેશ્વર મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ માસમાં મેળો ભરાય છે. અહીં રહેવાની-ભોજનની વ્યવસ્થા છે.

**● છડી ઉત્સવ/મેઘ મેળો :**

મેઘરાજાની સાથે સાથે એક દિવસ પહેલાં શ્રાવણ વદ-૯ના રોજ છડીનો ઉત્સવ ઊજવાય છે. ભોઈ જ્ઞાતિના ઈષ્ટ દેવ ઘોઘારાવનું મંદિર ભરૂચ ભોઈવાડામાં છે. તેની સવારી ઘોડા પર નીકળે છે. માથે લાલ પાઘડી અને કુર્તાનો મધ્યકાલીન વીર સૈનિકને છાજે એવો એમનો પોશાક છે. છડી તે ઘોઘારાવનું રાજ ચિહ્ન છે. આ છડી લગભગ ત્રીસેક ફૂટ ત્રિજયાના વર્તુળાકારમાં ઘેરાવાવાળું ઊંધા શંકુ આકારનું નેતર કે વાંસનું ચમ્મ્ર હોય છે. ચમ્મ્રની આજુબાજુ જરી ભરતનું કાપડ વીંટાળાય છે અને ધજા મૂકાય છે. ચમ્મ્રને ફૂલના તોરણથી શણગારવામાં આવે છે. છડીના આખા વાંસને લાલ કસુંબાના કાપડથી મઢી દેવાય છે. નોમના દિવસે સરઘસ નીકળે છે અને દશમને દિવસે સવારે ભોઈવાડામાં લાવવામાં આવે છે. ભરૂચમાં છડી અને મેઘરાજાને અનુલક્ષીને ચાર દિવસનો મેળો ભરાય છે.

ભરૂચમાં ઊજવાતો મેઘમેળો એક અનોખો ઉત્સવ છે. સમગ્ર ભારતમાં કદાચ કયાંય મેઘરાજાના આવા ઉત્સવની પ્રણાલિકા નથી. દર વર્ષે શ્રાવણ વદ નોમના દિવસે મેઘરાજાની છડી ઝુલાવવાનો ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવની મૂળ શરૂઆત કરનાર યાદવ વંશની ભોઇ નામની પેટા જ્ઞાતિ છે.



**● શુકલતીર્થનો મેળો :**

ભરૂચથી ૧૦ કિ.મી. દૂર આવેલું સુપ્રસિદ્ધ યાત્રાનું સ્થળ છે. શુકલતીર્થ ગામે કાર્તિકી પૂનમનો મોટો મેળો ભરાય છે. ત્યાં ઓમકારેશ્વર અને શુકલેશ્વર મહાદેવના મંદિરોમાં લોકો ભકિતભાવથી પૂજા કરે છે. ભાડભૂત અને કડોદમાં ભારેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવના મંદિરો છે. આ સ્થળોએ અધિક ભાદરવા અને અધિક વૈશાખ માસમાં મોટા મેળા ભરાય છે.

**● ભાડભૂતનો મેળો :**

ભરૂચ શહેરના નર્મદા કિનારે ભાડભૂતેશ્વર મંદિર આવેલું છે. શિવલીંગનાં દર્શનાર્થે આધ્યાત્મિક મેળો દર અઢાર વર્ષે ભરાય છે. ૧૮મી સદીમાં બધાયેલ ભાડભૂતેશ્વર મહાદેવ, ઉપરાંત અહીં નર્મદાજીનું મંદિર, પંચમુખી મહાદેવ મંદિર, અંબાજી મંદિર, રામજી મંદિર, સત્યનારાયણ મંદિર, દત્તાત્રેય મંદિર, સૂર્ય મંદિર,બળિયાદેવ મંદિર, ભૈરવી માતા,

રણછોડજી તથા નિલકંઠ મહાદેવ વગેરેના મંદિરો તથા એક મસ્જિદ પણ આવેલી છે.

### ● રતનપોર :



જિલ્લા મથક ભરૂચથી ૨૫ કિ.મી. ના અંતરે આ ગામ વસેલું છે. અહીં જૂના વખતમાં રત્નગિરિ હશે એમ મનાય છે. તેના અવશેષો વચ્ચે જંગલમાં આદિવાસીઓની વસતીવાળું આ રત્નપુર અથવા રતનપોર આવેલું છે. રત્નોને જમીનમાંથી ખોદી, પકવી, ઘાટ ઘડવાના કામ કરતા સીદી લોકોની અહીં વસાહત હતી. રતનપોર ગામથી બે કિ.મી. ના અંતરે દૂર બાવાઘોરનો ડુંગર ઉપરાંત બે જૂની દરગાહો, ડુંગર પર દૂધિયું તળાવ છે. દર વર્ષે ભાદરવા માસના છેલ્લા ગુરુવારે તથા રજબ માસની ૯ અને ૧૦ તારીખે મેળો ભરાય છે.

### ● કોટેશ્વર મહાદેવ - કડોદ :



ભરૂચથી ૧૪ કિ.મી.ના અંતરે શુકલતીર્થની નજીક આવેલું કોટેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર નર્મદા યાત્રાના યાત્રિકો માટે અનોખું મહત્ત્વ ધરાવે છે. કડોદ ગામે નર્મદા તટે આવેલા આ મંદિરે દર ૧૮ વર્ષે યોજાતી નર્મદા યાત્રા સમયે મોટો મેળો ભરાય છે.

### ● નંદાનો મેળો :

ભરૂચ તાલુકામાં આવેલી આ જગ્યાએ નંદા દેવીનું મંદિર આવેલું છે. ભગવાન શ્રીકૃષ્ણના બહેન હોવાનું અને નર્મદા તટે તેમણે તપશ્ચર્યા કરી હોવાનું મનાય છે. દર ૧૮ વર્ષે અહીં ભરાતો મેળો આ જગાની વિશિષ્ટતા છે.

### ● હઠીલા હનુમાનજી :



ભરૂચ - જંબુસર રોડ ઉપર આવેલું રામ ભકત હનુમાનજીનું આ પ્રસિધ્ધ મંદિર જાણીતું છે. અહીં દર શનિવારે લોકો દર્શનાર્થે ઉમટી પડે છે. ખાસ કરીને શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે. આ મંદિર પણ પ્રાચીન હોવાનું માનવામાં આવે છે.

### ● જિલ્લાના શિલ્પ સ્થાપત્ય અને પુરાતન વારસો કડીયા ડુંગર, પાંડવ ગુફા, (તા. ઝગડીયા) :

ઝગડીયા તાલુકા ક્ષત્રિય કાળના તેના પ્રાચીન સ્થાપત્યથી સમૃધ્ધ છે. અહીં કડીયા ડુંગરમાં ખડકમાંથી કોતરીને બનાવેલ બૌદ્ધ ગુફાઓ પુરાતન સ્થાપત્યોમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. જે ઈસવીસન પહેલી કે બીજી સદીમાં બંધાયા હોવાનું માનવામાં આવે છે અહીં પાંડવોએ વનવાસનો કેટલોક સમય વિતાવ્યો હોવાની લોકમાન્યતા છે. પ્રાચીન બૌદ્ધ સ્થાપત્યની અદ્દભુત શૈલી માની શકાય છે.




# ભાવનગર જિલ્લો








અ મ દા વા દ
બો ટા દ
અ મ રે લી
ભા
ર
ત
અ મ રે લી
ભાવનગર
ગઢડા
વલ્લભીપુર
ઉમરાળા
સિહોર
પાલીતાણા
ગારિયાધાર
તળાજા
મહુવા
ઘોઘા
લાઠી
દામનગર
લીલિયા
રાજુલા
અરબ સાગર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: ભાવનગર** |
| સ્થાપના | : ઈ.સ. ૧૭૨૩- સંવત ૧૭૭૯, તિથિ અખાત્રીજ |
| સ્થાન | : ગુજરાતના દક્ષિણ-પૂર્વ સમુદ્ર કાંઠે. |
| વિસ્તાર | : ૬૬૬૪ (ચો.કિ.મી.) |
| કૃષિ વિસ્તાર | : ૪.૩૬ લાખ હેકટર<br>તાલુકા - ૧૦, નગર પાલિકા-૦૬, મહાનગર પાલિકા-૦૧ |
| શહેરોની સંખ્યૌ | : ૦૭ |
| જન્મદર | : ૨૦.૮ |
| મૃત્યુદર | : ૩૫ |
| વસતી (૨૦૧૧ મુજબ) | : કુલ ૨૪,૧૦૨૧૧, ગ્રામ્ય - ૧૪૧૧૧૩૪, શહેરી-૯૯૯૦૭૭ |
| અક્ષરજ્ઞાનનું પ્રમાણ | : ૭૬.૮૪ ટકા, પુરુષો-૮૪.૫૬ ટકા, સ્ત્રીઓ-૬૬.૨૪ ટકા |
| વન વિસ્તાર | : ૧૯,૮૮૩.૫૯ હેકટર |
| સાગરકાંઠો | : ૧૫૪ કિ.મી. |
| સિંચાઈ સુવિધા | : ૧,૬૩૮ હેકટર |
| પશુધન | : ૨૫,૩૫,૨૧૩ |
| શાળાઓ | : પ્રાથમિક શાળા-૧૦૩૪, માધ્યમિક શાળા-૧૯૬, ઉચ્ચતર માધ્યમિક શાળા-૧૬૮, ખાનગી શાળા-૧૭૭ |
| યુનિવર્સિટીઓ | : ૦૧, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગર, |
| મહત્વની ખેતપેદાશો | : મગફળી, બાજરી, જુવાર, કપાસ, ઘઉં, ચણા, રાયડો, એરંડા, તલ |
| મહત્વની બાગાયત પેદાશ | : દાડમ, જમરૂખ, કેરી, ચીકુ, કેળા, પપૈયા |
| મહત્વની ખનીજો | : બોરચૂનાનો પથ્થર, મકાન બાંધવાનો પથ્થર, ઈંટો બનાવવાની માટી, બેન્ટોનાઈટ, રેતી, લિગ્નાઈટ, કાળો પથ્થર. |
| રેલવે લાઈન કિ.મી. | : ૨૮૨.૬૦ |
| રોડ રસ્તા કિ.મી. | : ૫૬૯૦ |
| બંદરો | : ૫ (પાંચ) મધ્યમકક્ષાનું ભાવનગર, નાના બંદર- મહુવા, ઘોઘા, તળાજા. |
| ઔદ્યોગિક વસાહતો | : ૧૦ |
| લઘુ ઉદ્યોગો | : ૮૫૮૯, કુટિર ઉદ્યોગ-૧૫૮૯૮ |
| ઉદ્યોગો | : મધ્યમ-૧૦૭, મોટા-૧૦ |
| આઈ.ટી.આઈ. | : ૧૦, મહિલા આઈ.ટી.આઈ.-૧ |
| દવાખાના | : ૨૩ |
| કોલેજ | : સરકારી આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, બી.એડ., નર્સિંગ-૧૭, સેલ્ફ ફાઈનાન્સ-૭૧<br>આયુર્વેદ કોલેજ-૧, મેડિકલ કોલેજ-૧ |
| કુલ ગામો | : ૬૯૨, ગ્રા.પં.-૬૫૬, બિન નિવાસી ગામ-૧૧ |
| આરોગ્ય સુવિધા | : પ્રા. આરોગ્ય કેન્દ્ર-૪૪, સામૂહિક આરોગ્ય કેન્દ્ર-૧૩, પેટા પ્રા. આરોગ્ય કેન્દ્ર-૩૦૧<br>હોમિયોપેથીક દવાખાના-૫ |
| પશુ દવાખાના | : ૫ |
| પ્રા. પશુ સારવાર કેન્દ્ર | : ૧૯ |
| આંગણવાડી | : ૧૮૯૩ |
| સસ્તા અનાજની દુકાન | : ૭૦૩ |
| રેલવે સેવાઓ | : ભાવનગરથી અમદાવાદ-મુંબઈ - દિલ્હી-આસનસોલ-કાકીનાડા-કોચુવેલી સુધી |

| | |
|---|---|
| રાજ્ય પરીવહન સેવા | : ગુજરાતના તમામ જિલ્લાઓ સાથે સંકળાયેલી છે, ઉપરાંત મુંબઈ, પુના સીધી બસની સુવિધા |
| વિમાની પરીવહન સેવા | : ભાવનગરથી મુંબઈ-સુરત |
| યોજાતા લોકમેળા/લોકોત્સવ/ ધાર્મિક તહેવારો | : નિષ્કલંક મહાદેવ કોળિયાકનો મેળો, જૈન મેળો - પાલિતાણા, ઊંચા કોટડા ચામુંડા માતાજીનો મેળો, ખોડિયાર માતાજીનો મેળો, બગદાણા બજરંગ દાસ બાપાનો દર પૂનમે યોજાતો લોકોત્સવ |
| જોવા લાયક સ્થળો | : સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ, બહેરા-મૂંગા શાળા, ખોડિયાર મંદિર, પિરમબેટ (ઘોઘા), ગૌરીશંકર સરોવર, બાલવાટીકા, ગાંધી સ્મૃતિ, ગ્રંથાલય અને મ્યુઝીયમ ટેકરી ઉપર આવેલું તખ્તેશ્વર મંદિર, જ્યાંથી સમગ્ર શહેરનું વિહંગાવલોકન થઈ શકે છે. રૂવાપરી માતાજીનું મંદિર જ્યાં ખાસ કરીને શ્રાવણ માસમાં લોકો દર્શનાર્થે આવે છે. વલ્લભભાઈ પટેલ ગાર્ડન, પીલ ગાર્ડન, વિકટોરીયા પાર્ક, ફન પાર્ક (ઘોઘાગેટ) |
| અહીંની પ્રખ્યાત વસ્તુઓ | : ભાવનગરી ગાંઠીયા (મસાલાવાળા), પેંડા (કણીવાળા), દાડમ (મોસમમાં), જમરૂખ(મોસમમાં), સીતાફળ (મોસમમાં) જમાદાર કેરી અને કેસર કેરી (મોસમમાં), ગુલકંદ (પાલીતાણા), બોર, ગાંધી સ્મૃતિની હાથવણાટની ખાદી. |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : ૭ |
| લોકસભાની બેઠકો | : ૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : ૪૧ |
| તાલુકા પંચાયતની બેઠકો | : ૨૧૩ |
| ન્યાયાલયો | : શહેરના ન્યાયાલયો-૩૨,ગ્રામ્યના ન્યાયાલયો-૧૮ કુલ-૫૦ ન્યાયાલયો |
| નગરપાલિકાઓ | : ૮ |
| મહાનગરપાલિકાઓ | : ૧ |
| ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિઓ/માર્કેડ યાર્ડ | : ૧૧ |
| વ્યાજબી ભાવની દુકાનો | : ૮૧૧ |
| ખરીદ-વેચાણ સંઘો | : ૧૦ |
| ગ્રંથાલયો–વાંચનાલયો | : ૩૪ |

- **ભાવનગર :** જિલ્લાનું મુખ્ય મથક છે. ભાવનગરની સ્થાપના ઈ.સ. ૧૭૨૩માં મહારાજ ભાવસિંહજી પહેલાએ કરી હતી. ગાંધી સ્મૃતિ, સરદાર સ્મૃતિ, ગોરીશંકર તળાવ, બાર્ટન મ્યુઝિયમ, બંદર પરનો લાકગેઈટ, દરબારગઢ, તખતેશ્વરનું મંદિર, રૂવાપરીનું મંદિર વગેરે મુખ્ય જોવાલાયક સ્થળો છે.
- **પાલિતાણા :** પાલિતાણા પાસેની ૬૦૩ મીટર ઊંચી શેત્રુંજય પર્વતમાળામાં જૈનોનાં ૮૬૩ પ્રસિદ્ધ મંદિરો આવેલાં છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવજીનું આ સ્થાનક મનાય છે. આધુનિક યુગમાં બંધાયેલું 'સમવસરણ મંદિર' ગિરિરાજની તળેટીમાં આવેલું છે. આ શહેર 'મંદિરોના શહેર' તરીકે વિખ્યાત છે.
- **વલ્લભીપુર :** મૈત્રકોના સમયમાં આ સમૃદ્ધ અને જાહોજલાલીવાળું નગર હતું. વલ્લભીપુર વિદ્યાપીઠ જગમશહુર હતી. અહીંના સંગ્રહાલયમાં સિક્કાઓ અને તામ્રપત્રો સચવાયેલાં છે.
- **ઘોઘા :** પુરાણું બંદર છે. નવખંડા પાર્શ્વનાથજીનું મંદિર છે.
- **ખોડિયાર :** ખોડિયાર માતાનું પ્રસિદ્ધ મંદિર અને દાતણિયો ધરો છે.
- **વેળાવદર :** કાળિયાર માટેનો દુનિયાનો સૌથી મોટો રાષ્ટ્રીય પાર્ક અહીં છે.

- **ગોપનાથ :** દરિયાકિનારે ગોપનાથનું ભવ્ય શિવમંદિર આવેલું છે. શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે.
- **તલગાજરડા :** ગુજરાતના લોકપ્રિય સંત મોરારીબાપુનું જન્મસ્થળ છે.
- **મહુવા :** ફળ-ફળાદિના બગીચા માટે જાણીતું છે. અહીં લાકડાનાં રમકડાંનો ઉદ્યોગ વિકસ્યો છે.
- **તળાજા :** નરસિંહ મહેતાનું જન્મસ્થળ છે. અહીં જૈન મંદિરો અને બૌદ્ધ ગુફાઓ છે.
- **શિહોર :** આ શહેર તાંબા-પિત્તળનાં વાસણોના ગૃહ ઉદ્યોગ માટે જાણીતું છે. ગોમતેશ્વરનું મંદિર અને બ્રહ્મકુંડ જાણીતાં છે.
- **હાથબ :** રમણીય દરિયાકિનારો છે. દરિયાકિનારે કાચબા ઉછેર કેન્દ્ર છે.
- **અલંગ :** ગુજરાતનું બંદર છે. એશિયાનું સૌથી મોટું શીપ બ્રેકિંગ યાર્ડ (બિનઉપયોગી જહાજ ભાંગવાનો ઉદ્યોગ) અહીં આવેલું છે.
- **બગદાણા :** સંતશ્રી બજરંગદાસ બાપાનો આશ્રમ છે. બગડ નદીના કિનારે બગડેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે.

કલા નગરી તરીકે ખ્યાતિ પ્રાપ્ત ભાવનગરની સ્થાપનાથી આજ દિન સુધીની વાત....

મારવાડના ખેરગઢથી સૌરાષ્ટ્રમાં ઉતરી આવેલા ગોહિલ રાજવંશના મૂળ પુરુષ સેજકજીએ સાયલા પાસે સેજકપુર વસાવી પ્રથમ ગાદી સ્થાપી, ત્યાંથી રાણપુર, પછી ઉમરાળા, ઘોઘા, શિહોર અને ત્યારબાદ ઈ.સ. ૧૭૨૩, સવંત ૧૭૭૯ના વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજના દિને વડવા ગામ પાસે ભાવનગરની સ્થાપના કરી, બંદર તરીકે ભાવનગરની આબાદી ખીલવવાના ઉદેશ્ય સાથે નગરનો ઘણો વિકાસ થયો. ત્યારબાદ લડાઈ ચડાઈના એ યુગમાં ઠાકોર વખતસિંહજીએ ભાવનગર રાજ્યનો દક્ષિણમાં મહુવા, રાજુલા અને પશ્ચિમમાં છેક મિતીયાળા, સલડી, લીલીયા સુધી રાજ્યનો વિસ્તાર વધાર્યો.



શિક્ષણ, કલા, સાહિત્ય અને સંસ્કારીતાના સમન્વયથી ભાવનગરના રાજવીઓએ એ જમાનામાં આગવી લોક ચાહના પ્રાપ્ત કરી હતી. ફક્ત ખેતી અને મજૂરી પર જ નિર્ભર એ યુગમાં દુષ્કાળ કે અતિવૃષ્ટિ જેવા આપત્તિકાળમાં ભાવનગરના રાજવીઓએ ઉદારદિલે પ્રજાને મદદ કરવા ઠેર ઠેર કૂવા-તળાવો ખોદાવી, ગરીબખાના ખોલાવી, તગાવી માફ કરી રૈયતને રાહત આપી હતી. ભાવનગર રાજ્યના રાજા અને પ્રજાના વફાદાર તરીકે નામના પ્રાપ્ત કરનાર કાબેલ દીવાન તરીકે ગગા ઓઝા, શામળદાસ અને પ્રભાશંકર પટ્ટણીનું યોગદાન આજે પણ ચીર સ્મરણીય છે.

વિસ્તારવાદી પ્રવૃત્તિના યુગથી માંડી આધુનિક યુગના પ્રભાત સુધીમાં ભાવનગરમાં અનેકવિધ વિકાસ, સુધારા અને પ્રજાકીય કાર્યો થયા છે.




શિક્ષણ ક્ષેત્રે આગવી પ્રગતિ સાધનાર ભાવનગરમાં ૧૮૫૨માં મહારાજા જશવંતસિંહજીના સમયમાં પ્રાથમિક શાળા શરૂ થઈ હતી ત્યારથી શિક્ષણનો પાયો નંખાયો હતો. કન્યા કેળવણીને ઉત્તેજન આપવા જશવંતસિંહજીએ પોતાના કુંવરીને પણ શાળામાં દાખલ કર્યા હતા. ત્યારબાદ રાજ્યમાં ઉત્તરોત્તર શિક્ષણ સાથે કલા અને સાહિત્યની આગેકૂચ જારી રહી હતી.

આધુનિક ભાવનગરના શિલ્પી તરીકે મહારાજા તખ્તસિંહજીએ રેલવે, શાળાઓ, હાઈસ્કૂલો, તખ્તસિંહજી હોસ્પિટલ, પુસ્તકાલયો તેમજ કૃષિ વિકાસ માટે અનેક કૂવાઓ, તળાવો બંધાવ્યા હતા. તખ્તસિંહજી બાદ ગાદીએ આવેલા મહારાજા ભાવસિંહજી(બીજા) કલાપ્રિય રાજવી હતા. તેમણે સુપ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માને ભાવનગર નિમંત્રી કલાકારોને તેમની પાસે કલાવિદ્યા શીખવી હતી. ભાવસિંહજીને સંગીતનો જબરો શોખ હતો. નિલમબાગ પેલેસમાં તેમણે પિતળીયો બંગલો સંગીત દરબાર તરીકે અલગ રાખ્યો હતો. અહીં સવાર-સાંજ સંગીતના સૂરો લહેરાતા ગવૈયાઓનો ઝમેલો રહેતો. ભાવનગરના કલાકાર ડાહ્યાલાલ તથા સુરજરામ નાયક વ્રજભાષામાં પદો રચી ગાતા. મશહુર બીન વાદ રહીમખાન તથા ગાયિકા ચંદ્રભાગા સંગીતની મહેફીલોમાં રંગ જમાવતા. ગાયકવૃંદના સહકારથી ભાવસિંહજીએ સંગીતમાળા ચાર ભાગમાં, સંગીત વિનોદ, સંગીત બાલોપદેશ, હોરેશીયમ અને ઈલીયડના છ ભાગ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરાવ્યા હતા. ભાવસિંહજીના રાજ્ય અમલમાં દીવાન પ્રભાશંકર પટ્ટણીના સુદીર્ઘ વહીવટથી ભાવનગરની કિર્તી ચોમેર પ્રસરી હતી.







ભાવસિંહજી બાદ ગાદીએ આવેલા મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ઉદારચરીત માનસથી ખરા અર્થમાં પ્રજાકિય શાસન ચલાવી સમગ્ર રાજ્યની પ્રજાના દિલ જીતી લીધા હતા. આ પ્રજાવત્સલ રાજવીએ આઝાદીના ઉષાકાળમાં પ્રજા પરિષદ અને પોતાની રૈયતને બધા અધિકારો આપ્યા હતા. આઝાદી સમયે સ્વતંત્ર ભારતને પોતાનું રાજ્ય અર્પણ કરવામાં પહેલ કરનાર કૃષ્ણકુમારસિંહજીએ મદ્રાસના ગવર્નર તરીકે પણ અદ્‌ભૂત ચાહના પ્રાપ્ત કરી હતી.

ભાવનગરના ઉદારચરીત, ધર્મિષ્ઠ અને રૈયતની ખેવના રાખનાર રાજવીઓએ લોકકલ્યાણની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છુટા હાથે નાણાંનો યથાયોગ્ય ઉપયોગ કર્યો હતો. પરિણામે શહેરની ભાગોળે ગૌરી શંકર તળાવ, નગરમાં હાઈસ્કૂલો, કૉલેજો, અખાડા, વોટર ફિલ્ટર પ્લાન્ટ, હૉસ્પિટલો, મંદિરો, મુસાફરખાના, શિક્ષણ સંસ્થાઓ, રોડ, ગટર, વીજ સાધનો વગેરે ઉપલબ્ધ થયા હતા.

આઝાદી બાદ નૂતન ઘડતરમાં ભાવનગરમાં આધુનિક શોધ સંશાધનો અને જ્ઞાન વિજ્ઞાનના સમન્વયથી સ્થપાયેલ સંસ્થાઓ તેમજ ઉદ્યોગથી આજે ભાવનગર ધમધમી રહ્યું છે.

આમ પૂર્વ સૌરાષ્ટ્રમાં આવેલા ગોહિલવાડ મુલકમાં ગોહિલોએ રાજકર્તા તરીકે યશસ્વી કારકિર્દી સાથે ઈતિહાસમાં આગવું સ્થાન મેળવ્યું છે. જૂના ભાવનગરની બાંધણી અને ત્યારબાદ આધુનિક શહેરના નિર્માણ સાથે છેક રાજવી કાળથી આજ દિન સુધી ભાવનગરે અનેકવિધ ક્ષેત્રે વિકાસ સાધ્યો છે.





# બોટાદ જિલ્લો






સુરેન્દ્રનગર
અમદાવાદ
ભાવનગર
રાજકોટ
અમરેલી
રાણપુર
બોટાદ
ગઢડા
બરવાળા
ધંધુકા
વલ્લભીપુર
ઉમરાળા
સિહોર
ભાવનગર
દામનગર
ઢસા જં.
પાળિયાદ
સાળંગપુર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: બોટાદ** |
| સ્થાપના વર્ષ | : ૨૦૧૩ |
| ભૌગોલિક સ્થાન | : ૨૧.૭૦ ઉ. અક્ષાંશથી ૭૧.૪૦ પૂર્વ રેખાંશ |
| તાલુકાની સંખ્યા | : ૪ (બોટાદ, બરવાળા, રાણપુર, ગઢડા) |
| વડુ મથક | : બોટાદ |
| કુલ ક્ષેત્રફળ | : ૨,૪૦૦.૬૯ ચો.કી.મી. |
| સરેરાશ વરસાદ | : ૫૩૨ મી.મી. |
| મહેસૂલી ગામો | : ૧૮૮ |
| ગ્રામ પંચાયતો | : ૧૮૦ |
| શહેરોની સંખ્યા | : ૦૫ |
| નગરપાલિકાઓ | : ૦૩ |
| વસતી (વર્ષ ૨૦૧૧ મુજબ) | : કુલ - ૬૫૩૮૧૪ (શહેરી-૨૦૯૫૪૨, ગ્રામ્ય-૪૪૪૨૭૨) |
| શૈક્ષણિક સંસ્થાઓ | : પ્રાથમિક શાળાઓ-૩૦૩, માધ્યમિક શાળાઓ-૧૧૬ અને ઉ.મા. શાળા-૭૮ |
| કૉલેજો | : ૧૯ |
| આઈ.ટી.આઈ. | : ૦૫ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | : ૨૦ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | : ૦૫ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | : ૮૮ |
| પશુ દવાખાના | : ૧૦ |
| આંગણવાડીઓ | : ૫૬૯ |
| મધ્યાહન ભોજન કેન્દ્ર | : ૨૫૧ |
| રેશનકાર્ડ ધારકો | : ૯૬૧૮૩ (એપીએલ-૬૨૫૪૭, બીપીએલ-૨૫૬૪૧, અંત્યોદય-૭૯૯૫) |
| રાષ્ટ્રીયકૃત બેન્કો | : ૩૫ |
| પોલીસ સ્ટેશન | : ૦૬ |
| હોટલ પરવાનેદાર | : ૭૭ |
| ફાયર ફાઈટર | : ૦૬ |
| આરામ ગૃહ | : ૦૫ |
| પી.જી.વી.સી.એલ સબસ્ટેશન | : ૨૧ |
| જિલ્લા પંચાયતના સભ્યો | : ૨૦ |
| તાલુકા પંચાયતના સભ્યો | : ૭૮ |

રાજ્ય સરકારે જનતા સમક્ષ સંકલ્પ જાહેર કર્યો હતો ત્યારબાદ રાજયમાં નવા સાત જિલ્લાઓની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું. અને તા.૧/૮/૨૦૧૩થી સાત નવા જિલ્લા કાર્યરત થયા હતા. જેમાં બોટાદ જિલ્લાની રચના કરવામાં આવી છે. આ જિલ્લો અમદાવાદ વાયા ધંધુકા ભાવનગર વાળા રસ્તે આશરે ૧૬૦ કિ.મી. ના અંતરે શરૂ થાય છે અને ધંધુકા તાલુકાની હદ પૂરી થયા બાદ બરવાળા તાલુકો શરૂ થાય છે, એટલે બોટાદ જિલ્લો શરૂ થાય છે. આ જિલ્લાની રચના કરવા માટે અમદાવાદ જિલ્લાના રાણપુર, બરવાળા અને ભાવનગરના બોટાદ અને ગઢડા એમ બે તાલુકાનો સમાવેશ કરી કુલ ચાર તાલુકા ભેગા કરીને બોટાદ જિલ્લાની નવરચના કરવામાં આવી છે.

બોટાદને ભૌગોલિક દ્રષ્ટિએ જોઈએ તો બોટાદ એ ભાવનગર, અમદાવાદ, રાજકોટ અને સુરેન્દ્રનગર એમ

ચાર જિલ્લાની ચતુર્થ સીમાએ આવેલું છે કિલોમીટરની દૃષ્ટિએ ભાવનગરથી ૯૩ કિ.મી., સુરેન્દ્રનગરથી ૯૦ કિ.મી. રાજકોટથી ૧૨૦ કિ.મી. અને અમદાવાદથી ૧૫૪ કિ.મી. અંતરે આવેલું છે. બોટાદ ૨૧.૭૦° ઉત્તર અક્ષાંશ અને ૭૧.૪૦° પૂર્વ રેખાંશ પર સ્થિત છે,

વિદ્વાનો બોટાદ શબ્દનો અર્થ આ રીતે કરે છે. બોટાદ આથી બોટ એટલે ગોખરું જે જમીનમાં થતી કાંટાળી વનસ્પતિ જેને એક આયુર્વેદમાં ઉત્તમ ઔષધ ગણવામાં આવે છે. આદ એટલે સમુહ. જેનો અર્થ એવો થાય છે કે પુષ્કળ પ્રમાણમાં ગોખરું જે જમીનમાં થાય છે તે જમીન એટલે બોટાદ. આજે પણ બોટાદની આસપાસ પુષ્કળ ગોખરું થાય છે

હવે બોટાદના જૂના ઈતિહાસ તરફ નજર કરીએ તો બોટાદની સ્થાપના અને શરૂઆતના ઈતિહાસ માટે ઘણી લોકવાણીઓ છે. તેમાં એક વાત એવી છે કે, વાલમ નામના વણઝારાએ કચ્છના માતાના મઢના આશાપુરાના દર્શન માટે બાધા રાખી હતી કે, જો તેને ત્યાં પુત્ર થશે તો માતાના મઢે દર્શન કરશે. માતાજીની કૃપાથી વાલમ વણઝારાને ત્યાં પુત્ર થયો. વાલમે માતાના મઢે દર્શન કરવા માટે વણઝાર ઉપાડી, વચ્ચે ઉતાવળી અને મધુ નદી આવી ત્યાં ટેકરા ઉપર વણઝારાએ મુકામ કર્યો ત્યારે રાત્રે માતાજીએ સ્વપ્નમાં દર્શન આપ્યા અને કહ્યું કે આ ટીંબા ઉપર મારું મંદિર બંધાવ. વાલમ વણઝારાએ સ્વપ્નની હકીકત પ્રમાણે એ ટીબા પર માતાજીનું મંદિર બંધાવ્યું. શકિત પંથની જૂની રીત પ્રમાણે મૂર્તિ નહીં પણ પહેલા ફકત સ્થાપના કરવામાં આવતી હતી. ૬૦૦ વર્ષ સુધી ફક્કડ ગીરધારી સાધુઓનો ડેરો(ધૂણો) ત્યાં રહ્યો હતો ત્યારબાદ મંદિરની સ્થાપના થઈ હતી. મંદિર ઊંચી ટેકરી પર હતું તેની ત્રણે બાજુ ટેકરીની તળેટી સુધી ચડવા-ઉતરવા માટેના પગથિયાં હતાં આ મંદિર આજના બોટાદની મધ્યમાં ઊંચાઈ પર આવેલું અંબાજી માતાનું મંદિર એમ માનવામાં આવે છે. વખત જતાં પગથિયાં પૂરાઈ જતાં ત્યાં બજારો અને વસતીના રહેણાંકના મકાનો થઈ ગયા છે.







બોટાદની સ્થાપના વિશે એક સુંદર દંતકથા લોકજીભે રમે છે. સંવત ૧૭૨૨ના વખતની વાત છે, એક ચારણ કુટુંબ પહાડી વિસ્તારમાં આવ્યું અને નદી કાંઠે સાંજે અંધારું થવા લાગ્યું હતું ત્યારે તેઓએ રાતવાસો કરવાનો વિચાર કર્યો. ત્યારબાદ ચારણ યુવાન નદીમાં પાણી ભરવા જાય છે ત્યારે અચાનક બંદૂકનો અવાજ આવ્યો અને શાંત હવાને પસાર કરતી ગોળી છૂટી અને યુવાનના કાળજાને પાર કરતી નીકળી ગઈ અને એક મોટી ચીસ પડી અને શિકારીના હાથમાંથી બંદૂક પડી ગઈ. ત્યારે તેને પોતાની ભૂલ સમજાઈ. ત્યારે રામાયણ કાળના સમયનું શ્રવણ અને રાજા દશરથના દ્રશ્યનું પુનરાવર્તન થયું. ત્યારબાદ આ ચારણ યુવાનના માતા-પિતાએ શિકારીને શ્રાપ આપ્યો. જયાં ચારણનું લોહી હતું ત્યાં એકનાએક લાકડીના ટેકા જેવા પુત્રની હત્યા થઈ, નદીમાં પાણી નહિ રહે. આ વંશ તારો નિર્વંશ થઈ જશે. આ શિકારી એ સમયના મજબૂત કાઠી આગેવાન શ્રી ભોજાભાઈ ખાચર, ભોજાભાઈ ચારણ યુવાનના માતા-પિતાને પોતાને ઘરે લઈ આવ્યા. ખૂબ સરભરા કરી અને શ્રાપમાંથી મુકિત મેળવવાના પ્રયત્નો કર્યા. મોટા દિલના આ દંપતિએ કહ્યું કે તે જાણીને નથી કર્યુ, પરંતુ અજાણતાથી થયું છે. જે વાણી નીકળી ગઈ તે પાછી નથી ફરતી, પરંતુ તારી સાતમી પેઢી નિર્વંશ જશે. આ નદીમાં પાણીમાં નહિ રહે આ નદી એ જ બોટાદ ગામમાંથી પસાર થતી



ઉતાવળી નદી અને ભોજાભાઈએ સંવત ૧૭૨૨ વૈશાખ સુદ ૩ ના દિવસે ઊંચાણવાળી જગ્યાએ ગામની સ્થાપના કરી હતી તે જ આજનું બોટાદ. મનની શાંતિ માટે વસતી વસાવી ધાર્મિક સ્થળો બનાવ્યા. બોટાદ જિલ્લાના ચારેય તાલુકા એવા છે જયાં ધાર્મિક ભાવના જળવાઈ રહે તેવા ધાર્મિક સ્થળો આવેલા છે.

બરવાળા તાલુકામાં ચાર ધાર્મિક સ્થળો આવેલાં છે તેમાં ભીમનાથ મહાદેવ, આ ભીમનાથ મહાદેવની એવી દંતકથા છે કે, જયારે ભીમે તપ કરીને મહાદેવને રીજવેલા અને ભીમે એ સમયમાં મહાદેવનું શિવલિંગ બનાવીને પૂજા કરી હતી. ત્યારથી આ જગ્યા ભીમનાથ મહાદેવ તરીકે ઓળખાય છે. બીજુ કુંડળ સ્વામિનારાયણ મંદિર ખૂબ જ પ્રખ્યાત છે. આ મંદિરનું વાતાવરણ ખૂબ જ આહ્‌લાદક અને શાંતિ પમાડે એવુ છે. આ મંદિરના પરિસરમાં સરસ મજાની શાળાઓ પણ છે

સારંગપુરમાં કષ્ટભંજન હનુમાનજીનું મંદિર છે, આ મંદિર વિશે ઐતિહાસિક કથા અનુસાર જયારે ગોપાળાનંદ સ્વામી હનુમાનજી મહારાજને પ્રસન્ન કરી આ જગ્યાએ તેમનો (હનુમાનજીનો) સાક્ષાત્કાર કર્યો હતો, તદ્‌ઉપરાંત એવી માન્યતા છે કે ભૂત, પ્રેત, વળગાડ વગેરે હોય તો લોકો આ મંદિરે આવે છે અને આ મંદિરમાં વળગાડને ભગાડે છે એટલે આ મંદિરમાં દેશ વિદેશથી પણ લોકો આવે છે.

ભગવાન સ્વામિનારાયણે પોતે સારંગપુરમાં ઘોડો ફેરવી અને કહ્યું હતું કે, અમે આ જગ્યાએ છીએ અને અહિં મંદિર બનાવવા માંગીએ છીએ. તેવી પોતાના ભકતો આગળ શ્રીજી મહારાજે ઈચ્છા વ્યકત કરી હતી અને લાડુબા અને જીવુબાને કોલ આપ્યો હતો. આ આશરે સો (૧૦૦) વર્ષ પહેલાની વાત છે, તે જ જગ્યાએ લીબડીના દીવાન પાસેથી જમીન મેળવી સંવત ૧૯૭૨ વૈશાખ સુદ ૧ (એકમ)ના રોજ સારંગપુરમાં ગગનચુંબી શિખરબધ્ધ મંદિર બનાવ્યું હતું.

બોટાદ તાલુકાનાં પાળિયાદમાં બીજુ ધાર્મિક મંદિર સ્વયંભૂ વિરાટેશ્વર મહાદેવનુ મંદિર છે. થોડાક વર્ષો પહેલાની વાત છે બોટાદમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને શિવજીના ઉપાસક પ્રેમશંકર દવેને ભોળાનાથ સ્વપ્નમાં આવ્યાં અને કહ્યું હતું કે, સાળંગપુર રોડ ઉપર પથ્થરની ખાણની વચ્ચે શિવલીગ છે. ત્યાં ખોદકામ કરતા તે જગ્યાએ સાત ફૂટ પહોળી અને ૧૪ ફૂટ ઘેરાવો ધરાવતું શિવલીગ મળી આવ્યું હતું. બ્રાહ્મણોએ સાથે મળીને આ ભવ્ય મંદિર નિર્માણ કર્યું. ૨૦૧૧ના શ્રાવણ માસમાં બાર જયોતિર્લિંગની સ્થાપના પણ કરવામાં આવી છે. ખરેખર આ સ્થળે ભગવાન શંકર સ્વયંભૂ પ્રગટેલા હોય તેવો અલૌકિક અહેસાસ થાય છે.

એક સમયમાં ગઢપુર નામે ઓળખાતા એવા ગઢડામાં શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ૨૮ વર્ષ રહ્યા હતા ત્યારબાદ તેઓ(સ્વામિનારાયણ ભગવાન)ના પુનિત હસ્તે આ મંદિરનું નિર્માણ થયેલું તેમના અપાર સ્નેહના કારણે ઘેલા નદીના કિનારે ટેકરા ઉપર મંદિર બનાવવાની ઈચ્છા હતી. આથી તેમણે જીવા ખાચરને પૂછ્યું તો તેમણે ના પાડતા તેઓ સાળંગપુર આવતા રહ્યા હતા અને તેમની પાછળ દાદા ખાચર અને તેમનો પરિવાર આવ્યા હતા અને શ્રીજી મહારાજને પોતાનો દરબાર દાદા ખાચરે અર્પણ કર્યો હતો અને સ્વામિનારાયણ ભગવાને જાતે ત્રણ શિખરનું મંદિર બનાવ્યું હતું. આશરે ૨૦૦ વર્ષ પહેલાં આ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

### રાણપુર તાલુકાની ટૂંકી ઝલક

રાણપુર એ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી અને મહાન પત્રકાર અમૃતલાલ શેઠની કર્મભૂમિ છે. હાલ રાજકોટથી પ્રસિદ્ધ થતા અખબાર ફૂલછાબની જન્મભૂમિ રાણપુર છે. કસુંબલ રંગના ગાયક અને સર્જક મેઘાણીના સાહિત્ય સર્જન અમૃતલાલ શેઠના મહાન પત્રકારત્વની ભૂમિ એવા રાણપુરની સ્થાપના ઈ.સ. ૧૩૧૦માં થઈ રાણાજી ગોહિલે ભાદર અને ગોમા બે નદીઓની વચ્ચે કિલ્લો બાંધીને નદીને કાંઠે રાણપુર વસાવેલું આઝાદીની લડતમાં રાણપુરની પ્રજાએ મેઘાણી અને અમૃતલાલ શેઠના નેતૃત્વ નીચે સક્રિય ભૂમિકા ભજવી હતી.

સલ્તનત પેશ્વા અને બ્રિટીશ હકુમતની પૃષ્ઠ ભૂમિકા ધરાવતા રાણપુર તાલુકામાં સુખભાદર, ગોમા, લીડીયો, ઉતાવળી અને નિલકા નદીઓ આવેલી છે. રાણપુર તાલુકો સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાની સરહદે આવેલો સૌરાષ્ટ્ર-કાઠીયાવાડની અસર ધરાવતો તાલુકો છે. અમદાવાદ, ભાવનગર અને રાજકોટ રાણપુરથી લગભગ ૧૦૦ થી ૧૫૦ કી.મી.ના અંતરે આવેલા શહેરો છે. રાણપુરથી નજીક સુરેન્દ્રનગર શહેર આવેલું છે. રાણપુર તાલુકાના મોટાભાગના ગામડાઓ સડકમાર્ગે જોડાયેલા છે. તેમજ હાલ રાણપુરમાં બ્રોડગેજ રેલવે લાઈનનું કામ પૂર્ણ થયું છે. આ તાલુકામાં ૩૪ રેવન્યુ વિલેજ આવેલા છે. બૃહદ ધંધુકા તાલુકામાંથી રાણપુર તાલુકાની નવરચના થયેલા છે.





ખેતી એ આ તાલુકાનો મુખ્ય વ્યવસાય છે. બેરીંગ ઉદ્યોગ, ક્વોરી ઉદ્યોગ અને ઊન-ખાદી ઉદ્યોગ તથા હીરા ઉદ્યોગ વિકસ્યા છે. ટેક્ષપીન, આર.એમ.પી.બેરીંગ અને વઢવાણા મશીન વર્કસ જેવી બેરીંગ કંપનીઓ રાણપુરની શાન છે. ભાલ નળકાંઠા અને ખાદી ગ્રામોદ્યોગ મંડળ આ વિસ્તારની ઉની ખાદીની પ્રખ્યાત સંસ્થા છે. કપાસ, જીરૂ, ઘઉં, બાજરી, તલ, શાકભાજી વગેરે અહીંના મુખ્ય પાકો છે. સિંચાઈની સુવિધા પૂરતી નથી. રાણપુરને મહીપરિએજ અને ભડલા ડેમની પાઈપલાઈનથી પીવાના પાણીની સવલત મળે છે.



૪૦ પ્રાથમિક શાળાઓ, ૫ હાઈસ્કૂલો, એન.એમ.ગોપાણી પોલિટેકનિક ઈન્સ્ટીટ્યૂટ, ૪ ખાનગી શાળાઓ, આઈ.સી.ડી.એસ. સંચાલિત આંગણવાડીઓ, બાલ મંદિરો, ૭ જૂથ સંશાધન કેન્દ્રો અને તાલુકા કક્ષાએ બ્લોક રિસોર્સ સેન્ટર વગેરે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આરોગ્ય ક્ષેત્રે રાણપુરમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર, સાત ખાનગી આરોગ્ય કેન્દ્રો અને જાળીલા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આ તાલુકામાં આવેલા છે. સાત પગલા આકાશમાં નવલકથાના લેખિકા કુંદનિકાબેન કાપડીયા અને લેખક કુમારપાળ દેસાઈ પણ મૂળ રાણપુરના વતની છે. ચોટીલા, ભીમનાથ, મહાદેવ, સાળંગપુર, ઝાંઝરકા, પાળીયાદ, લોયાધામ વગેરે રાણપુરની નજીક આવેલા તીર્થસ્થળો છે. રાણપુરમાં આવેલો રાણાજી ગોહિલનો કિલ્લો આ વિસ્તારનું જોવાલાયક સ્થળ ગણાય છે.

**આમ આ તાલુકો ગૌરવવંતો ઈતિહાસ ધરાવે છે.**

**રક્ત ટપકતી સો સો જોળી, સમરાંગણથી આવે,**
**કેસર વરણી સમરસેવિકા, કોમલ સેજ બીછાવે,**
**ઘાયલ મરતા મરતા, માતની આઝાદી ગાવે.**

**– ઝવેરચંદ મેઘાણી**



# છોટાઉદેપુર જિલ્લો







પંચમહાલ
દાહોદ
વડોદરા
નર્મદા
મધ્ય પ્રદેશ
મહારાષ્ટ્ર
છોટા ઉદેપુર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: છોટાઉદેપુર** |
| સ્થાપનાનું વર્ષ | : ૧૫ - ઓગષ્ટ ૨૦૧૩ |
| વડું મથક | : છોટાઉદેપુર |
| ભૌગોલિક વિસ્તાર | : ૩૯૭૭.૭૩ ચો.કી.મી. |
| પૃથ્વી પર સ્થાન | : અક્ષાંશ- ૨૨.૨૦ ઉતર અક્ષાંશ અને ૭૪.૦૧ રેખાંશ વચ્ચે |
| વસતી | : કુલ વસતી - ૧૦,૭૧,૮૩૧, સ્ત્રી - ૫,૨૭,૯૮૨, પુરુષ - ૫,૪૪,૮૪૯ |
| તાલુકા | : ૬ (છોટાઉદેપુર, જેતપુર પાવી, કવાંટ, નસવાડી, સંખેડા, બોડેલી) |
| ગામો | : ૮૯૬ |
| વારીગૃહો | : ૩૪૫ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી, પૂરક વ્યવસાય : પશુપાલન |
| ખેતી પાકો | : મકાઈ, ઘઉં, જુવાર, મગફળી, કપાસ, ડાંગર, તુવેર, તલ, કેળ, શાકભાજી |
| મુખ્ય ખનિજ | : ડોલોમાઇટ, રેતી, ફ્લોરસ્પાર (એશિયા ખંડનો સૌથી મોટો જથ્થો) |
| ઉદ્યોગ | : ડોલોમાઇટ, |
| જમીનનો પ્રકાર | : મધ્યમ કાળી, પથરાળ, રેતાળ, ગોરાળ જમીન |
| આબોહવા | : સમઘાત સરેરાશ વરસાદ-૧૧૧૫.૨ મી.લી. જંગલો/વનસંપદા-૨૦.૩૧ ટકા |
| નદીઓ | : ઓરસંગ, આની, સુખી, ઉચ્છ, મેલા, રામી, અશ્વિની, હેરણ |
| પંચાયત | : કુલ ૩૩૩ |
| જળાશયો | : ૯ |
| તળાવો | : ૨૯ |
| ચેક ડેમો | : ૬૦૮ |
| જિલ્લાના રસ્તા | : ૧૬૩૧ કિ.મી., રાષ્ટ્રીય –૧ |
| જોવા લાયક સ્થળો | : ઝંડ હનુમાન, ઈકો ટુરિઝમ, કેવડી રીંછ અભ્યારણ, તરગોળ, સુખી ડેમ, જાગનાથ મહાદેવ |
| ઐતિહાસિક | : રાજમહેલ, રાણી બંગલો, સેક્રેટરીએટ બિલ્ડીંગ, કાલિનિકેતન |
| ધાર્મિક સ્થળો | : વાઘેશ્વરી માતા, આંબાડુંગર, તુરખેડા, હાંફેશ્વર મંદિર, ઝંડેશ્વર હનુમાન, ત્ર્યંબકેશ્વર મંદિર, માખણીયા પર્વત, તેલાવ માતા |
| ગેસ્ટ હાઉસ | : સરકારી-૪ સ્ટેટ, |
| રેલવે સેવાઓ | : ૯૯.૩૧ કિ.મી. છોટાઉદેપુર થી વડોદરા રેલવે સ્ટેશન |
| રાજય પરિવન સેવા | : ૧ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૪૮૪ |
| યોજાતા મેળા/ ધાર્મિક તહેવારો | : કવાંટનો મેળો, વાઘેસ્તર પાંચમનો મેળો, દશેરાનો મેળો, અઠવાડિક હાટ બજાર, શિવરાત્રિનો મેળો, ચુલનો મેળો |
| ખેતીવાડી સમિતિઓ/માર્કેટ યાર્ડ | : ૬ |
| ગ્રંથાલયો-વાંચનાલયો | : ૬ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : પ્રાથમિક શાળાઓ-૧૨૪૬, માધ્યમિક શાળાઓ-૮૦, ઉચ્ચ માધ્યમિક શાળાઓ-૪૧ , કૉલેજો-૬, |
| આરોગ્ય સેવાઓ | : PHC : ૫૦, CHC - ૧૩, CIVIL - ૧, સબ સેન્ટર-૩૧૦ |
| સિંચાઈ સેવાઓ | : નર્મદા યોજના , મધ્યમ સિંચાઈ, નાની સિંચાઈ, |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : ૩ છોટા ઉદેપુર, જેતપુરપાવી, સંખેડા |
| લોકસભાની બેઠક | : ૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : ૩૨ |
| તાલુકા પંચાયતની બેઠકો | : ૧૪૦ |
| ન્યાયાલયો | : ૬ |

| | |
|---|---|
| નગર પાલિકાઓ | : ૧ |
| લોક જીવન રહેણી કરણી | : પરંપરા પ્રમાણે પુરુષો બનિયાન અને પાઘડી પહેરે છે તેમજ માટીના મકાનમાં રહે છે. |
| સાક્ષરતા દર | : ૬૫.૨૦ ટકા તાલુકા પ્રમાણે છોટાઉદેપુર- ૪૩.૫૦ ટકા, જેતપુરપાવી- ૫૯.૯૦ ટકા, કવાંટ- ૪૬ ટકા, નસવાડી- ૫૮.૫૦ ટકા, સંખેડા, બોડેલી- ૭૩.૦૧ ટકા |
| સેવાભાવી સંસ્થાઓ | : સામાજિક સંસ્થાઓ , જીવદયા સંસ્થાઓ, પાંજરાપોળો/ ગૌશાળાઓ |
| બાળ-વાડીઓ/આંગણવાડીઓ | : ૧૦૫૮. |
| સખી મંડળો/મહિલા મંડળો | : ૮૯૧૭ |

## છોટાઉદેપુર જિલ્લાનો ઇતિહાસ

છોટાઉદેપુર અગાઉના વડોદરા જિલ્લાની આદિજાતિ વિસ્તારનું મુખ્ય મથક રહ્યું છે. ભારતની સ્વતંત્રતા પૂર્વે તે એક રજવાડું હતું, તે નાતે છોટાઉદેપુર આગવો ઐતિહાસિક વારસો ધરાવે છે. નૃત્ય, સંગીત, વેશભૂષા, પીઠોરાની ચિત્રકારી અને કાષ્ટ શિલ્પોનો સમન્વય ધરાવતી ભાતીગળ આદિજાતિ લોક સંસ્કૃતિ, છોટાઉદેપુર, કવાંટ, પાવીજેતપુર જેવા તાલુકાઓના હોળીમેળાઓ અને ભૂતકાલીન વ્યાપાર વ્યવસ્થાના જીવંત વારસારૂપે આજે પણ વિવિધ ગામોમાં જોવા મળે છે.

## અઠવાડિક હાટ બજારોની આગવી વિશિષ્ઠતા

નવરચિત છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકા, વનસંપદાઓનો નવલો વારસો ધરાવે છે. નૈસર્ગિક વન અને વન્ય પ્રાણીઓનું કુદરતી વરદાન આ જિલ્લાને મળેલું છે. ચારોઇ સહિતની ગૌણ વન પેદાશો અહીના આદિવાસીઓની આવકનો મહત્ત્વનો સ્ત્રોત છે. તેની સાથે જ ગૌણ ખનીજની સમૃધ્ધિ પણ અહીની ધરતીમાં ધરબાયેલી છે.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં આદિજાતિ પૂર્વપટ્ટીની પ્રજાને વધુ કેન્દ્રીત અને પ્રવેગી વિકાસ માટે છોટાઉદેપુર જિલ્લાની રચના કરવાના આપેલા વચન માત્ર ૧૧ મહિના બાદ ૧૪મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ નવરચિત જિલ્લા કલેકટરની નિમણૂંક કરીને વહીવટી તંત્રને ધમધમતું કરી દીધું .

છોટાઉદેપુર અલાયદો જિલ્લો બનતા તેમાં કવાંટ, છોટાઉદેપુર, નસવાડી, સંખેડા,અને પાવીજેતપુર તથા નવરચિત બોડેલી મળીને કુલ છ તાલુકાઓમાં ૯૨૮ ગામો અને ૧૦,૭૧,૨૦૬ની વસતી છે. જેમાં આદિજાતિ ૬,૯૨,૩૫૪ અનુસૂચિત જાતિ ૨૨,૩૩૬ અને અન્ય ૩,૫૬,૫૯૪ વસતી છે. નવા જિલ્લાની રચનાથી સંપૂર્ણ આદિજાતિ પૂર્વાચલના વિકાસની નવી તકોના દ્વારા ખૂલ્યા છે. વનબંધુ કલ્યાણની દિશામાં છોટાઉદેપુર જિલ્લાની રચના દ્વારા રાજય સરકારે એક અભૂતપૂર્વ અને નકકર કદમ ભર્યુ છે. તેના પગલે જિલ્લાના છ તાલુકાઓના સંપૂર્ણ , સર્વાંગી અને સમતોલ વિકાસનું આયોજન અને અમલીકરણ સરળ બન્યું છે. આદિજાતિ વિકાસ, કલ્યાણ અને ઉત્કર્ષની નવી સાફલ્ય ગાથા કંડારવાની દિશામાં જિલ્લો આગળ વધી રહ્યો છે. રાજય સરકારે છોટાઉદેપુરમાં શરૂ કરેલી પોલિટેકનિક કોલેજને કારણે આદિજાતિ વિદ્યાર્થીઓને ઘર આંગણે ટેકનિકલ શિક્ષણની અને આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા જબુગામ ખાતે શરૂ કરવામાં આવેલી એગ્રીકલ્ચર કોલેજને કારણે ઘર આંગણે વૈજ્ઞાનિક ખેતીના શિક્ષણની સુવિધા મળી છે. કોલેજ કક્ષાના શિક્ષણની સુવિધાઓ દરેક તાલુકામાં છે અને મોડેલ રેસીડેન્સી સ્કૂલ્સ શરૂ થતા ગુણવતાયુકત શાળાકીય શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થઇ છે. આદિજાતિ ખેડૂતો ટપક સિંચાઇ અપનાવી રહ્યા છે અને બાગાયતી ખેતી તરફ વળ્યા છે.





# દાહોદ જિલ્લો







રાજસ્થાન
મહીસાગર
પંચમહાલ
મધ્ય પ્રદેશ
મધ્ય પ્રદેશ
વડોદરા
ભા
ર
ત
દાહોદ
ઝાલોદ
સંતરામપુર

| | |
|---|---|
| **જિલ્લો** | : **દાહોદ** (ગુજરાતનું પૂર્વનું પ્રવેશ દ્વાર) |
| ભૌગોલિક સ્થાન | : ૭૩.૪૫ થી ૭૪.૩૦ પૂર્વ રેખાંશ ૨૨.૩૦ થી ૨૩.૩૦ ઉત્તર અક્ષાંશ |
| તાલુકાઓ | : દાહોદ શહેર, દેવગઢ બારીયા, ધાનપુર, ફતેપુરા, ગરબાડા, લીમખેડા, સાંજેલી, ઝાલોદ |
| ક્ષેત્રફળ | : ૩૭૩૩ ચોરસ કિ.મી. |
| આબોહવા | : ગરમ |
| જમીન | : ઢાળવાળી, ડુંગરાળ, ગોરાડુ કાળી |
| ખનીજ | : ક્વાર્ટ્ઝ, લાઈમસ્ટોન, સિલિકા અને બ્લેકટ્રેપ |
| નદીઓ | : દૂધીમતી, પાનમ, માછણ, હડફ, કાળી, ખાન, વાલ્વા |
| વન પેદાશ | : સાગ, સાદડ, સીસમ, વાંસ, ટીમરૂપાન, મહુડાનાં ફૂલ, ઘાસ |
| સાક્ષરતાનું પ્રમાણ | : ૫૮.૬૨ ટકા. પુરુષ-૭૨.૧૪, સ્ત્રી-૪૯.૦૨ |
| ગામ | : ૬૯૨ વસતી ગીચતા- ૫૮૪ |
| ગ્રામ પંચાયત | : ૫૭૧ |
| નગરપાલિકા | : ૩ |
| કુલ વસતી | : ૨૧,૨૬,૫૫૮ |
| ગ્રામ્ય વસતી | : ૧૯,૩૫,૪૬૩ |
| શહેરી વસતી | : ૧,૯૧,૦૯૫ |
| જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓની સંખ્યા | : ૧,૬૧૯ |
| જાતિ પ્રમાણ (સેક્સ રેશિયો) | : ૯૮૫ |
| આરોગ્ય સવલતો : | |
| વીજળીકરણ થયેલા ગામ | : ૬૯૨ |
| બારે માસ એસ.ટી.ની સવલત ધરાવતા ગામો | : ૬૩૦ |

**શિક્ષણ :**

| | |
|---|---|
| ઉ.માધ્યમિક શાળાની સંખ્યા | : ૮૨ |
| આંગણવાડી | : ૨૮૮૦ |
| મધ્યાહન ભોજન કેન્દ્રો | : ૧૬૩૧ |
| કૉલેજ/ટેકનિકલ સંસ્થા | : ૮ |
| ઈજનેરી કોલેજ (ડિગ્રી) | : ૧ |
| પંડિત દિનદયાળ ઉપાધ્યાય સ્ટોર્સ (વ્યાજબી ભાવની દુકાનો) | : ૬૩૨ |

**ઉદ્યોગ :**

| | |
|---|---|
| બેંક (વાણિજ્ય,સહકારી,ગ્રામીણ) | : ૭૦ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : ૭ |
| લોકસભાની બેઠક | : ૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : ૩૯ |
| તાલુકા પંચાયતની બેઠકો | : ૧૭ |

## ઉગતા સૂર્યનો પ્રદેશ :

મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની સરહદને અડીને આવેલા ગુજરાતના પ્રથમ નગર દાહોદને કવિ ન્હાનાલાલે ગુજરાતના પૂર્વ દરવાજા તરીકે ઓળખાવેલ, દાહોદ જિલ્લાની આગવી ઓળખ તેની આદિવાસી સંસ્કૃતિ છે. દાહોદના આદિવાસીઓ રાજ્યભરમાં રસ્તા અને મકાન બાંધકામ, ડેમ કે ચેકડેમના બાંધકામ કરતા જોવા

મળે છે. સખત મહેનત એ એમની આગવી ઓળખ છે. દાહોદની ઐતિહાસિક તવારિખ જોઈએ તો મહર્ષિ દધિચિની તપોભૂમિ, મોગલ બાદશાહ ઔરંગઝેબની જન્મભૂમિ અને ગરીબોના બેલી પૂ. ઠક્કરબાપાની કર્મભૂમિ દાહોદના આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વ સુધીના પુરાવાઓ શિલાલેખ મળી આવે છે. અણહીલવાડના ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહે માળવા ઉપર ચઢાઈ વેળાએ લશ્કરના પડાવ દરમિયાન સંવત ૧૦૯૩ (ઈ.સ. ૧૧૩૯માં માત્ર એક જ રાતમાં છાબ તળાવ નિર્માણ કરેલું. આ રળિયામણું છાબ તળાવ દાહોદ શહેરનું ઘરેણું છે. માર્ચ ૧૬૧૮માં બાદશાહ જહાંગીર ગુજરાતથી ઉજ્જૈન જતા હતા. ત્યારે તળાવમાં ખીલેલા કમળો અને વનરાજીના મનમોહક વાતાવરણથી પ્રભાવિત થઈ તેમના રસાલા સાથે રોકાણ કરેલું. આ રોકાણ દરમિયાન જ જહાંગીરના પુત્ર શાહજહાંની પત્નીએ ૨૪ ઓક્ટોબર, ૧૬૧૮ના રોજ ઔરંગઝેબને જન્મ આપેલો. પુત્ર જન્મની ખુશાલીમાં શાહજહાંએ ૧૬૧૯માં એક વિશાળ મસ્જિદ બનાવેલી ઔરંગઝેબે પણ તેના જન્મ સ્થળની યાદમાં દાહોદમાં સને ૧૬૭૮માં મુસાફરખાનુ સરાઈ બનાવી હતી. જે આજે પણ ગઢીના કિલ્લા તરીકે પ્રચલિત છે. ૧૮૫૭ના બળવા પછી આ ગઢી અંગ્રેજોએ કબજે કરીને ઓફીસ અને રહેઠાણમાં ફેરવી નાખી હતી. હાલ આ ગઢીમાં પ્રાંત કચેરી, મામલતદાર કચેરી બેસે છે.

ગુજરાતમાં ૧૮૫૭ના બળવાની શરૂઆત દાહોદથી થઈ હતી. તા. ૬-૭-૧૮૫૭ના રોજ પ્રજાએ બળવો પોકારેલો દાહોદના અભલોડના ઈનામદાર શ્રી કાનુગા અને બોરડીના ઈનામદાર શ્રી ચુનીલાલ દેસાઈની આગેવાનીમાં ૫૦૦ માણસો રાત્રે ૧૦ વાગે ભેગા થયાં હતા. અને ૧૧મી જુલાઈ સુધી રહેલા.

દધીપુર, દધિપ્રસ્થ, દધીપથ્ર, દેબોધ, દેહવધ અથવા દાહોદ તરીકે જાણીતા થયેલા દાહોદના નામકરણની અનેક લોકવાયકાઓ છે. પરંતુ આજે રીંછ અભયારણ્ય, રતનમહાલ અને રાજ્ય તેમજ દેશભરમાં તેની આદિવાસી સંસ્કૃતિ થકી તેમજ સખત પરિશ્રમી મહેનતકશ આદિવાસીઓના પ્રદેશ તરીકે ખ્યાતનામ બન્યો છે.

## ભૌગોલિક સ્થાન

દાહોદ જિલ્લો ૨૨-૩૦ થી ૨૩-૩૦ ઉત્તર અક્ષાંશ અને ૭૩-૪૫ થી ૭૪-૩૦ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. ગુજરાતના પંચમહાલ જિલ્લામાંથી તેનું વિભાજન થતાં તા. ૨-૧૦-૧૯૯૭થી અસ્તિત્વમાં આવેલો છે. જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૩,૬૩,૨૭૭ હેક્ટર છે. જિલ્લાની ઉત્તરે રાજસ્થાનનો વાંસવાડા જિલ્લો, પશ્ચિમે ગોધરા જિલ્લો, પૂર્વ અને દક્ષિણે મધ્ય પ્રદેશ રાજ્યનો ઝાબુઆ જિલ્લો આવેલો છે. પંચમહાલ જિલ્લામાંથી આદિવાસી વિસ્તારોને અલગ તારવી દાહોદ જિલ્લાની નવરચના કરવામાં આવી છે.

દાહોદ જિલ્લાના અન્ય તાલુકામાં હિન્દુ, મુસ્લિમ, વોરા, ખ્રિસ્તી, પારસી તથા અન્ય ધર્મના લોકો પણ રહે છે. આ વિસ્તારમાં લોકો મોટે ભાગે ખેતી, વેપાર, ધંધો-રોજગાર અને પશુપાલન તથા વન્ય પેદાશો એકત્ર કરવાનો વ્યવસાય કરે છે સાથે સાથે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે અને અહીં વનરાજી અને કુદરતી સૌંદર્યનો લખલુટ ખજાનો છે તેમજ જોવાલાયક સ્થળો છે. ખનીજમાં મુખ્યત્વે લાઈમસ્ટોન, સિલિકા, બ્લેકટ્રેપ અને ક્વાર્ટઝ છે. જ્યારે મુખ્ય પાકોમાં મકાઈ, ચણા, અડદ, સોયાબીન, આદુ વગેરે છે. સૌનો









સાથ અને સૌના વિકાસને સાર્થક કરતા જિલ્લામાં છેલ્લા એક દાયકામાં દરેક ક્ષેત્રમાં ઉડીને આંખે વળગે તેવો વિકાસ થયો છે. એટીવીટી તેમજ તાલુકા સરકારની વિભાવનાથી સમતોલ વિકાસ અને ગ્રામસ્તર સુધી સત્તા વિકેન્દ્રિકરણ થયું છે.

**સ્વાતંત્ર્ય સેનાનીઓ :**

દાહોદ જિલ્લાના વિકાસમાં પૂજ્ય ઠક્કરબાપા, સુખદેવ કાકા, શ્રી પાંડુરંગ ગોવિંદ વણીકર, શ્રી અંબાલાલ વ્યાસ, માણેકલાલ ગાંધી, શ્રીકાન્ત શેઠ, ઈન્દુલાલ યાજ્ઞિક, મામા સાહેબ ફડકે જેવા નામી-અનામી ક્રાંતિવીરોનું દાહોદ જિલ્લાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. એમના વિચારો, સંસ્કારો અને દેશપ્રેમની ભાવના થકી દાહોદ જિલ્લો વિકાસના પંથે આગળ વધ્યો છે.

**ઐતિહાસિક પ્રવાસન સ્થળો :**

**રતનમહાલ રીંછ અભ્યારણ્ય :** જિલ્લા મથક દાહોદથી ૬૦ કિ.મી. ધાનપુર તાલુકા મથકથી ૮.૫ કિ.મી. અને વડોદરાથી ૧૬૦ કિ.મી.ના અંતરે આવેલા આ રીંછ અભયારણ્યમાં જૈવિક અને વાનસ્પતિક સૃષ્ટિ જોવી એક લહાવો છે. ૫૫.૬૫ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતા આ અભયારણ્યમાં રીંછ, દીપડા, ઝરખ જેવાં પ્રાણીઓ નાગ, ધામણ, અજગર, ઘો, કાચીંડા, કાચબા જેવા સરીસૃપ વર્ગના જીવો અને પતરંગો, દૂધરા, લક્કડખોદ, ઘંટીટાંકણો, હરિયાળ, લેલા, તેતર, બાજ, સમડી, જેવાં પક્ષીઓથી સભર છે. વન્ય સૃષ્ટિમાં ૧૦૫ કુળના ૪૦૯ જાતિની ૬૪૫ પ્રજાતિઓ જોવા મળે છે. રતનમહાલ સમુદ્રની સપાટીથી ૬૫૭ મીટરની ઊંચાઈએ આવેલું હોવાથી આબોહવા સાનુકૂળ રહે છે. વન્ય સૃષ્ટિને જોવાનું સહેલાણીઓ માટે આ ઉત્તમ સ્થળ છે.

વાનસ્પતિક સંપદામાં કુલ ૫૪૩ જાતિઓ પૈકી ૪૦ જાતિઓના ક્ષુપ, ૨૩૮ જાતિના નાના છોડવા, ૮૭ જાતિઓના વેલાઓ, બે જાતિના અંશતઃ પરોપજીવી અને નવ જાતિના ઓર્કિડ છે. રતનમહાલ રીંછ અભ્યારણ્ય એ રાજ્યના દાહોદ જિલ્લામાં દક્ષિણ પૂર્વમાં આવેલું છે. અગાઉ આ વિસ્તાર ચાંપાનેર રાજ્યની હકૂમત હેઠળ હતો. બ્રિટિશ શાસનકાળ દરમિયાન શિકાર અનામત અર્થે તેનો વહીવટ દેવગઢબારીયા રાજ્ય સંભાળતું હતું.

આઝાદી બાદ આ વિસ્તારને રક્ષિત તરીકે જાહેર કરવામાં આવ્યો. પ્રાણિજ સંપત્તિમાં ખચ્ચર વર્ગની ૧૨૦ જાતો મળે છે. જેમાં દેશી અને યાયાવર પક્ષીઓનો સમાવેશ થાય છે. અભ્યારણ્ય વિસ્તારની ભૌગોલિકતા અને ઊંચાઈની વિવિધતાના કારણે વાનસ્પતિક જાતો અલગ સ્થળે અલગ અલગ જોવા મળે છે.

આ સ્થળની ઉંચાઈ-૬૭૫ મીટર સમુદ્રતળથી અભયારણ્ય વિસ્તારને પોતાનું અલાયદું માઈક્રો ક્લાઈમેટ છે. ઉનાળામાં મહત્તમ ઉષ્ણતામાન ૪૨ સેલ્સિયસ અને લઘુત્તમ છ વાર્ષિક સરેરાશ વરસાદ ૧૦૦ મી.લી. પડે છે. રેલમથક પીપલોદ ૬૦ કિ.મી. દૂર છે. હવાઈ મથક વડોદરા ૧૬૦ કિ.મી. દૂર છે.

**દેવગઢબારીયા :**

પાવાગઢના પતન પછી પતઈ રાજાના વંશજોએ દેવગઢ ડુંગરની નજીક વસાવેલું નાનકડું પણ રળીયામણું શહેર એટલે તત્કાલીન દાહોદ જિલ્લાનું પેરિસ દેવગઢબારીયા. અપાર વન્ય સંપદાને કારણે આ સ્ટેટને બી-ગ્રેડનો દરજ્જો મળ્યો હતો. હાલ દેવગઢબારીયા દાહોદ જિલ્લાનું તાલુકા મુખ્યાલય છે. તાલુકા કચેરીઓ ઉપરાંત જિલ્લા રમતગમત સંકુલ છે. તત્કાલીન રાજ્યના ભૂતપૂર્વ રાજવી શ્રી જયદીપસિંહ બારીયાની દીર્ઘદૃષ્ટિના

કારણે રમતગમત સંકુલનો વિકાસ થયો છે. જે આ તાલુકા તેમજ અન્ય વિસ્તારના આદિવાસી યુવકોને ગ્રામીણ રમતોત્સવ માટે પ્રેરિત કરે છે. રજવાડાના સમયમાં દેવગઢબારીયામાં રાજવીની દશેરાની સવારી નીકળતી હતી. આજે પણ તેની યાદમાં આદિવાસીઓનો દશેરાનો મેળો જગવિખ્યાત છે. આ મેળામાં પાવા વાદનનું આકર્ષણ આજે પણ એટલું જ રહ્યું છે.



**મીરાખેડી :**

પૂજ્ય ઠક્કરબાપાએ ગાંધીજીના આશીર્વાદ સાથે દાહોદ વિસ્તારમાં દુષ્કાળ રાહતનું કામ શરૂ કર્યું હતું. જે ભીલ જેવા મંડળમાં પરિવર્તિત થયું હતું. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે મીરાખેડી ખાતે ૧૯૨૨માં પ્રથમ આશ્રમ સ્થપાયો હતો. ૧૯૪૯માં મીરાખેડી ખાતે સર્વોદય કેન્દ્ર શરૂ કરાયું હતું. ભીલ સેવા મંડળની આદિજાતિ ઉત્કર્ષની વિકાસયાત્રાનાં પગરણ મીરાખેડી ખાતેથી મંડાયાં હતાં. આ સંદર્ભમાં મીરખેડીનું મહત્ત્વ ખૂબ જ મોટું છે.

**મોટા હાથીધરા :**

મોટા હાથીધરા લીમખેડાથી બે કિ.મી. દૂર આવેલું છે. મુંબઈ-દિલ્હી રેલવે માર્ગ ઉપરનું આ એક રેલવે સ્ટેશન છે. અહીંયા સોલંકીકાળનું પ્રાચીન મહાદેવ મંદિર ધ્યાનાકર્ષક છે. જ્યાં ફાગણ સુદ અગિયારસ એટલે કે સ્થાનિક ભાષામાં આંબલી અગિયારસનો મેળો ભરાય છે.

**પીપલોદ :**

મુંબઈ-દિલ્હી રેલવે લાઈન પર આવેલું પીપલોદ જંકશન રેલવે સ્ટેશન છે. અહીંયાથી દેવગઢબારીયાની વન્ય પેદાશોને વાહતુક કરવા પીપલોદ-દેવગઢબારીયા નેરોગેજ રેલવેની અંગ્રેજોએ સ્થાપના કરી હતી. જે હાલ બંધ છે. પીપલોદ ટીમરું પાન અને ઈમારતી લાકડાનું મોટું બજાર હતું.

**લીલવા ઠાકોર :**

લીલવા ઠાકોર લીમડીથી પાંચ કિ.મી.ના અંતેર આવેલું છે. પૂર્વકાળમાં આ લીલાવતીનગર હોવાનું મનાય છે. અહીંયા ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ આશ્રય મેળવ્યો હોવાનું કહેવાય છે.

શેષનારાયણ અને ચામુંડા માતાનાં મંદિરો અહીંયા આવેલા છે. જ્યાં ચૈત્ર સુદ પૂનમના દિવસે મેળો ભરાય છે. આ સ્થળે રામચંદ્ર, લક્ષ્મણ, કૃષ્ણ, હનુમાનજી અને મહાદેવનાં મંદિરો છે. જેથી આ મેળો પંચકૃષ્ણનો મેળો પણ કહેવાય છે.

**લીમડી :**

માછણ નદીના કિનારે આવેલું ઝાલોદ તાલુકાનું લીમડી એ મોટું ગામ ગણાય છે. લીંબા નામની વ્યક્તિ કે જે લીમડા નીચે રહેતી હતી, તેના નામ ઉપરથી લીમડી નામ પડ્યું હોવાનું મનાય છે. અહીંયા જન્માષ્ટમીના દિવસે મોટો મેળો ભરાય છે.

**લીમખેડા :**

મુંબઈ-દિલ્હી રેલવેલાઈન ઉપર આવેલું લીમખેડા તાલુકા મથક છે. લીમખેડામાં દર રવિવારે હાટબજાર ભરાય છે. જે આજુબાજુની ગ્રામીણ પ્રજા માટે ખરીદી કરવાનું ઉત્તમ સ્થળ બની રહે છે.

**ઝાલોદ :**

દાહોદથી ૩૫ કિ.મી. દૂર આવેલું ઝાલોદ તાલુકાનું મુખ્ય મથક છે. ઝલાઈ માતાના નામ ઉપરથી ઝાલોદ નામકરણ થયું હોવાનું મનાય છે. ૧૮૫૭ના વિપ્લવ વખતે ઝાલોદ મુખ્ય કેન્દ્ર હતું.

ઝાલોદથી પાંચ કિ.મી. દૂર માછણ નદીના કિનારે સુવ્રત ઋષિનો આશ્રમ હતો. ગુપ્તકાળ દરમિયાન પાંડવો પણ અહીંયા આશ્રય મેળવવા આવ્યા હતા.



**કેદારેશ્વર :**

દાહોદથી સાતેક કિ.મી.ના અંતરે ચોસાલા ગામે આવેલ કેદારેશ્વર મંદિર કાલીનદી ઉપર બાંધવામાં આવેલા કાળીડેમ પાસે કુદરતી ગુફામાં નયનરમ્ય વનરાજી વચ્ચે આવેલું છે. આ સ્થળે શ્રાવણ માસમાં દર સોમવારે મેળો ભરાય છે. આ મંદિર આ વિસ્તારની આદિવાસી પ્રજા માટે આસ્થાનું પ્રતીક છે.

**ચોસાલા :**

દાહોદની દક્ષિણે અગિયાર કિ.મી. દૂર આવેલું ચોસાલા ગામ સિંધિયાના શાસન દરમિયાન દેસાઈ કુટુંબને દાનમાં અપાયું હતું. સિંધિયાની ચોથ ઉઘરાવવાના બદલામાં દેસાઈ પરિવારને આ ગામ દાનમાં અપાયું હતું.

દેવ કેદારેશ્વર મહાદેવનું દર્શનીય મંદિર આવેલું છે. પત્થરની લાંબી ગુફામાં બનાવાયેલા આ મંદિરમાં ગૌમુખ પણ છે. જેમાંથી અવિરત જળપ્રવાહ વહ્યા કરે છે. મંદિરની નજીક પશ્ચિમ રેલવે દ્વારા બનાવાયેલો કાળી ડેમ આ મંદિરના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે.

**હસ્તેશ્વર :**

લીમખેડા તાલુકામાં સોલંકીના સમયનું લીમખેડાથી બે કિ.મી.ના અંતરે હડફ નદીના કિનારે મોટા હાથીધરા ગામમાં મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. જ્યાં આંબલી અગિયારસના દિવસે મોટો મેળો ભરાય છે.

**ચાકલીયા :**

ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ત્રિભેટે આવેલું ચાકલીયા બનાસ નદીના કિનારે વસેલું છે. જે દાહોદથી ૨૭ કિ.મી. દૂર છે. ચાકલીયાથી બે કિ.મી. દૂર રાધાની કરાડ નામની ખીણ આવેલી છે. ચાકલીયામાં પત્થરમાં કોતરાયેલાં હનુમાનજી અને ગણપતિ મંદિર પણ છે. આ મંદિરની નજીક એક કુંડ પણ હયાત છે. અહીંયા મહાવદ ચૌદશ અને ફાગણ સુદ અગિયારસના દિવસે મેળો ભરાય છે.

**ગરબાડા :**

'ગઢબડા' ઉપરથી અપભ્રંશ થઈને ગરબાડા નામ પ્રચલિત થયું હોવાનું મનાય છે. દાહોદનો આ તાલુકો દાહોદની દક્ષિણે ૧૯ કિ.મી. દૂર આવેલો છે. આ ગામમાં પ્રાચીન ગઢ છે. ગરબાડા તાલુકાનું મુખ્ય ગણાતું આ ગામ આજુબાજુના ગ્રામજનો માટે મોટું બજાર બની રહ્યું છે. નૂતન વર્ષના દિવસે ગામમાં ગાય ગોહરીનો મેળો ભરાય છે.

**જેસાવાડા :**

દાહોદથી ૧૪ કિ.મી. દૂર આવેલું જેસાવાડા તેના પરંપરાગત ગોળગધેડાના મેળા માટે પ્રખ્યાત છે. હોળીના છઠ્ઠા દિવસે મોટો મેળો ભરાય છે.

**દાહોદ :**

દાહોદ દૂધીમતી નદીના બન્ને કિનારે વસેલું જિલ્લાનું મુખ્ય મથક, ગુજરાતનું ઊંઝા પછીનું બીજા નંબરનું કૃષિ વેપારનું મથક છે. મુંબઈ દિલ્હી રેલવે માર્ગ ઉપર આવેલ દાહોદમાં પશ્ચિમ રેલવેની વર્કશોપ આવેલી છે. જેમાં અગાઉ સ્ટીમ એન્જિનનું દુરસ્તી કામ કરવામાં આવતું હતું. હાલમાં માલગાડીનાં વેગનો, મેમુ ટ્રેન વગેરેનું રિપેરીંગકામ થાય છે. આ વર્કશોપની અલાયદી ઓળખ છે. લોકવાયકા મુજબ દધિચિઋષિ અને હિડિંબા રાક્ષસી અહીં રહ્યાં હતાં. સિદ્ધરાજ જયસિંહે માળવા પર ચઢાઈ કરી તે વખતે બાર વર્ષ સુધી પડાવ રાખ્યો હતો અને તેમણે છાબ તળાવનું નિર્માણ કર્યું હતું. મોગલ સલ્તનતના છેલ્લા શાસક ઔરંગઝેબનો જન્મ પણ દાહોદમાં થયો હતો.

**બાવકા :**



દાહોદથી આઠ કિ.મી. એ આવેલા આ ગામે ઈ.સ. પૂર્વે ૭૪૬-૪૮૩ના સમયમાં બંધાયેલ શિવ પંચાયતન મંદિરના પ્રાચીન અવશેષો આવેલા છે. તેનું સ્થાપત્ય બેનમૂન હોવાથી આ ભગ્ન મંદિરને ઐતિહાસિક સ્મારક તરીકે જાહેર કરેલ છે. શિવાલયની બાજુમાં તળાવ આવેલું હોવાથી સુંદર નયનરમ્ય કુદરતી વાતાવરણ અહીં માણવા મળે છે. અહીં આંબળી અગિયારસનો મેળો ભરાય છે.

**પ્રવાસન સ્થળો/જોવાલાયક સ્થળોનું દાહોદથી અંતર :**


દાહોદ જિલ્લાનાં જૂનાપુરાણાં મંદિરોમાં જોઈએ તો જિલ્લામાં પ્રસિદ્ધ પુરાતન શિવમંદિર બાવકા, કેદારનાથ મંદિર, ચોસાલા અને કાલીડેમ, ઘૂઘરદેવ શિવમંદિર ચાકલીયા, ભમરેચી માતા મંદિર સીંગવડ, દેવઝરી મહાદેવ મંદિર, રોઝમ, લખેશ્વરી માતા મંદિર, જાલત વિખ્યાત છે.

આ મંદિરો પૈકી દેવઝરી મહાદેવ રોઝમને વહીવટી તંત્ર દ્વારા વિકસાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. દાહોદ જિલ્લાનાં જોવાલાયક સ્થળો અને તે તાલુકા અને જિલ્લા કક્ષાએથી કેટલાં દૂર આવેલા છે. તેની વિગતો આ પ્રમાણે છે.

| પ્રવાસન સ્થળનું નામ | તાલુકો | તાલુકા મથકથી અંતર (કિ.મી.) | દાહોદથી અંતર (કિ.મી.) |
|---|---|---|---|
| રતનમહાલ (રીંછ અભ્યારણ્ય) | ધાનપુર | ૧૭ | ૬૦ |
| શિવમંદિર, બાવકા | દાહોદ | ૧૪ | ૧૪ |
| કેદારનાથ મંદિર, ચોસાલા અને કાલીડેમ | દાહોદ | ૧૦ | ૧૦ |
| ઘૂઘરદેવ શિવમંદિર, ચાકલીયા | ઝાલોદ | ૩૦ | ૪૧ |
| ભમરેચી માતા મંદિર, સીંગવડ | લીમખેડા | ૨૫ | ૫૫ |
| દેવઝરી મહાદેવ મંદિર, રોઝમ | દાહોદ | ૧૪ | ૧૪ |
| લખેશ્વરીમાતા મંદિર, જાલત | દાહોદ | ૦૬ | ૦૬ |
| કંકણેશ્વર મંદિર, મીરાખેડી | ઝાલોદ | ૨૩ | ૧૩ |
| પંચકૃષ્ણ મંદિર, થેરકા | ઝાલોદ | ૦૫ | ૩૭ |
| ચામુંડામાતા મંદિર, રાબડાલ | દાહોદ | ૦૨ | ૨ |
| માનગઢ હિલ | ફતેપુરા | ૧૮ | ૭૫ |

# ડાંગ-આહવા જિલ્લો




તા પી
ભા
ર
ત
ન વ સા રી
મ હા રા ષ્ટ્ર
વ લ સા ડ
આહવા
વાંસદા
સાપુતારા

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **ડાંગ** |
| વડુમથક | : | આહવા |
| પૃથ્વી પર ભૌગોલિક સ્થાન | : | પૂર્વ રેખાંશ - ૭૨.૨૯ થી ૭૩.૫૧ અંશ, ઉત્તર અક્ષાંશ - ૨૦-૩ ૯, ૨૧.૫૦ અંશ |
| ક્ષેત્રફળ | : | ૧,૭૬૪ ચો.કિ.મી. (૧૭૨૩૫૭ હેક્ટર) |
| વસતી | : | સ્ત્રી - ૧,૧૩,૭૯૩, પુરુષ - ૧,૧૨,૯૭૨ કુલ - ૨,૨૬,૭૬૫ |
| તાલુકા | : | ૩, આહવા, વઘઈ, સુબીર |
| ગામો | : | ૩૧૧ |
| વસતી ગીચતા | : | ૧૨૯ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી |
| પૂરક વ્યવસાય | : | પશુપાલન |
| ખેતી પાકો | : | મુખ્ય પાકો - નાગદલી, વરઈ, ડાંગર |
| રોકડિયા | : | દિવેલા |
| તેલીબિયા | : | ખરસાણી, મગફળી |
| મુખ્ય ખનીજ | : | જિલ્લામાં કોઈ ખનીજની પેદાશ થતી નથી પરંતુ બ્લેકટોપ રેતી અને સામાન્ય માટી ચીચીનાગાંવઠા અને ઢાઢરા ગામ પાસે મળે છે. |
| ઉદ્યોગો | : | પ્રવાસન |
| ગૃહ ઉદ્યોગો | : | નાગલી પ્રોડક્ટસ, વાંસ કામ, વરલી પેઈન્ટીંગ, |
| જમીનનો પ્રકાર | : | પૃષ્ઠ અને ખડકોવાળી લાલ રંગથી માંડી કાળા રંગ સુધીની, ગોરાડું પ્રકારની |
| ઉપજાઉ | : | ૫૭,૮૪૩ હેક્ટર |
| બિન ઉપજાઉ | : | ૭૨૮.૩૧ હેક્ટર |
| પડતર | : | ૪૫૫૭.૮ હેક્ટર |
| આબોહવા | : | જિલ્લામાં માર્ચ મહિનાથી સૂકી અને ભીનાશવાળી આબોહવા શરૂ થાય છે. ઓક્ટોબર સુધી ચોમાસુ ચાલે છે. |
| સરેરાશ વરસાદ | : | ૨૦૦૦થી ૨૫૦૦ મી.મી. (વાર્ષિક) |
| જંગલો | : | ૧૦૫૫.૫૭ ચો.કિ.મી. (૧૦૧૧૮૩.૭૦ હેક્ટર) |
| નદીઓ | : | પૂર્ણા, અંબિકા, ખાપરી, ગીરા, સર્પગંગા |
| તળાવો | : | ૪૭ |
| ચેકડેમો | : | ૩૩૦ |
| જિલ્લાના રસ્તા | : | કુલ લંબાઈ - ૧૨૧૦ કિ.મી, સ્ટેટ ૨૭૭ કિ.મી. અને ૭૧૬ કિ.મી. પંચાયત હસ્તક અને ૨૧૭ કિ.મી. જંગલ ખાતા હસ્તકના. |
| જોવાલાયક સ્થળો | : | રાજ્યનું એકમાત્ર ગિરિમથક સાપુતારા, ગીરાધોધ (અંબિકા નદી અને ગીરા નદી ઉપર) |
| ઐતિહાસિક | : | પાંડવગુફા |
| ધાર્મિક | : | માયાદેવી, શબરીધામ, અંજની પર્વત, કળંબ ડુંગર |
| સાંસ્કૃતિક | : | કહાડ્યા નૃત્ય, ઠાકર્યાનૃત્ય, પાવરી નૃત્ય, માદળ નૃત્ય, ભવાડા નૃત્ય અને તમાશા, થાળી કથા. |
| રેલવે સેવાઓ | : | નેરોગેજ- બીલીમોરા થી વઘઈ |
| રાજ્ય પરિવહન સેવા | : | ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસો |
| પોસ્ટ | : | આહવા મુખ્ય પોસ્ટ ઓફિસ, ૪ પેટા ઓફિસ (પીંપરી, વઘઈ, સાપુતારા અને સુબીર) ગ્રામ્ય કક્ષાએ બી.ઓ. કુલ - ૫૧) |
| ટેલિફોન સેવા | : | બી.એસ.એન.એલ., આઈડિયા, વોડાફોન, રીલાયન્સ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૨૦૨ |

| | |
|---|---|
| બેંકિંગ સેવાઓ | બેંક ઓફ બરોડા -૨ (આહવા, વઘઈ), સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા - ૪ (આહવા, વઘઈ, પીંપરી, શામગહાન), પંજાબ નેશનલ બેંક, યુનિયન બેંક, વલસાડ ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક - ૨ (આહવા, વઘઈ) ખેતી બેંક - ... |
| ગ્રામીણ બેંક | બરોડા ગુજરાત ગ્રામીણ બેંક - ૩ (આહવા, સાકરપાતળ, સાપુતારા) |
| યોજાતા લોકમેળા | હોળીના તહેવાર નિમિત્તે યોજાતો ઐતિહાસિક 'ડાંગ દરબાર', લોકોત્સવ - ભવાડા, સાપુતારા ખાતે (ગ્રીષ્મ મહોત્સવ, મોન્સુન ફેસ્ટિવલ, શરદ મહોત્સવ) |
| ધાર્મિક તહેવારો | તેરા, ડુંગર દેવ, નાગદેવ, નાગપંચમી, પોળા, અખાત્રીજ, દિવાળી, હોળી |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ / માર્કેટ યાર્ડ | ૧- વઘઈ |
| ગ્રંથાલયો- વાંચનાલયો | (૧) જિલ્લા લાયબ્રેરી - આહવા (૨) તાલુકા પુસ્તકાલય, વઘઈ |
| પશુપાલન પ્રવૃત્તિ | ગાય, ભેંસ, મરઘા - બતકા, ઘેંટા, બકરાં |
| શૈક્ષણિક સંસ્થાઓ | પ્રાથમિક શાળાઓ : ૪૧૯, માધ્યમિક શાળાઓ - ૩૩, કૉલેજો - ૩ (૧) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-આહવા, (૨) સરકારી વિજ્ઞાન કોલેજ-આહવા, (૩) એગ્રિકલ્ચરલ કોલેજ-વઘઈ |
| આરોગ્ય સેવાઓ | (૧) જનરલ હોસ્પિટલ આહવા -૧, (૨) સી.એચ.સી. - કૉમ્યુનિટી હેલ્થ સેન્ટર - વઘઈ -૧, (૩) પી.એચ.સી. -૯ પીંપરી, સાકરપાતળ, શામગહાન, સાપુતારા, ગારખડી, પીપલદહાડ, સૂબીર, ગાઢવી, કાલીબેલ |
| જિલ્લાના મહાન સપૂતો / વિભૂતિઓ | (૧) સ્વ. છોટુભાઈ નાયક (૨) પદ્મભૂષણ - પૂર્ણિમા પકવાસા - સાપુતારા |
| સંગ્રહ તળાવ | ૩૦૧ (૪૫૦૦.૩૨ હેક્ટર સિંચાઈ) |
| ચેકડેમ | ૬૬૧ (૩૯૭૪.૦૩ હેક્ટર સિંચાઈ) |
| ઉદવહન સિંચાઈ યોજના હેઠળ | ૧૦.૮૨૮ હેક્ટર સિંચાઈ, કુવા તળાવ, નદી-નાળા - બોર - ૧૧,૩૮૬ હેક્ટર |
| ગુજરાત વિધાનસભા | ૧- ૧૭૩ ડાંગ |
| લોકસભાની બેઠકો | ૧-૨૬-વલસાડ-ડાંગ |
| જિલ્લા પંચાયતની બેઠકો | ૧૭ |
| તાલુકા પંચાયતની બેઠકો | ૨૩ |
| ન્યાયાલયો | ૨ |
| પ્રિન્સીપલ સિવિલ કોર્ટ | આહવા, એડીશનલ સેસન્સ કોર્ટ |
| લોકજીવન - રહેણીકરણી | ડાંગનું લોકજીવન હજુ પણ જંગલ વિસ્તારનું જોવા મળે છે. ડાંગના આદિવાસી જાતિ પ્રવાહમાં ખાસ કરીને ભીલ, કુનબી અને વારલી જોવા મળે છે. ડુંગરાળ પ્રદેશને કારણે અહીંની આદિવાસી પ્રજા અત્યંત ખડતલ બની ગઈ છે. એમનામાં આવેલી સહનશીલતા, વિકટ પરિસ્થિતિએ આપેલ એક અણમોલ વારસો છે. ગાઢ જંગલો અને હિંસક પશુઓની વચ્ચે રહેતા આ ડાંગી આદિવાસીઓએ પોતાના નીતિ-નિયમો અને સંસ્કૃતિ સર્જી છે. આજે આપણે જે ડાંગની વિશિષ્ટ સંસ્કૃતિ જોઈ રહ્યા છીએ તે નિર્માણ થવા માટે હજારો વરસો વીતી ગયા છે. પરંપરા, અંધશ્રદ્ધા, માન્યતાઓ અને વાંશિક સંબંધોને લીધે આજુબાજુની પરિસ્થિતિમાં વખતોવખત વળાંક આવ્યો છે. રહેણીકરણીમાં ભીલો, કુનબી કરતા સાદા વાંસની ઝૂંપડીમાં રહેવું અને માછલી મારવી અથવા શિકાર કરવા જેવી પ્રવૃત્તિ કરે છે. એમનો વ્યવસાય મોટેભાગે ખેતી અને પશુપાલન છે. |
| સાક્ષરતા દર | પુરુષ - ૮૪.૯૮ ટકા, સ્ત્રી - ૬૮.૭૫, કુલ - ૭૬.૮૦ |
| જન્મ દર | ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ હજાર પુરુષે ૧૦૦૭ સ્ત્રીઓ. |

| | | |
|---|---|---|
| મૃત્યુ દર | : | બાળ મરણ વર્ષ ૨૦૦૧ દરમિયાન ૩૦.૧૮ ટકા હતો જે ૨૬.૧૪ ટકા થયેલ છે. |
| બાળવાડીઓ/ આંગણવાડીઓ | : | ૪૩૫ |
| પાંજરા પોળો / ગૌશાળાઓ - | | |
| સખીમંડળો / મહિલા મંડળો | : | ૨૫૪૭ |
| દૈનિકો | : | ડાંગ જિલ્લામાં રજીસ્ટ્રેશન થયેલા - ૪ (૧) યુગના એંધાણ (૨) ઉપભોક્તા સમાચારક (૩) ખૂની સમાચાર (૪) આપેલા ગુજરાત (મરાઠી) દૈનિક |
| સાપ્તાહિકો | : | ૧- જનગણ |

## ડાંગ જિલ્લાનો પરિચય :

ગુજરાત રાજયના દક્ષિણ છેડે ૧,૧૭૭૮ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતો આ નાનકડો ડાંગ જિલ્લો સહ્યાદ્રી પર્વતની ઉત્તર છેડે આવેલી હારમાળાના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૨૦, ૩૩, ૪૦ ઉત્તર અક્ષાંશ અને ૭૩, ૫૬, ૩૬ પૂર્વ રેખાંશ વૃત્તોમાં સમાયેલો છે. ડાંગ જિલ્લાની ઉત્તરે સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ તથા મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો છે. પૂર્વમાં ધૂલિયા જિલ્લાનો સાકરી તથા નાસિક જિલ્લાના બાગલાણ અને કળવણ તાલુકાઓ, દક્ષિણે નાસિક જિલ્લાનો કળવણ તાલુકો અને સુરગાણા મહાલ, તો પશ્ચિમ દિશામાં વલસાડ જિલ્લાનો વાસંદા તાલુકો આવેલો છે. સમગ્ર જિલ્લાનો એક ડુંગરાળ પ્રદેશ છે. સમુદ્ર સપાટીમાં ઘણી જગ્યાઓ પર ૧૦૫ મીટરથી ૧,૩૧૭ મીટર સુધીની ઊંચાઈમાં ફેરફારો થાય છે. ટેકરીઓ અને ખીણો ધરાવતો જ્યાં કુદરતે છૂટે હાથે સૌંદર્ય વેર્યું છે એવો આ નયનરમ્ય પ્રદેશ ખરેખર નિસર્ગની એક અપ્રતિમ મહામૂલી ભેટ છે.

## ડાંગ જિલ્લાનો ઇતિહાસ

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં એટલે કે, ઈ.સ. ૧૮૧૮માં બ્રિટીશ લોકોની સત્તા હેઠળ ખાનદેશ પ્રદેશ આવ્યો અને ત્યારથી જ ડાંગનો પદ્ધતિસરનો ઇતિહાસ જાણવા મળે છે. ખાનદેશ પ્રદેશના વિસ્તારોમાં પશ્ચિમ સરહદ વિસ્તારના ડાંગી ભીલ રાજાઓ તથા પ્રજા ઘણીવાર લૂંટફાટ કરતા હતા. આ રાજા પ્રજાને નમાવવા માટે બ્રિટીશરો આ વિસ્તારને પ્રાધાન્ય આપી વિસ્તાર પર ધ્યાન આપ્યું હોય તેમ જણાય છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એટલે કે ઈ.સ. ૧૮૭૮માં બ્રિટીશ સત્તાનું આગમન થયું તે પહેલાં ડાંગ પર ડાંગ ભીલ રાજાઓ રાજ્ય કરતા હતા. ઈ.સ. ૧૯૨૩માં અંગ્રેજ ફોજે પ્રથમ વાર ડાંગમાં પ્રવેશ કર્યો અને ડાંગી રાજાને નમાવી દીધા.

## ડાંગની નદીઓ :

પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગીરા ડાંગ પ્રદેશની મુખ્ય નદીઓ છે. તેનાથી આ સંપૂર્ણ વિસ્તારમાં ચાર વિભાગોમાં વહેંચાયેલો છે. નદીઓ પશ્ચિમવાહિની છે. ભારે વરસાદના પાણીના જોરદાર પ્રવાહથી નદીઓમાં ઘણી જગ્યાએ ઊંડા કોતરો નિર્માણ થયા છે. જેથી એક ભાગમાંથી બીજા ભાગમાં જવુ ઘણું મુશ્કેલ ભર્યું બન્યું છે. ખાપરી નદી ડાંગના બે સરખા ભાગ કરી ડુંગરડા નજીક અંબિકાને મળે છે. અંબિકા નદી સાપુતારાની પર્વતમાળાની તળેટીમાં તથા પૂર્ણા, ચીચલી નજીકની ખીણોમાં ઉગમ પામે છે અને અનુક્રમે બિલીમોરા તથા નવસારી નજીક અરબી સમુદ્રને મળે છે. આ લોક માતાઓ જુલાઈની મધ્યમાં પૂરથી છલકાતી હોય છે.

## ડાંગના પ્રવાસન સ્થળો :

### સાપુતારા ગિરિમથક

સાપુતારા ગુજરાત રાજયનું એકમાત્ર ગિરીમથક છે. હાલમાં જ્યાં તળાવ પથરાયેલું છે. તે જગ્યાની પૂર્વ બાજુએ એક ખડક પર સાપના લીસોટા હતા. તેના પરથી સાપ ઉતર્યો હતો. તે પરથી સાપુતારા નામ પડ્યું. બીજી માન્યતા એ છે કે સાપોનું રહેઠાણ એટલે સાપુતારા. સાપના લીસોટાવાળી મૂળ(અસલ) જગ્યા ડુબાણમાં છે.

### અંબિકા દર્શન

સાપુતારાના ડુંગરમાંથી અંબિકા નદી નીકળી છે. જે સ્થળ આજે અંબિકા દર્શન તરીકે ઓળખાય છે.

### સૂર્યોદય અને સૂર્યાસ્ત દર્શન

પૂર્વ પશ્ચિમ દિશામાં આવેલો વાઘબારીનો ડુંગર પરથી સૂર્યોદય અને તેનું સૌંદર્ય નિહાળી શકાય છે. જ્યારે સૂર્યાસ્ત પશ્ચિમે આવેલ ડુંગર પરથી જોઈ શકાય છે.

**મ્યુઝિયમ**

ગુજરાત સરકાર તરફથી સાપુતારા ખાતે વિશાળ મોટું મ્યુઝિયમ તૈયાર કરવામાં આવેલું છે. જેમાં ડાંગની ભાતીગળ સંસ્કૃતિ, કલા, વારસો, લોકવાદ્યો ડાંગની પ્રગતિની માહિતી જોવા જાણવા લાયક છે. કળાનાં નમૂના રૂપ વિશાળ નાગની રચના લોકો માટે આકર્ષણ રૂપ છે.

**ત્રિફળાવન**

સાપુતારાથી નાસિક જતાં રસ્તાની ડાબી બાજુએ (૧) હરડે (૨) આમળાં (૩) બહેડાંનાં વૃક્ષો ઉછેરવામાં હેતુસર તેનો વિકાસ થઈ રહ્યો છે.

**મધમાખી ઉછેર કેન્દ્ર**

સાપુતારામાં તળાવવાળા રસ્તાની નીચેની બાજુએ મધમાખી ઉછેર કેન્દ્ર વિકસાવવામાં આવ્યું છે. જેમાં ડાંગનાં જંગલોમાંથી મધમાખી પકડી લાવી તેને મધ પેટીમાં મૂકે છે. પરિણામે મધ મળે છે.

**રોપ-વે**

પૂર્વ અને પશ્ચિમના બે ડુંગરો વચ્ચે લગભગ અંદાજે ૧ કિ.મી. અંતરમાં રોપ-વેની વ્યવસ્થા કરી છે. જેની ઊંચાઈ અંદાજે ૪૦૦ ફુટ જેટલી છે. પ્રવાસી માટે તે આકર્ષણ રૂપ બન્યું છે. ડાંગમાં આ પહેલો રોપ-વે બન્યો છે.

**તળાવ**

પહેલા સાપુતારામાં પાણીની પુષ્કળ તંગી હતી. પરંતુ તેનો ગિરિમથક તરીકે વિકાસ થતાં, ત્યાં મોટો બંધ બાંધી આજે સમગ્ર સાપુતારાને પાણી પુરું પાડવામાં આવે છે. અને તળાવમાં માછલા ઉછેરવાની પ્રક્રિયા ચાલે છે. તેમજ નૌકા વિહારની પણ વ્યવસ્થા છે. જે સહેલાણીઓ માટે આકર્ષણ રૂપ છે.



**હોટલ**

સાપુતારા ખાતે પ્રવાસીઓ માટે રહે-જમવાની હોટલો (ખાનગી) આવેલી છે. તથા ગુજરાત ટૂરિઝમની હોટલ તથા પ્રવાસી ઘર સરકારી રેસ્ટ હાઉસો આવેલાં છે. ડાંગની હસ્તકલા કારીગરીમાં વાંસના આકર્ષક નમૂના, રમકડાં તથા અન્ય સામગ્રી માટે ઘણી દુકાનો આવેલી છે.



**ઋતુંભરા કન્યા વિદ્યાલય**

ઋતુંભરા વિશ્વ વિદ્યાલય તરફથી સાપુતારામાં ઋતુંભરા કન્યા છાત્રાલય ચાલે છે. આ સંસ્થાના સંચાલક પૂ. પૂર્ણિમાબહેન પકવાસા છે. જેમને રાષ્ટ્રપતિ પારિતોષિક પણ પ્રાપ્ત થયેલું છે. તેઓ કર્મનિષ્ઠ અને સાચા લોકસેવક છે. સમાજ સુધારણા, કન્યા કેળવણી, દેશભક્તિ એમના મુખ્ય કાર્યો છે. આ સંસ્થામાં ધો. ૮થી ૧૨ સુધી શૈક્ષણિક કાર્ય થાય છે. કન્યાઓને જીવન ઘડતરની તાલીમ, પ્રવૃત્તિ શિક્ષણ આપવા અમુક ગામોમાં આંગણવાડીઓ ચાલે છે. જનજાગૃતિ માટે બાળમંદિરો બાંધી આપવામાં આવે છે.



**બોટનીકલ ગાર્ડન, વઘઈ**

વઘઈ ૧ કિ.મી.ના અંતરે સાપુતારા રોડ પર આ ગાર્ડન આવેલો છે. ૨૪ હેક્ટર વિસ્તારમાં પથરાયેલા છે તેમજ ૯ જેટલા પ્લોટમાં વિભાજન થયેલો છે. આ ગાર્ડન વનસ્પતિ ઉદ્યાન સ્વરૂપે વિકસાવેલ હોવાથી ભારતભરમાં વખણાય છે. અહીં જંગલમાંથી મળતી મોટાભાગની વનસ્પતિનો સંગ્રહ કરી ઉગાડવામાં આવે છે. સમગ્ર ગાર્ડનમાં ૧૦૨૮ જાતનાં ઝાડો ઉછેરવામાં આવ્યા છે. તદ્ઉપરાંત અહીંના ફૂલછોડ વેલી વગેરેના બાગબગીચાથી ગાર્ડનની શોભા અત્યંત રમણીય લાગે છે. જે પ્રવાસીઓના મન હરી લે છે.





**જોવાલાયક વિશેષતા :**

૧. મેડીસનલ પ્લોટ, ૨. ગ્રીન હાઉસ, સર્કિટ હાઉસ, ૪. ગાર્ડન ફુવારા, ૫. બાંબુ પ્લોટ ૬. મ્યુઝિયમ, ૭. તળાવમાં ફરતા ફુવારા, ૮. ૧૦૨૮ જાતના વૃક્ષોનો ઉછેર

**અંજનકુંડ**

અંજનકુંડ ગામ ડાંગના મુખ્ય મથક આહવાથી દક્ષિણ દિશામાં ૩૫ કિ.મી.ના અંતરે પર્વતમાળામાં આવેલું છે. આ ગામની વસ્તી આશરે ૫૦૦થી ૬૦૦ જેટલી છે. આ ગામની ભૌગોલિક પરિસ્થિતિ ગામના પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશા સુધી સહ્યાદ્રી પર્વતના મોટા મોટા ડુંગરોથી ઘેરાયેલા વન વિસ્તારમાં વસેલું છે. અંજનકુંડ ગામ એ સાચા અર્થમાં હનુમાનજી અને માતા અંજનદેવીના નામથી જાણીતું છે. અંજનીમાતા અંજનકુંડ ગામે રહેતી હતી. તેના ઉપરથી અંજનકુંડ ગામનું નામ પડ્યું છે. અંજનીદેવીએ આકુંડમાં સ્નાન કર્યું હતું. પૂર્વજોની લોકવાર્તામાં તેઓ જણાવે છે કે, આ ગામે જ હનુમાનજીનો જન્મ અહીંના પર્વતોની ગુફામાં થયો હતો. આ જગ્યા આટાળા નામના ડુંગર ઉપર આવેલું છે. આ આટાળા ડુંગર ઉપર હનુમાનજીનું જન્મ સ્થળ છે. અને આજે પણ હનુમાનજીનું મંદિર છે. ડાંગ જિલ્લાના તથા દૂર દૂરના ગામેથી આ મંદિરમાં લોકો દર્શન કરવા માટે આવે છે. અંજનીમાતાનું અંજનકુંડ ગામે નદીમાં એક ન્હાવા ધોવાનો કુંડ આવેલો છે. તે હાલમાં પણ છે અને આટાળા ડુંગર ઉપર ખીણમાં ઘર પણ છે. અંજનીમાતા અંજનકુંડ ગામે રહેતી અને બીલમાળ ગામમાં બીલીપત્ર તોડી લીંગા ગામે ભગવાન શ્રી શંકરના શિવલીંગની પૂજા કરતી જેના પરથી લીંગા અને બીલમાળ ગામનું નામ પડ્યું છે.

**સીતાનું વન (ગારખડી)**

ગારખડી ગામથી પૂર્વ દિશામાં આશરે ૩ કિ.મી.ના અંતરે વાડ્યાવન ગામ આવેલું છે. જે ગામથી પૂર્વ દિશામાં "સીતાવન" નામથી ઓળખાતું એક જંગલનો ભાગ આવેલો છે.

પૂર્વજોની માન્યતા મુજબ આ જંગલમાં ભગવાન શ્રી રામ તથા સીતા અને લક્ષ્મણ તેમના ૧૪ વર્ષના વનવાસ દરમિયાન રહ્યા હતા. તે ઉપરથી આ જંગલને "સીતાવન" કહેવામાં આવે છે.

ભગવાન શ્રી રામ અને સીતા માતાનાં પાવનકારી પગલાં પણ પથ્થર પર મૌજુદ છે. જેના દર્શન કરી લોકો પુણ્ય મેળવે છે. આ જંગલમાં આવેલી તમામ વનસ્પતિઓ કોઈપણ બિમારી માટે ઉપયોગી થાય છે. આ જંગલ બારેમાસ લીલુછમ રહે છે.

સીતાના વનમાં ઢાંકણપાણી નામનો પાણીનો ઊંડો ઝરો આવેલો છે. એમાંનું પાણી વાંસની પોલાણવાળી નળી મૂકીને પી શકાય છે. આ ખાસ જોવાલાયક સ્થળ છે.

આ સીતાના વનની બાજુમાં એક ભાખાઈ નામનો ધોધ આવેલો છે. આ ધોધ મહારાષ્ટ્ર રાજ્યમાંથી આવતી નદી પર આવેલો છે. ખાસ કરીને ચીચધરા ગામથી પૂર્વ દિશામાં ૩ કિ.મી. અંતરે આવેલો છે.

**ગીરાધોધ (ગીરમાળ)**

આહવાથી નવાપુર જતાં શિંગાણા ગામ આવે છે. ત્યાંથી પશ્ચિમ દિશામાં આશરે ૧૩ કિ.મી.નાં અંતરે ગીરાધોધ આવેલો છે.

જૂના જમાનામાં બનેલી આ એક ઘટના છે. ત્યાં ઊંચા ઊંચા ખડકો આવેલા છે. એ ખડકો પર મોટા મોટા મધપુડાઓ હતા. એ મધપુડા લેવા માટે ત્યાંના પતિ-પત્ની આ સ્થળે ગયા હતા. ત્યાં જઈ એક દોરડાનો લાંબો ઝુલો બનાવ્યો. એના સહારે (મદદથી) પુરુષ ઝોલા સાથે મધપુડા લેવા નીચે ઉતર્યો. એમની પત્ની ઉપર જ હતી. પત્નીએ મધ લેવા માટે એક બીજું દોરડુ ઉતાર્યું. તે સમયે પતિનું માથુ કપાઈને પત્નીએ જે દોરડુ મધ લેવા માટે

ઉતાર્યું હતું તેની સાથે બંધાયુ અને એજ સમયે આકાશવાણી થઈ. આકાશવાણીમાં પત્નીને પોતાના પતિનું માથુ જે દોરડા સાથે બંધાયેલ હતું તે ખેંચવા જણાવ્યું. પત્નીએ દોરડું ખેચ્યું તો દોરડા સાથે પોતાના પતિનું માથુ બાંધેલું હતું. જે જોઈને પત્નીના મોમાંથી અવાજ નીકળ્યો કે આતો મારો પોતાનો ગીરો છે. આ ઘટના પરથી તે ધોધનું નામ ગીરાધોધ પડ્યું. થોડીવારમાં એના પતિ જીવીત થઈને બહાર આવ્યા અને પતિ-પત્ની બંને પોતાના ઘરે ગયા.



ગીરાધોધ ખૂબ જ મોટો અને ઘણી ઊંચાઈ ધરાવે છે. તેની ઊંચાઈ લગભગ ૨૦૦થી ૨૫૦ ફુટ છે. ત્યાં બારેમાસ પાણી રહે છે. ઉનાળાની ઋતુમાં ધોધ પડતો નથી. જુલાઈથી માર્ચ મહિના સુધી પાણીનો ધોધ પડતો જોવા મળે છે. દૂર દૂરથી લોકો આ સ્થળ જોવા આવે છે.

**ગીરાધોધ - વઘઈ (આંબાપાડા)**

સાપુતારાના ડુંગરમાંથી નીકળી વઘઈથી સાપુતારા રોડ પર વઘઈ બોટાનિકલ ગાર્ડનની તદ્દન પાછળના ભાગે થઈ વહેતી અંબિકા નદી પર આ ધોધ આવેલો છે. ગિરા અને ગિરી એટલે કે નર માદાના રૂપમાં પતિ-પત્નીના રૂપમાં ગિરા ગિરીનું અનોખુ મહત્ત્વ છે. ઊંચાઈએથી પડતા પ્રવાહના કારણે ધોધના સ્થળે ઊંડો કુંડ થયેલ છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ આ કુંડની ઊંડાઈ ૧૫ ફૂટના લાંબા સાત(૭) વાંસ લઈ દરેક વાંસના ચાર ફાડ્યા કરી એકબીજાની સાથે છેડાબાંધી નાખવામાં આવે તો પણ તેના તળ સુધી પહોંચી શકાતું નથી. તેના ઉપરથી તેની ઊંડાઈનો ખ્યાલ આવે છે.



રળિયામણી વનરાજીથી શોભતા નાનકડા ડાંગ જિલ્લાના વન વગડામાંથી અંબિકા નદી વહ્યા કરે છે. જે પ્રવાસીઓ માટે આકર્ષકનું કેન્દ્ર બન્યું છે. શહેરી માહોલથી કંટાળેલા લોકો કુદરતનું સૌંદર્ય માણવા ડાંગ જિલ્લાના પ્રવેશ દ્વાર વઘઈ નજીક આવેલા આ ગીરાધોધને નિહાળવા ઘણા લોકો આવે છે. ધોધના અદ્‌ભૂત દ્રશ્યને જોઈ તેમાં ખોવાઈ મોજ-મસ્તી અને આનંદ માણવા પ્રેરાય છે. અને ધોધમાં ન્હાવાની મઝા લે છે. ખાસ કરીને રજાઓના દિવસોમાં પ્રવાસીઓની ભીડ વધુ જોવા મળે છે.

**મહાલ કોટના રળિયામણા જંગલ**

આહવાથી ૨૪ કિ.મી.ના અંતરે મહાલ ગામ આવેલું છે. મહાલ ગામથી લગભગ દોઢ કિ.મી. દૂર કોટ આવેલો છે.



ડાંગ જિલ્લામાં મહાલનો કોટ સરકારે અભયારણ્ય તરીકે જાહેર કરેલો છે. મહાલનો કોટ જંગલ ખાતાએ પ્રાણીઓના રક્ષણ માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કર્યો છે. ડાંગ જિલ્લામાં આવેલા મહાલ કોટનાં જંગલમાં દરેક જાતના પ્રાણીઓ રહે છે. જેમાં જંગલનો રાજા વાઘ જાતિ પણ આ કોટમાં રહે છે. મહાલ કોટની એ વિશેષતા છે. વાઘ એ ડાંગી લોકોનો દેવ છે.

મહાલ કોટમાં ડાંગ જિલ્લામાં થતા દરેક ઝાડ તથા વનસ્પતિ જોવા મળે છે. અહીં સુરજના કિરણો જમીન સુધી પહોંચતા જ નથી. એટલું ગાઢ જંગલ છે. જુદા-જુદા પક્ષી પણ અહીં જોવા મળે છે. રાતા મોઢાવાળા વાંદરા (ભોજલા) બહુ મોટા પ્રમાણમાં આ જંગલમાં વસે છે.



મહાલકોટ ખાસ કરીને વાઘ અને સાબર માટેનું અભયારણ્ય છે. આ ઉપરાંત મહાલકોટમાં હરણ, સાબર, સસલા વગેરે પ્રાણીઓ જોવા મળે છે.

મહાલકોટની બીજી ખાસ વિશિષ્ટ બાબત એ છે કે, કોટની અંદર કેળનું વાંગણ તરીકેનો વિસ્તાર આવેલ છે. જે લોકવાયકા પ્રમાણે ત્યાં શ્રીરામ અને સીતાએ વસવાટ કર્યો હતો. તેના પરથી કેળનું વાંગણ એમ નામ પડ્યું છે. જ્યાં હાલમાં ચંદનના વૃક્ષો પણ છે. આ જંગલમાંથી શ્રીરામ ભગવાન શબરીમાતાના દર્શને સુબીર ગામે ચમક ડુંગર પર ગયા હતા. આમ મહાલકોટનું જંગલ એ ડાંગ જિલ્લાનું સૌથી મોટુ અને ગાઢ જંગલ તરીકે જાણીતું છે.

## ધાર્મિક સ્થળો :

### દંડકેશ્વર મહાદેવ મંદિર (આહવા)

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ગામની મધ્યમાં આવેલું દંડકેશ્વર મહાદેવનું મંદિર આદિકાળથી દંડકારણ્ય સાક્ષી પૂરતું કાળના પ્રવાહથી વિચલિત થયા વગર પોતાના ઠેકાણે ઊભુ છે. ઈ.સ. ૧૯૫૭માં પ્રથમ વાર શિવાલયના રૂપમાં તેનું પ્રથમ જીર્ણોધ્ધાર થયેલા પુરાણમાં વર્ણવેલ સમુદ્ર મંથન પહેલાં ભગવાન સદાશિવનો કંઠ શુભ્રવર્ણ(શ્વેત) રંગ હતો. તેથી આ મંદિરમાં પ્રતિષ્ઠિત શિવલીંગ શ્વેત રંગનું છે. તેથી આ દંડકેશ્વર મહાદેવનું મંદિર અને લીંગ સમુદ્રમંથન પહેલાનું હોવાની પૃષ્ટિ મળે છે. કારણ સમુદ્રમંથન પછી ભારત ભરમાં બનેલા શિવ મંદિરમાં શિવલીંગ શ્યામવર્ણના (કાળા રંગના) છે. તાજેતરમાં આ મંદિરના શિવલીંગને યથાવત રાખી મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલો છે.

### મહાદેવનું મંદિર (ચિંચલી)

ચિંચલી ગામની પૂર્વ બાજુએ સાલેર ડુંગર આવેલો છે. આ ડુંગરમાંથી ડાંગ જિલ્લાની લોકમાતા ઓળખાતી પૂર્ણા નદીનું ઉદ્‌ગમ સ્થાન આવેલ છે. આ પૂર્ણા નદીના મુખ પાસે મહાદેવનું જૂનું પુરાણું મંદિર આવેલું છે. આ મંદિર પાસે શિવરાત્રિના દિવસે મોટો મેળો ભરાય છે. આ મેળામાં ડાંગ જિલ્લાનાં તેમજ મહારાષ્ટ્રમાંથી લોકો પૂજાવિધિ કરવા માટે આવે છે. મંદિરની બાજુમાં એક જૂનો કૂવો છે. આ કૂવામાંથી હાલમાં પણ સાત ગામને પાણી પૂરું પાડવામાં આવે છે છતાં પણ પાણીનો ઝરો ઓછો થતો નથી.

### ખાતળનું શિવમંદિર

આજથી બે દાયકા પહેલાં એક કાહડોળનું ઝાડ ઘરડુ થઈને પડ્યું. તેના પડી ગયા પછી ખાતળ ગામનાં સ્વ. જગુભાઈને ત્યાંથી કંઈક મોંઘી વસ્તુ મળી હતી. ત્યાર પછી તેમના ભાઈ સોમાભાઈને સ્વપ્નું આવ્યું. ઘણી વખત સ્વપ્નમાં દેખાયા પછી ખાતળ શાળાનાં બાળકો તથા શિક્ષકો અને ગામનાં આગેવાનો મળીને ત્યાં ખોદકામ કરતા જ્યાં ખોદતા પહેલા ઈંટનો ઢગલો હતો. ત્યાં આજુબાજુ જીર્ણ હાલતમાં પોડીયોના બે ત્રણ અવશેષો હતા. ૧૫થી ૨૦ ફૂટ ખોદતા તેમાંથી મૂર્તિઓ નીકળી. એક ભોયરૂ પણ છે. તેમાંથી એક મૂર્તિ પર તાનાજી એવું નામ લખેલું છે. આ તાનાજી છત્રપતિ શિવાજી મહારાજના ખૂબ પ્રિય સેનાપતિ હતા. તેથી જ તો તાનાજી યુદ્ધમાં મરણ પામ્યા ત્યારે છત્રપતિ શિવાજી મહારાજના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા હતા કે “ગઢ આલા પણ સિંહ ગેલા” આ ખાતળ મંદિરના ભોંયરામાંથી રૂપગઢ પહોંચતા હોવા જોઈએ. ત્યાં રૂપગઢમાં આરામ કરી ત્યાંથી ભોયરા મારફત સોનગઢ કિલ્લામાં નીકળતા હતા. ત્યાંથી સુરત જેવા મોટા શહેરોની લુંટ કરી ચાલાક અંગ્રેજોને થાપ આપી પાછા પોતાના સ્થાને પહોંચી જતા હતા. આજે આ ખાતળ શિવાજી લીંગનું મંદિર જીર્ણ જરૂર છે પરંતુ દેશના દરેક લીંગોનાં જેટલું જ તેમનું મહત્ત્વ છે. આ ખાતળ શિવલીંગની નજીકમાં પાણીનો ઝરો છે. આ પાણી જ પૂજામાં વાપરવામાં આવે છે. દર વર્ષે ગણેશ ચતુર્થી પણ અઠવાડિયા સુધી તેમજ શિવરાત્રિ ઉજવવામાં આવે છે. ભાવિક ભક્તો બીલીપત્રો ચઢાવવા માટે અહીં આવે છે.

### શબરીધામ (સુબીર)

જૂના જમાનામાં રામચંદ્રયુગની એક એવી માન્યતા છે કે, ભગવાન રામને મળવા માટે શબરીબાઈ રાતદિવસ રામનું રટણ કરતી હતી. રામ ભગવાનના દર્શન પ્યાસી શબરી એક જંગલમાંથી બીજા જંગલમાં

ભટકતી ભટકતી ડાંગ જિલ્લાના સુબીર ગામ નજીક મોખામાળની "ચમક" ડુંગર પર આવીને રહેતી હતી. અહીં શબરીબાઈએ એક ઝુંપડી બનાવી વર્ષો સુધી રામનું તપ કર્યું હતું. રામ આવશે અને તેના દર્શન અહીં થશે જ એવી આશાથી તથા રામ આવશે ત્યારે તેને પ્રસાદમાં શું આપીશ એમ વિચારી આ જંગલ (બરડીપાડા)ની આસપાસથી શબરીબાઈએ ખાંટામીઠા બોર ચાખી રાખી ભેગા કરી રાખ્યા હતા. હાલ તે બરડીપાડા ગામ તરીકે ઓળખાય છે. જે ગામમાં બોરડીના ઝાડ ખૂબ હોવાથી તેનું નામ બરડીપાડા પડ્યું.

આ મોખામાળની "ચમક" ડુંગર ઉપર શબરીબાઈની મૂર્તિની શીલા હજુ પણ છે. જે તુટેલી હાલતમાં છે. જેના વિકાસ માટે અત્યારે એક મોટા શીલા (પથ્થર)માંથી આશરે ૩-૪ ફૂટ ઊંચી શબરીબાઈની મૂર્તિ બનાવવામાં આવી રહી છે. જે માટે અહીં શબરી ટ્રસ્ટ મંડળની રચના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ શૈક્ષણિક ક્ષેત્રે પણ સારી એવી પ્રગતિ કરી રહ્યું છે. શબરીધામમાં ભવ્ય મંદિર બની ચૂક્યું છે. જેમાં શબરીમાતા તથા રામ અને લક્ષ્મણની મૂર્તિનું સ્થાપન થયું છે.

લોક માન્યતા મુજબ મોખામાળની "ચમક" ડુંગર પર શબરીબાઈને રામ ભગવાન પંચવટીમાંથી દર્શન આપવા ઘોડેસવારી સાથે આવે છે. તેમના ઘોડાનાં પગલા જ્યાં જ્યાં પડ્યા છે. તેના દર્શન માટે ઘણા લોકો આવે છે. જે રામના ઘોડાના પગલા તરીકે પ્રખ્યાત છે. પાથુરાણી સ્થળે એક મોટી શીલા ઉપરના ઘોડાનાં નિશાનના અવશેષો વિશે લોકમાન્યતા એવી છે કે રામ શબરીને દર્શન આપવા આવ્યાં હતા. ત્યારે ઘોડાનાં પગલાં પડ્યાં હતાં. આ ઘોડસવારીમાં ભગવાન બેઠા હોવાથી તે ખૂબ જ પવિત્ર મનાય છે. જેના લોકો દર્શન/પૂજા કરી ધન્યતા અનુભવે છે.

**પાંડવગુફા**

પાંડવગુફા ચીંચલી તરફ જતા પાંડવા ગામથી પશ્ચિમ તરફ ડુંગરોની હારમાળામાં આવલી છે. પાંડવગુફાના અવશેષો આજે પણ જળવાઈ રહ્યા છે. જ્યાં પાંચ ખંડો જોવા મળે છે. એમાં એક મોટો કક્ષ જે ભીમના ખંડ તરીકે ઓળખાય છે. કહેવાય છે કે, પાંડવો જ્યારે બાર વર્ષ વનવાસ ભોગવતા ત્યારે અહીં રોકાયા હતા. એવું જાણવા મળે છે. એની લંબાઈ આશરે ૪૦થી ૫૦ ફૂટ જેટલી મોટી ગુફા છે. એની આજુ-બાજુ વસ્તી પ્રજાના ગામનું નામ ગુફા પરથી પાંડવો પડ્યું હતું અને પાંડવોની આજુબાજુ આવેલા ગામો લશ્કરીયા, ચૌક્યાની પણ દંતકથાઓ પ્રમાણે ગામોના નામ પડ્યા છે. પાંડવો વનવાસ દરમિયાન તેરમાં વર્ષે છુપાવેશે અહીંના જંગલમાં ફરતા હતા ત્યારે કૌરવોનું લશ્કર એમને શોધતા શોધતા લશ્કરીયા ગામે થોભ્યું હતું. એના પરથી આ ગામ લશ્કરીયા તરીકે લોકો ઓળખતા થયા. ત્યારબાદ આગળનું ગામ જે ચૌક્યા કહેવાય છે. એ ગામે પાંડવોને શોધવા ચોકી એટલે કે પહેરો ભર્યો અને એના પરથી "ચૌક્યા" ગામનું નામ પડ્યું હતું.

**કનસરીયા ગઢ**

આ કનસરીયા ગઢ પીપલદહાડથી પશ્ચિમ દિશામાં સાવરખલ ગામથી થોડા અંતરે જંગલની ઝાડીમાં એક ઊંચી ટેકરીની ગુફામાં આવેલું છે. કનસરી માતાનું સ્થાન ગુફાની અંદર છે. જેને લોકો અન્નપૂર્ણા માતાજી તરીકે પણ ઓળખે છે. અને ત્યાં દેવી-દેવતાની પ્રતિમા જોવા મળે છે. ડાંગ જિલ્લામાં આ વિસ્તારના લોકો પોતાની શ્રદ્ધા મુજબ બાધાઓ રાખે છે.અને તેનું પૂજન ડિસેમ્બરથી ફેબ્રુઆરીમાં ધૂમધામથી કરે છે. ખાસ કરીને પૂનમના દિવસે આજુબાજુના ગામડામાંથી અને રાજ્યમાંથી લોકો પૂજનવિધિ કરવા આવે છે. જેથી માતાજી અનાજમાં બરકત આપે છે. તેથી ત્યાં જાતજાતના અનાજ અને કઠોળ ચઢાવે છે. પૂનમનાં દિવસે લોકો આખી રાત જુદા-જુદા પ્રકારના વાજિંત્રો સાથે નાચે છે અને સવારે માતાજીને બલિ ચઢાવી સમૂહમાં પ્રસાદ લઈ પોત પોતાનાં ઘરે પાછા જાય છે.

**નળદાદેવ (બોરખલ)**

નળદાદેવ બોરખલથી ૩ કિ.મી. લીંગા રોડ પર આવેલું છે. ત્યાં નળદાદેવનું સ્થાન નદીના કાંઠે કાહડોળ સાગના ઝાડોની વચ્ચે આવેલું છે. નળદાદેવ પથ્થરની મૂર્તિ સ્વરૂપે બિરાજમાન છે. ત્યાં લોકો શ્રદ્ધા અને વિશ્વાસ લઈ પોતાનું દુઃખ દૂર કરવા માનતાઓ લે છે અને દુઃખો દૂર કરે છે. તેની આજુબાજુ ઘટાદાર વૃક્ષોનું ભરચક જંગલ આવેલું છે. આ દેવનો માનીતો વાર રવિવાર અને મંગળવાર છે. નળદાદેવને અહીંના લોકો મોટામાં મોટો દેવ તરીકે આજે પણ માને છે. કેટલાક વડીલો આ મોટા દેવને મહાદેવ તરીકે પણ ઓળખાવે છે. તેમની બાજુમાં



માતાજી પણ બેસાડેલ છે. તે પાર્વતી માતા છે. એવી લોકોની દઢ માન્યતા છે કે, આ દેવ એક એવો દેવ છે કે જે જંગલમાં વસતા લોકોનું રક્ષણ કરે છે.

**બોરખેત મંદિર**

આ ગામ આહવાથી પૂર્વમાં ૪ કિ.મી. દૂર આવેલું છે. આ ગામમાં પ્રાચીન સમયમાં અંગ્રેજો તથા અહીંના સ્થાનિક રાજાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું હતું. જેમાં ભીલ રાજાઓ અતિ બળવાન હોવાથી તેમને હંફાવતા તેથી અંગ્રેજોએ સાગના ઝાડ સાથે બાંધી ખીલા મારી એ ભીલ રાજાઓને મારી નાખ્યા. થોડાકને ઘાસમાં બાળી નાખ્યા હતા. આ ભંયકર પરિસ્થિતિને જાણે ભીલ રાજાઓનું દમન ઓછું થયું. ભીલ રાજાના પરિવારજનોએ ઝાડમાં રાજાની મૂર્તિ બનાવી તેની હનુમાન તરીકે પૂજા કરે છે. આ ગામમાં બોરની ખેતી થતી હતી એવું વડિલો કહે છે.

**માયાદેવી**

માયાદેવી સાક્ષાત જગદંબાની મૂર્તિ છે. આ મૂર્તિ પૂર્ણા નદીના ભેંસકાતરી ગામથી માત્ર એકાદ કિ.મી. દૂર છે.

કહેવાય છે કે, આ મૂર્તિ જાતે જ પ્રગટ થઈ છે અને તેને ભેંસકાતરી રેંજમાં તે વખતના આજથી બે દાયકા પહેલાં કામ કરતા રેંજરને સ્વપ્નમાં દર્શન દીધા હતા. આ રેંજરનું મૂળ વતન મદ્રાસ હતું. ડાંગ જિલ્લામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકે સેવા માટે નિમાયા હતા. સ્વપ્નામાંની નિશાનીના આધારે એ ત્યાં ગયા. કહેવાય છે કે, જોગમાયાએ તેમને દર્શન દીધા અને તેમને સોનું પણ મળ્યું હતું. આ દેવી પોતે જ પ્રગટ થયેલાં છે. દર શિવરાત્રિએ મોટો મેળો ભરાય છે. ત્યાં મૂર્તિ પાસેથી કાયમ પાણીનો ઝરો વહે છે. શિવરાત્રિ વખતે ડાંગ તાલુકાના સુરતના, વલસાડ જિલ્લાના લોકો પણ આવે છે. આ સાક્ષાત જોગમાયા માયાદેવીના સ્થળે પ્રગટ થયેલા છે. નદીમાં માતાનો મંડપ છે. તે લગભગ ૫૦- ૫૦ ફૂટ ચોરસ મંડપ હાલમાં પણ ખડકની અંદર કોતરેલો છે. જેના થાંભલા પણ છે. ત્યાં દર નવરાત્રિએ ગરબા રમાતા હોય તેવું ઝાંઝરના ઝણકાર સંભળાય છે. એવું માનવામાં આવે છે. ચૈત્રિ નવરાત્રિ વખતે ત્યાં સુધી સારી રીતે પહોંચી શકાય છે. દિવાળી અગાઉની નવરાત્રિએ નદીમાં પાણીના લીધે મંડપ સુધી તથા માયાદેવીના સ્થળ સુધી પહોંચતાં મુશ્કેલી પડે છે. આ માયાદેવીનાં વિકાસ માટે ટ્રસ્ટ રચવામાં આવેલું છે.

**કવાડેનો ગઢ**

ડાંગ જિલ્લામાં કવાડેની માવલી(માતા)ની ઘણી યશગાથા ગવાય છે. આનું કારણ એ છે આ માવલી વહેલી પ્રસન્ન થાય છે. ધારેલી માનતાઓ લોકોની પરિપૂર્ણ કરે છે. આ ગઢનીમાવલીના ગુજરાતમાંથી તેમજ મહારાષ્ટ્ર રાજ્યના લોકો માનતા માનવા આવે છે અને માનતા ફળતાં પોષ માસમાં પુનમે આ ગઢને પરણવા આવે છે. ત્યાં માવલીને માનતામાં જે પ્રાણીને લઈ જવામાં આવે છે. તે માત્ર માન આપવા પૂરતા જ લઈ જાય છે. ત્યાં બલી ચઢાવવામાં આવતો નથી.

પહેલાનાં વખતમાં આ ગઢ અંગેની એક માન્યતા છે કે, એક ગામીત કુટુંબને આ કવાડે ગઢથી માવલી પ્રસન્ન થઈ હશે. ત્યારે આ કુટુંબ તેને બલી ચઢાવવા માટે પાડો લઈને ગયા. માતાજી (માવલી) પોતે પ્રગટ થઈ ના પાડવા લાગી કે અહીં ના લાવો. હું પાડાનું ભક્ષણ કરતી નથી. પણ પેલું ગામીત ભોળું કુટુંબ એવું સમજ્યું કે, આયા બા હાદે હૈ (માં બોલાવે છે) પેલા માન્યા નહિ અને માતાજી પેલુ બારણું બંધ કરી આથમણે દરવાજે નીકળી ગયા. આજે પણ આ આથમણો દરવાજો બંધ છે. હવે ઉગમણા દરવાજેથી આ કવાડે ગઢમાં જવાય છે.

આ કવાડે ગઢ ઉપર નાચતા ડુંગર પોલો હોય તેવો અનુભવ થાય છે. આ ગઢમાં ટાપરા તથા પાવરી વગાડનાર પ્રવેશતા નથી. ટાપરાનો પથ્થર છે. તેના પર ટાપરાનાં પગલાં આજે પણ છે તે દરવાજા પાસે જ વગાડે છે.

માન્યતા છે કે, આ ગઢમાંથી નસીબદાર વ્યક્તિને કંઈકને કંઈક વસ્તુ મળે છે. કોઈને અનાજનો દાણો મળે છે. તો કોઈને ઢોરનો વાળ મળે છે. કોઈક ભાગ્ય શાળીને નાણાંનો સિક્કો મળે છે. તેના પરથી કહેવામાં આવે છે. તેનું નસીબ અનાજમાં, ઢોરમાં કે પૈસામાં છે. આ ગઢમાં પ્રવેશ માટે ઘીનો દીવો લઈ જવા પડે છે. સાથે ભગત પણ આવે છે. ભાગ્યશાળી ૮થી ૧૦ જણાજ અંદર સુધી જવામાં સફળ થાય છે. અંધારી સાંકડી લાંબી જગ્યા ખૂબ જ સંકડાશમાં આપણને એવી જગ્યાએ લઈ જાય છે કે જ્યાં ઉઘાડા આકાશવાળુ સરસ મેદાન છે. મેદાન પછી પાછા એ જ સાંકડે રસ્તે બહાર જવાનું-આવવાનું હોય છે.

## ડાંગ જિલ્લાની જાતિઓ :

ડાંગ જિલ્લામાં ભીલ, કુનબી, વારલી ઉપરાંત માવચી વિટાળિયા / કોટવાળિયા, ગામીત જાતિના લોકો વસવાટ કરે છે. સમયાંતરે ધંધા રોજગારની તક શોધતા અનુસૂચિત જાતિના તેમજ મુસ્લિમ લોકો પણ કેટલાક વિસ્તારોમાં વસવાટ કરે છે.

## પ્રજામાં ધાર્મિક આસ્થાની માન્યતા :


ડાંગના આદિવાસીઓની મોટાભાગની વસતિ હિન્દુ ધર્મનું પાલન કરે છે. ડાંગી આદિવાસીઓ હિન્દુ દેવ-દેવતાઓમાં તો માને જ છે, તે ઉપરાંત અનેક બીજા સ્થાનિક દેવો તથા ભૂત-પિશાચાદિ યોનિઓમાં પણ તેમની શ્રદ્ધા અકળ છે. આજુબાજુના નિસર્ગમાંથી જ આદિવાસીઓ- ડાંગીઓના સ્થાનિક દેવો ઉદ્‌ભવેલા છે. પ્રાણીઓ, વૃક્ષો કે વિશિષ્ટ જગ્યાઓ કે જે એમને જીવનમાં અતિ ઉપયોગી કે ભયજનક હોય, તેમજ નૈસર્ગિક પરિબળો જેવા કે વરસાદ, વાદળાં, ડુંગરો વગેરેને પણ આ લોકો દેવ ગણી પૂજે છે. જૂના કાળથી ચાલ્યા આવતા પથ્થર પર મારેલા લિસોટા હજુ પણ અનેક જગ્યાએ પૂજન થાય છે. ભીલો વાઘદેવને તથા વારલીઓ ખાસ કરીને નાગદેવને પૂજે છે. કનસરી એ તેમની અનાજની દેવી ખેતરમાં પડેલ પથ્થરને કનસરા માનીને પૂજા કરવામાં આવે છે. અને કાપણી પહેલાં તેની પૂજા થાય છે. કનસરાદેવી પ્રમાણે જ કોઠારદેવ, પાણીદેવ, ભૂતિયાદેવ વગેરે દેવોની પૂજા કરવામાં આવે છે. સૂર્યદેવ, હનુમાનજી, ચંદ્રદેવ વગેરે ચોખ્ખા દેવ પ્રમાણે જ ડાંગી આદિવાસી પ્રજા કાળસવર, સાનીયા, ભુંગાસવર વગેરે મલિન દેવોની પણ પૂજા કરે છે. મેલડી માતા પણ કોઈ કોઈ ઠેકાણે પૂજાય છે અને આ દેવોની બાધા રખાય છે. મૃત્યુ બાદ જે આત્માને આ જીવનની વિસ્મૃતિ થઈ શાંતિ મળે તે આત્મા દેવલોક પામે છે અને જેને તે મળતી નથી તે આત્મા ભૂત સ્વરૂપે પાછા ફરે છે. એવી ડાંગીઓની દૃઢ માન્યતા છે.





# દેવભૂમિ દ્વારકા જિલ્લો





| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: દેવભૂમિ દ્વારકા** |
| જિલ્લાનું મુખ્ય મથક | : ખંભાળીયા |
| જિલ્લા તરીકે દરજ્જો મળ્યો | : ઓગષ્ટ-૨૦૧૩ |
| ક્ષેત્રફળ | : ૪૦૫૧ ચોરસ કિ.મી |
| તાલુકાની સંખ્યા | : ૦૪ |
| તાલુકા પંચાયત | : ૦૪ |
| જિલ્લા પંચાયત | : ૦૧ |
| તાલુકાના નામો | : ખંભાળીયા, ઓખામંડળ (દ્વારકા), ભાણવડ, કલ્યાણપુર |
| જિલ્લાના કુલ ગામ | : ૨૬૫ |
| જિલ્લાના કુલ શહેર | : ૦૮ |
| નગર પાલિકા | : ૦૬ (ઓખા, દ્વારકા, સલાયા, ખંભાળિયા, રાવલ, ભાણવડ) |
| ગ્રામ પંચાયત | : ૨૩૯ |
| માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | : ૧૪૪ |
| કોલેજો | : ૦૫ |
| પ્રાથમિક શાળાઓ | : ૮૨૧ |
| કેન્દ્રીયકૃત પ્રાથમિક શાળાઓ | : ૦૨ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | : ૨૩ |
| સી.એચ.સી. | : ૦૪ |
| પેટા જિલ્લા હોસ્પિટલ | : ૦૧ (દ્વારકા) |
| જિલ્લા હોસ્પિટલ | : ૦૧ (ખંભાળિયા) |
| આઈ.ટી.આઈ. | : ૦૩ |
| સિંચાઈ યોજનાઓ | : નાની સિંચાઈ યોજનાઓ - ૧૩ |
| ઉદ્યોગો | : ૧૭૨ |
| ભૌગોલિક સ્થાન | : ૨૨.૨૦ ઉ. અક્ષાંશ, ૬૯.૬૫ પૂ. અક્ષાંશ |
| મહત્ત્વની ખેત પેદાશ | : મગફળી, બાજરી, તલ, કપાસ, જુવાર, એરંડા, ઘઉં |
| મહત્ત્વની બાગાયત પેદાશ | : નાળીયેર, તરબુચ |
| દૂધાળા પ્રાણીઓ | : ૪૨૨૧૧૫ |
| દૂધ ઉત્પાદન | : ૬૯૭૧૧ લિટર/દિવસ |
| દૂધ મંડળીઓ | : ૧૭૫ |
| પશુદવાખાના | : ૧૩ |
| નજીકના જિલ્લા | : જામનગર, પોરબંદર |
| વસ્તી(૨૦૧૧મુજબ) | : કુલ ૭,૪૮,૨૨૭ (ગ્રામ્ય-૫,૦૬,૪૩૨, શહેર - ૨,૪૧,૭૯૫) |
| બંદર | : ૦૩ |
| દરીયા કિનારો | : ૨૩૫ કિ.મી. |
| મહત્ત્વના ખનીજ | : બોકસાઈડ, લાઈમસ્ટોન, ચોક, માર્લ, વ્હાઈટ ક્લે. મરીન સેન્ડ અને સિલિકા સેન્ડ. |



## • દ્વારકા જિલ્લાનો ઇતિહાસ

દ્વારકાનગરીને શ્રીમદ્ ભગવદ્ગીતા, સ્કંદપુરાણ, વિષ્ણુપુરાણ, હરિવંશ અને મહાભારતમાં પણ શ્રીકૃષ્ણની સુવર્ણનગરી તરીકે વર્ણવી છે. ભારતીય સંસ્કૃતિના યુગ પ્રવર્તક એવા શ્રીકૃષ્ણનું સામ્રાજ્ય એટલે પ્રાચીન નગરી દ્વારકા. આ પ્રાચીન અને પવિત્ર નગરીનો

ભવ્ય ઈતિહાસ ભગવાન શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલો હોઈ શ્રદ્ધાળુ અને ધાર્મિક યાત્રાળુઓ દ્વારકાની યાત્રા કરી પાવન થાય છે. ભારત વર્ષની સાત પવિત્ર પ્રાચીન નગરીઓમાં દ્વારકાનું સ્થાન છે.

**ભૌગોલિક સ્થાન :** આ ભૂમિ દ્વારાવતી, ઉષામંડળ અને ઓખામંડળ તરીકે ક્રમશઃ ઓળખાતી આવી છે. ૨૨.૦૩ ઉ. અક્ષાંશથી ૨૨.૨૯ ઉ.અક્ષાંશ અને ૬૮.૫૦ થી ૬૯.૧૪ પૂ. રેખાંશ વચ્ચે અંદાજે ૭૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં આવેલી છે.

## દ્વારકાના નિર્માણ અંગે પુરાણોક્તિઓ :

પ્રાચીન કુશઃસ્થલી દ્વારકાનગરીના નિર્માણ અંગે પુરાણોમાં પણ રસપ્રદ ઉલ્લેખો જોવા મળે છે. જરાસંઘ અને કાલયવનના મથુરા પર હુમલાના ભયને કારણે ભગવાન શ્રીકૃષ્ણ અને યાદવો મથુરા છોડીને સુરાષ્ટ્ર એટલે કે સૌરાષ્ટ્રના સમુદ્ર તટ પર આવે છે અને રાજધાની તરીકે નગરીના નિર્માણ માટે દૈદીપ્યમાન વિશાળ સાગર તટ પ્રદેશ ઉપર તેમની દૃષ્ટિ ઠરે છે અને તેના નિર્માણકાર્ય માટે શ્રીવિશ્વકર્મા પ્રભુને આહ્વાન કરવામાં આવે છે. જો સમુદ્રદેવ દ્વારા રાજધાની દ્વારકા નગરીના નિર્માણ માટે થોડી ભૂમિ સુપ્રત કરવામાં આવે તો જ આ કાર્ય પાર પાડી શકાય. શ્રીકૃષ્ણ ભગવાનની આરાધનાથી પ્રસન્ન થઈ સમુદ્રદેવે બાર યોજન જેટલી ભૂમિ સમર્પિત કરી અને તે ભૂમિ પર શ્રી વિશ્વકર્મા પ્રભુએ સોનાની દ્વારકા નગરીનું નિર્માણ કર્યું. આ નગરી દ્વારામતી, દ્વારાવતિ અને કુશઃસ્થલી નામે પણ ઓળખાતી હતી. અન્ય દંતકથા એવી છે કે, ભગવાન શ્રીકૃષ્ણ જીવનના અંતે સોમનાથ પાસે ભાલકા તીર્થમાં પારધીના બાણથી ઘવાતાં ત્રિવેણી સંગમ ખાતે દેહત્યાગ કર્યો તે સમયે આ પ્રાચીન દ્વારકાનગરી સમુદ્રના પેટાળમાં હંમેશ માટે સમાઈ ગઈ હતી. રાજ્યના પુરાતત્ત્વ સંશોધન વિભાગ દ્વારા સમુદ્રના પેટાળમાં સમાયેલી આ પ્રાચીન દ્વારકા નગરીનું ઉત્ખનન કાર્ય હાલ ચાલી રહ્યું છે. અને તેના હજારો વર્ષ પૂર્વેના અસ્તિત્વ વિશેના પુરાવાઓ પણ મળી રહ્યા છે. વર્તમાન દ્વારકા નગરી તેના પ્રાચીન સ્વરૂપની જેમ અરબી સમુદ્ર કિનારે કચ્છના અખાતની સામે સ્થિર થયેલી છે. નજીકના ઓખા બંદરેથી યુરોપિયન દેશોમાં ભારતીય ચીજવસ્તુ, માલસામાનની મોટા પ્રમાણમાં નિકાસ પણ થાય છે અને તે પશ્ચિમ ભારતના પ્રવેશદ્વાર તરીકે પણ પ્રખ્યાત છે.

**સાતમી દ્વારકા :** ભગવાન શ્રી કૃષ્ણે વસાવેલી દ્વારકા સમુદ્રમાં હતી, તે પછી બીજી પાંચ દ્વારકા ક્રમશઃ નિર્માણ થઈ... ડૂબી અને હાલની દ્વારકા સાતમી છે, તેવું મનાય છે. પુરાતત્ત્વ વિભાગ દ્વારા સમુદ્રમાં ડૂબેલા કેટલાંક બાંધકામો તાજેતરમાં મળી આવતાં, પ્રાચીન કથનોને પુષ્ટિ મળે છે. કેટલાંક ખોદકામોમાંથી મળતાં શંખ, વાસણો, બાંધકામના નમૂના અને પ્રાચીન ચીજવસ્તુઓ જોતાં પણ, ઉક્ત માન્યતાઓને પુષ્ટિ મળે છે.

**ઐતિહાસિક માન્યતાઓ :** આ મંદિરમાં બિરાજમાન રાજવી શ્રીકૃષ્ણની મૂર્તિ અંગે અનેક મંતવ્યો અને મત મતાંતરો પ્રવર્તે છે. આક્રમણકારો સામે રક્ષણ મેળવવા આ પ્રાચીન મંદિરમાંથી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ સાવિત્રી વાવમાં છૂપાવવામાં આવી હતી. શ્રી વલ્લભાચાર્યજીએ મૂર્તિ વિનાના મંદિરમાં લાડવા ગામે રખાયેલી રુક્ષ્મણી (રુક્મિણી) માતાજીએ સેવેલી મૂર્તિ લાવીને સ્થાપી. જે. ઈ.સ. ૧૫૫૧ સુધી ત્યાં રહી, તુર્કો દ્વારા દ્વારકા પર હુમલા વેળાએ મૂર્તિ બેટ લઈ જવામાં આવી અને દ્વારકાના મંદિરમાં સાવિત્રીવાવમાંથી કાઢીને મૂળ મૂર્તિ પધરાવવામાં આવી તેમ માનવામાં આવે છે.

ઈ.સ. ૧૭૩૦માં શ્રીપ્રકાશનંદજી શંકરાચાર્યે લાખા ઠાકર પાસે વિષ્ણુયાગ યજ્ઞ કરાવ્યો. ઈ.સ. ૧૮૬૧માં મહારાજા ખંડેરાવે મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો. ઈ.સ. ૧૯૦૩માં મહારાજા સયાજીરાવ ગાયકવાડે સુવર્ણકળશ ચઢાવ્યો. ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાનના અવિરત હુમલાઓ છતાં મંદિરનો ચમત્કારિક બચાવ થયો. ઇ.સ. ૧૯૬૦થી કેન્દ્ર સરકાર દ્વારા જીર્ણોધ્ધારનું કાર્ય સંભાળવામાં આવ્યું.

આ તો વિવિધ મતો, તર્કો-અનુમાનો, હકીકતો અને તથ્યોથી મિશ્રિત તવારીખની ઝલક છે. દ્વારકા સાથે ગુગળી બ્રાહ્મણો, અબોટી બ્રાહ્મણો, વાઘેરો, મુસ્લિમ આક્રમણકારો, તુર્કો અને વિવિધ રાજવી કુળોના ઇતિહાસ સંકળાયેલા છે. એક નક્કર હકીકત છે કે સમુદ્રમાં ડૂબેલી દ્વારકાના પુરાતત્ત્વ વિભાગે શોધેલા અવશેષો અને અર્વાચીન દ્વારકા વચ્ચે તવારીખી, પૌરાણિક અને તર્કબદ્ધ સંબંધ હોવો જોઈએ.

## અર્વાચીન દ્વારકા :

આજની દ્વારકા નગરી અર્વાચીનતા અને પ્રાચીનતાના સંગમ સમી બની છે. નગરપાલિકા દ્વારા શહેરનાં વિકાસ અને કલ્યાણનાં કામો થાય છે. દ્વારકાધીશ મંદિરનો વહીવટ રાજ્ય સરકાર દ્વારા નિર્મિત સમિતિને

સોંપવામાં આવ્યો છે. દેવસ્થાન સમિતિના અધ્યક્ષ જિલ્લાના કલેકટર અને વહીવટદાર તરીકે મામલતદાર કક્ષાના અધિકારી છે. નિભાવ કેન્દ્ર સરકારનો પુરાતત્ત્વ વિભાગ કરે છે.

### મુખ્ય મંદિરની તવારિખ :

પવિત્ર ગોમતી તટે ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર છે, જે દ્વારકાધીશ રણછોડરાયના મંદિર તરીકે ઓળખવામાં આવે છે. પુરાતત્ત્વ વિભાગના મંતવ્ય પ્રમાણે આ મંદિર લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું છે. એક તાર્કિક અંદાજ મુજબ, ભગવાન શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે ઈ.સ. પૂર્વે ૧૪૦૦ની આસપાસ અગાઉ સમુદ્રમાં ડૂબી ગયેલા મંદિરની બચી ગયેલી છત્રી સ્થાપી હતી, જેમાં પછીથી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ હતી. ઈ.સ. ૮૦૦માં જગદ્‌ગુરુ શંકરાચાર્યે મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હોવાનું મનાય છે.

### દ્વારકાધીશ મંદિરની ભવ્ય રચના :

જગતમંદિર દ્વારકાધીશના મંદિર તરીકે ઓળખાતું આ ભવ્ય મંદિર લગભગ ૨૫૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન છે. પાંચ માળમાં બંધાયેલ આ મંદિરમાં કુલ ૬૦ બારીક કોતરણીવાળા સ્તંભ છે. સમગ્ર મંદિરનું સુંદર અને આકર્ષક કોતરકામ તથા શિલ્પસ્થાપત્ય પ્રવાસીઓનાં મન અને હૃદય હરી લે છે. આ ભવ્ય મંદિર ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. પૂજાનું મંદિર, નિજ મંદિર, (પ્રક્ષાગાર), સભાગૃહ અને ટોચનો ભાગ-શિખર. મંદિરમાં કોઈ પણ સ્થળે કમાન જોવા મળતી નથી. સીડી પણ એક જ સળંગ પથ્થરમાંથી બનાવેલી છે.

મુખ્ય સભામંડપની છત પર સુંદર બારીક કોતરણીકામવાળો પથ્થર ઝુમ્મર તરીકે બેસાડેલો છે. ઝરૂખાઓ પર અપ્સરાઓ અને હાથીનું બારીક કોતરણીકામ આકર્ષક છે. તેનું શંકુ આકારનું મુખ્ય શિખર ૧૭૨ ફૂટ ઊંચું છે. મંદિરના કેન્દ્રમાં એક ભવ્ય મંડપ પણ છે. મંદિરના દરેક માળ પરના ઝરૂખાઓમાંથી ચારે બાજુ નયનરમ્ય કુદરતી દૃશ્યોનો આસ્વાદ માણી શકાય છે. મુખ્ય મંદિર ચારે બાજુએ આવેલાં અન્ય અસંખ્ય નાનાં-મોટાં મંદિરોથી ઘેરાયેલું છે. મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન શ્રી દ્વારકાધીશની એક મીટર ઊંચી ચતુર્ભુજ વિષ્ણુ સ્વરૂપ શ્યામ મૂર્તિ છે. આ મંદિર ગોમતીજીના કિનારે સમુદ્ર સપાટીથી ૪૦ ફૂટ ઊંચાઈએ સ્થિત છે.

જગતમંદિરના ગર્ભગૃહ, રાતરાલ મંડપ, પ્રવેશદ્વાર અને ચોકની રચના અદ્‌ભુત છે. ક્ષેત્રફળ ૨૭ X ૧૭ મી. ઊંચાઈ ૫૧.૦૮ છે. સુંદર કોતરણીકામવાળો ૭૨ સ્તંભોવાળો મંડપ પાંચ માળનો છે. દરેક માળે બહાર પડતું પ્રાણીઓ તથા વનસ્પતિ સુશોભનવાળું, બારી સહિત છજું કે ઝરૂખો છે. ગર્ભગૃહ સાત માળનું છે. જેમાં અસંખ્ય ઉરુશૃંગો શિખરની લાલિત્યકલામાં વધારો કરે છે. રૂક્ષ્મણી માતાનું મંદિર પણ ૨ કિ.મી. દૂર છે. જે હાલના દ્વારકાધીશ પહેલાંનું મનાય છે.

**દ્વારકાનું મુકુટ શિરોમણિ દ્વારકાધીશ મંદિર :** પવિત્ર ગોમતી તટે ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર છે, જે દ્વારકાધીશ મંદિર તરીકે ઓળખાય છે. હિંદુઓનાં ૪ પવિત્ર યાત્રાધામ, ૭ પવિત્ર પુરી, ૬૮ તીર્થ પૈકીનું આ મંદિર શ્રદ્ધાળુઓનું ભાવ કેન્દ્ર છે ગોમતી નદીની ઉત્તરે સમુદ્રની સપાટીથી લગભગ ૭૦ ફૂટની ઊંચાઈએ પશ્ચિમાભિમુખ હાલનું મંદિર ૧૫મી સદીમાં ખંડિત થયા પછી પુનઃ નિર્માણ પામ્યું હોવાનું મનાય છે. પુરાતત્ત્વ વિભાગના મંતવ્ય પ્રમાણે હાલનું મંદિર ૧૨૦૦ વર્ષ જૂનું છે. આ અંગે મતમતાંતરો પ્રવર્તે છે.

મુખ્ય મંદિર અદ્‌ભુત શિલ્પ કલાનો સુંદર નમૂનો છે. ગર્ભગૃહ, અંતરાલ, પ્રદક્ષિણા ચક્ર, સભામંડપ તથા મુખ મંડપોથી મુખ્ય મંદિરની શોભા દૈદીપ્યમાન છે. લગભગ ૭૨ સ્તંભ પર ઊભેલું આખું મંદિર ૭ માળનું સૌથી ઊંચું શિખર જમીનની સપાટીથી ૧૧૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે. મંદિરના પહેલા માળે શક્તિ માતાની પૂજા થાય છે. મંદિરના ઉત્તર તરફના દરવાજાને મોક્ષ દ્વાર અને ગોમતી નદી તરફના પગથિયાં ચડીને જે દ્વારમાંથી મંદિરમાં જવાય છે તે સ્વર્ગ દ્વાર કહેવાય છે.

### પવિત્ર મંદિરો :

મુખ્ય મંદિરના સંકુલમાં ત્રિવિક્રમરાય, માધવરાય, રાધાકૃષ્ણ દેવકીજી, બળદેવજી, ગુરુ દત્તાત્રેય, શ્રી પુરુષોત્તમરાયજી, કલ્યાણરાયજી, દુર્વાષાઋષિ, જાંબુલક્ષ્મીજી, લક્ષ્મીનારાયણ, સત્યભામાજી, સરસ્વતીજી, લક્ષ્મીજી, શારદાપીઠ મંદિરના શિખર પર માતાજી, મોક્ષ દ્વાર પાસે કુશેશ્વર મહાદેવ, ગાયત્રી માતાજી કોલવા ભગ, ગરુડજી, સત્યનારાયણ ભગવાન, નવગ્રહ વગેરે મંદિરો આવેલાં છે. જામનગર જિલ્લો હાલાર પ્રદેશ તરીકે ઓળખાય છે. આ જિલ્લામાં કુલ-૧૦ તાલુકાઓનો સમાવેશ થતો હતો. જાહેર હિતાર્થે અને વહિવટમાં ગતિશીલતા લાવવાના ઉમદા હેતુસર આ જિલ્લામાંથી કુલ-૪ તાલુકા અલગ કરીને ‘દેવભૂમિ દ્વારકા’ જિલ્લાની રચના કરવામાં આવી.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની રચના કરવામાં આવી. જેમાં જામનગર જિલ્લામાંથી ખંભાળિયા, ભાણવડ, દ્વારકા તથા કલ્યાણપુર તાલુકાઓને અલગ કરી દેવભૂમિ દ્વારકા જિલ્લાની રચના કરવામાં આવી છે. આ ચારેય તાલુકાઓની પ્રજાની અનુકૂળતા તેમજ મુખ્ય મથકનું અંતર નજીક રહે તેવા શુભ હેતુસર આ જિલ્લાનું મુખ્ય મથક ખંભાળિયા રાખવામાં આવ્યું છે દ્વારકા જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૪૦૭૫.૦૯ ચોરસ કિ.મી. છે. જામનગર જિલ્લાને પ્રાપ્ત થયેલ કુલ ૩૫૫ કિ.મી.ના દરિયા કિનારાના વિસ્તારમાંથી ૨૭૬.૨૦ કિ.મી. દરિયા કિનારાનો સમાવેશ આ નવરચિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે.

વિશ્વપ્રસિધ્ધ દ્વારકાધિશનું જગતમંદિર તેમજ જગદ્ગુરુ શંકરાચાર્ય સ્થાપિત શારદાપીઠ દ્વારકા ખાતે આવેલ છે. વિશ્વ પ્રસિધ્ધ દ્વાદશ જયોર્તિલીંગ પૈકીનું એક જયોર્તિલીંગ નાગેશ્વર પણ આવેલું છે. દ્વારકાથી ૨ કિ.મી. દૂર ભગવાન શ્રી કૃષ્ણના રાણી રૂક્ષ્મણીજીનું મંદિર આવેલું છે. દ્વારકા થી ૩૦ કિ.મી. દૂર બેટ શંખોદ્વાર આવી છે, જયાં હાજી કિરમાણીની મસ્જિદ, રૂકનશા વલ્લી દરગાહ તથા હનુમાન દાંડીનું મંદિર આવેલું છે. આમ દ્વારકા તાલુકો પ્રવાસન ક્ષેત્રે પણ અતિ અગત્યનો છે. કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામે દરિયાકાંઠે પ્રસિધ્ધ હર્ષદ માતાજીનું મંદિર આવેલું છે અને પીંડારા ગામે પાંડવોના સમયનું પીંડતારક પીંડારા આવેલું છે. ખંભાળિયા તાલુકામાં ખંભાળિયા-જામનગર હાઇવે ઉપર હાલાર જૈન તિર્થ આરાધના ધામ આવેલું છે. ભાણવડ તાલુકામાં બરડા ડુંગરની ગોદમાં જેઠવા વંશના સમયની રાજધાની ઘુમલી આવેલી છે. જયાં નવલખો મહેલ આવેલો છે, જે હાલ પુરાતત્વ ખાતા હસ્તક છે. બરડા ડુંગરમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું કિલેશ્વર મહાદેવનું મંદિર પણ આવેલું છે, જેનો સહેલાણીઓ શ્રાવણ માસમાં દર્શનનો લાભ લે છે. આ ઉપરાંત  હાથલામાં ધાર્મિક દષ્ટીએ મહત્ત્વનું એવું શનિદેવનું મંદિર આવેલું છે જિલ્લામાં ઓખા  બારમાસી બંદર, સલાયા, વાડીનાર, ડાલડા, રૂપેણ બંદર ફિશીંગ જેવા બંદર ઉદ્યોગ આવેલ છે.

જિલ્લામાં સમાવિષ્ટ કલ્યાણપુર તાલુકામાં હાઇગ્રેડ બોકસાઇટ, ભાણવડ તાલુકામાં લાઇમસ્ટોન જેવા ખનીજથી સમૃધ્ધ છે. દ્વારકા તાલુકામાં ટાટાકેમિકલ્સ,યુનિવર્સલ ક્રેસન્ટ, ક્રેઇન ઇન્ડિયા સ્કેબલ બોકસાઇટ ઇન્ડસ્ટ્રીઝ, અગ્રવાલ કોલ કંપની જેવી કંપનીઓ આવેલ છે. આ જિલ્લામાં સમાવિષ્ટ ખંભાળિયા તાલુકામાં એસ્સાર પાવર, એસ્સાર ઓઇલ રીફાઇનરી, એનઆરઇ કોક, આશાપુરા મિનરલ્સ, નટરાજ સિરામીક જેવી કંપનીઓ આવેલ છે. પવન ઊર્જા ક્ષેત્રે આ જિલ્લો ગુજરાત રાજયમાં બહોળું નામ ધરાવે છે. આ ક્ષેત્રમાં સુઝલોન, એલીકોન, એનારકોક, વિશવિન્ડ વિન્ડફાર્મ વગેરે જેવી અગ્રણી કંપનીઓ કાર્યરત છે.

જિલ્લાના ભાણવડ તાલુકામાં બરડો ડુંગર આવેલ છે. આયુર્વેદીક ઔષધિઓની દષ્ટિએ વિવિધ પ્રકારની વનસ્પતીઓ બરડા ડુંગરમાં  પ્રાપ્ત થાય છે. ખંભાળિયા તાલુકામાં વન્ય જીવસૃષ્ટિઓ માટે પ્રખ્યાત નરારાટાપુ આવેલ છે, જેની પ્રવાસીઓ મુખ્યત્વે શિયાળામાં મુલાકાત લે છે દ્વારકા તાલુકામાં શિવરાજપુર અને ઓખા મઢી દરિયાઈ કિનારા, બેટ દનીપોઈન્ટ, પોશીત્રા ભાદુ મરીન પાર્ક આવેલા છે આ જિલ્લો મુખ્યત્વે ખેતીપ્રધાન છે અને ખેતીના મુખ્ય પાકો મગફળી, કપાસ, ઘઉં, તલ, એરંડા, ચણા અને શાકભાજી છે.




# ગાંધીનગર જિલ્લો









| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: ગાંધીનગર** |
| જિલ્લાનું ભૌગોલિક સ્થાન | : ઉત્તર અક્ષાંશ ૨૩.૦૧ થી ૨૩.૫૬,<br>પૂર્વ રેખાંશ ૭૨.૩૩ થી ૭૩.૭૩, |
| કુલ ક્ષેત્રફળ | : ૨૧૪૦ ચો.કિ.મી |
| આબોહવા | : વિષમ |
| જમીન | : બેસર (સેન્ડીલોન, પશ્ચિમની ક્ષારવાળી) |
| નદીઓ | : સાબરમતી, વાત્રક, ખારી, મેશ્વો |
| પાક | : બાજરી, એરંડા, કપાસ, ડાંગર, ઘઉં, રાયડો, કઠોળ વગેરે |
| કુલ તાલુકા-૪ | : કલોલ, માણસા, ગાંધીનગર, દહેગામ |
| કુલ ગામ | : ૩૦૨ |
| ગ્રામ પંચાયતની સંખ્યા | : ૩૦૨ |
| મહાનગરપાલિકા | : ૧ |
| નગરપાલિકા | : ૪ |
| વસતિ(૨૦૧૧) | : ૧૧,૯૧,૭૫૩ |
| વસતિની ગીચતા | |
| (દર ચો.કિ.મી.દીઠ) | : ૬૫૦ |
| વસતિ વૃદ્ધિ દર | : ૪.૩ ટકા |
| જાતિ પ્રમાણ(સેક્સ રેશિયો) | |
| દર હજાર પુરુષોએ સ્ત્રીનું પ્રમાણ | : ૯૨૩ |
| આરોગ્ય-સવલતો સિવિલ હોસ્પિટલ | : ૧ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | : ૭ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | : ૨૫ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | : ૧૭૧ |
| સરકારી દવાખાના(રાજ્ય સરકાર) | : ૧૪ |
| જિલ્લા સરકારી દવાખાના | : ૪ |
| પી.પી. યુનિટ | : ૨ |
| આયુર્વેદિક સરકારી દવાખાના | : ૧૬ |
| હોમિયોપેથિક દવાખાના | : ૩ |
| પશુ ચિકિત્સાની સવલતો (ગ્રામ્ય) | |
| (અ) પશુ દવાખાનાં | : ૨૧ |
| (બ) પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર | : ૧૩ |
| (ક) ગ્રામ્ય પશુ સારવાર કેન્દ્ર | : ૩ |
| ૨૦૦૭ની પશુધન ગણતરી મુજબ | |
| (૧) ગાય | : ૧,૪૮,૪૩૨ |
| (૨) ભેંસ | : ૩,૬૪,૦૪૦ |
| (૩) ઘેટાં-બકરાં | : ૧૪૧૯૦-૪૭૧૪૯ |

| | | |
|---|---|---|
| (૪) મરઘાં દેશી | : | ૯૩૧૭ |
| (૫) ઘોડા | : | ૧૨૮ |
| (૬) ઊંટ | : | ૧૮૦૧ |
| (૭) ગધેડા | : | ૧૧૭૫ |
| વિજળીકરણ થયેલ ગામો | : | ૩૦૨ |
| પીવાના પાણીની સુવિધાવાળાં ગામ | : | ૩૦૨ |
| એસ.ટી.ની સુવિધા ધરાવતાં ગામો | : | ૩૦૨ |
| જિલ્લા પંચાયત પ્રાથમિક શાળાઓ | : | ૫૯૪ |
| ખાનગી પ્રાથમિક શાળાઓ | : | ૮૨૭ |
| માધ્યમિક-ઉચ્ચ મા. શાળાઓ | : | ૫૫૩ |
| કોલેજ-ટેક્નિકલ શાળાની સંખ્યા | : | ૨૫ |
| મેડિકલ કોલેજ | : | ૧ |
| સસ્તા અનાજની દુકાનો | : | ૩૫૩ |
| યાત્રા-જોવાલાયક સ્થળો | : | અડાલજની ઐતિહાસિક વાવ, વાસણ ગામે વૈજનાથ મહાદેવનું મંદિર, મહુડીનું જૈન મંદિર, જૈન તીર્થ-કોબા, રૂપાલ ગામે વરદાયિની મંદિર, અક્ષરધામ, મહાત્મા મંદિર, વિધાનસભા, ત્રિમંદિર, અમરનાથ ધામ વગેરે. |





## ગાંધીનગરનો ઇતિહાસ

જિલ્લાનો સંક્ષિપ્ત પરિચય ૧લી મે, ૧૯૬૦ના રોજ મુંબઇ રાજયમાંથી વિભાજન થતાં ગુજરાત રાજયની અલગ રચના થતાં રાજયનું પાટનગર અમદાવાદ મુકામે રાખવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરની વસતીની ગીચતાને ધ્યાને લઇ અમદાવાદથી ૨૪ કિ.મી. ઉત્તરે સાબરમતી નદીના કિનારે ગાંધીનગરની નવા પાટનગર તરીકે ૧૯૭૦માં રચના કરવામાં આવી તેમજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની કાયમી સ્મૃતિ જળવાઇ રહે તે હેતુથી નવા પાટનગરનું નામ ગાંધીનગર રાખવામાં આવ્યું. રાજયમાં જિલ્લા-તાલુકાની નવરચના થતાં ગાંધીનગર જિલ્લામાં નવા ત્રણ તાલુકા દહેગામ, માણસા અને કલોલ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ ગાંધીનગર જિલ્લામાં કુલ ચાર તાલુકાનો સમાવેશ થાય છે.




હરિયાળું અને રળિયામણું પાટનગર ગાંધીનગર ઈતિહાસ ભૂમિકાઃ કોઈપણ નગરની પ્રથમ ઓળખ એ તેનો ઈતિહાસ. ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરને પરાપૂર્વથી વારસામાં મળેલો કોઇ ઈતિહાસ નથી, પણ આ નગરે તેનો નિજી ઈતિહાસ રચ્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા









ગાંધીના નામ સાથે જોડાયેલું આ નગર અને ગાંધીનગર જિલ્લાએ સમગ્ર વિશ્વમાં એક હરિયાળા અને રળિયામણા પાટનગર તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી છે, નિજી અસ્મિતા સર્જી છે. પાટનગર જિલ્લો હોવાથી દરેક ક્ષેત્રના વિકાસમાં તે અગ્રેસર રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં શિક્ષણ, સાહિત્ય, કલા, ઉધોગ, કૃષિ અને માળખાગત સુવિધાના ક્ષેત્રે આ જિલ્લાએ વિકાસની નૂતન કેડીઓ કંડારી છે.

આ પાટનગર ગુજરાતનું સાતમું પાટનગર છે, જે અમદાવાદ શહેર કરતાં ૮ મીટર ઊંચું અને સાબરમતીના તળથી આશરે ૨૧ મીટર ઊંચાઇ પર છે.

## ગુજરાતનું પાટનગર :

(૧) આનર્તપુરા (વડનગર પાસે આવેલું ) (૨) ધરાવતી (દ્વારકા), (૩) ગિરિનગર (જુનાગઢ), (૪) વલ્લભી (ભાવનગર), (૫) અણહીલપુર (પાટણ), (૬) અમદાવાદ, (૭) ગાંધીનગર

નગરની પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ તા. ૦૨ / ૦૮ / ૧૯૬૫ના રોજ હાલના ગુજરાત વિદ્યુત બોર્ડ સ્થિત થર્મલ પાવર સ્ટેશનના સરકીટ હાઉસના મકાનની જગ્યાએ મૂકવામાં આવી હતી. એ ઐતિહાસિક ઘટનાની સ્મૃતિરૂપ તકતી પણ મૂકવામાં આવી છે. સરકારના રેવન્યુ રેકર્ડ પર જયાં સુધી નામાભિધાનનો સ્વીકાર ન થાય ત્યાં સુધી તેને સરકારી દરજ્જો પ્રાપ્ત થતો નથી. તેથી ગુજરાત રાજયના મહેસૂલ વિભાગે તા. ૨૩/૧૨/૧૯૬૯ના શુભદિને ગાંધીનગરને તેના રેવન્યુ વિલેજ તરીકે પ્રસિધ્ધ કરી, એ નામને મહોર મારી.


સાબરમતી નદીના કિનારે વસેલું આ પાટનગર ૫૭ ચો. કિ.મી. એટલે ૨૧ માઇલ જેટલા વિસ્તારમાં પથરાયેલું છે. તા. ૧/૦૫/૧૯૭૦ના રોજ ગાંધીનગરમાં પ્રથમ સચિવાલય અમદાવાદથી (પોલિટેકનિક, આંબાવાડીથી) હાલના ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે કાર્યરત થયું હતું. તા. ૧૧/૦૭/૮૫ના રોજ સચિવાલયનું પૂર્ણ સુવિધાવાળા ૧ થી ૯ માળ સાથેના અને બ્લોક નંબર. ૧ થી ૧૪ તેમજ રાજય મંત્રી મંડળના સભ્યો માટે બ્લોક-૧ની વિશિષ્ટ સુવિધાઓ સાથેની ઈમારતમાં સ્થળાંતર થયું, સચિવાલય કાર્યરત બન્યું. ગુજરાતનું પાટનગર આજે તો ભારતમાં સુઆયોજિત પાટનગર તરીકે આગવા માપદંડ સાથે ગુંજતું રહયું છે.

**જિલ્લાની નદીઓ :** જિલ્લામાં મુખ્ય નદી સાબરમતી છે, ગાંધીનગર તાલુકાના મધ્ય ભાગમાંથી પસાર થાય છે તેમજ ઉત્તરથી દક્ષિણ દિશામાં વહે છે, જયારે બીજી ખારી નદી પૂર્વથી દક્ષિણ તરફ વહે છે.

## ઐતિહાસિક તવારીખ :

(૧) તા.૧૬ માર્ચ, ૧૯૬૦ ગાંધીનગર શહેરના નામની ઘોષણા. (૨) તા. ૨ ઓગષ્ટ, ૧૯૬૫ પ્રથમ ઈમારતની પ્રથમ ઈંટ મૂકાઇ (૩) તા. ૨૩ ડિસેમ્બર, ૧૯૬૯ નગરને ગાંધીનગર નામ અપાયું. હુકમો થયા (૪) તા. ૧ મે, ૧૯૭૦ ગાંધીનગર પાટનગર તરીકે સ્થળાંતર થયુ ડૉ. જીવરાજ મહેતા ભવન (૫) તા. ૩૦ જુલાઇ, ૧૯૭૦ નોટીફાઇડ એરિયા તરીકે જાહેર થયું, (૬) તા. ૧૨ માર્ચ, ૧૯૯૬ ગાંધીનગર શહેર ૭ સંકલિત ગ્રામ્ય વિસ્તાર સાથે ૩૮૮ ચો.કિ.મી. વિસ્તારને શહેરી વિકાસ અધિનિયમ હેઠળ ગુડાની રચના કરવામાં આવી (૭) તા. ૧૧ જુલાઇ, ૧૯૮૫ સચિવાલય તેના પોતાના નવા મકાનમાં ફેરવાયું. (૮) તા. ૧૧ જાન્યુઆરી, ૧૯૭૮ સચિવાલય - સરદાર ભવનનું ખાતમુહૂર્ત (૯) તા. ૧૭ ઓકટોબર, ૧૯૯૧ ઉદ્યોગ ભવનનું ઉદ્‌ઘાટન, (૧૦) તા. ૨૦ માર્ચ, ૧૯૭૮ કાયમી વિધાનસભા ગૃહનો શિલાન્યાસ (૧૧) તા. ૮ જુલાઈ, ૧૯૮૨ કાયમી વિધાનસભા ગૃહ-મકાનમાં સ્થળાંતર - ઉદ્‌ઘાટન થયું.








# ગીર-સોમનાથ જિલ્લો







જૂનાગઢ
અમરેલી
ભારત
કેશોદ
મેંદરડા
વેરાવળ
સોમનાથ પાટણ
સુત્રાપાડા
કોડીનાર
ઊના
દીવ
(દમણ અને દીવ)
તાલાલા
ગીર ગઢડા રે. સ્ટે.
સાસણ ગીર
વિસાવદર
ધારી
અરબ સાગર

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **ગીર-સોમનાથ** |
| જિલ્લાનું ક્ષેત્રફળ | : | ૩૭૫૪.૫૨ ચો.કિ.મી. |
| જિલ્લાનું મુખ્યમથક | : | વેરાવળ |
| જિલ્લાની ઓળખ | : | સોમનાથ મંદિર, કેસર કેરી, કેસરી સિંહ, ધમાલ નૃત્ય, દરિયા કાંઠો |
| જિલ્લામાં આવેલ તાલુકા | : | ૬ (વેરાવળ, કોડીનાર, ઉના, સુત્રાપાડા, તાલાલા, ગીરગઢડા) |
| નગરપાલિકા | : | વેરાવળ, કોડીનાર, ઉના, સુત્રાપાડા, તાલાલા |
| જિલ્લામાં આવેલ કુલ ગામો | : | કુલ ગામો-૩૭૫, ફોરેસ્ટ ગામો-૪, નેસ વિસ્તાર-૨૩ |
| જિલ્લાની વસતી | : | શહેરી ૩૧૨૧૨૬, ગ્રામ્ય ૮૯૨૮૨૬, કુલ ૧૨૦૪૯૫૨ |
| મુખ્ય પાકો | : | મગફળી, કપાસ, શેરડી, ઘઉં, નાળીયેરી, કેસર કેરી |
| મોટા ઉદ્યોગો | : | ઈન્ડિયન રેયોન, અંબુજા સિમેન્ટ, સિદ્ધી સિમેન્ટ, જી.એચ.સી.એલ. |
| જિલ્લામાં આવેલ ખાંડ ફેકટરી | : | તાલાલા-૧, કોડીનાર-૧ |
| મુખ્ય બંદરો | : | વેરાવળ, ધામળેજ, સુત્રાપાડા, મૂળ દ્વારકા, નવાબંદર, સૈયદ રાજપરા |
| રજિસ્ટર્ડ ફીશીંગહોડી અને બોટ | : | ૧૧,૫૦૦ ફીશીંગ બોટ એક્સપોર્ટ યુનિટ-૭૦ |
| મુખ્ય ખનીજો | : | લાઈમસ્ટોન, મીઠું, બ્લેકટ્રેપ |
| પ્રવાસન સ્થળો/યાત્રાધામો | : | સોમનાથ મંદિર, એશિયાઈ સિંહ, તુલસીશ્યામ મંદિર, ઝમજીર ધોધ |
| જિલ્લામાં આવેલ મુખ્ય નદીઓ | : | હીરણ, દેવકા, સરસ્વતી, સીંગવડો, સોમત, મચ્છુન્દ્રી, રાવલ |
| જિલ્લામાં આવેલ મુખ્ય ડેમો | : | હીરણ-૨ ડેમ, સીંગવડો ડેમ, મચ્છુન્દ્રી ડેમ, રાવલ ડેમ |
| જિલ્લાની યુનિવર્સિટી | : | સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી |
| જિલ્લાનું સૌરઊર્જા મથક | : | એલમપુર, તા. ઉના |
| જિલ્લાની પ્રાથમિક શાળાઓ | : | ૫૫૧ સરકારી, ૩૦૨ ખાનગી અને ૬ કે.જી.બી.વી. વિદ્યાલય |
| જિલ્લાની માધ્યમિક શાળાઓ | : | ૧૧૧ |
| જિલ્લાની ઉ. માધ્યમિક શાળાઓ | : | ૧૨૭ |
| આંગણવાડીઓ | : | ૧૧૬૮ |
| આશ્રમશાળાઓ | : | ૦૮ |
| જિલ્લાની સહકારી સંસ્થાઓ | : | ૧૩૩૨ |
| સાક્ષરતા દર | : | ૬૬.૩૩ |
| ડ્રોપ આઉટ રેશીયો | : | ૧.૬૯ |
| જિલ્લાનો સરેરાશ વરસાદ | : | ૧૦૯૨.૬ મી.મી. |
| જિલ્લાના સરકારી દવાખાના | : | સી.એચ.સી.-૭, પી.એચ.સી.-૨૫ |
| આદિજાતિની આશ્રમ શાળાઓ | : | તાલાલા, માધુપુરા (જાંબુર) |



## લોકજીવન રહેણી-કરણી :

ગીર સોમનાથ જિલ્લાનું લોકજીવન વૈવિધ્યસભર અને પરંપરાગત સાંસ્કૃતિક અસ્મિતાવાળુ છે. લોકજીવન શૈલીમાં સાગરખેડુ જીવન છાપ અંકિત થાય છે. અહીંની લઢણો અને લોકકલા તથા લોકસાહિત્યમાં આગવી ભાત ઉપસાવે છે. જાંબુર અને શિરવાણ ગામ સીદી બાદશાહનું ધમાલનૃત્ય માટે સુપ્રસિધ્ધ છે. ગીર સોમનાથ જિલ્લામાં મુખ્યત્વે કોળી, આહિર, કારડિયા રાજપૂત, મેર, રબારી, કાઠી-ક્ષત્રિય, લોહાણા, બ્રાહ્મણ, મારુ રાજપૂત, વાણીયા, ખારવા, મુસ્લિમ, દલિત, પટેલ, સહિત વિવિધ જાતિનાં લોકો હળી મળીને રહે છે. આ જિલ્લો કોમી એકતાની મિશાલરૂપ છે. અરબસાગર તટે બિરાજમાન ભોળાનાથ મહાદેવ સોમનાથ દેશભરનાં શ્રધ્ધાળુઓને આશીર્વાદ પાઠવે છે. અહીંનાં લોકો આધુનિક અને પરંપરાગત વેશભૂષા બન્ને રીતે જોવા મળે છે. અહીની પ્રજા ખંત અને આતિથ્ય સત્કાર માટે મશહૂર છે. વેરાવળ બંદર મત્સ્યોદ્યોગ માટે આગળ પડતું ધીકતું બંદર છે.

## સોમનાથ :

જૂનાગઢ જિલ્લા મથકથી ૯૭ કિ.મી.ના અંતરે આવેલા પ્રભાસ તિર્થક્ષેત્ર સ્થિત પ્રાચીન અને બાર જ્યોર્તિલિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગ ભગવાન સોમનાથનું અતિ ભવ્ય મંદિર છે. આ મંદિર વૈદિક કાળથી પણ

પુરાણું છે. વિધર્મીઓના આક્રમણને કારણે છ-છ વખત ખંડિત થયેલા ભારત વર્ષના આ શ્રદ્ધા કેન્દ્રનો દરેક વખતે જીર્ણોધ્ધાર થયો છે. અને દરેક વખતે મંદિર વધુ સમૃદ્ધ થયું છે. છેલ્લે તા. ૧૧ મે, ૧૯૫૧ના દિવસે લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયાસોથી મંદિરનો સાતમી વખત જીર્ણોધ્ધાર કરી સોમનાથ જ્યોર્તિલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

સોમનાથ મંદિરને કૈલાસ મહામેરૂ પ્રાસાદ તરીકે ઓળખવામાં આવે છે. મંદિર નાગર શૈલીથી નિર્માણ કરાયું છે. એક અંદાજ પ્રમાણે નાગર શૈલીમાં બંધાયેલો આવો પ્રાસાદ છેલ્લા ૮૦૦ વર્ષ પછી ભારતમાં પહેલી વખત બંધાયેલો છે. તે આ મંદિરની વિશેષતા છે. સોમનાથના અત્યારના મંદિરની ઊંચાઈ ભૂમિતળથી શિખર સુધીની ૧૫૫ ફૂટ છે. તે ઉપરનો ધ્વજ દંડ ૩૭ ફૂટનો છે. ૧૦૪ ફૂટનો ધ્વજ છે. મંદિરના શિખર ભાગમાં સાત મજલા છે. ગર્ભગૃહ અને તેની ઉપરના મજલા સહિત કુલ નવ મજલાનું આ મંદિર છે. મંદિરના શિખર ઉપરનો પથ્થરમાં કોતરેલો કળશ ૧૦ ટન વજનનો છે.

**ભાલકા તિર્થ :**




જૂનાગઢથી વેરાવળ અને સોમનાથ જતાં ૯૫ કિ.મી. અંતરે ભાલકા તિર્થ સ્થાન આવેલું છે. મદ્યપાનથી ચકચૂર બનેલા યાદવોનો અંદરો-અંદર લડવામાં સંહાર થયો એનાથી ગમગીન થઈને અહીં શ્રી કૃષ્ણ પીપળાના વૃક્ષ નીચે યોગ સમાધીમાં બેઠા હતા. ત્યારે જરા નામના પારધિએ ભૂલથી તેમને મૃગ સમજીને બાણ માર્યું. પારધિનું તે બાણ શ્રીકૃષ્ણના જમણા પગે વાગ્યું. જ્યારે પારધિ ઝડપથી શિકારને પકડવા નજીક ગયો તો તેમણે જોયું કે, તે મૃગ નહિં પણ પીતાંબર ધારણ કરેલ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ હતા. તે ગભરાઈને પોતાના અપરાધની ક્ષમા માંગવા લાગ્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ પારધિને આશ્વાસન આપ્યું જે કાંઈ થયું તે મારી ઈચ્છાથી થયું છે. એવું કહીને પારધિને માફ કરી દીધો અને પોતાની ક્રાન્તિથી વસુંધરાને વ્યાપી સ્વર્ગમાં સીધાવ્યા અહીં પારધિએ ભગવાન શ્રી કૃષ્ણને બાણ મારેલું એટલા માટે આ સ્થાનને ભાલકાતિર્થ કહેવામાં આવે છે.

**એશિયાટિક લાયન માટે પ્રસિદ્ધ સાસણ ગીર :**

સાસણ ગીર જૂનાગઢથી ૬૦ કિમી. અંતરે આવેલું છે. સિંહ, સાવજ, ઉનિયો વાઘ, બબ્બર શેર તરીકે જગપ્રસિદ્ધ એશિયાટિક લાયન સોરઠના સાવજને કુદરતના ખોળે વિહરતો નિહાળવા ગીરનું જંગલ ખૂંદવું પડે. ૧૫ થી ૧૮ વર્ષની આયુષ્ય ધરાવતા નર સિંહની લંબાઈ ૨૧૦ સે.મી. (માથાથી પૂછડી સુધી) અને માદાની ૨૮૯ સે.મી. લંબાઈ હોય છે.

જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં પથરાયેલ ગીરના જંગલમાં તાજેતરમાં ૨૦૧૫માં થયેલ ૧૪મી સિંહોની વસતિ ગણતરીમાં ૧૦૯ પુખ્ત સિંહો, ૨૦૧ સિંહણો અને ૨૧૩ બાળ સિંહ મળીને કુલ ૫૨૩ સંખ્યા છે. સૂકુ પાનખર જાંખરાયુક્ત જંગલ, સૂકા કાંટાવાળા જંગલ, સવાના પ્રકારનું જંગલ, વનરાજને રહેવા અનુકૂળ છે. સિંહ એશિયામાં માત્ર ગુજરાતના ગીરના જંગલમાં વસવાટ કરે છે. વન વિભાગ દ્વારા સાસણ ખાતે કુદરતના ખોળે વિહરતા સિંહોને નિહાળવા તથા સાસણ નજીક ૪૧૨ હેક્ટરમાં વિકસાવેલ ગીર પરિચય ખંડ દેવળિયા ખાતે સિંહ દર્શનની વ્યવસ્થા કરાઈ છે.

**તુલસીશ્યામ :**



જૂનાગઢથી ઉના થઈ ૨૧૦ કિ.મી. અને જૂનાગઢથી ધારી થઈને ૧૪૦ કિ.મી. અંતરે આવેલ તુલસીશ્યામ માણવાલાયક સ્થળ છે. સોહામણી સવાર કે સુંદર સાંજે સૂર્યના સોનેરી કિરણોમાં ઘટાટોપ વનરાજી, હરિયાળી, ગિરીમાળાઓ મંદમંદ વહેતો પવન, આહલાદક વાતાવરણ, વન્ય પ્રાણીઓ અને પશુ પક્ષીઓના સંગીતમય અવાજ, મંદિરના ઘંટારવ વચ્ચે ગરમા-ગરમ પાણીના ઝરાઓમાં સ્નાન કરીને વિહરવાનું કોને ન ગમે ?

આ બધા જ પ્રકારનો આનંદ માણવો હોય તો તુલસીશ્યામ જવું પડે. અહીં ભગવાન તુલસીશ્યામનું સુંદર મંદિર અને રહેવા માટે ધર્મશાળા છે, બાજુમાં ટેકરી પર રૂક્ષ્મણીજી બિરાજમાન છે. યાત્રિકો માટે અન્ન ક્ષેત્ર ચાલે છે. ધારી-ઉના રોડ મધ્યે આવેલા આ સ્થળે જવા આવવા એસ.ટી.ની સુવિધા પ્રાપ્ય છે.



## શાણા વાંકીયાની ગુફાઓ :

જૂનાગઢથી ૨૧૦ કિ.મી. દૂર શાણા વાંકીયાની પૌરાણિક ગુફાઓનો નજારો નિહાળવા જેવો છે. ઉના તાલુકાની સરહદ ઉપર વાંકીયા નામનું નાનકડું ગામ આવેલું છે. આ ગામની નજીક શાણાનો ડુંગર આવેલો છે. આ ડુંગરને પાંડવો પવિત્ર કરી ગયા હોવાનું લોકજીભે સાંભળવા મળે છે. ભગવાન બુદ્ધના અનુયાયીઓની તપોભૂમિ પણ આ ડુંગર હોય તેવું મનાય છે. શાણાનો ડુંગર વિવિધ કોતરો, કક્ષો, પાણીના ટાંકા, હાથીખાના જેવા વિશાળ પોલાણો ધરાવે છે. લોકવાયકા એવી પણ છે કે ભીમ અને હેડમ્બાના લગ્ન અહીં થયા હતા. જેની સાક્ષીરૂપ ભીમની ચોરી સ્થાન આજેય જોવા મળે છે. અહીં રબારી સમાજના ચાર મઢવાળી માતાનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે. આ ડુંગર સાથે શાણો અને કુંવરનો ઈતિહાસ પણ છુપાયેલો છે. પુરાતત્વ ખાતાએ આ ડુંગરને રક્ષિત જાહેર કરેલ છે. ઉનાથી ટીંબી થઈને વાંકીયા ગામે જવા એસ.ટી. બસ અને ખાનગી વાહનો સરળતાથી મળી રહે છે.



## બીલખા :

શેઠ સગાળશાનું નામ આવતાં ચેલૈયાનું બલિદાન યાદ આવે છે. અહીં ભગવાન સાધુ સ્વરૂપે શેઠ સગાળશાના ઘરે પધારી જમણમાં તેના પુત્રનું બલિદાન માંગ્યું હોવાની માન્યતા છે. ધર્મવીર શેઠ સગાળશાએ પુત્રનું બલિદાન આપી સાધુ સ્વરૂપે પધારેલા ભગવાનને તૃપ્ત કર્યા આથી ભગવાન પ્રસન્ન થઈ ચૈલૈયાને સજીવન કર્યો તે સ્થળ બીલખા પ્રવાસીઓ માટે યાત્રાધામ બની ગયેલું છે. જૂનાગઢ મથકથી ૨૧ કિ.મી. ના અંતરે આ સ્થળ પંડિત નથુરામ શર્માના આનંદ આશ્રમથી પણ જાણીતું છે.

## બાણેજ મંદિર :



જૂનાગઢથી ૧૦૦ કિ.મી. અંતરે કનકાઈ થઈ મધ્ય ગીરમાં આવેલું બાણેજ પ્રાચીન તીર્થ છે. સંતશ્રી સરસ્વતી બાપુની કઠીન તપોભૂમિ એટલે બાણેજ, લોકવાયકા એવી છે કે, માતા કુંતીને તરસ લાગતાં અર્જુને ધરામાંથી બાણ મારી ગંગાનું પ્રાક્ટય કર્યું હતું. આથી જ આ સ્થળને લોકો બાણગંગા તરીકે પણ ઓળખે છે. અહીં મહાદેવ અને ગંગામૈયાનું મંદિર ધર્મની જયોત પ્રકટાવે છે. વનવિભાગ આરક્ષિત વિસ્તારમાં આવેલું આ તિર્થસ્થળ અંતરિયાળ હોય આવવા-જવા પદયાત્રા વધારે સુગમ બની રહે છે. તુલસીશ્યામ અને જામવાળાથી બાણેજ જઈ આવી શકાય છે.

## સત્તાધાર :



જૂનાગઢથી ૫૫ કિ.મી.ના અંતરે વિસાવદર પાસે આવેલ સત્તાધારની જગ્યા દર્શનિય છે. અહીં આપા ગીગાની સમાધી આવેલું છે. પ્રવર્તમાન ગાદીપતિ જીવરાજબાપુનાં ગુરુવર્ય સંતશિરોમણી શ્રી શામજીબાપુને કુંભમેળામાં સંતશિરોમણીનું બિરૂદ મળેલ હતું. આંબાજળ નદીનાં કાંઠા પર શોભાયમાન સત્તાધાર 'ભુખ્યાને રોટલો અને અનાથને આશરો' નાં સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરે છે. અહીં સદૈવ અન્નક્ષેત્ર કાર્યરત રહે છે. નાત-જાતનાં કે ધર્મ-સંપ્રદાયનાં ભેદભાવ વિનાં ગરીબ-તવંગર સૌ કોઈ એક જ પંગતે ભોજન પ્રસાદ ગ્રહણ કરે તે અહીનું મહાત્મ્ય છે. દૈવી સતકાર્યોથી સમર્પિત આ ધર્મ સ્થળનાં દર્શન કરવા એ જીવનનો લહાવો છ

## ભીમનાં દેરા :

જૂનાગઢથી ૯૦ કી.મી.નાં અંતરે તાલાળા તાલુકાનાં ભિમદેવળ ગામની સીમમાં સૂર્ય સમર્પિત ઈ.સ. ૯મી સદીનું છતવાળુ પ્રવેશદ્વાર ધરાવતું પૂર્વાભિમુખ સૂર્યમંદિર આવેલું છે. એનાં ગર્ભગૃહના પ્રવેશદ્વારે સૂર્યની પત્ની રજની અને નિશપ્રભાની સ્વાંગમાં ઉભેલી પ્રતિમાઓ છે. એનું નાગર શૈલીનું ઉત્કૃષ્ઠ શિખર આ પ્રકારનું પહેલું ઉદાહરણ છે. ગીર બોર્ડરને અડીને આવેલું ભીમ દેવળ ગામ પાંડવપુત્ર ભીમે વસાવેલ હોવાની માન્યતા છે. જેના પરથી ગામનું નામ ભીમદેવળ રખાયું છે. અહીં પાંડવ પુત્ર ભીમનાં સાથે ઓળખાતા ભીમનાં દેરા વિક્રમ સંવત ૩૯ દર્શાવતું સ્થાપત્ય છે. આ અતિ પ્રાચીન મંદિર સ્થાપત્ય કલાના જાણકારો માટે જોવાલાયક છે.

## પ્રાંચી તિર્થ સ્થળ :


જૂનાગઢથી ૧૧૦ કિ.મી. દૂર કોડીનાર-વેરાવળ હાઈવે પર દર્શનીય પ્રાંચી તીર્થ સ્થળ આવેલું છે. 'સો વાર

કાશી એક પ્રાંચી' ની ઉક્તિ સાર્થક કરતા આ સ્થળે સરસ્વતી નદી પૂર્વમાં વહન કરે છે. અહીં પિતૃતર્પણ કરવા દેશ દેશાવરથી અનેક ભાવિકો આવે છે.

**રૂદ્રેશ્વર મહાદેવ ઘાંટવડ :**

જૂનાગઢ શહેરથી ૧૨૫ કી.મી. દૂર જામવાળા થઈને ઘાંટવડ ગામે જતા શીંગવડા નદીનાં તટે ભગવાન રૂદ્રેશ્વર બિરાજે છે. એક કિવદંતી અનુસાર પાંડવ પુત્ર અર્જુનને શિવજીની પૂજા કર્યા બાદ જ ભોજન લેવું એવી પ્રતિજ્ઞા હતી, વન વિચરણ દરમિયાન શિવજીનું મંદિર નજીકમાં ન મળતાં ભીમે નદીની રેતમાં શિવલીંગ તૈયાર કરી અર્જુને પૂજા કરી ભોજન-પ્રસાદ લીધો ત્યારે ભીમે વાસ્તવિક હકીકત અર્જુનને બાદમાં જણાવતાં શિવલીંગ પર ગદા પ્રહાર કરી બનાવટી હોવા પ્રયાસ કરતા રેતીનું શિવલીંગ સાચા અર્થમાં શિવલીંગ બની ગયું અને ગદા પ્રહારથી થયેલ ક્ષતિ આજેય લીંગ પર અંકીત હોવાની વાત અહીં લોકવાયકાએ જાણવા મળે છે. આજે આ વિસ્તારનાં લોકો અહીં ભક્તિભાવથી દર્શનાર્થે પધારે છે. અહીં નદી તટે સુંદર આશ્રમ પણ આવેલ છે.

**ઝમઝીર ધોધ :**



જૂનાગઢથી વાયા તાલાળા જામવાળા ૧૧૦ કિ.મી. અંતરે આવેલી ઉના તાલુકામાં શીંગવડી નદી પરનો નયનરમ્ય ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. નૈસર્ગિક વાતાવરણ વચ્ચે આવેલો ઝમઝીર ધોધ નિહાળવા દર વર્ષે પ્રવાસીઓ અહીં ઉમટે છે. લીલી હરિયાળી વચ્ચે ખળ-ખળ વહેતા પાણીનો જરો અને નયનરમ્ય ધોધ જોવાનો લ્હાવો કંઈક ઓર જ છે. ઝમઝીરનો ધોધ અને જામવાળાની બાજુમાં જમદગ્નિ આશ્રમ પણ છે. લોકવાયકા મુજબ ભગવાન પરશુરામના પિતા જમદગ્નિ ઋષિ અને માતા રેણુકાની તપોભૂમિનો આ આશ્રમ છે. આશ્રમની સમિપે ઝમઝીર ધોધ આવેલો છે.

**અહેમદપુર માંડવી :** જૂનાગઢથી ૧૮૦ કિ.મી. અંતરે આવેલું અહેમદપુર માંડવીનો સમુદ્ર તટ મન ભરીને માણવા લાયક છે. નિર્મળ સોનેરી સમુદ્ર,. તાડના વૃક્ષના ઝૂંડો, સુર્ય પ્રકાશથી ચમકતી ફૂલોની કાબર ચીતરી ચાદર, વિશાળ તટ, ફિણભર્યા દરિયાઈ મોજા, આ બધું જ છલોછલ ઉભરાતાં તારૂણ્યની તાજા યૌવનસભર લાગણી જગાડનાર પ્રેરક બની રહે છે. આ તમામનો સુભગ સમન્વય ગુજરાતના સૌથી છેલ્લા સાગરતટ સમુદ્ર વિહારધામ માંડવીમાં થાય છે. જૂનાગઢના નવાબે એકાંતને માણવા વસતીથી દૂર વિહાર માટે એક ખાસ મહેલનું પોર્ટુગીઝ ટાપુ દીવ નજીક નિર્માણ કર્યું હતું. દીવના શુદ્ધ શ્વેત દેવળો, અન્ય પુરાણી ઈમારતો નજરે પડે તેમ કિનારા પર આ મહેલની જગ્યા નક્કી કરવામાં આવી હતી. સ્વાંતત્ર્ય સાથે નવાબશાહીએ વિદાય લીધી અને સાગર કિનારાના શાહી મહેલમાં ચાંદીની બંગડી, હિરાના રણકાર અને હળવા હાસ્યની ગુંજ બંધ થઈ ગઈ. પરંતુ દરિયાના ઉછળતા મોજામાં અનુપમ સૌંદર્ય સાથે લાંબા દિવસો અને સુગંધી રાતો અહેમદપુર માંડવીમાં માણવા એ જીવનનું યાદગાર સંભારણું છે.

**પહેરવેશ-સોરઠનું ભાતીગળ સમાજજીવન-સંસ્કૃતિ :** સોરઠી ગામડાની ગામઠી શૈલી, રીત-રિવાજો, લઢણે, લોકકલા અને લોક-સાહિત્યમાં આગવી ભાત ઉપસાવી છે. આપણું સમાજજીવન આપણું પોતીકું સર્જન છે. લોકબોલી, પરંપરાગત પહેરવેશ, આપણી ઓળખ છતી કરે છે અને સામાજીક સમરસતાના પ્રતિક લોકમેળા સમાજજીવનની તાસીર સંવાદીતાના દર્શન કરાવે છે. લોકજીવન અને લોક-સંસ્કૃતિ આપણું વાસ્તવિક પ્રતિબિંબ છે. આથી તો લોક-સંસ્કૃતિને માનવીની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આહિરોનો આશરો અને રોટલો મોટો છે. અર્થાત આંગણે આવેલાને આશ્રય આપવો અને અન્ન આપવામાં આ સમાજ અગ્રેસર છે. લોકવાયકા મુજબ ભગવાન શ્રીકૃષ્ણે આહિરોની દેગે અને તેગે સાથે રહેવાનો કોલ આપ્યો છે. અર્થાત્ અન્ન આપનારનું અન્ન ખૂટશે નહિં અને સત્યકાજે તલવાર ઉપાડનાર હંમેશા વિજયી થશે તેવી માન્યતા છે. ગામઠી આહિરો ચોરણી ઉપર કેડીયુ, પહેરણ કે ખમીસ પહેરે છે. ચોરણીમાં પણ વિવિધતા ઊરેબી, જોરાવાળી, ડોયણાવાળી ચોરણી અને માથે ઊનની સફેદ ટોપી કે જૂની પેઢીના લોકો માથે પાઘડી પહેરે છે. અને કાનમાં ઠોરીયા, ભૂંગળી કે ચાપવા પહેરતાં, પણ હવે જવલ્લેજ જોવા મળે છે. જ્યારે આ સમાજની ગામડામાં રહેતી સ્ત્રીઓ ઘેરા-લાલ કાળા કે પીળા કલરના થેપાડા-જીમી(પેયણા) અને લીલા અગર રાતા રંગના કપડા પહેરે છે. તેમાં પણ હવે વિવિધતા આવી છે. માથે કાળુ ઓઢણું (પછેડો) કે પછી પુમછુ (અડધી સાડીનું રંગીન ઓઢણું) ઓઢે છે. કુંવારી સ્ત્રીઓ ગામડામાં થેપાડાના બદલે દોઢીયું (સફેદ કલરનું વસ્ત્ર) પહેરતી પણ જોવા મળે છે.

# જામનગર જિલ્લો






ક ચ્છ
મો ર બી
ભા
ર
ત
દેવભૂમિ
દ્વારકા
રા જ કો ટ
પો ર બં દ ર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: જામનગર** |
| સ્થાપનાનું વર્ષ | : ૧૯૪૮ |
| વડુ મથક | : જામનગર |
| પૃથ્વી પર સ્થાન | : ઉત્તર અક્ષાંશ-૨૧.૭૧ થી ૨૨.૮૨ અને પૂર્વ રેખાંશ-૬૯.૭૭ થી ૭૦.૫૫ |
| ક્ષેત્રફળ | : ૬૦૨૬.૪૪ ચો.કિ.મી. ૭૮.૮૦ કિ.મી. દરિયા કિનારો. |
| વસતી | : સ્ત્રી-૬,૮૦,૦૦૯, પુરુષ-૭,૨૭,૬૨૬, કુલ-૧૪,૦૭,૬૩૫ |
| મુખ્ય વસતી | : પટેલ, આહિર, ક્ષત્રિય, મુસ્લિમ, સતવારા |
| તાલુકા | : ૬ (જામનગર શહેર, ધ્રોલ, જામજોધપુર, જોડીયા, કાલાવડ, લાલપુર) |
| ગામો | : ૪૩૧ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી, વેપાર, |
| પુરક વ્યવસાય | : મત્સ્યદ્યોગ, પશુપાલન |
| ખેતીપાકો | : મુખ્ય પાકો - ઘઉં, બાજરો, મગફળી, કપાસ, તલ, રોકડીયા પાકો, નાળીયેર, બોર, પપૈયા, ચીકુ, બાગાયતી પાકો. |
| ઉદ્યોગો | : રિલાયન્સ, દિગ્વીજય સિમેન્ટ, જી.એસ.એફ.સી. , પવનચક્કી, મીઠા ઉદ્યોગ, બ્રાસપાર્ટ, ઓઇલ મિલ, |
| ગૃહઉદ્યોગો | : પરંપરાગત - બાંધણી |
| જમીનનો પ્રકાર | : ઉપજાવ-૧૮,૯૪૮ હેકટર, બિન ઉપજાવ- ૮૯,૮૭૪ હેકટર, પડતર-૭૭૫૮ |
| આબોહવા | : ખુશનુમા, |
| સરેરાશ વરસાદ | : ૫૭૨ મી.મી. |
| જંગલો અને વનસંપદા | : જંગલ વિસ્તાર ૨૭,૮૪૬ હેકટર, વાવેતર વિસ્તાર ૩૨૪ હેકટર |
| નદીઓ | : રંગમતી, નાગમતી, કંકાવટી, આજી, બાવની, ફૂલઝર, કાલાવડી, ઘોલાવડી, ઉંડ, ઢાંઢર, સસોઇ, પન્ના, રૂપાવટી, વેણુ, ડાઇમીણસાર |
| પુલો | : ૫૯ મોટા પુલ અને ૧૪૩ નાના પુલ, જિ.પં. અને મા.મ. વિભાગ હસ્તકના મોટાપુલ-૬, નાનાપુલ-૫ |
| ડેમ | : ૨૯ |
| જિલ્લાના રસ્તા | : રાજય ધોરીમાર્ગ- ૬૩૩.૨૦ કિ.મી. સુધરાઇ સિવાયના કાચા/પાકા માર્ગોની લંબાઇ- ૨૨૦૬ કિ.મી, જિલ્લા મુખ્ય માર્ગ- ૬૮૯.૨૦ કિ.મી. અન્ય અને ગ્રામ્ય માર્ગો- ૧૧૪૭ કિ.મી., જિ. પં. હસ્તકના ૧૬૧૧ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : લાખોટા લેક, ખીજડીયા પક્ષી અભયારણ્ય, પિરોટન મરીન નેશનલ પાર્ક, ગોપ મહાદેવ મંદિર, સિદસર ઉમિયા ધામ, સૂર્યમંદિર - ગોપ ઝિણાવારી, બાલાચડી બીચ, રણજીતસાગર ડેમ, સપડા-ગણેશ મંદિર, જૈન મંદિર, સ્વામિનારાયણ મંદિર, ખંભાળીયા ગેટ, સોલેરીયમ, કાલાવડ-શિતળા મંદિર, ભૂચરમોરી-શહિદવન, ધ્રોલ અને સોનાપુરી મોક્ષધામ. |
| રેલવે સેવાઓ | : લંબાઇ-૧૩૨ કિ.મી., સ્ટેશન- ૨૧ |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : ૧૯૩ પોસ્ટ ઓફિસ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૫૯ |
| બેકિંગ સેવાઓ | : વાણિજય બેંકો : ૧૨૭ સહકારી બેંકો : ૬૦ |
| ખેતીવાડી ઉત્પન બજાર સમિતિઓ/માર્કેટયાર્ડ | : ૭ |
| ગ્રંથાલયો-વાંચનાલયો | : ૧૩ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : પ્રાથમિક શાળાઓ- ૧૩૩૧, માધ્યમિક શાળાઓ-૨૭૪ |
| ઉચ્ચતર મા. શાળાઓ | : ૧૧૨ કોલેજો - ૫૪ |
| યુનિવર્સિટીઓ | : આયુર્વેદ યુનિવર્સિટી |

| | | |
|---|---|---|
| વિશિષ્ટ શિક્ષણ આપતી સંસ્થાઓ | : | મહિલા અધ્યાપન મંદિર, જામનગર, રાજકીય સંસ્કૃત પાઠશાળા, જામનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર |
| આરોગ્ય સેવાઓ | : | પીએચસી-૨૫, સરકારી હૉસ્પિટલ - ૧૦, સિવિલ હૉસ્પિટલ-૧ |
| પશુદવાખાના | : | ૧૪, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર - ૧૬ |
| ગુજરાત વિધાનસભા બેઠકો | : | ૫, લોકસભાની બેઠકો - ૧, જિલ્લા પંચાયતની બેઠકો - ૨૦, તાલુકા પંચાયતની બેઠકો - ૧૦૬ |
| સરકારી કચેરીઓ | : | ન્યાયાલયો - ૬ |
| જન્મદર | : | ૧૩.૪૩ ટકા |

## જામનગર જિલ્લાનો ઇતિહાસ :

૭૮.૮૦ કિ.મી. દરિયા કિનારો ધરાવતો સૌરાષ્ટ્રના પશ્ચિમ તટે સ્થિત જામનગર જિલ્લો બંદરીય ઉદ્યોગો અને સંરક્ષણની બાબતે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. અહીં સંરક્ષણની ત્રણેય પાંખો દેશના સીમાડાઓની ખડેપગે રખેવાળી કરે છે. જિલ્લાના લઘુ અને હસ્ત કલા ઉદ્યોગોએ માત્ર દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે. જેમાં બાંધણી અને બ્રાસપાટના ઉદ્યોગ મુખ્ય છે.

ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતની બાબતમાં પણ જામનગર જિલ્લાની આગવી પરંપરા છે. આયુર્વેદ યુનિવર્સિટીના માધ્યમથી ભારતીય પ્રાચીન ચિકિત્સા પધ્ધતિને સમગ્ર વિશ્વમાં પ્રચલિત કરી છે. તો હાલારની ધરતીએ જામરણજીતસિંહ, સલીમ દુરાની જેવા ધુરંધર બલ્લેબાજો અને વિનુ માંકડ જેવા કાંડાના કરામતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટર ઉપરાંત અજય જાડેજા અને રવિન્દ્ર જાડેજા જેવા ક્રિકેટરોએ પણ ભારતને ઝળહળતો વિજય અપાવ્યો છે.

નાગમતિ અને રંગમતિ નદીઓના સંગમ સ્થળે વસેલુ જામનગર શહેર જાજરમાન ઇતિહાસ ધરાવે છે. નગર તરીકે લોકોમાં પ્રસિધ્ધ આ શહેરની મધ્યમાં આવેલું લાખોટા તળાવ નગરનું નજરાણુ છે. પાંચ લાખ ચોરસ મીટરનો વિસ્તાર ધરાવતું આ તળાવ નગરની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. સહેલાણીઓ તેમજ યાયાવર પક્ષીઓ માટે પણ આદર્શ આશ્રય સ્થાન આ તળાવ છે.

હાલનું આ રણમલ અથવા લાખોટા તળાવ ઇ.સ.૧૮૨૦ થી ૧૮૫૨ વચ્ચે જામ રણમલજી બીજાએ બંધાવ્યાનું કહેવામાં આવે છે. આ તળાવની કાયાપલટ કરવાનો નિર્ણય રાજય સરકારના સહયોગથી મહાનગર-પાલિકા દ્વારા કરાયો છે.

જામનગરની ધરતી પર ઇ.સ.૧૮૪૦ માં ભીષણ દુષ્કાળ પડતા આ આફતને અવસરમાં પલટવા રાજવી રણમલજીએ નગરને દ્વારે લાખોટા તળાવ અને લાખોટા કોઠાનું બાંધકામ શરૂ કરાવી હજારો માનવીઓને રોજી રોટી આપવાનો ધર્મ નિભાવ્યો હતો.

દુષ્કાળ રાહતની પ્રવૃતિમાંથી નિર્માણ થયેલ લાખોટા તળાવ અને લાખોટા કોઠો પ્રાચીન કલા કારીગરીના અદ્ભુત નમૂના સમાન છે.

આ તળાવની મધ્યમાં લાખોટા કોઠાની ભવ્ય ગોળાકાર ઇમારત બાંધવામાં આવી છે. પૂર્વાભિમુખ મુખ્ય સિંહ દ્વાર ઉપરાંત ઉતર-દક્ષિણ બીજા બે દ્વારો મળી કુલ ત્રણ દ્વારો છે. સુંદર પાલખી કમાનોથી સુશોભિત કોઠાની મુખ્ય પ્રવેશદ્વારની માઢ મેડી લાખોટાનું મુખ્ય આકર્ષણ છે. લાખોટામાં પથ્થરને બદલે કાષ્ઠની કોતરણીવાળા સ્તંભો છે. છતોને પણ કાષ્ટ કલાથી સુશોભિત કરાયા છે. રાજપૂત અને મોગલ શૈલીનું સાયુજ્ય યોજીને આ બેનમૂન કળા દોઢસો વર્ષ થવા છતાં પણ અકબંધ છે



જામનગરનાં ઐતિહાસિક લાખોટા સંગ્રહાલયની સ્થાપના વર્ષ ૧૯૪૬માં નવાનગર રાજયે કરી હતી. આ મ્યુઝિયમમાં સંગ્રહાયેલી વસ્તુઓ સાથે તેના ભવ્ય નિર્માણની વાસ્તુકલા પણ અજોડ છે.

મ્યુઝિયમમાં ઘુમલી, પાછતર, પીંડારા અને ગાંધવીથી મળી આવેલા ૭ થી ૮મી સદીના શિલ્પોનો સંગ્રહ છે. સંગ્રહાલયમાં પ્રાચીન સિક્કાઓ અને ચિત્રોનો સંગ્રહ પણ આકર્ષક છે. આ ઉપરાંત ઇસુની સદીની શરૂઆતના કાળની



ચીજ વસ્તુઓ, હસ્તપ્રતો  અને લેખોની ગેલેરીમાં તામ્રલેખો શિલાલેખો અને ૨૦૦૦ વર્ષ જૂનાં માટીના વાસણોનો અદભુત સંગ્રહ છે.

ઉપરાંત ધ્રોલ પાસેના ઐતિહાસિક ભૂચરમોરીના સંગ્રામની સ્મૃતિ કરાવતું વિશાળ ચિત્ર, ફોટોગ્રાફસ અને મોહેં-જો-ડેરોના સમયની ચીજોના ભંડાર સમુ લાખોટા સંગ્રહાલય મુલાકાતીને જામનગરના શાસકો અને પ્રાચીન લોકજીવનનું દર્શન કરાવે છે.

પ્રાચીનથી આધુનિકતા તરફ પ્રયાણ કરીએ તો સૂર્યના કિરણોથી ચિકિત્સા અને સારવાર કરતું સોલેરિયમ ૧૯૩૩ માં જામ સાહેબ રણજીતસિંહજીએ સ્થાપ્યુ હતું. જામસાહેબના કહેવાથી વિશ્વમાં સોલેરિયમના પ્રણેતા ફ્રાન્સના ડૉ.જીન રૌદમને પોતે ખાસ દેખરેખ હેઠળ આ સોલેરિયમની રચના કરી હતી.

આધુનિક તબીબી વિજ્ઞાન પણ સૂર્યની પ્રચંડ ઊર્જા શકિતનો વિવિધ રોગોની સારવાર માટે ઉપયોગ કરવા લાગ્યું છે. સૂર્યના કિરણો દ્વારા રોગોની સારવાર પધ્ધતિ અનાદિ કાળથી ચાલી આવે છે, ત્યારે દેશભરનું એક માત્ર સૂર્ય ચિકિત્સાલય સમુ સોલેરિયમ જામનગરની મુલાકાતે આવતા દેશ-વિદેશના પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

૩૦ મીટર ઊંચા મકાન પર આ સોલેરિયમ ઊભુ કરાયું છે. જેમાં ટોચના ભાગે દસ કેબિનોવાળુ એક ફરતુ હોરીઝેન્ટલ સ્ટ્રકચર ઊભુ કરવામાં આવ્યું હતું. આ દસે-દસ કેબિનોમાં દર્દીને સૂર્યના કિરણોથી સારવાર આપવા માટે વિવિધ પ્રકારના સાધનો લગાડી યોગ્ય જગ્યાએ સૂર્યપ્રકાશ અંદર આવી શકે તે માટે કાચ લગાડવામાં આવ્યા હતા. આ હોરિઝેન્ટલ સ્ટ્રકચરમાં કેબિનમાં સૂર્ય કિરણો બહાર આવી શકે તે માટે આખા સ્ટ્રકચરને ઇલેકટ્રિક મોટર સાથે જોડી દેવામાં આવ્યું હતું. જેથી સવારથી સાંજ સુધી સૂર્યની ગતિ સાથે આખા સ્ટ્રકચરને રાખી શકાય.

સોલેરિયમ સાથે જામનગર આજે વિશ્વમાં આયુર્વેદ યુનિવર્સિટી અને સંશોધન કેન્દ્રને લીધે જાણીતું બન્યું છે. અહીંની ધરતી આયુર્વેદ અને વૈદ્યોનું પિયર છે. સૈકાઓ પહેલા અહી ઔષધ આશ્રમો અને રસશાળાઓ કાર્યરત હતી. જામનગરની દેશી દવાઓએ દેશની ઔષધ બજારો સર કરી હતી.

જામનગરમાં આયુર્વેદ યુનિવર્સિટી સ્થાપનાનું વિરાટ કદમ ૧૯૬૬માં ગુજરાત સરકારે ઉઠાવ્યુ હતું. વિધાનસભામાં ખરડો પસાર કરી, ધન્વન્તરિ મંદિરનું નિર્માણ કરી જામનગરના રાજવી શ્રી દિગ્વિજયસિંહજી અને રાજમાતા ગુલાબકુંવરબાની આયુર્વેદ પ્રત્યેની અખૂટ શ્રધ્ધાથી અનેક સંસ્થાઓ આ યુનિવર્સિટીના નિયંત્રણમાં મૂકવામાં આવી હતી.

અહી આયુર્વેદનું સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત ફાર્મસી વિજ્ઞાન માટેના સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમાં અભ્યાસક્રમો પણ શરૂ કરાયા છે. અહી સમગ્ર દેશની સાથે વિદેશના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ માટે આવે છે.

આયુર્વેદ યુનિ. સામે જ આરોગ્ય ધામ ઇરવીન હૉસ્પિટલથી જાણીતી જી.જી. હૉસ્પિટલ આવેલી છે. ૧૨૦૦ પથારીની સવલત ધરાવતી આ હૉસ્પિટલમાં સૌરાષ્ટ્રભરમાંથી દર્દીઓ સારવાર માટે આવે છે.

આ હૉસ્પિટલ સંલગ્ન શ્રી એમ.પી.શાહ મેડિકલ કૉલેજ કાર્યરત છે. સૌરાષ્ટ્રના તબીબી વિદ્યાશાખાનો અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓને અમદાવાદ જવું પડતું. આ મુશ્કેલી નિવારવા જામનગરના દાનવીરશ્રી મેઘજી પેથારાજ શાહે રૂ.૧૫ લાખનું દાન મેડિકલ કૉલેજ માટે આપ્યું હતું. ૧૯૫૫માં કૉલેજનું બાંધકામ શરૂ થયુ અને ૧૯૫૯માં ૧.૫૫ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ત્રણ મજલાના કૉલેજ ભવનનું કામ પૂર્ણ થયું. તે સમયની ઇરવીન અને હાલની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ સંલગ્ન સૌરાષ્ટ્રની આ પ્રથમ તબીબી કૉલેજમાં સ્નાતક ઉપરાંત તબીબી વિજ્ઞાનની બધી જ શાખાઓમાં અનુસ્નાતક અને ડિપ્લોમા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

સૌરાષ્ટ્રના છોટા કાશી જામનગરમાં ઐતિહાસિક સાંસ્કૃતિક વારસા સાથે અહી ભૂમિદળ, હવાઇદળ અને નૌસેનાના મથકો આવેલાં છે. અહી ભૂમિદળની રેજિમેન્ટ પણ છે.  તેમજ ભારતીય વાયુસેનાનું મહત્ત્વનું હવાઇ મથક છે. જયાં વાયુ સેનાના ફાઇટર પાયલોટોને ઘનિષ્ઠ યુધ્ધ કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે. સંરક્ષણની દષ્ટિએ જામનગરના આ મથકો ખૂબ અગત્યના છે.

આર્મીના મહત્ત્વના મથકો સાથે જામનગર શહેરમાં ૧૯૫૨થી શરૂ થયેલ ઔદ્યોગિકરણની પ્રક્રિયાને જોડી નાયલોન બટન અને બ્રાસપાટના ઉદ્યોગો વિપુલ પ્રમાણમાં વિકસ્યા છે. નગરમાં સાત હજારથી વધુ બ્રાસપાટના ઉદ્યોગો ધમધમે છે જેમાં સીધા અને આડકતરી વિપુલ પ્રમાણમાં રોજગારી આપવામાં આવે છે.



અહીં બનતા બ્રાસપાટ જોબવર્કથી કુટુંબો ઘેરબેઠાં રોજગારી મેળવે છે આ ઉદ્યોગની મુખ્ય બાબત એ છે કે, તેમાં વપરાતા યંત્રો લેથ, ડ્રીલ , થડો વગેરે જામનગરમાં જ બને છે. આ ઉદ્યોગમાં પિતળના ભંગારનો ઉપયોગ કરવામાં આવે છે. રોજ હજારો મેટ્રિક ટન બ્રાસ ઓગાળી ટન બંધ પ્રોડકટ બજારમાં આવે છે.

જામનગરમાં બ્રાસ ઉદ્યોગ સાથે બાંધણી ઉદ્યોગ પણ એટલો જ વિકસ્યો છે. ભાગ્યે જ કોઇ ભારતીય નારી એવી હશે કે જેને બાંધણી પહેરીને પરણવાના કોડ નહી રાખ્યા હોય. આવી જામનગરની બાંધણી જગ વિખ્યાત છે.

જામનગરની બાંધણી તેના દેશી રંગકામ અને કશબથી જાણીતી છે. રાજાશાહી વખતમાં બાંધણીનું કાપડ મુંબઇથી અને કસુંબો ગુજરાતમાંથી આવતો. બાંધણીના કાપડમાં જગન્નાથી કે મલમલના કાપડ આખા તાકાઓની જરૂર પ્રમાણે ટુકડા કરી બાંધણી બંધાતી. બાંધણીની પ્રકિયામાં કાપડને ધોઇ નાખવામાં આવે છે ત્યારબાદ પાઘડી, ઘરચોળા કે તે બીજા ઉપયોગ મુજબના કપડાઓના ટૂકડા ઉપર બુટીયો, મોરવેલ, ઝરમર કે હાથીવેલ તેમજ બાવનબાગની ડિઝાઇન મુજબ કાપડનું માપ લેવામાં આવે છે.

બાંધણીના જે ભાગમાં સફેદ ટપકાઓની ભાત પાડેલ હોય તેને કરચલી પાડી સુતરના દોરાથી બાંધવામાં આવે છે. સૌપ્રથમ હળદરના પાણીમાં બોળીને પીળો રંગ ચડાવાઇ કપડુ સુકાય એટલે જયાં પીળો રંગ રાખવાનો હોય તેટલો ભાગ બાંધી લેવામાં આવે છે. જે ભાગને લીલો કરવાનો હોય તેને હળદર અને કસુંબીના રંગમાં બોળી ફરી કપડુ સુકવાય છે. આ કપડુ સુકાય એટલે લીલા રંગની બાંધણી થાય. આમ ભાત ઉપજાવવા જેટલી વાર ડિઝાઇનના ભાગને દોરાઓ વડે બાંધવુ પડે તેટલું કપડું મોંઘું અને કિંમતી બને.

બાંધણીના રંગકામમાં આંબલી, લીબુ, આંબોળિયાનું પાણી વગેરેના રંગો વપરાતા. હવે સિન્થેટીક રંગો અને રસાયણોનો ઉપયોગ કરાય છે. ગરમ પાણીમાં જેટલી વાર કપડું બોળાય તેમ રંગ નિખરે છે. આજે તો બાંધણીના કાપડમાં પ્યોર શિલ્ક, ગજી શિલ્ક, જયોર્જટનો ઉપયોગ થવા લાગ્યો છે.

આકર્ષક રંગથી જોતા જ ગમી જતી બાંધણી માત્ર સ્ત્રીઓ જ નહીં, પરંતુ પુરુષોની શોભામાં વૃધ્ધિ કરે છે. પુરુષોની પાઘડી માટેની ભાત અલગ પ્રકારની હોય છે. આ ઉપરાંત ડ્રેસ મટીરીયલ્સ, ઝભ્ભા, કૂર્તા, ચોરણીમાં પણ બાંધણી લોકપ્રિય થઇ છે. છોટી કાશી તરીકે પ્રસિધ્ધ જામનગરમાં તળાવની પાળે ૧/૮/૧૯૬૪થી અવિરત ભગવાન રામનામની ધૂન ગુંજે છે. પ્રેમ ભિક્ષુજી મહારાજ પ્રેરિત બાલા હનુમાન મંદિરે અખંડ હરિનામ સંકિર્તન મહાયજ્ઞમાં ૧૮૬ થી વધુ આજીવન સભ્યો છે. ભગવાન રામનું નામ સતત ગુંજતુ રાખનાર આ ભાવિકો સૌના માટે પ્રેરણારૂપ છે. આ ઉપરાંત પ્રણામી સંપ્રદાયનું આંતરરાષ્ટ્રીય મથક અને વિશાળ મંદિર તેમજ કબીર આશ્રમ પણ જામનગરમાં યાત્રાળુઓ માટે આકર્ષણના કેન્દ્રરૂપ છે.

જામનગરના રાજવી ઘરાનાનું શ્રેષ્ઠ બાંધકામ જામ સાહેબનો પેલેસ છે. આ બાંધકામ જામ રણજીતસિંહના વખતમાં થયેલ છે. તેનો ઉપયોગ અન્ય રાજયના રાજા મહારાજાઓ જામનગર મુલાકાત લેતા ત્યારે તેમના ઉતારા માટે થતો હતો. વિશાળ ઓરડાઓ ધરાવતા આ પેલેસનું બાંધકામ બેનમૂન છે. જે તે સમયે તેનો ઉલ્લેખ ધ પેલેસ તરીકે પણ કરવામાં આવતો હતો. જામનગરનું તો સ્મશાન પણ જોવાલાયક છે. અહીં દુઃખના વાતાવરણમાં પણ આધ્યાત્મિકતાનો અનુભવ થાય છે. સ્મશાનમાં મહાદેવ મંદિર, દેવી દેવતાઓની મૂર્તિઓ, વિવિધ ધર્મોના ઉપદેશ, મહાપુરુષોના અવતારો, ભક્તો વગેરેની કલાત્મક પ્રતિમા અહીં આવનારને સાંત્વના પૂરી પાડે છે. અહીં વિશ્રાંતિ ગૃહ અને વાંચનાલયની સાથે સંસાર ચક્ર અને ભારત દર્શન વગેરે પણ મોક્ષપુરીના આકર્ષણ છે. જામનગરના ભામાશાઓ દ્વારા આ સુવિધાઓનું નિર્માણ કરાયું છે. કાજલ, સુરમો તેમજ અત્તર પણ જામનગરની ઓળખ છે.

# જૂનાગઢ જિલ્લો






રાજકોટ
અમરેલી
પોરબંદર
ગિર સોમનાથ
જૂનાગઢ
વંથલી
કેશોદ
માંગરોળ
મેંદરડા
વિસાવદર
ભેસાણ
માણાવદર
માળિયા

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **જૂનાગઢ** |
| વડુ મથક | : | જૂનાગઢ |
| ભૌગોલિક સ્થાન | : | અક્ષાંશ ૨૧.૬૫ થી ૨૦.૯૮ અને ૬૯.૯૪થી ૭૦.૯૫ પૂર્વ રેખાંશ જિલ્લાની પૂર્વે અમરેલી, ઉત્તરમાં જામનગર અને રાજકોટ, પશ્ચિમમાં પોરબંદર તેમજ દક્ષિણે ગીર સોમનાથ જિલ્લા આવેલા છે. |
| તાલુકા | : | વિસાવદર, માણાવદર, માંગરોળ, ભેંસાણ, વંથલી, કેશોદ, માળીયા હાટીના, મેંદરડા. |
| મહાનગરપાલીકા | : | ૧ જૂનાગઢ |
| ગામ | : | ૪૯૦ |
| તાલુકા | : | ૯ |
| ક્ષેત્રફળ | : | ૪૫૫૩.૬૭ ચો.કિ.મી. |
| વસ્તી | : | ૧૫,૨૭,૨૯૨ સ્ત્રી ૭,૪૨,૦૪૦, પુરુષ ૭,૮૫,૨૫૨ |
| ગ્રામ પંચાયતોની સંખ્યા | : | ૪૮૯ |
| સાક્ષરતા દર | : | સ્ત્રી ૬૭.૫૦ અને પુરુષ- ૮૫.૮૦ ટકા સરેરાશ- ૭૬.૮૮ |
| લોકજીવન રહેણીકરણી | : | જૂનાગઢ જિલ્લાનું લોકજીવન ભાતીગળ છે. ગામઠી લોકજીવનની શૈલી, લક્ષણો અને લોકકલા અને લોકસાહિત્યમાં આગવી ભાત ઉપસાવે છે. ચોરવાડનાં ટીપ્પણીરાસ અને સાસણ(ગીર)નાં સીદી બાદશાહનું ધમાલનૃત્ય સુપ્રસિદ્ધ છે. જિલ્લામાં મુખ્યત્વે પટેલ, કોળી, આહિર, કારડીયા રાજપૂત, મેર, રબારી, કાઠી-ક્ષત્રિય, લોહાણા, સગર, બ્રાહ્મણ, વાણિયા, ખારવા, મુસ્લિમ, દલિત, જૈન, ખ્રિસ્તી સહીત વિવિધ જાતિ/ધર્મનાં લોકો હળી મળીને રહે છે. લોકો આધુનિક અને પરંપરાગત વેશભુષા બન્ને રીતે દષ્ટીગોચર બને છે. અહીંની પ્રજા ખમીર ખંત અને આતિથ્ય સત્કાર માટે મશહુર છે. |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી અને ખેતી સંલગ્ન પૂરક વ્યવસાયો, પૂરક વ્યવસાય પશુપાલન, માંગરોળ અને ચોરવાડ બંદરીય સ્થળોએ મચ્છીમારી. |
| ખેતી પાકો | : | મગફળી, કપાસ, શેરડી, બાજરી, ઘઉં, જુવાર, ધામા-જીરૂ-કઠોળ, તલ અને એરંડા |
| બાગાયત પાક | : | કેસર કેરી, ચીકુ, નાળીયેરી, નાગરવેલ, સિતાફળ, દાડમ |
| સરેરાશ વરસાદ | : | ૮૫૦ મીમી. |
| મુખ્ય નદીઓ | : | ઓઝત, ઉબેણ, મધુવંતી, હિરણ, પોપટડી, ઉતાવળી, મહિયારી, ધ્રાફડ વગેરે |
| જળાશયો મુખ્ય | : | ૧૫ |
| જિલ્લાના મુખ્ય ખનીજો | : | લાઈમ સ્ટોન, કાળો પથ્થર, સાદી મોરમ |
| બંદર | : | જિલ્લામાં માંગરોળ ખાતે નાનું બંદર આવેલું છે. |
| યુનિવર્સિટી | : | ૦૨ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ. |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક શાળાઓ ૧૨૩૦, માધ્યમિક શાળા-૩૭૨, ઉચ્ચ માધ્યમિક શાળાઓ-૯૨, કૉલેજો-૪૭ |
| ઉદ્યોગો | : | જૂનાગઢ જિલ્લામાં ૪ મોટા ઉદ્યોગો |
| નાના અને લઘુ ઉદ્યોગો | : | ૧૦૨૫ ફેક્ટરી એક્ટ હેઠળ નોંધાયેલ ૪૨૪ |
| જમીનનો પ્રકાર | : | ઉપજાઉ, ૩૫૫૦૭૮ હેક્ટર (વાવેતર લાયક) બિનઉપજાઉ - ૨૮૨૫૦ હેક્ટર પડતર ૮૮૫૩ (ખેડી ના શકાય તેવી) |
| આબોહવા | : | સમશિતોષ્ણ (૫થી ૪૬ અંશ સે. ગ્રે.) |
| જંગલો/વનસંપદા | : | જંગલ ૩૩૦૫૭ હે. ગીર ૧૨૩૦૯૧ હે. સંયુક્ત ૧૫૦૨.૭ ચો.કિ.મી. સંયુક્ત |
| જોવાલાયક સ્થળો | : | ગિરનાર માઉન્ટ, ઉપરકોટ, અશોકનો શિલાલેખ, નરસિંહ મહેતાનો ચોરો, સિંહ દર્શન-સાસણ, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, તાજમંજીલ, મ્યુઝિયમ-સરદારબાગ, મહોબત્તખાન મકબરા, દામોદર કુંડ, જૂનાગઢ કૃષિ યુનિ., વિલીંગ્ડન ડેમ, ગિરનાર |

તળેટીમાં આવેલ દર્શનીય સ્થળો, અક્ષર મંદિર, ભૂતનાથ મંદિર, ઈન્દ્રેશ્વર દોલતપરા મંદિર, વંથલી ખાતે વામન મંદિર, આપાગીગાનું સમાધી સ્થાન એટલે પ્રસિદ્ધ સત્તાધાર ધામ, સત દેવી દાસ અને અમરમાંની સેવા ગાથા વર્ણવતું પરબધામ-ભેંસાણ ચોરવાડ હોલી ડે કેમ્પ, બિલખા શેઠ શગાળશાની તપોભૂમિ, મોણીયા માં નાગબાઈનું મંદિર, મજેવડી સંત દેવતણખીનો ધુણો, કેશોદ ખાતે અક્ષયનાથ મહાદેવનું મંદિર, ભગવાન સ્વામિનારાયણનાં પ્રસિદ્ધ મંદિરો જેવા કે પિપલાણા, પંચાળા, લોએજ અને જૂનાગઢ ખાતેનાં મંદિરો, વેગેર દર્શનીય સ્થળો આવેલા છે.

| | |
|---|---|
| જિલ્લાના મેળાઓ | : (૧) મહાશિવરાત્રિનો મેળો (૨) લીલી પરિક્રમાનો મેળો, ચોરવાડ ખાતે ઝૂંડ ભવાની માતાનો મેળો, અક્ષયગઢ ખાતે શરદપૂર્ણિમાએ ભરાતો મેળો, અષાઢી બીજે પરબધામ, સતાધાર અને દેવતણખીધામ મજેવડી અને તોરણીયા ખાતે યોજાતા મેળા જિલ્લામાં આકર્ષણનું કેન્દ્ર છે. |
| રેલ્વે સેવાઓ | : જિલ્લામાં ૮૭ કિ.મી. બ્રોડગેજ અને ૬૦ કિ.મી. ગેજ રેલ્વે લાઈન પથરાયેલ છે. જેમાં જૂનાગઢ-વિસાવદર અને ચોકી-જૂનાગઢ-શાપુર-ગડુ સુધી બ્રોડગેજ લાઈન પથરાયેલ છે. |
| રાજ્ય પરિવહન સેવા | : જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ, બાંટવા, માંગરોળ, કેશોદ ખાતે ડેપો કાર્યરત છે. જેમાં ૭૦૦ જેટલી એસ.ટી.ની ટ્રીપ દ્વારા મુસાફરોને સેવા પૂરી પાડવામાં આવે છે. |
| વિમાની સેવા | : કેશોદ ખાતે એરોડ્રોમ છે, પણ વિમાની સેવા બંધ છે. |
| પોસ્ટ/ટેલિફોન સેવા | : મુખ્ય ટપાલ કચેરી-૦૧, પોસ્ટ ઓફીસ-૪૫ અને સબ પોસ્ટ ઓફીસ-૨૪૧ |
| દૂધ ઉત્પાદક મંડળી | : ૧૫૬ |
| બેંકિંગ સેવાઓ | : ૧૧૪, રાષ્ટ્રીયકૃત બેંકો, ખેતી બેંક (સહકારી) ૨૯ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ | : માર્કેટ યાર્ડ-૯ |
| ગ્રંથાલયો-વાંચનાલયો | : ગ્રંથાલય-૧૭, વાંચનાલય સહિતનાં ગ્રંથાલય-૧૭, લોકશિક્ષણ કેન્દ્ર-૪૯૦ |
| આરોગ્ય સેવાઓ | : જૂનાગઢ ખાતે રાજ્યની બીજા સ્તરની સિવિલ હોસ્પિટલ ઉપરાંત ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. ૩૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યાન્વિત છે. એક આયુર્વેદ હોસ્પિટલ જૂનાગઢ ખાતે આવેલી છે. જિલ્લામાં ૪૦ આયુર્વેદ દવાખાના આવેલા છે. જ્યારે ૨૫ પશુ દવાખાના આવેલા છે. નવી મેડિકલ કોલેજનો પ્રારંભ થતા આરોગ્ય સેવામાં વધુ સારી સુવિધા પ્રાપ્ત બની છે. |
| વિધાનસભાની બેઠકો | : ૫ (વિસાવદર, કેશોદ, માણાવદર, માંગરોળ, જૂનાગઢ) |
| લોકસભાની બેઠકો | : જૂનાગઢ, ગીર સોમનાથ, સંયુક્ત અને માણાવદર-વંથલી અને મેંદરડા તથા કેશોદ અને માંગરોળ તાલુકાને સંયુક્ત પોરબંદર સંસદીય બેઠક |
| સરકારી કચેરીઓ | : મુખ્ય ૯૯ કચેરીઓ |
| ન્યાયાલયો | : સેશન્સ કોર્ટ-૦૧, વધારાની સેશન્સ કોર્ટ-૮, સિવિલ જજ જૂનિયર ડિવિઝન-૨૦, સિનિયર-૧૧ |
| નગરપાલિકાઓ | : ૦૭ બાંટવા, કેશોદ, માંગરોળ, વંથલી, માણાવદર, વિસાવદર, ચોરવાડ |

***સોરઠ ધરા સોહામણી, ઊંચો ગઢ ગિરનાર;***
***સાવજડા સેંજળ પીવે, તેના નમણાં નર ને નાર.***

સોરઠ પંથક કહેતા જૂનાગઢ જિલ્લાના લોકોના હૈયામાંથી નિકળતો આ દુહો સોરઠનો આગવો પરિચય આપી જાય છે. સોહામણી ધરતી અને જેની આગોશમાં આ વિસ્તાર કાયમ પનપની રહ્યો છે, એવો શ્રુતિતુલ્ય ગરવો ગિરનાર, જગ વિખ્યાત ગિર અભયારણ્ય અને ડાલામથ્થા સિંહની આ જન્મભૂમિ છે, તેવા વિસ્તારના

નર ને નાર નમણાં જ હોય રૂડારૂપાળા જ હોય સ્વભાવે અને વાને પણ..

સોરઠના નામથી સુપ્રસિદ્ધ જૂનાગઢ જિલ્લાને કુદરતે બે હાથ મોકળાસ કરીને સૌંદર્યની લ્હાણી કરી છે. ઐતિહાસિક સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વિરોધાભાસનું વૈભવ પણ આપ્યું છે. અઢી હજાર વર્ષ સુધી જે નગરનો ઈતિહાસ સળંગ મળતો હોય તેવા નગરો ખૂબ થોડા છે. તેમાં પણ આટલો વિગતપૂર્ણ ઈતિહાસ કોઈ નગરોનો મળતો નથી. જૂનાગઢનો છે. અહિં અઢી હજાર વર્ષ પૂર્વેનો ઈતિહાસ તે સમયની શાખ પૂરતો અશોકનો શિલાલેખ ગિરિનગરના ગુજરાતી સંસ્કારને ઘડનારુ સૌ પ્રથમ ઐતિહાસિક સિદ્ધ બળ છે.

## ભૌગોલિક સ્થિતિ :

ભારતના પશ્ચિમ વિસ્તારમાં સૌરાષ્ટ્ર દિપકલ્પમાં ૨૦.૪૦ ઉત્તર અક્ષાંશ અને ૨૧.૪૦ તથા પૂર્વ રેખાંશ ૬૯.૪૦ અને ૭૧.૦૫ પર સ્થિત જૂનાગઢ જિલ્લાનું અસ્તિત્વ તા. ૧૯-૪-૧૯૪૯થી જૂનાગઢ તેમજ અન્ય નાના દેશી રજવાડાના વિલીનીકરણથી થયું હતું. આ રજવાડાઓમાં જૂનાગઢ, માણાવદર, માંગરોળ, બાંટવા, સરદારગઢ અને પોરબંદર મુખ્ય હતા. તાજેતરમાં જ ગિર-સોમનાથ જિલ્લો નવો અસ્તિત્વમાં આવતાં વેરાવળ, કોડીનાર, સુત્રાપાડા, તાલાળા ઊના અને ગીરગઢડા જૂનાગઢમાંથી છૂટા પડતાં હાલમાં ૫૦૫૯ ચો.કિ.મી. વિસ્તાર છે.

જૂનાગઢ જિલ્લાની પૂર્વમાં અમરેલી અને ઉત્તરે રાજકોટ જિલ્લો છે. દક્ષિણ અને પશ્ચિમે અરબી સમુદ્ર છે. ગિરના જંગલો, ડુંગરાળ પ્રદેશ, સપાટ મેદાનો અને તેમાં વહેતી નદીઓ, ઝરણાંઓ તેમજ ગિરીકંદરાઓથી શોભતો આ જિલ્લો એશિયાઈ સિંહો માટે વિશ્વ વિખ્યાત છે. જે સૌ માટે વિશેષ આકર્ષણરૂપ છે.

## આબોહવા :

જૂનાગઢ જિલ્લાની આબોહવા સમશિતોષ્ણ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ નિયમિત છે. જિલ્લાની આબોહવામાં એકબાજુ વિશાળ દરિયા કિનારો, ગિરનું જંગલ, સપાટ મેદાનો અને ગિરનારના ડુંગરાળ વિસ્તારને લીધે ઘણી વિવિધતા છે.

ઉનાળામાં ૪૨ ડિગ્રીથી વધુ ગરમ હવામાન રહે છે અને શિયાળામાં સામાન્ય રીતે ૬ થી ૧૦ ડિગ્રી જેટલું હવામાન રહે છે. ચોમાસુ જૂનના બીજા પખવાડિયામાં શરૂ થાય છે, અને સપ્ટેમ્બરના આખર સુધી વરસાદ પડે છે. સરેરાશ વરસાદ ૮૦૦ મી.મી. જેટલો છે.

ડુંગરાળ પ્રદેશમાં ઉનાળામાં ખડકો ગરમ થતા ગિરનાર તળેટી સ્થિત જૂનાગઢની આબોહવા પ્રમાણમાં ગરમ રહે છે. ચોરવાડ, માંગરોળ દરિયાકાંઠાના લીધે વાતાવરણ પ્રમાણમાં ઠંડું રહે છે. જ્યારે માળીયા અને માણાવદર તાલુકાની હવા સૂકી ગણાઈ છે.

## જમીન :

જૂનાગઢ જિલ્લાની જમીન એકંદરે સપાટ અને ફળદ્રુપ છે. (ગિરનારની પર્વતમાળા સિવાય) અને તેનો ઢાળ પશ્ચિમે દરિયા બાજુ પડે છે. જિલ્લામાં પાંચ પ્રકારની જમીન છે.

**કાળી જમીન :** વંથલી, માણાવદર, કેશોદ તાલુકાની મોટા ભાગની જમીન કાળી માટીની અને ફળદ્રુપ છે.

**મધ્યમ કાળી જમીન:** જૂનાગઢ, ભેંસાણ, માળીયા અને વિસાવદર તાલુકાના કેટલાક ગામોમાં મધ્યમ કાળી જમીન છે.

**ચુનાના પથ્થરવાળી જમીન :** માંગરોળ તાલુકામાં ખનીજથી ભરપૂર ચૂનાના પથ્થરવાળી જમીન છે.

**ખનીજ સંપત્તિ :** કુદરતે વિપુલ ખનીજ સંપત્તિની ભેટ આપી છે. જે જિલ્લાના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે.

**ચૂનાનો પથ્થર :** ચૂનાના પથ્થર આધારિત સિમેન્ટ, ઉદ્યોગનો જૂનાગઢ જિલ્લામાં ખૂબ સારો વિકાસ થયો છે. મકાન બાંધકામમાં ચૂનાનો પથ્થર મોટા પાયે વપરાય છે. જિલ્લાના માંગરોળ તાલુકામાં પુષ્કળ પ્રમાણમાં છે. ઉપરાંત જૂનાગઢ શહેરની આસપાસના વિસ્તારોમાં પણ મકાન બાંધકામ માટે વપરાતા પથ્થરોની ખાણો આવેલી છે.

**ભુખરા પથ્થર :** જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તાર માંગરોળ અને માળિયા હાટીના તાલુકામાં ભૂખરો પથ્થર મળે છે.

**કાળા પથ્થર :** જૂનાગઢ, ભેંસાણ, તાલાળા, માળીયા હાટીના, વિસાવદર, વંથલી, મેંદરડા, કોડીનાર અને ઊના તાલુકામાં બ્લેક સ્ટોન મળે છે. જેનો ગ્રીટ, કપચી, રોડ મેટલ અને સિમેન્ટમાં ઉપયોગ થાય છે.

## જૂનાગઢ જિલ્લો ઐતિહાસિક દૃષ્ટિએ :

જૂનાગઢના આ નામ ઉપરાંત કરણ કુબ્જ, મણીપુર, રેવત, ચંદ્રકેતુપુર, નરેન્દ્રપુર, ગિરિનગર તેમજ પ્રતાપપુર નામથી પણ આલેખાતું. ઈ.સ. ૧૮૬૮ સુધી જૂનાગઢના સરકારી પત્રવ્યવહારમાં તેને જીરણગઢ કહેવામાં આવતું. ઈ.સ. ૧૮૨૦માં બ્રિટીશ સરકારે લોકોમાં પ્રસિદ્ધ એવું જૂનાગઢ નામ આપ્યું. જૂનાગઢ ઉપર મોર્ય, શ્રીંગ, ગ્રીક, ગુપ્ત અને ચુડાસમા રજપૂતોએ શાસન કર્યું હતું. ઈ.સ. ૬૪૦ના વર્ષમાં ચીની મુસાફર હ્યુયેન સંગે જૂનાગઢની મુલાકાત લીધી હતી. ઈ.સ. ૧૪૭૨ બાદ મોહમ્મદ બેગડા, ખલીલખાન, મુઝફરફર, સિકંદર, બહાદુરશા અને ઈબાદતખાને રાજ્ય કર્યું હતું. ઈ.સ. ૧૫૭૩થી ૧૭૪૮ દરમ્યાન મુગલે પણ શાસન કર્યું હતું. ત્યારબાદ જુદા જુદા બાબી/નવાબોએ ઈ.સ. ૧૯૪૭ સુધી રાજ કર્યું હતું. જૂનાગઢના છેલ્લા નવાબ મહોબ્બતખાન પ્રજાએ સ્થાપેલી આરઝી હકુમત દ્વારા થયેલા સ્વાતંત્ર્ય સંગ્રામથી ૯-૧૧-૧૯૪૭ના રોજ જૂનાગઢ છોડી કરાંચી ચાલ્યા ગયા હતા અને ૧૯૪૯માં જૂનાગઢ સ્ટેટ સૌરાષ્ટ્રનો ભાગ બન્યું. ૧૯૫૬ નવેમ્બરમાં જૂનાગઢ જિલ્લો દ્વિભાષી મુંબઈ રાજ્યમાં આવ્યો. ૧-૫-૧૯૬૦ના દિવસે મુંબઈ અને ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવતા રહ્યા હતા જૂનાગઢ ગુજરાત રાજ્યનો ભાગ બન્યું.

## જૂનાગઢ જિલ્લાનો મુક્તિ સંગ્રામ :

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે હિન્દુસ્તાન વાસીઓ આઝાદીનો આનંદ માણી રહ્યા હતા ત્યારે જૂનાગઢ સ્ટેટ સ્વતંત્ર થયું ન હતું. જૂનાગઢના તત્કાલીન નવાબ મહોબ્બતખાન ત્રીજાએ હિન્દુસ્તાન સાથે જોડાવાનો ઈન્કાર કર્યો હતો. પણ જૂનાગઢની બહુમતી પ્રજા હિન્દુસ્તાન સાથે રહેવા માંગતી હતી. આથી શરૂ થઈ પ્રજાકીય ચળવળ. વંદે માતરમ્‌ના તંત્રીશ્રી શામળદાસ ગાંધીની આગેવાની હેઠળ આરઝી સેનાની સ્થાપના થઈ. સોરઠના સપૂત રતુભાઈ અદાણી સર સેનાપતિ થયા. આ હકુમત પ્રજાએ સ્થાપેલી સમાંતર સરકાર હતી. પ્રજાનો સ્વયંભૂ લોકરોષ અને આરઝી સેનાના જુસ્સાએ ગ્રામ્ય વિસ્તારો કબ્જે કરવા માંડ્યા. પ્રજાનો જુસ્સો ઓર વધ્યો. આ સ્થિતિ જોઈ નવાબે દિવાન શાહનવાઝ ભુટ્ટોને હાર્વે જોન્સનની આરઝી હકુમતના વડા શામળદાસ ગાંધી પાસે મોકલી બિનશરતી શરણાગતી સ્વીકારી. ૮-૧૧-૧૯૪૭ના રોજ જૂનાગઢનો વહિવટ ભારત સરકારને સોંપી દેવાયો અને ૯-૧૧-૧૯૪૭ના રોજ પ્રાદેશિક કમિશનર શ્રી નીલમ બૂચે જૂનાગઢનો વહિવટ સંભાળ્યો. ત્યારથી જૂનાગઢની સાથે આપણે સૌ આઝાદીનો આનંદ માણીએ છીએ. **આથી જ જૂનાગઢ વાસીઓ દર વર્ષે ૯મી નવેમ્બરને જૂનાગઢનાં આઝાદી દિન તરીકે ઉજવે છે.**

## જૂનાગઢ જિલ્લાનાં જોવાલાયક યાત્રા સ્થળો અને વિહારધામો :

ઐતિહાસિક, ધાર્મિક મહત્ત્વ ધરાવતું નવાબી શહેર જૂનાગઢ હંમેશાં પ્રવાસીઓ- યાત્રાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. જૂનાગઢના કાંગરે-કાંગરે ઇતિહાસ કંડારાયેલો છે. આપણે જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોથી શરુઆત કરીએ.

## પર્વતાધિરાજ ગિરનાર :

પર્વતાધિરાજ ગિરનાર હિમાલયને પત્ર લખે તો ચિરંજીવીથી શરૂઆત કરવી પડે એટલો પુરાણો આ પર્વત છે. લોકો એને ગિરનારી મહારાજ પણ કહે છે, જેમાં તેત્રીસ કરોડ દેવ, નવનાથ ચોર્યાસી સિદ્ધ અને બાવન પીરનો વાસ હોવાની માન્યતા છે, તે પ્રાચીન સમયથી પ્રેમ, શૌર્ય, સ્વાપર્ણ, ટેક અને ફનાગીરીની અનેક ઉદાત્ત ગાથાઓ સંગ્રહી ઉભેલો ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. ૧૧,૦૦૦થી પણ વધુ પગથિયાં છે. તેની સમુદ્રની સપાટીએથી ઊંચાઈ ૩૦૦૦ ફૂટથી વધુ છે. ગિરનાર ગિરિમાળામાં પર્વતનો એક સમુહ છે.



જૂનાગઢ શહેરની પૂર્વ દિશાએ ૩.૫ કિ.મી. દૂર વાદળથી વાતો કરતો ઉભેલા આ પ્રાચીન, પુરાણ પ્રસિદ્ધ ગિરનાર પર્વતને પૂર્વકાળમાં રૈવત, રૈવતક, રેવતાચળ, ઉજ્જયંત, ગિરિનારાયણ પણ કહેતા. ગિરનારની ગિરિમાળાઓ શહેરની બહાર નીકળતાં શરૂ થઈ જાય છે. બન્ને બાજુએ પર્વતીય હારમાળા અને નદીઓ, નાના ઝરણાંઓ અને ઘાટીમાંથી પસાર થતો વાંકો-ચૂંકો રસ્તો અનુપમ અને અલૌકિક કુદરતી સૌંદર્યથી લોકોને આકર્ષે છે.

ગિરનારના મુખ્ય પાંચ શિખરોમાં ગોરખનાથનું શિખર

સૌથી ઊંચું ૩૬૬૬ ફૂટ, દત્તાત્રેય શિખર ૨૩૯૫ ફૂટ, અંબાજી શિખર ૩૩૩૦ ફૂટ જ્યારે માળી પરબ ૧૮૮૦ ફૂટ ઊંચું છે. આ ગિરિમાળા ૭૦ ચોરસ માઈલમાં વિસ્તરેલી છે. ગિરનારમાં ઝીણાબાવાની મઢી, જાંબુવનની ગુફા, બોરદેવી, ઈંટવા, ખોડીયાર, માળવેલા, સાતપુડા સહિત અન્ય જાણીતા સ્થળો આવેલા છે. જ્યારે હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતિક સમા ઓલીયા પીર દાતાર બાપુ પણ ગિરિમાળામાં શોભે છે.

આ ઉપરાંત ગિરનાર પર્વત પર અંબાજીની ટૂંક પર મા અંબાજીનું મંદિર, ગિરનારની ઊંચામાં ઊંચી ટૂંક પર ગોરખનાથજીનું મંદિર, ગુરૂ દત્તાત્રેયની ટૂંક પર ભગવાન દત્તાત્રેયના પગલાં છે. ગિરનારની પહેલી ટૂંક પર વસ્તુપાળ - તેજપાળના ભવ્ય દેરાસરો આવેલાં છે. ગિરનાર પરની બીજી ટૂંક એટલે ભગવાન નેમિનાથની ટૂંક અહીં સમ્રાટ અશોકના ત્રીજા પુત્ર કૃણાલના પુત્ર સંપ્રતિરાજનું દેરાસર, ગુજરાતના સમર્થ રાજા કુમારપાળનાં ભવ્ય દેરાસર તથા અન્ય જૈન દેરાસરો આવેલાં છે. ઉપરાંત ગૌમુખી ગંગા, કમંડળ કુંડ અને પાંડવ ગુફા તથા ભૈરવ જપ જેવા મહત્ત્વના પુરાતન સ્થળો ગિરનાર પર જોવાલાયક છે.

### ભવનાથ મંદિર તથા મૃગિકૂંડ :



ઐતિહાસિક મૃગિકૂંડ સાથેનું ભવનાથ મંદિર જૂનાગઢનું પૌરાણિક ધાર્મિક સ્થળ છે. શિવરાત્રિ પ્રસંગે અહીં યોજાતા મેળામાં ભક્તજનો તથા જુદા જુદા સંપ્રદાય અને મઠોમાંથી દિગંબર સંતો (નાગા બાવા) બહુ મોટી સંખ્યામાં દેશના ખૂણેખૂણેથી અહીં આવે છે. નાગા બાવાઓ મૃગિકૂંડમાં શાહી સ્નાન કરી ભવનાથ મંદિરની મહાઆરતીનો લાભ લઈ ગિરનારી મહારાજ તથા અન્ય જગ્યાએ સ્થિત એમના સ્થાનકોએ રવાના થાય છે. મૃગિકુંડમાં સ્નાનવિધિ તથા દિગંબર સાધુઓની રવાડી શિવરાત્રિ મેળાનું મુખ્ય આકર્ષણ છે.

### દામોદર કુંડ :



જૂનાગઢ શહેરથી થોડાક અંતરે ગિરનાર તરફ જતા રસ્તામાં સોનરખ નદીમાં આ પવિત્ર કુંડ આવેલો છે. તેને કાંઠે દામોદરરાયજીનું પ્રાચીન મંદિર છે. શ્રી મહાપ્રભુજીની બેઠક પણ ત્યાંજ છે. આ કુંડમાં ભગવાન બ્રહ્માજીની આજ્ઞાથી ગંગાજીનો વાસ છે અને અહિં અસ્થિ પધરાવવાથી આપમેળે ઓગળી જાય તેવી માન્યતા છે. હિન્દુ શ્રદ્ધાળુઓ તેમના આપ્તજનોના અસ્થિ કુંડમાં પધરાવવા આવે છે. શ્રાવણ તથા આસો માસમાં હજારો શ્રદ્ધાળુઓ આ કુંડમાં સ્નાન કરી પવિત્ર થાય છે. બાજુમાં પૌરાણિક મુચકંદ ગુફા પણ આવેલી છે.

### અશોકનો શિલાલેખ અને પર્વતિય લેખો :



દામોદર કુંડથી જૂનાગઢ તરફ આવતાં રસ્તામાં સમ્રાટ અશોકના ત્રણ પર્વતિય શિલાલેખો આવેલા છે. તેમાં પ્રથમ મોર્ય સમ્રાટ અશોકે તેના રાજ્યારોહણના ૧૨મા વર્ષમાં લગભગ ઈ.સ. ૨૫૬ માં રાજઆજ્ઞા પ્રસિદ્ધ કરી છે. આ લેખ ૭૫ ફૂટના પરિઘનો છે. તેમાં લગભગ ૧૦૦ ફૂટના વિસ્તારમાં ૧૪ વિભાગોમાં શાસનો લખી પ્રજાને હિંસાથી દૂર રહેવા, ઔષધિય વનસ્પતિનું વાવેતર કરવા, સંયમ નિયમનું પાલન કરવા, માંગલિક કૃત્યો કરવા, ભિક્ષુકોને દાન આપવા, બ્રાહ્મણ તથા શ્રમણને સરખા ગણવા, તમામ સંપ્રદાયોને અનુસરનારાઓને અરસપરસ સંપ કેળવવા, રાજઆજ્ઞા આપી છે. ઉપરાંત તેના અધિકારીઓને સ્ત્રીઓ, યાત્રિકો, આદિનું ધ્યાન રાખવા તથા ધર્મ મહાપાત્રોને જ્ઞાનનો પ્રચાર કરવા તથા ઉપદેશ આપવાની સુચના આપેલી છે. આ લેખની બાજુમાં શક સંવત ૭૨ (ઈ.સ. ૧૫૦)માં ભારે વર્ષા અને વાવાઝોડાના કારણે મૌર્યકાળમાં બાંધેલા સુદર્શન તળાવની પાળ ફાટી ત્યારે તત્કાલિન મહાક્ષત્રપ રૂદ્રદામાએ પ્રજા પાસેથી કોઈપણ જાતનો ખર્ચ ન લેતાં તે પાળનું સમારકામ કરાવી તેની નોંધ સહિત અન્ય વિગતો છે.

## દાતાર :



ગિરનારની દક્ષિણે દાતાર પર્વત આવેલો છે. ત્યાં જમીયલશા પીરની દરગાહ છે. આ પર્વત સમુદ્ર સપાટીથી ૨૭૭૯ ફૂટની ઊંચાઈએ છે. જમીયલશા તુરબત સિંધના નગરઠઠ્ઠાનાં છે. પરંતુ અહી વસેલા તેથી અહીં તેનો કિલ્લો છે એમ કહેવાય છે.

## જૂનાગઢ શહેરના જોવાલાયક સ્થળો :

### સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય - જૂનાગઢ

જૂનાગઢ શહેરમાં પ્રવેશતાં ઈ.સ. ૧૮૬૩માં સ્થપાયેલું સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ભારતનાં સૌથી પુરાતન પ્રાણી સંગ્રહાલયોમાંનું એક છે. તે ભારતમાંની આધુનિક પ્રાણી સંગ્રહાલયની પરિકલ્પના જેટલું પુરાતન છે. વળી, આ પ્રાણી સંગ્રહાલય છેલ્લા ૧૪૦ થી પણ વધુ વર્ષોથી સંરક્ષણ, શિક્ષણ અને જ્ઞાનવર્ધક મનોરંજન માટે માનવજાતની સેવામાં કાર્યરત છે.

આ પ્રાણી ઉદ્યાનનાં પ્રાણી સંગ્રહ વિસ્તાર અને મુલાકાતોની સંખ્યાનાં આધારે કેન્દ્રિય પ્રાણી સંગ્રહાલય પ્રાધિકરણે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને ભારતમાંનાં આશરે ૩૫૦થી વધુ પ્રાણી સંગ્રહાલયો અગ્રિમતામાંથી ૫૭ મહત્ત્વનાં અને ૧૫ મોટા અને વિશાળ પ્રાણી સંગ્રહાલયોમાં સ્થાન આપ્યું છે. એક લોકપ્રિય માન્યતા એવી છે કે, સક્કરબાગ નામ મીઠા પાણીના કૂવા પરથી પાડવામાં આવ્યું છે. (સક્કર-સાકર, બાગ-ઉદ્યાન)

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ ખાતે ગિરનારની તળેટીમાં વનરાજીસભર પ્રદેશમાં ૧૯૮ હેક્ટર જેટલા વિસ્તારમાં પથરાયેલું છે. અહીં ૭૧ જાતિઓના ૮૫૦થી પણ વધુ વન્ય પ્રાણીઓને રાખવામાં આવ્યા છે. અહીં દર વર્ષે પધારતા ૮,૫૦,૦૦૦થી વધુ મુલાકાતીઓની જિજ્ઞાસા તથા શૈક્ષણિક જરૂરિયાતો સંતોષાય છે.

અહીં ભારતીય એશિયાટિક સિંહ, ચિંકારા, ચૌશિંગા, વરૂ, ઘુડખર ઉછેરવામાં આવે છે, આ અર્થમાં પણ તે એક અનોખું પ્રાણી સંગ્રહાલય છે. હાલમાં સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયે થામીન અથવા મણિપુરી મૃગનું સફળતાપૂર્વક સંવર્ધન કરીને નામના મેળવી છે. અહિં આફ્રિકન ચિત્તા પણ લોકદર્શન માટે લવાયા છે. જે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

### ઉપરકોટ :

જૂનાગઢની ઉત્તરપૂર્વમાં ૨,૭૨,૪૯૦ ચોરસવારમાં ઈતિહાસમાં પ્રસિદ્ધ ઉપરકોટનો કિલ્લો આવેલો છે. જૂનાગઢનાં દિવંગત ઈતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેસાઈએ નોંધ્યું છે કે, આ કિલ્લાનું મૂળનામ ગિરિદુર્ગ હતું. અહિં પૌરાણિક અડી-કડી વાવ અને નવઘણ કૂવો જોવાલાયક છે. ઈ.સ. ૧૪૫૦માં રાજા રા'માંડલીકે અને ત્યાર પછી ઈ.સ. ૧૮૯૩-૯૪માં જૂનાગઢના તે સમયના દીવાન હરિદાસ વિહારીદાસે આ કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ કિલ્લાની દીવાલની લંબાઈ ૩૦૮૦ મીટર છે. નાના મોટા કાંગરાની સંખ્યા ૧૧૭૪ છે. જ્યારે બંદુક રાખવાના મોટા કાણાં ૨૨૦ અને નાના કાણાં ૨૨૫ છે. દીવાલની સામાન્ય પહોળાઈ ૯ મીટર છે. આ કિલ્લાના નિર્માણ બાદ ઈ.સ. ૯૭૫થી ૧૭૮૦ દરમિયાન ૧૬-૧૬ વખત ઘેરા ઘાલવામાં આવ્યા હતા. તેની સામે તોપો મંડાણી હતી. તદ્‌ઉપરાંત વિનાશક વાવાઝોડા, તોફાની વરસાદ અને ૨૦૦૧નો વિનાશક ભૂકંપ છતાં આજે પણ ઉપરકોટ તેની આન-બાન અને શાન સાથે અડીખમ ઊભો છે.





### નરસિંહ મહેતાનો ચોરો :

જૂનાગઢની મધ્યમાં સ્થિત આ જગ્યામાં ભક્ત નરસિંહ મહેતા ભજન-કિર્તન કરતા અને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય એવા કેદાર રાગના સૂરથી શ્રી કૃષ્ણ પ્રભુ સ્વંય હાજર થઈ તેઓ સાથે રાસ રમતા હોવાની માન્યતા છે. ચોરાના મુખ્ય સ્થાનમાં ભક્તરાજ નરસિંહ મહેતા અને દામોદરલાલજી ભગવાનની



મૂર્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણના અન્ય સ્વરૂપનાં દર્શન પણ થાય છે. જેમાં શામળા, ગિરધારી લાલજી, મદનમોહનજી, દ્વારકામાં નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી તે ભગવાનનું શેઠ શામળશાનું દર્શન આપણને ભક્તરાજનાં જીવન કવનની અપ્રિતમ યાદ અપાવે છે.

### નવાબનો મકબરો :

જૂનાગઢની મધ્યમાં નવાબ મહોબ્બતખાન બીજાએ બનાવેલો ઉત્કૃષ્ટ કલાના અષ્ટકોણીય મકબરામાં નવાબ મહોબ્બતખાન બીજા, નવાબ બહાદુરખાન ત્રીજા તથા નવાબ રસુલખાનને દફનાવેલા છે. ચાર ખૂણામાં ચાર જુદા મિનારાવાળો સુંદર તથા આકર્ષક શિક્ષણપ્રેમી દીવાન બહાઉદીનભાઈનો મકબરો પણ નજીકમાં છે. નવાબી શહેર જૂનાગઢમાં નવાબી સ્થાપત્ય જુદી ભાત પાડે છે. કલાત્મક ગુંબજો, અત્યંત બારીક કોતરણીઓ અને નવાબી સ્થાપત્યના બેનમૂન નમૂના છે. આ મકબરા જૂનાગઢના શાહી ઘરાનાના અંતિમ વિસામા માટે બંધાયા હતા. હાલના કોર્ટ બિલ્ડીંગ સામે સ્થિત આ બન્ને મકબરા કલાના અદ્ભૂત નમૂના સમા સ્થાપત્ય કલાના પ્રેમીઓના દિલો દિમાગમાં વસી જાય તેવા છે.



### વિલિંગ્ડન ડેમ :

જૂનાગઢ શહેરથી ત્રણ કિ.મી. દૂર ગિરનાર પર્વતની હારમાળાથી ઘેરાયેલ હરીયાળી વનરાજીથી સુશોભીત વિલિંગ્ડન ડેમ ખાસ જોવા લાયક છે. ઈ.સ. ૧૯૩૬માં હિંદના વાઈસરૉય લોર્ડ વિલિંગ્ડને ઉદ્ઘાટન કરેલ આ ડેમ નવાબ સર મહોબતખાનજી ત્રીજાએ બંધાવેલો છે. ચારેય તરફ કુદરતી સૌંદર્ય વૈવિધ્યથી ભરપૂર છે. આસો માસની શરદપૂનમનાં હજારો લોકો ચાંદની માણવા ડેમ ઉપર આવે છે.

### દરબાર હોલ સંગ્રહાલય :



જૂનાગઢ શહેરના મધ્યમાં આવેલા દીવાન ચોકમાં લોકો જેને નવાબની કચેરી તરીકે ઓળખે છે તે દરબાર હોલ સંગ્રહાલય પ્રવાસીઓને કાયમ આકર્ષે છે. અહિં જૂનાગઢના નવાબો અને રાજ-રજવાડાના દુર્લભ સંગ્રહ, જૂનું રાચ-રચીલું, હથિયારો, પોશાક, પાલખી, ફોટોગ્રાફી, વિશાળ દર્પણો, વિશાળ વિદેશી ઝુમ્મરો સહિત કિંમતી અને દુર્લભ વસ્તુઓનું નયનરમ્ય પ્રદર્શન જોવા અને માણવાલાયક છે. સોના-ચાંદી પિત્તળનું ફર્નિચર, ચાંદીની ખુરશીઓ અને જૂનાગઢના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતી અનેક ચીજો જેમાં ૧૮મી અને ૧૯મી સદીના શસ્ત્રો, વસ્ત્રો, ભવ્ય તૈલ ચિત્રો, ઊની ગાલીચા જોવા સહેલાણીઓનો કાયમ ઘસારો રહે છે, હવે તો તેમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આકર્ષણ ઉમેરાયું છે.



### શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ

જૂનાગઢ શહેરમાં સોમનાથ તરફ જતાં રસ્તામાં આવેલું શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર સંકુલ ૫૪ એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે. આ ભવ્ય મંદિર ૧૬૩ ફૂટ લાંબુ, ૧૩૩ ફૂટ પહોળું અને ૭૧ ફૂટ ઊંચું છે. પાંચ ઉત્તમ શિખરો, ચાર ગુરુ શિખરો અઠ્ઠાવીશ ઘુમ ઘુમટીઓ, ૧૩૬ સ્તંભ, ૧૪૦ તોરણ, ૩૦ પ્રકારની બેનમૂન બારીક કોતરણી, ૭૯ છતમાં ૪૫ હજાર ઘનફૂટ રાજસ્થાની ગુલાબી પથ્થર આ મંદિરના નિર્માણને જાજવલ્યમાન બનાવ્યું છે. ઉપરાંત નિલંકઠવર્ણી અભિષેક મંડપ, ૩૦૦થી વધુ દેવ-ગાંધર્વ ભક્તોની છબી મૂકાયેલ છે. ૮૮ હજાર ફૂટનો આકર્ષક રમણિય બગીચો, ૩૭૧૦૦ ફૂલછોડ મંદિરની શોભા વધારી રહ્યા છે. આ મંદિરની ભવ્યતા અને દિવ્યતા સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ :



જૂનાગઢ શહેરની મધ્યમાં જવાહર રોડ પર સ્થિત શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અતિ ભવ્ય મંદિરનું શ્રીજી સમકાલીન બ્રહ્માનંદજી સ્વામિએ નિર્માણ કરાવેલ છે. હરિભક્તો માટે આસ્થાના કેન્દ્ર સમાન આ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વ હસ્તે રાધારમણ દેવ, શ્રી રણછોડ ત્રિકમરાયજી અને સિદ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન ઘરનો ત્યાગ કરી વન વિચરણમાં નિકળેલ ત્યારે ત્રણ દિવસના ઉપવાસ બાદ શિવજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનને સાથવો ખવડાવેલ. આ મંદિરનો વહીવટ રાધારમણ દેવ વહિવટી સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં સર્કલ ચોક, દિવાન ચોક, મજેવડી ગેઈટ, સરદાર ગેઈટ, બાવા પ્યારાની ગુફાઓ અને ખાપરા કોડીયાની પૌરાણિક ગુફાઓ જોવાલાયક છે.

## ખોરાસા (આહિરોનું) તિરૂપતિ મંદિર :



જૂનાગઢથી ૨૨ કિ.મી.ના અંતરે વંથલી તાલુકામાં આવેલ ખોરાસા ગામમાં શ્રી વેંકટેશ ભગવાનનું ભવ્ય મંદિર છે. આહિર જ્ઞાતિની વસ્તી ધરાવતું ખોરાસા ગામ ખોરાસા આહિરથી અને ભગવાન વેંકટેશના મંદિરથી સુવિખ્યાત છે. જૂનાગઢના આદ્ય કવિ નરસિંહ મહેતા માટે શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા તે જ પવિત્ર સ્થાને ખોરાસા ગામ વસ્યું હોવાનું અનુમાન છે. કેમ કે તે આહિર જ્ઞાતિથી ભરેલું છે. આહિર લોકો અહીં ઢોર-ઢાંખર પાળતા અને દૂધ-દહીં વેંચતા એટલે કદાચ 'ગોરસ' જેવા શબ્દનો અપભ્રંશ થઈ ગામનું નામ ખોરાસા પડ્યું છે. ગામ ઘણુ ભાગ્યશાળી છે કેમ કે સૌરાષ્ટ્રભરમાં જોઈ ન શકાય તેવું શ્રી વેંકટેશ ભગવાન (બાલાજી)નું અતિ ઉત્તમ ધામ ગામમાં બની ગયું છે.

મંદિરમાં નિત્ય નૈમિતિક સેવા દ્રવિડ દેશની રીત પ્રમાણે થાય છે. મંદિરના અધિપતિ શ્રી રામાનુજ સંપ્રદાયના આચાર્ય હોય છે. એક વખત ખોરાસા જઈને શ્રી વેંકટેશ ભગવાનના દર્શનનો લાભ લેવા જેવો છે.અહીં બિરાજમાન શ્રી વેંકટેશજીની શ્યામ મૂર્તિ ચિત્તાકર્ષક મંદ હાસ્ય, મધુર કટાક્ષ, અભય હસ્ત, ચરણ કમળ, શંખ ચક્ર આયુધો, કિરીટ મુકૂટ, ધોતી, જામા, ખેસ, અલંકારો, પુષ્પ તુલસીની માળા વગેરેનું દર્શન કરી ભક્તો ભાવવિભોર થઈ થાય છે. પ્રવર્તમાન સમયમાં છઠ્ઠા આચાર્ય તરીકે અનંત, શ્રી વિભૂષિત શ્રી શ્યામનારાયણ આચાર્યજી મહારાજ બિરાજમાન છે.

## કનકાઈ :

જૂનાગઢથી ૮૦ કિ.મી. દૂર વિસાવદરથી ૩૦ કિ.મી.ના અંતરે ગાંડી ગીરની ગોદમાં આવેલું કનકાઈ તીર્થસ્થળ જુદી જુદી જ્ઞાતિના કુળદેવી તરીકે પૂજાતા માતા કનકેશ્વરીનું સુંદર મંદિર આવેલું છે. કનકસેન ચાવડાએ વસાવેલ નગરીમાં કુળદેવી તરીકે માતા કનકેશ્વરીની સ્થાપના કરી હતી. આજે એ નગરી તો નથી પણ માતા કનકેશ્વરીનું સ્થાન આસ્થા અને ધર્મની ધ્વજા લહેરાવતું ગીર મધ્યે અડીખમ ઊભું છે. ગીરનું પ્રાકૃતિક સૌંદર્ય, નદીનો વિશાળ તટ, વનરાજોની ડણક અને માતા કનકેશ્વરીના સાક્ષાત્કારના દર્શનથી મનખા દેહનું મન અહીં ઠરે છે. ચૈત્રી નવરાત્રિ અને આસો નવરાત્રિએ સેવા પૂજા અને યજ્ઞોનો અનેરો મહીમા રહેલો છે. આ દિવસોમાં દુનિયાનાં ખૂણે ખૂણેથી માતાનાં ભક્તો અહીં પધારે છે. આ ધર્માલયમાં રહેવા-જમવાની સુંદર સવલત છે.




## પરબ વાવડી :

જૂનાગઢથી ૪૦ કિ.મી.ના અંતરે ભેંસાણ તાલુકામાં આવેલ પરબ ધામ જઈએ ત્યારે ચીત્તને અનેરી શાંતીનો અનુભવ થાય છે. રક્તપિત્ત કૃષ્ઠરોગના દર્દીઓને સમાજ જ્યારે અસ્પૃશ્ય અને અછૂત ગણતો ત્યારે જીવા રબારીને ત્યાં જન્મેલા દેવા રબારીએ કૃષ્ઠરોગીઓની સેવા-સુશ્રુષા કરવાની કઠીન જવાબદારી આંતઃસ્ફૂર્ણાથી ઉપાડી લીધી

હતી. ગિરનારના જંગલોમાંથી એકઠી કરેલ ઔષધીય વનસ્પતિ અને ઘરે-ઘરેથી માંગેલ અન્નના ટૂકડાથી દેવા રબારીએ સાધુ-સંતો, અભ્યાગતો અને દર્દીઓની સેવા-સુશ્રુષા કરી. દેવો રબારી બાદમાં સંત દેવીદાસ નામે ઓળખાવા લાગ્યા તેમણે ભેંસાણ પાસે વાવડી ગામની બાજુમાં સેવાની જ્યોત જલતી રાખી સમય જતાં વાવડી-પરબવાવડી બન્યું. અહીં રક્તપિત્તના દર્દીઓની સેવામાં સંત દેવીદાસની પ્રેરણા મળતાં આહિર કન્યા અમરબાઈનો પણ સંગાથ સાંપડ્યો. અહીં સંત દેવીદાસ અમર દેવીદાસનું સમાધી સ્થાન છે. હાલમાં અહીં ભવ્ય સમાધી સ્થળનું નિર્માણ થઈ રહ્યું છે. દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે લોકમેળો યોજાય છે. યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર અને રહેવા માટે ધર્મશાળાની વ્યવસ્થા છે. આ જગ્યાની સ્વચ્છતા ધ્યાનાકર્ષક છે.





## નિલકંઠવર્ણી ભૂમિથી લોજપુર :

ભગવાન સ્વામિનારાયણે છપૈયાથી રાષ્ટ્ર પરિભ્રમણ કરીને લોજપૂરમાં (લોએજ) સાત વર્ષ ઉપરાંત ઉગ્ર તપશ્ચર્યા કરી હતી અને તેઓ સંપ્રદાયમાં નીલકંઠવર્ણ તરીકે પૂજાયા હતા. માંગરોળ નજીકનું લોજપુરધામ (લોએજ) નીલકંઠ ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. પૌરાણિક કથા અનુસાર લોજપુરમાં લોમસ ઋષિનો આશ્રમ હતો. એ જ જગ્યાએ શ્રી રામાનંદ સ્વામીએ આશ્રમ સ્થાપ્યો હતો. આ આશ્રમ પાસેની મુક્તિવાવ ઉપર નીલકંઠવર્ણીનું આગમન થયું હતું. વર્ણીરાજે સ્વામિનારાયણ ધર્મના નીતિ નિયમો અહીં ઘડ્યા હતા. અહીં સુંદર કલાત્મક મંદિર સાથે નીલકંઠવર્ણી અવસ્થા દરમિયાન તેમના વન્ય જીવનમાં અનુભવાયેલા વન વિચરણના ૫૧ જેટલાં પ્રસંગોને આવરીને ચરિત્રોનું કલાત્મક પ્રદર્શન સૌના માટે આકર્ષણનું કેન્દ્ર છે.

મુક્તિવાવ, પ્રદર્શન, સુવર્ણ સિંહાસન તથા ચાંદીના કલાત્મક પ્રવેશદ્વાર ઓરિસ્સા, રાજસ્થાનના શિલ્પકારો દ્વારા ક્યાંયે લોખંડ કે લાકડાના ઉપયોગ વગર ચોતરફ પથ્થરના સ્તંભ ઉપર આ પ્રદર્શન સંકુલનું નિર્માણ કરાયું છે. મંદિર સાથે લોજપૂર ધામ આ પ્રદર્શનથી મહત્ત્વનું યાત્રાધામ બની રહ્યું છે.

## ચોરવાડ :

જૂનાગઢથી ૭૦ કિ.મી. અંતરે સ્થિત ચોરવાડ બીચ મનમોહક છે, સાગર કાંઠે પહોંચતા પહેલા ચારેય દિશાની હરિયાળી પ્રાકૃતિક સંપદા, નાળીયેરીના વૃક્ષોના ઝુંડો નાળીયેરથી લટકતા જોવા એ પણ લ્હાવો છે. પવનની થપાટની ઝીંક ઝીલતા મજબૂત પાનવાળા ઈલાયચી કેળના હારબંધ વૃક્ષો મન મોહિ લે છે. પ્રકૃતિના ચાહકો માટે અહીં કુદરતે દરીયાના સૌંદર્ય સાથે પ્રકૃતિને પણ હરિયાળીથી ભરી દીધી છે. આ વિસ્તાર નાગરવેલના પાના ઉત્પાદન માટે પણ જાણીતો છે. અહીંનું લોકનૃત્ય ટિપ્પણી જગપ્રસિદ્ધ છે. અહીં ઝૂંડ માતાજીનું મંદિર પણ આવેલું છે. આ બીચ ખૂબ જોખમકારક પણ છે.



## સીદી સમાજની આગવી સંસ્કૃતિ :

જૂનાગઢનાં ગીર મધ્યે આવેલ જાંબુરમાં સીદી જાતિના લોકો વસે છે. સીદી બાદશાહ તરીકે ઓળખાતા આ લોકો રૂપ-રંગ અને ખાસ પ્રકારના વાળથી અન્ય સમાજથી અલગ ઓળખ ઊભી થાય છે. અહીં આ સમાજના લોકોના જીવનની ઝાંખી થાય છે. પણ આ સમાજના લોકો સાકરમાં દૂધ ભળે તેમ અન્ય સમાજ સાથે ભળીને હળી-મળીને રહે છે. સીદીઓનું ધમાલ નૃત્ય જાણીતું છે. ખાસ પ્રસંગોએ તથા તહેવારોમાં સીદીઓ ધમાલ નૃત્ય કરે છે. પહેલાના વખતમાં રાજા-રજવાડા અને બાદશાહો સીદીઓને ખાસ આમંત્રિત કરીને ધમાલ નૃત્ય કરાવતા.

## મહાશિવરાત્રિનો મેળો :

હર હર મહાદેવ જય ગિરનારીના નાદ સાથે મહાશિવરાત્રિ નિમિત્તે જૂનાગઢ પાસે ગિરનાર તળેટીમાં ભવનાથ ભગવાનની નિશ્રામાં યોજાતા આ મેળામાં ભજન-ભક્તિ અને ભોજનનો સંગમ થાય છે. ઠેર-ઠેર નાગા બાવાઓની રાવટીઓના દર્શન થાય છે. સાધુઓને મસ્તીમાં મહાલતા અખંડ-આનંદમાં ઓતપ્રોત

જોવાનો લહાવો કંઈક અલૌકિક અને અનેરો છે. મહાશિવરાત્રિની રાત્રે નાગાબાવાઓના સરઘસ અને મૃગિકુંડમાં શાહી સ્નાન અને ભગવાન મહાકાળનાં પૂજન-અર્ચન બાદ ઘડીકમાં અલોપ થતા સેંકડો સાધુઓ આ મેળાની વિશેષતા છે. આ મેળાને મહાલવા ઠેક-ઠેકાણેથી હજારો શ્રદ્ધાળુઓ એકત્ર થાય છે.

## ગિરનારની પરિક્રમા



જૂનાગઢ શહેરના અર્થતંત્રના આધારમાં મહાશિવરાત્રિનો મેળો અને ગિરનાર પરિક્રમા મહત્ત્વના છે. આ દિવસોમાં હજારો ભાવિકો જૂનાગઢમાં ભક્તિનું ભાથુ બાંધવા આવે છે. ગિરિવર ગિરનાર ફરતે કારતક સુદ ૧૧ને દેવદિવાળીથી ૪ દિવસ સુધી યોજાતી આ પરિક્રમા વિવિધ રંગ-રૂપ સેવાના ભેખધારીઓની ભજન-ભોજનની પ્રસાદીરૂપ ૩૬ કિ.મી.ની આ પરિક્રમાનું આગવું ધાર્મિક મહત્ત્વ છે. પરિક્રમાના આ પથમાં ઈટવા, ઝીણાબાવાની મઢી, માળવેલા, સરકડીયા હનુમાન અને બોરદેવી સહિત ખળ-ખળ વહેતા ઝરણા વન્ય સંપદાથી ભરપૂર સમૃદ્ધિ છે. અગાઉ તો મોટેરાઓ, પીઢ લોકો પરિક્રમામાં જોડાતા પણ છેલ્લા વર્ષોમાં યુવાવર્ગ પણ વિશેષ પ્રમાણમાં આવતો થયો છે. હવે તો ઠેર-ઠેર ઊતારા, ભોજન અને પીવાના પાણીની સેવાભાવી સંસ્થાઓની વ્યવસ્થાથી પરિક્રમા સવલત ભરી બની છે.

## અષાઢીબીજનો પરબનો મેળો

સંત સૂરાની ભૂમિ સોરઠના ભેંસાણ તાલુકામાં આવેલ સંત દેવીદાસ- અમર દેવીદાસની જગ્યામાં અષાઢીબીજ નિમિત્તે લોકમેળો યોજાય છે. ત્યારે સેંકડો શ્રદ્ધાળુઓ માટે ભજન-ભોજનની વ્યવસ્થા અને ચોખ્ખાઈ આકર્ષક હોય છે. ઉપરાંત સોમનાથ મહાદેવના સાંનિધ્યે કાર્તિકી પૂર્ણિમાએ યોજાતા મેળાનું પણ આગવું મહત્ત્વ છે જેમાં દેશવિદેશમાંથી લોકો મોટી સંખ્યામાં ઉમટે છે. તેમજ ચોરવાડના દરિયાકિનારે ઝુંડ માતાજીના મંદિરના પટાંગણમાં યોજાતા લોકમેળાનું અનેરૂ આકર્ષણ છે. ઉપરાંત જૂનાગઢના ઉપલા દાતાર ઉર્ષનો મેળો ભરાય છે. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો દર્શને આવે છે. આ મેળામાં હિન્દુ-મુસ્લિમ એકતાનાં દર્શન થાય છે.







# કચ્છ-ભૂજ જિલ્લો








રાજસ્થાન
પાકિસ્તાન
બનાસકાંઠા
પાટણ
કચ્છ
ભુજ
મોરબી
સુરેન્દ્રનગર
જામનગર
રાજકોટ
દેવભૂમી દ્વારકા
અરબ સાગર
માંડવી
મુંદ્રા
અંજાર
ભચાઉ
રાપર
લખપત
નખત્રાણા
ગાંધીધામ
દ્વારકા
ચોટીલા
ટંકારા
વાંકાનેર
જોડિયા
ધ્રોળ
સાયલા
ધાંગધ્રા

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: કચ્છ** |
| ઈતિહાસ | : રાજાશાહી |
| વડું મથક | : ભુજ |
| ક્ષેત્રફળ | : ૪૫,૬૫૨ ચો.કિ.મી. |
| પૃથ્વી પર સ્થાન ભૌગોલિક | : દેશના પશ્ચિમ છેડે, ઉત્તરે કચ્છનું મોટું રણ, પૂર્વે નાનું રણ, પશ્ચિમે અરબી સમુદ્ર<br>અક્ષાંશ રેખાંશ : ૨૨.૪૮.૮° થી ૨૪.૪૧.૩૦° ઉત્તર અક્ષાંશ : ૬૮.૭.૨૩° થી ૭૧.૪.૪૫° પૂર્વે રેખાંશ |
| વસતી | : સ્ત્રી ૯,૯૫,૬૩૪ - પુરુષ ૧૦,૯૬,૭૩૭ - કુલ ૨૦,૯૨,૩૭૧ |
| તાલુકા | : ૧૦ (અબડાસા, અંજાર, ભચાઉ, ભૂજ, ગાંધીધામ, લખપત, માંડવી, મુન્દ્રા, નખત્રાણા, રાપર) |
| ગામો | : ૯૫૧, વસતીવાળા ગામ-૮૮૭ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી, પશુપાલન, ટ્રાન્સપોર્ટ |
| પૂરક વ્યવસાય | : બાગાયત |
| ખેતી મુખ્ય પાકો | : બાજરી, મગ, જુવાર, મઠ |
| રોકડિયા | : ખારેક અને કેસર કેરી, દાડમ, મગફળી, એરંડા, રાયડો |
| તેલિબિયાં | : મગફળી, તલ, એરંડા, રાયડો, ઈસબગુલ |
| મુખ્ય ખનિજ | : લિગ્નાઈટ, બોકસાઈટ, લાઈમ સ્ટોન, બેન્ટોનાઈટ |
| ઉદ્યોગો | : ૩૬૮ મોટા, લઘુ ઉદ્યોગ - ૨૧૯૮, પરંપરાગત - ૫૦ |
| જમીનનો પ્રકાર | : રેતાળ, ઉપજાઉ - ૭૨૭૭૩૩ હેકટર |
| આબોહવા | : એકદંરે ગરમ, સરેરાશ વરસાદ : ૧૧૫૭ મી.મી. |
| જંગલો/વનસંપદા | : ૩.૧૫ લાખ હેકટર |
| નદીઓ | : રૂકમાવતિ, સૂવિ, માલણ, સારણ, ચાંગનારા, ખારી, કાળી, કનકાવતી, નાગમતિ ધૂરૂડ, મિતિ, પંજોરા, સાકર, રૂદ્રમાના, ભૂખી, વેખડી, ખારોડ |
| જળાશયો | : ૧૯ (મધ્યમ), તળાવો - ૯૯૭, સરોવર - ૧, ચેકડેમો - ૧૯૯ |
| જિલ્લાના રસ્તા | : ૮૫૫૨ કિ.મી. રાષ્ટ્રીય - ૬૮૦ કિ.મી. |
| રાજ્યના રસ્તા | : ૧૭૨૭ કિ.મી. ગ્રામ્ય - ૪૬૦૯ |
| રાષ્ટ્રીય ધોરીમાર્ગ | : ૪૧, ૧૪૧ અને નવા ૨૭ નંબરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો આ જિલ્લામાંથી પસાર થાય છે. |
| જોવાલાયક સ્થળો | : કુલ ૫૪, ઐતિહાસિક - ૧૦, ધાર્મિક - ૨૪, સાંસ્કૃતિક-૨૦ |
| હોટલો | : ૫૦, ૨ સ્ટાર - ૨૦, ૩ સ્ટાર - ૩૦, ૪ સ્ટાર - ૫ |
| ગેસ્ટ હાઉસ | : ૧૨૧, સરકારી - ૧૫, ખાનગી - ૧૦૬, |
| ધર્મશાળાઓ | : ૧૦, ભોજનાલય - ૧૩૫ |
| રેલવે સેવાઓ | : ભુજ, અંજાર, ભચાઉ, ગાંધીધામ વગેરે અગત્યનાં રેલવે સ્ટેશનો |
| રાજ્ય પરિવહન સેવાઓ | : ભુજ, નખત્રાણા, લખપત, અબડાસા, મુન્દ્રા, માંડવી, અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર કુલ ૮૮૬ ગામોમાં એસ.ટી.ની સવલત છે. |
| વિમાની પરિવહન સેવા | : ભુજ અને ગાંધીધામ, કંડલા, માંડવી, મુંદ્રા |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : મુખ્ય કચેરી, પેટા કચેરી - ૬૩ + ૪૩૪ શાખા, કચેરી કુલ-૪૯૭ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૧૪૬ |
| લોકમેળા/લોકોત્સવ | : કારતક સુદ પૂનમનો ગંગાજીનો મેળો- રામપર વેકરા, જખોનો મેળો-માધાપર |
| ધાર્મિક તહેવારો | : કાકડભીડમાં નખત્રાણા પાસે, રવેચીનો મેળો-રાપર, મોટા યક્ષ, રામદેવપીર, ચૈત્રમાસના પ્રથમ સોમવારનો હાજીપીરનો મેળા તેમજ માતાના મઢનો નવરાત્રિ મેળો. |

| | | |
|---|---|---|
| સહકારી કચેરીઓ | : | ૦૨ |
| જીવદયા સંસ્થાઓ કુલ | : | ૪૧ |
| બાળવાડીઓ, આંગણવાડીઓ | : | ૧૯૧૪ |
| પાંજરાપોળ, ગૌશાળાઓ | : | ૬૦ |
| સખીમંડળો, મહિલામંડળો | : | ૬૮૨૬ |
| દૈનિક અખબારો | : | ૧૦ |
| સાપ્તાહિક અખબારો | : | ૧૨ |
| કચ્છ પ્રદેશની વિશેષતા | : | કચ્છના નાના-મોટા રણનો વિસ્તાર ૨૬૨૫૨ ચો.કિ.મી. જેટલો છે. કચ્છના દક્ષિણ દરિયો, ઉત્તરે રણ, મધ્યમાં ડુંગરોની હારમાળા અને ફરતે ફળદ્રુપ મેદાનો છે. |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર | : | ૮ |
| અભયારણ્ય | : | મોટા રણ, સુરખાબ નગર અભયારણ્ય, ઘુડખર અભ્યારણ્ય-આડેસર-વરણુ, રાપર, ધોરાડ અભ્યારણ્ય તા. અબડાસા-લખપત. |
| સંગ્રહાલયો | : | કચ્છ મ્યૂઝિયમ - ભૂજ, ભારતીય સંસ્કૃતિ દર્શન - કચ્છ, ગ્રામીણ લોકકલા સંગ્રહાલય - ભૂજ, એ. એ. વજીર કચ્છી ભરતકામ સંગ્રહાલય - ભૂજ, શ્રૃજન-ભુજોડી એલ.એલ.ડી.સી.-અખરજપુર |
| પશુપાલન પ્રવૃતિ | : | ગાય, ભેંસ, બકરા, ઊંટ, ગધેડા, ઘોડા |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક - ૧૯૫૨, માધ્યમિક - ૨૯૧, ઉચ્ચ માધ્યમિક-૧૪૭, કૉલેજો-૪૪, યુનિવર્સિટી-૧, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી-ભૂજ |
| આરોગ્ય સેવાઓ | : | પી.એચ.સી-૪૨, સીએચસી-૧૨, સિવિલ-૨, સબ સેન્ટર-૩૫, પ્રાઈવેટ હોસ્પિટલ-૭૦, આયુર્વેદિક-૧ |
| સપૂતો/વિભૂતિઓ | : | ગાંધી સમાધી-આદિપુર(ગાંધીધામ) પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, પ્રો.કે.ટી.શાહ, રામસિંહ માલમ, ડો.જયંત ખત્રી, દાદા મેંકરણ, ફતેમામદ જમાદાર, શાહ સોદાગર સુંદરજી, જગડુશા દાતાર, વનસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઈંદરજી. |
| સિંચાઇ સેવાઓ | : | નાની સિંચાઇઃ-૧૬૫ |
| પિયત વિસ્તાર | : | ૩૪૦૨૩ હેક્ટર |





| | |
|---|---|
| લોકસભાની બેઠક | : ૧ (કચ્છ) |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : ૬ - (૧) અબડાસા (૨) માંડવી (૩) ભૂજ (૪) અંજાર (૫) ગાંધીધામ (૬) રાપર |
| જિલ્લા પંચાયતની બેઠકો | : ૩૩ |
| તાલુકા પંચાયતોની બેઠકો | : ૧૭૮ |
| સરકારી કચેરીઓ | : ૫૦ |
| ન્યાયલયો | : જિલ્લા સેન્સ.કોર્ટ-૧, સિટી સિવિલ કોર્ટ-૮, બાળ અદાલત-૧ |
| નગરપાલિકાઓ | : ૬, શહેરો-૮, ગ્રામ પંચાયત-૬૧૪ |
| લોકજીવન રહેણીકરણી | : ભાતીગળ અને પૂર્વ કચ્છ (કોસ્મોપોલિટન-ગાંધીધામ) |
| સાક્ષરતા દર | : ૭૧.૫૮ ટકા |
| જન્મ દર | : ૨૪ ટકા |

## જોવાલાયક સ્થળો :

**ધાર્મિક :** નારાયણ સરોવર, કોટેશ્વર, લખપત ગુરુદ્વારા, સુથરી, સાંધાણ જૈન દેરાસર, રામદેવજી મંદિર-વોંધ, માતાનો મઢ, રવેચી માતા મંદિર, મોટા યક્ષ, નાના યક્ષ, કોડાય ૭૨ જીનાલય, ગુરુદત શિખર, કાળા ડુંગર, રૂદ્રમાતા મંદિર, જોગણીનાળ માતા, જેસલ-તોરલ સમાધી, અજેપાળ મંદિર, એકલ માતા, ભદ્રેશ્વર જૈન તીર્થ, આશાપૂરા મંદિર-ભૂજ, ભદ્રેશ્વર પુરાતન મસ્જિદ, સ્વામિનારાયણ મંદિર-ભુજ, હાજીપીર, શાબુખારી-મુન્દ્રાતથા પુરાતન પુંએરેશ્વર મંદિર, કેરા-કોટ વગેરે.

**સાંસ્કૃતિક :** ધોળાવીરા, મેકડર્મોનો બંગલો-અંજાર, નવલખો બંગલો-મુન્દ્રા, ઘુડખર-ઘોરાડ, અભયારણ, ફલેમિંગો સિટી (મોટા રણ) રૂદ્રમાતા ડેમ, વિજય સાગર ડેમ, સિયોત બૌદ્ધ ગુફાઓ, ભેડમાતા સ્થાનક, આયનામહેલ, કચ્છ મ્યુઝિયમ, છારીઢંઢ વગેરે.



**ઐતિહાસિક :** લખપત ફોર્ટ, ઝારા-ઝુમારા-વીર ભૂમિ, માંડવી બંદર, (જહાજવાડો) વ્હાઈટ રન ઓફ કચ્છ, અબડા અડભંગ સ્થાનક, ફતેહમામદનો હજીરો-ભૂજ

## કચ્છ પ્રદેશની વિશેષતા :

કચ્છનો નાના-મોટા રણનો વિસ્તાર ૨૬૨૫૨ ચો.કિ.મી. જેટલો છે. કચ્છના દક્ષિણે દરિયો, ઉત્તરે રણ, મધ્યમાં ડુંગરોની હારમાળા અને ફરતે ફળદ્રુપ મેદાનો છે. વ્હાઈટ રણ, લાંબી ડુંગરોની હારમાળા અને દરિયાલાલની ત્રિવેણી શોભાએ કચ્છની આન-બાન-શાનને જગમશહૂર કરી દીધી છે.

વધુમાં વ્હાઈટ રણ ઓફ કચ્છ વિશ્વનું એક માત્ર આ પ્રકારનું અજોડ રણ છે. અહીંના ઘુડખર (જંગલી ગધેડાં) ભારતભરમાં અનન્ય છે. અહીંનો મીઠા ઉદ્યોગ દરિયાઇ-રણ વિસ્તારના કારણોસર સૈકાઓથી સુપ્રસિધ્ધ છે. એક કવિએ દુહામાં કહ્યું છે કે, ***શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો, પેલો કચ્છડો બારે માસ.*** કચ્છ પ્રદેશની એક ઓળખ જુરાસિક યુગની પણ છે. સૈકાઓથી ભૂકંપ, કુદરતી આપદાઓની માર ખાતો કચ્છ દેશ ભારતનો મોટો વિસ્તાર ધરાવતો જિલ્લો છે. ''કચ્છડો ખેલે ખલકમેં કચ્છડો બારેમાસ જતે વસે કચ્છી હુત તેરીયાં કચ્છ'' પંક્તિઓ કચ્છ દેશનો આગવો મિજાજ દર્શાવે છે.

ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડરે તો જાહેરમાં કહ્યું છે કે, 'જેણે કચ્છ નથી જોયું એણે કંઈ પણ નથી જોયું'. આ પંક્તિ દરેકને કચ્છ જોવા પ્રેરણા આપે છે. કચ્છ જિલ્લાની વિશેષતા જોઈએ તો ● ધીણોધર ડુંગર પરથી કર્કવૃત પસાર થાય છે ● વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે. ● વસતીની સૌથી ઓછી ગીચતા ધરાવતો જિલ્લો છે. ● ચેર (મેન્ગૂલ)ના વૃક્ષોના જંગલો ધરાવતો સૌથી મોટો જિલ્લો છે. ● વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટું સુરખાબનું અભ્યારણ્ય ૭૫૦૬.૨૨ ચો. કિ.મી.નું રાપર ખાતે આવેલું છે. ● વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનું અભ્યારણ્ય ૨.૦૩ ચો.કિ.મી. કચ્છના અબડાસા તાલુકામાં આવેલું છે. ● લિગ્નાઈટ, બેન્ટોનાઈટ અને ચૂનાના પથ્થરના ઉત્પાદનમાં ગુજરાતમાં પ્રથમ સ્થાને છે. ● કચ્છનો કાળો ડુંગર ૪૩૭૧૦૮ મીટર ઊંચો છે. ● ઘેટાં-બકરાંનો ઉછેર સૌથી વધુ અહીં થાય છે. ● સુરીન્દ નામનું વાદ્ય અહીંનું જાણીતું સંગીત વાદ્ય છે. ● સૌથી વધુ ૯૭ નદીઓ કચ્છમાં આવેલી છે. ● ઘોરડોમાં દર વર્ષે ડિસેમ્બર-જાન્યુઆરીમાં ગુજરાત સરકાર દ્વારા રણોત્સવ ઉજવાય છે. ● ગુજરાતનો સૌથી લાંબો દરિયાકિનારો કચ્છ જિલ્લામાં છે. ગુજરાતનું સૌથી પ્રાચીન મ્યુઝિયમ ભૂજમાં આવેલું છે. ● કચ્છ જિલ્લાનો બન્ની પ્રદેશ ઘાસ અને ભૂંગા ઝૂંપડાઓ માટે જાણીતો છે, ભૂંગાના સમૂહ વાંઢ તરીકે ઓળખાય છે. ● કચ્છના દરિયા કિનારાનો મેદાન પ્રદેશ ''કઠીનું મેદાન'' કહેવાય છે. ● કચ્છના નાના રણ અને મોટા રણ વચ્ચેના પ્રદેશને વાગડનું મેદાન કહે છે.









# ખેડા જિલ્લો





અરવલ્લી
મહી સાગર
ગાંધીનગર
અમદાવાદ
આણંદ
વડોદરા
પંચમહાલ
મહેસાણા
કપડવંજ
મહેમદાવાદ
નડિયાદ
ઠાસરા
ડાકોર
મહુધા
કઠલાલ
ખેડા
માતર
દહેગામ
સાવલી

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **ખેડા** |
| મુખ્ય મથક | : | નડિયાદ |
| ઉત્તર અક્ષાંશ | : | ૨૨.૩૦ થી ૨૩.૧૮ |
| પૂર્વ રેખાંશ | : | ૭૨.૩૨થી ૭૩.૩૭ |
| ભૌગોલિક વિસ્તાર | : | ૩૬૬૭ ચો.કિ.મીટર |
| વસતી(૨૦૧૧મુજબ) | : | સ્ત્રી - ૯,૯૧,૧૧૧, પુરુષ - ૧૦,૫૭,૭૫૦, કુલ - ૨૦,૪૮,૮૬૧ |
| ગીચતા | : | ૫૫૯ દર ચો.કિ.મીટર દીઠ |
| સેક્સ રેશિયો | : | ૯૩૭ |
| સાક્ષરતા દર | : | ૮૪.૩૧ %, પુરુષ સાક્ષરતા - ૯૩.૪૦ ટકા, સ્ત્રી સાક્ષરતા-૭૪.૬૭ ટકા |
| તાલુકાની સંખ્યા | : | ૧૦ (કપડવંજ, કઠલાલ, મહેમદાવાદ, ખેડા, માતર, નડિયાદ, વસો, મહુધા, ઠાસરા, ગલતેશ્વર) |
| નગરપાલિકાની સંખ્યા | : | ૧૦(કપડવંજ, કઠલાલ, મહેમદાવાદ, ખેડા, મહુધા, નડિયાદ , ચકલાસી, કણજરી, ઠાસરા, ડાકોર) |
| કુલ ગામો | : | ૫૧૫ |
| નદીઓ | : | ૯(મહી, સાબરમતી, મેશ્વો, ખારી, લુણી, વારાંશી, મહોર, વાત્રક અને શેઢી) |
| પ્રવાસન /ધાર્મિક સ્થળોના નામ | : | રણછોડજીનું મંદિર-ડાકોર, સ્વામિનારાયણનું મંદિર - વડતાલ, સંતરામ મંદિર, માઈમંદિર-નડિયાદ, ઉત્કંઠેશ્વર મહાદેવ - આંતરસુબા(કપડવંજ), જૈન દેરાસર, પરીએજ (તળાવ)- માતર, હરીૐ આશ્રમ - બીલોદરા(નડિયાદ), હવેલી - વસો, ભમ્મરિયો કુવો - મહેમદાવાદ, ગલતેશ્વર મહાદેવ-ગળતેશ્વર, ગરમપાણીનો કુંડ- લસુન્દ્રા |
| ખેતી પાકો | : | ડાંગર, તમાકુ, ગુજરાતમાં પ્રથમ સ્થાન, કેળાં, ઘઉં, જુવાર, મકાઈ, શેરડી, એરંડા, તુવેર, મગફળી, વરિયાળી, બાજરી વગેરે. |
| ખનીજ | : | મુખ્ય ખનીજ - બોકસાઈટ, ક્વાર્ટઝ, ગૌણ ખનીજ - બ્લેક ટ્રેપ, રેતી, ઈંટ માટી, લાઈમ સ્ટોન, મુરલ, ગ્રેવલ, બન્ટોનાઈટ |
| ઉપેગો | : | નોંધાયેલ ઉપેગો : ૩૭૧ (બીડી, સિગારેટ, ઓટોમોબાઈલ પાર્ટસ, કેબલ વાયર અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો) |
| જમીનનો પ્રકાર | : | ગોરાડુ તથા મધ્યમ કાળી |
| આબોહવા | : | સમઘાત |
| રાષ્ટ્રીય ધોરી માર્ગ | : | ૧૯૭ કિ.મી. (૪૮ નંબરનો નવો રાષ્ટ્રીય ધોરી માર્ગ અને નેશનલ એક્સપ્રેસ હાઈવે (NE) હાઈવે નં-૧ જિલ્લામાંથી પસાર થાય છે.) |
| રાજ્ય ધોરી માર્ગ | : | ૪૪૮.૨૬ કિ.મી. |
| જિલ્લા મુખ્ય માર્ગ | : | ૯૦૧૯૫ કિ.મી. |
| રેલવે સેવાઓ | : | સ્ટેશનો (૧૭) : કપડવંજ, કઠલાલ, ગોઠાજ, મહેમદાવાદ, નેનપુર, કનીજ, નડિયાદ, ઉત્તરસંડા, કણજરી, વડતાલ, વસો, પીજ, મહુધા, ઠાસરા, ડાકોર, અંગાડી અને સેવાલીયા. |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : | મુખ્ય કચેરી(૨) : નડિયાદ અને ખેડા, પેટા કચેરીઓ - ૫૦, શાખાઓ -૨૪૪ |
| દૂધ સહકારી મંડળીઓ | : | ૫૯૭ |
| બેંકિંગ સેવાઓ | : | વાણિજ્ય બેંકો-૨૩૪, સહકારી બેંકો - ૩૬ |
| ખેતી બેંક | : | ૫ |
| ગ્રંથાલયો વાંચનાલયો | : | ૫૧૮ |
| સંગ્રહાલયો (મ્યુઝિયમો) | : | (૧) ધીરજબહેન પરીખ બાળ સંગ્રહાલય, કપડવંજ |

(૨) ડાહી લક્ષ્મી ગ્રંથાલય, નડિયાદ

| | | |
|---|---|---|
| પશુધન વસતિ | : | ૧૨૪૯૯૬૩ (૧૯મી પશુધન વસતિ ગણતરી પ્રોવિઝનલ) |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક શાળાઓ-૧૬૪૬, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ-૫૩૨, કૉલેજ-૧૧૯ |
| વિપપીઠો | : | રંગભારતી વિપપીઠ-વાસણા મારગિયા, શ્રી પીઠેશ્વરી કૃષિગ્રામ વિપપીઠ-પીઠાઈ, ઈ.ખો. ચાવડા ગ્રામ વિપપીઠ-કહાનવાડી |
| યુનિવર્સિટી | : | ૧ (ડી.ડી.આઈ.ટી.), ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી-નડિયાદ |
| આરોગ્ય સેવાઓ | : | પી.એચ.સી. - ૪૬, સી.એચ.સી-૮, પેટા કેન્દ્રો-૨૮૭ |
| સિવિલ હૉસ્પિટલ | : | ૨ |
| પશુ દવાખાના | : | ૨૧ |
| આંગણવાડી | : | ૧૧૯૬૪ |
| જિલ્લાના સપૂતો/વિભૂતિઓ | : | પૂ. રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક, ગોવર્ધનરામ ત્રિપાઠી |
| સિંચાઈ સેવાઓ | : | ૧૨ નાની સિંચાઈ દ્વારા - ૫૦૯૮હેક્ટર, મહિ સિંચાઈ દ્વારા - ૬૩૭૩૮ (હેક્ટર), નર્મદા નિગમ - ૧૯૧૦૬ (હેક્ટર) |
| ખેડા જિલ્લા લોકસભાની બેઠકો | : | ૧ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૬, ખેડા જિલ્લા પંચાયતોની બેઠકો- ૩૬, |
| ખેડા તાલુકા પંચાયતોની બેઠકો | : | ૧૭૨ |
| સરકારી કચેરીઓ | : | ૯૩ |
| જન્મ દર | : | ૨૦.૯૪ ટકા |
| મૃત્યુ દર | : | ૫.૩૭ |
| સેવાભાવી સંસ્થાઓ | : | ૮૩ |

## નડિયાદ શહેરના સ્થળો :

સંતરામ મંદિર, માઈમંદિર, હિન્દુ અનાથ આશ્રમ હરિઓમ આશ્રમ, મૂક-બધિર વિપલય, મોટા કુંભનાથ મહાદેવ



## જિલ્લાના સ્થળો :

કુંડવાવ - બત્રીસ કોઠાની વાવ કપડવંજ, દરબાર ગોપાલદાસની અદ્‌ભૂત કાષ્ઠ હવેલી - વસો, રણછોડજીનું મંદિર- ડાકોર, ગળતેશ્વર મહાદેવનું મંદિર-ઠાસરા, સ્વામિનારાયણ મંદિર- વડતાલ, ઉત્કંઠેશ્વર મહાદેવ તા. કપડવંજ, ભાથીજી મંદિર - ફાગવેલ તા. કઠલાલ, શંકરાચાર્યનગર - સંઘાણા, ગરમ પાણીના કુંડ - લસુન્દ્રા, તા. કઠલાલ, વણાકબોરી બંધ -થર્મલ પાવર સ્ટેશન- વણાકબોરી, સેવાલીયા તા. ઠાસરા, ભમ્મરીયો કૂવો, રોજા-રોજી-મહેમદાવાદ, કેટલફીડ ફેક્ટરી - કણજરી,

## જિલ્લાનું માહાત્મ્ય :

ખેડાનું પ્રાચિન નામ ખેડક હતું તે ઈ.સ. ૧૯૧૮માં થયેલા ખેડા સત્યાગ્રહના લીધે જાણીતું થયેલ છે. જિલ્લામાં ડાકોર, વડતાલ, ફાગવેલ ભાથીજી મંદિર જેવાં તીર્થધામ, શ્રી સંતરામ મંદિર જેવાં પાવનકારી સેવાતીર્થો અહીં ગળતેશ્વર, કેદારેશ્વર અને ઉત્કંઠેશ્વર જેવાં નયનરમ્ય પ્રાકૃતિક સૌંદર્યધામો છે. યુનિવર્સિટી... નડીયાદ, ડી.ડી.આઈ.ટી., વિજ્ઞાન-વાણિજ્ય-વિનયન શાખાની કૉલેજો, આયુર્વેદિક કૉલેજ, કપડવંજ, ડાકોર મહુધા ખેડા શિક્ષણ તીર્થો છે. મહેમદાવાદ અને કપડવંજ જેવા પુરાતન નગરો છે.

હાથશાળ, વણાટકામ, રંગાટીકામ, માટીકામ, કલાત્મક વાસણો, છપાયેલ છીંદરીઓ વિખ્યાત છે. તેથી કહેવત પડી છે "છીપા, છોયલને છીંદરી તો ખેડાના" તદ્‌ઉપરાંત વાત્રક નદીના મનોહર રમ્યતટે શરદપૂર્ણિમાના

રાત્રિ મેળામાં પ્રાકૃતિક સૌંદર્યની મોજ માણવા માનવ મહેરામણ ઉમટી પડે છે. શ્રી સુમિતરત્નસૂરિ જૈન લાયબ્રેરી, ગીદવાણી હરિજન આશ્રમ, પ્રાચીન જૈન દેરાસરો, કબીરજીનું સ્થાનક તથા ખેડા હનુમાન- પ્રાચીન સ્થાનક છે તો નડીયાદમાં ડાહીલક્ષ્મી, હિન્દુ અનાથ આશ્રમ, હરિઓમ આશ્રમ, શ્રી સંતરામ મંદિર, નવ તળાવ, નવ ભાગોળ અને નવ સાક્ષરરત્નો નિવાસી આદિ હેરિટેજ વોક પ્રાચીન સ્થાપત્ય દર્શનીય સ્થળો છે.

તીર્થધામ સંતરામ મંદિર જ્યાં જનસેવાની નિરંતર જ્યોત ઝળહળે છે. જિલ્લાના મુખ્ય મથક સાક્ષરભૂમિ નડીયાદ ખાતે સ્થાપિત શ્રી સંતરામ મંદિર જેવું સેવાતીર્થ આખાય દેશમાં ક્યાંય જોવા નહી મળે. ભારત સરકારે શ્રી સંતરામ મંદિરને તેમની ''માનવ સેવા અને કોમી એકતા'' ના કાર્ય માટે કબીર એવોર્ડ એનાયત કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. સંવત ૧૮૮૭ મહાસુદ પૂનમના દિવસે સંતો ભક્તોની ઉપસ્થિતિમાં યોગીરાજ અવધૂતશ્રી સંતરામ મહારાજ જીવતા સમાધિષ્ઠ થયા ત્યારે બ્રહ્માંડમાંથી દિવ્ય જ્યોત પ્રગટી અને તેના તેજથી પ્રગટ્યા વગરનો તૈયાર રાખેલો દિપ સ્વયં પ્રગટ્યો. આ જ્યોતિ એજ દર્શનપૂજા ઉપાસનાનું સ્વરૂપ બની. પ્રતિવર્ષ આ દિવસે ગુજરાતનો મોટો લોકમેળો ભરાય છે. આરતી અને સાકરવર્ષા થાય છે. આ દિવ્ય અખંડજ્યોતિ મંદિરમાં દોઢસો વર્ષથી પ્રજ્વલિત છે.

સુપ્રસિદ્ધ સંતરામ મંદિરની સેવા પ્રવૃત્તિઓ અને લોકકલ્યાણની રચનાત્મક અભિગમ ધરાવતી પ્રવૃત્તિઓએ ફક્ત ગુજરાતમાં જ નહિ પણ સમગ્ર ભારતમાં તથા દેશ વિદેશમાં પણ ભક્તિ અને સેવાના ક્ષેત્રે ભારે લોકચાહના પ્રાપ્ત કરી છે.

### શ્રી ગોવર્ધનરામ સ્મૃતિ મંદિર :

આ એક અમૂલ્ય સાહિત્ય તીર્થ છે. ગુજરાતના સાહિત્ય રસિક યાત્રીઓએ સ્મૃતિ મંદિરનું દર્શન કરવા જેવું છે. સરસ્વતીચંદ્રના રચયિતા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીનું આ નિવાસસ્થાન છે. જેનું મહત્ત્વ જોતાં સાહિત્યકારોનું સરનામું હેરિટેજ વોક બનાવવામાં આવેલું છે.

### ભવ્યાતિભવ્ય માઈ મંદિર :



નગર નડિયાદમાં માઈ મંદિરમાં ૭૩ ફૂટ ઊંચી ભવ્ય શિવપ્રતિમા જે માનવકદ કરતા ૧૩ ગણી ઊંચી છે. જેની અંદર દ્વાદશ જ્યોર્તિલિંગ શિવાલય વિશ્વમાં પ્રથમ છે.

### હરિઓમ આશ્રમ "સાધનાભૂમિ" નડિયાદ :

પૂજ્ય મોટાએ સાધકોને સાધનાની સુવિધા પ્રાપ્ત થાય તે માટે ૧૯૫૪માં નડિયાદથી ચારેક કિ.મી. દૂર પૂર્વમાં શેઢી નદીના કિનારે બિલોદરા નજીક આ આશ્રમની સ્થાપના કરી ''મૌન મંદિરો'' કર્યા છે. જ્યાં વ્યક્તિ બાહ્ય સંસારથી અલિપ્ત થઈ અંતર્મુખ થઈ પરમાત્માની નજીક જવા માટે મૌન સાધના કરે છે.

### રાષ્ટ્રનિર્માણના સૂત્રધાર સરદાર પટેલ સાહેબનું જન્મસ્થળ :

સ્વંતત્ર ભારતના સ્વપ્નદ્રષ્ટા, અખંડ ભારતના શિલ્પી, શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીના હનુમાન, ખેડા સત્યાગ્રહના પ્રથમ સૈનિક, લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબનો જન્મ, ઝવેરભાઈના પરિવારમાં મોસાળ નડિયાદમાં દેસાઈવગા વિસ્તારમાં થયો હતો. તે ઐતિહાસિક સ્થળ દેસાઈવગોમાં ભાથીખત્રી મહાત્મા ગાંધીજીની પ્રતિમાની ડાબી બાજુ છે, તે પાવનકારી ભૂમિ એ નગર નડિયાદનું નજરાણું છે.



### પવિત્ર યાત્રાધામ ડાકોર :

પુરાતનકાળમાં ડંક ઋષિએ મહાદેવને પ્રસન્ન કર્યા, ત્યાં ગોમતી તટ પર આવેલું ડંકનાથ મહાદેવનું મંદિર અને ડંક ઋષિના નામ પરથી વસેલું નગર તે ડંકપુર એટલે આજનું ડાકોર.

## જોવાલાયક સ્થળ :

નડિયાદ : સંતરામ મંદિર, વસો જૈન મંદિર, ડાકોર રણછોડજી મંદિર, ગલતેશ્વર : શિવાલય, કપડવંજ, કુકાવાવ, મહેમદાવાદ. ડંકનાથ મહાદેવ, પાદુકાજી, ગંગાબાઈની તુલા, શ્રી લક્ષ્મીજીનું મંદિર, શારદામઠ, લીમડાની એક ડાળી મીઠી, રાધાકુંડ, મંગલ સેવાધામ, ગોમતીઘાટ અને નૌકાવિહાર.



## તીર્થરાજશ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ :

સંવત - ૧૮૭૮માં ચૈત્ર સુદમાં સહજાનંદ સ્વામિએ સ્વહસ્તે આ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું અને સંવત ૧૮૮૧ના કાર્તિક માસમાં બાંધકામ પૂર્ણ થયું. મજૂરોને બદલે સાધુ- સંતો તથા સત્સંગીઓએ જાતે ઈંટો તથા ચૂનો ઉપાડવાનું, પકવવાનું, તમામ કામ તથા બાંધકામ સેવાભાવથી કર્યું. આ મંદિરના પાયામાં અને પગથારમાં નવ લાખ ઈંટો વપરાઈ છે. સહજાનંદ સ્વામિ પોતે ૩૭ ઈંટો સ્વમસ્તક પર ઉપાડી લાવેલા તેમાંથી ૩૫ ઈંટો લક્ષ્મીનારાયણની મૂર્તિ નીચેની બેઠક (પડઘી)માં ચણી છે.



## ક્ષત્રિય વીર ભાથીજીનું ધામ-ફાગવેલ :

આ સ્થળે રમ્ય મંદિર છે. અહીં ખાખરાનું વન છે. શ્રદ્ધાળુ ભક્તોને તેના પાન ઉપર લોહીના દર્શન થાય છે. વળી, પાનમાં મસ્તક, પગલાં અને નાગદેવતાના દર્શન કરી, ભાવિક ભક્તો કૃતાર્થ થાય છે.



## ચાંદા સૂરજના મહેલ- રોઝારોઝી, મહેમદાવાદ :

મહેમદાવાદથી લગભગ પશ્ચિમ દિશામાં વાત્રક નદીને કિનારે ચાંદા સૂરજના મહેલના ખંડિયેરો મળી આવેલા છે. મહેમદાવાદથી અમદાવાદ જતાં ટ્રેનમાંથી તે જોઈ શકાય છે. મહંમદ બેગડાને બે બેગમ હતી. એકનું નામ ચંદા અને બીજીનું નામ સૂરજ. તેમનાં નામ પરથી ચાંદાસૂરજના મહેલ નામે તે ઓળખાય છે. ઈ.સ. ૧૪૭૯માં મહંમદ બેગડાએ બંધાવેલા ચાંદાસૂરજના મહેલ, રોઝારોઝી, વિશાળ વાવ, નગરની ચારે તરફ કોટ અને કિલ્લાના અવશેષો ઐતિહાસિક સ્થાપત્યકલાની બેનમૂન ઝાંખી કરાવે છે.



## કુંડવાવ બત્રીસ કોઠાની વાવ અને કીર્તિ-તોરણ -શિલ્પ -સ્થાપત્ય કલા, કપડવંજ -

સિદ્ધરાજ જયસિંહ જ્યારે ખેડા જિલ્લામાં આવ્યા ત્યારે કપડવંજમાં લશ્કરને સહિસલામત રહેવા માટે અનુકૂળતા દેખાઈ. રમ્ય વનરાજીથી ભરપૂર આ પ્રદેશ હતો. એમ કહેવાય છે કે, સિદ્ધરાજના સોમદત પંડિતને રક્તપિતનો રોગ હતો. જ્યાં કુંડવાવ છે ત્યાં અગાઉ એક પાણીનું ખાબોચિયું હતું. તેમાં તે લપસી પડયા અને તેમનો રોગ મટી ગયો. તેથી આ ચમત્કાર જોઈ, ધર્મિષ્ઠ રાજાએ સહસ્ત્રલિંગની અનુકૃતિને કુંડવાવ તથા બાજુમાં બત્રીસ કોઠાની વાવ બંધાવી. ખોદકામ કરતાં નારાયણદેવ, મહાલક્ષ્મી તથા ફૂલબાઈની મૂર્તિઓ નીકળી, જે આજે પણ કપડવંજમાં જોવા મળે છે.

## ગરમ પાણીના કુંડ, લસુન્દ્રા :

જિલ્લાના કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામમાં આવેલા ગરમ પાણીના કુંડ વિશિષ્ટ પ્રકારના છે. ગામને પાદરે સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર છે. બાજુમાં તળાવ છે. મહાદેવની વિખરાયેલી જટામાંથી ગંગા વહેતી હોય

તેવું નિર્મળ જળ વહે છે. ત્યાં પ્રકૃતિના સુંદર દર્શન થાય છે. મંદિરના અગ્ર ભાગમાં ગરમ અને ઠંડા પાણીના કુંડ આવેલા છે. કુંડના પાણીમાં ગંધકની વાસ આવતી નથી. તે એક ચમત્કાર છે. દૂરદૂરથી યાત્રીઓ અહીં આવે છે.

### દરબાર ગોપાલદાસની અદ્‌ભૂત કાષ્ઠ હવેલી - વસો :

નડિયાદથી ૨૦ કિ.મી.દૂર વસો ગામમાં મધ્યયુગની સંસ્કૃતિની ઝાંખી કરાવતી કાષ્ઠની કોતરકામવાળી અનુપમ હવેલી પર્યટકો માટે અદ્‌ભૂત આકર્ષણનું કેન્દ્ર છે.

### વણાકબોરી બંધ વેસ્ટ વીયર, સેવાલિયા, તા. ઠાસરા :

ગુજરાત રાજયનું ૨૧૦ મેગાવોટના ૭ યુનિટ ધરાવતું સૌથી મોટું તાપ વિદ્યુત મથક ''વણાકબોરી'' છે.

### ગળતેશ્વર મહાદેવ - દર્શનીય તીર્થધામ ઉત્તમ "શિલ્પ સ્થાપત્ય કલા"નો નમૂનો,



પર્યટક માટે જિલ્લાના ઠાસરા તાલુકામાં સરનાલ ગામ પાસે મહિસાગર અને ગળતી નદીના સંગમ સ્થાને આ ઐતિહાસિક ધાર્મિક સ્થળ આવેલું છે. ડાકોરથી સેવાલિયા જતાં ૧૨ થી ૧૪ કિ.મી.ના અંતરે તે પવિત્ર તિર્થ છે.

માળવાના પરમાર રાજા સિયક- બીજાના વિક્રમ સંવત ૧૦૦૫ ઈ.સ. ૯૪૦ના હરસોલના તામ્રપત્રમાં મહી નદીને કાંઠે શિવમંદિર હોવાનો ઉલ્લેખ છે. તે ગળતેશ્વર મહાદેવનું મંદિર હોઈ શકે, એવું પુરાતત્વ વિભાગનું માનવું છે. લોકમુખે ચર્ચાતી કથા મુજબ આ ઐતિહાસિક સ્થળે પ્રાચીન સમયમાં ગાલ્વ ઋષિનો આશ્રમ હતો. ગળતેશ્વરથી એક કિ.મી. દૂર સરનાલ ગામે રાજા ચંદ્રહાસની પ્રાચીન નગરી ચંદ્રાવતીના અવશેષો હોવાનું મનાય છે. એમ કહેવાય છે કે, સરનાલ નામનું નગર ૧૦માં -૧૧માં સૈકામાં મહી કાંઠે મોટું વેપારી મથક હશે.

### ઉત્કંઠેશ્વર - કપડવંજ ઊંટડિયા મહાદેવ :

અમદાવાદથી ૫૫ કિ.મી. અને નડીયાદથી ૬૦ કિ.મી.ના અંતરે સ્ટેટ હાઈવે નં. ૧૪૧ ઉપર ત્રણ જિલ્લાના ત્રિભેટે ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર વેત્રવતી (વાત્રક) નદીના કિનારે આવેલું બે હજાર વર્ષ પુરાણું છે. શ્રી સત્યકામ જાબાંલી ઋષિના આશ્રમ તરીકે તે પુરાણોમાં પ્રસિદ્ધ છે. જાબાંલી ઋષિએ ઉત્કૃષ્ટ તપોબળથી- ઉત્કંઠાથી શિવજીને પ્રસન્ન કર્યા. તેથી સ્વયંભૂ શિવલિંગ ઉપસી આવ્યું. તેથી તેનું નામ ઉત્કંઠેશ્વર મહાદેવ પડ્યું. હજારો ઋષિઓએ યજ્ઞ કરેલો હોવાથી અત્યારે પણ યજ્ઞની ભસ્મ અહીં નીકળે છે.

### કેદારેશ્વર મહાદેવ, કપડવંજ :

ખેડા, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના ત્રિભેટે કપડવંજ તાલુકામાં ઉત્કંઠેશ્વર મહાદેવની ઉત્તરે પાંચથી સાત કિ.મી.ના અંતરે કેદારેશ્વર મહાદેવનું મંદિર છે.

અહીં વાત્રક નદી ગૌરવવંતી મહારાણી સમી દેખાય છે. ઊંચી ટેકરીની ખીણમાં ઝાડીના ઝૂંડમાં મહાદેવ કેદારેશ્વરના ચરણમાં પ્રક્ષાલન કરી એક નાનું ઝરણું ગૌમુખી મારફત આગળ વધે છે. અર્જુને દેવાધિદેવ મહાદેવનો અભિષેક કરવા ધર્નુવિપથી એક ઝરણું ઉત્પન્ન કર્યું. તે જ ઝરણું શિવલિંગ પરથી આજે પણ સદાકાળ વહે છે.

### પંખીઓનું પિયર - પ્રાકૃતિક સૌંદર્યનું સ્વર્ગ, પરીએજ :

પરીએજમાં મોટું તળાવ, નાનું તળાવ અને રાતડેશ્વર તળાવ આવેલાં છે. ખંભાતના અખાતની નજીકમાં, પરીએજ જળપ્લાવિત વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં પક્ષીઓ જોવા મળે છે. સામાન્ય અને યાયાવર પ્રકારના પંખીઓ તળાવની આજુબાજુના વિસ્તારમાં નજરે પડે છે. ગુજરાતના ગૌરવ સમા સારસ પક્ષીઓના અહીં ઝૂંડ જોવાં મળે છે. આ વિસ્તારનું જાણીતું પક્ષી સારસ છે. ભારતમાં માત્ર ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં સારસ જોવાં મળે છે.

પરીએજના મુખ્ય તળાવનો ઘેરાવો આશરે ૧૨ ચો.કિ.મી. છે. તેની સામાન્ય ઊંડાઈ ૮.૫ ફૂટ અને મહત્તમ ઊંડાઈ ૧૦.૫ ફૂટ છે. તળાવ ભરવા માટે મહીકેનાલ તથા નર્મદા કેનાલનું પાણી મુખ્ય સ્ત્રોત છે.

પરીએજ મુકામે પ્રવાસન કાર્યક્રમ અંતર્ગત સામાન્ય જનતા પરીએજ મુકામે આવતા યાયાવર પક્ષીઓ તેમજ સ્થાનિક પક્ષીઓને નિહાળી શકે તેના વિશે જરૂરી માહિતી મેળવી શકે, તેમજ કુદરતની પ્રકૃતિને માણી શકે તે ઉદ્દેશથી ઈન્ટર પ્રિટીશન સેન્ટર, વોચ ટાવર, સાઈનેઝીસ ડાયોરામાની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આમ એક સુંદર રમણિય પ્રવાસન ધામ તરીકે વિકાસ પામ્યું છે.





## ડાકોર ગાંધીબાગ :

વન વિભાગ દ્વારા ડાકોર મુકામે ગાંધી બાગના રિનોવેશનનું કામ પ્રવાસન પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવેલ છે. વિવિધ ૧૩ કામો હાથ ધરવામાં આવેલ જેવા કે રોક ગાર્ડન, ફ્લોટિંગ, લેન્ડ સ્કેપિંગ, પ્રગોલા, ગાઝીબો વગેરે.

## ભમ્મરિયો કૂવો, મહેમદાવાદ :

ભમ્મરિયા કૂવાની વિશિષ્ટતા એ છે કે કૂવાની આજુબાજુ ભૂગર્ભમાં ખંડોવાળું સુંદર નિવાસસ્થાન છે. કૂવાનું બાંધકામ ૩૬ ફૂટના વ્યાસવાળું જમીનમાં ત્રણ માળ જેટલું છે. ઉપરના બે માળમાં ખંડો છે. નીચેના માળમાં પગથિયાં છે જેની સાંકળી જગ્યા મારફત સીધા જ કૂવામાં જવાય છે. ઉપરના બે માળમાં પથ્થરનું બાંધકામ છે. કૂવાનો આકાર અષ્ટકોણ છે. ખંડોમાં ઊતરવા માટે ચાર ખૂણે ચાર સીડીઓ છે અને એ સીડીઓ ગોળ ફરતી હોવાથી (ખંડમાં ઊતરવા ભ્રમણ કરવું પડતું હોવાથી) કૂવાનું નામ ભમ્મરિયો કૂવો પડ્યું હતું.






# મહેસાણા જિલ્લો






બ ના સ કાં ઠા
પા ટ ણ
મહેસાણા
ગાં ધી ન ગ ર
ગાંધીનગર
અ મ દા વા દ
અમદાવાદ
પાટણ
કલોલ
દહેગામ

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **મહેસાણા** |
| સ્થાપના નોટિફિકેશન | : | ૧૫-૧૦-૧૯૯૭ |
| ઈતિહાસ : | | મહેસાણા શહેરની મધ્યમાં છેલ્લા ૬૫૦ કરતાં વધુ વર્ષથી એક અખંડ જ્યોત જલતી રહી છે. આ જ્યોત મહેસાણા શહેરની સ્થાપનાની એક માત્ર સાક્ષી છે. વનરાજ ચાવડાના વંશજ રાજપૂત કુળના મેસાજી ચાવડાએ વિક્રમ સંવત ૧૪૧૪ના ભાદરવા સુદ દશમ (ઈ.સ. ૧૩૫૮)ના રોજ માતાજીની સ્થાપના કરીને શહેર વસાવ્યાની પ્રથમ ઈંટ અહીં મૂકવામાં આવી. મેસાજી ચાવડાએ ગામ વસાવ્યું હોવાથી 'મેસાણા', 'મહેસાણા' તરીકે તે જાણીતું બન્યું. |
| સ્થાપના વર્ષ | : | ઈ.સ. ૧૩૫૮ ભાદરવા સુદ ૧૦ |
| વડુ મથક | : | મહેસાણા |
| પૃથ્વી પર સ્થાન | : | ઉત્તરે બનાસકાંઠા, દક્ષિણે અમદાવાદ. પૂર્વે સાબરકાંઠા અને પશ્ચિમે પાટણ |
| ભૌગોલિક | : | ઉત્તર અક્ષાંશ ૨૩.૧૫થી ૨૩.૫૩ અને પૂર્વ રેખાંશ ૭૨.૪૬થી ૭૨.૨૬ |
| ક્ષેત્રફળ | : | ૪૪૦૧ કિ.મી. |
| વસ્તી સ્ત્રી-પુરુષ | : | ૨૦,૩૫,૦૬૪ પુરુષ - ૧૦,૫૬,૫૨૦ સ્ત્રી - ૯,૭૮,૫૪૪ |
| તાલુકા | : | ૧૦ (બેચરાજી, કડી, ખેરાલુ, સતલાસણા, ઊંઝા, વડનગર, વિજાપુર, વિસનગર, મહેસાણા, જોટાણા) |
| ગામો | : | ૬૧૩, સ્વતંત્ર ગ્રા.પં. - ૫૭૫, ઉજ્જડ-૦૯, જૂથ-૨૯ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી અને પશુપાલન |
| પૂરક વ્યવસાય | : | ખેતી પાકો- ઘઉં, બાજરી, જુવાર |
| મુખ્ય પાકો - રોકડિયા | : | તુવેર, મગ, અડદ, ચણા, મઠ, તેલિબિયા,, એરંડા, રાઈ, તલ, મગફળી |
| મુખ્ય ખનીજ પેદાશો | : | ખનીજતેલ, કુદરતી વાયુ, ચિનાઈ માટી, ગ્રેનાઈટ, લાઈમસ્ટોન, બિલ્ડિંગ સ્ટોન |
| ઉદ્યોગો | : | ૪૦૧ |
| જાહેર સાહસો | : | ઓ.એન.જી.સી., ગુજકોમાસોલ, દૂધ સાગર ડેરી, ગંજબજાર ઊંઝા |
| જમીનનો પ્રકાર | : | ઉપજાઉ ૩,૬૮,૩૭૧ હેક્ટર વાવેતર, બિનઉપજાઉ પડતર ૫૨૪૩ |
| આબોહવા | : | સરેરાશ વરસાદ - ૭૮૩ મિ.મિ., જંગલો - ૭૧૭૫ હેક્ટર વનસંપદા તીર્થંકર વન |
| નદીઓ | : | સાબરમતી, રૂપેણ, ખારી, પુષ્પાવતી |
| પુલો- જળાશયો | : | ધરોઈ ડેમ, ચિમનાબાઈ સરોવર, થોળ તળાવ, સહિત અન્ય સિંચાઈ યોજનાઓ |
| તળાવો | : | ૨૪૭ અનુશ્રવણ તળાવો , સરોવરો, ચેકડેમો ૭૩ નહેરો, ૩૫૦, પાતાળ કૂવા- ૩૭૪૧૦, તળાવ-૦૯ |
| જિલ્લાના રસ્તા | : | રાજ્ય ધોરી માર્ગ - ૬૦૯ કિ.મી. જિલ્લાના મુખ્ય માર્ગો-૨૧૦ કિ.મી. જિલ્લાના અન્ય માર્ગો ૯૫ કિ.મી., ગ્રામ્ય માર્ગો ૨૯૧.૦૦ કિ.મી., કુલ ૧૨૧૦ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : | ઐતિહાસિક પૌરાણિક નગરી વડનગર, તારંગા, ઉનાવા, મીરાદાતાર, મોઢેરા સૂર્ય મંદિર અન્ય જોવાલાયક સ્થળો આવેલા છે. |
| ધાર્મિક | : | બેચરાજી, ઊંઝા, સહિત અન્ય મંદિરો આવેલા છે. |
| રેલવે સેવાઓ | : | ઊંઝા, મહેસાણા અને બ્રોડગેજ ૩૨ કિ.મી. બ્રોડગેજ અન્ય ગેજ પરીવર્તનની કાર્યવાહી ચાલુ. |
| રાજ્ય પરિવહન સેવાઓ | : | ગામડાઓ સાથે સીધી જ એસ.ટી. પરિવહનની સેવા |
| વિમાની પરિવહન સેવાઓ | : | નથી |
| પોસ્ટ સેવાઓ | : | ૦૧-મુખ્ય કચેરી, ૫૨- પેટા કચેરી અને ૨૫૭ - શાખાઓ, ટપાલ કર્મચારીઓ-૧૦૬ |

| | | |
|---|---|---|
| દૂધ ઉત્પાદન મંડળીઓ | : | ૭૨૦ |
| બેન્કિંગ સેવાઓ | : | ૧૮૫, રાષ્ટ્રીયકૃત બેન્કો, ૬૬-સહકારી બેન્કો, ૦૫-જમીન વિકાસ બેન્કો, ૪૮-ગ્રામીણ બેન્ક, ૬૪-ખાનગી બેન્કો. |
| પોલીસ સેવાઓ | : | ૦૧ ડી.એસ.પી, ૦૨ ડી.વાય.એસ.પી, ૦૭ પીઆઈ, ૫૦ પી.એસ. આઈ., ૨૧ પોલીસ થાણા, ૨૬ આઉટ પોસ્ટ. |
| યોજાતા લોક મેળા | : | બેચરાજી, પાલોદર, વાલમ, ભાખર સહિત અન્ય મેળા લોકોત્સવ - તાનારીરી મહોત્સવ, ઉત્તરાર્ધ મહોત્સવ, રામનવમી, સાતમ, આઠમ અને દિવાળીના તહેવારો. |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ | : | માર્કેટ યાર્ડ ૦૬, મોટા બજારો ઊંઝા અને મહેસાણા |
| ગ્રંથાલયો અને વાંચનાલયો | : | ૧૧૪ |
| પશુપાલન પ્રવૃત્તિ | : | ગાય-૨૨૫૬૮૪, ભેંસ-૪૪૮૪૯૪, બકરી-૯૯૭૦૨, ઘેટું-૧૩૨૪૩, ઊંટ- ૪૯૨૩, કુલ - ૭૯૨૮૪૬ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક શાળાઓ-૧૩૦૨, માધ્યમિક શાળાઓ-૩૭૩, કૉલેજો-૧૦૫ અને નોન ગ્રાન્ટેડ-૧૧૨. |
| યુનિવર્સિટીઓ | : | ગણપત યુનિવર્સિટી ખેરવા, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર. |
| આરોગ્ય સેવાઓ | : | હોસ્પિટલ-૦૬, એલોપેથી દવાખાના-૦૬, આયુર્વેદિક દવાખાના-૧૦, હોમિયોપેથી દવાખાના-૧૮, સામૂહિક આરોગ્ય કેન્દ્રો-૧૪, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-૫૬, પેટા કેન્દ્રો-૬૦૧. |
| જિલ્લાની મહાન સપૂતો-વિભૂતિઓ | : | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, સ્વ. રિખવચંદ શાહ - લેખક, મોતીભાઈ ચૌધરી -સહકારી આગેવાન, આત્મારામ પટેલ - સહકારી આગેવાન, માનસિંહ પટેલ - દૂધ સાગર ડેરીના સ્થાપક, બંસીલાલ વર્મા - ચિત્રકાર, ડૉ. ઈન્દ્રવદન આચાર્ય - ચિત્રકાર, વનેચર પક્ષી શાસ્ત્ર, મૂળદાસ વૈશ્ય અંતેવાસી, શહીદવીર - ત્રાવણકર, સૂફી સંત - કાજી અનવરમિયાં, નટસમ્રાટ - જયશંકર સુંદરી, ગીતકાર - અવિનાશ વ્યાસ, હાસ્ય નટ - છગન રોમીયો, પ્રાણસુખ નાયક, મહેશ-નરેશ કનોડીયા, ગૌરાંગ વ્યાસ, સુબોધસાગર સુરીશ્વરજી મહારાજ, ડૉ. દ્વારકાદાસ જોષી, રઘુવીર ચૌધરી, મહાસુખભાઈ શેઠ કવિ, અસાઈત ઠાકર ભવાઈ વેશ, મયાશંકર વ્યાસ શૌર્ય કવિ, રાવ બહાદુર ગિરધરલાલ, પીતાંબર પટેલ, નવલકથાકાર, નટ સમ્રાટ અમૃત કેશવ નાયક, રાસ બિહારી દેસાઈ ગાયક, નિરંજન પરીખ પત્રકાર, ડૉ. દિનકર ભોજક, મધ્ય પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ. |
| ગુજરાત રાજ્યની વિધાનસભા બેઠકો | : | ૦૭ (૧) ખેરાલુ, (૨) ઊંઝા, (૩) વિસનગર, (૪) બહુચરાજી, (૫) કડી, (૬) મહેસાણા, (૭) વિજાપુર. |
| લોકસભાની બેઠકો | : | ૦૧ (મહેસાણા) |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૩૯ |
| ન્યાયાલયો | : | ૦૧, વધારાની સેસન્સ કોર્ટ -૨, ડિસ્ટ્રીકટ જજ-૦૧, આસિસ્ટન્ટ જજ-૦૨, સિવિલ જજ - ૧૦, સિવિલ જજ જુનિયર - ૧૫, સેસન્સ જજ - ૦૧, વધારાના સેસન્સ જજ - ૦૨, જયુ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ - ૧૫, બાળ અદાલત - ૦૧. |



| | | |
|---|---|---|
| નગરપાલિકાઓ | : | ૦૭ (૧) ખેરાલુ, (૨) ઊંઝા, (૩) વિસનગર, (૪) બહુચરાજી, (૫) કડી, (૬) મહેસાણા, (૭) વિજાપુર. |
| જન્મદર | : | ૯.૯૧ ટકા |
| બાળવાડીઓ-આંગણવાડીઓ | : | ૧૮૯૪ |
| સખીમંડળો- મહિલા મંડળો | : | ૮૬૪૮ |

**પ્રથમ નજરે મહેસાણા જિલ્લો :**

મહેસાણા જિલ્લો ઘણી રીતે મનમોહક છે. વિદેશી પર્યટકો હોય કે સાહસિક ઉદ્યોગકારો દરેકને મોહિત કરનાર જિલ્લો એટલે જ મનમોહક મહેસાણા અરવલ્લીની ગિરીમાળાઓમાં સમાયેલું મનમોહક પ્રવાસન સ્થળ તારણધારણ, બૌદ્ધકાલિન ગુફાઓ, ડુંગરો ઉપર ઝળુંબતી વિશાળકાય શિલાઓ, મહેસાણાની ભૂમિને પવિત્રતા બક્ષીને સરી જતી સાબરમતી નદીનો પ્રચંડ જલ પ્રવાહ, ગુજરાતની પ્રાચીન સાંસ્કૃતિક નગરી વડનગરના પ્રાપ્ત થતા અવશેષો, સોનેરી સૂર્યકિરણોની ટશરોથી ઝળહળતું મોઢેરાનું સૂર્યમંદિર, વિદેશી પંખીઓની કિલકારીઓથી ગુંજી ઊઠતું કડીનું થોળ તળાવ, કાળિયાર હરણોની કૂદાકૂદથી થીરકતો કડીનો ખાખરિયા ટપ્પો, તારંગા હીલ્સમાં માટીના પહાડો, લીલીછમ શાકભાજીથી મઘમઘતો વિજાપુરનો પ્રદેશ અને જ્યાં શ્વેતક્રાંતિનું સર્જન કર્યું છે એ દૂધ સાગર ડેરી તેમજ ઓઈલ સિટી તરીકે ઓળખાતો પ્રદેશ એટલે કે ઓ.એન.જી.સી.ના તેલ કૂવાથી સુવિખ્યાત બનેલો આ જિલ્લો પ્રાચીન અને આધુનિક સાંસ્કૃતિક ધરોહરને જાળવીને બેઠેલો જિલ્લો મહેસાણા સાચા અર્થમાં મનમોહક છે.

પુરાતત્ત્વવિદોના મતે સૌ પ્રથમ માનવજીવન મહેસાણામાં જ ધબકતું હતું. મહેસાણા જિલ્લા મથકેથી આશરે ૧૫ કિ.મી. દૂર આવેલા લાંઘણજ ગામના અંધારિયા ટીંબા ખાતે ઉત્ખનન કરતાં પુરાતત્ત્વ વિદોને બે માનવ હાડપિંજર અહીંથી પ્રાપ્ત થયાં હતાં જે માનવ ઈતિહાસની સાક્ષી પૂરે છે. સૌથી પહેલું માનવજીવન અહીં જ ધબકતું થયેલું. પુનાની ડેક્કન યુનિવર્સિટીના પુરાતત્વવિદો રોબર્ટ બ્રુશફૂટ વગેરેએ વિસ્તૃત શોધખોળ કરીને વિજાપુર તાલુકાના કોઠ, પેઢામલી, રામપુરા ગામે સાબરમતીના કોતરોમાંથી તામ્ર અવશેષો પણ શોધી કાઢ્યા. શોધખોળને અંતે અહીંથી પથ્થરના અવશેષો મળી આવતાં આશરે પચાસ હજાર વર્ષ પહેલાં પાષાણયુગમાં માનવજીવન મહેસાણા જિલ્લામાં પાંગર્યું હશે તેમ સાબિત થયું. પુરાતત્વવિદો માને છે કે ભારતના અન્ય રાજ્યો કરતાં સૌ પહેલાં આદિમાનવનો પ્રાદુર્ભાવ ગુજરાતના મહેસાણામાં થયો હશે. આ દ્રષ્ટિએ ગુજરાતના પ્રાયોગિક ઈતિહાસમાં મહેસાણા સુવર્ણપૃષ્ઠ સમાન છે. સાબરમતી નદીને તટે વસેલાં ઘાંટુ, વરસોડા, કોઠ, પેઢામલી, આગલોડ, ફુદેડા, રામપુરા, લાડોલ, વલાસણા વગેરે ગામોમાંથી પ્રાગૈતિહાસિક સમયના અવશેષો મળી આવતાં મહેસાણા જિલ્લો ઐતિહાસિક દ્રષ્ટિએ મોંહે-જો-દડો, હડપ્પા અને લોથલ તથા રોઝડીનો સમકાલીન મનાય છે. આ બધા અવશેષો હાલ મદ્રાસ મ્યુઝિયમમાં સાચવવામાં આવ્યાં છે.

ડૉ. હસમુખ સાંકળિયા જેવા મહાન સંશોધકે આ વિસ્તારમાં સંશોધનો કરીને મહેસાણા જિલ્લાને ઈ.સ. પૂર્વે ૨૫૦૦થી ઈ.સ. પૂર્વે ૫૦૦ (ઈસુની પહેલી સદી કરતાં આગળ) સ્થાપિત કર્યો છે. એટલે કે આશરે પાંચ હજાર વર્ષ પહેલાં અહીં માનવજીવન ધબકતું થયું હશે.

મહેસાણાના કેટલાક પ્રદેશોનો ઉલ્લેખ પુરાણોમાં પણ થયો છે. પ્રાચીન સમયમાં સાબરમતી (શ્વેતભ્રમતી), ધર્મારણ્યક્ષેત્ર મોઢેરા, આર્નતપુર શ્રી હાટકેશ્વર મહાદેવ, સરસ્વતી કુંવારકા નદીનો પ્રદેશ ખૂબ જ પવિત્ર માનવામાં આવતાં હતાં. જૈન સ્વામીઓએ તારંગાના પર્વતો ઉપર સદીઓ સુધી કઠીન તપશ્ચર્યા કર્યાના ઉલ્લેખો જૈન ધર્મગ્રંથોમાં સાંપડે છે.

મનુના પુત્ર રાજા શર્યાતિએ જે પ્રદેશ ઉપર રાજ્ય સ્થાપ્યું તે પ્રદેશ આનર્ત પ્રદેશ તરીકે ઓળખાયો. આનર્તપુર (વડનગર) તેની ગવાહી પૂરે છે. ભગવાન શ્રી કૃષ્ણએ ‘કુશસ્થલી’ એટલે કે દ્વારિકા, દ્વારકા, દ્વારામતીને જ્યારે પોતાની રાજધાની બનાવી ત્યારે તેની સરહદો છેક આનર્ત પ્રદેશ સુધી વિસ્તરેલી હતી.

આજે ભૌગોલિક દ્રષ્ટિએ મહેસાણા-પાટણ જિલ્લો અલગ થયો છે. પરંતુ પ્રાચીન સમયમાં આ પ્રદેશ એક અને અખંડ હતો. તેથી મહેસાણા જિલ્લાનો ઈતિહાસ વહીવટી દ્રષ્ટિએ સોલંકીઓના શાસન સમયથી શરૂ થાય છે વિક્રમ સંવત ૮૦૨ (ઈ.સ. ૭૪૬) માં ચૈત્ર સુદ બીજને શુક્રવારના દિવસે વનરાજ ચાવડાએ “અણહિલવાડ પટક” (અણહીલપટક) (પાટણ)ની સ્થાપના કરી અને પાટણનો પાયો નાંખ્યો. વનરાજ ચાવડા



પછી મૂળરાજ સોલંકી, જયસિંહ ભીમદેવ સોલંકી અને કુમારપાલ સોલંકી જેવા સમર્થ શાસકોએ પાટણની કીર્તિધજાને ચોતરફ ફરકાવી.

મહેસાણા શહેરની મધ્યમાં છેલ્લા ૬૫૦ કરતાં વધુ વર્ષથી એક અખંડ જ્યોત જલતી રહી છે. આ જ્યોત મહેસાણા શહેરની સ્થાપનાની એક માત્ર સાક્ષી છે. વનરાજ ચાવડાના વંશજ રાજપૂત કુળના મેસાજી ચાવડાએ વિક્રમ સંવત ૧૪૧૪ના ભાદરવા સુદ દશમ (ઈ.સ. ૧૩૫૮)ના રોજ માતાજીની સ્થાપના કરીને શહેર વસાવ્યાની પ્રથમ ઈંટ અહીં મૂકવામાં આવી. મેસાજી ચાવડાએ ગામ વસાવ્યું હોવાથી 'મેસાણા', 'મહેસાણા' તરીકે તે જાણીતું બન્યું.

સોલંકીઓ તેમજ સુલતાનોના સમયમાં પણ તે ટકી રહ્યું. મરાઠા સરદાર પીલાજીરાવ ગાયકવાડે ઈ.સ. ૧૭૩૦માં બાબીઓ પાસેથી વડોદરા અને ડભોઈ જીતી લીધાં. એ પહેલાં મરાઠા સરદાર કંથાજી કદમની સેનાએ ઈ.સ. ૧૭૨૬માં વડનગર ઉપર આક્રમણ કરીને વડનગરને બાળ્યું. દામાજીરાવ ગાયકવાડે વિસનગર પાસે બાબીઓ ઉપર ચઢાઈ કરી જેમાં જોરાવરખાન બાબી મૃત્યુ પામ્યો. ઈ.સ. ૧૭૬૬માં વિસનગર, વડનગર, ખેરાલુ, મેસાણા, વિજાપુર, પાટણ અને હારીજનો ઘણો ભાગ ગાયકવાડોના તાબે થતાં ઈ.સ. ૧૭૬૬માં પાટણ ખાતે નવી રાજધાની બનાવી. પરંતુ તેના બે વર્ષ પછી ઈ.સ. ૧૭૬૮માં દામાજીરાવનું મૃત્યુ થતાં પાટણથી રાજધાની ખસેડવામાં આવી.

૧૭૮૫માં મલ્હારરાવને કડીની જાગીર મળતાં ઉત્તર ગુજરાતનું વડુ મથક ૧૭૮૫માં કડી બન્યું. તે સમયે "કિલ્લે કડી"ના નામે તે ઓળખાતું. અહીંથી આખાયે ઉત્તર ગુજરાતનો વહીવટ ગાયકવાડો કરતા હતા. ૧૯૦૨ સુધી કડીની આણ વરતાઈ હતી. ત્યારબાદ ૧૯૩૫માં કડી પ્રાંત ખસેડીને મહેસાણા લઈ જવાતાં 'મેસાણા પ્રાંત'ની રચના થઈ. તે માટે એમ માનવામાં આવે છે કે ઈ.સ. ૧૮૮૭માં સૌ પ્રથમ મહેસાણાથી વડનગર સુધી ગાયકવાડે રેલવે લાઈન નાંખી અમદાવાદ-દિલ્હી લાઈનનું તે વડું મથક બનતાં કડી સાઈડમાં પડી ગયું. રેલવે જંકશનને કારણે મહેસાણાનો અણધાર્યો અને અદભૂત વિકાસ થયો.

મહેસાણા પ્રદેશમાં છપ્પનિયો દુકાળ પડતાં ગાયકવાડે પ્રજાજનોને રોજગારી મળી રહે તે હેતુથી રાજમહેલ બંધાવ્યો. જે ૧૯૦૨માં પૂર્ણ થયો. રામોસણા ટેકરી પર રચાયેલો આ રાજમહેલ મહેસાણા શહેરની આગવી ઓળખ, અને આગવી શાન છે.

સને ૧૯૬૭માં દૂધ સાગર ડેરીની સ્થાપના થતાં મહેસાણા જિલ્લો વિશ્વમાં 'શ્વેતક્રાંતિ'નો જનક બન્યો. તો ઓ.એન.જી.સી.એ આ જિલ્લાને 'મિલ્ક સીટી' બાદ 'ઓઈલ સીટી'નું બિરૂદ અપાવ્યું. પશુપાલનક્ષેત્રે નામના મેળવનાર મહેસાણા જિલ્લો ''રાજકીય પ્રયોગશાળા'' ''સહકારી પ્રવૃત્તિનો જનક'' અને ''શિક્ષણના સારથી'' તરીકે આજે પણ એટલો જ પ્રચલિત છે.

વિકાસ અને પ્રગતિક્ષેત્રે આ જિલ્લાએ હરણફાળ ભરી છે. એનો વિકાસ રોકેટ ગતિએ નહીં પણ 'જેટ ગતિ'એ થઈ રહ્યો છે. તેથી જ તો મહેસાણા મોખરે રહ્યો છે.

## ભૌગોલિક સ્થાન :

મહેસાણા જિલ્લો ગુજરાત રાજ્યના હૃદયસમાન મધ્યભાગમાં આવેલો છે. ઉત્તર ગુજરાતનું તે ધબકતું હૃદય છે. ૧૯૯૭માં અખંડ મહેસાણા જિલ્લાનું વિભાજન થતાં મહેસાણા અને પાટણ એમ બે જિલ્લા અલગ પડ્યા. તેને પરિણામે સીમાંકનો અને તાલુકાઓમાં પણ વહીવટીય દ્રષ્ટિએ ફેરફારો થવા પામ્યા છે.

મહેસાણા જિલ્લાનું ક્ષેત્રફળ ૪૪૮૪.૧૦ ચોરસ કિ.મી. છે. અને તે ૨૩.૦૨ અને ૨૪.૦૯ ઉત્તર અક્ષાંશ તથા ૭૧.૨૧ અને ૭૫.૫૨ પૂર્વ રેખાંશ ઉપર આવેલા છે.

ભૌગોલિક દ્રષ્ટિએ મહેસાણા જિલ્લાના ત્રણ ભાગ પડે છે.

અરવલ્લીની ગીરીમાળાઓનો પ્રદેશ, (૨) ઢળતા મેદાનોનો પ્રદેશ અને (૩) કડીના ખાખરિયા અરવલ્લીની ગીરીમાળાઓનો પ્રદેશ, જિલ્લાના ઈશાન ખૂણે ખેરાલુ-સતલાસણા વિસ્તારમાં અરવલ્લીની ગીરીમાળાઓ આવેલી છે. અહીં લીલાંછમ જંગલો, વિશાલ ખડકો અને રેતીના પહાડો આવેલા છે. મનોરમ્ય અરવલ્લીની પર્વતમાળા વચ્ચે ધરોઈનો ડેમ ગુર્જરીધરાને પાણી પુરૂં પાડે છે. ઈશાનથી નૈઋત્ય તરફ ઢળતું મેદાન રેતી અને માટીના બંધારણવાળું છે. આ મેદાનની બીજી એક વિશેષતા એ પણ છે કે ઉડેલી રેતી અને માટીથી રચાયેલા ટીંબાઓ છે. આ ટીંબાઓએ પણ કેટલીક શ્રેષ્ઠ વિશિષ્ટતાઓ ધારણ કરેલ છે.

મહેસાણા જિલ્લામાંથી રૂપેણ, ખારી અને પુષ્પાવતી નદીઓ વહે છે. બારેમાસ વહેતી એક પણ નદી નથી. ભર ચોમાસે ભરપૂર વરસાદ પડતાં આ જિલ્લાની નદીઓ સજીવ બને છે અને પાણીનો ધસમસ પ્રવાહ એમાં વહેવા લાગે છે. જિલ્લાની સરહદોને અડીને સાબરમતી નદી વહે છે. સાબરમતીના કોતરો સતલાસણાથી વરસોડા સુધી નર્યું સૌંદર્ય પાથરે છે.

સિંચાઈ અને પીવાના પાણી માટે આ જિલ્લાએ બારેમાસ વહેતી નદીઓના અભાવે પાતાળમાંથી પાણી ખેંચવુ પડે છે. પરિણામે લોકો ફ્લોરાઈડ જેવા રોગના ભોગ બન્યા છે.

## હવામાન :

હવામાનની દ્રષ્ટિએ આ જિલ્લામાં ગરમીનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. મહેસાણા જિલ્લો કર્કવૃત્ત પર આવેલો જિલ્લો હોવાથી ઉષ્ણ કટિબંધના સિમાડે આવેલો ગણાય. તેથી વાતાવરણની દ્રષ્ટિએ આ જિલ્લાની આબોહવા ગરમ અને સૂકી છે. શિયાળામાં આ જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધુ હોય છે. ચોમાસામાં અહીં વરસાદનું પ્રમાણ જરૂરિયાત મુજબનું રહેતા, સિંચાઈ તથા પાક ઉત્પાદનમાં સારો વધારો જોઈ શકાય છે.


## જોવાલાયક સ્થળો :

મહેસાણા, તારંગા, મોઢેરા, વડનગર, ઊંઝા, વિસનગર, બહુચરાજી, ઐઠોર, આસજોલ, વિજાપુર-લાડોલ, કડી, ધરોઈ, લાંઘણજ, વણપુર, ખેરવા, ઊનાવા, ભોંયણી, ઝૂલાસણ, ખેરાલુ, પાલોદરા, મરતોલી વગેરે.



# મહિસાગર જિલ્લો




રાજસ્થાન
અરવલ્લી
ભા
૨
૧
પંચમહાલ
દાહોદ

| | | |
|---|---|---|
| **જિલ્લાનુંનામ** | : | **મહિસાગર** |
| સ્થાનિકનોટીફિકેશન | : | સરકારશ્રીના મ.વિ.ના જાહેરનામા ક્રમાંક જી.એચ.એમ. /૨૦૧૩ / ૭૩-એમ.પીએફઆર/૧૦૨૦૧૩ / ૧૩૯/એલ-૧તા.૧૩/૦૮/૧૩- |
| સ્થાપનાનું વર્ષ | : | નવાજિલ્લાની રચના તા.૧૫-૦૮-૨૦૧૩ |
| વડુ મથક | : | લુણાવાડા |
| પૃથ્વી પર સ્થાન | : | ભૌગોલિકઃ ગુજરાતની ઉત્તર પૂર્વે રાજસ્થાન સરહદ અક્ષાંશઃ૨૨.૮૫ ઉ.અ.થી ૨૩-૨૩ ઉ.અ./રેખાંશ-૭૨.૯૬ પૂ.રે.થી ૭૩.૭૫ પુ.રે |
| ક્ષેત્રફળ | : | ૨૯૩૦ ચો.કિ.મી. |
| વસતિ | : | સ્ત્રી-૪,૮૮,૪૭૭ + પુરૂષ-૫,૧૯,૧૦૫ કુલ = ૧૦૦૭૫૮૨ મુખ્ય વસતી હિન્દુ મુસ્લિમ |
| વસતિ ગીચતા | : | એક ચો.કિ.મીટરે ૪૦૩ વ્યક્તિઓ |
| તાલુકા | : | ૬ (બાલાસિનોર, કડાણા, ખાનપુર, લુણાવાડા, સંતરામપુર, વિરપુર) |
| ગામો | : | ૭૫૧ |
| મુખ્ય ખનીજ | : | રેતી, પથ્થર |
| જમીનનો પ્રકાર | : | ગોરાડુ, પથરાળ, કાળી, ઉપજાઉ-૧૮૫૧૧૦ હેક્ટર, પડતર. ૮૫૫૩ હેક્ટર |
| આબોહવા | : | ઉનાળો, શિયાળો, ચોમાસુ |
| નદીઓ | : | મહિસાગર, પાનમ, ભાદર, ચિબોટા |
| તળાવો | : | વસંત સાગર, કનકાતળાવ, ખરસોલી તળાવ, |
| ડેમો | : | કડાણા ડેમ,ભાદર ડેમ |
| જિલ્લાના રસ્તા | : | રાષ્ટ્રીય (૧) હાલોલ- શામળાજી, અમદાવાદથી ઈન્દોર |
| જોવાલાયક સ્થળો | : | કડાણાડેમ, ધાર્મિક-કલેશ્વરી ધામ, કેદાર નાથ મહાદેવ ધામોદ, માનગઢ ગુરુગોવિન્દસિંહ ધામ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૭૪૬ |
| યોજાતા લોકમેળા /ધાર્મિક તહેવારો | : | રવાડીનો મેળો, સંતરામપુર, કલેશ્વરી ધામ ખાતે શિવરાત્રીનો મેળો, માગશરી પુનમનો માનગઢ મેળો, નદીનાથ મહાદેવ ઘોડીયાર ખાતે મહી પુનમનો મેળો |
| પશુપાલન પ્રવૃત્તિ | : | ગાય, ભેંસ, બકરી, ઘેટું, બળદ, ઘોડો, ઊંટ, ગધેડુ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક શાળાઓ- ૧૨૨૮, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ- ૨૦૩, કોલેજો-૨૨ |
| જિલ્લાના સપૂતો/વિભૂતિઓ | : | સ્વાતંત્ર્ય સેનાની સ્વ. કમળાશંકર પંડ્યા અને ગુરુગોવિંદસિંહ |
| સિંચાઇ સેવાઓ | : | (૧) મહીસાગર નદી પર કડાણા ગામ પાસે કડાણા યોજના, (૨) પાનમ નદી પર પાનમ યોજના. |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૩, (લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર) |
| લોકસભાની બેઠકો | : | (૧) ગોધરા સંસદીય મતવિસ્તારમાં લુણાવાડા બાલાસિનોર |
| | : | (૨) દાહોદ સંસદીય મતવિસ્તારમાં સંતરામપુર |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૨૦ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૧૧૦ |
| નગરપાલિકાઓ | : | ૦૩ |
| લોકજીવન- રહેણીકરણી | : | પુરૂષો- પેન્ટ, શર્ટ, જૂની પેઢીના લોકો ધોતી- પહેરણનો પહેરવેશ, સ્ત્રીઓ ગુજરાતી સાડી પંજાબી વગેરે તથાં ઘરેણાંના શોખીન. |
| સાક્ષરતા દર | : | ૭૨.૩૨ ટકા |
| બાળ-વાડીઓ/આંગણવાડીઓ | : | ૧૧૬૩ |

| | | |
|---|---|---|
| પાંજરાપોળ/ ગૌશાળાઓ | : | ૧ ગૌશાળા લુણાવાડા<br>લુણાવાડા : લુણાવાડા મહાદેવના પૌરાણિક મંદિર પરથી લુણાવાડા તાલુકાનું નામ પડેલું છે. રાજાનો રાજમહેલ, ભોમાનંદ મહારાજનો આશ્રમ, કાકચિયાનો ત્રિવેણી સંગમ વેરી પાનમ- મહી, લુણેશ્વર, રણછોડરાય મંદિર, સ્વામિનારાયણ મંદિર, શનિદેવ મંદિર વગેરે લુણાવાડાની શોભામાં અભિવૃધ્ધિ કરે છે.<br>સંતરામપુર : સંતરામપુરનો મહારાજાનો તળાવ બંગલો, જૈનોનો રવાડીનો મેળો, હવા મહેલ, સાતકુંડા ગામમાં સાતપાણીના ઝરા વગેરે જોવાલાયક સ્થળો છે.<br>ખાનપુર : ભાદર નદી પરનો ડેમ, કારંટામાં પીર મહંમદશાહની દરગાહ, ઝરમઈ માતાનું મંદિર (નવાગામ) કલેશ્વરી નાળ જોવા લાયક સ્થળો છે. કલેશ્વરીની નાળમાં-જન્માષ્ટમી અને મહાશિવરાત્રિનો મેળો, મડોદી બોરવઈનો ઝાલાનો મેળો, છાણી-બાકોર ચાડિયાનો મેળો, મહીસાગર (મધવાસ) નદી પરનો ફાગણી પૂનમે હોળીનો મેળો. સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરે છે. લીબડિયા ગામે રાજવી પરિવારનો રાજમહેલ જોવાલાયક છે. કલેશ્વરી પુરાતત્વ સ્મારક તરીકે જાહેર થયેલ છે. |
| લુણાવાડાનો ઇતિહાસ | : | નવરચિત મહિસાગર જિલ્લાનું મુખ્ય સ્થળ લુણાવાડા ભૌગોલિક, વ્યવસાયિક અને કુદરતી સૌંદર્યની દ્રષ્ટિએ ઐતિહાસિક નગર છે. જેનું સુંદર વર્ણન અંગ્રેજ પ્રવાસી વોલ્ટર હેમિલ્ટને ઇ.સ.૧૮૨૦માં તેમના પુસ્તકમાં કરેલું છે.<br>ઇ.સ. ૧૪૩૪ માં વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) ના શુભ દિને રાજા ભીમસિંહજીએ લુણનાથ બાબાની (અખાડાના સ્થાપક નાથ સંપ્રદાયના અગ્રણી) પ્રેરણા અને આશિષથી તેમજ નગરદેવ લુણેશ્વરની કૃપાથી તેમના નામ પરથી આ નગરનું લુણાવાડા તરીકે નામાભિધાન કરવામાં આવ્યું.<br>રાજાભીમસિંહજીએ ઇ.સ. ૧૪૩૪ માં પોતાના મહેલમાં શિવાલય બનાવ્યું. ઇ.સ. ૧૭૨૮ માં રાજા નરહરસિંહજીએ વૈશાખ સુદ દસમના દિવસે નગરના ફરતે કોટ બનાવવાનું ખાતમૂહૂર્ત કર્યું. નગરના રાજા ફતેસિંહજીએ લુણાવાડામાં સતી પ્રથાનો કુરિવાજ દૂર કરવા ઢંઢેરો પીટાવ્યો. આ ઉપરાંત તેમને રણછોડજીનું મંદિર (૧૯૦૩) અને સ્વામિનારાયણના મંદિરની (૧૯૦૪) પણ સ્થાપના કરી.<br>લુણાવાડા નગરમાં મ્યુનિસિપાલિટીની સ્થાપના ઇ.સ.૧૮૭૨માં થયેલી. ભારતની સૌપ્રથમ વસ્તી ગણતરી મુજબ લુણાવાડા નગરની વસ્તી ૯૬૬૨ હતી. |

**મોરવા હડફ :**

હડફ - કબૂતરી અને પાનમનો ત્રિવેણી સંગમ આ તાલુકાની અનોખી વિશેષતા છે. આ તાલુકામાં વસતા આદિવાસી સમાજની લોક સંસ્કૃતિ રીત રિવાજ, ઉત્સવો, મેળાઓ તાલુકાની આગવી ઓળખ ઊભી કરે છે. રામપુરનો ચાડિયાનો લોકમેળો તેમજ ઝાલાનો મેળો તાલુકાની વિશેષતા છે.



**લુણાવાડા :**

લુણેશ્વર મહાદેવના પૌરાણિક મંદિર પરથી લુણાવાડા તાલુકાનું નામ પડેલું છે. રાજાનો રાજમહેલ, પાણીવાલ ડેરી, ચોપડાનું દૂધ શીત કેન્દ્ર, ભોમાનંદ મહારાજનો આશ્રમ, કબીર આશ્રમ, કાકચિયાનો ત્રિવેણી સંગમ વેરી પાનમ-મહી, લુણેશ્વર, રણછોડરાય મંદિર, સ્વામિનારાયણ મંદિર, શનિદેવ મંદિર વગેરે લુણાવાડાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.



**સંતરામપુર :**

સંતરામપુરનો મહારાજાનો તળાવ બંગલો, જૈનોનો રવાડીનો મેળો, હવા મહેલ, સાતકુંડા ગામમાં સાતપાણીના ઝરા વગેરે જોવાલાયક સ્થળો છે.



**કડાણા :**

નદીનાથ મહાદેવ ડુંગર પર આવેલું રમણિય સ્થળ છે. જ્યાં બાર જ્યોતિર્લિંગની સ્થાપના કરેલી છે. મૂનપૂરીઆ મહાદેવ મંદિર જોવાલાયક છે. કડાણા ડેમ કડાણાની આગવી ઓળખ છે. કડાણાનું હાઈડ્રોપાવર પ્રોજેક્ટ વીજ ઉત્પાદન માટે જાણીતું છે. બ્રહ્મા ગામે બ્રહ્માજીનું એક માત્ર ખુલ્લું મંદિર શોભામાં વધારો કરે છે.



**ખાનપુર :**

ભાદર નદી પરનો ડેમ, કારંટામાં પીર મહંમદશાહની દરગાહ, ઝરમઈ માતાનું મંદિર (નવાગામ) કલેશ્વરી નાળ જોવા લાયક સ્થળો છે. કલેશ્વરીની નાળમાં - જન્માષ્ટમી અને મહાશિવરાત્રિનો મેળો, ખડોદી બોરવઈનો ઝાલાનો મેળો, છાણી-બાકોર ચાડિયાનો મેળો, મહિસાગર (મધવાસ) નદી પરનો ફાગણી પૂનમે હોળીનો મેળો. સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરે છે. લીંબડિયા ગામે રાજવી પરિવારનો રાજમહેલ જોવાલાયક છે. કલેશ્વરી પુરાતત્ત્વ સ્મારક તરીકે જાહેર થયેલું છે.



**લુણાવાડાનો ઇતિહાસ :**

નવરચિત મહિસાગર જિલ્લાનું મુખ્ય સ્થળ લુણાવાડા ભૌગોલિક, વ્યવસાયિક અને કુદરતી સૌંદર્યની દ્રષ્ટિએ ઐતિહાસિક નગર છે. જેનું સુંદર વર્ણન અંગ્રેજ પ્રવાસી વોલ્ટર હેમિલ્ટને ઈ.સ. ૧૮૨૦માં તેમના પુસ્તકમાં કરેલું છે.

ઈ.સ. ૧૪૩૪માં વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ)ના શુભ દિને રાજા ભીમસિંહે લુણનાથ બાબાની (અખાડાના સ્થાપક નાથ સંપ્રદાયના અગ્રણી) પ્રેરણા અને આશિષથી તેમજ નગરદેવ લુણેશ્વરની કૃપાથી તેમના નામ પરથી આ નગરનું 'લુણાવાડા' તરીકે નામાભિધાન કરવામાં આવ્યું.



રાજા ભીમસિંહે ઈ.સ. ૧૪૩૪માં પોતાના મહેલમાં શિવાલય બનાવ્યું. ઈ.સ. ૧૭૨૮માં રાજા નરહરસિંહે વૈશાખ સુદ દસમના દિવસે નગરના ફરતે કોટ બનાવવાનું ખાતમૂર્હુત કર્યું. નગરના રાજા ફતેસિંહે લુણાવાડામાં સતી પ્રથાનો કુરિવાજ દૂર કરવા ઢંઢેરો પીટાવ્યો. આ ઉપરાંત તેમને રણછોડજીનું મંદિર (૧૯૦૩) અને સ્વામિનારાયણના મંદિરની (૧૯૦૪) પણ સ્થાપના કરી.

લુણાવાડા નગરમાં મ્યુનિસિપાલિટીની સ્થાપના ઈ.સ. ૧૮૭૨માં થયેલી. ભારતની સૌપ્રથમ વસ્તી ગણતરી મુજબ લુણાવાડા નગરની વસ્તી ૯૬૬૨ હતી. આ જ વર્ષમાં જર્મન પ્રોફેસર ડૉ. બુલ્હરે લુણાવાડાના નાગરવાડામાં આવી સંસ્કૃત વિદ્વાનોનું તામ્રપત્ર આપી બહુમાન પણ કર્યું હતું. લુણાવાડા નગરના છેલ્લા રાજવી મહારાજા વીરભદ્રસિંહજી હતા.

**રાજમહેલ (લુણાવાડા) :**

વિશ્વના ભૌગોલિક નકશા ઉપર લુણાવાડા ૨૩.૦૭ લેટીટ્યુડ અને ૭૩.૩૪ લોજીટ્યૂડ પર વસેલું છે. લુણાવાડાની સ્થાપનાને ૫૭૬ વર્ષ વીતી ગયા છે.

મહારાજા વખતસિંહજી અને તેમના પૌત્ર વીરભદ્રસિંહજીએ લુણાવાડાનું શાસન આધુનિક રીત પર લાવવામાં અતિ યોગદાન આપ્યું અને સક્રિયતા પ્રાપ્ત કરી. વખતસિંહજીના બીજા પુત્રવધુ શ્રીમતી સજ્જનકુંવરબાએ ઈ.સ. ૧૯૧૬માં ભવ્ય હાઈસ્કૂલની નવી ઈમારતનું નિર્માણ કર્યું હતું. રાજાએ પ્રજાને તંત્રની જવાબદારીમાં ભાગીદાર બનાવ્યાં જે તે સમયે ખૂબ સાહસભર્યું અને અત્યંત મહત્ત્વનું કદમ હતું. તેમજ શિક્ષણમાં રાજ્ય તરફથી ખૂબ જ નિષ્ઠાપૂર્વક ધ્યાન રખાતું. કાલીકા માતાના પર્વતની ગોદમાં સોલંકી કુળનો પ્રાચીન ભવ્ય રાજમહેલ અને ઘંટાઘર આવેલા છે.



**સંતરામપુરનો ઇતિહાસ :**

સંતરામપુર એ અગાઉના સંત રવાડાનું પ્રથમ કોટિનું પાટનગર હતું. એવું મનાય છે કે, માલવા રાજવંશના પુવાર અને પરમાર રાજપૂત રાજવીઓ અહીં

રાજ કરતા હતા. ઈ.સ. ૧૨૪૭માં જ્યારે ઝાલોદના રાજા જાલમસિંહ મુસ્લિમોના હાથે પરાજિત થયા અને તેમની હત્યા કરવામાં આવી. તેમના પુત્ર સંત અને ભાઈ લીમદેવને ઝાલોદ છોડવું પડ્યું. ઝાલોદ છોડીને તેઓ ડુંગરોમાં જીવન ગાળતા હતા.

થોડાક વર્ષ પછી ૧૨૫૫માં સંત બ્રહ્મપુરી નામના ગામમાં સ્થાયી થયા હતા અને બ્રહ્મપુરીનું નામ બદલી સંત રાખ્યું. આ સંત રાજ્ય અમદાવાદના મુસ્લિમ રાજવીનું ખંડીયું (ખંડણી ભરનાર) રાજ્ય હતું. આ નગરની એક તરફ સુખી નદી અને બીજી તરફ ચીબોટા નદી વહે છે. સંતરામપુર નગરને અડીને આવેલા ડુંગરની ટોચ ઉપર રાજા પ્રવિણ સિંહજીએ બંધાવેલ રજવાડી હવા મહેલ તથા જોરાવર સાગર રાજઘરાનાની જાહોજલાલીની ગવાહીરૂપે આજે પણ અડીખમ ઊભો છે.

**ત્રિવેણી સંગમ - કાકચિયા :**

ઐતિહાસિક ભૂમિ ધરાવતા આ પ્રદેશ પૈકીનું "કાકચીયા" લુણાવાડાથી ૭ કિ.મી. દૂર આવેલું છે. કાકચિયા ત્રણ નદીઓના સંગમથી ત્રિવેણી સંગમ બને છે. આ ત્રિવેણી સંગમ પર પુરાતન કેદારેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. નજીકમાં જ વણાકબોરી ડેમ હોવાથી આ નદી બારેમાસ પાણીથી ભરપૂર રહે છે. આ ત્રિવેણી સંગમ પર લઘુરુદ્ર અને નારાયણ બલી જેવા ધાર્મિક ક્રિયાકાંડ કરવા માટે લોકો આવતા હોય છે. અલ્હાબાદ પ્રયાગમાં ગંગા, યમુના અને પાતાળે સરસ્વતી આમ ત્રિવેણી સંગમ છે જ્યારે અહીં તો પાનમ, મહી અને વેરી નદી આમ વાસ્તવિક ત્રિવેણી સંગમ છે.

**ગુજરાત જલિયાંવાલા (માનગઢ હત્યાકાંડ) :**

'હત્યાકાંડ' શબ્દ કાને પડે એટલે માનવમન અગાધ ભૂતકાળમાં સરી પડે છે અને શોધવા મંડી પડે છે. હત્યાકાંડનું વર્ષ, ઘટના, કારણો-પરિણામો અને શહીદોની સંખ્યા અને નામાવલિ. ઇતિહાસ સાથે સાધારણ પરિચય ધરાવનારની જીભ પર 'બેસ્ટાઈલ જેલનો હત્યાકાંડ' (ફ્રાંસ, ૧૭૮૯), 'લોહિયાળ બાગ હત્યાકાંડ' (અમૃતસર, ૧૯૧૯) વગેરે નામો આવી જાય. પરંતુ આપણા ગુજરાતના સીમાડા પર ઈ.સ. ૧૯૧૩માં 'માનગઢ હત્યાકાંડ' સર્જાયો હતો.

માનગઢ હત્યાકાંડ ૧૭ નવેમ્બર, ૧૯૧૩ના રોજ ગુજરાતની સરહદ પર આવેલા માનગઢના ડુંગર પર સર્જાયો હતો. તે આદિવાસીઓના મહાન બલિદાનની ગૌરવશાળી ઘટના હતી. સમગ્ર માનગઢ ઘટનાના કેન્દ્રમાં ભીલોના ગુરુ ગોવિંદ (૧૮૬૩-૧૯૩૧) હતા. હત્યાકાંડ શબ્દમાં અથડામણ, અફડા-તડફીનો ભાવ તો હોય છે જ. જ્યારે માનગઢ હત્યાકાંડ પાછળ ચોક્કસ વિચારસરણી ગોવિંદ ગુરુની સમાજ-ધર્મ સુધારણાની પૃષ્ઠભૂમિ પણ રહેલી હતી.

ભીલોના ગુરુ ગોવિંદનો જન્મ ઈ.સ. ૧૮૬૩માં રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વેદસા ગામે વણઝારા કુટુંબમાં થયો હતો. બિલકુલ અક્ષરજ્ઞાન નહીં પામેલા તેઓએ ૨૧ વર્ષની ઉંમરે વૈરાગી જીવન જીવવાનો પ્રારંભ કર્યો હતો. દરમિયાન ઉદેપુરમાં આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીને પણ મળ્યા હતા. ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦ના 'છપ્પનિયા દુકાળે' રાજસ્થાન અને ગુજરાતના આદિવાસીઓમાં કાળો કેર વર્તાવી દીધો દુષ્કાળના ખપ્પરમાં હોમાતા અનેક સામાજિક- ધાર્મિક દૂષણોમાં સબડતા ભીલો માટે સંવેદના જાગી અને પરિણામે રચાઈ મહાન સમાજ સુધારા પ્રવૃત્તિની પૃષ્ઠભૂમિ. તત્કાલીન આદિવાસીઓની સામાજિક - આર્થિક- રાજકીય સ્થિતિ જોયા પછી તેઓ સામે સમાજ સુધારા ચળવળનો સુંદર આદર્શ પ્રસ્તુત કર્યો. જેમાં એકેશ્વરવાદનું પાલન, શારીરિક સ્વચ્છતા, દારૂ-માંસાહાર, ખૂન-લૂંટફાટ ન કરવાં, ચોરી વ્યભિચારથી દૂર રહેવું, ધાર્મિક તહેવારો પર ઉપવાસ કરવા વગેરે ઉપદેશો મૂક્યા હતા. તેનો સુવ્યવસ્થિતપણે પ્રચાર કરવા માટે 'સંપસભા' (૧૯૦૫) નામના ધાર્મિક સંગઠનની સ્થાપના કરી (૧૯૦૫). તેના નેજા હેઠળ ધૂણીઓની સ્થાપના કરવામાં આવી. પંચમહાલ અને રાજસ્થાનમાં ભીલોની મોટી સભાઓનું આયોજન કરી તેઓમાં સંસ્કૃતિકરણના બીજ રોપ્યાં. તેઓની આ પ્રવૃત્તિઓ સમગ્રતયા 'ભગત ચળવળ' કે 'ભગત સંપ્રદાય' તરીકે પ્રચલિત બની હતી. કારણકે તેમના આદિવાસી અનુયાયીઓ 'ભગત' તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.

ગોવિંદ ગુરુની સુધારા પ્રવૃત્તિઓએ દેશી રાજ્યોના અર્થતંત્રની કમર તોડી નાખી હતી. કારણ ગોવિંદ ગુરુના દારૂ ન પીવાના ઉપદેશને કારણે જ ઈ.સ. ૧૯૧૨માં સંતરામપુર રાજ્યની દારૂની આવકમાં છ હજાર રૂપિયા, જે એ સમયે ધરખમ ગણાય તેવો ઘટાડો થયો હતો. દેશી રાજ્યોની આવકમાં આવેલા અણધાર્યા ઘટાડા અને આદિવાસીઓમાં આવેલી જાગૃતિ તેમના માટે ગંભીર ચિંતાનું કારણ બન્યું. એટલે તેઓ ભગત સંપ્રદાયની






પ્રવૃત્તિઓને કચડી નાખવા મેદાને પાડ્યા. જેના ભાગરૂપે સંપ્રદાયની ધૂણીઓ ખોદી કાઢવી, આદિવાસીઓને પરાણે દારૂ પીવડાવવો, સંપ્રદાયની ઓળખરૂપ કેસરી સાફો, રુદ્રાક્ષની માળા ધારણ કરવાની મનાઈ વગેરે જેવાં દુષ્કૃત્યો આદર્યા..

તેનાથી ત્રાસી ગોવિંદ ગુરુ અને તેમના શિષ્યોએ પહેલાં ઈડર અને પછી માનગઢ ડુંગર પર આશ્રય લીધો જે આજે પણ આદિવાસીઓ માટે પવિત્ર સ્થળ મનાય છે.

આ જ સમયે દેશી રજવાડાંઓ અને તેમને પ્રોત્સાહિત કરતી બ્રિટિશ સરકારથી હારી થાકી ગોવિંદ ગુરુએ ‘ભીલરાજ’ સ્થાપવાનું સ્વપ્ન સેવ્યું. મરાઠાઓના આગમન પહેલાં ભીલ રાજાઓના નાનાં-મોટાં રાજ્યો હતા. પરંતુ બ્રિટિશ મહેસૂલ નીતિના દુષ્પરિણામો તથા સ્થાનિક રાજાઓની કુટિલતાથી તેઓ જમીન-જાગીર વિહોણા અને સત્તાવિહીન બન્યાં હતા. ગોવિંદ ગુરુએ પોતાના શિક્ષિત શિષ્ય પૂંજા ધીરજ પારગીના માર્ગદર્શનમાં ભીલરાજનો વિચાર રજૂ કર્યો અને માનગઢ ખાતે મોટા પ્રમાણમાં ભીલોને એકઠાં કરી નવેમ્બર ૧૯૧૭માં ભીલરાજનું રણશિંગુ ફૂંકવાનું નક્કી કર્યું. તેના ભાગરૂપે ૧૭ નવેમ્બર, ૧૯૧૩ (માગસર સુદ પૂનમ)ના રોજ મોટા મેળાનું આયોજન કર્યું. મેળાના આમંત્રણરૂપે ભગત સંપ્રદાયના ઝંડાઓ ભીલ વિસ્તારોમાં વહેંચાયા. આદિવાસીઓએ ગોવિંદ ગુરુના કહેણ પર જાત ન્યોછાવર કરવા પણ તૈયાર હતા. તેઓ ધાર્મિક વિધિઓની વસ્તુઓ ઉપરાંત બંદૂકો, તલવારો, તીરકામઠાં અને ગોફણોથી સુસજ્જ હતા. ગોવિંદ ગુરુએ તેમને દુશ્મનોની બંદૂકની ગોળીઓને પણ પાણી બનાવી દેશે એવી ધરપત પણ આપી હતી. પ્રસ્તુત આસ્થા સાથે પંચમહાલના આદિવાસીઓ પણ આ જ મહાન ઐતિહાસિક વ્યક્તિત્વ ધરાવતા ગોવિંદ ગુરુના ચમત્કારની આશાએ આખરી શ્વાસ સુધી ભીલરાજની સ્થાપના માટે લડવા તૈયાર થયા હતા. નવેમ્બર ૧૯૧૩ના પહેલાં અઠવાડિયાથી જ ભીલો માનગઢ મુકામે એકઠા થયા હતા.

માનગઢ પર આદિવાસીઓનું વિશાળ સંખ્યામાં ભેગા થવું એ સુંથ (સંતરામપુર), કુશળગઢ, વાંસવાડા અને ડુંગરપુર જેવાં રાજ્યો માટે ઘેરી ચિંતાનું કારણ બન્યું હતું. તેથી સંતરામપુરના રાજાએ ગોવિંદ ગુરુની ધરપકડ કરી માનગઢ પરથી આદિવાસીઓને તાત્કાલિક વિખેરી નાખવા બ્રિટિશતંત્રને વિનંતી કરી. કારણકે દેશી રજવાડાઓ અને બ્રિટિશ વહીવટી તંત્ર સુધ્ધા આદિવાસીની સંગઠિત તાકાત કેવાં પરિણામો નિપજાવી શકે તેનાથી સુપેરે વાકેફ હતા. ૧૮૫૭ના વિપ્લવ સમયે તથા ૧૮૬૭માં આદિવાસીઓના વિદ્રોહને દબાવવામાં નાકે દમ આવી ગયેલો, એ તો બ્રિટિશરો પણ ભૂલી શકે તેમ નહોતા.

### જેરમઈ માતા : (ખાનપુર)

**સ્થાન :** ખાનપુર તાલુકાના મુખ્યમથક બાકોરથી ૧૪ કિ.મી.ના અંતરે પાંડરવાડાથી ડીંટવાસ રોડની બાજુમાં આવેલ ફોરેસ્ટ ગેસ્ટ હાઉસથી અંદરના ભાગમાં દક્ષિણ દિશામાં ૧ કિ.મી. દૂર કુદરતી હરિયાળી ધામ આવેલું છે.

**ઈતિહાસ :** ખાનપુર તાલુકામાં આવેલું લવાણા ગામે કલેશ્વરી માતા અને નવા ગામમાં આવેલ જેરમઈ માતા બંને બહેનો થાય. કલેશ્વરી માતાને કળશી બાળકો હતા જ્યારે જેરમઈ માતાને એક પણ બાળક ન હતું. તેથી જેરમઈએ પોતાની બહેન કલેશ્વરી પાસે બાળકની માંગણી કરી પરંતુ, તેમને બાળક આપ્યું નહીં પરંતુ તેની જગ્યાએ મીઠું મધુર પાણી આપ્યું. ગમે તેટલા કાળ પડે તો પણ આ પાણીનું વહેણ બંધ નહીં થાય તેવું વરદાન આપ્યું. બીજું વરદાન કોઈને સંતાન ન હોય તે તારી બાધા રાખશે તો નિઃસંતાનને ઘેર સંતાનનું પારણું બંધાશે. જેથી આ સ્થળ શ્રદ્ધા ભક્તિનું ઉત્તમ પ્રતિક છે. આ સ્થળ પ્રવાસ પર્યટન માટે પણ જાણીતું છે.

### કલેશ્વરી (પુરાતત્વ સ્થળ)

લુણાવાડા જિલ્લાના લવાણા ગામે લુણાવાડાથી ઉત્તરે ૨૦ કિ.મી.ના અંતરે ‘કલેશ્વરી’ કે ‘કલેશ્વરીધામ’

કુંડ



ભીમ ચોરી



અર્જુન ચોરી



પ્રવેશ દ્વાર ચોરી



કલેશ્વરી કૃતિઓ





હીડમ્બાના પગ



ભીમના પગ




તરીકે ઓળખાતું પવિત્ર યાત્રા સ્થળ છે. જેના શિલ્પ સ્થાપત્ય માટે પુરાતત્વ વિદો તથા તેના પ્રાકૃતિક સૌંદર્ય સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલું છે. આ સ્થળે ઈસુની દશમી સદીથી માંડી ૧૯મી સદી સુધીના શિલ્પ સ્થાપત્યો આવેલા છે. આ સ્થળને પુરાતત્વ સ્થળ તરીકે જાહેર કરાયું છે.

### જોવાલાયક સ્થળો :

સાસુની વાવ, વહુની વાવ, શિલાલેખવાળું મંદિર, પ્રાચીન મંદિર, કુંડ, શિકારમઢી, ભીમ ચોરી, અર્જુન ચોરી, ત્રણ પ્રવેશવાળું મંદિર આમ કુલ નવ રાજ્યરક્ષિત સ્મારકો આવેલા છે. અહીં આ સ્થળ લોકોની આસ્થાનું કેન્દ્ર બન્યાં છે.

અહીં પાંડવોએ વસવાટ કરેલો અને ભીમે હેડંબા સાથે અહીં જ લગ્ન કરેલા. એવી લોકમાન્યતા છે. આ જંગલ વિસ્તાર હેડંબાવન તરીકે ઓળખાય છે. પન્નાલાલ પટેલની નવલકથા ‘મળેલા જીવ’માં આવતાં વર્ણનો આ વિસ્તારનાં છે. મહાશિવરાત્રિએ અહીં ભવ્ય લોકમેળો યોજાય છે. જેમાં સમગ્ર રાજ્યભરમાંથી કવિઓ, લેખકો, ભાટ, ચારણો, ભવાઈ વેશવાળા, બજાણિયા, નટ અને વિવિધ કલાકારો ઉપસ્થિત રહી પોતાની આગવી કળાનું પ્રદર્શન કરી મનોરંજન કરે છે.

### ડાયનાસોર ફોસીલ પાર્ક, રૈયોલી, તા. બાલાસિનોર :


ડાયનાસોરના ઈંડા - રૈયોલી, તા. બાલાસિનોર

આ પ્રાગૈતિહાસિક સ્થળ રૈયોલી ડાયનાસોર ફોસીલ પાર્ક બાલાસિનોર મેઈન રોડથી ૮ કિ.મી.ના અંદરના વિસ્તારમાં છે. ગુજરાત સરકાર આ સ્થળના વિકાસ માટે પ્રયત્નશીલ છે. આ સ્થળ વિશ્વના સંશોધકો માટે અમૂલ્ય પુરાતત્વ સંશોધન કેન્દ્ર બન્યું છે. ૧૯૮૧માં પાણીની સમસ્યાના નિવારણાર્થે ખોદકામ કરતા, તેઓને ગોળાકાર અને લગભગ અલગ અલગ આકારના વિવિધ અવશેષો પ્રાપ્ત થયા. તે જોઈ વિશ્વના સંશોધકો અચરજ પામ્યા છે.

આ અવશેષો સાડા છ કરોડ વર્ષ પૂર્વે થઈ ગયેલાં મહાકાય પ્રાણી ડાયનાસોરના હોવાનું જણાતાં તે વિશ્વસ્તરના વૈજ્ઞાનિકોએ રૈયોલી ગામે વધુ શોધખોળ આદરી હતી. અહીં હજારોની સંખ્યામાં ડાયનાસોરનાં ઈંડાઓ અને અશ્મિઓ પ્રાપ્ત થયાં છે.

આ જિલ્લામાં રૈયોલી મુકામે ૨૨૮.૬૧ હેકટર જંગલ વિસ્તારમાં ૬૫ મિલીયન વર્ષ પહેલાં આ પૃથ્વી ઉપર ડાયનોસોર પ્રાણીઓ હયાત હતા. તેની સાબિતી રૂપે હાલ આ વિસ્તારમાં ડાયનોસોરના ઈંડા, ડાયનોસોરના હાડપીંજરના અવશેષો વગેરે મળે છે તેમજ આ બાબતની જાણકારી મેળવવા માટે ઉત્સુક જનતાને સંપૂર્ણ માહિતી મળી રહે તે માટે પ્રવાસન વિભાગ દ્વારા આ વિભાગને રમણીય સ્થળ બનાવવા માટે નાણાકીય ભંડોળ ફાળવેલ છે.

### સ્વામિનારાયણ મંદિર, ગોધર (પશ્ચિમ) :

**સ્થાન :** મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલું ગોધર (પશ્ચિમ) ગામ લુણાવાડાથી ૨૦ કિ.મી. અને સંતરામપુરથી ૧૫ કિ.મી. અંતરે આવેલું છે.

**ઈતિહાસ :** ઈ.સ. ૧૯૮૪થી સ્વામિનારાયણ સંતો પૂ. સત્યસંકલ્પ દાસજી સ્વામિ અને પૂ. નિર્ગુણ જીવનદાસજીએ શરૂ કરેલું ભક્તિ કાર્ય મંદિર સ્વરૂપે ઈ.સ. ૧૯૯૧માં પૂર્ણ થયું ને ‘ગોધર તીર્થ ધામ’ના નામે સમગ્ર જિલ્લામાં તેમજ સમગ્ર રાજ્યમાં પ્રસિદ્ધ બન્યું. સંતો દ્વારા આજુબાજુના વિસ્તારમાં જુગાર-દારુ, ગુટકા-








તમાકુ જેવા વ્યસનો અને અંધશ્રદ્ધા, કુરિવાજો જેવી બદીઓમાંથી લોકોને બચાવવા ગામેગામ સત્સંગ અને ઉપદેશો આપવામાં આવે છે. મંદિરે અવાર નવાર શમિયાણા અને ભંડારા યોજાય છે.

**સમાજ સેવાની પ્રવૃત્તિઓ :**

આદર્શ બાળ શિબિરો - વ્યસન મુક્તિ અભિયાનો - ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થા - આદિવાસી સંમેલનો - વિના મૂલ્યે મેડિકલ કેમ્પ - ફરતું દવાખાનું - બ્લડ ડોનેશન કેમ્પ - રાહત દરે ચોપડા નોટબુકનું તેમજ પશુઓ માટે ઘાસનું વિતરણ થાય છે.

**નદીનાથ મહાદેવ (કડાણા) :**

કડાણાથી બે કિ.મી.ના અંતરે ઘોડિયાર ગામે ટેકરી પર બિરાજમાન નદીનાથ મહાદેવ કડાણા ડેમના પાછળના ભાગે ગુફામાં બિરાજમાન હતા. ડેમ બંધાતા ગુફા ડૂબમાં જતાં હાલનું મંદિર નિર્માણ પામ્યું.

**અન્ય દેવ સ્થાન :**

બાર જ્યોર્તિલિંગ - નવદુર્ગાના નવ સ્વરૂપો - રણછોડરાય ભગવાન - લક્ષ્મીનારાયણ ભગવાન - બળીયા દેવ

**સગવડો :**

ભોજન બનાવવા રસોડુ તથા જમવા વિશાળ હોલ - સુંદર તળાવમાં પેંડલ બોટ - ગામની બે માળની વનકુટિરો - રંગબેરંગી માછલીઓ

**ઉજવાતા ઉત્સવો / મેળાઓ :**

મહા પૂનમે મોટો મેળો ત્રણ દિવસ ચાલે છે. - નવરાત્રી, જન્માષ્ટમી, મહાસુદ પૂનમ, દેવ દિવાળી, પ્રતિષ્ઠા મહોત્સવ.

**માનગઢ ડુંગર :**

માનગઢ હીલ પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાની ઉત્તર-પૂર્વ સરહદ અને પડોશી રાજ્ય રાજસ્થાનના બાંસવાડાની દક્ષિણ બાજુએ વિસ્તરેલ આ પર્વતીય સૌંદર્યધામ આ વિસ્તારના આદિવાસીઓનું પવિત્ર અને ધાર્મિક તીર્થસ્થાન ગણાય છે. સંતરામપુરથી ૨૩ કિ.મી. દૂર આવેલું ઊંચી-નીચી પર્વતમાળાઓ વચ્ચે ફરકતી લાલ-લીલી-ધોળી-પીળી ધજાઓથી સુશોભિત આ માનગઢ ડુંગર આદિવાસી પ્રજાજનોની આસ્થાનું પ્રતિક બની રહ્યું છે. અહીં પ્રાચીન શિવ મંદિર કાળની અનેક થપાટો વચ્ચે અડીખમ ઊભું છે. અહીં ગુરુ ગોવિંદસિંહ તથા વાલ્મિકી ઋષિની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણ, બાબા રામદેવપીર, હનુમાનજી વગેરેની મૂર્તિઓ પણ મૂકવામાં આવી છે. પ્રતિ વર્ષ માગશર પૂનમના રોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડીને પોતાની માનતાઓ પૂરી કરે છે. આખી રાત અખંડ ધૂણી સમક્ષ સત્સંગ, ભજનો ગાઈ ગુરુ ગોવિંદસિંહને દિલથી શ્રદ્ધાંજલિ અર્પે છે.

માનગઢ ડુંગર સાથે કેટલીક રસપ્રદ કથાઓ સંકળાયેલી છે. એક માન્યતા પ્રમાણે આ સ્થળને ગુરૂ ગોવિંદસિંહે 'દુણિયા' ધર્મનું પ્રચાર કેન્દ્ર બનાવ્યું હતું. રાજસ્થાનની વણઝારા કોમના ગુરુ ગોવિંદસિંહનું મૂળ નામ ગોવિંદગર બેચરસિંગ હતું.




# મોરબી જિલ્લો









ક ચ્છ
મોરબી
જા મ ન ગ ર
રા જ કો ટ
સુ રે ન્દ્ર ન ગ ર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | : **મોરબી** |
| ઇતિહાસ | : મોરબીની સ્થાપના મૂળ કચ્છમાંથી આવેલા રાજા કાયાજીએ ઇ.સ.૧૬૯૮માં કરી હતી. |
| સ્થાપનાનું વર્ષ | : ૧૫ ઑગસ્ટ-૨૦૧૩ના રોજ રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લાઓમાંથી મોરબી જિલ્લાની રચના કરવામાં આવી છે. |
| જિલ્લાનો કુલ વિસ્તાર | : ૫૦૯૮.૮ ચો.કિ.મીટર |
| જિલ્લા મુખ્ય મથક | : મોરબી |
| પૃથ્વી પર સ્થાન | : ૨૨.૮૨ અક્ષાંશ- રેખાંશ, ૭૦.૮૩ રેખાંશ રેખા |
| શહેરોની સંખ્યા | : ૩ (મોરબી, વાંકાનેર, હળવદ) |
| ગામડાની સંખ્યા | : ૩૫૬ |
| ગ્રામપંચાયતો | : ૩૪૮ |
| નગરપાલિકાની સંખ્યા | : ૪ (મોરબી, વાંકાનેર, હળવદ અને માળિયા મિયાણા) |
| વસતી (વર્ષ ૨૦૧૧ મુજબ) | : કુલ-૯૭૦૫૪૮ |
| શહેરી વિસ્તારની કુલ વસતી | : ૨૧૦૪૫૧ |
| સરેરાશ વરસાદ | : ૫૦૦ થી ૬૦૦ મી.મી. |
| ખેતીની કુલ જમીન | : ૩.૯૦ લાખ હેક્ટર |
| ખેતીની પિયતવાળી જમીન | : ૦.૯૧ લાખ હેક્ટર જમીન |
| વન વિસ્તાર | : ૨૧૧૬૬.૧૮ હેક્ટર |
| મુખ્ય પાકો | : કપાસ, મગફળી, એરંડા, તલ, બાજરી, ઘઉં, ચણા વગેરે |
| મુખ્ય ઉદ્યોગો | : સિરામિક, ઘડિયાલ, મીઠું, જીનિંગ એન્ડ પ્રોસેસીંગ, બ્લેક ટ્રેપ |
| સરકારી હોસ્પિટલ | : ૨ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | : ૩ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | : ૧૭ |
| કૉલેજો | : ૧૨ |
| હાઇસ્કૂલ | : ૧૪૫ |
| પ્રાથમિક શાળાઓ | : ૬૦૧ |
| બંદર | : નવલખી |
| દરિયાઈ વિસ્તાર | : ૩૫ કિ.મી. |
| સહકારી મંડળીઓ | : ૬૪૬ |
| દૂધ મંડળીઓ | : ૨૪૦ તે પૈકી ૧૮૨ મહિલા દૂધ મંડળીઓ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ | : કુલ-૩ (મોરબી, વાંકાનેર હળવદ) |
| નદીઓ | : ૪ (મચ્છુ, ડેમી, ઘોડાધ્રોઈ, બંગાવડી) |
| ડેમની સંખ્યા | : ૬ |
| સિંચાઈ યોજનાઓ | : મચ્છુ-૧, મચ્છુ-૨, ડેમી-૧, ડેમી-૨સ, ઘોડાધ્રોઈ, બંગાવડી |
| અભયારણ્યો | : રામપરા અભયારણ્ય અને ઘુડખર અભયારણ્ય |

**જોવાલાયક સ્થળો :**

**આઇશ્રી ખોડીયાર મંદિર- માટેલ :** વાંકાનેર- મોરબી ધોરીમાર્ગ ઉપર માટેલ ગામ નજીકનું આઇશ્રી ખોડીયાર મંદિર શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. અહી ચૈત્રી નવરાત્રિમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. અહી પિલુડીનું વૃક્ષ છે જેનું પણ મહાત્મય છે. મંદિરમાં અન્નક્ષેત્ર તેમજ ધર્મશાળાની સુવિધા છે. ગૌસેવા પ્રવૃતિ પણ અહિં ચાલે છે, મોટી સંખ્યામાં લોકો પગપાળા આ મંદિરે દર્શને આવે છે.

**રફાળેશ્વર મહાદેવ- જાંબુડીયા :** મોરબી નજીક જાંબુડીયા ગામ પાસે રફાળેશ્વર મહાદેવનું પુરાણુ મંદિર છે. આ મંદિર મોરબીના મહારાજા લખધીરસિંહજીએ ૧૯૪૬માં બંધાવેલું હતું. અહી પિતૃતર્પણની વિધિનું મહાત્મય છે. મોરબી-વાંકાનેર રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આ મંદિર આવેલું છે. અહી યાત્રાળુઓ માટે રહેવા અને ઉતારાની સુવિધા ઉપલબ્ધ છે.

**શ્રી રામ ચરિત માનસ મંદિર :** રાજકોટ-મોરબી રોડ ઉપર રતનપર ખાતેનું શ્રી રામ ચરિત માનસ મંદિર

ભાવિકોનું શ્રધ્ધાનું કેન્દ્ર છે. શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે. આ મંદિરમાં રામ ચરિત માનસની ચોપાઇઓ આરસ પહાણમાં કોતરાઇ છે. મંદિરના વિશાળ પટાંગણમાં રહેવાની સુવિધા ઉપલબ્ધ છે.

**શ્રીમદ્ રાજચંદ્ર જન્મ સ્થળ વવાણીયા :** મોરબી-નવલખી ધોરી માર્ગ પર મોટા દહીંસરા થઇને વવાણીયા જઇ શકાય છે. માળીયા-મીયાણા તાલુકાના વવાણીયા ગામે શ્રીમદ્ રાજચંદ્રજીનું જન્મ સ્થળ આવેલું છે. શ્રીમદ્ રાજચંદ્રજી પૂજય ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ હતાં.

**મણિ મંદિર- મોરબી :** મોરબીના તત્કાલીન રાજવી શ્રી વાઘજી ઠાકોરના પ્રિયતમા શ્રી મણિબા ૧૯૦૩માં અવસાન પામ્યાં પછી તેમની સ્મૃતિમાં મણિ મંદિર નામની ભવ્ય ઇમારત બંધાવી હતી. જે સ્થાપત્યનું એક અજોડ નજરાણું છે. રાજય સરકારે મણિમંદિરના જીર્ણોધ્ધાર માટે રાજવી પરિવારના આ ભવ્ય વારસાને મ્યુઝિયમ તરીકે વિકસાવવા સોંપેલું છે.

**ઝુલતો પુલ- મોરબી :** દેશમાં કયાંક જ જોવા મળે તેઓ મોરબીનો ઝુલતો પુલ એક નજરાણું છે. બ્રિટીશ સાશન દરમિયાન લાકડાના વાયર દ્વારા આ પુલ બનાવાયો હતો. મચ્છુ નદી પરનો આ પુલ ૧૬૫ ફૂટ લાંબો અને ૪.૫ ફૂટ પહોળો છે. ઝુલતા પુલ પર ચાલતા અનોખો રોમાંચ અનુભવાય છે. મોરબીના તત્કાલિન રાજવીશ્રીએ આ પુલ બંધાવ્યો હતો.

**મહર્ષિ દયાનંદ સરસ્વતિનું જન્મસ્થળ- ટંકારા :** રાજકોટ- મોરબી રોડ ઉપર ટંકારા પૂજય દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ છે. મહર્ષિ દયાનંદ સરસ્વતિએ આર્ય સમાજની સ્થાપના કરી હતી. વૈદિક ધર્મનું અહીં અભ્યાસ કેન્દ્ર છે. આ પવિત્ર સ્થળ સાત એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે. અહીં મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારકની સ્થાપના ઇ.સ.૧૯૫૯માં થઇ હતી. પોરબંદરના પ્રસિધ્ધ સખાવતી શેઠ શ્રી નાનજી કાલીદાસ મહેતાએ આ પવિત્ર સંકુલ સાકાર કરવા દાન આપ્યું હતું.

**વાંકાનેર પેલેસ- વાંકાનેર :** મચ્છુ નદી કિનારે, ગ્રીસ-રોમન પદ્ધતિના શિલ્પ અને સ્થાપત્ય પ્રમાણે બનાવેલો રાજમહેલ જે વાંકાનેરના તત્કાલીન રાજવીએ બનાવેલા આ રાજ મહેલ અમર પેલેસ તેની ભવ્યતા માટે મશહુર છે. આ શહેર પોટરી ઉદ્યોગ અને મેંગલોરી નળિયાના ઉદ્યોગ માટે જાણીતું છે.

**રાણીમા રૂડીમાનું સ્થાનક- કેરાળા :** વાંકાનેર પાસે કેરાળા ગામે આવેલું રાણીમા રૂડીમાનું સ્થાનક જાણીતું છે. આ સ્થળ ભરવાડ જ્ઞાતિના બે નારી રત્નોના ભકિતસભર જીવનથી બનેલા ઇતિહાસનું સાક્ષી છે. ઇ.સ.૧૭ના સૈકામાં રાણીમા રૂડીમાએ અહીં નકળંકની સ્થાપના કરી હતી. સંત મેળાઓ, ભુખ્યાઓને ભોજન, રોગીઓની સેવા અને ગાયોની ગૌશાળા આવેલા છે. આ મંદિર ૭૧ ફૂટની ઊંચાઇ ધરાવે છે.

**ભાદર ડેમ** જેતપુર નજીકનો ભાદર ડેમ એક પર્યટન મથક તરીકે પણ આકર્ષે છે. અર્વાચીન બાંધકામ વિજ્ઞાનનો આ અદભુત નમૂનો છે. નગરો અને ખેતીની જળતૃષા સંતોષતો આ જળબંધ રમણીય સ્થળ છે.

**મોરબી દરબારગઢનો તામ્રપત્ર( લેખ), મોરબી :** વિક્રમ સંવત ૧૬૮૮ (ઇ.સ.૧૬૩૨)માં મોરબીના ગઢના બાંધકામ અંગેનો ઉલ્લેખ છે. જેમાં સંભવતઃ કચ્છના રાવ ભારમલજીનું નામ આપવામાં આવેલું છે. મોરબી અને કચ્છના રાજવીઓ વચ્ચે ઘનિષ્ટ સંબંધો હતા તેની ગવાહી આ તામ્રપત્ર પુરૂં પાડે છે.

**જડેશ્વર મહાદેવનો શિલાલેખ, વાંકાનેર :**

વાંકાનેર પાસે જડેશ્વર મહાદેવની જગ્યા આવેલી છે. આ મંદિરની બહારના ભાગે લખેલ સંસ્કૃત શિલાલેખમાં ૧૩ પંકિતઓમાં શ્રી જડેશ્વર મહાદેવના મૂર્તિ પ્રતિષ્ઠાન વિશેની માહિતી આપેલી છે. જેમાં શક સવંત ૧૮૬૭ વિક્રમ સંવત ૧૮૯૬ (ઇ.સ.૧૮૪૦) માં ગાયકવાડના સેનાપતિ વિઠ્ઠલરાવ બાલાજીએ સૌરાષ્ટ્રમાં વિજય મેળવ્યો તેની યાદમાં શ્રી જડેશ્વર મહાદેવની મૂર્તિનું પ્રતિષ્ઠાન કરવાનો ઉલ્લેખ છે.

વાંકાનેર નજીક ડુંગર ઉપર ૧૯મી સદીની શરૂઆતમાં બનેલુ જડેશ્વર મંદિર સ્વયંભૂ શિવલિંગ છે. શ્રાવણ માસમાં અહીં ભકતજનોનો મેળો જામે છે. વાંકાનેરના તીથવા ગામે આ મંદિર ઊંચા ડુંગર ઉપર આવેલ છે. મંદિરમાં અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવે છે. અહીં યાત્રાળુઓ માટે રાત્રિ રોકાણની વ્યવસ્થા છે.

**કુબેરવાવ, મોરબી :** ત્રણ કુટ અને ત્રણ મજલાવાળી આ વાવ નંદા પ્રકારની વાવ છે. કુટ પરની છત્રીઓના સ્થાને એક સળંગ કમાનરૂપે છત બનાવવામાં આવી છે. જેમાં વચ્ચે ખુલ્લી જગ્યા રાખવામાં આવી છે. આ વાવ આશરે ૧૬મી સદીની હોવાનું જણાય છે. વાવમાં કોઇ અલંકૃત ભાત જોવા મળતી નથી.






# નર્મદા જિલ્લો









વડોદરા
છોટા ઉદેપુર
ભરૂચ
સૂરત
તાપી
મહારાષ્ટ્ર
રાજપીપળા
દેડિયાપાડા
સાગબારા
ઉમરપાડા

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **નર્મદા** |
| જિલ્લા મથક | : | રાજપીપળા |
| સ્થાપના વર્ષ | : | ૨ જી ઓક્ટોબર, ૧૯૯૭ |
| ભૌગોલિક સ્થાન અને સીમા | : | ૨૧.૨૪ થી ૨૨.૦૦ ઉત્તર અક્ષાંશ તથા ૭૨.૦૦ થી ૭૩.૧૫ પૂર્વ રેખાંશ વચ્ચે ગુજરાત રાજ્યમાં દક્ષિણ પૂર્વમાં નર્મદા જિલ્લો આવેલો છે. નર્મદા જિલ્લાની ઉત્તરે વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લો પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્ય, દક્ષિણમાં તાપી અને સૂરત જિલ્લા તથા પશ્ચિમમાં ભરૂચ જિલ્લો છે. |
| ક્ષેત્રફળ | : | ભૌગોલિક વિસ્તાર ૨૭૫૫.૩૬ ચો.કિ.મી. |
| કુટુંબો | : | ૧૨૨૧૭૪ |
| વસતી | : | ૫૯૦૩૭૯, પુરુષ : ૩૦૧૨૭૦, સ્ત્રી : ૨૮૯૧૦૯ |
| ૦થી ૬ વર્ષના બાળકો | : | ૭૮૧૨૩, પુરુષ ૪૦૨૫૦, સ્ત્રી : ૩૭૮૭૩ |
| સાક્ષર | : | ૩૭૦૩૬૬, પુરુષ : ૨૧૧૭૬૭, સ્ત્રી : ૧૫૮૫૯૯ |
| સાક્ષરતાનો દર | : | ૭૩.૨૯%, પુરુષ : ૮૧.૨ %, સ્ત્રી : ૬૩.૧ % |
| જન્મદર | : | ૧૬.૬૯ % |
| મૃત્યુદર | : | ૫.૬૪, જાતિપ્રમાણ : ૯૬૦, વસતી ગીચતા : ૨૧૪ |
| તાલુકાઓની સંખ્યા | : | ૫ (રાજપીપળા, તિલકવાડા, દેડીયાપાડા, સાગબારા, ગરૂડેશ્વર) |
| નગરપાલિકા | : | ૧ (રાજપીપળા) |
| કુલ ગ્રામ પંચાયતો | : | ૨૧૯ |
| સ્વતંત્ર ગ્રામ પંચાયતો | : | ૯૧ જૂથ ગ્રામ પંચાયતોની સંખ્યા : ૧૨૮ |
| કુલ ગામો | : | ૬૦૯ |
| ડુબાણના ગામો | : | ૧૫ (ઉકાઈ ડેમ-૫, નર્મદા ડેમ, કરજણ ડેમ) |
| સામાન્ય વરસાદ | : | ૮૦૦થી ૧૦૦૦ મી.મી. (સરેરાશ) |
| ખેતી હેઠળ કુલ વિસ્તાર | : | ૧૩૦૧૩૯ (હેક્ટર) |
| જંગલ હેઠળ કુલ વિસ્તાર | : | ૧૧૪૭૭૦ (હેક્ટર) |
| સિંચાઈ હેઠળ કુલ વિસ્તાર | : | ૩૦૭૯૭ (હેક્ટર) |
| મુખ્ય જોવા લાયક સ્થળો | : | નર્મદા ડેમ (નવાગામ), ગરૂડેશ્વર, નારેશ્વર, શુરપાણેશ્વર (ગોરા), ભાદરવા દેવ, દેવમોગરા, સગાઈ, માલ સામોટ, નિનાઈ ધોધ, ડુમખલ, જૂના રાજ, વિશાલ ખાડી, ઝરવાણી, પોઈચા સ્વામિનારાયણ મંદિર, હરસિદ્ધિમાતાનું મંદિર, રાજપીપળા વગેરે. |
| ઉદ્યોગો | : | ઈમારતી લાકડાનો ઉદ્યોગ, ફિલ્મ ઉદ્યોગ, અકિક ઉદ્યોગ |
| ગૃહ ઉદ્યોગ | : | ૧૫૮૦, અન્ય : ૩૨૭૧૦ |
| આરોગ્ય સુવિધાઓ | : | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-૨૧, સામૂહિક આરોગ્ય કેન્દ્ર - ૪, જનરલ હૉસ્પિટલ - ૧, કેન્દ્રોની સંખ્યા-૧, લેપ્રસી હૉસ્પિટલ -૧, આયુર્વેદ દવાખાનાની સંખ્યા - ૧૭, મોબાઈલ કોમ્પ્રી. યુનિટ-૨, આઈસીડીએસ ઘટક - ૬, આંગણવાડી કેન્દ્ર - ૯૫૦ |
| તાર - ટપાલ કચેરીઓ | : | ૩, જનરલ પોસ્ટ ઓફિસની સંખ્યા : ૩ |
| પોસ્ટ ઓફિસોની સંખ્યા | : | ૧૨, બ્રાંચ પોસ્ટ ઓફિસોની સંખ્યા : ૧૪૨ |
| જિલ્લાની મુખ્ય નદીઓ | : | નર્મદા, કરજણ, તાપી |
| જિલ્લામાં આવેલા ડેમ | : | કરજણ, નર્મદા ડેમ, ચોપડવાવ ડેમ, નાના કાકડીઆંબા ડેમ તળાવો-૧૦૫, ચેકડેમ-૩૦૫ |


વનવિભાગનું વિશલખાડી ખાતેની પ્રવાસન કેન્દ્ર


શ્રી પાંડોરીમાતાનું મંદિર - દેવમોગરા


વડીયા પેલેસ - રાજપીપળા


કરજણ ડેમ


લાલટાવર- રાજપીપળા


સરદાર સરોવર ડેમ


વિશલખાડીનું પ્રવાસી કોટેજ


મુખ્ય કેનાલ, નર્મદા ડેમ


જિલ્લા પંચાયત ભવન-રાજપીપળા


શ્રી હરસિદ્ધિમાતાજીનું મંદિર - રાજપીપળા


પ્રાચીન નીલકંઠ મહાદેવ - જુનારાજ


વિશ્વેશ્વર મહાદેવનું મંદિર-રાજપીપળા


રાજવંત પેલેસ - રાજપીપળા


બોટીંગની મજા - કરજણ ડેમ



શુલપાણેશ્વર મહાદેવ - ગોરા



ભાતીગળ લોકનૃત્ય



ઈકો ટુરીઝમ - વિશલખાડી



પરંપરાગત આભૂષણયુક્ત મહિલા



ટ્રેકીંગ કેમ્પ સાઈટ - ઝરવાણી



શ્રી ગાયત્રી શક્તીપીઠ ધામ - રાજપીપળા



પાંડોરી માતાના દર્શનાર્થે જતા યાત્રાળુઓ



ઝરવાણી પરિસરીય પ્રવાસન કેન્દ્ર



નિનાઈ ધોધ - દેડીયાપાડા



કાલિકા માતાની મૂર્તિ - દેવમોગરા



કાલા ઘોડા - રાજપીપળા



ઝરવાણીનો ધોધ - નાંદોદ



ઈકોટુરીઝમ - વઝેરીયા

| | | |
|---|---|---|
| મુખ્ય વ્યવસાય | : | ખેતી, પૂરક વ્યવસાય પશુપાલન |
| જિલ્લાના મુખ્ય પાકો | : | કપાસ, ડાંગર, તુવેર, જુવાર, અડદ, મગ, તેલીબિંયા, મગફળી, સોયાબિન, તલ, દિવેલા |
| પશુ દવાખાનાની સંખ્યા | : | ૭, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રની સંખ્યા - ૧૭, ફરતા પશુ દવાખાના એકમ-૨, કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સંખ્યા-૧૭, ઘનિષ્ઠ પશુ સુધારણા ઉપકેન્દ્રો - ૫ |
| રસ્તા-માર્ગ સુવિધા | : | રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૩, રાજ્ય ધોરીમાર્ગ-૨૨૬ કિ.મી. |
| નદીઓ અને પર્વતો | : | મુખ્ય નદીઓમાં નર્મદા, કરજણ અને તાપી નદી છે. જ્યારે અશ્વિની અને તરાવ અન્ય નદીઓ છે. જિલ્લાના નાંદોદ, ડેડિયાપાડા અને સાગબારામાં વનાચ્છાદિત ડુંગરોની હારમાળા છે. |
| શૈક્ષણિક સુવિધાઓ | : | પ્રાથમિક શાળાની સંખ્યા-૬૯૧, માધ્યમિક/ઉચ્ચતર મા. શાળા-૧૦૪ |
| આશ્રમશાળા | : | ૫૨, કૉલેજ : ૬ |
| ખેતીવાડી ઉત્પાદન સમિતિ | : | ૪, સુગર ફેક્ટરી ૧, ખાંડસરી ૧ |

**● વહિવટી માળખું :**

મહેસૂલ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના હુકમ ક્રમાંક પીએફઆર/૧૦૯૭/એલ તા. ૨૪-૯-૧૯૯૭થી તા. ૨-૧૦-૯૭ ના રોજ ગાંધી જયંતીના દિવસથી ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ ભરૂચ જિલ્લાનું બે જિલ્લામાં વિભાજન થતાં નવો નર્મદા જિલ્લો અસ્તિત્વમાં આવેલો છે. નવરચિત નર્મદા જિલ્લાનું મુખ્ય મથક રાજપીપળા છે.

ભરૂચ જિલ્લામાંથી વિભાજિત થયેલ નવરચિત નર્મદા જિલ્લામાંથી (૧) નાંદોદ (૨) ડેડીયાપાડા (૩) સાગબારા તેમજ વડોદરા જિલ્લામાંથી (૪) તિલકવાડા તાલુકાનો નર્મદા જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો છે. નર્મદા જિલ્લાના ચાર તાલુકાઓમાં કુલ ૬૧૨ ગામો આવેલા છે. ૧૫ ગામો કરજણ / નર્મદા / ઉકાઈ ડેમ ડુબાણમાં ગયેલ છે. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે નર્મદા જિલ્લામાં (૧) રાજપીપળા નગરપાલિકા (૨) વડિયા / કરજણ કોલોની અને (૩) કેવડીયા કોલોની શહેરી વિસ્તાર તરીકે જાહેર થયેલા છે.

નર્મદા જિલ્લામાં સને-૨૦૧૧ની વસતી ગણતરી મુજબ રાજપીપળા નગરપાલિકા તેમજ કેવડીયા કોલોની શહેરી વિસ્તાર આવેલા છે. કુલ ૨૧૯ ગ્રામ પંચાયતો ધરાવતો ગ્રામ્ય વિસ્તાર છે. જેમાં ૯૧ સ્વતંત્ર ગ્રામ પંચાયતો તેમજ ૧૨૮ ગૃપ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. જિલ્લાની કુલ વસતી ૫,૯૦,૨૯૭ છે. જે પૈકી ૬૧૮૭૨ શહેરી તેમજ ૫,૨૮,૪૨૫ ગ્રામ્ય વિસ્તારની વસતી છે. જિલ્લાની કુલ વસતીમાં અનુસૂચિત જાતિની વસતી ૮,૭૩૩ છે અને અનુસૂચિત જન જાતિની વસતી ૪,૮૧,૩૯૨ છે.

**● વાતાવરણ :**

નર્મદા જિલ્લાના નાંદોદ, તિલકવાડા  તાલુકાનું હવામાન વધુ ઠંડુ નહિ વધુ ગરમ નહિ તેવું સમઘાત વાતાવરણ કહી શકાય તેવું છે. ડેડીયાપાડા અને સાગબારા તાલુકાનું હવામાન વિષમ ગણી શકાય તેવું છે. ઊષ્ણતામાન ૧૫થી ૪૨ સે. જેટલું છે. વરસાદનું સામાન્ય પ્રમાણ ૮૦૦થી ૧૦૦૦ મી.મી. જેટલું છે.


**● જળસંપતિ :**

નર્મદા જિલ્લાની મુખ્ય નદી નર્મદા નદી ઉપર નવાગામ ખાતે ડેમ બાંધવામાં આવેલો છે. જેને સરદાર સરોવર યોજના તરીકે ઓળખવામાં આવે છે. જળાશયની લંબાઈ ૨૧૪ કિ.મીટર છે. જે વિશાળ વિસ્તારમાં પથરાયેલ મોટો જળભંડાર છે. આ ડેમનું ૧૨૧.૯૨ મીટર સુધીનું કામ પૂર્ણ થતા રાજ્યના સૌરાષ્ટ્ર સુધી પીવાનું પાણી તેમજ ખેતીને પિયત પૂરું પાડવામાં આવે છે. કરજણ નદી ઉપર જીતગઢ ખાતે કરજણ ડેમ બાંધવામાં આવેલ છે. જેમાં પાણીનો વિપુલ જથ્થો સંગ્રહ થાય છે. જેનો લાભ જિલ્લાના નાંદોદ તાલુકાના ખેડૂતોને મળે છે. સાગબારા તાલુકાના ચોપડવાવ ગામની નદી ઉપર ચોપડવાવ ડેમ તથા કાકડીઆંબા ગામની નદી ઉપર કાકડીઆંબા ડેમ બાંધવામાં આવેલો છે. જેનો લાભ સાગબારા તાલુકાના દક્ષિણ તેમજ પશ્ચિમના ખેડૂતોને મળે છે. ઉકાઈ ડેમના જળ સંગ્રહને લીધે સાગબારા તાલુકાના દક્ષિણ પૂર્વના ગામોને અસર થાય છે.


નાની મોટી પનોતીનું મંદિર - નાંદોદ


રામાનંદ આશ્રમ ગુવાર - માંગરોલ


પ્રવાસન કુટિર - માલસામોટ


નમામી દેવી નર્મદે


પરંપરાગત આદિવાસી લોકનૃત્ય


સમરવિલાસ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ - રાજપીપળા


રાજપીપળા સરકારી હાઈસ્કૂલ


સૂર્ય દરવાજા - રાજપીપળા


વિકટોરીયા ગેટ - રાજપીપળા


હજરત નિઝામશાહ દરગાહ


શ્રી સરદાર પટેલ સ્ટેચ્યુ - ભદામ


આદિવાસી ગેરનૃત્ય - રાજપીપળા


દત્ત મંદિર


ગુરુ દત્તાત્રેય

## ● ખનીજ સંપત્તી :

રબ્બર, કપચી, ગ્રીટ ઉત્પાદન થાય છે. ક્વોરી ઉદ્યોગ વિકસ્યો છે.

## ● ઔદ્યોગિક વસાહતો :

ઔદ્યોગિક વિકાસમાં સહારારૂપ થવા માટે જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ઉદ્યોગોને અનુરૂપ શેડ પ્લાન્ટની રચના કરવામાં આવી છે. ઔદ્યોગિક વિસ્તારમાં જમીન, પાણી, રસ્તાઓ, ડ્રેનેજ, ટેલિફોન લાઈન વગેરે સેવાઓ પૂરી પાડે છે. રાજપીપળા ખાતે આવેલી ઔદ્યોગિક વસાહત એસ્ટેટનું નામ : રાજપીપળા. કુલ વિસ્તાર હેક્ટરમાં - ૨૩.૩૯

## ● ભૌગોલિક સ્થાન :

ગુજરાત રાજ્યના દક્ષિણમાં આવેલા નર્મદા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ આ પ્રમાણે છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૨૭૫૫.૩૬ ચો.કિમી. જેટલો છે. જે સમગ્ર રાજ્યના ૧.૪૧ % જેટલો થાય છે. જિલ્લાનું ભૌગોલિક સ્થાન ૨૧.૨૪ થી ૨૨.૦૦ ઉત્તર અક્ષાંશ તથા ૭૨.૦૦થી ૭૩.૧૫ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલું છે. જિલ્લાની ઉત્તર દિશાએ વડોદરા જિલ્લો, દક્ષિણ દિશાએ સૂરત જિલ્લો, પશ્ચિમ દિશાએ ભરૂચ જિલ્લો આવેલો છે. પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્યનો નંદુરબાર જિલ્લો અને મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના અલીરાજપૂરની સરહદ આવેલી છે.

## ● અન્ય માહિતી :

સાગબારા તાલુકાના દેવમોગરા ગામે આદિવાસીઓની કુળદેવી પાંડોરી માતા (દેવમોગરા માતા / યાહામોગી માતા)નું પ્રખ્યાત મંદિર આવેલું છે. જ્યાં વર્ષોથી દર વર્ષે મહાશિવરાત્રિએ ભવ્ય મેળો ભરાય છે. મેળામાં માતાજીનાં દર્શન કરવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા અન્ય રાજ્યોમાંથી માતાના દર્શન કરવા લાખોની સંખ્યામાં લોકો આવે છે. નાંદોદ તાલુકાના સુરપાણેશ્વર મહાદેવ, ગરૂડેશ્વર ખાતે દત્ત મંદિર, રાજપીપળામાં હરસિદ્ધિ માતાનું મંદિર, રાજવંત પેલેસ, વડીયા પેલેસનું રાજમહેલ, તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે ભાદરવા દેવ (ભાથુજી મહારાજ)નું મંદિર આવેલું જ્યાં કારતક સુદ પૂનમે મેળો ભરાય છે. ડેડીયાપાડા તાલુકાના શીશા ગામ નજીક નિનાઈ ધોધ, માલસામોટ જેવા રમણિય સ્થળ આવેલું છે. કોકમ ગામ નજીક ઉમરાના ઝાડના થડ પાસેથી ઠંડા પાણીનું ઝરણું બારેમાસ વહ્યા કરે છે. ડુમખલ ગામ નજીક દેવરા ગામે પુરાતત્વના પુરાવા સમા પૌરાણિક અવશેષો આવેલા છે.

## ● જમીન અને પાકો :

જિલ્લાના ચાર તાલુકાની જમીન ભિન્ન ભિન્ન પ્રકારની જેવી કે ડુંગરાળ, ખાડા ટેકરાવાળી, ગોરાડુ, કાળી અને મધ્યમકાળી છે. જિલ્લાના મુખ્ય પાકો કપાસ, શેરડી, કેળ જેવા રોકડીયા પાકો તેમજ ડાંગર, તુવેર, જુવાર, બાજરી, ઘઉં, મગ, ચણા, સોયાબીન જેવા પાકો પણ થાય છે.





## 'સ્ટેચ્યુ ઓફ યુનિટી ' અખંડ ભારતની આગવી ઓળખ

- ❖ દેશની એકતા અને અખંડિતતાના મહાન શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ.
- ❖ આ પ્રતિમા બનશે દેશની ભાવિ પેઢી માટે પ્રેરણાનો અનંત સ્ત્રોત.
- ❖ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી ભારતની દઢતા, ક્ષમતા અને એકતાનો વિશ્વને પરિચય.
- ❖ સ્ટેચ્યુ ઓફ યુનિટી એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ અને તજજ્ઞો માટે અભ્યાસનો વિષય.
- ❖ સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારક આસપાસના વિશાળ આદિવાસી વિસ્તારમાં વિકાસને મળશે વેગ.
- ❖ સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.
- ❖ સ્ટેચ્યુ ઓફ યુનિટી અમેરીકાના ન્યૂયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી લગભગ બમણી ઊંચાઈ અને રીઓ ડે જાનેરોની ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઈસ્ટ ધ રીડીમર કરતાં પાંચ ગણી ઊંચાઈ ધરાવે છે.
- ❖ સરદાર સરોવર બંધ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની લગભગ દોઢ ગણી ઊંચાઈ છે.
- ❖ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સરદાર સરોવર બંધના હેઠવાસમાં ૩.૨ કિ.મી. દૂર નર્મદા નદી મધ્યે સાધુ બેટ ઉપર નિર્માણ કરવામાં આવ્યું છે.
- ❖ ૨૫ મીટર ઊંચી પીઠિકા ઉપર ૧૫૭ મીટર ઊંચાઈ ધરાવતી પ્રતિમાનું બાંધકામ પૂર્ણ થયું છે.
- ❖ ૧૯ હજાર સ્કવેર મીટરની વિશાળ જગ્યામાં આકાર પામેલા સરદાર પટેલ સ્મારક પ્રોજેક્ટનું અંદાજે રૂ. ૨,૩૩૨ કરોડના ખર્ચે નિર્માણ.
- ❖ સરદાર પટેલની વિશાળ પ્રતિમાથી દેશના પ્રવાસન ઉદ્યોગને મળશે અદ્ભુત વેગ.
- ❖ આ પ્રતિમાને નિહાળવા પ્રતિદિન લગભગ ૧૫,૦૦૦ સહેલાણીઓ મુલાકાત લે એવો પ્રાથમિક અંદાજ છે.
- ❖ પ્રતિમાના ઉપરના સ્થળે મુલાકાતીઓની વ્યુઈંગ ગેલેરીમાં એક સાથે ૨૦૦ સહેલાણીઓ ઊભા રહી શકશે.
- ❖ પ્રતિદિન ૩,૦૦૦ સહેલાણીઓ વ્યુઈંગ ગેલેરી સુધી લીફ્ટ દ્વારા પહોંચી શકશે.
- ❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પ્રોજેક્ટમાં અંદાજે ૭૦ હજાર ટન સીમેન્ટ, ૧૮,૫૦૦ ટન રીઈન્ફોર્સમેન્ટ સ્ટીલ, ૬,૦૦૦ ટન સ્ટ્રક્ચર સ્ટીલનો ઉપયોગ થયો છે.





❖ બ્રોન્ઝ આવરણ ધરાવતી વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમામાં ૨૨,૬૦૦ ચો.મી. આવરણ અને ૧૭૦૦ મેટ્રિક ટન વજન ધરાવે છે.

❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના પ્રોજેક્ટ માટે ૨૫૦ જેટલા ઈજનેરો અને ૩૭૦૦ જેટલા કારીગરો દ્વારા અદ્ભુત પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## દેશ અને દુનિયાના સહેલાણીઓ માટે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી ' બનશે અનોખું આકર્ષણ સ્થળ

❖ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીએ સેવેલું સ્વપ્ન સાકાર થયું છે.

❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ એટલે વિશ્વમાં એકતા - અખંડિતતાનો સંદેશ આપવાની સાથે 'એક ભારત - શ્રેષ્ઠ ભારત'ના મંત્રની પ્રતીતિ.

❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિશ્વના સહેલાણીઓ માટેનું સૌથી મોટું પર્યટન સ્થળ.

❖ પ્રવાસીઓને પ્રદર્શન અટારી સુધી લઈ જવા માટે હાઈસ્પિડ એલિવેટર્સની સુવિધા.

❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની ગેલેરીમાંથી સરદાર સરોવર ડેમ, સાતપુડા અને વિંધ્યાચળની મનોહર પર્વતમાળા જોઈ શકાશે.

❖ સરદાર સરોવર ડેમ વિસ્તારમાં કાયમી ટેન્ટ સિટી આકાર પામશે.

❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના થોડા અંતરે દેશના દુતાવાસની ઢબે દરેક રાજ્યોના અતિથિ ભવનો આકાર પામશે. પ્રધાન મંત્રીશ્રીના એક ભારત - શ્રેષ્ઠ ભારતની પરિકલ્પના આનાથી મૂર્તિમંત થશે.

❖ નર્મદાના તટે ૧૭ કિ.મી. લંબાઈમાં ૨૩૦ હેકટર વિસ્તારમાં દેશ - વિદેશના ફૂલોથી શોભતી નયનરમ્ય વેલી ઓફ ફ્લાવર્સનું નિર્માણ થશે.

❖ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિસ્તારમાં સરદાર પટેલ મ્યુઝિયમમાં ૪૦ હજાર દસ્તાવેજો, ૨૦૦૦ ફોટા અને રિસર્ચ સેન્ટરનું નિર્માણ. સહેલાણીઓની સરદાર વિષે જાણકારી મેળવવાની તમન્નાઓ સંતોષશે.

❖ સાધુ ટેકરીથી મુખ્ય રસ્તા સુધી જોડતાં આકર્ષક પુલની સુવિધા પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરશે.

❖ ૧૦૦ જેટલાં યુવાનોને ગાઈડ તરીકે તાલીમ આપી પ્રવાસીઓને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિસ્તારની રજેરજની માહિતી આપવામાં આવશે.


❖ પ્રવાસીઓ માટે ફૂડકોર્ટ, વોટર પાર્ક, કાફેટેરિયા, ગીફ્ટ શોપ વગેરેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

# નવસારી જિલ્લો









નવસારી
સૂરત
તાપી
ત
ભા
ર
અરબ સાગર
મહારાષ્ટ્ર
વલસાડ

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: નવસારી** |
| જિલ્લાનું ભોગોલિક સ્થાન | : નવસારી જિલ્લો ૨૦.૦૭ થી ૨૧.૦૦ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૪૩થી ૭૩.૦૦ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. |
| કુલ ભૌગોલિક વિસ્તાર | : ૨,૨૦,૦૭૭ હેક્ટર |
| કુલ જંગલ વિસ્તાર | : ૨૮,૬૬૩ હેક્ટર |
| વાવેતર વિસ્તાર | : ૧,૪૬,૯૬૬ હેક્ટર |
| જિલ્લાનું મુખ્ય મથક | : નવસારી |
| કુલ તાલુકાની સંખ્યા | : ૬ (નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, ખેરગામ અને વાંસદા) |
| કુલ ગામોની સંખ્યા | : ૩૯૬ |
| કુલ સ્વતંત્ર ગ્રામ પંચાતોની | : ૩૬૮ |
| કુલ જૂથ ગ્રામ પંચાયતોની સંખ્યા | : ૨૩ |
| કુલ નગરપાલિકાની સંખ્યા | : ૦૪ (નવસારી, વિજલપોર, ગણદેવી, બિલીમોરા) |
| સ્થાપના | : ૨જી ઓકટોબર-૧૯૯૭ના રોજ વલસાડ જિલ્લામાંથી નવસારી જિલ્લાની નવરચના કરવામાં આવી. |
| વડુ મથક | : નવસારી |
| જિલ્લાની વસતી | : પુરુષો - ૬,૭૮,૧૬૫, સ્ત્રીઓ - ૬,૫૧,૫૦૭, કુલ - ૧૩,૨૯,૬૭૨ |
| વસતી વધારાનો દર | : ૭.૮ ટકા |
| અક્ષરજ્ઞાનની ટકાવરી | : ૨૮૩.૮૮ ટકા, પુરુષો ૮૮.૭૫ ટકા, સ્ત્રી ૭૮.૮૩ ટકા |
| વસતીની ગીચતા | : ૫૯૨ (દર ચો.કિ.મી. દીઠ વસતી) |
| દર હજાર પુરુષોએ સ્ત્રીઓ | : ૯૬૧ |
| મુખ્ય પાકો | : ડાંગર, કઠોળ, શેરડી, કેળા, શાકભાજી |
| પૂરક વ્યવસાય | : પશુપાલન |
| મુખ્ય ખનીજ | : બ્લેક ટ્રેપ, રેતી, ઇંટમાટી, સાદીમાટી |
| ઉદ્યોગ | : બીલીમોરામાં વલસાડી સાગમાંથી રાચરચીલું બનાવવાનો ઉદ્યોગ, રસાયણો, ખાંડ, કાગળ, વહાણ ઉદ્યોગ, સ્ટીલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ અને સુતરાઉ કાપડ ઉદ્યોગ, રબર અને તેની બનાવટ, ચર્મ ઉદ્યોગ |
| પરંપરાગત | : વાંસકામ |
| ભૂપૃષ્ઠ | : સપાટ મેદાનો |
| જમીનનો પ્રકાર | : કાળી અને લાલ જમીન |
| વરસાદ | : સરેરાશ ૬૦ ઈંચ |
| નદીઓ | : અંબિકા, કાવેરી, મીંઢોળા, પૂર્ણા, ખરેરા |
| જળાશયો | : કેલીયા અને જુજ ડેમ |
| બંદરો | : ઓંજલ, વાંસી, બોરસી, ધોબાઈ |
| સિંચાઈ સેવાઓ | : ૬૩,૦૯૯ હેકટર |

## ઇતિહાસની અટારીએથી નવસારી

દક્ષિણ ગુજરાતમાં લોકમાતા પૂર્ણા નદીના કિનારે વસેલું નવસારી શાંત, સંસ્કારી અને સ્નેહ-સુમેળભર્યા લોકજીવનની આગવી છાપ ધરાવે છે. આ ઐતિહાસિક નગરની શિલ્પાકૃતિ કંડારવામાં અનેક સંતો, ઓલિયાઓ, રાજવીઓ, કલાકારો અને ઉદ્યાગપતિઓના પુરુષાર્થનો સુદીર્ઘ ઈતિહાસ છે.

નવસારી નામ શાથી પડયું એ અંગે વિવિધ અભિપ્રાયો જોવા મળે છે. વડોદરાની એમ.એસ.યુનિ. પુરાતત્વ વિભાગના નિવૃત્ત અધ્યક્ષ અને ઇતિહાસના નેશનલ પ્રોફેસર ડૉ. આર.એન.મહેતાના મતે નવસારી અંગેનો સૌ પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ બમદામીના ચાલુકય રાજાઓના સમયના ઇ.સ.૬૬૯ના તામ્રપત્રમાંથી મળ્યો છે. રાજા શ્રેયાશ્રય શિલાદિત્યે એક બ્રાહ્મણને દાન આપ્યું હતું જે નિમિત્તે ઉપરોકત તામ્રપત્ર (દાનપત્ર) લખાયું હતું. એમાં નવસારીનો ઉલ્લેખ ''નવસારીકા'' નામે થયો છે. બીજું તામ્રપત્ર ઇ.સ.૮૨૧નું મળ્યું છે.

રાષ્ટ્ર કુટ વંશનો રાજા કર્ક સુવર્ણવર્ષે લશ્કરી છાવણીમાંથી આપેલા દાનનો એમાં ઉલ્લેખ છે. એ સમયે નવસારીમાં જૈનોની વસતી હતી. ''અપરાજિત'' નામના જૈન ગુરુને રાજા કર્કે દાન આપ્યું હતું. ઈ.સ.૮૨ના તામ્રપત્રમાં આનો ઉલ્લેખ છે. (દાનપત્રમાં નવસારીનો ઉલ્લેખ નાગસારિકા એવો થયો છે. નાગસારિકાનો અર્થ નિત્ય એવું થાય છે, જ્યારે નાગસારિકા એટલે નાગદેવતાની પૂજા કરનાર શહેર. થોડો સમય નાગમંડળ અને પારસીપૂરી તરીકે ઓળખાયેલું આ શહેર છેવટે નવસારીમાં વસ્યા પછી પારસીપૂરી અને નવસારી નામો પડયા હતાં.)

## રત્ના ગર્ભા ધરતીઃ-

''સ્વરાજ્ય'' શબ્દના પ્રથમ છડીદાર દાદાભાઇ નવરોજી, ઔદ્યોગિક ક્રાંતિના સર્જક જમશેદજી તાતા, ભારતના સહુપ્રથમ નાઇટ બેરોનેટ શ્રી જમશેદજીભાઇ, જીજીભાઇ, મહારાષ્ટ્રના શેકસપિયર ગણાતા જાણીતા નાટ્યવિદ્ બાલ ગણેશ ગડકરીની આ જન્મભૂમિ. બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવી નાંખનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની દાંડીકૂચનો પ્રસિધ્ધ ઈતિહાસના પાનાની ગરિમા ધરાવતો આ નવસારી જિલ્લો. ગાયકવાડી શાસનમાં નવસારી પ્રાંત હતો. ગુજરાત રાજયની રચના વખતે નવસારીએ એના આ વહીવટી સ્થાન નવસારી જિલ્લા માટે માંગણી કરી, ન મળ્યું, સંઘર્ષ થયા, આંદોલનો થયા, એનો પણ ઇતિહાસ છે. મહાત્મા ગાંધી જન્મજયંતિ તા.રજી ઓકટોબર, ૧૯૯૭ના રોજ અલગ જિલ્લા તરીકે નવસારી પ્રસ્થાપિત થયું.

## જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ :

પશ્ચિમ ભાગમાં દરિયાકાંઠો ૫૩ કિ.મી. લાંબો છે. પૂર્વ ભાગમાં ડુંગરો અને જંગલો છે. જેની જમીન ફળદ્રુપ છે. નવસારી જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૨૨૦૯ ચો.કિ.મીટર છે. જિલ્લાનો પૂર્વ વિસ્તાર કુદરતી વનરાજી અને ડુંગરાઓથી છવાયેલો છે. જયારે પશ્ચિમ વિસ્તાર અરબી સમુદ્રને કારણે નદી, નાળા, કોતરો અને નિચાણવાળી જમીનમાં દરિયાનું પાણી ફરી વળતાં ખારપાટ જમીન આવેલી છે. પૂર્વ અને પશ્ચિમની વચ્ચેનો વિસ્તાર બગીચા લાયક ''ગ્રીન બેલ્ટ'' તરીકે જાણીતો છે. જિલ્લામાં કાવેરી, અંબિકા, અને પૂર્ણા નદીઓ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે.

## નવસારીમાં ગાયકવાડનું આગમન

ઈ.સ. ૧૩૦૪માં સોલંકી વંશના છેલ્લા રાજા કર્ણદેવને હરાવી અલાઉદ્દીન ખીલજી સત્તા ઉપર આવ્યો. ત્યારબાદ અલગ અલગ મુસ્લિમ સત્તાઓ હેઠળ નવસારી આવ્યું. સોલંકી વંશના રાજાઓ બાદ નવસારીનું રાજકીય મહત્ત્વ ઘટ્યું અને અહીં કોઈ અલગ રાજકીય અસ્તિત્વ રહ્યું નહીં.

ઔરંગઝેબના સમયમાં નવસારી મરાઠાઓના હાથે લૂંટાતું રહ્યું. નવસારીનું રક્ષણ કરે એવી કોઈ હકૂમત ન હતી. મરાઠાઓએ નવસારી ઉપર ખંડણી ઠોકી બેસાડી હતી.

ઈ.સ. ૧૬૮૦માં શિવાજીનું અવસાન થયું અને ઈ.સ. ૧૭૦૭માં ઔરંગઝેબનું અવસાન થયું. આ સમય દરમિયાન ગુજરાતના કેટલાંક પ્રદેશો ઉપર મરાઠાઓએ પકડ જમાવી હતી. શિવાજીના અવસાન પછી શાહુ મહારાજ પાસે સત્તા આવી. તેઓના સરદાર સેનાપતિ ખંડેરાવ દાભાદેએ ઉત્તર ગુજરાત અને કાઠીયાવાડ સુધી સવારી કરી હતી. ખંડેરાવના પુત્ર ત્રિબંકરાવ તથા દામાજીના ભત્રીજા પીલાજીરાવની નિમણૂક કરી અને લશ્કરના ઉપરી બનાવ્યા. સમય જતા આ પિલાજીરાવ ગાયકવાડ, ગુજરાતમાં ગાયકવાડી રાજ્યના સ્થાપક બન્યાં.

સન ૧૭૨૦માં નવસારીને મુસ્લિમ ધૂંસરીમાંથી મુક્ત કરવા નવસારીના પારસી દેસાઈ તે મૂલજી રૂસ્તમજી સોનગઢ જઈ પિલાજીરાવને નવસારી આવવા આમંત્રણ આપી આવ્યા અને કોઈપણ જાતના પ્રતિકાર વિના નવસારીની સત્તા પિલાજીરાવના હાથમાં આવી. કોઈ ચોક્કસ વિસ્તારની સત્તા મરાઠાઓના હાથમાં આવવાનો આ પ્રથમ બનાવ હતો જે ભવિષ્યમાં રચાનારા ગાયકવાડી રાજ્યનો પાયો નવસારીમાં નંખાયો હતો.

સન ૧૭૨૧માં ફરીથી પેશ્વાની ધૂંસરી ફગાવી સ્વતંત્ર થયા અને ગુજરાતમાં આ રીતે સન ૧૭૨૧થી વિધીગત ગાયકવાડ રાજ્યની સ્થાપના થઈ.

૧૯મી સદીની શરૂઆતમાં ગુજરાતના કેટલાંક વિસ્તારોની અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચે વહેંચણી થઈ. તેમાં નવસારી પ્રાંત ગાયકવાડના હિસ્સે આવ્યો.

ખંડેરાવના સમયથી નવસારીની પ્રગતિ શરૂ થઈ હતી.

ખંડેરાવના સમયમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ઉદય થયો. ખંડેરાવે સમગ્ર પ્રદેશની જમીનની

માપણી પણ કઢાવી હતી. સરકારી અમલદારો અને ન્યાયતંત્રની સ્થાપના પણ થઈ હતી.

ખંડેરાવના વિધવા જમનાબાઈને બાળકો ન હતાં તેઓએ સયાજીરાવને દત્તક લેતાં સયાજીરાવ ત્રીજા તરીકે તેઓ ૧૮૭૫માં ગાદીએ આવ્યા હતા. અને ૧૯૩૮ સુધી રાજવી તરીકે સત્તા ભોગવી હતી.

નવસારીની સાચી પ્રગતિ સયાજીરાવ ત્રીજાના સમયમાં થયેલી છે. આ સમય દરમિયાન નવસારીમાં અનેક વિસ્તારો વધ્યા. રેલવે, રસ્તા તથા ટપાલની સગવડ ઊભી થઈ. નવસારી શહેરનો વિકાસ શરૂ થયો. શહેર સુધરાઈની સ્થાપના થઈ. વડોદરા રાજ્યમાં જૂનામાં જૂની સુધરાઈ (નગરપાલિકા) પૈકી એક નવસારી નગરપાલિકા છે. જેની શરૂઆત ૧૮૬૩થી થઈ અને વિધિવત સુધરાઈની સ્થાપના ૧૮૮૬થી થઈ.

સયાજીરાવ ગાયકવાડે ૨૮ ડિસેમ્બર ૧૮૮૧ના દિને સત્તાના સૂત્રો સંભાળ્યા હતાં. જે ૧૯૩૮ સુધી રહ્યા. આ સમય દરમિયાન નવસારીની મહત્તમ પ્રગતિ થઈ. રેલવે, વીજળી અને ટપાલખાતુ સુવ્યવસ્થિત બન્યાં.

સયાજીરાવના સમયમાં શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ થઈ એમ કહી શકાય. ૧૯મી સદીના અંતથી શરૂ થયેલી શાળાઓ આજે પણ કાર્યરત છે. કન્યા કેળવણીનો પાયો પણ આ સમય દરમિયાન નંખાયો.

ગાયકવાડી શાસન ૧૭૫૯થી ૧૯૪૭ સમયગાળા દરમિયાન માત્ર ૧૭૮૦થી ૧૭૮૨ બે વર્ષના ગાળો કંપનીના શાસન હસ્તક હતો.

જૂન-૧૮૧૮ના દિવસે પેશ્વાઓ અંગ્રેજોના શરણે આવ્યા. અંગ્રેજો સાથે કરેલી સમજૂતી અનુસાર પેશવાપદ પરથી રાજીનામું આપ્યું. આ રીતે પેશવાનો અમલ અઠ્ઠાવીસી પરગણા સહિત સમગ્ર ભારતમાં ખતમ થઈ ગયો. ૧૮૧૮માં અંગ્રેજ શાસન અને ગાયકવાડ શાસન હેઠળ નીચે મુજબ પરગણાઓ રચાયાં હતા.

| | બ્રિટીશ શાસન | ગાયકવાડ શાસન |
|---|---|---|
| (૧) | પાચ્ચોલ, સુપા (જલાલપુર) | મરોલી |
| (૨) | ચીખલી | તેલાડી |
| (૩) | વલસાડ, પારનેરા (વલસાડ) | વીસનપુર |
| (૪) | ભુતસર, બગવાડા (પારડી) | ગણદેવી |
| | | અંતાપુર, નવસારી (કસ્બો) |

ઈ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યાં સુધી બીલીમોરા, ગણદેવી, નવસારી વગેરે ગાયકવાડ શાસન તથા વાંસદા વિસ્તાર દેશી રાજ્યોના તાબામાં રહ્યાં.

### ૧૮૫૭માં નવસારીમાં તાત્યા ટોપેનો વસવાટ :

૧૮૫૭માં તાત્યા ટોપેનો નવસારીમાં વસવાટ હતો. સત્તારાથી નાસી ગયા બાદ તાત્યા ટોપે નવસારીમાં દુધિયા તળાવની વચ્ચે ટેકરીના મંદિરમાં વસ્યો હતો. એમ કહેવાય છે કે તાત્યા આ સ્થળે ટહેલદાસ નામ ધારણ કરીને રહેતો હતો. ટહેલદાસ તાત્યા હોવાની કેટલીક દલીલો રજૂ કરવામાં આવી છે. ટહેલદાસ પોતાને મહારાષ્ટ્રના વતની તરીકે ઓળખાવતો. તાત્યા પણ મહારાષ્ટ્રનો બ્રાહ્મણ હતો. ટહેલદાસ તરીકે નામ ધારણ કરી ભીલવાસના જંગલો પાસેના ગામની મુલાકાત પણ લેતો, જ્યાંથી તાત્યા બ્રિટીશ લશ્કરની ટોળીને થાપ આપીને છટકી ગયો હતો. ત્યાંથી રામચરણના નામે એક બ્રાહ્મણને એ નવસારી પોતાની સાથે લાવ્યો હતો. જે તાત્યાનો અનેક લડાઈઓનો સાથીદાર હતો. ગુજરાતના વિપ્લવકારીઓનો ખાસ સાથીદાર મલ્હારાવ ગાયકવાડ નવસારીમાં ટહેલદાસને મળ્યો ત્યારે ટહેલદાસની વાતચીત ઉપરથી એમને ટહેલદાસ તાત્યાટોપે હોવાની જાણ થઈ.

### વિશ્વમાં નકશામાં નવસારીનું સ્થાન

ગુજરાત રાજ્યના દક્ષિણ છેડે ગુજરાતના પ્રવેશદ્વાર સમુ નવસારી પૂર્ણા નદીના કાંઠે આવેલું છે.

નવસારી કર્કવૃત્તની દક્ષિણે ૨૦-.૫૭ ઉત્તર અક્ષાંશ તથા ૭૨.૫૬ પૂર્વ રેખાંશ પર આવેલું છે. તેની ઉત્તરે સૂરત જિલ્લો, દક્ષિણે ડાંગ અને વલસાડ, પૂર્વે ખાનદેશ અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે.

નવસારી પૂર્વ-પશ્ચિમ વિસ્તૃત અને ઉત્તર-દક્ષિણ સાંકડો વિસ્તાર ધરાવે છે. નવસારી શહેરની ચર્તુસીમા પૂર્વે ચોર્યાસી(સૂરત) પશ્ચિમે જલાલપોર, ઉત્તરે વિરાવળ, દક્ષિણ વિજલપોર છે. નવસારી શહેરનું ક્ષેત્રફળ ૮.૦૫ ચો.કિ.મી. છે.

પશ્ચિમ રેલવેના મુંબઈથી તેનું અંતર ૩૩૩ કિ.મી. છે. અમદાવાદથી પણ એટલું જ અંતર ધરાવે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નવસારી અંતર ૨૫૮ કિ.મી. જ્યારે અમદાવાદનું અંતર ૨૮૦ કિ.મી. છે.

## નવસારી શહેરની વિકાસગાથા

નવસારીના નામનો ઉલ્લેખ અને લગભગ ૧૪૦૦ વર્ષનો વ્યવસ્થિત ઇતિહાસ અને બીજા ૬૦૦ વર્ષનો અલિખિત ઇતિહાસ મળી લગભગ બે હજાર વર્ષ જૂની નવસારી નગરીનો વિકાસ કેવી રીતે થયો ? આ પ્રશ્નનો ઉત્તર સ્થાનિક ભૂગોળ અને પુરાતત્વને આધારે થઈ શકે.

પૂર્ણા નદીના દક્ષિણ કિનારે વસેલું નવસારી આમ તો સપાટ પ્રદેશ છે. પરંતુ, પૂર્ણા નદીએ તેના તટ વિસ્તારમાં કરેલા ધોવાણને કારણે પડેલા નાળા, કાંસ અને બાકી રહેલા ટેકરાને કારણે આ આખો વિસ્તાર ખાડા-ટેકરાવાળો લાગે છે.

નવસારીમાં સ્થળ તપાસ કરતાં સ્પષ્ટ થાય છે કે, જૂનાથાણા પાછળ કાલિયાવાડી તરફથી તથા ભેંસતખાડા અને વિરાવળ વચ્ચે કેટલાંક કોતરો આવેલા છે. તે જ પ્રમાણે દુધિયા તળાવ તરફ પૂર્વે લુન્સીકુઈ તરફથી તથા દક્ષિણે વિજલપોર અને મંકોડીયા વિસ્તારનું પાણી આવે છે. આ કોતરોની જમીન ખાડા ટેકરાવાળી બની છે. આ નીચાણવાળા ભાગ ઉપર દુધિયુ તળાવ આવ્યું છે.


પૂર્ણા નદી

વળી દુધિયા તળાવની ઉત્તર દિશામાંથી એક ખાડી નીકળે છે તે ટાવર અને મધુમતીમાંથી થઈ ટાટા સ્કૂલ તરફ વહી વેરાવળ તરફ જાય છે. નાગ તલાવડી તરીકે ઓળખાતા વિસ્તારનું પાણી સાંઢકૂવા તરફથી હાલ શાંતાદેવી રોડ તરફના નીચેના ભાગેથી પસાર થઈ પૂર્ણામાં મળે છે. આ બધા નાળા અને કોતરોને કારણે કેટલાંક માનવ વસતીવાળા વિસ્તારો ધરાવતા ટેકરાઓ સ્પષ્ટ નજરે પડે છે.

નવસારીની ભૌગોલિક પરિસ્થિતિમાંથી દડંગવાડથી મધુમતી અને દુધિયા તળાવના ઉત્તર ભાગે ગોલવાડ, કોટ મહોલ્લો, પારસીવાડ વિગેરેને આવરી લેતા ટેકરીઓના વિસ્તારો છે. તે જ પ્રમાણે જૂનાથાણા નજીકના મહોલ્લાઓ પણ ટેકરીઓ ઉપર છે.

આ ભૌગોલિક સ્થિતિમાં નવસારીનું ઉદ્ભવસ્થાન ક્યાં હશે તે જાણવું રસપ્રદ બની રહે છે. શ્રેયાશ્રય શિલાદિત્ય અને કર્કસુવર્ણ વર્ષના તામ્રપત્રને આધારે કેટલાંક સૂચિતાર્થો મેળવી શકાય તેમ છે. યુવરાજ શ્રેયાશ્રય શિલાદિત્યે ભૌગિક સ્વામી નામના બ્રાહ્મણને દાન આપ્યું છે. જ્યારે કર્ક સુવર્ણ વર્ષે જૈન મુનિને દાન ધર્યું છે. આ બંને તામ્રપત્રમાં અનુક્રમે બ્રાહ્મણ અને જૈન ચૈત્યાલયનો ઉલ્લેખ કર્યો છે. આ બંને પરંપરા ભેગી કરતાં એવો નિર્દેશ મળે છે કે લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા આ વિસ્તારમાં બ્રાહ્મણ અને જૈન લોકોની વસતી હતી.

નવસારીના મધ્યમાં પટવા શેરી વિસ્તારમાં અગિયારમી સદીની ગણી શકાય એવી બ્રહ્માની મૂર્તિ આવેલી છે. ભારતીય નગર રચનાની પરંપરા પ્રમાણે બ્રહ્માની મૂર્તિ શહેરના કેન્દ્રસ્થાને હોય છે. તે જ પ્રમાણે મધુમતી વિસ્તારમાં જ સૌથી જૂનું દેરાસર આવેલું છે. જેની મૂર્તિ પણ લગભગ ૧૨૦૦ થી ૧૪૦૦ વર્ષ જૂની જણાય છે.

આ બંને હકીકતો ભેગી કરતા ચોક્કસ નિર્ણય ઉપર આવી શકાય કે લાટના ચાલુક્યના સમય (ઈ.સ. ૬૭૧ પહેલાં) દરમિયાન મધુમતી વિસ્તારમાં તથા તેના આસપાસ પટવા શેરી વિસ્તારમાં બ્રાહ્મણો અને જૈન લોકોની વસતી હતી.

નવસારીમાં નાનું રાજકીય કેન્દ્ર હતું અને લાટના ચાલુક્યો નવસારીમાં રહી રાજ કરતાં હતા, તો એ રાજવીઓનો મુકામ ક્યાં હશે ?

રાજા પુલકેશી વલ્લભના પુત્ર ધારાશ્રયના નામ ઉપરથી નવસારી નજીક 'ધારાગીરી' નામે એક ગામ ઉપરથી તેનું નામ પડેલું એવું માનવામાં આવે છે અને શ્રેયાશ્રેય શિલાદિત્ય નવસારીમાં ઠરીઠામ થયો તે પહેલાં ધારાગીરી રાજકીય કારભારનું કેન્દ્ર હતું એવું પણ માનવાના પૂરતા પુરાવા હોવા છતાં કેટલાંક તામ્રપત્રમાં આ ધારાગીરી અને તેની આસપાસના ગામોના નામો મળી આવે છે. પરંતુ આજે ત્યાં સ્થળ તપાસ કરતાં રાજકીય પ્રવૃત્તિની કોઈ બાકી નિશાની મળતી નથી. તેવા સંજોગોમાં એક અનુમાન એવું કરવામાં આવે છે કે, ધારાશ્રયા સમયની ધારાગીરી આખી નાશ પામી હશે.


ટહેલદાસ (તાત્યાટોપે)

શ્રેયાશ્રય શિલાદિત્ય નવસારીમાં રહીને રાજ્ય કરતો હતો.

નવસારીની વસતી મધુમતી, પટવા શેરી, મોટા બજાર, દડંગવાડ, જોષી મહોલ્લો વગેરે તરફ હતી. આ બધા સ્થળો નવસારીની મધ્યમાંથી વહેલી પૂર્ણા નદીના એક ફાટાની આસપાસ બનેલા ઊંચી ટેકરી જેવા વિસ્તારોમાં હતાં. આ બધી ટેકરીઓથી નજીકમાં એક સૌથી ઊંચી ટેકરી જેને હાલમાં કોટ મહોલ્લા તરીકે ઓળખવામાં આવે છે તે કોટ શબ્દ કિલ્લાનું સૂચન કરે છે. અહીં રાજકર્તાઓનો વાસ હોવાનું અનુમાન છે. વળી આ અનુમાનને પુષ્ટિ આપે એવા શિલોટવાડ અને ઢાલગરવાડ આ વિસ્તારની નજીક છે. શિલોટવાડ હથિયારો બનાવનાર સીકલીગરોનો અને ઢાલગરવાડ ઢાલગરાની જગ્યાનું સૂચન કરે છે. આમ, નવસારીમાં રાજકીય ગતિવિધિનું કેન્દ્ર આ કોટ મહોલ્લો હોઈ શકે છે.

આમ, ચાર હજાર વર્ષ પહેલાં કોટ મહોલ્લા તરફ રહેતા રાજવી અને તેની આસપાસમાં રહેતી પ્રજા જેટલું નજીવા વસાહતની કલ્પના થઈ શકે.

બારમી સદીમાં પારસીઓ નવસારીમાં આવ્યા ત્યારે પ્રથમ સાંઢકુવામાં તરફ મુકામ કર્યો પરંતુ તે જગ્યા અનુકૂળ જણાઈ નહીં એટલે હાલના તરોટા બજાર પાસે પાછળ વહેતી પૂર્ણા નજીક વસવાટ કર્યો.


અહીં એવી કલ્પના કરી શકાય કે તે સમયે મધુમતીથી શરૂ થઈ ગોલવાડ સુધી માનવ વસતી હશે, અને તે છેવાડાના સ્થાન નજીક પારસીઓએ નવી વસાહત બનાવી.

તેરમી સદી આસપાસ મુસ્લિમોનું આગમન શરૂ થયું. ત્યારે તેઓએ હાલના દરગાહ રોડ, દૂધિયા તળાવનો વિસ્તાર પસંદ કર્યો. હાલમાં જે પારસીઓનો મલેસર વિસ્તાર છે. તે સ્થાને પહેલા મલેક લોકોની સરાઈ હતી. સૈયદ સાદાત નવસારીમાં સન ૮૨૫માં આવ્યાં હતા.

નવમી સદીમાં આરબો વ્યાપાર અર્થે નવસારી બંદરે આવતા હતા, તેઓએ અહીં સરાઈ યાને કે 'ધર્મશાળાઓ બાંધી હતી, વ્યાપાર મંદ પડતાં અહીં મુસ્લિમોની આવન-જાવન ઘટી હતી, એટલે આ સરાઈ ખાલી પડી રહી હતી.'

સન ૧૪૧૨માં અહમદશાહે ગુજરાત જીતી અમદાવાદ વસાવ્યું, ત્યારે નવસારીમાં સૈયદ ખીજરખાંની સત્તા હતી અને પારસી રાજા આશાજી પટલાઈ કરતા હતા.

ચૌદમી સદીના પ્રારંભ સુધીમાં નવસારીનો વિકાસ કુમારપાળના સમય કરતાં ખાસ વધ્યો હોય એમ લાગતું નથી. આથી સમગ્ર રીતે જોતાં સોલંકી-વાઘેલા સમય સુધીમાં નવસારી પૂર્વમાં દંગડવાડ, દક્ષિણે કુંભારવાડ, કડિયાવાડ, પશ્ચિમે દૂધિયા તળાવથી ગોલવાડ અને ઉત્તરે પારસીવાડ તેમજ પારસીવાડની પશ્ચિમે છૂટી છવાઈ વસતી હોઈ શકે.



રામજી મંદિર

ઈ.સ. ૧૩૦૪માં કરણ વાઘેલાની હાર સાથે ગુજરાત મુસ્લિમ હકુમત હેઠળ આવ્યું ત્યારે સ્વાભાવિક રીતે કોટનો વિસ્તાર મુસ્લિમ સત્તાએ કબજે કર્યો. આ સમય દરમિયાન નવસારીમાં મુસ્લિમ વસતી વધી. હિંદુ રાજાનો કોટનો વિસ્તાર દિલ્હીના સુલતાનો અને મુઝફ્ફરી સુલતાનોએ કર્યો હોવાના પુરાવારૂપે ઈ.સ. ૧૪૦૪માં તેમુલ લગની ચઢાઈ દરમિયાન કોટ વિસ્તારમાં જામે મસ્જિદ બાંધવામાં આવી હતી.

સામાન્ય રીતે ઈસ્લામી સત્તાના કેન્દ્ર નજીક જામા મસ્જિદ બાંધવામાં આવે છે. જેમ નવસારીમાં પણ બન્યુ નવસારીના મોટા બજારની મધ્યમાં આવેલી જુમા મસ્જિદ કોટ મહોલ્લાથી થોડે જ દૂર છે. જુમા મસ્જિદની આજુબાજુ બજાર હોય છે તે પ્રમાણે અહીં પણ આ મસ્જિદની આસપાસ મોટું બજાર વિકાસ પામેલું છે.



ઈસ્લામી હકુમત દૃઢ થયા પછી મુસ્લિમ વિસ્તારો વધ્યા. કોટ મહોલ્લાની પશ્ચિમે કાઝીવાડ, મોઠવાડ, દક્ષિણ તરફ પીર મહોલ્લો વગેરે વિસ્તારો વધ્યા. જુમા મસ્જિદની નજીક બજારના ખૂણા ઉપર ખાટકીવાડ અને

બજારની પૂર્વમાં વહોરવાડ આવેલા છે. લક્ષ્મણ હોલના પાછલા ભાગે દાઉદી વહોરાઓની મસ્જિદ પણ છે.


કોટ મહોલ્લો

મુસલમાન વસતીનો બીજો ભાગ કુંભારવાડ અને કડિયાવાડના દક્ષિણ ભાગે થયો છે. આ વિસ્તારમાં દૂધિયા તળાવ નજીકની મસ્જિદ, દરગાહોમાં ખાનકાહો ઘણી સૂચક છે. ખાસ કરીને ખાનકાહો ગામના નાકે હોય છે તેવી મકદુમશા પીરની ખાનકાહ નવસારીના દક્ષિણ છેડે છે જે સન ૧૪૭૬માં બંધાયેલી છે.

આ પીરની દરગાહો સાથે નવસારી શહેરના સીમાડાનું સૂચન કરતા કબ્રસ્તાનો પણ છે. એક કબ્રસ્તાન લુન્સીકુઈ, દશેરા ટેકરી તરફ અને બીજું બોલતી ઘોર છાપરા જવાના માર્ગ પર છે જે શહેરના છેવાડાના વિસ્તારો ગણી શકાય.

પંદરમી સોળમી સદીમાં પારસીઓ મોટા પ્રમાણમાં નવસારી આવ્યા અને પારસી પટેલે ચાંગઆશાએ તેઓને મલેક સરાહ એટલે કે મલેસર વિસ્તારમાં વસાવ્યા. ચારપુલ વિસ્તારમાં હાલમાં પણ મસ્જિદ અને પારસી અગિયારી પાસે પાસે છે. આમ પંદરમી સોળમી સદીમાં ચારપુલ, તંબોલી મહોલ્લો, પોચી મહોલ્લો, રામ મહોલ્લો, અગિયારી મહોલ્લો, મોરા મહોલ્લો, દામકા મહોલ્લો જેવા પારસી વિસ્તારો વધ્યા. પીંજારા મહોલ્લા વિસ્તાર પહેલા પીંજારાઓ વસતા હતા અને વાડી મહોલ્લામાં પણ મુસલમાનોના મકાનો હતા. હાલમાં આ બધી પારસી વસતી વચ્ચે તાપરવાડ જેવો મુસ્લિમ મહોલ્લો મોજુદ છે. આમ, આ વિસ્તારમાં વસતીની ફેરબદલી થયેલી જણાય છે.

આ પરિસ્થિતિમાં સત્તરમી સદીમાં કોઈ ફેરફાર થયેલા જણાતા નથી. અઢારમી સદીમાં મરાઠાઓનું આગમન થયું. ઈ.સ. ૧૭૧૯માં પિલાજીરાવ ગાયકવાડે નવસારી જીતી લીધું. આ સમય પછી હાલના નવસારીનો પાયો નંખાયો.

ગાયકવાડો સોનગઢ તરફથી આવ્યા અને કાલીયાવાડીની ખાડીના નવસારી તરફના ભાગે મુકામ કર્યો. જે જૂની વસતી બહારનો વસ્તાર હતો. કોઈ સંજોગોમાં પાછા હઠવાની સ્થિતિ પેદા થાય તો નદી તરફના ભાગેથી ઝટ ભાગી શકાય એવી ગણતરી હશે. આ જગ્યાએ એક નાનો કિલ્લો બનાવી તેની પ્રેવશદ્વાર પાંચ હાટડી તરફ રખાયું. જેને આપણે જૂનાથાણા તરીકે ઓળખીએ છીએ, જે આજે પણ મોજુદ છે. જૂનાથાણા નજીક પાયગાવાડ અને ચોપદાર મહોલ્લો છે. જે મરાઠા સરદારોના ઘોડાર અને સરકારો નોકરોનો વસવાટ સૂચવે છે. નવસારીને પ્રાંતનું મુખ્ય શહેર બનાવ્યા પછી જૂનાથાણા તરફ સરકારી નોકરોના આવાસ બનાવ્યા. જૂનાથાણા, નવથાણા, જેલથી લુન્સીકૂઈ, વિસ્તાર ઓગણીસમી સદીમાં વિકાસ પામ્યો. સન ૧૮૬૩થી શ્રી ખંડેરાવ મહારાજના સમયથી રસ્તા દુરસ્તીનું કાર્ય શરૂ થયું. સન ૧૮૬૧માં રેલવે નાંખવાનું શરૂ થયું અને નમાજગરાના ટેકરા તરીકે ઓળખાતી જમીન રેલવે સ્ટેશન માટે લઈ લેવામાં આવી. આમ રેલવે લાઈન નંખાયા બાદ રેલવે સ્ટેશન અને ગોલવાડ સુધીના રસ્તા આસપાસ વસતીનો વિકાસ થયો. પ્રથમ આ તરફના ઊંચા ટેકરીવાળા ભાગે વસતી થઈ, બાદમાં નીચા ભાગોમાં વસતી વધવા લાગી.


તરોટા બજાર

આ વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાના, હોસ્પિટલ વગેરે સ્થાપવામાં આવ્યા. સન ૧૮૬૩માં જ્યારે મદ્રેસા સ્કૂલનું મકાન બંધાયું ત્યારે આ વિસ્તાર શહેરના છેવાડાનો ગણાતો હતો. આ વિસ્તારમાં પારસીઓના વજીફાઓ આવેલા હતા. પારસીઓએ પાછળથી આ સ્થળોએ દાનમાં આપેલી મિલકતોને કારણે અહીં શાળા, કૉલેજ, હોસ્ટેલ અને હોસ્પિટલો ઊભી થઈ હતી.

ઓગણીસમી સદીમાં તહેલદાસ તપેશ્રીની ટેકરી તરફનો દુધિયા તળાવનો ભાગ વિકાસ પામ્યો. ઓગણીસમી સદીના અંતમાં ટાવર અને લક્ષ્મણ હોલ બંધાયા. મોટા બજારનો વિસ્તાર ટાવરથી ગોલવાડ સુધી વધી ગયો.

વીસમી સદીમાં ઔદ્યોગિક વિકાસ સાથે સ્ટેશન વિસ્તારમાં જીન અને કોટનમિલ શરૂ થયા. આ વિસ્તારની આજુબાજુના મજૂરોની વસાહતો અને ચાલીઓ ઊભા થયા.



વ્હોરા સમાજની મસ્જીદ

પારસી લોકોની વસતી આ સમય દરમિયાન ચારપુલથી લુન્સીકૂઈ તરફ છેક તીઘરાનાકા સુધી વિકસી. આ સમગ્ર વિસ્તારમાં પારસીઓના બંગલા આવેલા હતા. આ બંગલા સામાન્ય રીતે બે થી પાંચ હજાર ફૂટ બાંધકામ ધરાવતા અને લગભગ બે થી ત્રણ એકર જમીન ધરાવતા હતા. લુન્સીકૂઈ વિસ્તારમાં તાતા ફેમીલીની મોટી એસ્ટેટ હતી, જે આજે પણ મોજુદ છે.

વીસમી સદીની શરૂઆતમાં માત્ર ૮.૦૧ ચો. માઈલ વિસ્તાર ધરાવતું નવસારી શહેર આજે ખૂબ વિકાસ પામ્યું છે. આમ જોઈએ તો નવસારી શહેર તીઘરા નાકાથી જૂનાથાણા, જૂનાથાણાથી રેલવે સ્ટેશન, દુધિયા તળાવનો ભાગ, મોટા બજારથી વિ.કે.-વે નાકા સુધીનો ભાગ, તરોટા બજારથી રેલવે સ્ટેશન સુધીનો વિસ્તાર ધરાવતું નાનું શહેર છે.

વીસમી સદીના અંત સમયમાં નવસારી હીરા ઉદ્યોગનું કેન્દ્ર બન્યું અને આ ઉદ્યોગ માટે મોટા પ્રમાણમાં લોકો બહારથી આવીને વસ્યા. આ સમય દરમિયાન નવસારી શહેરના નીચા વિસ્તારોમાં વસતી વધવા લાગી. આ સમય દરમિયાન ઝવેરી સડક તરીકે ઓળખાતો આખો નદી કિનારાના વિસ્તારનો વિકાસ થયો. અહીં મહાવીરનગર જેવી મોટી વસાહતો ઊભી થઈ. તે જ પ્રમાણે શાંતાદેવી રોડ વિસ્તાર જે નદીની નજીક અને પાણીની અસર હેઠળનો હતો, તે વિસ્તારમાં પણ વસતી વધતી ગઈ. લુન્સીકુઈ વિસ્તારમાં જ્યાં પારસીઓના બંગલાઓ હતા તે જમીન ઉપર સોસાયટીઓ વધવા લાગી.

સ્ટેશન નજીકના વિસ્તારમાં સૌ પ્રથમ નવસારી હાઉસિંગ કો.ઓ. સોસાયટી બની. ત્યારબાદ નવસારી શહેરમાં વિવિધ કો.ઓ. સોસાયટીઓ બનવા લાગી. આશાનગર અને આસાબાગ જેવા દુધિયાતળાવ નજીકના વિસ્તારમાં માનવ વસતી વધવા લાગી. આશાબાગ અને આશાનગરમાં પ્લોટો પાડવામાં આવ્યા અને તેના ઉપર મકાનો બંધાવા લાગ્યા.

૨૦મી સદીના અંત સુધીમાં નવસારી શહેર એક ગીચ વસતી ધરાવતું શહેર બની ગયું.

## પારસીઓએ વસાવી નવસારી નગરી

નાનકડી એવી નવસારી નગરીનો બે હજાર વર્ષનો ભવ્ય ઐતિહાસિક વારસો છે. નવસારી હાલમાં અનેક જ્ઞાતિ અને ધર્મના લોકો અહીં સુલેહ સંપથી રહે છે. આ નાનકડી નગરીના મૂળ રહેવાસીઓ તો કોળી અને કાછીયા. પૂર્ણા નદીના કિનારે નાનકડી વસાહત અને ગામ કે શહેર જેવું કશું જ નહીં.

આજથી બે હજાર વર્ષ પૂર્વે પૂર્ણા નદીના અસંખ્ય ફાટાઓ આજના નવસારી શહેરના આખા વિસ્તારમાં જેમ આપણા શરીરમાં નસ ફેલાયેલી હોય તે પ્રમાણે આખા શહેરમાં ફેલાયેલા. જે પૈકી એક ફાટો હાલના મધુમતી વિસ્તારમાં થઈ વિરાવળ નજીક પૂર્ણાની મુખ્યધારામાં મળતો.



આવાં બાગ

આ મધુમતી નવસારી શહેરનું ઉદ્ભવસ્થાન અને અહીં વણિક અને બ્રાહ્મણો રહેતા. ૧૨૦૦ વર્ષ પૂર્વે જૈન વસતી પણ થઈ ત્યારબાદ મુસ્લિમો આવ્યા અને બારમી સદીમાં પારસીઓ નવસારીમાં આવ્યા તે સમયની આ મર્યાદિત વસતી બહારના ભાગે તરોટા બજાર તરફ મુકામ કર્યો. મહમદ બેગડાની સંજાણ ઉપર ચઢાઈ પછી સંજાણથી પારસીઓ ભાગી ગયા. વાંસદા ધરમપુર તથા વ્યારાના જંગલોમાં વસ્યા. વર્ષો સુધી ત્યાં ખેતી કરી પરંતુ સમાજ સાથેના સંબંધો અને બંધનો તૂટી ગયા.

નવસારીમાં પટલાઈ પારસીઓના હાથમાં હતી ત્યારે ચાંગા-આશા 'ચાંગાશા' નામના પારસી પટેલની હકુમત નવસારી ઉપર હતી ત્યારે ચાંગાશાએ આ વેર વિખેર થયેલા પારસીઓને એક સાથે વસાવવાનું કામ કર્યું. તેઓએ આ સઘળા પારસીઓના ૫૦૦ જેટલા પરિવારોને નવસારી લાવી વસાવ્યા. આમ, નવસારીમાં સાગમટે આવીને વસેલા પારસીઓના વંશજો આજે નવસારીમાં છે તથા અહીંથી આખા વિશ્વમાં ફેલાયા છે.

નવસારી નગરીમાં તેઓએ પોતાના ધર્મસ્થાન આતશ બહેરામની સ્થાપના કરી. આમ પારસીઓ નવસારીમાં સ્થાયી થયા.

નવસારીમાં રહીને પારસીઓ નવસારી આસપાસ તથા દૂર દૂર માઈલો સુધીના વિસ્તારમાં ખેતી કરતા થયા. ખેતી જ તેઓનો મુખ્ય વ્યવસાય હતો. નવસારીમાં પારસીઓ પગભર થયા. નવસારીની દેસાઈગીરી

પારસીઓના હાથમાં હતી અને નવસારી વસતીમાં પારસીઓનું પ્રમાણ વધુ હતું. આમ પારસીઓ સ્થાનિક કક્ષાએ વર્ચસ્વ સ્થાપિત કરી ચૂક્યા હતા ત્યારે આ નગરીને પારસી પૂરી જેવું ઉપનામ પ્રાપ્ત થયું.


નવું જૂનાથાણા

આમ સ્થાનિક કક્ષાએ પારસીઓએ વર્ચસ્વ જમાવ્યું અને નવસારીની મુખ્ય વસતી પારસીઓની ગણાવા લાગી મુસ્લિમ હકુમત હેઠળ સૂરતના તાબામાં નવસારી આવ્યું. પરંતુ નવસારીની પટલાઈ પારસી દેસાઈઓના હાથમાં રહી હતી. સૂરતના નવાબે નવસારીની પેદાશની ઓથ આપવી પડતી હતી.

સુરતના નવાબે નવસારીની પ્રજા ઉપર ભારે કર ઠોકી બેસાડ્યા હતા અને બીજી તરફ નવસારીની કોઈ જવાબદારી નિભાવતા ન હતા. બીજી તરફ મરાઠાઓ આ વિસ્તાર ઉપર અવારનવાર હુમલો કરતા અને ખંડણી વસુલ કરતા. આમ નવસારીની પ્રજાને બે તરફથી માર પડતો અને વધુમાં મુસ્લિમ સત્તા હોવાને કારણે સૂરતની લૂંટ સમયે નવસારી પણ લૂંટાતું હતુ. આ સંજોગોમાં નવસારીના દેસાઈ તેમુલજી ખરશેદજી મરાઠા સરદાર ગાયકવાડને તેડી લાવ્યા હતા.

ગાયકવાડની સત્તા નવસારી ઉપર થતાં અન્ય હુમલાઓથી નવસારી બચવા પામ્યું હતું. નવસારી શહેરમાં એક સમયે પારસીઓની મોટી વસતી હતી, પરંતુ અંગ્રેજોએ અઢારમી સદીમાં જ્યારે મુંબઈનો વિકાસ કર્યો ત્યારે નસીબ અજમાવવા સેંકડો પારસીઓ નવસારી-સૂરતથી મુંબઈ તરફ ગયા.

અંગ્રેજી શાસનની નોકરીમાં તથા વ્યાપાર ધંધામાં પારસીઓ આગળ રહ્યા. પરદેશ સાથેના વેપાર થકી સારી એવી કમાણી કરી. મુંબઈ સ્થાયી થયેલી પારસીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવી ઘણી પ્રગતિ કરી જેનો સીધો લાભ નવસારીને મળ્યો.

## નવસારીના શૈક્ષણિક વિકાસમાં પારસી સમાજનું બહુમૂલ્ય યોગદાન

નવસારી શહેરનો વિકાસ સયાજીરાવની દીર્ઘદૃષ્ટિ અને પારસીઓના પુરુષાર્થને આભારી છે. ૧૮મી સદીમાં અંગ્રેજોએ મુંબઈને આધુનિક બનાવ્યું ત્યારથી અહીંના પારસીઓ મુંબઈ જઈ વસ્યા. મુંબઈમાં શિક્ષણ પામી કમાયા જેનો લાભ નવસારીને મળ્યો. મુંબઈ સ્થાયી થયેલા પારસીઓએ નવસારીમાં આધુનિક શિક્ષણની શરૂઆત કરી. ૧૯મી અને ૨૦મી સદીની નવસારીની વિકાસ ગાથામાં પારસીઓનું પ્રદાન અનન્ય રહ્યું છે. નવસારીની હવામાં પારસીપણાની સ્પષ્ટ છાપ જણાઈ આવે છે.

નવસારીમાં શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યને લગતી સેવાઓ, લાયબ્રેરી, રમત-ગમતના મેદાનો વગેરે તમામ પારસીઓના દાનથી બનેલા નજરે પડે છે.

પારસીઓ જે રીતે મુંબઈ જઈ ઉચ્ચ શિક્ષણ મેળવી શક્યા તેવું શિક્ષણ નવસારીને પણ મળે તે હેતુથી શિક્ષણ સંસ્થાઓની શરૂઆત કરી. સર જમશેદજી જીજીભાઈ જેઓ ધંધાર્થે મુંબઈમાં સ્થાયી થયા હતાં તેઓના દાન થકી નવસારીમાં વર્ષ ૧૮૪૮ અને ૧૮૪૯માં કુમાર અને કન્યાશાળાની સ્થાપના થઈ અને આધુનિક કેળવણીનો પાયો નવસારીમાં નંખાયો. ત્યારબાદ જરથોસ્તી, મદ્રેસા, સ્કૂલ તથા રૂસ્તમજી જીજીભાઈ સ્કૂલ શરૂ થઈ. તાતા પરિવારના દાન થકી તાતા ગર્લ્સ સ્કૂલ અને તાતા બોઈઝ સ્કૂલની સ્થાપના પણ ૧૯મી સદીમાં થઈ. આ પ્રકારની શિક્ષણ આપતી સંસ્થાઓ સમગ્ર ગુજરાતમાં બહુ ઓછી હતી.

સર જમશેદજી જીજીભાઈએ સૌ પ્રથમ કાલીયાવાડી નજીક ક્વીન વિકટોરીયા ડિસ્પેન્સરી સામે નાનકડું આરોગ્ય કેન્દ્ર ખોલ્યું હતું. તે સમયે નવસારી અને કાલીયાવાડી વચ્ચે વહેતી નદીના વહેણને કારણે બંને સ્થળ વચ્ચે પુલ બાંધવાની જરૂર હતી. જે સર જમશેદજીએ સ્વખર્ચે બંધાવ્યો હતો.

૧૮૭૨માં પારસીઓએ સૌ પ્રથમ મહેરજી રાણા લાયબ્રેરી સ્થાપના કરી હતી. આજે આ લાયબ્રેરી ૧૪૦ વર્ષથી પ્રગતિ કરી અડીખમ ઊભી છે. આ લાયબ્રેરીમાં પારસી ધર્મ ઉપરાંત અનેક વિષયોને અલભ્ય પુસ્તકો જાળવી રાખવામાં આવ્યા છે. અનેક પુસ્તકોની હસ્તપ્રતો પણ અહીં આધુનિક ઢબે જાળવણી કરવામાં આવી છે. આ લાયબ્રેરીમાં વિશ્વભરમાંથી રીસર્ચ સ્કોલરો આવે છે. અને તે માટે મકાન-કોન્ફરન્સ રૂમની સગવડ ઊભી કરવામાં આવી છે. જે માટે સરદોરાબ તાતા


નવું શેઠ. આર. જે. જે. હાઈસ્કૂલ


નવું લક્ષ્મણ ટાવર



પારસી સોસાયટી

ટ્રસ્ટે રૂપિયા બે કરોડનું દાન તથા પીરોજશા ગોદરેજ ટ્રસ્ટે લગભગ સિત્તેર લાખ રૂપિયાનું દાન આપ્યું છે.

પારસીઓ નવસારીને ધર્મની ટેકરી તરીકે ઓળખે છે. અહીં પારસીઓનું ૫૦૦ વર્ષ જૂનું આતશ બહેરામ આવ્યું છે. ભારતભરના આતશ બહેરામમાં નવસારીના આતશ બહેરામનું સ્થાન અનન્ય છે અને દુનિયાભરમાંથી પારસીઓ આ સ્થળની મુલાકાતે આવે છે. આ ઉપરાંત કેટલાક અન્ય પારસી ધર્મસ્થળો પણ ખૂબ પુરાણા છે. જેનો પારસીઓ માટે અનેરો મહિમા છે.

નવસારીએ અનેક વિશ્વવિખ્યાત પારસીઓની જન્મભૂમિ કે કર્મભૂમિ તરીકે ગૌરવ અનુભવે છે. નવસારીમાં જન્મેલી મહાન વિભૂતિઓમાં દાદાભાઈ નવરોજી, જમશેદજી જીજીભાય, જમશેદજી તાતા વગેરેએ વિશ્વ સ્તરે નામના મેળવી છે. જ્યારે અન્ય અનેક ક્ષેત્રોમાં નાના મોટા અસંખ્ય પારસી ભાઈ-બહેનોએ નામના મેળવી છે.

હિંદના દાદા તરીકે જાણીતા દાદાભાઈ નવરોજી નવસારીમાં જન્મ્યા કે મુંબઈમાં તે વિવાદાસ્પદ છે. પરંતુ નવસારીમાં તેઓની અસંખ્ય પેઢી મોજુદ હતી અને તેઓનું મકાન પણ મોજુદ હતું. તે સંજોગોમાં દાદાભાઈ નવસારીમાં જન્મ્યા હોવાનું સહેજે અનુમાન લગાવી શકાય.


નવું આતશ બહેરામ

ચાર વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી દેનાર દાદાભાઈ મુંબઈમાં શિક્ષણ પામ્યા અને એમ.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી પ્રોફેસર બન્યા. જ્યારે ૧૮૮૫માં ભારતીય કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારે તેઓ પાયાના પત્થર હતા. તેઓ ત્રણ વખત ઈન્ડિયન કોંગ્રેસના પ્રમુખપદે આરૂઢ થયા હતા.

૧૮૯૨માં તેઓ ઈંગ્લેન્ડની સેન્ટ્રલ ફિન્સબેરી ઈલાકામાંથી ચૂંટણી લડી બ્રિટનની આમ સભામાં ચૂંટાયા હતા. બ્રિટનની આમ સભામાં ચૂંટાનાર પ્રથમ એશિયાઈ હતા. મહાત્મા ગાંધીજી તેઓથી પ્રેરિત હતા અને દાદાભાઈને ગુરુ તરીકે માનતા હતા. દાદાભાઈ ભારત પાછા ફરી ભારતની સ્વતંત્રતા માટે પ્રયત્નો શરૂ કર્યા હતા. 'સ્વરાજ' શબ્દ પ્રથમવાર દાદાભાઈએ આપ્યો હતો. ત્યારબાદ ગાંધીજીનું ભારતમાં આગમન થયું અને આઝાદીની લડતના મંડાણ થયા. આપણે ગાંધીજીએ રાષ્ટ્રપિતાનું બિરૂદ આપ્યું જ્યારે દાદાભાઈનો પિતાના પિતા સમાન હિંદના દાદા નું બિરુદ પામ્યા છે.


નવી સર જમશેદજી જીજીભોય સ્કૂલ

બ્રિટિશ પાર્લામેન્ટમાં ચૂંટાયેલા બીજા પારસી શ્રી શાપુરજી સકલાટવાલા, જમશેદજી તાતાના ભાણેજ થતા હતા. તાતા કંપનીના મેનેજર તરીકે લંડનમાં સ્થાયી થયા હતા. અહીં રશિયાની ક્રાંતિથી પ્રેરાઈને લંડનમાં કામદાર પ્રવૃત્તિ શરૂ કરી હતી. તેઓએ સૌ પ્રથમ વાર બ્રિટનમાં સામ્યવાદી પાર્ટીની સ્થાપના કરી હતી અને અહીંના મીલ કામદાર વિસ્તારમાંથી ચૂંટણી લડી આમ સભામાં ચૂંટાયેલા હતા. બ્રિટનની લોકશાહીના ૨૫૦ વર્ષના ઈતિહાસમાં શાપુરજી એકમાત્ર ચૂંટાયેલા સામ્યવાદી સભ્ય હોવાનું માન આજે પણ ધરાવે છે.

સર જમશેદજી જીજીભાઈ નવસારીનું એવું પારસીપાત્ર છે, જેને વીસમી સદીમાં જ્યારે સોનું માત્ર રૂ. ૨ તોલો હતું, ત્યારે લગભગ ૫૦ લાખ રૂપિયાના દાનો કર્યા હતા. મુંબઈમાં આવેલી સર જે.જે. હોસ્પિટલ આજે એશિયાની  મોટી હોસ્પિટલ છે. જમશેદજીએ આજથી ૧૦૦ વર્ષ પહેલાં સરકાર તરફથી 'સર'નો ખિતાબ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. તેઓના દાન થકી ગુજરાત અને મુંબઈ ઈલાકામાં સંખ્યાબંધ સ્કૂલો, હોસ્પિટલો તથા કલાધામ ઉપરાંત ઢોરના દવાખાના વગેરે સ્થાપિત થયા હતા. ગુજરાતભરમાં તેઓએ પાંજરાપોળો ઊભી કરી હતી તેમજ ગામેગામ પાણીના કૂવા પણ ખોદાવ્યા હતા.

નવસારીમાં તેઓ દ્વારા સ્થાપિત બે શાળાઓ ઉપરાંત પારસી ધર્મસ્થાનો અને લગ્નની વાડી પણ મોજુદ છે.


મહેરજી રાણા લાયબ્રેરી

જમશેદજી તાતાનો જન્મ નવસારીમાં સન ૧૮૩૫માં થયો હતો. જમશેદજીને આપણે ભારતના ઉદ્યોગ જગતના ભિષ્મપિતા તરીકે ઓળખીએ છીએ. ભારતમાં ભારે ઉદ્યોગોનો પાયો જમશેદજી તાતાએ નાંખ્યો હતો. ભારતમાં પોલાદ ઉદ્યોગની સ્થાપના કરવાનું સ્વપ્ન જોનાર જમશેદજીએ ભારે સાહસવૃત્તિ કરી હતી. જેના પરિણામે તાતા આર્યન એન્ડ સ્ટીલ લિમિટેડની સ્થાપના થઈ અને વિશ્વને ચકિત કરી દીધા હતા.

જમશેદજીએ ભારતના અનેક ઉદ્યોગોની શરૂઆત કરી. અંગ્રેજોને સીધો પડકાર ફેંક્યો હતો. જાપાનથી વાનકુવર જતી સ્ટીમર ઉપર જમશેદજીનો ભેટો સ્વામી વિવેકાનંદ સાથે થયો. ૧૯ દિવસના સત્સંગ પછી બંને મહાનુભાવો વચ્ચે જે ગોષ્ઠિ થઈ તેના પરિણામે ભારતને ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સની સ્થાપના થઈ. જે આજે ભારતની ઉચ્ચ શિક્ષણ આપતી વિશ્વવિખ્યાત સંસ્થા છે. જેમાંથી સેંકડો તજજ્ઞો બહાર પડ્યા છે. જેના કારણે ભારતે અનન્ય પ્રગતિ કરી છે. આમ જમશેદજી તાતા માત્ર ઉદ્યોગ જગતના જ ભિષ્મપિતા નથી, પરંતુ શિક્ષણ જગતના પણ ભિષ્મપિતા છે. તાતા પરિવારના દાન થકી નવસારીમાં તાતા બોયઝ સ્કૂલ અને તાતા ગર્લ્સ સ્કૂલ બે શાળાઓ કાર્યરત છે. પારસીઓ માટેની અન્ય સંસ્થાઓ વગેરે પણ છે.

તાતા પરિવારની ખેતીની જમીન તથા પોતાના મકાનો આજે પણ નવસારીમાં મોજુદ છે. તાતા ટ્રસ્ટના દાનનો પ્રવાહ આજે પણ નવસારીને મળી રહ્યો છે. નવસારી શહેરનું દાબુ પરિવાર ગાયકવાડી શાસનમાં અગ્રગણ્ય પરિવાર હતું. રતનજી હરામજી દાબુ સેંકડો વિઘા જમીનના માલિક હતા. સન ૧૯૧૫માં નવસારીમાં સૌ પ્રથમ રતનજી હરામજી દાબુ હોસ્પિટલની સ્થાપના તેઓના દાન થકી થઈ હતી, જે સંસ્થા આજે ૧૦૦ વર્ષથી કાર્યરત છે. નવસારીના 'ફુવારા' તરીકે ઓળખાતો વિસ્તાર જ્યાં મધ્યમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા ઊભી છે, તે વિસ્તાર હવે 'દાબુ ચોક' તરીકે ઓળખાય છે. અહીં દાબુ પરિવાર દ્વારા સ્થાપિત વિવિધ સેવાકીય સંસ્થાઓ આવેલી છે. સૌ પ્રથમ દાબુ હોસ્પિટલ તેની પાસે દીનબાઈ દાબુ કન્યા વિદ્યાલય, સામે દિનશાહ રતનજી દાબુ લૉ કોલેજ, તથા દાબુ સ્ટુડન્ટસ ક્વાર્ટસ આવેલા છે. બાજુમાં ઊભેલા જ્યુબિલી ગાર્ડન પણ દાબુ પરિવારની દેન છે.

શ્રી રતનજી દાબુના બે પુત્રો દિનશાહજી અને ફરામરોજ બંને ત્રણ-ત્રણ વખત નવસારી નગરપાલિકાના પ્રમુખ બની ચૂક્યા છે. નવસારી નગરપાલિકાના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ તરીકેનું માન દીનશાહજી ધરાવે છે. તેઓના કાર્યકાળ દરમિયાન નવસારીને પાણી અને ગટરની સુવિધા પ્રાપ્ત થઈ હતી.

શ્રી ફરામરોજ દાબુ ત્રણ વખત નવસારી નગરપાલિકાના પ્રમુખ રહી ચૂક્યા છે. ભારતની આઝાદી પૂર્વે અને આઝાદી પછીના પહેલા સુધરાઈ પ્રમુખ તરીકે આઝાદી બાદ પહેલો ભારતીય ઝંડો ફરકાવવાનું માન તેઓના ફાળે જાય છે. તેઓના સમયમાં નવસારીમાં વિવિધ સાર્વજનિક સેવાઓ લોકોને ઉપલબ્ધ થઈ હતી. નવસારી નામાંકિત નારીઓમાં સ્ત્રીઓની સંસ્થા મહિલા વિશ્રામના સ્થાપક એવા રતનબાઈ બામજી અને સુનાભાઈ દેસાઈ હતા. જ્યારે સ્ત્રીઓ ચાર દિવાલ વચ્ચે રહેતી હતી ત્યારે આ સ્ત્રીઓ સમાજ સેવા કરતી અને સ્ત્રી જાગૃતિની પ્રવૃતિઓ કરતી. રતનભાઈ બામજી શ્રી જમશેદજી તાતાના બહેન થતા હતા. તેઓએ નવસારીમાં વિવિધ સંસ્થાઓ સ્થાપવામાં મદદ કરી હતી. સયાજી વૈભવ લાઈબ્રેરી તથા નવસારી સ્મશાનભૂમિને પણ દાન આપ્યા હતા.

નવસારી સૌથી જાણીતી સાર્વજનિક હોસ્પિટલ દોરાબજી એન. મહેતા પારસી જનરલ હોસ્પિટલની સ્થાપના ૧૯૧૫માં પારસી સુવાવડખાના તરીકે થઈ હતી. જેને પાછળથી જનરલ હોસ્પિટલ તરીકે ફેરવવામાં આવી હતી. જે હાલમાં નવસારીની અગ્રગણ્ય હોસ્પિટલ તરીકે જાણીતી છે.

ઉચ્ચ કેળવણી ક્ષેત્રે નવસારીમાં ૧૯૪૮માં સોરાબજી બરજોરજી ગર્ડાના દાનથી આર્ટ્સ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. ગર્ડા કોલેજનું હાલનું મકાન પહેલા તાતા હુન્નર શાળા તરીકે વપરાતું હતું. ત્યાં પાછળ નવી બિલ્ડીંગ બનાવી પ્રથમ આર્ટ્સ કોલેજનું નિર્માણ થયું હતું. ત્યારબાદ બરજોરજી પેસ્તનજી બારીયા નામના સજ્જને સાયન્સ કૉલેજ સ્થાપવા માટે માતબર દાન આપ્યું હતું. જેમાંથી સાયન્સ કૉલેજની સ્થાપના થઈ હતી.

શ્રી પી.કે. પટેલ કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ માટે રૂપિયા એક લાખનું દાન શ્રી પટેલ તરફથી મળ્યું હતું. આમ આજથી ૬૦ વર્ષ પહેલાં આ કૉલેજો આસ્તિત્વમાં આવી હતી. સન ૧૯૭૨માં શેઠ દિનશાજી રતનજી દાબુએ લૉ કોલેજ માટે દાન આપ્યું હતું. આમ, નવસારીમાં ઉચ્ચ શિક્ષણનો પાયો પણ પારસીઓએ જ નાંખ્યો હતો. આ ઉપરાંત સર હોમી મહેતા ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ સર હોમી મહેતાના દાનથી જ બની છે, જેમાં આઈટીઆઈ અને વિવિધ ટેકનિકલ શિક્ષણ આપવામાં આવે છે.

વરસો પહેલાં પારસીઓ જુદી જુદી શેરીઓમાં વસતા હતા અને આખા મહોલ્લા પારસીઓના અલગ હતા. પરંતુ કાળક્રમે વસતી ઘટતી ગઈ અને મકાનો વેચાતા ગયા. આ સંજોગોમાં પારસીઓને એક જૂથે વસાવવા જરૂરી બન્યું આ સમયે હોંગકોંગ સ્થિત પારસી દાનવીર શેઠ શાપુરજી જોખીએ ચારપુલ નજીક ૫૦૦ પરિવાર

માટે આખી વસાહત ઊભી કરી આપી હતી. આજે આ સ્થળે લગભગ ૧૫૦૦ પારસીઓ એકસાથે વસી રહ્યા છે.

શેઠ શાપુરજી જોખીએ અન્ય અનેક સંસ્થાઓને માતબર દાનો આપ્યા છે. અને દાનનો પ્રવાહ હજુ પણ નવસારી તરફ તેઓના ભાઈશ્રી કેકી જોખી દ્વારા વહી રહ્યો છે. તેઓના દાન થકી હાલમાં ચાર કરોડના ખર્ચે નવસારીની સર જે.જે. હાઈસ્કૂલની નવી બિલ્ડીંગ બનાવવામાં આવી છે. આ જ સંસ્થાની શેઠ રૂસ્તમજી જીજીભાઈ સ્કૂલની નવી બિલ્ડીંગ પણ જોખી પરિવારના દાનથી બની છે. જોખી પરિવાર દ્વારા રોટરી આઈ ઈન્સ્ટિટયૂટને પણ દાન પ્રાપ્ત થયું છે. તે ઉપરાંત નવસારી બહાર પણ તેઓ દ્વારા દાનનો પ્રવાહ વહ્યો છે.

નવસારીનું એકમાત્ર રમતનું મેદાન 'સિરવાઈ પાર્ક' તરીકે ઓળખાય છે. જે બહેરામજી સિરવાઈ નામના પારસીએ નગરપાલિકાને રમત-ગમતના મેદાન તરીકે બક્ષિસ આપેલી છે.

નવસારીમાં આવેલો જે.એન. તાતા મેમોરીયલ હોલ જે 'તાતા હોલ' તરીકે ઓળખાય છે તે નવસારીનું એકમાત્ર વાતાનુકૂલિત ઓડિયોરીયમ છે. જે તાતા પરિવારની નવસારીને અમૂલ્ય ભેટ છે.

નવસારી આજે એક ઝડપથી વિકાસ પામી રહેલું શહેર છે. જેમાં પારસીઓ ઉપરાંત અનેક લોકોના દાનથી નવી નવી જાહેર સંસ્થાઓ બનેલી છે. નવી નવી શાળા, કૉલેજો, હોસ્પિટલ કે અન્ય સંસ્થાઓ દરેક સમાજના સજ્જનો તરફથી દાનો મળ્યા છે અને નવી જ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી રહી છે પરંતુ પારસીઓ દ્વારા ૧૫૦ ઉપરાંત વર્ષથી એકધારી સેવા આપતી સંસ્થા આ શહેરમાં અન્ય કોઈ નથી.

સર જમશેદજી જીજીભાઈએ સૌ પ્રથમ ૧૮૪૮માં કુમાર શાળા અને ૧૮૪૯માં કન્યાશાળાની સ્થાપના કરી. સન ૧૮૫૬માં મદ્રેસા સ્કૂલની શરૂઆત સર કાવસજી જહાંગીર કરી. ૧૮૬૩માં રૂસ્તમજી જીજીભાઈએ બીજી શાળા શરૂ કરી. ઉપરોક્ત શાળાઓ પહેલા માત્ર પારસીઓ માટે હતી જે મહારાજા સયાજીરાવે ગ્રાન્ટ આપી બધા માટે પ્રવેશ આપવો શરૂ થયો.

તાતા પરિવાર તરફથી એક કુમારશાળાની સ્થાપના કરી ૧૮૮૧માં કરવામાં આવી જ્યારે તાતા કન્યાશાળા ૧૮૫૬માં પારસી કન્યાઓ માટે શરૂ કરી પાછળથી બધા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

આમ, નવસારીમાં આધુનિક કેળવણીનો પાયો પારસીઓએ નાંખ્યો હતો. ગાયકવાડ સરકારે ૧૮૮૧માં શિક્ષણ ખાતું શરૂ કર્યું હતું અને ગુજરાતી, મરાઠી તથા ઉર્દુ શાળાઓની સ્થાપના કરી હતી.

૧૮૯૫માં એક શાળા શરૂ કરી હતી જેમાં સંગીત તથા કલાની તાલીમ પણ આપવામાં આવતી. આ શાળા ગાયનશાળા તરીકે ઓળખાતી હતી. જે હાલમાં ટાવર નજીક કાર્યરત છે. સયાજીરાવ ગાયકવાડને પુસ્તકો પ્રત્યે પ્રેમ હતો. સયાજીરાવે આખા નવસારી પ્રાંતમાં નાની નાની લાઈબ્રેરીઓ ઊભી કરી હતી.

નવસારીમાં સૌ પ્રથમ લાઈબ્રેરી ઊભી કરવાનો યશ પણ પારસીઓએ ફાળે જાય છે. ૧૮૭૦માં કેટલાંક પારસીઓએ લાઈબ્રેરીની શરૂઆત એક મકાનમાં કરી હતી. જેમાં મહેરજી રાણા પરિવારના બરજોરજી બહમનજી પદમે પોતાની જમીન તથા રૂ. ૫,૦૦૦ આપી હાલની મહેરજી રાણા લાઈબ્રેરીની સ્થાપના કરી હતી. ૧૮મી એપ્રિલ ૧૮૭૨ના રોજ આ પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન થયું હતું. તેની ૧૭૦મી જયંતિની ઉજવણી થઈ ગઈ છે.

૧૮૯૮માં સયાજી વૈભવ લાઈબ્રેરીની સ્થાપના થઈ હતી. જે હાલમાં નવું મકાન બનાવવામાં આવ્યું છે. જેમાં અનેક સાહિત્યિક પ્રવૃત્તિઓ થાય છે અને વાંચે ગુજરાત જેવી પ્રવૃત્તિનું આ કેન્દ્ર બની ગયું છે.

## નવરંગ નવસારી


નવરંગ એક સુંદર શબ્દ છે. જે નવસારી માટે તે આબાદ લાગુ પડતો છે. નવરંગનો અર્થ નવો રંગ કરવા સાથે નવ રંગવાલો, અહીં વધારે બંધબેસતો છે, નવસારીમાં ઘણી બાબતો નવના આંકડા ઉપર છે. નવસરેહ અને નવસૈયદો વિષે તો આપણે કહી આવ્યા છીએ. નવસારીના આપણે જે અર્થો કરી આવ્યા તે હજુ જાણે ઓછા હોય તેમ સંસ્કૃત નવ સર ઉપરથી નવસારી નામ પડ્યાનું પણ જાણવામાં આવે છે. સંસ્કૃત નવ -૯, અને સર- તળાવ. તે ઉપરથી ૯ તળાવવાળું શહેર તે ઉપરથી નવસારી કહેવાય છે એમ કહે છે. આ શહેરમાં ૯ તળાવો હતા. ૧- દૂધ્યું, ૨- શરબત્યું, ૩- ગાંગડ્યું અથવા વાગળ્યું, જૂનાથાણાના બાગની પૂર્વે આવેલું છે.) ૪- નાગતળાવડી, ૫- કાલ્યાવાડીવાળું, (ચોકીની પાછળનું તળાતાવાળું, ૭-ભેસાત ખાડાવાળું, ૮- માલીવાડીવાળુ, (વેરાવળ જતાં પશ્ચિમે.) એ માણે ૯ તળાવ છે. એ પૈકી કેટલાક સુકાઈને પૂરાઈ જવા આવ્યાં છે.


નવસારીથી બહાર ગામ જવાના નવ નાકાં યાને નવ રસ્તા છે. ૧- જલાલપોર જવાનું નાકું, ૨- ગણદેવીની ચોકી (યાને ગણદેવી જવાનો 'દશેરા ટેકરી'ને નામે ઓળખાતો ભાગ (લુનશીકુઈની પાછળનો) ૩- ગણદેવી જવાનો બીજો ફાંટોલુન્સીકુઈની આગળનો કાગદીવાડનાં નાકાંને નામે ઓળખાતો રસ્તો, ૪- સૂરત જવાનું

ભેસાતખાડાવાળું નાકું, ૫- કાલ્યાવાડીનું, ૬- વીરાવળવાળું, ૭- આશાપુરી તરફનું, ૮- સૂરત જવાનું દાંડીવળવાળું, ૯- કાછીઆવાડીવાળું, એ માણે નવસારીના નવ નાકાં યાને નવ ભાગળ ગણાયેલાં છે.

નવસારીના તે સમયમાં નવ બજાર છે. ૧- હાલના કુંભારવાડમાં પટવાવાડને નામે ઓળખાતું અસલમાં બજાર હતું, જે તે વેળાએ મોટું બજાર ગણાતું. ૨- હાલનું મોટું બજાર અથવા જાદવ રાવે જાદે કરેલું ‘‘જાદવ બજાર’’ ૩- પાંચ હાટડીનું બજાર. ૪- થાણાવાડના મોચીવાડ આગળનું ભુત્યાવાડવાળું બજાર. જેનો કંઈક ભાગ હજુ છે. ૫- તરાવતાનું બજાર. ૬- કાહરાવાડાનું બજાર, ૭-ગોલવાડનું બજાર તો મોટું બજાર હતું. હાલ ત્યાં અનાજ સિવાય બીજું વેચાતું નથી. ૮- ફતેહખાનનાં કૂવા આગળનું સત્તાપીરનું બજાર (હાલ થોડુંક રહેલું છે અને ૯- ખત્રીવાડનું બજાર એ માણે નવસારીનાં ‘‘નવ બજાર’’ ગણાયેલાં છે. વળી કોઈ તો નવસારીના અસલ ૧૪ બજાર હોવાનું જણાવે છે.

‘‘નવ ડાળી વડ’’ને લીધે નવસારી વખણાયેલી છે. આશાપુરીના મંદિરમાં એક ગંજાવર વડનું ઝાડ છે, જેના ઉપરથી જુદા જુદા અને છૂટા છૂટા બીજા નવ વડ એક જ થડ ઉપરથી ઉગેલાં છે, જેની માનતા વટીક લેવાય છે એ વડ મંડળ જોવાલાયક છે.


જમશેદજી તાતા


દાદાભાઈ નવરોજી

## દાંડી કૂચ

અંગ્રેજી શાસનમાંથી મુક્તિ મેળવવા ભારતવાસીઓની ઝંખના હતી. મુક્તિ માટે પ્રથમ જંગ ૧૮૫૭માં ખેલાયો. આ જંગમાં અનેક વીર પુરુષોએ આહુતિ આપી, પણ વિદેશી શાસને જંગને જુલમના જોરે કચડી નાંખ્યો. લોકોમાં નિરાશા અને હતાશા વ્યાપી ગઈ. ભારતવાસીઓને નેતૃત્વની જરૂર હતી. આવા સમયે ૧૯૧૫માં ગાંધીજીનું ભારતમાં આગમન થયું. ગાંધીજીએ તેમના ગુરૂ ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી એક વર્ષ સુધી રાજકીય પ્રવૃત્તિમાં પડ્યા વિના દેશની સાચી સ્થિતિનું અવલોકન કર્યું અને ત્યારબાદ સ્વાતંત્ર્ય સંગ્રામનું સુકાન સંભાળ્યું. ગાંધીજીના એક વર્ષના અવલોકને આત્માને ઢંઢોળી નાખ્યો. સ્વરાજ પ્રાપ્ત કરવા સિવાય કોઈ વિકલ્પ ન સુઝ્યો. અહિંસાનો માર્ગ અપનાવી સત્યાગ્રહના હથિયાર વડે સમગ્ર દેશની પ્રજાને આઝાદીની લડત માટે જાગૃત કરવાનો એક અવસરને પુનર્જીવિત કર્યો. અન્યાય સામે દક્ષિણ આફ્રિકામાં સફળ થયેલા સત્યાગ્રહનું હથિયાર ભારતમાં અસરકારક સાબિત થઈ શકે તેમ છે, તેવું ગાંધીજી દૃઢપણે માનતા હતા. આથી દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની શસ્ત્ર પ્રયોગશાળામાં સફળ થયેલા પ્રયોગોના ભારતમાં ઉપયોગ કરવાનો સંકલ્પ કર્યો.


જમશેદજી જીજીભાઈ


ગાંધીજીએ પોતાની માતૃભૂમિ ગુજરાતને કર્મભૂમિ બનાવી સમગ્ર દેશમાં સ્વાતંત્ર્ય સંગ્રામનું રણશિંગુ ફૂંકવાના આશયથી અમદાવાદના કોચરબમમાં એક બંગલો રાખીને સને ૧૯૧૫માં સત્યાગ્રહની સ્થાપના કરી. ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળને પુરતો વેગ મળ્યો. સમગ્ર દેશમાં ખૂબ જ વ્યાપક અશર થઈ. મુક્તિ સંગ્રામને સંદેશાના સત્યાગ્રહો શરૂ થયા. બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચ, ધરાસણા સત્યાગ્રહ, અડાસ સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, રાસ સત્યાગ્રહ, ધોલેરા સત્યાગ્રહ, માણસા સત્યાગ્રહ, રાજકોટ સત્યાગ્રહ જેવા સત્યાગ્રહો થયા. છેવટે સત્યાગ્રહની લડત સામે અંગ્રેજ સરકાર ઝુકી અને ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું. સવિનય કાનુન ભંગની લડત સમગ્ર દેશમાં વ્યાપક બની ‘‘દાંડીકૂચ’’ મહત્ત્વની બની. જેના બીજ ૧૯૨૯ના ડિસેમ્બરમાં લાહોર ખાતે કોંગ્રેસ અધિવેશનમાં કરાયેલા પૂર્ણ સ્વરાજ્યના ઠરાવમાં હતા. ૧૯૩૦ જાન્યુઆરીની ૨૬મી તારીખે સ્વાતંત્ર્ય દિન ઉજવવાનો લોકોને અનુરોધ કરાયો હતો. આ અરસામાં અંગ્રેજ સરકારે ઈંગ્લેન્ડ ખાતે ગોળમેજી પરિષદ ભરવાની યોજના કરી, તેમાં ભાગ લેવા કોંગ્રેસને આમંત્રણ અપાયું. તેની સામે ગાંધીજીએ દારૂનિષેધ, હુંડિયામણ, જમીન-મહેસૂલ, મીઠા વેરો અને લશ્કરી સંબંધી બાબતોની ચર્ચા કરવાની શરત મૂકી. ગાંધીજીએ સ્પષ્ટ રીતે કહ્યું કે, આ શરતો મંજૂર હોય તો કોંગ્રેસ ગોળમેજી પરિષદમાં ભાગ લેશે. વાઈસરોયે આ અંગે કોઈપણ બાહેંધરી ન આપી, જણાવ્યું કે, બધા પક્ષ ગોળમેજીમાં જાય કે ન જાય, પરિષદ યોજાશે જ, સરકાર સત્યાગ્રહી પ્રવૃત્તિ દાબી દઈ કાયદો અને વ્યવસ્થા સ્થાપવા માટે બધાં જ પગલાં લેશે એવી એમણે ચેતવણી ઉચ્ચારી અને તેમાંથી દાંડીકૂચ સત્યાગ્રહની લડત ચિનગારી પ્રગટી. ગાંધીજીએ ૨જી માર્ચે સત્યાગ્રહ શરૂ કરીશ એમ જણાવ્યું, પણ અંગ્રેજ સલ્તનતને કોઈ ફેર ન પડ્યો અને દાંડીકૂચનું નિર્માણ થયું.

# પંચમહાલ-ગોધરા જિલ્લો








મહીસાગર
ખેડા
દાહોદ
છોટા ઉદેપુર
વડોદરા
ગોધરા
હાલોલ
જાંબુઘોડા
શહેરા
ઘોઘંબા

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **પંચમહાલ** |
| જિલ્લા મથક | : | ગોધરા |
| સ્થાપના | : | ઇતિહાસ - પાંચ મહાલોનો પ્રદેશ સિંધિયા કાળથી ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ એમ પાંચ મહાલોનો સમૂહ પ્રદેશ એટલે પંચમહાલ |
| સ્થાપનાનું વર્ષ | : | મોગલ સામ્રાજય દરમ્યાન ઇ.સ.૧૫૭૩ થી ૧૭૨૭ ના સમયગાળામાં ગોધરા પંચમહાલ જિલ્લાનું વડું મથક બન્યું. ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે પંચમહાલ જિલ્લાની રચના કરવામાં આવી હતી. |
| પૃથ્વી પરનું સ્થાન | : | ભૌગોલિક - અક્ષાંશ :- ૨૦.૩૦ અંશથી ૨૩.૩૦ અંશ ઉત્તર અક્ષાંશ<br>રેખાંશ :- ૭૩.૧૫ અંશથી ૭૪ અંશ પૂર્વ રેખાંશ |
| વસતી | : | કુલ-૧૬૩૦૭૫૮, પુરુષ-૮૩૮૪૩૬, સ્ત્રી-૭૯૨૩૨૨ |
| સ્ત્રીઓનું પ્રમાણ | : | ૧૦૦૦ પુરુષોએ ૯૪૫ સ્ત્રી |
| તાલુકા | : | ૭ (૧. ગોધરા ૨. શહેરા ૩. કલોલ ૪. હાલોલ ૫. ઘોઘંબા ૬. જાંબુઘોડા ૭. મોરવા(હડફ)) |
| વિસ્તાર-ક્ષેત્રફળ | : | ૩૨૭૨ ચો.કિ.મી. |
| ગામો | : | ૬૦૦ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી-પશુપાલન |
| ખેતી પાકો | : | મુખ્ય પાકો - ડાંગર, તમાકુ, મકાઇ, બાજરી, તુવેર, જવ, કોદરા, મગ. રોકડીયા- ડુંગળી, શાકભાજી, તેલીબિયાં- મગફળી |
| મુખ્ય ખનિજ | : | ગ્રેફાઈટ, મેંગેનીંઝ, કવાર્ઝજ, ઉદ્યોગો : કવોરી ઉદ્યોગ મોટા-૧, નાના અને ગૃ હઉદ્યોગો -૧,૨૩૦ |
| આબોહવા | : | ૨૦ થી ૪૫ સેન્ટીગ્રેડ |
| સરેરાશ વરસાદ | : | ૧૦૨૬ મી.મી. |
| જંગલો | : | ૧૨૨૧.૬૫ ચો.કિ.મી. |
| વન સંપદા | : | ૧,૧૬,૭૯૩ હેકટર |
| નદીઓ | : | વિશ્વામિત્રી, મહિસાગર અને પાનમ (પંચમહાલ, ખેડા અને મહિસાગર જિલ્લાની સરહદ બનાવે છે) ભાદર, વાંકડી, કુણ, ગોમા, દેવ, વેરી, સુકલા, સુખી. |
| પુલો | : | પાનમ, હડફ, કરાડ |
| ખેત તલાવડી | : | ૪,૪૫૨ |
| જળાશયો/સિંચાઈ | : | ૩ (પાનમ, કરાડ, ગોમા) સિંચાઇ યોજનાઓ, દેવ ડેમ પર દેવસિંચાઈ |
| તળાવો | : | ૩૭૦ |
| ચેક ડેમો | : | વન વિભાગના-૪૭૮, મોટી નદીઓ ઉપર ૭૫, મોટા ચેક ડેમો, ૫,૨૩૮ નાના ચેક ડેમો |
| જિલ્લાના રસ્તા | : | રાજય ધોરી માર્ગ - ૭૦૫ કિ.મી.<br>૪૭ નંબરનો રાષ્ટ્રીય ધોરી માર્ગ જિલ્લામાંથી પસાર થાય છે. |
| જોવા લાયક સ્થળો | : | ઐતિહાસિક : ગરમ-ઠંડા પાણીના કુંડ<br>સાંસ્કૃતિક : કલેશ્વરી નાળ |
| ધાર્મિક | : | પાવાગઢ, મરડેશ્વર મહાદેવ, ગુપ્તેશ્વર મહાદેવ, ઝંડ હનુમાન મંદિર |
| રેલવે સેવાઓ | : | ગોધરા શહેરથી મુંબઇ-વડોદરા અને દિલ્હી રેલવે જંકશનોથી સંકળાયેલ છે |

| | | |
|---|---|---|
| રાજ્ય પરિવહન સેવા | : | ૪૪૩ શિડ્યુલ દ્વારા ૨,૧૫,૮૬૮ કિ.મી.નું સંચાલન |
| અભયારણ્ય | : | જાંબુઘોડા રીંછ અભયારણ્ય, જાંબુઘોડા |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | પંચમહાલ-દાહોદ જિલ્લામાં ૧,૬૦૭ દૂધ મંડળીઓ |
| લોકમેળા/ધાર્મિક તહેવારો | : | જન્માષ્ટમીનો મેળો-અંકલેશ્વર મહાદેવ, ગોધરા, આમલી અગિયારસનો મેળો – ટુવા, ચૈત્રી પૂનમનો મેળો – પાવાગઢ, શિવરાત્રિનો મેળો – મરડેશ્વર મહાદેવ |
| સિંચાઈ | : | દેવડેમ, દેવ નદી પર |
| ગ્રંથાલયો/વાંચનાલયો | : | જિલ્લા કક્ષાના – ૧, તાલુકા કક્ષાના – ૨, ગ્રામ ગ્રંથાલય – ૫૫૦ અંદાજે |
| પશુપાલન પ્રવૃત્તિ | : | ગાય, ભેંસ, બકરી, ઘેટું, ઘોડા, બળદ, ઊંટ, ગધેડા |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રાથમિક – ૧૪૦૪, માધ્યમિક – ૨૭૦, ઉચ્ચ માધ્યમિક – ૧૧૮, કૉલેજો – ૧૪ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૭ |
| લોકસભાની બેઠકો | : | ૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૪૫ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૨૩૫ |
| નગરપાલિકાઓ | : | ૪ |
| જન્મ દર | : | ૨૧.૪ |
| મૃત્યુ દર | : | ૫.૬ |
| બાળ-વાડીઓ/આંગણવાડીઓ | : | ૧,૯૩૧ |
| સખી મંડળો/મહિલા મંડળો | : | ૯,૦૫૯ |
| સ્વાતંત્ર્ય સેનાનીઓ | : | વકીલ શ્રી દલસુખભાઈ લલ્લુભાઈ શાહ, વામનરાવ મુકાદમ, ડૉ. માણેકલાલ શાહ, પૂ.ઠક્કરબાપા |
| દૈનિક અખબારો | : | ૧ |
| સાપ્તાહિક અખબારો | : | ૨૨ |
| પાક્ષિક અખબારો | : | ૧૧ |

પંચમહાલ એટલે 'પાંચ મહાલનો પ્રદેશ.' સિંધિયાકાળથી ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ એમ પાંચ મહાલોનો સમૂહ 'પંચમહાલ' તરીકે ઓળખાય છે. આદ્યશક્તિ પીઠ ધામ પાવાગઢની પાવન ભૂમિના લીધે ભારતભરમાં શ્રદ્ધાળુઓ માટે આદરભર્યું સ્થાન ધરાવે છે.

સિંધિયાના રાજ્ય શાસનકાળમાં સિંધિયાના સૂબા જે મહાલોનો વહીવટ કરતા હતા તેનું મુખ્ય મથક પાવાગઢ હતું. તેથી જ પંચમહાલ જિલ્લાના મધ્યકાલીન ઈતિહાસમાં ચાંપાનેર શહેર અને પાવાગઢ ડુંગર કેન્દ્ર સ્થાને હતા. અણહિલવાડના પ્રથમ રાજા વનરાજના સમયમાં સાતમી સદીમાં ચાંપાનેરની સ્થાપના થઈ હોવાનું મનાય છે. પ્રાચીન ચાંપાનેર ચાલુક્ય શાસનનું પાટનગર હતું. મોગલ સામ્રાજ્ય દરમિયાન ઈ.સ. ૧૫૭૩થી ૧૭૨૭ના સમયગાળામાં ગોધરા પંચમહાલનું વડું મથક બન્યું હતું.



એક સમયે પુષ્કળ પ્રમાણમાં ચંદનના વૃક્ષો અને જંગલી હાથીઓનો પ્રદેશ તરીકે પંકાયેલો આ જિલ્લો બ્રિટીશ સલ્તનત સમયે મુંબઈ પ્રાંતનો એક ભાગ ગણાતો હતો.




**સાત કમાનો :** તળેટીથી માંચી સુધી અને માંચીથી મૌલિયા ટૂંક સુધીના પર્વતીય વિસ્તારમાં પ્રાચીન કાળની ભવ્ય જાહોજલાલીની પ્રતીતિ કરાવતા કિલ્લેબંધ કમાનાકાર દરવાજા, ટંકશાળ, ખંડેર, મહેલાતો અને વિશાળ ગિરીદર્ગ ભગ્નાવશેષ રૂપે પથરાયેલા પડ્યા છે.

અટક દરવાજાથી શરૂ થઈ બુઢિયા દરવાજા સુધીની કિલ્લેબંધી ધરાવતી હારમાળાની સૌથી ઊંચે દુર્ગની રાંગમાં દૂરથી રળિયામણી કમાનો જોવા મળે છે. સાત કમાન તરીકે ઓળખાતી આ ઈમારત સફાઈદાર પથ્થરોની બનેલી છે. વિશાળ મંડપ રૂપે રચાયેલ સાત કમાનોમાં તાત્કાલીન શાસનકર્તાઓ ગુપ્ત બેઠક યોજતા તથા રાજવી પરિવાર આનંદ-પ્રમોદ માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોવાનું માનવામાં આવે છે.



**લકુલીશ મંદિર :** પાવાગઢ ડુંગર ઉપર છાસિયા તળાવની મધ્યે દક્ષિણ દિશાએ આવેલ સૌથી પ્રાચીન ગણાતું લકુલીશ મંદિર અગિયારમાં સૈકાના શિલ્પ-સ્થાપત્યની સાક્ષીરૂપે છે. જેને શ્રી મહાકાળી માતાજીના પ્રમુખ ભૈરવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ લકુલીશ મંદિરની દીવાલો પર મનોહર શિલ્પોની કોતરણી કરવામાં આવેલી છે. આ શિવ મંદિર ખંડિત હાલતમાં છે.




**નવલખા કોઠાર :** પાવાગઢ પર્વતના સૌથી ઊંચા શિખરની ઉત્તરે મૌલિયા ટૂંકના મેદાની ભાગમાં વિસ્તરેલ ખીણ 'નવલખી ખીણ' તરીકે ઓળખાય છે. અહીં નવલખા કોઠાર નામે ખ્યાતિ પામેલ પ્રાચીન ઈમારત મોગલ કાળની સ્થાપત્ય કલાની ઝાંખી કરાવે છે. નવલખી ખીણની ધાર ઉપર પ્રસ્થાપિત વિશાળ ગુંબજ ધરાવતા સાત ખંડોની ટી આકારની આ ઈંટેરી ઈમારત પ્રાચીન કાળમાં અનાજ-સંગ્રહ માટેના કોઠાર તરીકે ઉપયોગમાં લેવામાં આવતી હોવાનું માનવામાં આવે છે.

**કુંડ :** નવલખા કોઠારની ઉત્તર દિશાએ આગળ વધતી ખીણની ધારે પ્રાચીન સમયના ત્રણ વિશાળ કુંડ આવેલા છે. આ ત્રણેય કુંડ ગંગા, જમુના અને સરસ્વતીના નામથી ઓળખવામાં આવે છે. આ પૈકી પ્રથમ બે કુંડ પથ્થરના ચણતરવાળા લંબચોરસ આકારના છે. જ્યારે ત્રીજો કુંડ ચોરસ આકારનો ઈંટ અને ચૂનાથી બંધાયેલો હોવાનું જણાય છે. આ ત્રણેય કુંડનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં શુદ્ધ પાણીનો સંગ્રહ કરવા માટે થતો હતો.



**ખાપરા-ઝવેરીનો મહેલ :** માંચીની જૂની પગદંડી તરફ આગળ જતા માર્ગ ઉપર પાંચ-સાત મિનિટના અંતરે વિશ્વામિત્રી નદીની ઊંડી ખીણની કિનાર પર બંધાયેલ પ્રાચીન મહેલ 'ખાપરા ઝવેરીના મહેલ' તરીકે ઓળખાય છે. પ્રાચીનકાળમાં સાત માળ ધરાવતા 'અદ્ધર ઝરૂખા મહેલ' તરીકે ખ્યાતિ પામેલ આ ભવ્ય ઈમારત પ્રવાસીઓમાં ભારે આકર્ષણ જન્માવે છે. કુદરતે અહીં અસીમ સૌંદર્ય વેર્યું છે. જો કે આ સાત માળ પૈકીનો ભોંયતળિયાનો એક ખંડ માત્ર અવશેષરૂપે નિહાળી શકાય છે. અહીં પહોંચવા માટે સીધા અને કપરા ચઢાણવાળા પગથિયાંનો ઉપયોગ કરવામાં આવે છે.



**વૈશ્વિક વિરાસત ચાંપાનેર (વર્લ્ડ હેરિટેઝ સાઈટ) :** રમણીય પાવાગઢ પર્વતની તળેટીમાં વસેલું અનેક શિલ્પ-સ્થાપત્યો અને જાહોજલાલીપૂર્ણ ઈમારતોનો ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવતું નગર એટલે ચાંપાનેર, ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ અનુસાર ખડચંપાના રંગની આ ભૂમિ પર વનરાજ ચાવડાના મંત્રી ચાંપાએ ચાંપાનેર નગર વસાવ્યું હોવાનું મનાય છે. પ્રથમ સહસ્ત્રાબ્દીમાં અહીં માનવ વસવાટ થયો હતો. અને આશરે ઈ.સ. ૧૩૦૦માં ચૌહાણ કુળના રાજવીઓએ ચાંપાનેર નગરીની રાજધાની તરીકે સ્થાપના કરી હતી. આ રાજવીઓની સ્વતંત્રતા ઈ.સ. ૧૪૮૪ સુધી ટકી હોવાનો ઉલ્લેખ છે. ૧૮૪ વર્ષ સુધી સ્વતંત્ર રહેલા પાવાગઢ ચાંપાનેરમાં વિજેતા મહેમુદ બેગડાએ પોતાની રાજધાની બનાવી તેને મહમદાબાદ નામ આપ્યું.

પાવાગઢ પર્વતના નીચેના ભાગમાં મહમૂદ બેગડાએ સ્થાપેલા ચાંપાનેર નગરના શાહી મહેલનો સમચોરસ કિલ્લો છે. બુરજોથી સુરક્ષિત આ કિલ્લાના પ્રવેશદ્વાર પાસેના ગોખ મનોહર છે. રાજમહેલનો વિસ્તાર માંડવી નામે ઓળખાતા પ્રવેશદ્વારથી બીજા ભાગોથી છૂટો પડે છે. શાહી કિલ્લાની બહાર જુમ્મા મસ્જિદની ભવ્ય ઈમારતની સુવ્યવસ્થિત રચનાના વિવિધ રંગો તથા ભારતીય ઈસ્લામિ સુશોભનોથી આગવું મહત્ત્વ ધરાવે છે. તેનાં પાંચ મનોહર પ્રવેશદ્વાર, તેની પારદર્શક સુશોભિત કોતરણી આકર્ષક છે. તેના મકસુરાની પાંચ કમાનો પાસેનાં છજા, સુંદર મિનારા અને મુખ્ય કમાન પાસેનું છજું તેની શોભામાં વધારો કરે છે. ચાંપાનેરની





ઈમારતો ગુજરાતની સ્થાનિક શૈલીના મહત્ત્વના નમૂના છે. તેમાં નગીના મસ્જિદ, શહેરની મસ્જિદ, લીલા ગુંબજ મસ્જિદ પોતપોતાની લાક્ષણિકતા ધરાવે છે. ચાંપાનેરને વર્લ્ડ હેરિટેઝનો દરજ્જો આપવામાં આવેલા છે. ચાંપાનેરને ઈ.સ. ૨૦૦૪માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝ સાઈટ જાહેર કરવામાં આવી છે. પાવાગઢ પર્વત પર ૫૧ શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ મહાકાલી માતાનું મંદિર છે. ચાંપાનેરની બહાર પૂર્વમાં વડા તળાવ ઉપર ખજૂરી મસ્જિદ અને કબૂતરખાનાના નામે જાણીતું હવા ખાવાનું સ્થળ છે.

**બુઢીયો દરવાજો :** પાવાગઢ પર્વત ઉપર વિશાળ હારમાળામાં નજરે પડતા જુદા જુદા પ્રાચીન દરવાજાઓ અહીં પ્રાચીન નગરી હોવાનું પ્રસ્થાપિત કરે છે. તળેટીથી પાવાગઢ પર્વત ઉપર જતાં વ્યૂહાત્મક રીતે સંરક્ષણ બક્ષતા અને ઊંચા ઊંચા અભેદ ગણાતા દુર્ગમાં અટક દરવાજા, બુઢિયા દરવાજા અને લાલી દરવાજાના નામથી પ્રચલિત મજબૂત દરવાજા પ્રવાસીઓ માટે ભારે આકર્ષણરૂપ બની રહ્યા છે. માંચી તરફ આગળ વધતા દુર્ગનો છેલ્લો દરવાજો લાલી દરવાજા તરીકે ઓળખાય છે. આ લાલી દરવાજાની પાસે આવેલી પ્રાચીન ઈમારત ટંકશાળ તરીકે ઓળખાય છે. આ દુર્ગ અને અભેદ દરવાજા તત્કાલિન રાજ્યશાસનને તેમજ પ્રાચીન નગરીને દુશ્મનોના લશ્કરી આક્રમણ સામે અભેદ સુરક્ષા કવચ પૂરું પાડતા હોવાનું માનવામાં આવે છે.



**પતઈ રાવલનો મહેલ અને ભદ્રકાળી માતાનું મંદિર :** મધ્યકાલીન ગુજરાતની રાજધાની ચાંપાનેરના રાજવીઓ પૈકીના રાજા પતઈ રાવલનો મહેલ આ પર્વત ઉપર ભગ્નાવશેષરૂપે નજરે પડે છે. માંચીથી આગળ પૂર્વ દિશામાં હાથિયા ખીણના ઢોળાવી મેદાની વિસ્તારમાં ધરબાયેલો આ મહેલ પ્રાચીન સ્થાપત્ય કલાના દર્શન કરાવે છે. આ મહેલથી આગળ વધીને પૂર્વ દિશામાં એકલું અટૂલું છતાં અડીખમ રીતે ભદ્રકાલી માતાજીનું મંદિર ઊભેલું છે. જેના પ્રત્યે ભાવિકો અસીમ શ્રદ્ધા ધરાવે છે.

**જૈન ધર્મીઓનું સિદ્ધ ક્ષેત્ર :** પાવાગઢ પર્વત જૈન ધર્મીઓ માટે મહત્ત્વનું સિદ્ધ ક્ષેત્ર પણ મનાય છે. આ પર્વત ઉપર દૂધિયા અને છાશિયા તળાવની આજુબાજુ મેદાની વિસ્તારમાં શ્રી દિગંબર જૈન સંપ્રદાયના પૌરાણિક અને ઐતિહાસિક આરસપહાણના પથ્થરથી બનેલા જુદાં જુદાં સાત જૈન મંદિરો પ્રસ્થાપિત થયેલાં છે.

**ભીમચોરી :** શિકારમઢી પાસેથી શરૂ થતી સોપાન શ્રેણી ટેકરીના મથાળે દોરી જાય છે. જ્યાં ભીમચોરી



તરીકે ઓળખાતું શિવાલય છે. ટેકરી પર આવેલાં ત્રણ સ્મારકોમાં આ સૌથી નુકસાન પામેલ છે. ભારતમાં પાંડવોના નામ સાથે કોઈને કોઈ સ્થળ જોડી દેવાની પ્રથા જોવા મળે છે. તે મુજબ આ શિવાલયને પણ ભીમચોરી નામ આપવામાં આવેલું છે. સ્થાપત્ય શૈલીને લક્ષમાં લઈ આ મંદિરનો નિર્માણ કાળ ૧૪ કે ૧૫મી સદીનો ગણી શકાય.

**સાસુની વાવ :** ગુજરાતમાં વાવનું સ્થાપત્ય પ્રાચીન સમયથી જોવા મળે છે. આ વાવ સાસુની વાવ તરીકે ઓળખાય છે, જ્યારે તેનાથી થોડે દૂર એક અન્ય વાવ છે. બંને વાવ એક-બીજાની સમીપે છે. વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ આ વાવનું નિર્માણ નંદા પ્રકારનું જણાય છે. વાવમાં ઉતરતા એક ગોખમાં લજ્જાગૌરી અને નંદિશ્વરનું શિલ્પ છે. નીચે ઉતરતા વિશ્રામ સ્થળના બંને ગોખમાંથી એકમાં શેષશાયી વિષ્ણુ તથા અન્યમાં વૈષ્ણવીની બે પ્રતિમાઓ સ્થિત છે. શિલ્પોની શૈલી તથા વાવના બાંધકામ પરથી આ વાવ ઈસુની ૧૪મી કે ૧૫મી સદીમાં બંધાઈ હોય તેમ જણાય છે.

**શહેરા :** શહેરા નજીક મરડેશ્વર મહાદેવનું પ્રખ્યાત શિવાલય પંચમહાલની શોભામાં વધારો કરે છે. શહેરાના ખટકપુરમાં એશિયાની વિખ્યાત ટનલ ભૂગર્ભ કેનાલ જે ૩.૫ કિ.મી. લાંબી છે. તરસંગનો ડુંગર ખનીજ માટે જાણીતું છે. પાનમ સિંચાઈ ડેમ જોવાલાયક છે.








# પાટણ જિલ્લો









| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **પાટણ** |
| સ્થાપના | : | ૨-૧૦-૯૭ના રોજ બનાસકાંઠા, મહેસાણા જિલ્લામાંથી પાટણ જિલ્લાની નવરચના કરવામાં આવી. |
| જિલ્લાની સીમાઓ | : | પાટણ જિલ્લાની ઉત્તરે બનાસકાંઠા, પૂર્વમાં મહેસાણા, દક્ષિણમાં કચ્છનું મોટું તથા નાનું રણ છે. |
| પૃથ્વી પર સ્થાન | : | ૨૩.૪૧ થી ૨૩.૫૫ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૩૧ થી ૭૨.૨૦ પૂર્વ રેખાંશ |
| જિલ્લા મથક | : | પાટણ |
| તાલુકાની સંખ્યા | : | ૯ |
| કુલ ક્ષેત્રફળ | : | ૫૭૪૨.૫૯ ચો.કિ.મી. |
| વસતી | : | કુલ ૧૩,૪૩,૭૩૪, સ્ત્રી - ૬,૪૯,૩૩૭ (૪૮.૩૨ ટકા), પુરુષ - ૬,૯૪,૩૯૭ (૫૧.૬૮ ટકા), ગ્રામ્ય - ૧૦,૬૨,૬૫૩ (૭૯.૦૮ ટકા), શહેરી - ૨,૮૧,૦૮૧ (૨૦.૯૨ ટકા) |
| તાલુકા | : | ૯ |
| ગામો | : | ૫૨૧ |
| વારિગૃહો | : | ૫૨૧ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી-પશુપાલન |
| મુખ્ય ખેતી પાકો | : | ઘઉં. બાજરી, કઠોળ, જુવાર, મગફળી, વરિયાળી, સરસવ, ઈસબગુલ |
| રોકડીયા પાકો | : | કપાસ, ગાજર, જીરૂ |
| તેલિબીયાં | : | દિવેલા, તલ |
| મુખ્ય ખનીજ | : | વ્હાઈલ કલે, ચાઈના કલે |
| ઉદ્યોગો | : | સોલાર, જીનિંગ ઓઈલ મીલ, પ્લાસ્ટીક |
| જમીનનો પ્રકાર | : | રેતાળ અને ગોરાડુ (ઉપજાઉ-૧૪૦૪૮ હેકટર, બિનઉપજાઉ-૧૫૫૩૮ હેકટર, પડતર-૩૪૧૦૨ હેકટર) |
| આબોહવા | : | સૂકી અને ઉષ્ણ |
| સરેરાશ વરસાદ | : | ૨૫ ઈંચ |
| જંગલો વનસંપદા | : | ૪૬,૫૨૬ હેકટર |
| નદીઓ | : | (૧) સરસ્વતી, (૨) ખારી (૩) રૂપેણ |
| પુલો | : | ૬ |
| તળાવો | : | ૭૭૦ |
| જિલ્લાના રસ્તાઓ | : | ૩૪૬૩ કિ.મી. ( રાષ્ટ્રીય-૧૩ કિ.મી., રાજ્ય-૪૪૬.૦૩ કિ.મી., જિલ્લા-૮૧૩ કિ.મી., ગ્રામ્ય-૧૮૮૦ કિ.મી. અન્ય-૩૨૩) |
| જોવાલાયક સ્થળો | : | ઐતિહાસિક : રાણકીવાવ, સહસ્ત્રલીંગ તળાવ, રૂદ્રમાળ<br>ધાર્મિક : બિંદુ સરોવર-સિદ્ધપુર, ખોડિયાર મંદિર-વરાણા, લોટેશ્વર મહાદેવ, શંખેશ્વર જૈન દેરાસર. |
| હોટલો | : | ૮૬ (ગેસ્ટ હાઉસ : સરકારી-૭, ખાનગી-૪૬) |
| રેલવે સેવાઓ | : | પાટણ, સંખારી, રણુંજ, સિદ્ધપુર, સેલાવી, ધીણોજ, ચાણસ્મા મોટા માપની ૩૫.૬૫ કિ.મી. અને મધ્યમ માપની ૨૪.૬૨૦ કિ.મી. લંબાઈ. |
| રાજ્ય પરિવહન સેવા | : | ૩૩૭ ગામો |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : | પોસ્ટ-૧, પેટા પોસ્ટ-૨૯, શાખા પોસ્ટ-૨૩૪ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૫૧૫ |
| બેન્કિંગ સેવાઓ | : | વાણિજ્ય બેન્કો-૯૫, સરકારી બેન્કો-૩૬, ગ્રામીણ બેન્કો-૧૭ |
| પોલીસ સેવાઓ | : | પોલીસ સ્ટેશનો-૧૪, આઉટ પોસ્ટ-૧૫ |
| યોજાતા લોકમેળા-તહેવારો | : | કાત્યોક મેળો-સિદ્ધપુર, ખોડીયાર મેળો-વરાણા, પદમનાથ મેળો-રામનગર |


| | | |
|---|---|---|
| ખેતીવાડી ઉત્પન્ન બજાર-યાર્ડ | : | ૭ |
| ગ્રંથાલયો/વાંચલનાલયો | : | ગ્રંથાલય-૩૫૧, વાંચનાલય-૨૯ |
| પશુધન (૨૦૦૭ પ્રમાણે) | : | કુલ : ૬,૬૪,૧૫૪ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | પ્રા.શાળાઓ-૭૯૫, મા.શાળાઓ-૧૪૫, ઉ.મા. શાળાઓ-૭૮, કૉલેજો-૪૯, યુનિવર્સિટી-૦૧ |
| આરોગ્ય સેવાઓ | : | PHC-૩૪, CHC-૧૫, CIVIL-૧, PRIVATE-૨૫૩ |
| સિંચાઈ યોજના | : | તળાવ-૭૭૦, કૂવા-૪૬૧૧, પાતાળ કુવા-૧૦૪૨૮, નહેર-૨૧૩ કિ.મી. |
| વિધાનસભાની બેઠકો | : | ૪ |
| લોકસભાની બેઠકો | : | ૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૨૯ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૧૩૩ |
| ગ્રામ પંચાયત સભ્યો | : | ૪૧૦૦ |
| સરકારી કચેરીઓ | : | ૧૦૦ |
| ન્યાયાલયો | : | ૧૩ |
| નગરપાલિકાઓ | : | ૫ |
| લોકજીવન રહેણી-કરણી | : | સામાન્ય |
| સાક્ષરતા દર | : | કુલ ૭૨.૩૦ ટકા, પુરુષો-૮૨.૯૦ ટકા, સ્ત્રીઓ-૬૧ ટકા |
| જન્મ દર | : | ૨.૪૬ ટકા |
| મૃત્યુ દર | : | ૨.૫૪ ટકા |
| સેવાભાવી સંસ્થાઓ | : | ૧,૦૯૫ |
| જીવદયા સંસ્થાઓ | : | ૨૪ |
| બાલવાટીકા-આંગણવાડીઓ | : | ૧૪૨૭ |
| પાંજરાપોળો | : | ૧૪ |
| ગૌશાળાઓ | : | ૧૦ |
| સખીમંડળો/મહિલા મંડળો | : | ૬,૬૬૧ |

અણહિલ પાટણની સ્થાપના વનરાજ ચાવડાએ કરી હતી. વિક્રમ સંવત ૮૦૨ની આષાઢ સુદ ત્રીજ, શનિવારના રોજ ગુર્જરેશ્વર વનરાજ ચાવડાએ તેના ભેરૂબંધ અણહિલ ભરવાડની યાદમાં લોકમાતા કુંવારકાના કાંઠે તે સમયના લાખ્ખારામ અને હાલના અનાવાડા ગામે અણહિલવાડ પટ્ટનની થાંભલી રોપી હતી... તોરણ બાંધ્યું હતું અર્થાત અણહિલપુર પાટણની સ્થાપના કરી હતી. ૫૦ વર્ષની વયે પાટણની ગાદીએ બેઠેલા વનરાજ ચાવડાએ ૧૧૦ વર્ષનું આયુષ્ય ભોગવી, પાટણ પર ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. છેલ્લે વિક્રમ સંવત ૯૯૩ના અષાઢ સુદ પૂનમના દિવસે મૂળરાજ સોલંકીએ ચાવડા વંશના છેલ્લા રાજવી અને તેના મામા સામંતસિંહ ચાવડાને મારીને અણહિલપુર પાટણની ગાદી હાંસલ કરી હતી. ત્યાં સુધી પાટણ પર ચાવડા વંશનું આધિપત્ય રહ્યું હતું.

મૂળરાજ સોલંકીના રાજ્યાશનથી પાટણના માથે ગુર્જરખંડના ઈતિહાસનો સુવર્ણયુગ આરંભાયો હતો. સોલંકી યાને ચૌલુક્ય વંશ વિક્રમ સંવત ૯૯૮થી વિક્રમ સંવત ૧૩૦૦, અર્થાત ૩૦૨ વર્ષ પાટણની ગાદીનો અધિપતિ રહ્યો હતો. સોલંકી યુગમાં ૧૨ રાજવીઓ થઈ ગયા. મૂળરાજદેવની જેમ ભીમદેવ પહેલાનો, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળનો રાજ્યકાળ સોલંકી યુગનું શ્રેષ્ઠ સોપાન બની રહ્યો હતો.



આજનું કોટવાળું પાટણ વિક્રમ સંવતની પંદરમી સદીમાં વસેલું કહેવાય છે. અલબત્ત



પાટણને ફરતો કોટ અને તેના બાર દરવાજા અને તેરમી બારી પૈકી કેટલાક દરવાજા શહેરી વિસ્તરણથી નામશેષ બન્યાં છે. કેટલાક હજુ પણ ઊભા છે. શહેરના રાજમાર્ગ પરનો બગવાડા દરવાજો ત્યાર પછી આવતા ત્રણ દરવાજા જિલ્લા મથક પાટણની આગવી ઓળખ બની રહ્યા છે.

પાટણ જિલ્લો ૨૩.૪૧ થી ૨૩.૫૫ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૩૧ થી ૭૨.૨૦ પૂર્વ રેખાંશ વચ્ચે નવ તાલુકાઓનો સાથ લઈને ઊભો છે. જિલ્લાના કુલ ૫૬૦૦ ઉપરાંત ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે. જિલ્લો મહદ્અંશે ગ્રામીણ, તળપદો અને સહજ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો છે. જિલ્લામાં કુલ મળી ૫૨૧ ગામ અને પાટણ, સિદ્ધપુર, ચાણસ્મા, હારીજ અને રાધનપુર નગરોમાં વહેંચાયેલો છે. જિલ્લાનો ૧૧,૨૮૪ હેકટર શહેરી વિસ્તાર અને ૫,૫૪,૪૭૧ હેકટર ગ્રામીણ વિસ્તાર છે. જિલ્લાની ખેડવા લાયક જમીન ૪,૫૯,૪૮૮ હેકટર છે અને ૧,૨૪,૮૦૦ હેકટર જમીન પિયતની સુવિધા ધરાવે છે. ભાસ્મિક અને ક્ષારિક જમીન મહદઅંશે રેતાળ અને ગોરાડું છે. સરેરાશ વરસાદ ૫૧૮.૬૩ મી.મી. છે. જિલ્લો સરહદી છે. જિલ્લાને કચ્છના નાના રણને અડીને આવેલી ૫૫ કિલોમીટરની સરહદ છે. જેમાં ૯૭૬ થી ૯૮૬ પીલર્સ સમાવિષ્ટ છે.

વસ્તીના ડેમોગ્રાફિક્સ પ્રમાણે જિલ્લાની કુલ ૧૩,૪૩,૭૩૪ની વસતિમાં ૬,૯૪,૩૯૭ પુરુષો અને ૬,૪૯,૩૩૭ સ્ત્રીઓ છે. ૧૦૦૦ પુરુષોની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા ૯૩૫ છે. પાટણ જિલ્લામાં શિક્ષણના પ્રચાર અને પ્રસારને કારણે સાક્ષરતા દરમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે વર્ષ ૨૦૦૧ની વસતી ગણતરી પ્રમાણે પાટણનો સાક્ષરતા દર ૬૦.૩૬ ટકા હતો જે વર્ષ ૨૦૧૧માં વધીને ૭૩.૪૮ ટકા થઈ ગયો છે.

## રૂપકડું અને રંગેમઢ્યું લોકજીવન :

પાટણ જિલ્લો વટનો કટકો છે. અઢારેય વરણની મઝિયારી અમિરાત છે. અને અમિરાતની શોભતા લોકજીવનમાં બધું સાહજિક અને સ્વયંભૂ છે. જિલ્લાના કર્મઠ અને ઉદ્યમશીલ તેમજ પ્રવૃત્તિમય લેઉવા પાટીદારો, શ્રમનિષ્ઠ ઠાકોરો, રઢિયાળા હિરાવંશીઓ, ગજાદાર ગોપાલકો, બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો, ચંગા ચૌધરીઓ, દમામપૂર્ણ દરબારો, માયાળુ મુસ્લિમો, મુમનો, અસ્મિતાપૂર્ણ અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ અને વિવિધ કારીગર વર્ગો ઈતરકોમો અકબંધ રાખે છે.

જિલ્લાના મહેનતકશ અને દિલરખ્ખુ લોકોની જીવનશૈલી ઝાકમઝોળ છે. વિધવિધ પારંપારિક પહેરવેશો, દરદાગીના, આસ્થાના અજવાળાં, પરંપરાગત રહેઠાણો અને લોકોપયોગી રૂપકડી પરંપરાઓથી જિલ્લાનું લોકજીવન ભર્યું ભર્યું, સજ્યું ધજ્યું અને સુંદરમ્ છે.

કૃષિ અને પશુપાલનના બે મજબૂત આધારસ્તંભો પર જિલ્લાનું આર્થિક કલેવર ઊભું છે. કાર્યશીલ કૃષકો અને પ્રયોગશીલ પશુપાલકો ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખે છે.

## શિલ્પ સ્થાપત્યનો બેમિસાલ વારસો :

ગુર્જરખંડના સોલંકીયુગના પ્રજાવત્સલ રાજવીઓએ ૭૨૨૪ વાવડીઓ, ૫૧૨૫ તળાવ ખોદાવી રૈયતને પાણી પાયું હતું. આ યુગમાં નિર્માણ કરાયેલ વિધવિધ દેવાલયો, મહાલયો, અને સ્થાપત્ય સંકુલની તવારિખ ખૂબ લાંબી છે.



એકહજાર વર્ષ પૂર્વે અણહિલવાડમાં શિલ્પ-સ્થાપત્યનો અનહદ વિકાસ થયો હતો. ભવ્યાતિભવ્ય શિલ્પ સંપ્રદાયે આખા અણહિલવાડને ઉજાળ્યું હતું. પાટણના મોંઘેરા કિર્તીમંદિરો તરીકે જેમનો ઉલ્લેખ થાય છે તેવી રાણીની વાવ, સહસ્ત્રલીંગ તળાવ, સિદ્ધપુરનો ભવ્ય રૂદ્રમહાલય, દેલમાલનું લીમ્બોઈ મંદિર સહિત અન્ય પ્રાચીન મંદિરો સહિત સંડેર, રૂવાવી, જૂના કલાણા, ગોલીવાડાના સ્થાપત્યો, પાટણના પંચાસરા જિનાલય સહિત અન્ય જિનાલયો, તીર્થક્ષેત્ર શંખેશ્વરના જિનાલયો, મુસ્લિમ સુબાઓ દ્વારા પાટણમાં નિર્મિત કરાયેલા બાર દરવાજાઓ, પાટણ-સિદ્ધપુરની દરગાહોની શોભા સાથે અણહિલપુર પાટણ સાચા અર્થમાં વિશ્વગ્રામ બન્યું છે. પાટણની રાણીની વાવને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝમાં ઓળખ મળી છે.



પાટણ ખાતે આકાર લઈ રહેલું ભવ્ય મ્યુઝિયમ, સિદ્ધપુરના પવિત્ર અને વિશ્વમાન્ય બિંદુસરોવરના વિકાસ માટે રાજ્ય સરકારના પ્રયાસોથી મંજૂર કરાયેલું પેકેજ પુરાતન વિરાસતને આવનારા યુગો સુધી સાચવવાની નિષ્ઠાની પ્રતીતિ કરાવે છે.

છેલાજી સાથે પાટણ માટે રૂસણાં લેતી ગુર્જર નારી ઝંખતા હકીકતમાં તો અણહિલપુર પાટણના આદરમાંથી ઉગી છે. પટોળાની સદીઓ પુરાણી કલા ગુજરાતના ઇતિહાસનું બોલકું સોપાન ગણાય છે. સોલંકી રાજવી કુમારપાળ વખતમાં પટોળું સૌ પહેલાં વણાયું હતું. પૂરી સાતસો વર્ષની ભવ્ય દાસ્તાન. તે કામે ૭૦૦ સાળવી પરિવારો પટોળા વણાટમાં જોડાયેલા હતા. **'પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહી...'** જેવા ગીતોમાં ગવાયેલું પટોળુ અણહિલવાડના ઉજળા અતિતનું આધારબિંદુ છે. એક કાળે પટોળા વણાટ માટે ચીન, જાપાનથી શુદ્ધ રેશમ આયાત કરાતું હતું. પાટણમાં પટોળાની જેમ મશરૂ વણાટની પણ વાહવાહી છે. પાટણનાં માટીના રમકડાં પણ વિખ્યાત અને વટવાળા છે.

## અણહિલવાડના ઉત્તુંગ સાંસ્કૃતિક પ્રવાહો :

પાટણની પ્રખરતાની પ્રતીતિ કરાવતી ભવાઈ હકીકતમાં એક એવું પરંપરાગત માધ્યમ છે જેના થકી અનેરું લોકરંજન અને લોક શિક્ષણ નિષ્પન્ન થતું રહ્યું છે. અણહિલવાડની વડાઈ ગાવાની ભવાઈની નાટ્યકલા પ્રાચીન રંગભૂમિનું સોપાન ગણાય છે. ભવાઈ એ અણહિલવાડ દ્વારા આખા ગુજરાતને મળેલી અનુપમ સૌગાદ છે. પાટણવાડા પંથકની સંગીતકલાની કસબી એવી તુરી-બારોટ કોમ ભવાઈની તળપદી કળાના ઉપાસક ગણાય છે. ભવાઈના માધ્યમ મારફતે સમાજ માટે સંસ્કૃતિ, સમાજ જીવન, સાંસ્કૃતિક ગતિવિધિઓ અને જન જાગરણની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભવાઈના માધ્યમ મારફતે કરાતી રહી છે. ભવાઈ એટલે ભવવહી. ગુજરાતના ગયેલા ઇતિહાસના સોપાનોને નાટ્યકલાના માધ્યમ મારફતે લોકાભિમુખ બનાવવામાં પણ ભવાઈનું માધ્યમ પ્રબળ રહ્યું છે.



ભવાઈ ઉપરાંત પાટણવાડા પંથકમાં રામલીલા, રાસલીલા, ગરબા-ગરબીઓ, દુહા, લોકડાયરા, સંતવાણી, સંત મેળાવડા, સુખલી જેવી નર્તન કલા પણ પરંપરાગત સાંસ્કૃતિક સોપાનો તરીકે વિખ્યાત છે. સમાજો જોડવામાં એકઝુટ રાખવામાં પરંપરાગત લોક માધ્યમોની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વપૂર્ણ ગણાય છે.

જિલ્લામાં ઉજવાતા ધાર્મિક, સામાજિક લોકોત્સવો, નવરાત્રિ-શિવરાત્રિ, જન્માષ્ટમી, મહોરમ, પર્યુષણ જેવા ધાર્મિક તહેવારો પાટણની ઓળખ ગણાય છે. પાટણવાડા પંથકમાં સિદ્ધપુરનો કાત્યોક મેળો, વરાણાના આઈ શ્રી ખોડિયાર, પાટણના પદ્મનાભ ભગવાનના મેળા સહિત શ્રાવણ માસમાં ઉજવાતા લોકમેળાઓ થકી લોક સમુહોને સહ અસ્તિત્વની શીખ આપે છે.





# પોરબંદર જિલ્લો





દેવ ભૂમિ
દ્વારકા
જા મ ન ગ ર
રા જ કો ટ
જૂ ના ગ ઢ
ભા
ર
ત
પોરબંદર
અરબ સાગર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | : **પોરબંદર** |
| સ્થાપના | : વિ.સં ૧૦૪૬ની શ્રાવણી પુનમે (જેઠવા વંશના રાજ બારોટના ચોપડા મુજબ) |
| સ્થાપનાનું વર્ષ | : ૨/૧૦/૧૯૯૭ના રોજ જૂનાગઢ જિલ્લામાંથી પોરબંદર જિલ્લાની નવરચના કરવામાં આવી. |
| પૃથ્વી પર સ્થાન | : અક્ષાંશ રેખાંશ : ૨૧.૧૫ થી ૨૫.૫૦ ઉત્તર અક્ષાંશ, ૬૯.૫૫ થી ૬૭.૨૫ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : ૨૨૭૨ ચો.કિ.મી. ૧૦૬. કી.મી. દરિયા કિનારો. |
| વસતી | : સ્ત્રી- ૨,૮૪,૮૬૧ ; પુરુષ- ૨,૯૯,૮૪૩ ; કુલ - ૫,૮૪,૭૦૪ |
| મુખ્ય વસતી | : મેર, ખારવા, કોળી, મુસ્લિમ, પટેલ, આહિર, ક્ષત્રિય, સથવારા |
| તાલુકા | : ૩ (પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા) |
| ગામો | : ૧૮૧ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી, વેપાર, પુરક વ્યવસાય- મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન |
| ખેતીપાકો | : **મુખ્ય પાકો :** ઘઉં, બાજરો, મગફળી, કપાસ, શેરડી, તલ, જીરૂ, દિવેલા, ચણા, જુવાર, મગ.<br>રોકડિયાપાકો : શાકભાજી અને ફળફળાદી તથા જીરૂ બાગાયતી પાકો : નાળીયેર, બોર, પપૈયા, ચીકુ, કેરી, કેળા અને શાકભાજી<br>તેલીબિંયા : મગફળી, તલ, એરંડા |
| મુખ્ય ખનીજ | : લાઈમ સ્ટોન, ચોકમાટી, બાંધકામનો પથ્થર, બોકસાઈટ માર્લ અને લેટ્રાઈટ, બ્લેક ટ્રેપ, સાદી રેતી, સાદી માટી |
| ઉદ્યોગો | : સૌરાષ્ટ્ર સિમેન્ટ, હાથી સિમેન્ટ, સૌરાષ્ટ્ર કેમિકલ, પવનચક્કી, મીઠા ઉદ્યોગ, ચોક ઉદ્યોગ વગેરે. |
| ગૃહઉદ્યોગો | : વણાટકામ, કોસ્મેટિકસ બનાવટો, ભરત કામ,જરી કામ, મસાલા ઉધોગ તથા ફરસાણની ખાસ ખાજલીનું ઉત્પાદન પરંપરાગત |
| જમીનનો પ્રકાર | : ઉપજાવ-૧૮,૯૪૮ હેકટર, બિન ઉપજાવ- ૮૯,૮૭૪ હેકટર, પડતર-૪૭૩૫ હેકટર |
| આબોહવા | : સમઘાત, સરેરાશ વરસાદ : ૧૦૭ મી.મી.(૨૦૧૩-૧૪) |
| જંગલો અને વનસંપદા | : જંગલ વિસ્તાર ૨૪,૪૨૨ હેકટર, બરડા અભયારણ્ય વાવેતર વિસ્તાર ૩૨૪ હે.હાલ અહી ચિત્તલ ઉછેર કેન્દ્ર પણ ચાલી રહયું છે. આ ઉપરાંત માધવપુર ખાતે કાચબા ઉછેર કેન્દ્ર અને પક્ષી અભયારણ્ય પણ આવેલું છે |
| નદીઓ | : ભાદર, ઓઝત, બીલગંગા, મહિસાગર, મધુવંતી, વર્તુ, સોરઠી |
| ડેમ | : ૫ (ફોદાળા, ખંભાળા, અમીપુર, સોરઠી, સારણ) |
| જિલ્લાના રસ્તા | : નવા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ઈ-૧ પોરબંદર જિલ્લામાંથી પસાર થાય છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૧૬.૬ કિ.મી,રાજય ધોરીમાર્ગ- ૧૩૫.૪૦ કિ.મી. સુધરાઇ સિવાયના કાચા/પાકા માર્ગોની લંબાઇ- ૯૬૧.૭૭ કી.મી, જિલ્લા મુખ્ય માર્ગ- ૧૪૦.૯૦ કિ.મી. અન્ય અને ગ્રામ્ય માર્ગો- ૬૮.૮૨ કિ.મી., અને ગ્રામ્ય માર્ગો ૨૫૪.૪૫ અને ૨૮૧.૦૦ કિ.મી. ગ્રામ્ય માર્ગ (નોન પ્લાન), જિ. પં. હસ્તકના ૭૪૫.૧૭ કિ.મી. |

| | | |
|---|---|---|
| જોવાલાયક સ્થળો | : | ગાંધી જન્મ સ્થળ ,કીર્તિમંદિર, તાર મંદિર, ભારત મંદિર, સુદામા મંદિર, ચોપાટી, સાંદીપની આશ્રમ, માધવપુર, બળેજ, જૈન તિર્થ, બિલેશ્વર મહાદેવ, ગોકરણ, મુળદ્વારકા, જામવન ગુફા, બરડા અભયારણ્ય, રવી રાંદલ મંદિર બગવદર |
| રાજ્ય પરિવહન સેવા | : | પોરબંદર ,રાણાવાવ તથા કુતિયાણા ખાતે બસ સ્ટેશન સહિત પોરબંદર મુખ્ય ડેપો ખાતેથી રોજની ૧૨૦થી વધુ બસોની આવન-જાવન છે. |
| વિમાની પરિવહન સેવા | : | ૧ પોરબંદર એરપોર્ટ |
| પોસ્ટ અને ટેલિફોન સેવા | : | ૧ મુખ્ય , પેટા પોસ્ટ ઓફિસ - ૧૯, શાખા ૭૨ ટેલિફોન : ૩, (૧ જિલ્લાની મુખ્ય, તથા રાણાવાવ-૧ અને કુતિયાણા-૧) |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૧૪૫ |
| બેંકિંગ સેવાઓ | : | રાષ્ટ્રીયકૃત બેંકો-૫૭, સહકારી બેંકો-૦૬, ગ્રામિણ બેંકઃ- ૧૬ |
| પોલીસ સેવાઓ | : | પોલીસ મથકો-૧૦, પોલીસ ચોકીઓ-૦૮, આઉટ પોસ્ટ-૦૬ |
| લોક મેળા/લોકોત્સવ /ધાર્મિક તહેવાર | : | જન્માષ્ટમી તથા માધવપુર ખાતે ચૈત્રી મેળો તથા ખારવાનું દરિયા પૂજન તથા ગોરમાવડી ઉત્સવ, નવરાત્રિ ઉત્સવ |
| ખેતીવાડી ઉત્પન બજાર સમિતિઓ/માર્કેટયાર્ડ | : | ૧ |
| ગ્રંથાલયો/વાંચનાલયો | : | ૦૪ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | જિલ્લા પંચાયત હસ્તક પ્રાથમિક શાળાઓ - ૩૨૭, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ - ૧૧૮ |
| વિશિષ્ટ શિક્ષણ આપતી સંસ્થાઓ | : | આર્યકન્યા ગુરુકુળ મહિલા કોલેજ, સાંદિપની સંસ્કૃત પાઠશાળા, વી.જે મોઢા આઇ.ટી કોલેજ,ગોઢાણીયા આઇ.ટી. અને બી.એડ્ કોલેજ, રામબા બી.એડ અને એમ.એડ કોલેજ, શ્રી સ્વામિનારાયણ આઇ.ટી.તથા મેનેજમેન્ટ કોલેજ તથા શ્રી સ્વામિનારાયણ અધ્યાપન મંદિર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર |
| આરોગ્ય સેવાઓ | : | સીએચસી- સરકારી હૉસ્પિટલ – ૪, પીએચસી-૧૧ સિવિલ-૧ – સરકારી દવાખાના – ૧૦, પશુ દવાખાના-૧૧, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર-૭, ખાનગી – ૩૦ હૉસ્પિટલો, અર્બન હેલ્થ સેન્ટર-૪ |
| મહાન સપૂતો/વિભૂતિઓ | : | મહાત્મા ગાંધી, રાજવી નટવરસિંહજી જેઠવા, ચિત્રકાર નારાયણ ખેર, કવિ શ્રી રમેશભાઇ છાયા, રાજરત્ન શેઠ શ્રી નાનજી કાળીદાસ મહેતા, રાજરત્ન શેઠ શ્રી ભાણજી લવજી ઘીવાળા, શહિદવીર નાગાર્જુન સીસોદિયા |
| સિંચાઇ સેવાઓ | : | અમીપુર ડેમ, સોરઠી ડેમ, સારણ ડેમ, કિન્દ્રી - કાલીન્દ્રી બંધારા યોજના, મેઢાક્રિક બંધારા યોજના |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૨- પોરબંદર, કુતિયાણા |
| લોકસભાની બેઠકો | : | ૧ (એક) પોરબંદર |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૧૮ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૫૬ |
| સરકારી કચેરીઓ | : | ૯૮ રાજ્ય સરકારની કચેરીઓ તથા ૨૫ કેન્દ્ર સરકારની કચેરીઓ |

| | |
|---|---|
| ન્યાયાલયો | : ૩ |
| નગરપાલિકાઓ | : ૪ (પોરબંદર, રાણાવાવ, કુતિયાણા, છોયા) |
| સાક્ષરતાદર | : ૭૫.૬૦ ટકા |
| જન્મદર | : ૧૫.૫૦ |
| મૃત્યુદર | : ૬.૬૭ |
| બાળવાડીઓ/આંગણવાડીઓ | : ૪૯૦ |
| પાંજરાપોળો/ગૌશાળાઓ | : પાંજરાપોળ-૩ (પોરબંદર -૧, કુતિયાણા-૨), ગૌશાળા-૧૧૯ |
| સખીમંડળો/મહિલામંડળો | : કુલ-૧૬૪૬, ગ્રેડિંગકરેલી-૧૫૦૦, કેશક્રેડિટ વાળી-૩૨૭ |

અરબી સમુદ્ર કાંઠે આવેલી સુરખાબી નગરી પોરબંદરની આગવી ઓળખ છે. પોરબંદર એ ભગવાન શ્રીકૃષ્ણના સખા સુદામાજીની તપોભૂમિ, રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ અને યુવાનોના પથદર્શક સ્વામી શ્રી વિવેકાનંદજીની કર્મભૂમિ છે.

ખમીરવંતી, શૌર્યવાન છતાં સાદા અને નીતિવાન જીવન માટે સુપ્રસિધ્ધ એવી મેર જાતિ ઉપરાંત, ખારવા કોળી, લોહાણા,રબારી અને બરડાઇ બ્રાહ્મણની મુખ્ય વસતી ધરાવતા આ પ્રદેશનું લોકજીવન ભાતીગળ છે. રાજયમાં ભાગ્યેજ જોવા મળતી રહેણી-કરણી મુજબ લોકો વાડી વિસ્તારમાં પણ વસવાટ કરવાનું પસંદ કરે છે. જે અહીની વિશિષ્ટતા છે.

પોરબંદરને લગતા ઐતિહાસિક ઉલ્લેખો ઉત્તરકાલીન જોવા મળે છે. એનો જૂનામાં જૂનો ઉલ્લેખ જામનગરના ભાણવડ તાલુકામાં આવેલા ઘૂમલીના ઇ.સ.૯૮૮ના તુલ્યકાલિન વર્ષના બાલ્કન દેવના તામ્રશાસનમાં જોવા મળે છે. એક બ્રાહ્મણને આપેલા તામ્રપત્રમાં પૌરવેલાકુલ એટલે કે પોરબંદરનો ઉલ્લેખ જોવા મળે છે. વાઘેલા સમયના ચાર ઉતકીર્ણો પણ જોવા મળે છે. જેમાં ૨૫૦ વર્ષનું અંતર જોવા મળે છે. ઋગ્વેદ અને ઉત્તરકાલીન વૈદિક સાહિત્યમાં પોરબંદરનો નામ પુરતો પુર શબ્દનો ઉલ્લેખ છે. આમ પોરબંદર પ્રાચીન સમયનું હોવાનું અનુમાન થઇ શકે છે. પોરબંદરમાં દીર્ઘકાલીન શાસન કરનાર જેઠવા વંશ નવમા સૈકામાં આવ્યા હોવાનું મનાય છે.

પોરબંદરથી આઠ માઇલ દૂર આવેલા શ્રીનગર ખાતે સૌ પ્રથમ જેઠવા વંશના વંશજો સ્થાયી થયા બાદ સિમિત બરડો અને હાલારનો પણ કેટલોક ભાગ તેઓના શાસન હેઠળ હોવાનું કહેવાય છે. તેઓના સમયમાં સ્થાપત્ય કલા અને સંસ્કૃતિનો સુવર્ણકાળ હોવાનું તે સમયના પ્રાપ્ય અવશેષોથી પુરવાર થાય છે.

## શ્રીમતી કસ્તુરબાનું ઘર

રાષ્ટ્રમાતાની પૈતૃક સ્થાવર સંપત્તિ સહિત લગભગ ૧૦.૯૦ મીટર ઊંચું, ઉત્તર-દક્ષિણ લગભગ ૧૧.૦૦ મીટર લાંબુ તથા પૂર્વ-પશ્ચિમ લગભગ ૯.૪૦ મીટર પહોળું અને પોરબંદર નગરપાલિકાના દફતરે વોર્ડ-૪, બ્લોક-૪, ઘર-૬ ઉપર નોંધાયેલું આ ઘર ગુજરાત રાજ્યનું રક્ષિત સ્મારક છે.

એક કે અલગ-અલગ રસોડે જમતા એક સંયુક્ત પરિવાર કે ચાર વ્યક્તિ ઉપ-પરિવારને તથા તેમનાં અતિથિઓને પણ રહેણાંક કે મુકામની પૂરેપૂરી સગવડતા મળી રહે એવી આ ઘરની આદર્શ વ્યવસ્થા છે.

**કાષ્ટ કલા :** ઈસુની ૧૯મી શતાબ્દીની કાષ્ટકલાના કેટલાંક સુંદર નમૂના આ મકાનમાં છે. મુખ્ય પ્રવેશ દ્વારની દ્વાર શાખાના ઉભયે જાણી જોઈને સામંજસ્ય જાળવામાં નથી આવ્યું. એથી દ્વારશાખાની આકૃતિ સમગ્ર રીતે ઉડતી નજરે જોવાને બદલે તેનાં ઉપાંગોની વિવિધ ભાત તરફ દૃષ્ટિ આકર્ષાય છે.



**ભીંત ચિત્ર :** આ મકાનના મોટાભાગના ખંડ ભીંત ચિત્રોથી અલંકૃત થયેલા હશે એમ તેના અવશિષ્ટ રહેલા અંશો ઉપરથી અનુમાની શકાય. ખંડ નં. ૯ થી ૧૩, ૧૫ અને

૧૬માં ભીંત ચિત્રો હતાં એમ જણાઈ આવે છે. ખંડ-૨૧નાં ભીંત ચિત્રો પ્રમાણમાં ઠીક ઠીક જળવાઈ રહ્યાં છે. દીવાનખંડના ઠાઠમાં તે કલાત્મક ઉમેરો કરે છે.

**ચાડેશ્વર મહાદેવનું મંદિર :**

૯મી સદીનું આ મંદિર, એની સાદી સંરચના અને વક્રીય શિખરને કારણે ગુજરાતના મંદિર સ્થાપત્યના વિકાસમાં એક સોપાન સમાન છે. માત્ર નોંધપાત્ર  છે. ગર્ભગૃહના દ્વારશાખ પરનું અલંકરણ અને કુણિયા ઉપરના કીચક તેમ જ સ્તંભ પરના વ્યાલમુખ, મંડપ અને ગર્ભગૃહની છત સપાટ અને અલંકૃત છે. મૈત્રક કાલ પછીના સ્થાપત્યનો આ નમૂનો છે.

**ધીંગેશ્વર મહાદેવનું મંદિર :**

ચોરસ ગર્ભગૃહવાળું સપાટ નીચી પીઠ પર ઊભેલું આ મંદિર ૪-૪-૨-૧ની શ્રેણીવાળા ચૈત્યગવાક્ષના ચાર સ્તર ધરાવે છે. શિખરની અંતે ઝુકેલી કાંગરી અને દંતાવલિ દર્શાવે છે કે મંદિર ૬ઠ્ઠી શ્રેણીમાં બંધાયેલું છે.

મંડપમાં સમયે સમયે ફેરફાર થયા હોવાનું જણાય છે. શિખર ઉપરનો કળશ પ્રમાણમાં વર્તમાન સમયનો છે. ઈ.સ.ની ૬ઠ્ઠી સદીથી ૭મી સદીના ઉત્તરાર્ધ સુધી પ્રચલિત સૌરાષ્ટ્ર શ્રેણીના મંદિરનું આ દૃષ્ટાંત છે.



**કોઠા મંદિર, બાલેજ (જૂનામાં જૂનું બચેલું મંદિર) :**

ઈ.સ.ની ૭મી સદીમાં બનેલું અહીંનું જૂનામાં જૂનું, બચેલું આ મંદિર સ્થાનિક લોકોમાં રાંદલ માતાના મંદિર તરીકે જાણીતું છે. શિખરના નીચેના ભાગે હવાબારી જેવી ભાત એ જ માત્ર એના મૂળ સ્વરૂપનો જળવાયેલો ભાગ છે. પ્રદક્ષિણા પથ નથી. ત્રિબંધીય બારસાખના ઉપલા ભાગે વચ્ચે હારની ભાત અને બાહ્ય બાજુઓએ કમળની ભાત જોવા મળે છે. અંદરના ભાગ ઘણો ખરો બદલાયેલો છે.

મધ્યકાળના નિરીક્ષણ અર્થે વપરાતું હોવાથી આ મંદિરનું નામ 'કોઠો' પડ્યું હોવાનું જણાય છે.



**શક્તિ મંદિર, બાલેજ :**

આ નાના જર્જરિત મંદિરનું ગર્ભગૃહ સાદું છે, ઉપરાંત પ્રવેશ માટેની પરસાળ છે. બચેલા શિખરનો ભાગ સૂચવે છે કે, એ પિરામીડ પ્રકારના હશે. પરસાળના થાંભલાઓની ટોચ ગ્રાસપટીથી અલંકૃત છે. સૌથી ઉપર વિશાળ કીર્તિમુખ અને કંચિકોની કોતરણી છે. કીર્તિમુખનો અર્થ થાય છે તેજસ્વીતાનો ચહેરો.

**નંદેશ્વર મહાદેવ, બોખીરા :**

સેંધવના સમયનું સ્મારક છે. સેંધવાના કાળનું આ મંદેશ્વર મંદિર અનેક સુધારાઓમાંથી પસાર થયેલું છે અને આ જૂથનું જૂનામાં જૂનું સ્મારક છે. મોટે ભાગે મંડળ, પરસાળ અને પ્રદક્ષિણાપથ ધરાવતું હતું.

ગર્ભગૃહના ઉપરના ભાગે ચૈત્ય બારી અને ચક્રાકાર નાગર શૈલીનું શિખર પરનું જાળીકામ નોંધપાત્ર અલંકરણ છે. મૈત્રકો પછી સેંધવાએ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ૮મી થી ૧૦મી સદી સુધી શાસન કર્યું હતું.



**શિવમંદિર, બાલેજ :**

જીર્ણોદ્ધાર કરેલું શિખર ધરાવતાં આ પશ્ચિમાભિમુખ, સાદી બહારની દીવાલો ધરાવતું મંદિર ૮મી સદીનું છે. એની પરસાળના



થાંભલા કીર્તિમુખ અને કીચકોથી અલંકૃત છે. અને છતમાંથી કમળની ભાત નોંધપાત્ર છે. આ જ પ્રકારની છત ગર્ભગૃહમાં પણ જોવા મળે છે. હાલનું શિખર એ પાછલા સમયનું ઉમેરણ છે.

## તોરણ, બાલેજ :


સૌરાષ્ટ્રમાં એકમેવ - આ તોરણ સોલંકી યુગનું (ઈ.સ. ૧૧મી-૧૨મી સદીનું) છે. એના સ્તંભોની ટોચે કીચકનું અલંકરણ છે, અન્યથા સાદું છે. કમાન ઉપર મહિષાસુરમર્દિનીની પ્રતિમા અને એની બાજુમાંના નાના શિખરોની કોતરણી એટલું નોંધપાત્ર અલંકરણ છે. સૌરાષ્ટ્રમાં તોરણનું આ એકમાત્ર દૃષ્ટાંત છે.



## પિથડ માતાનું મંદિર, બાલેજ :

અજંતાની અસરવાળું ૭મી સદીનું પૂર્વાભિમુખ એવું આ મંદિર ગર્ભ ગૃહ, પ્રદક્ષિણાપથ, મંડપ અને પરસાળ ધરાવે છે. દંતાવલિ અને છતમાં ઢળતી કામરી સિવાય બહારી દીવાલો પર અન્ય કોઈ સુશોભન નથી. પિરામિડ પ્રકારના શિખરમાં ખૂબ ઊંડે, બચેલા ત્રણ સ્તરોમાં અનુક્રમે ચાર, ત્રણ અને બે એમ ખાસા અંતરે ગોઠવણી, પૂર્ણ વિકસિત કમળોની કોતરણી ધરાવતી હવાબારીની ભાત છે.





## ભણસારા મંદિર-૧ :

૭મી સદીના મૈત્રક કાળના આ મંદિરની પશ્ચિમ દીવાલ મૂળ જૂના સમયની છે. આ સાદી દીવાલ ઉપર કાંગરી છે. શિખરના તમામ સ્તરે સરખી સંખ્યાના ગવાક્ષો છે, એની ગોઠવણ એક પછી એક એવી રીતે કરવામાં આવી છે કે પીરામીડ આકારનું શિખર બની રહે. સ્તર પ્રમાણે ખૂણિયાની ઊંચાઈ ઘટાડેલી છે.મધ્ય ગવાક્ષને ઉઠાવ આપવામાં સહાયક એવા અર્ધગવાક્ષો આ મંદિરની વિશેષતા છે.

## ભણસારા મંદિર-૨ :

ભણસારા મંદિર જૂથનું જૂનામાં જૂનું ગણાતું ૭મી સદીના પૂર્વાર્ધનું આ મંદિર, એની બાહ્ય દીવાલ પર દંતાવલિ અને ઉપર કાંગરી ધરાવે છે. ત્રિસ્તરિય શિખરને વિશાળ ગવાક્ષો છે. નીચેની ઉપર જતાં એની સંખ્યા ઘટતી જાય છે. એની બેસણીમાં કમળો કોતરેલા છે. પહેલાં સ્તરના ખૂણા પરના પત્થરો એના કદને કારણે ધ્યાન ખેંચે છે. મંદિર-૧ અને ૨નો સંયુક્ત મંડપ પછીના સમયનું ઉમેરણ છે.



## ભણસારા મંદિર-૩ :

૭મી સદીનું પડઘાર વિનાનું મૈત્રક સમયનું આ મંદિર છે એની બાહ્ય દીવાલો પર ઉપરના ભાગે કાંગરી છે. એના ચાર સ્તરીય પીરામીડ આકારના શિખરમાં ગવાક્ષો છે. અને એની બેસણીમાં કમળોનું કોતરકામ છે. એની ટોચે આમલંક છે. ભારતીય મંદિર સ્થાપત્યમાં આમલંક એક મહત્ત્વનું ઘટક છે.



## ભણસારા મંદિર-૪ :



૭મી સદીના આ મંદિરની બાહ્ય દીવાલો પર દંતાવલિઓ અને કાંગરીનું અલંકરણ જોવા મળે છે. એના ચાર સ્તરીય શિખરમાં ગવાક્ષોની સંખ્યા ઘટતી જાય છે. પ્રથમ સ્તરે પાંચ અને ચોથા સ્તરે બે ગવાક્ષો જોવા મળે છે. આ મંદિરનું શિખર નાગર શિખર અને એની પહેલાની શિખર રચનાને જોડતી સાંકળરૂપ છે.

## ભણસારા મંદિર-૫ :



ભણસારા મંદિરના જૂથમાંનું આ મંદિર એના સપાટ છાપરા સાથેના આડા મંડપ અને ઢળતા છાપરાવાળા પ્રદક્ષિણા પથને લીધે નોંધપાત્ર છે. એના ગર્ભગૃહની ઊંચાઈ પૂરક દીવાલો, દંતાવલિ અને ત્રિ-સ્તરીય શિખરના પ્રથમ બે ગવાક્ષની નીચેનાં કાંગરીઓથી વધારી છે. પ્રથમ સ્તર પર વિશાળ ખૂણિયા છે. અષ્ટકોણિય વિષ્ણુછંદ શિખર દ્રવિડ સ્થાપત્યની ખાસ્સી અસર દાખવે છે.

## ભણસારા મંદિર-૬ :



મંદિર-૧ સાથે સામ્યતા ધરાવતા આ મૈત્રક મંદિરની સાદી દીવાલો પર કાંગરી અને દંતાવલિ છે. તેમજ કાંગરી અને શિખર વચ્ચે ઊંડા ખાંચા જોવા મળે છે. શિખર પરનો નીચલો થર જળવાયો છે. પ્રાપ્ત પુરાવાઓ એવું સૂચવે છે કે, એને મોટા ખૂણિયા અને ઘણા મોટા ગવાક્ષો પણ હોવા જોઈએ.

મૈત્રકે સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ઈ.સ. ૪૩૮ થી ઈ.સ. ૭૮૮ સુધી રાજ્ય કર્યું હતું.

**માધવપુરા :** માધવરાયનું પ્રખ્યાત મંદિર છે. અહીં શ્રી કૃષ્ણે રૂક્ષમણિ સાથે લગ્ન કર્યા હતા. તેવી માન્યતા છે. ચૈત્ર માસની પૂનમે મેળો ભરાય છે. અહીં રેતીમાં દટાયેલું સૂર્ય મંદિર છે.

**રાણાવાવ :** રાણાવાવ પાસેથી એક ગુફામાં જાંબુવંતિનું ભોંયરું છે. અહીં શ્રી કૃષ્ણએ જાંબુવંતિ સાથે લગ્ન કર્યાની માન્યતા છે. ભીમ અગિયારસના દિવસે અહીં મેળો ભરાય છે.

**મિયાણી :** મિયાણી એક સમયે સમૃદ્ધ બંદર હતું. અહીંનું હર્ષદ માતાનું મંદિર યાત્રાનું સ્થળ છે. આ સ્થળ રાજા ભોજ અને શેઠ જગડુશાની કથા સાથે સંકળાયેલું છે.


**બરડો ડુંગર :** બરડા ડુંગર પાસે ખંભાળાનો મહેલ છે. ખંભાળા અને ફીંદાળા નામના તળાવ અહીં આવેલા છે.

**વિસાવાડા :** વિસાવાડામાં વિઝાત ભગતે શ્રીકૃષ્ણના દ્વારકાના જેવું મંદિર બંધાવ્યું છે.




પ્રેમ મંદિર




મોરબી
સુરેન્દ્રનગર
જામનગર
રાજકોટ
ગોંડલ
જેતપુર
ધોરાજી
અમરેલી
જૂનાગઢ
પોરબંદર

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **રાજકોટ** |
| ઈતિહાસ | : | ઈ.સ.૧૬૧૦માં વિભાજી ઠાકોરે રાજકોટની સ્થાપના કરી હતી. |
| સ્થાપનાનું વર્ષ | : | ઈ.સ.૧૬૧૦ |
| વડું મથક | : | રાજકોટ |
| પૃથ્વી પર સ્થાન | : | ભૌગોલિક ૨૧.૧૫થી ૨૨.૯૩ ઉ.અક્ષાંશ અને ૭૦.૦૫થી ૭૧.૪૯ પૂર્વ રેખાંશ, ભૌગોલિક ૨૦.૫૮ અક્ષાંશ- રેખાંશ ૭૦.૨૦ |
| વસતી | : | સ્ત્રી- પુરુષ-બાળકો, શહેરી-૧૮,૮૭,૬૫૪, ગ્રામ્ય - ૧૧,૪૭,૦૬૮ |
| તાલુકા | : | ૧૧ |
| ગામો | : | ૫૯૦ (૫૯૨ ગ્રામપંચાયતો) |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી |
| પુરક વ્યવસાય | : | પશુપાલન |
| ખેતીપાકો | : | કપાસ, મગફળી |
| મુખ્ય પાકો | : | ઘઉં, બાજરો, ચણા, મગફળી, એરંડા |
| મુખ્ય ખનીજ | : | સિલિકા સેન્ડ, સેન્ડ સ્ટોન, ફાયર કલે, વ્હાઈટ ચોક, સાદી રેતી |
| ઉદ્યોગો | : | ૧૩૯ (સાડી, ઓઈલ એન્જિન, જીનિંગ, પ્રેસિંગ, ઓઈલ મિલો) |
| લઘુ ઉદ્યોગો | : | ૨૨૯૬(લઘુ, નાના મધ્યમ ઉદ્યોગો-૨૮૯૩૧) મોટા ઉદ્યોગો-૬૦ |
| જમીનનો પ્રકાર | : | મધ્યમ કાળી, ઉપજાઉ - ૫૩૨૫૩૮ હેકટર |
| બીનઉપજાઉ | : | ૨૦૫૩૫૧ હેકટર પડતર-૩૧૧૦૦ હેકટર |
| ખેતી ઉત્પન્ન બજાર સમિતિ | : | ૭ |
| આબોહવા | : | સમધાત |
| સરેરાશ વરસાદ | : | ૫૪૦-૬૦૦ મી.મી. |
| સિંચાઈ સેવાઓ | : | ૩૨૪૮૬ કિ.મી. નહેર દ્વારા, ૫૦ હેકટરથી વધુ પિયત ધરાવતા-૫૩ અને ૫૦ હેકટરથી ઓછી પિયત ધરાવતા-૧૨૧૦ તળાવો દ્વારા સિંચાઈની સુવિધા પૂરી પડાય છે. |
| વન સંપદા | : | ૧૬૯૦૦ હેકટર |
| નદીઓ | : | ૧૬ |
| તળાવો | : | ૧૨૧૦ |
| સરોવરો | : | ૩૨૬ |
| ચેકડેમો | : | ૮૪૭ |
| કુવા | : | ૮૪૩૦૭ |
| જિલ્લાના રસ્તા | : | ૪૪૪૭ કિ.મી. |
| રાષ્ટ્રીય | : | ૨૨૧.૧૦ કિ.મી. સ્ટેટ : ૮૭૮.૫૦ કિ.મી., ગ્રામ્ય : ૩૩૪૭.૩૩ કિ.મી. |
| રેલવે રસ્તાઓ | : | ૧૮૧.૪૭ કિ.મી. |
| રાજ્ય પરિવહન સેવા | : | ૪૬૦૧ કિ.મી. તમામ ગામોમાં |
| વિમાની પરિવહન સેવા | : | ૧ રાજકોટ એરપોર્ટ |
| પોષ્ટ અને ટેલિફોન સેવા | : | જિલ્લાના તમામ ગામોમાં |
| હોટલ/ગેસ્ટહાઉસ | : | હોટલ ગેસ્ટ હાઉસ-૯૫, સરકારી : ૧૫, ૩ સ્ટાર-૫, ૫ સ્ટાર-૧ |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૪૩૮ |
| મજૂર સહકારી મંડળીઓ | : | ૧૩૭ |
| ઔદ્યોગિક સહકારી મંડળીઓ | : | ૩૩૫ |
| બેંકિંગ સેવાઓ | : | વાણિજ્ય બેંકો-૨૭૭, સહકારી બેંકો-૧૨૬, ગ્રામિણ બેંકો-૧૨ |

| | | |
|---|---|---|
| માધ્યમિક શાળાઓ | : | ૬૨૫ શૈક્ષણિક સંસ્થાઓઃ- પ્રાથમિક શાળાઓ-૮૮૪ (જિ.પં.) |
| કોલેજો | : | ૧૦૫ |
| ગ્રંથાલયો | : | ૧૯ |
| યુનિવર્સિટી | : | ૦૩ (સૌરાષ્ટ્ર યુનિ., આર.કે.ડીમ્ડ યુનિ., મારવાડી ડીમ્ડ યુનિ.) |
| પોલીસ સેવાઓ | : | તમામ તાલુકા મથકે |
| જોવાલાયક સ્થળો | : | કબા ગાંધીનો ડેલો, રામકૃષ્ણ આશ્રમ, રફાળેશ્વર, રતનપર, રણછોડદાસ બાપુનો આશ્રમ, ઓસમનો ડુંગર, ખંભાલીડાની ગુફા, ડોલ મ્યુઝિયમ, વોટસન મ્યુઝિયમ, રેસકોર્ષ, લાખા ફુલાણીનો પાળીયો- આટકોટ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ |
| ઐતિહાસિક ધાર્મિક સ્થળો | : | સ્વામિનારાયણ મંદિર, ભુવનેશ્વરી મંદિર ગોંડલ, જલારામ મંદિર વિરપુર, ઘેલા સોમનાથ, ખ્વાજા સાહેબની દરગાહ- ધોરાજી |
| ગ્રંથાલયો – વાંચનાલયો | : | કુલ ૪૦ |
| પશુપાલન પ્રવૃતિ | : | ગાય-૨૮૬૫૮૨, ભેંસ-૨૯૪૧૮૩, બકરી-૧૨૧૭૨૦, ઘેંટા-૧૩૦૩૨૪, બળદ-૧૮૧૩૫૫, ઘોડા-૧૧૨૯, ઉંટ-૧૪૩, ગદર્ભ-૭૩૪ |
| આરોગ્ય સેવાઓ | : | પી.એચ.સી.-૪૯, સી.એચ.સી.-૧૩, પેટા આરોગ્ય કેન્દ્ર -૩૩૯, સિવિલ હૉસ્પિટલ-૧૯ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૦૮ |
| લોકસભાની બેઠકો | : | ૨ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૩૬ |
| તાલુકા પંચાયત | : | ૧૧ |
| સરકારી કચેરીઓ | : | ૧૨૦ |
| ન્યાયાલયો | : | ફોજદારી, સેશન્સ, એડીશનલ સેશન્સ, દિવાની, સ્મોલ કોર્ટ, ડિવિઝન કોર્ટ, સિવિલ કોર્ટ, ફેમીલી કોર્ટ, લવાદ અને લેબર કોર્ટ મળી કુલ-૫૪ |
| નગરપાલિકાઓ | : | ૦૬ |
| મહાનગરપાલિકા | : | ૦૧ (રાજકોટ મહાનગર પાલિકા) |
| સાક્ષરતા દર | : | ૭૨.૫૯% |
| જન્મ દર | : | ૧૮.૦૧ (કાચો જન્મદર) |
| મૃત્યુ દર | : | ૫.૭૨ (કાચો મૃત્યુદર) |
| સહકારી મંડળીઓ | : | ૩૫૩ |
| સેવાભાવી સંસ્થાઓ | : | ૪૨ |
| સામાજિક સંસ્થાઓ | : | ૨૮ |
| જીવદયા સંસ્થાઓ | : | ૦૮ |
| બાલ અને આંગણવાડીઓ | : | ૧૩૭૩ |
| પાંજરાપોળ/ ગૌશાળાઓ | : | ૧૮ |
| ઘેટા ઉછેર કેન્દ્ર | : | ૩૨ |
| પશુ દવાખાના | : | ૨૮, પ્રાથમિક સારવાર દવાખાના-૧૮ |
| સખી અને મહિલા મંડળો | : | ૧૧૯૯૮ |
| દૈનિક અખબારો | : | ૧૫ |
| સાપ્તાહિક અખબારો | : | ૩૪ |
| મહાન સપૂતો/વિભૂતિઓ | : | સંત શ્રી જલારામ બાપા, શ્રી ધૂમકેતુ,શ્રી હેમુ ગઢવી, નવલ કથાના લેખક શ્રી ચુનીલાલ મડીયા, શ્રી ઢેબરભાઇ, શ્રી રણછોડદાસ બાપુ. |
| લોકમેળા અને ધાર્મિક તહેવારો | : | જન્માષ્ટમી, નવરાત્રી, ગણેશોત્સવ, ધોરાજીનો ઉર્ષ, દિવાળી, મોહરમ |



**• દરબારગઢ, ધોરાજી :** ધોરાજીનો દરબારગઢ ભૂતપૂર્વ ગોંડલ રાજવી ભા કુંભાજીએ બસ્સો વર્ષ પહેલા બંધાવ્યો હતો. દરબારગઢના પ્રવેશદ્વારમાં દાખલ થતાં બે મજલાવાળી બારી કોતરણીયુકત ઈમારત જોવા મળે છે. છતના છજ્જા પર સિંહ, હાથી વગેરેના શિલ્પો કંડારેલા છે. નીચેના મજલાના બંને ખુણે દંડધારી દ્વારપાળ મુકેલા છે. બે મજલાની બારી અને જરૂખા ઉપર વિવિધ ફુલ- વેલ અને ઝાલરની ભાત કંડારેલી છે. મજલાના નીચેના ભાગમાં ચોતરફ આકર્ષક કમલપતિની સજાવટ કરી છે. સ્થાપત્ય કળા અને શિલ્પકૃતિની દ્રષ્ટિએ ઈમારત ૧૮મી સદીના ઉતરાર્ધનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

**• લાખા ફુલાણીનો પાળીયો, આટકોટ, તા.જસદણ :** અણહીલવાડ પાટણના સોલંકી રાજા મૂળરાજ (ઇ.સ.૯૪૨-૯૯૭) સાથે કે કેરાકોટનો રાજા ફૂલ જયારે યુધ્ધમાં હતો ત્યારે લાખાનો જન્મ થયો હતો. તેના ચારિત્ર્યના કારણે તેના પિતાએ જાકારો આપતાં કચ્છનું નાનુ રણ પાર કરી તે કાઠિયાવાડમાં ઉતર્યો. થાનની બાજુમાં થોડો વખત તેણે મુકામ કર્યો ત્યાં તેણે લાખામાચી તરીકે ગામ વસાવ્યું. ત્યાં તે એકાદ બે વર્ષ રહયો અને ત્યાંથી જૂનાગઢમાં રા’ગ્રહરીપુ સાથે ગાઢ મૈત્રી કેળવી રા’એ તેને આટકોટ વસાવવા આમંત્રણ આપ્યું. આટકોટ નામ ત્યાં આઠ અલગ અલગ વસાહતને એક કરી તેમાંથી બન્યું છે. લાખાએ ત્યાં પોતાનું થાણું રાખ્યું. આટકોટમાં રા’ગ્રહરીપુ અને મુળરાજ સોલંકીના યુધ્ધમાં રા’ને મદદ કરતા યુધ્ધમાં લાખા ફુલાણી મૃત્યુ પામ્યો. આ પાળિયો તેની સ્મૃતિમાં બનાવવામાં આવેલો છે.

**• મીનળવાવ, વીરપુર, તા.ગોંડલ :** વીરપુર ગામની વચ્ચે આવેલી આ વાવ પૂર્વાભિમુખ, સીધા પગથિયાં અને એક જ પ્રવેશદ્વાર ધરાવતી વાવ છે. ૩૭.૪૦ મીટર લાંબી આ વાવ ૪.૯૫ મીટર પહોળાઇ ધરાવે છે. કુવાનો વ્યાસ ૫.૮૦ મીટર છે. આ વાવને નવ મંડપો છે. પ્રથમ મંડપ પાસે બંને બાજુની દીવાલમાં બે ગોખ છે. જેમાં પ્રતિમાઓ મૂકેલી છે. ગોખના સ્તંભો અને છજ્જુ અલંકૃત છે. જેમાં ચૈત્ય સુશોભન અને ફુલવેલની કોતરણી દ્રષ્ટિગોચર થાય છે. આ વાવમાં કેટલાક લાક્ષણિક શિલ્પો પણ દ્રષ્ટિગોચર થાય છે. જેમાં ભૈરવ, શેષશાયી વિષ્ણુ વગેરે ગણાવી શકાય.

આ વાવ ઉત્તર દિશામાં આવેલી વઢવાણની માધાવાવ અને દક્ષિણમાં વંથલી નજીક આવેલી રા’ખેંગાર વાવની સાથે સામ્યતા ધરાવે છે. ગોખ ઉપરની જાલકભાત, છાજ અને હંસાવલીનું સુશોભન આ ત્રણેયમાં લગભગ સરખું જણાય છે. આ વાવ પ્રખ્યાત સોલંકી રાજા જયસિંહ સિધ્ધરાજની માતા મીનળદેવીએ બંધાવેલી હોવાનું માનવામાં આવતું હોઇ તેનું નામ ‘મીનળવાવ’ પડેલું જણાય છે. સ્થાપત્ય બાંધકામની દ્રષટિએ આ વાવ ૧૩મી શતાબ્દીના સમયની જણાય છે.

**• ભાડલાની વાવ, જસદણ :** આ વાવ ગેલમાતાની વાવ તરીકે ઓળખાય છે. અંગ્રેજી એલ આકારની આ વાવ ૨૨ મીટર લાંબી કાટખૂણેથી ૧૫ મીટર લાંબી છે. વધુમાં વધુ પહોળાઈ ૩.૨૫ મીટર છે. કુવાના થાળાનો વ્યાસ ૮ મીટર છે. આ વાવ ૧૩ મી સદીની હોવાનું જણાય છે. વાવમાં ચાર મજલા છે. વાવમાં ઉત્તરમાં બંધ ચોકી આવે છે. જેના ગોખમાં ગણપતિ તથા શિવ પાર્વતીની પ્રતિમાઓ મૂકેલી છે. વાવની બંને બાજુના અન્ય ગોખમાં વિષ્ણુ તથા ગણેશની પ્રતિમાઓ છે. વાવના કુવાની અંદરના ગોખમાં શેષસાઇ વિષ્ણુની પ્રતિમા અંકિત થયેલી છે.

**• કાળુપીરની દરગાહનો શિલાલેખ, જસદણ :** વિક્રમ સવંત ૧૨૯૨ (ઇ.સ.૧૨૩૬) આ લેખમાં ભાવનગરના ગોહેલ વંશના સ્થાપક સેજકજીએ બંધાવેલો સહજિગપુર (હાલના સેજકપુર) ના બાંધકામમાં શ્રી જયદેવસિંહ નામના રાજાએ માસિક છ ક્રમ (એક પ્રકારના સિકકાનો) ફાળો આપ્યો હતો. જયદેવસિંહ કદાચ જૂનાગઢના ચુડાસમા વંશનો રાજા હશે. આ લેખને કાળુપીરની દરગાહ સાથે સંબંધ નથી.

**• જામટાવર, રાજકોટ :** રજવાડા સમયમાં બાંધવામાં આવેલો અનન્ય સ્થાપત્યોમાં રાજકોટના જામટાવરને ગણાવી શકાય તેમ છે. આ ટાવરનું બાંધકામ નવાનગર સ્ટેટ દ્વારા જામ વિભાજીના સમય ઇ.સ.૧૮૮૭માં કરવામાં આવેલું હતું. રાજકોટ આ સમય દરમિયાન સૌરાષ્ટ્રની બ્રિટીશ એજન્સીનું મુખ્ય મથક હતું.


સ્થાપત્યની દ્રષ્ટીએ આ ટાવર કોલોનિયલ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. આ ટાવર બાંધવાની પ્રેરણા મુંબઇના પ્રસિધ્ધ રાનીબાઇ ટાવર ઉપરથી લેવામાં આવેલી છે. ટાવરની નીચેની જગતીનું માપ આશરે ચારે તરફથી ૫.૩૫ મીટર છે. ટાવરની ઊંચાઇ આશરે ૨૫ મીટર જેટલી છે. ટાવરના ટોચના ભાગે મીનારા જેવી રચના કરાયેલી છે. જેમાં લોખંડની જાળીનો ઉપયોગ કરાયેલો છે. ટાવરની છત સુધી પહોંચવા માટે અંદરના પગથિયાંની રચના કરેલી છે. આ ચોરસ તલમાન ધરાવતા ટાવરની ઉપરના ભાગે ચારે દિશામાં ઘડીયાલો

આવેલી છે. જે હાલમાં બંધ હાલતમાં છે. ટાવરના બાંધકામમાં રેતીયો અને જગતિના ભાગે કાળમીંઢ પથ્થર વાપરવામાં આવેલો છે. ટાવરના પ્રવેશ દ્વારની ઉપર અંગ્રેજમાં ''પ્રેસીડેન્ટ જામશ્રી રાવલ- પોલીટિકલ એજન્ટ ઈ.સ.૧૮૭૭''જેવું લખાણ છે.



● **સુપેડીના મંદિરો, સુપેડી, તા.ધોરાજી** : આ મંદિર સમૂહમાં મુખ્ય મંદિર મુરલી મનોહરનું છે. જેની બંને બાજુએ જાગનાથ મહાદેવ અને રામમંદિર આવેલાં છે. તદઉપરાંત રેવનાથ મહાદેવનું મંદિર પણ મહત્ત્વનું છે. આ કોતરણીયુકત મંદિરો મિશ્ર સ્થાપત્ય શૈલીના છે. જે પ્રાયઃ ૧૭મી સદીના ઉતરાર્ધના હોવાનું જણાય છે. મુરલી મનોહર મંદિરનું પ્રવેશ તેમજ આગળનો મંડપ દરબારી શૈલીના છે. મંદિરોના શિખર તેમજ મંડોવર પર ચામુંડા, લક્ષ્મી, દ્વારપાલના શિલ્પો કંડારેલા છે. જે કલાની દ્રષ્ટિએ નિમ્ન સ્તરના છે. મંદિરની બાંધણી અને નાગર શૈલીના શિખરો આકર્ષક છે.

● **સાંકળેશ્વર મહાદેવ, જુની સાંકળી** : જેતપુર તાલુકાના જુની સાંકળી ગામે ઊંચી પીઠ પર આશરે ૧૩મી સદીમાં બંધાયેલા આ મંદિરમાં ગર્ભ ગૃહ, અંતરાલ, મંડપ અને પ્રવેશ એમ ચાર ભાગમાં છે. ગર્ભગૃહની બહારની દીવાલો પર આછુ અલંકરણ છે. આ મંદિર શિલ્પ સ્થાપત્યથી અલંકૃત છે. ચાર ભાગ ધરાવતા મંદિરને ચતુરંગી કહે છે.



● **ખંભાલીડાની બૌદ્ધ ગુફાઓ** : રાજકોટ તાલુકાના ગોંડલ તાલુકાના ખંભાલીડા ગામે આ બૌદ્ધ ગુફાઓ આવેલી છે. આ શૈલ ગુફાઓ પાંચ ઝુમખાઓમાં છે. પ્રવેશદ્વારમાં શિલ્પાંકન કરેલું છે તેવું ગુજરાતની અન્ય કોઇ ગુફાઓમાં જોવા મળતું નથી. આ ગુફાઓ ક્ષત્રપકાલિન છે.

● **રોજડી- શ્રીનાથગઢ** : ગોંડલ તાલુકાના શ્રીનાથગઢ ગામ પાસે હરપ્પીય વસાહતોનો રોજડીનો ટીંબો આવેલો છે, બે ભાગમાં વહેંચાયેલા આ ટીંબાની વસાહતની કુલ લંબાઇ ૨૫૦ મીટર અને પહોળાઇ ૧૫૦ મીટર છે. તેનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૨૬૦૦ નકકી કરવામાં આવ્યું છે. હરપ્પીય સંસ્કૃતિના અવશેષો આજે પણ જોવા મળે છે.

● **ઘેલા સોમનાથ** : સોમ પીપળીયા ગામે આ મંદિર આવેલું છે. ઘેલા નદીના કાંઠે આવેલ આ મંદિરમાં બિરાજતા શ્રી ઘેલા સોમનાથનું શિવલીંગ મુળ શ્રી સોમનાથ મહાદેવ પ્રભાસ- પાટણનું છે. અહિં પર્વત પર મીનળદેવીની દેરી છે. શ્રાવણ માસમાં શ્રધ્ધાળુઓ અને દર્શનાર્થીઓનો વિશેષ પ્રવાહ જોવા મળે છે. જસદણ તાલુકામાં આવેલું ઘેલા સોમનાથના આ પ્રસિધ્ધ શિવમંદિરનું તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુનઃનિર્માણ કરાયું છે.



● **અષ્ટમુખી મહાદેવ મંદિર** : જસદણ તાલુકાના વિરનગર નજીક કુદરતી અને રમણીય વાતાવરણ વચ્ચે આવેલું ગુજરાતનું એક અને અનન્ય અષ્ટમુખી મહાદેવ મંદિર જે યાત્રાળુઓનું આસ્થાનું પ્રતિક સમુ છે. તે ૧૫૦ વર્ષ પુરાણું છે.



● **ઇશ્વરિયા મંદિર- રાજકોટ** : રાજકોટ- જામનગર ધોરી માર્ગ પર માધાપર ગામ પાસે ઈશ્વરિયા મહાદેવનું મંદિર આવેલું છે. જે પ્રકૃતિ અને ધર્મનું અનેરા સંગમ સમુ સ્થાન છે. શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે.

● **ભુવનેશ્વરી મંદિર- ગોંડલ** : ગોંડલ ખાતે આવેલું ભુવનેશ્વરી શકિતપીઠનું આ મંદિર શ્રધ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. આ શકિતપીઠમાં આયુર્વેદિક ઔષધાલય ચલાવવામાં આવે છે અને ગરીબોને વિના મૂલ્યે સારવાર અને દવાઓ પૂરી પાડવામાં આવે છે.



નવરાત્રિના ધાર્મિક મહોત્સવમાં દેશ- વિદેશના ભાવિકો દર્શનાર્થે અહીં આવે છે અને માતાજીના દર્શન તથા પૂજન અર્ચન કરી કૃતાર્થ થાય છે.

**● અક્ષર પુરુષોત્તમ મંદિર- ગોંડલ :** ગોંડલમાં અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર (અક્ષરધામ) ખાતે દેશ- વિદેશથી ભાવિકો આ મંદિરના દર્શનાર્થે ઉમટી પડે છે. વિક્રમ સવંત ૧૯૯૦માં આ મંદિરની સ્થાપના થઇ હતી. મંદિરના મધ્યખંડમાં ભગવાન સ્વામિનારાયણજી અને પૂ. ગુણાતીતાનંદ સ્વામીના ભાવિકો દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ મંદિરમાં આવેલી અક્ષર દેરી પણ શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. દર વર્ષે શરદપૂનમથી દિવાળીના દિવસો દરમિયાન ભગવાન સ્વામિનારાયણના દર્શનાર્થે ભાવિકો મોટી સંખ્યામાં આવે છે. દર વર્ષે વૈશાખ સુદ બારસના રોજ બ્રહ્મ સ્વરૂપ પૂ. યોગીજી મહારાજની જન્મજયંતિ પ્રસંગે પણ આસ્થાળુઓ ઉમટી પડે છે.

**● જલારામ મંદિર- વિરપુર :** ભકતશ્રી જલારામ બાપાના આ જન્મ સ્થળે દેશ વિદેશથી શ્રધ્ધાળુઓ આવે છે. આ મંદિરની વિશેષતા એ છે કે અહીં કોઇપણ જાતનું દાન સ્વીકારવામાં આવતું નથી અને અહીં બારેમાસ ભાવિકો તેમજ સાધુ સંતો માટે ભોજનાલય ધમધમતું રહે છે. ગામમાં મોટી સંખ્યામાં ગેસ્ટ હાઉસ તથા ધર્મશાળાઓ આવેલી છે.

**● સ્વામિનારાયણ મંદિર- રાજકોટ :** શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર રાજકોટના કાલાવડહ્ રોડ પર આવેલું છે. આ મંદિર કલાત્મક સ્થાપત્ય સભર છે. પૂ. અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામીજી મહારાજની પ્રેરણાથી ધર્મ આધ્યાત્મ ઉપરાંત વ્યસનમુકિત, શૈક્ષણિક ઉત્કર્ષ તેમજ માનવ સેવાની ઉમદા પ્રવૃતિઓ સંસ્થા દ્વારા ચલાવાય છે.



**● ભીડભંજન મહાદેવ મંદિર- ચાંપરાજપુર :** જેતપુર નજીક આવેલું આ શિવ મંદિર નૈસર્ગિક વાતાવરણ તેમજ ધર્મભાવનાઓથી અને તેના ઇતિહાસથી જાણીતું છે. શ્રાવણ માસમાં અહીં મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે આવે છે. અહીં ઉતારાની સગવડ છે.

**● ઓસમ ડુંગર- પાટણવાવ :** રાજકોટ જિલ્લાના ધોરાજી પાટણવાવ ગામે ઓસમ ડુંગર ઉપર માત્રી માતાનું મંદિર છે. આ ડુંગર ઉપર અન્ય શિવ મંદિર આવેલા છે. જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા આ રાજવીકાળના પાવનધામને પ્રવાસન ધામ તરીકે વિકસાવાઇ રહયું છે. ચોમાસામાં વરસાદ થયા પછી આ ડુંગર લીલી વનરાજીથી ખીલી ઉઠે છે.

**● ખ્વાજા સાહેબની દરગાહ- ધોરાજી :** રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતે દર વર્ષે ખ્વાજા મોહમુદીન સૈરાનજા બાદશાહનો મુસ્લીમ હઝરતની યાદમાં ભરાતા મેળામાં મુસ્લીમ, હિન્દુ ભાઇ- બહેનો ભાગ લે છે. અંદાજે ૨૫૦ વર્ષ પહેલા સિંધ બાજુથી ખ્વાજા સાહેબ ધર્મના પ્રચાર અર્થે આવ્યા હતાં.

**● ટપકેશ્વર મહાદેવ મંદિર- વડેખણ :** ઉપલેટાથી થોડા અંતરે વડેખણ ગામે આવેલા ટપકેશ્વર મહાદેવ મંદિર અતિ પૌરાણિક છે. લોકવાયકા છે કે આ મંદિર પાંડવોના સમયનું છે. આ સ્થળે પાંડવો ગુપ્તવાસમાં રહેતા હતાં. અત્રેનું શિવલીગ સ્વયંભુ છે. આ ડુંગર દરિયાની સપાટીથી આશરે ૨૦૦ ફુટની ઊંચાઇ પર છે.

**● મામાપીરની દ્વારિકા- વચલી ઘોડી :** પડધરી પાસેના વચલી ઘોડી ગામે આવેલી મામાપીરની જગ્યા ખૂબજ રળિયામણી, ધર્મભાવનાઓથી અને તેના જુના ઇતિહાસથી જાણીતી છે. ગુરુવારના રોજ અહીયાં મેળો ભરાય છે. મેળામાં આવતા સહેલાણીઓને જમવાની સુવિધા આપવામાં આવે છે.

**● કબા ગાંધીનો ડેલો- રાજકોટ :** રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીનું રાજકોટ ખાતેનું નિવાસ સ્થાન કબા ગાંધીના ડેલા તરીકે ઓળખાય છે. પૂ. ગાંધીજીએ તેમની કિશોર અવસ્થા દરમિયાન અહીં નિવાસ કર્યો હતો. રાજકોટના પરાબજાર (કડીયા નવલાઇન) ખાતે ગાંધીજીનું આ નિવાસ સ્થાન જોવા ગાંધી પ્રેમીઓ આવે છે. આ ભવન ગાંધી સ્મૃતિ તરીકે ઓળખાય છે.

● **જ્યુબેલી ગાર્ડન- રાજકોટ :** રાજકોટના જ્યુબેલી ગાર્ડનમાં રાજવી કાળમાં બંધાયેલ કલાત્મક બેન્ડ સ્ટેન્ડ, આસપાસમાં હરિયાળા વૃક્ષો આ સ્થળની સામે વોટ્સન મ્યુઝિયમની ઈમારત વૈભવી વિરાસતની તેની ભવ્યતાની સાક્ષી પૂરે છે.



● **રામકૃષ્ણ આશ્રમ- રાજકોટ :** રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર રામકૃષ્ણ પરમ હંસ મિશન દ્વારા સુંદર મંદિરનું નિર્માણ કરાયું છે. આશ્રમ દ્વારા સેવાકિય અને સમાજ ઉત્થાનની પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે.

● **રાજકુમાર કોલેજ- રાજકોટ :** રાજકોટ શહેરની મધ્યમાં અંગ્રેજ શાસનકાળ દરમિયાન રાજકુમારોને શિક્ષણ આપવા માટે આ સંસ્થા રજવાડાઓ દ્વારા શરૂ કરવામાં આવી હતી. અત્યારે પણ ભવ્ય ભુતકાળની ગવાહી દેતી આ ઈમારત અડીખમ ઊભી છે. આ કોલેજમાં ભાવસિંહજી હોલ સહિતની ભવ્ય ઈમારત ધ્યાનાકર્ષક છે.



● **વોટ્સન મ્યુઝિયમ- રાજકોટ :** રાજકોટના જ્યુબેલી ગાર્ડનમાં આવેલું વોટ્સન મ્યુઝિયમ ૧૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂનુ છે. મ્યુઝિયમમાં દરબાર હોલ, શિલ્પ સ્થાપત્ય તેમજ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના રાજવી કાળના સંભારણારૂપ દરબાર હોલ તેમજ સફેદ આરસમાં કંડારાયેલી રાણી વિકટોરીયાની પૂરા કદની પ્રતિમા દર્શનીય છે.

● **બાલભવન- રાજકોટ :** રાજકોટના રેસકોર્ષ પટાંગણમાં બાલભવનની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં બાળકોની ખેલકુદ પ્રતિભા ઊંચી આવે તેવી પ્રવૃતિઓ થઈ રહી છે.



● **રાષ્ટ્રીય શાળા- રાજકોટ :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અંગ્રેજોના શાસન કાળ દરમિયાન રાજકોટની રાષ્ટ્રીય શાળા ખાતે ઉપવાસ કર્યા હતાં. ખાદી અને ગ્રામોદ્યોગ તેમજ રચનાત્મક પ્રવૃતિઓનું આ કેન્દ્ર છે. ઈ.સ.૧૯૨૫માં મહાત્મા ગાંધી રાજકોટ આવ્યા હતા અને રાષ્ટ્રીય શાળામાં પ્રવૃતિઓનો આરંભ થયો હતો.

● **મહાત્મા ગાંધી સ્કૂલ- રાજકોટ :** રાજકોટની તત્કાલીન આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પૂ. મહાત્મા ગાંધીજીએ અભ્યાસ કર્યો હતો. આ શાળા હાલમા પૂ. મહાત્મા ગાંધી વિદ્યાલય તરીકે ઓળખાય છે. આ શાળાની ઈમારત અંગ્રેજ શાસનના સમયની છે.



● **આજીડેમ- રાજકોટ :** રળિયામણા રાજકોટનો આજીડેમ હરવા ફરવા માટેના સ્થળ તરીકે લોકપ્રિય છે. અર્વાચીન નિર્માણ કાર્યની તેમાંથી ઝાંખી મળે છે. રજાના દિવસોમાં અહીં રાજકોટવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

● **ન્યારી ડેમ- રાજકોટ :** રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલ ન્યારી-૧ ડેમ સહેલાણીઓનું આકર્ષણરૂપ સ્થળ છે. વરસાદી મોસમમાં અહીં પ્રકૃતિપ્રેમીઓ ઉમટી પડે છે.

● **રેસકોર્ષ- રાજકોટ :** રાજકોટના મધ્યમાં આવેલા બાગબગીચા સભર રળીયામણા રેસકોર્ષની ઝલક સમગ્ર રાજકોટ વાસીઓનું મનગમતું સ્થળ છે. રાજકોટ અને રાજકોટવાસીઓની તાસીરનું તે પ્રતિબિંબ છે.

● **પ્રદ્યુમ્ન પાર્ક- રાજકોટ :** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની ભાગોળે નિર્મિત પ્રદ્યુમ્ન પાર્કમાં પ્રાણી સંગ્રહાલય તેમજ બાગ બગીચાની રોનક જોવા મળે છે. રાજકોટ શહેર બહાર રાષ્ટ્રીય ધોરી માર્ગ પર માર્કેટિંગ યાર્ડ પાસે આ પ્રદ્યુમ્ન પાર્ક આવેલો છે.

● **ઇશ્વરિયા વેલી ઓફ ફ્લાવર ગાર્ડન- રાજકોટ :** રાજકોટના જામનગર રોડ ઉપર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઇશ્વરિયા વેલી ગાર્ડનનું નિર્માણ કરાયું છે. જે પર્યટન પ્રેમીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રમણિય તળાવ, બગીચા અને મનોરંજનના સાધનો છે. આ વિહારધામમાં ફરવા લોકો ઉમટી પડે છે.

# સાબરકાંઠા જિલ્લો








બનાસકાંઠા
રા જ સ્થા ન
ભા ર ત
મ હે સા ણા
અ ર વ લ્લી
ગાં ધી ન ગ ર
મહીસાગર
હિંમતનગર
ઇડર

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **સાબરકાંઠા** |
| નોટીફીકેશન-સ્થાપનાનું વર્ષ | : | ઓક્ટોબર-૧૯૧૯ |
| વડુ મથક | : | હિંમતનગર |
| ભૌગોલિક વિસ્તાર ક્ષેત્રફળ | : | ૭૩૯૦ ચો.કિ.મી. |
| ઉત્તર અક્ષાંશ | : | ૨૩.૦૩થી ૨૪.૨૩ અક્ષાંશ સુધી |
| પૂર્વ રેખાંશ | : | ૭૨.૪૩થી ૭૩.૩૯ રેખાંશ સુધી |
| કુલ વસતિ | : | ૧૩૮૮૬૭૧ |
| પુરુષ | : | ૭૧૧૮૪૫ |
| સ્ત્રી | : | ૬૭૬૮૨૬ |
| મુખ્ય વસતિઓ | : | રાજપૂત, પટેલ, આદિવાસી, દલિત, બ્રાહ્મણ અને ઠાકોર |
| તાલુકા-૮ | : | ખેડબ્રહ્મા, વિજયનગર,વડાલી, ઈડર, પોશીના, તલોદ, હિંમતનગર, પ્રાંતિજ |
| કુલ ગામ | : | ૭૦૪ |
| ગ્રામ પંચાયતની સંખ્યા | : | ૪૨૩ |
| નગરપાલિકા | : | ૦૬ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી |
| પૂરક વ્યવસાય | : | પશુપાલન |
| મુખ્ય પાક | : | ડાંગર, બાજરી, મકાઈ, તુવેર, મગ, ઘઉં, મગફળી, એરંડા, કપાસ |
| મુખ્ય ખનિજ | : | ગ્રીટ, કપચી, મેટલ, ચુનાનો પથ્થર, બોકસાઈડ અને ગ્રેનાઈટ |
| ઉદ્યોગો | : | સિરામિક |
| પરંપરાગતગૃહ ઉદ્યોગો | : | ભરતગૂંથણ |
| જમીનનો પ્રકાર | : | કાળી, ગોરાડું, ખડકાળ, પથરીયાળ, રેતાળ, ડુંગરાળ, ખડકોવાળી |
| આબોહવા | : | જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થતી હોવાથી ગરમ આબોહવા રહે છે. |
| સરેરાશ વરસાદ | : | ૮૮૮ મિ.મી. |
| જંગલો/વનસંપદા | : | ૬૮૧૨૫ હેક્ટર વિસ્તાર |
| નદીઓ | : | સાબરમતી, ગુહાઈ, હરણાવ, હાથમતી જળાશયો, |
| તળાવો | : | ૪૨૫ |
| રાષ્ટ્રીય ધોરીમાર્ગ | : | ૬૮ કિ.મી. |
| રાજ્ય ધોરીમાર્ગ | : | ૧૦૦૯ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : | વિજયનગર પોળો, ઈડરીયોગઢ, રાજચંદ્ર વિહાર, રાણી તળાવ |
| ઔતિહાસિક / ધાર્મિક | : | નાના અંબાજીમંદિર, બ્રહ્મા મંદિર ખેડબ્રહ્મા, ગઢડા શામળાજી મંદિર. |
| સાંસ્કૃતિક ઐતિહાસિક શિલ્પ | : | રોડાના મંદિરો, ઈડરિયો ગઢ |
| ગેસ્ટહાઉસ સરકારી | : | ૧૧ |
| જાહેર ધર્મશાળાઓ | : | ૨૨ |
| રેલ્વે સેવાઓ મધ્યમકદની | : | ૧૮૬ કિ.મી. |
| રેલ્વે સ્ટેશન | : | ૧૯ |
| રાજ્ય પરિવહન સેવાઓ | : | હિંમતનગર વિભાગીય કચેરી દ્વારા ૬૯૩ ગામોને એસ.ટી. સેવાનો લાભ આપવામાં આવે છે. |
| હેડ પોસ્ટ | : | ૧ |
| અન્ય શહેરી અને ગ્રામ્ય | : | ૮ તાલુકા મથક સહિત |
| પોસ્ટ સેવાઓ | : | તમામ ગ્રામ્ય વિસ્તારમાં |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૮૮૪ |
| બેંકિગ સેવાઓ | : | ૧૭૧ |



| | | |
|---|---|---|
| પોલીસ સ્ટેશન | : | ૧૫ |
| આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન | : | ૨૮ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ/માર્કેટયાર્ડ | : | ૧૦ |
| ગ્રંથાલય-વાંચનાલયો | : | ૭૫ |
| પશુપાલન પ્રવૃત્તિ | : | હિંમતનગર ખાતે સાબર ડેરીમાં દૈનિક ૨૦ લાખ લીટરથી વધુ દૂધ સંપાદન કરવામાં આવે છે. |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | જિલ્લા પંચાયત સંચાલિત-૧,૨૪૪, માધ્યમિક શાળાઓ-૨૪૨ |
| આરોગ્ય સેવાઓ | : | સિવિલ હોસ્પિટલ - ૧ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્રો | : | ૧૫ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | : | ૫૮ |
| પશુ ચિકિત્સા સવલતો | : | ૨૧ |
| નાની સિંચાઈ યોજના | : | ૬૪ |
| વિધાનસભાની બેઠકો | : | ૪ |
| લોકસભાની બેઠક | : | ૧ |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૩૬ |



સાબરકાંઠા જિલ્લો અરવલ્લી ગિરીમાળાઓની ગોદમાં આવેલો વન સમૃદ્ધિ અને વન સંપત્તિ તથા પ્રાકૃતિક સૌંદર્યના કારણે દૈદિપ્યમાન છે. તેમજ પ્રાચીન સ્થાપત્યો અને ઐતિહાસિક સ્મારકો, મેશ્વો નદીના કાંઠે આવેલું તીર્થધામ શામળાજી, ખેડબ્રહ્મા ખાતે આવેલું આદ્યશક્તિ મીની અંબાજીનું મંદિર, ગઢડા શામળાજી, વિજયનગરમાં વિરેશ્વર મહાદેવ જેવા યાત્રાધામો આવેલાં છે. ઈડરમાં ગઢ તથા બાયડ તાલુકામાં ઝાંઝરીનો ધોધ નૈસર્ગિક સૌંદર્યધામ તરીકે આગવી ઓળખ ધરાવે છે.

જિલ્લાના ગાઢ જંગલોથી આચ્છાદિત વિજયનગર તાલુકાની અરવલ્લી પર્વતમાળાઓ વચ્ચે આવેલા અભાપુરના શિલ્પ સ્થાપત્યો વર્ષોથી પોતાની આગવી અસ્મિતા જાળવીને બેઠા છે. હરણાવ નદીને કાંઠે કેટલાક હિંદુઓના અને જૈન ધર્મના અંદાજે પાંચસોથી હજાર વર્ષ પુરાણા સ્થાપત્યો, પોળોના જંગલો તરીકે ઓળખાતા શારણેશ્વર મંદિર, શિવ મંદિર પુરાતન કાળનો આભાસ કરાવે છે.

પુરાણમાં બ્રહ્મક્ષેત્રના નામે ખ્યાત સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ક્ષેત્રમાંથી પ્રાગૈતિહાસિક યુગ માનવીની ૮૫ વસાહતો, ૭૫૫ પાષણ ઓજારો, ૧૬ પાષાણ સમાધિ જેવા બહુમૂલ્ય પૂર્વકાલિન પુરાતત્વિક ભૌતિક સંપત્તિ અને ઐતિહાસિક તથ્યો જેવા ભાતિગળ ઈતિહાસ આ જિલ્લો તેના ગર્ભમાં છુપાવીને બેઠો છે.

મોગલો સામેના ધમાસાણ યુદ્ધમાં રાણા પ્રતાપ જેવા પ્રતાપી રાજાને આશ્રય સ્થાન આપી, આક્રમણ માટે વળતો પ્રહાર કરવાની શક્તિ પ્રદાન કરનાર તથા આ ધરતીના લોકો તથા વિજયનગર તાલુકાના પાલદઢ વાવમાં અંગ્રેજ હકુમત સામે સ્વતંત્રતા માટે બહાદુરી પૂર્વક લડી શહિદી વહોરનાર આદિવાસી વિરતાનો ઈતિહાસ જે આ ધિંગી ધરાનો પ્રભાવ છે.

સાબરકાંઠા જિલ્લો ખેતી આધારિત વિસ્તાર છે. ખેતી સાથે અનુકૂળ એવા પૂરક વ્યવસાય તરીકે સહકારી ધોરણે પશુપાલન પ્રવૃત્તિનો શ્રેષ્ઠ વિકાસ થયો છે. જેના થકી શ્વેત ક્રાંતિનો ઉદભવ થયો છે. આણંદ ખાતેના નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ સાથે જોડાયેલી વિશાળ સાબરડેરીનો વિકાસ થયો છે. આ ડેરી જિલ્લાના નિર્બળ લોકો તથા આદિવાસી ગ્રામ્ય ગરીબોના ઉત્કર્ષમાં આશાનું કિરણ બની બહાર આવી છે.




આ જિલ્લામાં ખનિજોના મોટા ભંડારો આવેલાં છે. જેથી ક્વોરી તથા સિરામિક ઉદ્યોગોનો વિકાસ થયો છે. તેમજ કપાસનો વિશેષ પાક થતો હોવાથી સહકારી જીનનો પણ ઉદ્‌ભવ થયો છે.

**આગવી ઓળખ :** સાબરકાંઠા જિલ્લો અગાઉ મહીકાંઠા એજન્સીનો ભાગ હતો. ૧૯૪૮માં મહીકાંઠા જિલ્લો એવું નામ આપવામાં આવ્યું હતું. આમ છતાં મહી નદી આ જિલ્લામાંથી પસાર થતી ન હોઈ મહીકાંઠા જિલ્લો







એ નામ અસંદિગ્ધ હતું. સાબરકાંઠા જિલ્લાની સરહદેથી વહેતી સાબરમતીના નામ પરથી જિલ્લાનું સામાજિક કાર્યકરોની ચળવળથી મહીકાંઠા નામ બદલીને સાબરકાંઠા જિલ્લો નામ આપવામાં આવ્યું.. સાબરકાંઠા જિલ્લાની પશ્ચિમે મહેસાણા જિલ્લો છે, તે વખતના મુંબઈ રાજ્યના ૨૯ રજવાડાઓ અને જાગીરો પહેલાંના અમદાવાદ જિલ્લાનો પ્રાંતિજ તાલુકો અને મોડાસા મહાલ ભેળવ્યા હોવાથી **તારીખ-૧, ઓગસ્ટ ૧૯૪૯ થી સાબરકાંઠા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો.** ભૂતપૂર્વ પશ્ચિમ ભારતના દેશી રાજ્યના એજન્સીના સાદરા વિભાગના બીજા રાજ્યો આંબલીયા, મોહનપુરા, માલપુર અને બાયડને આ જિલ્લામાં ભેળવી દેવામાં આવ્યા હતા. નવેમ્બર -૧૯૫૬માં રાજ્યની પુર્નરચના થતાં મુંબઈ રાજ્યની વિદર્ભ-મરાઠાવાડા, સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશોની સાથે રચના કરવામાં આવી અને સાબરકાંઠા જિલ્લો બૃહદ મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે તા. ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની અલગ રચના થયા બાદ રાજ્યનો અભિન્ન હિસ્સો બન્યો.

સુંદર પર્યટન સ્થળો વિશેષતાઓથી ભરપુર એવા આ જિલ્લામાં મહદ્અંશે આદિજાતિ વસ્તી ધરાવે છે. જંગલો, નદીઓ, પર્વતો, તળાવ, વિજયનગરની પૌરાણિક પોળ, સ્થાપત્ય વગેરે બહુમૂલ્ય વારસા સમાન છે.

જિલ્લાની કુદરતી ખોળે વસતા વનવાસી આદિજાતિ લોકોની આગવી સંસ્કૃતિ, રીતરિવાજ, આભુષણો અને ઉત્સવો ઓળખ ધરાવે છે.

સરકાર દ્વારા આદિજાતિ વિસ્તાર તથા આદિજાતિ લોકોના નબળા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રના ઉત્કર્ષ માટે સંકલિત આદિજાતિ કલ્યાણ યોજના હેઠળ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેના થકી આદિજાતિ લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ તરફ ડગ માંડી રહ્યા છે.

જિલ્લામાં પૂર્વ વિસ્તારમાં ખેડબ્રહ્મા વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, પોશીના સાત તાલુકામાં અરવલ્લીની ગિરીમાળાઓ આવેલી છે. જેની વધુમાં વધુ ૯૦૦ મીટર જેટલી ઉંચાઈ છે. આ ગિરીમાળાઓની નાની મોટી ટેકરીઓ હિંમતનગર તાલુકાના વિસ્તારમાં આવેલી છે. જ્યારે જિલ્લાના ઈડર તાલુકા મથકે પ્રખ્યાત ઈડરિયો ગઢ આવેલો છે. સાબરકાંઠા જિલ્લો મહદ્ અંશે ડુંગરાળ પ્રદેશ અને મેદાન ધરાવે છે. અરવલ્લી પર્વતની ગિરિમાળાઓ જિલ્લાના ઉત્તર અને પૂર્વભાગમાં પથરાયેલી છે. ડુંગરાળ પ્રદેશની ઊંચાઈ ૩૦૦થી ૯૦૦ મીટર સુધીની છે. જિલ્લામાં મુખ્યત્વે રેતાળ, ગોરાડું અને મધ્યમ કાળી જમીન છે.

**સાહિત્ય ક્ષેત્રે યોગદાન :** ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરનાર યુગ કવિ ઉમાશંકર જોષી, આ જિલ્લાના પનોતા પુત્ર છે. તથા એવા જ ગુજરાતી સાહિત્યમાં કાઠું કાઢનાર યાદગાર સાહિત્ય આપનાર પન્નાલાલ પટેલ, અભિનય સમ્રાટ અને રાજકારણ ક્ષેત્રે નામના મેળવનાર ઉપેન્દ્ર ત્રિવેદી તથા અરવિંદ ત્રિવેદી પણ આ જિલ્લાના સપૂતો છે.

**ઉમાશંકર જોષી :** વિદ્યાપુરુષ ઉમાશંકર જોષીનો જન્મ ઈ.સ. ૧૯૧૧માં ભિલોડા તાલુકાના બમણા ગામમાં ઈ.સ. ૧૯૧૧માં થયો. 'વર્ગ એ જ મારૂ સ્વર્ગ છે.' એવું ઉચ્ચારનાર આ સંસ્કાર પુરુષે સાહિત્યનાં લગભગ બધા જ સ્વરૂપો ખેડ્યા. પ્રાથમિક શિક્ષણ બામણામાં લઈ ઈ.સ. ૧૯૨૦માં વધુ અભ્યાસ માટે ઈડર આવ્યા. મેટ્રિકની પરીક્ષા અમદાવાદમાં આપી ભણવામાં તેજસ્વી હતા. એમ.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી અધ્યાપક બન્યાં.

ઈ.સ. ૧૯૪૭માં સંસ્કૃતિ માસિક શરૂ કર્યું. એ દ્વારા સાહિત્યિક પત્રકારત્વનો ઉત્તમ નમૂનો પુરો પડ્યો. અનેક લેખકો એમણે તૈયાર કર્યા. ઈ.સ. ૧૯૩૬માં 'ગંગોત્રી' માટે રણજીતરાય સુવર્ણચંદ્રક, ઈ.સ. ૧૯૪૪માં 'પ્રાચીના' માટે મહિડા પારિતોષિક તથા નર્મદ સુવર્ણચંદ્રક, 'મહા પ્રસ્થાન' માટે ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક,

ઈ.સ. ૧૯૬૭માં 'અભિરૂચિ' માટે કવિ નાનાલાલ પારિતોષિક અને 'નિશીથ' માટે ભારતીય જ્ઞાનપીઠનો એવોર્ડ તેમને પ્રાપ્ત થયા હતા. તેઓના મહત્ત્વના કાવ્ય સંગ્રહોમાં 'વિશ્વશાંતિ' 'ગંગોત્રી' 'પ્રાચીના' 'નિશીથ' 'આતિથ્ય' 'વસંતવર્ષ' 'અભિજ્ઞા' 'મહાપ્રસ્થાન' 'ધારાવસ્ત્ર' તથા 'સપ્તપદી' વગેરે છે. તેમની તમામ કાવ્ય રચનાઓ 'સમગ્ર કવિતા'ના નામે સંકલિત થઈ છે.

તેઓ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તથા કલકત્તાની વિશ્વભારતીના કુલપતિ પદે રહેલા અને સાહિત્ય અકાદમી, દિલ્હીના પ્રમુખ રહેલા. ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪માં અધિવેશનના પ્રમુખ હતા. રવિન્દ્રનાથના કલાસૌંદર્યને એમને આત્મસાત કર્યા. ગાંધી જીવન સંદેશને પચાવ્યો. એમનાં વિવેચનો, સંપાદનો અને વ્યાખ્યાનો સરળ, નિખાલસ છતાં પાંડિત્યથી સભર હોય છે. જે સાહિત્ય દષ્ટિવંત અને તેજસ્વી અધ્યાપકની યાદ અપાવે છે. તેઓ હંમેશા સંવાદની ભૂમિકાઓની જ વાત કરતા.

તેઓ સત્યાગ્રહમાં જોડાયા. જેલવાસ થયો, કટોકટી વેળા નિર્ભિયપણે પોતાના સ્વતંત્ર વિચારો રજૂ કર્યા અને રાજસભામાં નિયુક્તિ પામ્યાં. અમેરિકા તથા લંડનનો પ્રવાસ કર્યો. ફ્રાન્સ, ઈટાલી તથા ગ્રીસના સાંસ્કૃતિક પ્રવાસે જઈ આવ્યા. ભારત સરકારના ઉપક્રમે લેખક પ્રતિનિધિ તરીકે રશિયા પણ ગયેલા.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મજંયતિના ઉત્સવમાં તેઓ તીથલમાં હતા. ત્યાં અચાનક તબિયત બગડતાં તેમને અમદાવાદ લાવવામાં આવ્યા. ઈ.સ. ૧૯૮૮ના ડિસેમ્બરની ૧૯મી તારીખે તેમણે દેહવિલય સાધ્યો.

**પન્નાલાલ પટેલ :** પન્નાલાલ પટેલનો જન્મ ગુજરાતના ઈશાન ખૂણામાં આવેલા અને હાલ રાજસ્થાનના ડુંગરપુર પાસે આવેલા માંડલી ગામે થયો હતો. તેમણે ઝાઝું શિક્ષણ લીધું નહોતું. પરંતુ કોઠાસૂઝ અને જીવન-ગામડાના પ્રત્યક્ષ અનુભવના આધારે તેમજ નૈસર્ગિક પ્રતિભાને બળે ગુજરાતી ભાષાને કેટલીક ઉત્તમ કૃતિઓ આપી છે. તેમની કીર્તિ મુખ્યત્વે નવલકથા ઉપર આધારિત છે. તેમની મુખ્ય નવલકથાઓમાં 'વળામણા' 'મળેલા જીવ' 'માનવીની ભવાઈ' એ પ્રકારની શ્રેષ્ઠ રચનાઓનો સમાવેશ થાય છે. 'માનવીની ભવાઈ' માટે તેઓને 'ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર' પણ પ્રાપ્ત થયો હતો. 'વાત્રકને કાંઠે' તથા 'સુખદુઃખનાં સાથી' વગેરે તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે ગામડું અને ગ્રામજીવન એના માનવીના મન તેમની કૃતિઓમાં તાદશ્ય રીતે વ્યક્ત થયાં છે.

**કલા ક્ષેત્રે પ્રદાન અરવિંદ ત્રિવેદી :** 'રામાયણ' સિરિયલના 'લંકેશ' અને લોકપ્રિય પૂર્વ સાંસદ અરવિંદ ત્રિવેદીનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોરમાં ૮મી નવેમ્બર-૧૯૩૮ ના રોજ થયો હતો.

અરવિંદભાઈ સાબરકાંઠા મત વિસ્તારમાંથી ૧૯૯૧-૧૯૯૬ દરમિયાન સાંસદ તરીકે ચૂંટાયા હતા. અમીરો જેટલી જ ગરીબોમાં, આદિવાસીઓમાં એમની લોકચાહના આજે ય અકબંધ છે. ફિલ્મ ટી.વી. અને નાટકોના કલાકાર, પ્રોડ્યુસર અને ડાયરેક્ટર 'વિશ્વામિત્ર' સહિત ૧૫ જેટલી સિરિયલોમાંય એવું જ માતબર પ્રદાન કર્યું. ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૭૫ જેટલા નાટકોમાં સરાહનીય કામ કર્યું. ઓલ ઈન્ડિયા રેડિયો, અમદાવાદ અને મુંબઈ પરથી ૫૦ જેટલાં રેડીયો નાટકો પ્રસારિત થયાં. ૨૫૦ જેટલાં ગુજરાતી ચલચિત્રોમાં નાયક, ખલનાયક અને ચરિત્ર અભિનેતા તરીકે અભિનય આપ્યો. જેમાં ગુજરાત સરકારે ઉત્તમ અભિનેતા તરીકેના આઠ એવોર્ડથી એમને નવાજ્યા છે. એમની ફિલ્મોમાં પ્રથમ ફિલ્મ હતી 'લીલુડી ધરતી'. આ ઉપરાંત જેસલ-તોરલ, રાજા ભરથરી, રાજા ગોપીચંદ, દેશ રે જોયા દાદા પરદેશ રે જોયા એવી ફિલ્મો લોકપ્રિય બનેલી.

આ ઉપરાંત 'શિવ તાંડવ સ્ત્રોત' અને રામાનંદ સાગરની 'રામાયણ' સિરિયલમાં રાવણના પાત્ર દ્વારા એમને કારકિર્દીનું એવરેસ્ટ સર કર્યું. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્મા અને અન્ય ઊંચા કલાપારખુઓએ એમના 'શિવતાંડવ સ્ત્રોત'ની ભારોભાર પ્રશંસા કરેલી. રામાયણ સિરિયલમાંના રાવણના પાત્રની જીવંતતા એવા સંવાદો અને એમના ઉત્કૃષ્ટ અભિનયને ફાળે જાય છે. આ ઉપરાંત રાવણના પાત્રને ખલનાયક તરીકે નહીં પણ પ્રતિનાયક તરીકે ઉપસાવવામાં આવ્યું તે પણ મહત્ત્વનું હતું. જેના કારણે એમને જબરદસ્ત લોકપ્રિયતા હાંસલ થયેલી.

અરવિંદભાઈ અને ઉપેન્દ્રભાઈ બે સગા ભાઈઓ બાપથી તો સવાયા નિકળ્યા પણ એકબીજાથી પણ સવાયા નિકળ્યા. અરવિંદભાઈ તેમના ઈડર ખાતેના નિવાસસ્થાન 'અન્નપૂર્ણા' ખાતે વર્ષોથી અંબાજી પદયાત્રીઓની સેવા માટે વિસામો ચલાવે છે જેમાં તબીબી સેવાનો પણ સમાવેશ થાય છે.

**ઉપેન્દ્ર ત્રિવેદી :** ૪૧માં રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં રજત કમળ મેળવનાર 'અભિનય સમ્રાટ' 'પદ્મશ્રી' ઉપેન્દ્ર ત્રિવેદી. ઉપેન્દ્ર ત્રિવેદીનું વતન ઈડર તાલુકાનું કુકડીયા ગામ. એમનો જન્મ તા. ૧૪-૭-૧૯૩૭ના રોજ ઈન્દોરમાં થયો હતો. સરકારે એમનો સને ૧૯૮૯માં 'પદમશ્રી'ના એવોર્ડથી નવાજ્યા હતા. અભિનયમાં એવું કાઠું કાઢ્યું



કે તેઓ 'અભિનય સમ્રાટ' તરીકે ઓળખાયા. તેઓ ૭૫ જેટલા નાટકોમાં અને ૧૨૫ જેટલાં ગુજરાતી ચલચિત્રોમાં એકટર, ડાયરેક્ટર, પ્રોડ્યુસર અને લેખક તરીકેની કામગીરી બજાવીને રાજ્યના ૨૧ જેટલા એવોર્ડ મેળવેલા છે. તેઓને રાજ્ય સરકારનો સર્વોચ્ચ 'પંડિત ઓમકારનાથ' ઠાકુર એવોર્ડ મળેલો છે. ઈ.સ. ૧૯૮૬થી ૧૯૮૯ના ગાળામાં ગુજરાત સરકારે 'ગુજરાત ફિલ્મ ડેવલોપમેન્ટ કોર્પોરેશન'ના ચેરમેન તરીકે નિયુક્તિ કરેલી. ગુજરાત વિધાનસભામાં ૧૯૮૪, ૧૯૮૯ અને ૧૯૯૮માં એમ ત્રણ વાર ભિલોડા મત વિસ્તારમાંથી ચૂંટાયા હતા. તેઓશ્રીને ૧૯૯૨-૯૪ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારમાં માહિતી અને સાંસ્કૃતિક વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવાઓ આપેલી છે. ઈ.સ. ૨૦૦૦માં ગુજરાત વિધાન સભાના ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટાયા હતા. ફિલ્મી સ્ટુડીયોના અભ્યાસ અર્થે સમગ્ર યુરોપ અને દુર પૂર્વના દેશોનો પ્રવાસ કર્યો.

દર્શકની 'ઝેર તો પીધા જાણી જાણી' અને મેઘાણીની 'વેવિશાળ' નવલકથા પરથી ડ્રામા નાટક સ્ટેજ કરી પ્રસિદ્ધિ પામ્યા હતા. તેઓએ ગૌરવ પુરસ્કાર, દાદા સાહેબ ફાળકે એકેડેમીનો 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' જેવા એવોર્ડથી સાબરકાંઠા અને ગુજરાતને અપૂર્વ નામના અપાવી છે. પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા નવલકથા 'માનવીની ભવાઈ' પરથી ગુજરાતી ફિલ્મ બનાવી નેશનલ એવોર્ડ મેળવેલો છે. આ ફિલ્મમાં તેઓશ્રીએ પ્રોડ્યુસર, ડાયરેક્ટર અને ખુદ એક્ટર તરીકેની ભૂમિકા અદા કરેલી છે. તેઓશ્રીની અન્ય મહત્ત્વની ફિલ્મોમાં જેસલ-તોરલ, રાજા ભરથરી, હોથલ પદમણી, ભાદર તારા વહેતા પાણી, ભ્રષ્ટાચાર મુર્દાબાદ વગેરેનો સમાવેશ થાય છે.

ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા અને ત્રીજી શીફટ પાળીમાં કામ કરતી વ્યક્તિ આપબળે કઠોર પરિશ્રમ અને સ્વકીય સુઝથી 'પદ્મશ્રી'નો એવોર્ડ મેળવે, 'અભિનય સમ્રાટ' તરીકે ગુજરાતના પ્રત્યેક ઘરમાં નામ ગુજતું થાય એ તેમની અપૂર્વ સિદ્ધિ છે.

**લોકજીવન : રહેણી-કરણી પહેરવેશ :** જિલ્લાની કુદરતી ખોળે વસતા વનવાસી આદિજાતિના લોકોની આગવી સંસ્કૃતિ, રીતરિવાજ, આભૂષણો અને ઉત્સવો ઓળખ ધરાવે છે. સરકાર દ્વારા આદિજાતિ વિસ્તાર તથા આદિજાતિ લોકોના નબળા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રના ઉત્કર્ષ માટે સંકલિત આદિજાતિ કલ્યાણ યોજના હેઠળ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેના થકી આદિજાતિ લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ તરફ ડગ માંડી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓના બહુધા વિસ્તારમાં આદિવાસી લોકો રહે છે. અરવલ્લીની ગિરિમાળાઓમાં વસવાટ કરતા આ લોકો સ્વતંત્ર સ્વભાવના, ખમીરવંતા, ડુંગરી ભીલો, ભીલ, ગરાસિયા, ડુંગરી ગરાસિયા મુખ્ય જાતિઓમાંના છે. જેમાં પણ નિનામા, બામણિયા, રાઠોડ, બળેવિયા, ખરાડી, ચૌહાણ, મડિયા, સુવેરા, પારઘી, અસારી, ડામોર, કલાસ્વા, કટારા, જોષિયારા, ગડસા, ભરાડા, ખાણમા, પલાસ, ગોપાત, તવિયાર, પરમાર, મકવાણા, ગમાર, ડાભી જેવી અલગ અલગ અટકો ધરાવે છે. આ જાતિઓને અનુસુચિત જનજાતિઓ તરીકે જાહેર કરેલા છે.

આદિવાસી લોકો સામાન્ય રીતે પોતાના ખેતરમાં ઝૂંપડામાં આવાસ બનાવીને છુટાછવાયા રહે છે. ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલો ઝૂંપડાને ખોલરું કહે છે. જે ઊંચી જગ્યાએ બાંધવામાં આવે છે. લગ્ન કર્યા બાદ સંયુક્ત કુટુંબથી અલગ રહેવા માટે આવું ખોલરું બાંધવામાં આવે છે. જેની ચારે બાજુ કાંટાળી વાડ અવશ્ય જોવા મળે છે. પ્રવેશ દ્વારની ઝાંપલીને સજાવવામાં આવે છે. આદિવાસી પહેરવેશ અને પોશાકમાં પૂરતા વસ્ત્રો પહેરે છે. ૧૬ હાથનો ચાણિયો એ ડુંગરી ભીલ સ્ત્રીના પહેરવેશની વિશિષ્ટતા છે. સ્ત્રીના આભૂષણો મુખ્યત્વે ચાંદી, પિત્તળ, કાચનાઊ હોય છે. પગના આભૂષણોને કડલાં અને છડા કહે છે જે ચાંદીના હોય છે પગની આંગળીએ એલ્યુમિનિયમ, પિત્તળ કે ચાંદીની વીટીંઓ પહેરે છે. તેને ચગોઠીઆ કહેવામાં આવે છે. હાથે ચાંદીના કે હાથીદાંતના સુર બલૈયાં પહેરે છે. આ ઉપરાંત કાચની કાવરીઓ, બંગડીઓ પહેરે છે. ગળામાં વરલો ને હાંસડી પહેરે છે. જે ચાંદીની બનાવેલી હોય છે. નજર ન લાગે તે માટે ગળામાં કાળા રંગનો દોરો પહેરે છે. નાકમાં ચાંદીની કે પિત્તળની સનોરી પહેરે છે. આંખમાં મેંશ આંજવાનો રિવાજ હજુ પણ ચાલે છે.

આદિવાસી લોકો જાત જાતના અને ભાતભાતના ઓજારો રાખે છે. તીરકામઠું તો અવશ્ય જોવા મળે જ. કટારી, પાણીદાર અને ધારવાળી તલવાર જેની કાળા મ્યાનની ટોચને ચાંદીથી મઢવામાં આવે છે.



**પ્રવાસન :** સુંદર પર્યટન સ્થળો વિશેષતાઓથી ભરપુર એવા આ જિલ્લામાં મહદ્અંશે આદિજાતિ વસ્તી ધરાવે છે. જંગલો, નદીઓ, પર્વતો, તળાવ, વિજયનગરની પૌરાણિક પોળ, સ્થાપત્ય વગેરે બહુમૂલ્ય વારસા સમાન છે.

**અભાપુર શિલ્પ- સ્થાપત્યો :**

સાબરકાંઠા જિલ્લાના ગાઢ જંગલોથી આચ્છાદિત વિજયનગર તાલુકામાં પર્વતોની હારમાળા વચ્ચે આભાપુરનાં શિલ્પ-સ્થાપત્યો વર્ષોથી પોતાની આગવી અસ્મિતા જાળવીને બેઠાં છે.પ્રત્યેક ગુજરાતી એ આ સ્થાપત્યોનાં વૈભવ અને વારસાથી અવગત થવું જ પડે તેવાં પ્રાચીન સ્થાપત્યો મિશાલ સમાન છે.



સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં હરણાવ નદીને કાંઠે કેટલાક ઐતિહાસિક સ્મારકો અડીખમ ઉભેલાં છે. પુરાતત્વ ખાતાએ પણ અભ્યાસે એ હકીકત પ્રતિપાદિત કરી છે કે આ ભવ્ય સ્મારકો હિન્દુ અને જૈન ધર્મના છે. અંદાજે પાંચસોથી હજાર વર્ષ પુરાણાં છે. આ સ્મારકોની આજુબાજુનું વાતાવરણ પર્વત, નદી અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ વચ્ચે નિર્માણ થયેલું હોઈ, તેની ભવ્યતા પુરાતત્વીય કાળમાં કેવી હશે તેનો ખ્યાલ આવી શકે તેમ છે. અત્રે જૈન મંદિરના ભગ્ન અવશેષો પાસે વૃક્ષ પરથી પાંદડુ નીચે પડે તો તેનો સંગીતમાં અવાજ સંભળાય તેવી નીરવ શાંતિનો અહેસાસ કરાવે તેવી પ્રકૃતિની ભરમાળ છે. પ્રાચીન સમયમાં અભાપુરના આ શિલ્પ : સ્થાપત્યો પોળોનાં જંગલ તરીકે ઓળખાતાં અભાપુર મુકામે શારણેશ્વર મંદિર, શિવશક્તિ મંદિર, કુંડ ત્રણ જૈન મંદિરો છે. ઈડરથી ઈશાન ખૂણામાં ખેડબ્રહ્મા- અંબાજી માર્ગ ઉપર હરણાવ નદીના કાંઠાથી શરૂ કરીને પોળોની પ્રસિદ્ધ ડુંગરની ધારીમાં દસ કિ.મી. સુધીમાં જંગલ વિસ્તાર પથરાયેલો છે.

અહીં પ્રાચીન સમયમાં એક આખી નગરી સ્થપાયેલી હશે એમ માનવું જ રહ્યું. ભૂતકાળમાં ઈડરમાં મોગલ સામ્રાજ્યના કારણે જૈન અને હિન્દુ સંસ્કૃતિનનું રક્ષણ કરવામાં આવાં સ્થાપત્યો અસ્ત થયાં હશે. અભાપુરના સ્મારકો નજરોનજર જોઈએ તો, ક્યાંક એકલદોકલ તો ક્યાંક સમૂહમાં પથરાયેલાં છે. લાખેલા જૈન મંદિરથી ઓળખાતાં ત્રણ જૈન મંદિરો જોતાં તે વિશાળ વ્યાપ ધરાતાં પશ્ચિમાભિમુખ છે. આ મંદિરો હાલ ખંડીત હોવા છતાં ગર્ભગૃહના ઝરૂખાની રચનાનું વિશેષ આકર્ષણ તેની પથ્થરની જાળીઓ છે. જેમાં મોગલ કાળના સ્થાપત્યની ઝાંખી થાય છે. આ જાળીઓમાંના પુષ્પો, પંખીઓ, સાપ, નૃત્યાંગના જેવી અલંકાર જોવા જેવા છે. મંડપના પ્રવેશદ્વારે તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અને ઉદ્મ્ભરની પ્રતિમા બન્ને છેડે કુબેર તથા કીર્તિપુલની પ્રતિમાઓ છે જે જૈન અને હિન્દુ સંસ્કૃતિના સુભગ સમન્વયનો અહેસાસ કરાવે છે. આ મંદિર ૧૫મી સદીનું હોવાનું મનાય છે. જ્યારે ત્રીજા જૈન મંદિરનું બાંધકામ ઈંટ અને પથ્થરનું મિશ્ર છે. મંડપની મુખે ભગવાન ઈન્દ્રને રક્ષકદેવ તરીકે દર્શાવાયા છે, તેની શાખ ઉપરનું યાક્ષિણીઓનું શિલ્પાંકન ધ્યાનાકર્ષક છે. મંદિરના મંડોવરમાં અંબિકા, ચંદ્રેશ્વરી, પદમાવતી વગેરે યક્ષિણીઓ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ગર્ભગૃહથી શિખર સુધીનો ભાગ રક્ષાયેલો છે.

અભાપુરનું અનેરું આકર્ષણ શારણેશ્વર મંદિર પણ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. તેનું ગર્ભગૃહ અંતરાલ, પ્રદક્ષિણા પથ, સભા મંડપ અને શ્રૃંગાર ચોકી જેવા અંગો ધરાવતું આ સાંધાર પ્રકારનું મંદિર છે. મંદિર ઉપર ભૈરવ, બ્રહ્મા, સરસ્વતી, અપ્સરા, ઈન્દ્ર, શિવ, પાર્વતી, વિષ્ણુ જેવાં દેવી-દેવતાઓના શિલ્પાંકનો છે. અહીં વામનસ્તંભ, ભોગાસન, હંસાવતી તથા નરથરના અંકનો અંકિત થયેલાં છે. અભાપુરમાં શિવ-શક્તિનું મંદિર પણ પુરાતન છે. આ મંદિરમાં સૂર્ય, વામન, ગણેશ, ભૈરવ, પાર્વતી વગેરેનાં શિલ્પાંકનો છે. મંદિરનો પ્રવેશસ્તંભ મિશ્ર ઘાટનો છે. તેની પીઠ મંડોવર અને શિખર અંગોથી વિભૂષિત છે. મંદિર પાસેના કુંડ







પણ તે કાળના શિલ્પકલાના પ્રાચીન વારસાનો પરિચય આપે છે.

અભાપુરના આ પુરાતન મંદિરો જૈન અને હિન્દુ સંસ્કૃતિના સમન્વય સમાન આજે પણ અડીખમ ઉભાં છે. આ સ્થાપત્ય સોલંકી કાળના મનાય છે. અન્ય આવાં સ્થાપત્યોની સરખામણીમાં અભાપુર સ્થાપત્યમાં પથ્થરોની સાથે ઈંટોનો પણ ઉપયોગ થયેલો હોઈ, કાળક્રમે વહેલાં લુપ્ત થયાં હશે તેમ પુરાતત્વ ખાતાનું માનવું છે. અવશેષો આપણા ભવ્ય પુરાતન વારસાની સાક્ષીરૂપે આજે પણ ઉભાં છે. વર્ષભર સહેલાણીઓ આ ભવ્ય વારસાની ઝાંખી નિખરવા આવે છે.

**રોડાના મંદિર :** સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર શહેરથી ૧૫ કિ.મી.ના અંતરે પૂર્વ દિશાએ રાયસીંગપુર (રોડા) ગામના સીમાડામાં પ્રાચીન અવશેષો ધરાવતું પૂર્વ ચાલુક્ય શૈલીનું સાત મંદિરોના સમૂહનું પ્રાચીન સ્થાપત્ય આવેલું છે. આ સ્થાપત્યમાં સ્તંભો, દરવાજા, કમાનો તેમજ દીવાલો ઉપર ઉપસાવેલી ભાતવાળી કિનારો આવેલી છે. આ મંદિરનું નિર્માણ સાતમી અને નવમી સદીની વચ્ચે થયું હોવાનું કહેવાય છે. આ મંદિરો પૈકી બે મંદિરો અને કુંડ નાશ પામેલા છે અને ગણેશ તથા વિષ્ણુની બે પ્રતિમાઓ હયાત છે. પરંતુ શિવ અને સુર્યની બે પ્રતિમા હયાત નથી. આ મંદિરો પૈકીનું જુનું મંદિર અદ્વિતિય અને અજોડ છે. તે પશુ-પક્ષીના મંદિર તરીકે ઓળખાય છે. કારણ કે તેમાં તેના ઉપર સુશોભન કરેલી ધાતુની તક્તીમાં દેવ કે દેવીની જગ્યાએ પ્રાણીઓ અને પક્ષીઓના આકાર કોતરેલા છે.

કદાચ પક્ષીઓનું મંદિર ભારતભરમાં આ એક માત્ર હશે. આ સ્થળો પુરાતત્વિય અગત્યતા ધરાવતા હોઈ ભારત સરકારના પુરાતત્વ ખાતા હસ્તક આવેલાં છે.

**નાના અંબાજી, ખેડબ્રહ્મા :** અરવલ્લી ગિરિકંદરાઓ વચ્ચે ઘેરાયેલો આ સાબરકાંઠા જિલ્લો એકવાર અવશ્ય નીરખવા જેવો છે. અહીં ખેડબ્રહ્મા ખાતે મા અંબાજીનું મંદિર આવેલું છે. રંભ અને કરંભ નામના દૈત્યો કશ્યપ મુનિને ત્યાં અવતર્યા હતા અને બન્ને અસુરો મહા બળવાન હતા. આ અસુરો સંતાનહીન હતા. સંતાન માટે તેઓએ ખૂબજ તપશ્ચર્યા કરી હતી અને એક વાર કરંભ દૈત્યે પંચનદ પ્રદેશના જળ વિસ્તારમાં જઈ ત્યાં જળમાં તપ કરવા માંડ્યું. આથી તેના તપના બળથી દેવરાજ ઈન્દ્રને ગભરામણ થઈ અને ઈન્દ્રે આ વિસ્તારના જળ પ્રદેશમાં મગરનું રૂપ લઈને કરંભનો નાશ કર્યો. કરંભનો નાશ થયાનું જાણતાં જ રંભ ભારે ક્રોધિત થયો અને તેણે પોતાનું મસ્તક હોમવાનો નિશ્ચય કર્યો. જ્યાં, તે પોતાનું મસ્તક હોમવા જાય છે ત્યાં જ બ્રહ્માજીએ પ્રગટ થઈને તેને ઈચ્છિત વરદાન માંગવાનું કહ્યું અને રંભે ત્રિલોકને જીતનાર મહા બળવાન પુત્રની માંગણી કરી, રંભના મહા બળવાન પુત્ર તરીકે મહિસાસુરનો જન્મ થયો જે પોતાના અતુલ્ય બળથી સમગ્ર ત્રિલોકને રંજાડતો હતો. આખરે દેવો, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને શરણે ગયા અને આ ત્રિદેવના તેજમાંથી મા અંબાજીનું પ્રાગટ્ય થયું. જે અત્યંત તેજસ્વી, શક્તિશાળી અને અતુલ્ય બળશાળી હતાં અને તેમણે મહિષાસુરનો નાશ કર્યો. આથી તેઓ મહિષાસુર મર્દિની પણ કહેવાયાં અને દેવો આ બનાવ જાણી હર્ષિત થયા. મા અંબાજીનું સ્થાન ઘણું જ પુરાતન છે. આ સ્થાન ષષ્ટકોણ ક્ષેત્ર મુજબ પ્રસ્થાપિત થયેલું છે. આ સ્થાનની ચારે દિશાઓમાં ધર્મસ્થાનો આવેલાં છે. પૂર્વ દિશામાં શંખેશ્વર મહાદેવ, દક્ષિણ દિશામાં શ્રીરજંબા માતા તથા બ્રહ્માજીનાં મંદિરો, પશ્ચિમે ચામુંડા માતા તથા કોટેશ્વર મહાદેવનાં મંદિરો છે. માતાજીનું મંદિર ખેડબ્રહ્મા ખાતે ઉત્તર દિશામાં ઉત્તરાભિમુખ યંત્રાકારે છે. પીઠ ઉપર પ્રાચીન યંત્ર ગોઠવેલું છે. યંત્રના સ્વરૂપે માતાજી તેજ સ્વરૂપે છે. પાછળ ગોખ છે ત્યાં માતાજી બિરાજે છે.

**લોકમેળાઓ અને ઉત્સવ :** સાબરકાંઠા જિલ્લામાં નાના મોટા જુદા જુદા સમયે યોજાતા મેળાઓની સંખ્યા ૧૧૨ જેટલી છે. જિલ્લામાં યોજાતા મેળાઓ પૈકી ઐતિહાસિક અને સામાજિક દ્રષ્ટિએ મહત્ત્વના કેટલાક મેળાઓ છે. જેમાં શામળાજીનો મેળો, ખેડબ્રહ્માનો મેળો, ચિત્ર-વિચિત્રનો મેળો અને જાદરનો મેળો વગેરેનો સમાવેશ થાય છે.

**ગુણભાંખરી :** આનંદ અને ઉત્સાહથી મનોરંજન માણવા લોક સમાજે લોકોત્સવની રચના કરી છે. ગુણભાંખરી ખાતે આવો જ એક અનોખી ભાત પાડતો આદિવાસી સંસ્કૃતિની અમીટ પ્રતિભા ઉપસાવતો લોકમેળો દર વર્ષે ભરાય છે. ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામથી દોઢેક કિ.મી.ના અંતરે ગુણભાંખરી ગામને ગોદરે સાબરમતી,

આકળ, વાકળ નદીઓના ત્રિવેદી સંગમ પરના કિનારા પર ફાગણ વદ અમાસના દિવસે ચિત્ર-વિચિત્રનો મેળો ભરાય છે. યુવાનો, યુવતીઓ, અબાલ વૃદ્ધ સૌ કોઈ વિવિધ પ્રકારના કપડાં અને આભૂષણો ધારણ કરી મેળામાં આવે છે.

ત્રિવેણી સંગમના સ્થળને આદિવાસી લોકો વિરેશ્વર તરીકે પણ ઓળખે છે. કારણ કે અહીં પધરાવવામાં આવેલા અસ્થિ જલદી ઓગળી જાય છે. આ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા મેળામાં સાબરકાંઠા, બનાસકાંઠા તથા રાજસ્થાન રાજ્યના આદિવાસી પ્રજાજનો પણ મેળાની મોજ માણવા આવે છે. ગુજરાત રાજ્યમાં ભરાતા આદિવાસી લોકોના મેળા પૈકી આ સૌથી મોટો મેળો ગણાય છે.

**શામળાજીનો મેળો :** મેશ્વોના તટે આવેલા શામળાજીમાં કારતક સુદ અગિયારસ અને માગસર સુદ બીજના દિવસે શામળાજી ગદાધરનો મેળો ભરાય છે. મેળો અગિયાર દિવસ સુધી ચાલે છે. ગમે તેટલે દુરથી ય આદિવાસીઓ આ મેળામાં આવે છે ને સામસામા મળતા હાથ જોડીને કે હાથ મિલાવીને અમુક પ્રકારે હાથને છાતી અને આંખ પાછળ લઈ જવાની વિધી કરી જય શામળાજીનું સામસામા ઉચ્ચારણ કરે છે. મેળામાં ચગડોળ, સરકસ, સિનેમા, નાટકો, જાદુના ખેલ, ખેતી, ઢોર, ખાદી ગ્રામોદ્યોગોના પ્રદર્શનો, કાપડ, માટીના વાસણો, ઘરેણા, ટોપલા, દોરડા, લાકડાની ચીજો તથા આદિવાસીઓની ઘરવપરાશી ચીજવસ્તુઓની દુકાનો જોવા મળે છે. અહીં આદુ રંતાળુ અને શેરડી ખૂબ વેચાણમાં આવે છે અને મેળામાં આદિવાસીઓ પોતાની આગવી પરંપરા મુજબ રૂઢિગત માન્યતાઓ / ડાકણ વળગાડ ભૂતપ્રેત વગેરેની અસર હોવાની માન્યતાઓ ધરાવી કુંડમાં સ્નાન અને સરાવવાની વિધિ કરે છે.

**કુદરતી જળ સંપત્તિ :** જિલ્લામાં સાબરમતી, હાથમતી, માઝૂમ, વાત્રક, હરણાવ અને ખારી નદી મળી કુલ ૦૭ મુખ્ય નદીઓ વહે છે.. મોટાભાગની નદીઓ અરવલ્લીની ગિરિમાળાઓમાંથી નીકળીને સાબરકાંઠામાંથી પસાર થઈ સાબરમતી નદીને મળે છે. સાબરમતી નદી ઉત્તરથી દક્ષિણ જિલ્લાની પશ્ચિમ સરહદ ઉપર વહે છે. જ્યારે બાકીની નદીઓનો પ્રવાહ ઈશાનથી વાયવ્ય સરહદનો છે. આ ઉપરાંત ઈન્દ્રાસી, સુઈ, ગુહાઈ, વેકણ, ડેભોલ, સાકરી, ભેકાઈ, બુઢેલી, કાસંબી અને વરણાસી નામની નદીઓનો પ્રવાહ પણ વહે છે. જિલ્લાની મોટા ભાગની નદીઓનો પ્રવાહ ઉનાળામાં સુકાઈ જાય છે. હાથમતી, મેશ્વો, માઝુમ, હરણાવ, ગુહાઈ નદીઓના પાણી જળબંધ કે આડબંધ દ્વારા રોકી પાણીનો મર્યાદિત પ્રમાણમાં સિંચાઈ માટે ઉપયોગમાં લેવાય છે.

**બાલુંદ્રા :** અહીં શિવના અવતાર તરીકે પુજાતા કાલ ભૈરવનું ગુજરાતનું એકમાત્ર શિખરબદ્ધ ઐતિહાસિક મંદિર છે.

**અકોદરા :** હિંમતનગર તાલુકાના આ ગામમાં ૪થી મે, ૧૯૧૧ના રોજ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની પ્રથમ એનિમલ હોસ્પિટલનો પ્રારંભ કરાવ્યો હતો.

**હિંમતનગર :** હિંમતનગર જુનું નામ અહમદનગર છે. હાથમતિ નદીના કિનારે આવેલું આ શહેર સુલતાન નસીરૂદ્દીન અહેમદશાહ પહેલાએ વસાવ્યું હતું. સમય જતાં રાજા હિંમતસિંહજીના નામ પરથી આ નગરનું નામ હિંમતનગર પડ્યું. અહીં રાજમહેલ, કાજીવાવ અને જામા મસ્જિદ જોવાલાયક છે. અહીં સાબર ડેરી છે.

**ઈડર :** ચારેયબાજુ ખડકોની હારમાળા અને ડુંગરાઓથી ઘેરાયેલું ઈડર ગામમાં ૩૧૯ મીટર ઊંચી ટેકરી પર આવેલો વેણીવત્સલા રાજાએ બંધાવેલો ઈડરીયો ગઢ અને રૂડી રાણીનું માળિયું નામનો મહેલ જોવાલાયક છે. ગઢમાં મંદિરો અને વાવ છે. આ શહેર લાકડાંના રમકડાં માટે જાણીતું છે.

**વડાલી :** ઈ.સ. ૧૨૦૮, ૧૨૧૯ અને ૧૨૭૩ના શિલાલેખો અહીં મળી આવ્યા છે.

**ખેડબ્રહ્મા :** અહીં ચતુર્ભૂજ બ્રહ્માજીના મંદિરના કારણે આ નગર ખેડબ્રહ્મા કહેવાયું. આ નગર હરણાવ નદીના કિનારે વસેલું છે. ૧૭મી સદીમાં બંધાયેલું અહીં અંબાજી માતાજીનું મંદિર છે. જે ‘‘નાના અંબાજી’’ તરીકે પ્રસિદ્ધ છે. સમગ્ર ભારતમાં બ્રહ્માજીના બે જ મંદિર છે. રાજસ્થાનના પુષ્કરમાં અને ગુજરાતના ખેડબ્રહ્મામાં.

**પ્રાંતિજ :** અહીં ખડાયતા બ્રાહ્મણોના ઈષ્ટદેવ કોટયર્ક પ્રભુની ચતુર્ભૂજ પ્રતિમા છે. અહીં બ્રાહ્મણોની સાત કુળદેવીઓનાં મંદિરો પણ છે. પ્રાંતિજ પાસેથી કર્કવૃત પસાર થાય છે.

**પોળો :** અહીં અનુમૈત્રક કાળમાં બંધાયેલાં જૈનોનાં પ્રાચીન મંદિરો છે.

**પોશીના :** અહીં શ્વેતાંબર જૈનોના ચાર પ્રસિદ્ધ, મંદિરો છે. સાબરમતિ, આકુળ અને વ્યાકુળ નદીનો અહીં સંગમ થાય છે. સંગમ સ્થળે હોળીના બે અઠવાડિયા પછી આદિવાસીઓનો ચિત્ર-વિચિત્રનો મેળો ભરાય છે. ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય હસ્તિનાપુરના શાંતનું રાજાના પુત્રો હતા.

**સપ્તેશ્વર :** અહીં સાબરમતી નદીના કિનારે સપ્તેશ્વર મહાદેવનું મંદિર જાણીતું છે.

# સૂરત જિલ્લો







ભ રૂ ચ
ન ર્મ દા
ત
તા પી
ન વ સા રી
ડાંગ
મહારાષ્ટ્ર
સુરત
નવસારી
બારડોલી
વ્યારા
સોનગઢ
માંડવી
મહુવા
ખંભાત નો અખાત

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **સૂરત** |
| વડુમથક | : | સૂરત |
| સ્થાપના | : | ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે સૂરત જિલ્લાની રચના કરવામાં આવી હતી. |
| કુલ ક્ષેત્રફળ | : | ૪૫૪૯ ચો. કિ.મી. |
| ભૌગોલિક સ્થિતિ | : | ઉ.અ.૨૦.૧૫ થી ૨૧.૩૦, પુ.રે.૭૨.૩૮ થી ૭૪.૦૦ |
| વસતિ | : | કુલ : ૬૦૮૧૩૨૨, પુરુષ : ૩૪૦૨૨૨૪, સ્ત્રી : ૨૬૭૯૦૯૮<br>બાળકો : ૭૩,૬૨,૮૬ |
| જાતિ પ્રમાણ | : | દર ૧૦૦૦ પુરુષોએ ૭૮૭ સ્ત્રીઓ |
| તાલુકા | : | ૧૦ (૧) સૂરત સિટી, (૨) ચોર્યાસી, (૩) ઓલપાડ, (૪) કામરેજ, (૫) માંગરોળ, (૬) માંડવી, (૭) ઉમરપાડા, (૮) બારડોલી, (૯) મહુવા, (૧૦) પલસાણા |
| ગામો | : | ૭૨૫ |
| મુખ્ય વ્યવસાય | : | ખેતી, જરી, હીરા અને ટેક્ષ્ટાઈલ |
| પૂરક વ્યવસાય | : | પશુપાલન, ખેતી |
| પાકો | : | ડાંગર, શેરડી, કેળ, જુવાર, કપાસ<br>મુખ્યપાકો : શેરડી, કેળા<br>રોકડિયા : શાકભાજી, ફળો |
| પરંપરાગત | : | જરીકામ |
| તેલિબિયાં | : | મગફળી-એરંડા |
| ઉદ્યોગો | : | ૮૪૯ (મોટા) |
| ગૃહઉદ્યોગો | : | ૯૪૫૬ (નાના પાયાના) |
| મુખ્ય ખનિજ | : | લિગ્નાઈટ, લાઈમસ્ટોન, ફાયર કલે, જિપ્સમ, ચિનાઈ માટી, ખનિજ તેલ અને કુદરતી વાયુ |
| જમીનનો પ્રકાર | : | જમીન હલકી, છીછરીથી માંડીને ભારે કાળી,<br>ઉપજાઉ : ૩૨,૭૨૯૬, બિન ઉપજાઉ:-૧૦૧૬૭, પડતર : ૧૦,૭૭૭ |
| આબોહવા | : | સમઘાત |
| સરેરાશ વરસાદ | : | ૬૦ થી ૬૫ ઈંચ |
| જંગલો | : | કુલ જંગલ વિસ્તારઃ ૩૬૬૮૦ (૬૪૧.૮૧ ચો.કિ.મી.) |
| વનસંપદા | : | સાગ, વાંસ, સીસમ |
| નદીઓ | : | તાપી, કીમ, મીંઢોળા, પૂર્ણા, અંબિકા |
| બંદરો | : | હજીરા, મગદલ્લા, ડુમસ |
| તળાવો | : | ૨૦૪ |
| જિલ્લાના રસ્તા | : | નવા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૧૩ અને ૪૮ જિલ્લામાંથી પસાર થાય છે. ૩૨૭૦.૩૫ કિલોમીટર લંબાઈ<br>રાષ્ટ્રીય : ૫૬.૨૨ કિ.મી., સ્ટેટ : ૬૧૧.૪૮ કિ.મી.<br>ગ્રામ્ય : ૭૧૭.૧૫ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : | એન્ડ્રુઝ લાયબ્રેરી, ડુમ્મસનો દરિયા કિનારો, શેઠ સોરાબજી જમદેશજી જીજીબાઈ ટ્રેનિંગ સ્કૂલ, સૂરતનું નેચર પાર્ક, સાયન્સ સેન્ટર, બારડોલી સરદાર પટેલ મ્યુઝિયમ |

| | | |
|---|---|---|
| ઐતિહાસિક | : | ગોપી તળાવ, મુગલસરાઈ, કવિ નર્મદનું ઘર, મરજાન શામી અને ખુદાવંદખાનના રોજા, ખ્વાજા દાનાનો રોજો, અંગ્રેજોના કબ્રસ્તાનો, ડચ સિમેટરી, સૂરતનો કિલ્લો |
| ધાર્મિક | : | ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર, પારસી અગિયારી, ત્રણ પાંદડાનો વડ, સ્વામિનારાયણ મંદિર, (માંડવી તાલુકાનું રામેશ્વર મંદિર, વરેઠ),( બારડોલી તાલુકાનું વાઘેચા શિવ મંદિર), ગલતેશ્વર, ગાય પગલાં, અશ્વિનીકુમાર, |
| રેલવે સેવાઓ | : | ૧૪૭ કિ.મી. |
| રાજ્ય પરિવહન સેવા | : | એસ.ટી.ની સવલતો ધરાવતા ગામડા - ૭૨૫ |
| હવાઈ મથક | : | સૂરત, ઉધના, સચિન અને કોસંબા |
| દુધ ઉત્પાદક મંડળીઓ | : | ૫૭૧ |
| બેકીંગ સેવાઓ | : | રાષ્ટ્રીયકૃત બેંકો-૩૪૧, સહકારી બેંકો - ૧૧૧ |
| પોલીસ સેવાઓ | : | પોલીસ થાણા : ૩૬ આઉટપોસ્ટ : ૮૬ |
| યોજાતા લોકમેળા/લોકોત્સવ/ ધાર્મિક તહેવારો | : | ગોળીગઢનો મેળો, કુવાની જાત્રાનો મેળો-મોરા, સિધ્ધનાથ મહાદેવનો મેળો-ઓલપાડ, મોટામિયા બાવાનો મેળો-માંગરોળ, કોઠવાનો મેળો-ભાટકોલ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ માર્કેટ યાર્ડ | : | એક |
| પશુપાલન પ્રવૃતિઓ | : | ગાય, ભેંસ, બકરી, ઘેટું, મરઘાં, બતકાં, બળદ |
| પ્રાથમિક શાળાઓ | : | ૨૩૦૫, માધ્યમિક શાળાઓ - ૭૫૬, કોલેજો - ૧૨૬ |
| યુનિવર્સિટીઓ | : | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એસ.વી.એન.આઈ.ટી, ઓરો યુનિવર્સિટી, ઉકા-તરસાડા યુનિવર્સિટી, પી.પી. સવાણી યુનિવર્સિટી |
| આરોગ્ય સેવાઓ | : | પી.એસ.સી- ૫૭, સી.એસ.સી- ૧૪, સિવિલ- ૧<br>પેટા આરોગ્ય કેન્દ્રો- ૩૫૮,સુરત મ.ન.પા. સંચાલિત સ્મિમેર હોસ્પિટલ |
| જિલ્લાના મહાન સપૂતો | : | સાહિત્યકારોઃ નર્મદ, નંદશંકર મહેતા, નવલરામ પંડયા, જયોતીન્દ્ર દવે, ભગવતીકુમાર શર્મા<br>ચિત્રકાર : વાસુદેવ સ્માર્ત, ઠાકોરભાઈ મિસ્ત્રી<br>ગઝલકાર : ગનીભાઈ દહીવાળા, આસીમ રાંદેરી<br>ફિલ્મ કલાકારો : સંજીવકુમાર, કૃષ્ણકાંત ભૂખણવાલા<br>નાટયક્ષેત્રે : જયોતિભાઈ વૈદ, શ્રી યઝદી કરંજિયા, શ્રી કપિલદેવ શુકલ, વિહંગ મહેતા<br>લેખક : ગુણવંત શાહ<br>મુદ્રણના જનક : ફરદુનજી મર્ઝબાન<br>સમાજ સુધારકો : દુર્ગારામ દવે, નીલકંઠ મહિપતરામ રૂપરામ |
| સિંચાઈ સેવાઓ | : | તાપી નદી પર કાકરાપાર યોજના, નહેરની લંબાઈ ૧૦૨૪ કિ.મી., પાતાળ કુવાઃ- ૯૩૯, સિંચાઈના કુવા - (સહકારી પાકા : ૭૦)(કાચા : ૧૦) |
| રાષ્ટ્રીય-રાજ્ય-ગ્રામ રસ્તાઓ | : | ખાનગી-પાકા ૧૩૦૯૪, કાચા - ૭૬૩ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૧૬ (૧૫૫-ઓલપાડ, ૧૫૬-માંગરોળ, ૧૫૭-માંડવી, ૧૫૮-કામરેજ, ૧૫૯-સૂરત પૂર્વ, ૧૬૦-સૂરત ઉત્તર, ૧૬૧-વરાછા રોડ, ૧૬૨-કારંજ, ૧૬૩-લીંબાયત, ૧૬૪-ઉધના, ૧૬૫-મજૂરા, ૧૬૬-કતારગામ, ૧૬૭-સૂરત પશ્ચિમ, ૧૬૮-ચોર્યાસી, ૧૬૯-બારડોલી, ૧૭૦-મહુવા) |
| લોકસભાની બેઠકો | : | ૨(બે લોકસભાની બેઠકો) બારડોલી-૨૩ અને સૂરત-૨૪ |

| | | |
|---|---|---|
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૩૫ |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૧૭૩ |
| નગરપાલિકાઓ | : | ૪ |
| મહાનગરપાલિકાઓ | : | ૧ (સૂરત મહાનગરપાલિકા) |
| સાક્ષરતાદર | : | ૮૬.૬૫ ટકા (પુરુષ : ૮૯.૫૬ ટકા, સ્ત્રી : ૮૦.૩૭ ટકા) |
| જન્મદર | : | ૧૫.૬ ટકા |
| મૃત્યુદર | : | ૫.૭ ટકા |
| સામાજિક સંસ્થાઓ | : | કુલઃ ૨૭૬ |
| બાળ-વાડીઓ/આંગણવાડીઓ | : | ૨૭૧૫ (ગ્રામ્ય:૧૭૩૩, શહેરઃ- ૧૦૦૪) |
| પાંજરા પોળો | : | ૨૨ |
| ગૌશાળાઓ | : | ૨ - એક પક્ષી હૉસ્પિટલ |
| સખી મંડળો/મહિલા મંડળો | : | જિલ્લામાં ૮૦૦૦ જયારે શહેરમાં ૧૦૦૦ |
| દૈનિકો | : | ૯૫ |
| સાપ્તાહિકો | : | ૧૪૦ |

## સૂરત જિલ્લાનો ઈતિહાસ

સૂરત જિલ્લાનું મુખ્ય મથક સૂરત, મહમ્મુદ પહેલા અને મુઝફ્ફર બીજાના વખતમાં વડાપ્રધાનની પાયરીએ પહોંચેલ નાગર બ્રાહ્મણ ગોપીએ બંધાવ્યાનું કહેવાય છે. હાલના સૂરત જિલ્લા સહિત ગુજરાતનો મધ્યવર્તી પ્રદેશ અશોકના સમય (ઈ.સ.પૂર્વ ૨૭૩-૨૩૬) વખતે મૌર્યોના કબજા હેઠળ રહયો હોવો જોઈએ. અશોકે પશ્ચિમ ભારતમાં કોઇ વિજય મેળવ્યાના હેવાલ નથી. છતાં ગુજરાતના અન્ય ભાગો સાથે સમગ્ર સૂરત જિલ્લો ચંદ્રગુપ્ત મૌર્યે જીત્યો હોવાનો સંભવ છે. આ બાબતે રૂદ્રદામનના ગિરનાર પરના શિલાલેખથી સમર્થન મળે છે.

ચંદ્રગુપ્તે સ્થાપેલા મૌર્ય સામ્રાજય ઓછામાં ઓછુ અશોકના મૃત્યુ સુધી ચાલુ રહ્યું હતું. અશોક પછીનો ઈતિહાસ અસ્પષ્ટ છે. ઈ.સ.૧૨૯૯માં મુસલમાનોએ આખરે ગુજરાત જીત્યું ત્યાં સુધી મૌર્ય વારસદારો કોણ હતા તે નકકી કરવું મુશ્કેલ છે. પારસીઓનો સંજાણમાં વસવાટ પણ આ સમય દરમિયાન થયો. કિસ્સે-ટી-સંજાણ નામના કાવ્ય-વર્ણનના આધારે પારસીઓ ઈરાન છોડીને દીવમાં આવ્યા અને ત્યાં ઓગણીસ વર્ષ રહયા. ૧૭મી સદીના ઉતરાર્ધમાં ફરીથી તેઓ સંજાણ બંદરે ઉતર્યા. સુલતાન મહેમુદ ત્રીજાના અમલ દરમિયાન ઇ.સ.૧૫૪૬માં સૂરતનો કિલ્લો શહેરમાં ફિરંગીઓના હુમલાને રોકવા બાંધવામાં આવ્યો હતો. જેઓએ આ પહેલા સૂરત શહેરને ત્રણ વખત લૂંટયું હતું. ત્યારબાદ ઈ.સ.૧૫૭૩માં સૂરતમાં ૮૫ વર્ષ સુધી જિલ્લામાં ખાસ કરીને સૂરત શહેરમાં મોગલ બાદશાહો, અકબર, જહાંગીર અને શાહજહાંના રાજય દરમિયાન શાંતિ રહી. શાહજહાંના રાજય દરમિયાન સૂરત ભારતના પ્રથમ પંકિતના શહેરો પૈકીનું એક ગણાતું હતું. સૂરતને પોતાની  ટંકશાળ અને સિકકાનું ચલણ હતું.જે દક્ષિણ ગુજરાતમાં છેક ૧૬૮૮ સુધી ચાલ્યું ૧૬૩૩માં અંગ્રેજોએ અને ૧૬૨૦માં વલંદાઓએ સૂરતમાં કોઠી સ્થાપી અને ૧૭૧૯માં ફ્રેન્ચોએ પણ સૂરતમાં કોઠી સ્થાપી હતી..પણ દક્ષિણ હિન્દમાં અંગ્રેજોની ફ્રેન્ચો પર જીત થવાથી આ કોઠીનું બહુ મહત્ત્વ સૂરતના ઈતિહાસમાં ન રહ્યું. હાકેમ સોરાબખાન છેવટે ૧૭૨૫માં સૂરતનો નવાબ બની સ્વતંત્ર થયો. અંગ્રેજોએ સૂરત જીતી લીધું. ત્યાં સુધી સૂરત પર સ્વાતંત્ર્ય નવાબોની સત્તા ચાલતી રહી, ત્યારબાદ સમગ્ર વહીવટીતંત્ર અંગ્રેજોએ સંભાળી લીધું.૧૭૭૨ દરમિયાન સૂરત ભારતમાં વેપાર વાણિજયનું સૌથી મોટા બજારમાંનું એક ગણાતું ત્યાર પછી પરદેશ સાથેનો તેનો મોટા ભાગનો વેપાર વાસ્તવિક રીતે મુંબઈથી થવા લાગતાં વેપારની પડતી થઈ. અંગ્રેજોએ ત્યારબાદ જુદા જુદા કર નાખ્યા અને દમન ગુજાર્યો. સૂરતની જનતાએ એનો વિરોધ કરતા બળપૂર્વક તેઓને દબાવી દેવામાં આવ્યા. ત્યારબાદ ૧૯૪૭ સુધી સૂરત જિલ્લો મુંબઈ ઈલાકાનો ભાગ રહ્યો. ૧૮૮૩માં ભારે પૂરથી, ૧૮૮૯માં ભયંકર આગથી સૂરતને નુકસાન પણ થયું. તાપી પરનો હોપપુલ ૧૮૭૭માં રૂા.૮.૧૩ લાખના ખર્ચે બાંધવામાં આવ્યો. નવેમ્બર ૧૯૫૬માં રાજયોની પુનઃરચના કરવામાં આવી અને વિદર્ભ, મરાઠાવાડા, સૌરાષ્ટ્ર તથા કચ્છના પ્રદેશોથી  બૃહદ દ્વિભાષી મુંબઈ રાજયની રચના





કરવામાં આવી. સૂરત જિલ્લો અમદાવાદ વિભાગના અન્ય જિલ્લાઓ સાથે બૃહદ દ્વિભાષી, છેલ્લે તા. ૧લી મે, ૧૯૬૦ના રોજ મુંબઇ રાજયને ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે અલગ રાજયોમાં વહેંચી દેવામાં આવ્યું. તે તારીખથી સૂરત જિલ્લો ગુજરાત રાજયનો ભાગ બન્યો છે.

## ભૌગોલિક રચના - પરિસ્થિતિ :

ગુજરાત રાજયના દક્ષિણ ભાગમાં આવેલો સૂરત જિલ્લો ૨૦-૧૫ થી ૨૧-૩૦ ઉતર અક્ષાંશ ઉપર અને ૭૨-૩૮ થી ૭૪ પૂર્વ રેખાંશ પર છે. તેની ઉતરમાં ભરૂચ જિલ્લો અને પશ્ચિમમાં ખંભાતનો અખાત છે. તેની દક્ષિણમાં વલસાડ અને ડાંગ જિલ્લો આવેલો છે. જયારે પૂર્વમાં મહારાષ્ટ્રનો પશ્ચિમ ખાનદેશ તથા નાસિક પ્રદેશ અને ગુજરાતનો ડાંગ જિલ્લો છે.

જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૭૬૫૭ ચો.કિ.મી. છે. જે રાજયના કુલ વિસ્તારના ૩.૯૧ ટકા જેટલો થાય છે.

સૂરત જિલ્લાના મુખ્ય બે ભાગો પડે છે. પૂર્વનો ડુંગરાળ વિભાગ તથા તાપીનો ફળદ્રુપ વિભાગમાં કેટલીક જગ્યાએ ગાઢ જંગલો આવેલાં છે. અને સમઘાત હવામાન ધરાવે છે. સમુદ્રથી ઊંચાઇ જોતા સૂરત શહેર ૧૨.૦૦ મીટરની ઊંચાઇએ છે.

તાપી નદીની દક્ષિણમાં તૂટક તૂટક પશ્ચિમ ઘાટના અથવા સહ્યાદ્રિના અવશેષો જોવા મળે છે. સૂરત જિલ્લાના પૂર્વ ભાગમાં તારાપોરનો ડુંગર, અંબિકાનો ડુંગર, સોનગઢનો ડુંગર, ખાડઆંબાનો ડુંગર વગેરે આવેલા છે. ચોરસ આકારમાં ખંભાતના અખાતથી અંદર તરફ ૧૦૦ કિ.મી.ના અંતર સુધી વિસ્તરેલો આ પ્રદેશ નર્મદા અને તાપીના ફળદ્રુપ મેદાનોનો વિસ્તાર છે. જિલ્લાનો સરેરાશ વરસાદ ૧૨૦૦ થી ૧૭૦૦ મી.મી. છે. જે કયારેક અપૂરતો અને અનિયમિત પણ હોય છે.

જિલ્લાની બે મોટી નદીઓ તાપી અને કીમ છે. ઉપરાંત જિલ્લામાંથી વહેતી બીજી મુખ્ય નદીઓ પૂર્ણા, અંબિકા, કરજણ, મીંઢોળા, વેર, ઝાંખરી વગેરે છે. જે પૂર્વથી પશ્ચિમ તરફ વહી અરબી સમુદ્રમાં મળે છે.

## લોકજીવન :

ઉત્સવો, ઉજવણીઓ-જયાફતો અને દિલાવરોની અનોખી નગરી એટલે સૂરત. ફકીરીમાં પણ મોજથી રહેવું, સર્વશ્રેષ્ઠ પકવાન આરોગવા અને દુનિયાભરના તહેવારો- પર્વોને પોતીકા કરી દેવા એ સૂરતીનો સ્વભાવ છે. ચાંદની પડવાની રઢિયાળી રાત્રિએ શીતળ શશીની ચાંદનીમાં કરોડો રૂપિયાની ઘારી ઝાપટી જતી અને મકરસંક્રાતિના પર્વે કરોડો રૂપિયાના પતંગદોરા વડે આસમાનને રોમેન્ટિક બનાવી દેતી આ મોજીલી પ્રજાનો જોટો જડે તેમ નથી. અહી માંજાની ચાહત તો હવે ગુજરાત અને ભારતના સીમાડાઓ વળોટીને વિદેશો સુધી પહોંચી ગઈ છે. સૂરતના ડબગરવાડ અને કોટસફિલ રોડ પર તૈયાર થતો અસ્સલ સૂરતી પેટન્ટ માંજો મેળવવા મુંબઈ, દિલ્હી તેમજ લંડનથી પણ મહિનાઓ પહેલા પતંગરસિયાઓના ઓર્ડરો આવી જાય છે. આજે સૂરતએ મિની ઈન્ડિયા થઈ ચૂકયું છે. દેશના લગભગ તમામ રાજયોમાંથી લોકો અહી આવીને સૂરતી બન્યા છે.

સૂરત  જિલ્લામાં તમામ જ્ઞાતિના લોકો વસે છે. જેમાં ખાસ કરીને માંડવી, બારડોલી, મહુવા, માંગરોળ,ઉમરપાડા તાલુકામાં આદિવાસી લોકો વસે છે. જેમાં ચૌધરી, ગામીત, વસાવા, ઢોડિયા, હળપતિ જાતિના લોકો વસે છે. તેઓની રહેણીકરણી અન્ય જાતિના લોકો કરતાં અલગ તરી આવે છે.

ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓમાં ભીલ, ચૌધરી, ધાનકા, તડવી, તેતરિયા, વળવી, વસાવા, ઢોડિયા,ગામીત, કૂંકણા જેવી જાતિઓમાં વસાવા, ઢોડિયા, ચૌધરી, વારલી, પૂર્વોતર ઈતિહાસમાં મૂળ ભારતીય વંશજો હોવાની માન્યતા છે. વસાવામાં પાડવી, વળવી, નાયક, ધાન, કુણબી જેવી પેટા- જાતિઓ છે.

## વન સંપદા :

સૂરત જિલ્લામાં ઉમરપાડા, માંડવી, માંગરોળ મહુવા, ચોર્યાસી તાલુકાના કૂલ ૪૭૭૩૧.૫૦ હેકટર વિસ્તારમાં વનો આવેલાં છે સૂરત વન વતૃળ વિભાગ દ્વારા રક્ષિત છે. જેમાં ખાસ  કરી સાગ, બહેડા, ઉમરો, તણછ, સીસમ કાંટીવાસ બીલી, આમળા, સાદળ અને આયુર્વેદિક ઉપયોગી એવા વૃક્ષોની જાતો ૪૯ જેટલી થવા જાય છે. વનોની ગૌણ પેદાશો થકી વનોમાં રહેતા લોકોને રોજીરોટી પણ મળી રહે છે. વ્યારા વન વિભાગના કાર્યક્ષેત્રમાં જિલ્લાના મહુવા અને ચોર્યાસી તાલુકાના દરિયાકાંઠાના જંગલોમાં કૂલ ૨૯૬૩.૮૪૨૯ હેકટર વનવિસ્તાર આવેલો છે. ડુમસના દરિયા કિનારે ચેરના વૃક્ષો જોવા મળે છે.

સૂરત અને તાપી જિલ્લાના વનોમાં  મોર સહિત કૂલ ૧૮૩ જાતીના પક્ષીઓ જોવા મળે છે. દિપડા ૬૨,  હરણ ૩૬, ઝરખ ૪૫, શાહુડી ૬૦, વણીપર ૧૦, નોળીયો ૧૨૦૦, મોર ૧૬૦૦,પક્ષીઓ ૧૮૦૦૪ અંદાજિત છે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વન વિસ્તાર વધારવા માટે, વનપર્યાવરણની જાળવણી માટે રસ્તા, નહેર, રેલવેની બન્ને બાજુઓ, ગ્રામવાટિકા, કોતર,તળાવ કાંઠે તથા અન્ય પડતર જમીન મળી કુલ ૩૨૨૯ હેકટર જમીનમાં ૩૨.૨૯ લાખ રોપા ૭૭૭૮ લાભાર્થી ખેડૂતોની જમીનમાં વાવેતર કરવામાં આવ્યું છે. ૧૦ તાલુકાના ૬૮ ગામો પસંદ કરી ૧૦ લાખ જેટલા રોપાઓનું વાવેતર, ૫૬૦૦ લાભાથીર્ઓને ફળાઉ ૧૦ હજાર નંગ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.વનો પરનું ભારણ ઘટાડવા તથા બળતણની બચત માટે ૨૮૭ સૂર્યકૂકર, ૧૦૯૦ નિર્ધૂમ ચૂલા તથા રાહદારીઓ માટે ૧૪ વનકુટીરો બાંધવામાં આવી હતી. રાજપીપળા પશ્ચિમ વન વિભાગ કાર્યક્ષેત્રમાં સૂરત જિલ્લાનો કૂલ ૪૬૪૨૫.૦૧ હેકટર જેટલા જંગલ વિસ્તારમાં કુલ ૧૩૧ વનસમિતિઓના ૧૨૩૮૮ સભ્યો જંગલોનું રક્ષણ કરવામાં મદદરૂપ બનવાની સાથે ૮૪૨ હેકટરમાં વિસ્તારમાં વૃક્ષ વાવેતરનું કામ કરે છે. વન સમિતિઓના સશકિતકરણનું કામ કરવામાં આવે છે.

## કૃષિ :

સૂરત જિલ્લામાં ૧૦૭૨૧૮ જેટલા ખેડૂતો છે. જેઓ ૩૨૭૨૯૬ હેકટર વિસ્તારમાં ખેતી કરે છે. ખેતી ક્ષેત્રે જિલ્લાએ સારું એવું કાઠું કાઢયું છે. શેરડી, જુવાર, તુવેર, શાકભાજી તેમજ બાગાયતી ખેતીમાં સૂરત જિલ્લો અગ્રેસર છે. અનાજનું ૯૯૪૫૪ હેકટર, કઠોળનું ૧૨૦૭૯૪, તેલીબિયાંનું ૧૩૦૨૪ અને અખાધ પાકોનું ૮૬૧૧ હેકટર વિસ્તારમાં વાવેતર થાય છે. બાગાયતી ખેતીમાં જિલ્લામાં ગ્રીન હાઉસો આવેલા છે. જેમાં જરબેરા, ડચરોઝની ખેતી થાય છે. ગુજરાત રાજયમાં સૂરત જિલ્લો રક્ષિત ફુલોની ખેતીમા સૌથી મોખરે છે. જિલ્લામાં અત્યારે ૪૦ જેટલા પોલીહાઉસ ઊભા કરી ડચગુલાબ અને જરબેરાના ફૂલોની ખેતી પોલી હાઉસમાં થાય છે.

સૂરત જિલ્લામાં હાલમાં ૨૦૦ એકરમાં ગ્રીન હાઉસ, નેટહાઉસમાં ખેતી થાય છે. જેમાં ડચરોઝ, જરબેરા જેવા ફૂલો તથા કેપ્સીકમ મરચા ખેતી થાય છે. ગ્રીન હાઉસમાં ફૂલોની ખેતીમાં વધુ આવક આપતા કટ ફલાવર્સ જેવા કે, ડચ ગુલાબ કાર્નેસન, જરબેરા, એન્થુરીયમ તેમજ ઓર્ચિડ જેવી ફૂલોની વિવિધ જાતો ઉગાડવામાં આવે છે. જે પૈકી જરબેરા દિલ્હી, મુંબઇ, જયપુર, ઈન્દોરના બજારમાં વેચાણ અર્થે જાય છે. જયારે ડચ રોઝનું ૪૦ ટકા ઉત્પાદન સ્થાનિક બજારમાં અને ૬૦ ટકા જેટલું ઉત્પાદન વિમાન દ્વારા અન્ય દેશોમાં જાય છે.

## જિલ્લાના મહાન સપૂતો :

**કવિ નર્મદ :** ગુજરાતી ભાષામાં પ્રથમ શબ્દ કોષ, નિબંધ, આત્મકથા લખનારા કવિનું જય જય ગરવી ગુજરાતનું કાવ્ય ઘણું જ પ્રચલિત છે. સુધારાવાદી નર્મદજીએ વિધવા વિવાહ સામે અંધશ્રધ્ધા સામે જંગ ખેલ્યો હતો.મહિલા કેળવણી પર ભાર મૂકયો. ધર્મગુરૂ પણ જો ખોટા હોય તો તેની સામે પણ થતા.પત્રકારત્વ ક્ષેત્રે પણ દાંડિયો નામનું પેપર શરૂ કર્યુ હતું. જન જાગૃતિ માટે ઢોલ નગારા પીટતા એવી અનેકવિધ ખૂબીઓ નર્મદમાં રહેલી હતી.

**ભગવતીકુમાર હરગોંવિદભાઈ શર્મા :** સૂરતની વિશિષ્ટ વ્યકિત,શ્રેષ્ઠ સાહિત્યકાર, પત્રકાર, મિલેનિયમ સાહિત્યકાર એમ બહુવિધ વિશેષ સન્માન મેળવનારા શ્રી ભગવતીકુમાર શર્મા ઈ.સ. ૧૯૫૪ થી સૂરતના ગુજરાતમિત્ર દૈનિકના તંત્રી વિભાગ સાથે સંલગ્ન છે. ૧૯૯૪માં નિવૃતિ બાદ પણ સક્રિય રહયો છે.

**મોહનલાલ વાઘેલા પ્રયાસી :** સાહિત્ય શિક્ષણ પત્રકારત્વ, સમાજ સેવા લેખન-વાંચનની અભિરૂચિ

ધરાવતા શ્રી મોહનલાલે બાળ સાહિત્યમાં યોગદાન બદલ ગિજુભાઈ બધેકા એવોર્ડ મેળવ્યો રોટરી કલબ ઓફ ગેલેક્ષી અને રિવર સાઈડ દ્વારા વોકેશનલ એવોર્ડ મેળવ્યા:

**ડૉ. ગુણવંત શાહ :** ગુણવંત શાહ, વાંચન, મનન, વૃક્ષો સાથે મૈત્રીની અભિરૂચી ધરાવતા. ડૉ. ગુણવંત શાહે રણજીતરામ ચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રક મેળવ્યા છે. ગુજરાત રાજય તરફથી શ્રેષ્ઠ કટાર લેખકનો પ્રથમ એવોર્ડ મેળવ્યો છે. ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ અને હરિ ૐ આશ્રમ તરફથી પણ પારિતોષિક મેળવ્યા છે.

**રવિન્દ્ર મગનલાલ પારેખ :** અનેક વર્તમાનપત્રો, સામયિકોમાં વિવિધ વિષયો પરત્વેના લેખો- કોલમો લખ્યાં છે. રેડિયો, નાટકો, ટી.વી સિરીયલ દ્વારા સમાજ સુધારણાના ઘટના પ્રસંગોનું વિશ્લેષણ કર્યું.

**બકુલેશ રતિલાલ દેસાઈ :** ૧૯૭૫ થી ગઝલ સર્જન કરવાની શરૂઆત કરી. તેમણે બે કાવ્ય સંગ્રહો, વાન્તર-૧૯૮૩માં અને અમીરાત ૧૯૯૯માં પ્રસિધ્ધ કર્યા.

**કૃષ્ણકાંત(કે.કે.) ભૂખણવાલા :** ૧૯૪૩ થી ફિલ્મોમાં અભિનય કરવાની શરૂઆત કરી. ૧૭૦ હિન્દી, ૨ બંગાળી,૧૬ ગુજરાતી અને ૨ અંગ્રેજી, સાત ગુજરાતી નાટક અને એક હિન્દી નાટકની સાથે ગુજરાતી સિરિયલોમાં પણ અભિનય કર્યો હતો.

**યઝદી કરંજીયા :** તેઓને લંડન ચેમ્બર ઓફ કોમર્સની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં આમંત્રણ મળ્યું હતું. ગુજરાત રાજય યુથ બોર્ડના સભ્ય તરીકે સુંદર કામગીરી, યઝદી કરંજીયા નાટયગૃપની રચના કરી ૫૦ વર્ષ પૂરા કર્યા, ૨૫૦ થી વધુ રેડિયો નાટક કર્યા.૧૯૫૮ માં યુનિ. નેશનલ યુથ ફેસ્ટિવલમાં, શ્રેષ્ઠ કમિશનર તરીકે ૧૯૯૪માં ગુજરાત ગૌરવ, સ્વરસાધના રત્ન, નેશનલ થિંકસ તથા વર્લ્ડ ઝો રાષ્ટ્રીય વગેરે એવોર્ડ મેળવ્યા હતા.

**પ્રાચી નિરંજન દેસાઈ :** બેસ્ટ એક્ટ્રેસ તરીકે નામના મેળવી ટી.વી સિરિયલોમાં કામ કર્યુ. સંગીત, નૃત્ય વગેરેમાં પોતાના આત્મવિશ્વાસ બળે સિધ્ધિ હાંસલ કરી. તેણીને ઈન્ડિયન ટેલિ એવોર્ડ, બેસ્ટ એક્ટ્રેસ તરીકેનો કલકત્તા અને જયપુરી એવોર્ડ, સેન્સુઈ ટેલિવિઝન એવોર્ડ, પ્રાઈડ ઓફ ગુજરાત એવોર્ડ ઉજાસ મેગેઝિન તરફથી એવોર્ડ આપવામાં આવ્યા હતા.

**ડૉ. શશિકાંત ગબલદાસ શાહ :** યુવાનોમાં વ્યકિતત્વ વિકાસ અંગે હજારથી વધુ પ્રવચનો આપ્યાં અને ૨૦૦ થી વધુ શિબિરોનું સંચાલન કર્યુ.પ્રસન્ન જીવન પ્રસન્ન પરિવાર પુસ્તકનું ત્રણ વર્ષમાં પાંચમી આવૃતિ બાળ વિકાસની એબીસીડી પ્રસિધ્ધ થયા. માણસ નામે પુસ્તક ક્ષિણજ ગુજરાત મિત્રમાં માણસ નામે ક્ષિતેજે કોલમ સમાજ અને શિક્ષણના ક્ષેત્રે ચાલતી ગતિવિધિઓની સમીક્ષા દ્વારા સમાજ સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરે છે. તેમને ગુજરાતના શ્રેષ્ઠ પત્રકાર તરીકે ૧૯૮૬માં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા કેરિયલ એવોર્ડ એનાયત થયો હતો.

## પ્રવાસન :





**ચિંતામણી દેરાસર :** સૂરતના ચિંતામણી પાશ્વનાર્થ દેરાસરના વિભિન્ન ભાગો ઉત્તમ પ્રકારની બારીક કોતરણી અને કાષ્ઠ શિલ્પોથી સમૃધ્ધ હોઈએ અતિ પ્રસિધ્ધ છે. એમાં પાશ્વનાર્થના અલંકૃત તોરણવાળા ગવાક્ષ, દ્વારશાખ, મદલ વગેરેનો સમાવેશ થાય છે. આ શિલ્પો ૧૬મી સદીના ઉતરાર્ધનાં છે. આ મંદિર ગુજરાતની મુઘલકાલીન કાષ્ઠકલા તથા ચિત્રકલાનો સુંદર નમૂનો પૂરો પાડે છે.

**મુઘલસરાઈ :** હાલ જયાં મહાનગર પાલિકાની મુખ્ય કચેરી આવેલી છે. તે મુઘલસરાઈના નામે ઓળખાય છે. તે ઈ.સ. ૧૦૫૪ (ઈ.સ.૧૬૪૪) માં તે વખતના સૂરતના કિલ્લેદાર ઈશાક બેગ યઝદી ઉર્ફે હકીકતખાને તે મુસાફરો, હાજીઓ, વેપારીઓ, વગેરેની સુવિધા માટે બંધાવ્યું હતું. મોગલ સમયની ઈમારત આજે પણ અડીખમ છે.

**પારસી અગિયારી :** સૂરતના સૈયદપુરા વિસ્તારમાં આવેલી પારસી અગીયારી પારસીઓનું પવિત્ર મંદિર છે. ઈરાનથી આવેલા







પારસી દૂધમાં સાકર ભળે તેમ સારાય હિન્દુસ્તાનમાં ભળી ગયા છે. ભારત અને ગુજરાતના વિકાસમાં આ સમાજનો ફાળો નાનો સૂનો નથી !

**અંગ્રેજોના કબ્રસ્તાનો :** સૂરતથી કતારગામ જવાના રસ્તા પર, કતારગામ દરવાજાની બહાર અંગ્રેજોની કબ્રસ્તાનો આવેલી છે. અહીંની વિદેશી કોઠીઓમાં કામ કરનારા યુરોપીયન અધિકારીઓની કબરો એમાં આવેલી છે.

**નર્મદ લાયબ્રેરી :** સૂરત શહેરના પોશ વિસ્તાર અઠવાલાઈન્સ ખાતે આવેલું કવિ નર્મદ પુસ્તકાલયમાં પુસ્તકો, ડિજીટલ વાંચન સામગ્રી અંધજનો માટે બ્રેઈલ લીપીમાં સાહિત્ય, વિવિધ વિષયના સામયિકો અને દૈનિકપત્રોની વાંચન સામગ્રી વાંચકોને પીરસવામાં આવે છે. અંદાજે રોજના ૨૫૦૦ જેટલા બાળકો વાંચનાલયનો લાભ મેળવે છે.

**એન્ડ્રુઝ લાયબ્રેરી :** સુરતના ચોકબજાર બજાર સ્થિત એન્ડ્રુઝ લાયબ્રેરી અંગ્રેજોના સમયમાં તા.૧-૭-૧૯૫૦થી શરૂ કરવામાં આવી હતી.

**ઈનડોર સ્ટેડિયમ :** સૂરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં રૂા.૨૧ કરોડના ખર્ચે સાકાર થયેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ. સૂરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર થયેલા આ સ્ટેડિયમ ૭૦૦૦ બેઠકોની ક્ષમતા ધરાવે છે. અને દેશભરમાં બીજા નંબરનું વિશાળ વાતાનુકુલિન સુવિધા ધરાવે છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની ઈનડોર રમતો-સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આદર્શ સંકુલ છે.

**ડચ સિમેન્ટ્રી :** સૂરત શહેરમાં કતારગામ દરવાજાની બહાર ડચ સિમેન્ટ્રીઓ આવેલી છે. આ ઈમારતમાં ઉપરના ભાગનાં વીથિકા અને નીચેના ભાગમાં રવેશ કાઢેલાં છે. એના થાંભલાઓ પર ફૂલવેલના મનોહર રૂપાંકન કરેલા છે. મકાનને નકશીકામ વડે સરસ રીતે સજાવેલું છે.

**વલંદાઓની કોઠી :** ઈ.સ.-૧૬૧૬માં તેમને કામચલાઉ કોઠી સ્થાપવા રજા મળેલી, નાવડી ઓવારા પાસે ડચ કોમોડોરનો બંગલો અને તેની સામેના વિસ્તારમાં ડચહાઉસ તરીકે ઓળખાતું મકાન આજે પણ હયાત છે.

**નર્મદનું જુનું ઘર :** ગોપીપુરા આમલીરાન પાસે વીર નર્મદ તથા અર્વાચીનોમાં આદ્યનું બિરુદ પામનારા કવિ નર્મદનું ઘર, અર્વાચીન યુગની સાહિત્યક, સામાજિક એવી કોઈ પ્રવૃતિ બાકી નહી હોય કે જેના મંડાણ નર્મદે ન કર્યા હોય.

**બારડોલી સરદાર પટેલ મ્યુઝિયમ :** ભારતના લોખંડી પુરુષ, સર્વતોમુખી પ્રતિભા ધરાવતા પનોતા પુત્રની સ્મૃતિમાં 'સરદાર મ્યુઝિયમ' બારડોલી ખાતે આવેલું છે. અહી સરદારના બાળપણથી માંડી તેમના અવસાન સુધીના જીવનને લગતી ૫૬૧ તસવીરો અને ચિત્રોના નમુનાઓ ૧૭ ખંડોમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. કેટલાક મહત્ત્વના પ્રસંગોના પૂર્ણ કદના પુતળાઓ આકર્ષક છે.

**સ્વરાજ આશ્રમ –બારડોલી :** સ્વાતંત્ર્ય ચળવળ સમયે મહાત્મા ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈએ અહીંથી દેશની સ્વાતંત્ર્ય ચળવળનો પ્રારંભ કર્યો હતો.

**ગાયના પગલાં :** તાપી નદીના તટે આવેલા દત્ત મંદિરની સ્થાપના કૃષ્ણ અને બલરામે કરી હોવાની લોકવાયકા છે. જેને અનુરૂપ મંદિરના એક ખુણામાં દેરી કરી એમાં બલરામ (હળધર) અને કૃષ્ણની વેણુવાદક સ્વરૂપની આરસ મૂર્તિઓ છે. તાપી પુરાણમાં આ મહાદેવને શંખો દ્વાર મહાદેવ કહ્યાં છે. દત્ત મંદિરની બહાર એક ચિન્હ છે, જે ગાયના પગનું મનાય છે, તેથી આ સ્થાન ગાય પગલાં તરીકે ઓળખાય છે.

**મહુવા વિઘ્નેશ્વર મહાદેવ :** મુસ્લિમ રાજયની સ્થાપના પૂર્વે આ નગરનું નામ શ્રમધપુરી' હતું. એવું કહેવાય છે કે, અહીંનું જૈન મંદિર બે હજાર વર્ષ જૂનું હોવાનું મનાય છે. અને તે દિગંબર જૈનો માટે યાત્રાનું મોટું ધામ છે. આ મંદિરનો જીણોધ્ધાર વિ.સવંત ૧૮૨૭માં થયો હતો. તેનો ઉલ્લેખ કાષ્ટના થાંભલા ઉપર સંસ્કૃત અને માગધી ભાષામાં કોતરેલાં લેખમાંથી મળે છે. શરૂમાં આ મંદિર ચંદ્રપ્રભુ જૈન મંદિર નામે

ઓળખાતું, એવા અનેક વિધ્યવાનો અને ભુટારકોના હસ્તલિપિ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ છે. હાલ આ મંદિર વિધ્ન પાશ્વનાર્થ નામે ઓળખાય છે. અહીં રાત્રિરોકાણ માટે ધર્મશાળા પણ છે.

**સિધ્ધનાથ મહાદેવ (સરસ)** : સિધ્ધ સોમનાથ મહાદેવનું મંદિર ઐતિહાસિક અને પ્રાચીન છે. જે મયુરધ્વજ રાજાના સમયમાં બંધાયેલું હોવાનું મનાય છે. મંદિરના આંગણામાં બાણગંગા નામે ઓળખાતો કૂવો છે. જેને માટે લોકવાયકા છે કે, શ્રી રામે રાવણને હરાવીને લંકાથી પાછા ફરતાં આ કૂવો ખોદાવ્યો હતો. આ સિધ્ધેશ્વરનું લિંગ ગોકર્ણ ઋષિની સમાધિના તેજના સમૂહથી પૃથ્વી ફાડીને ઉત્પન્ન થયું છે. માગશર સુદ-૧૧ ના રોજ બે દિવસનો મેળો ભરાય છે. કહેવાય છે કે, આ મંદિરની શીવલિંગ તળે પાતાળ ગંગા વહે છે. અને આ શીવલિંગમાંથી નીકળતું પવિત્ર જળ ખૂબ મીઠું છે.

**કોઠવા (કીમ)** : સૂરતથી ૩૦ કિ.મી.ના અંતરે અને મુંબઈ-અમદાવાદ રેલમાર્ગ પર કીમ સ્ટેશનેથી ૫ કિ.મી.ના અંતરે આવેલું કોઠવા ગામે હજરત પીર મખદુમ શહીદ બાવનગંજની ધણી પ્રખ્યાત દરગાહ છે. દર ગુરુવારે ગુજરાત ઉપરાંત અન્ય રાજયો મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાનથી લોકો દર્શનાર્થે આવે છે.

**અનાવલ (મહુવા)** : સૂરત થી ૮૦ કિ.મી.ના અંતરે કાવેરી નદીના કિનારે આવેલું અનાવલ ગામમા આવેલું શુકલેશ્વર મહાદેવ, અનાવિલ બ્રાહ્મણોના ઈષ્ટદેવ છે. અહીં શુકલેશ્વર મંદિર ઉપરાંત ઓમકારેશ્વર મહાદેવ, હનુમાન મંદિર (વડની અંદર), મોક્ષમાર્ગી ઓમકારેશ્વર મંદિર વગેરે ધર્મસ્થાનો છે. શુકલેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ માસના છેલ્લા સોમવારે અને ચૈત્રમાં મોક્ષમાર્ગી મેળો ભરાય છે.

**હજીરા** : દક્ષિણ ગુજરાતના હજીરા નજીક આશરે રૂા.૮ હજાર કરોડના ખર્ચે જુદા જુદા ઔદ્યોગિક એકમો આવી રહ્યા છે, જે ગુજરાતની વિકાસની નવી કેડી કંડારશે. આ ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે હજીરા બંદરને વિકસાવવા રૂા.૨૦ કરોડની યોજના હાથ ધરવામાં આવી છે. આ બંદર પર બંદરીય સગવડો ઊભી કરવામાં આવી રહી છે. સૂરત જિલ્લાના હજીરા વિસ્તારમાં મે.લાર્સન એન્ડ ટુબ્રો, કુભકો, મે રિલાયન્સ કંપનીનુ પેટ્રોકેમિકલ સંકુલ તેમજ મે. એસ્સાર સ્ટીલ વગેરે જેવા મોટા પાયાના ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે. આગામી વર્ષોમા હજીરા એ દેશના સૌથી મોટા ઔદ્યોગિક સંકુલ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરે તેવી શકયતાઓ છે.

**સરદાર મ્યુઝિયમ, સૂરત** : સૂરત શહેરના એક અણમોલ રત્નભંડાર સમું 'સરદાર વલ્લભભાઈ સંગ્રહસ્થાન' સને ૧૮૯૦માં તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનકવનના પ્રસંગો, પત્થરના શિલ્પો, હાથીદાંત, સુખડની વસ્તુઓ, તૈલચિત્રો, ટેરાકોટા, વાંજિત્રો, લડાઈના પ્રાચીન શસ્ત્રો, મસાલા ભરેલા પશુઓ સંગ્રહાયેલા છે.

**સૂરત ટેક્ષ્ટાઈલ્સ માર્કેટ** : ટેક્ષટાઈલ્સ નગરી યા સિલ્ક સિટીનું બિરુદ, જેના કારણે મળ્યું છે એવી ટેક્ષટાઈલ માર્કેટ રેલવે સ્ટેશનથી પાંચ મિનિટના અંતરે આવેલી છે. જેમાં કુલ ૧૦૦૦ ઉપરાંત સાડીની દુકાનો આવેલી છે. માર્કેટનું બીજું આકર્ષણ ફરતું રેસ્ટોરાં છે. માર્કેટના હોટેલ બ્લોકના ઉપરના ભાગે આવેલી ફરતી રેસ્ટોરાંમાં ૧૦૦ મહેમાનોને બેસવાની વ્યવસ્થા છે. શહેરનું વિહંગદર્શન રેસ્ટોરાંમાં બેઠા બેઠા માણી શકાય છે.

**સૂરતનું નેચરપાર્ક : (ગુજરાતનું અનોખું સ્થળ બની રહેશે)** : સૂરત શહેરના સર્વે પ્રાકૃતિક પ્રેમી અને સુજ્ઞ નગરજનોના સંપૂર્ણ સહયોગથી સૂરત શહેર વિશ્વભરમાં સુંદર, હરિયાળું અને સ્વચ્છ શહેર તરીકે નામના મેળવી છે. શહેરે ઔદ્યોગિક ઓળખની સાથે નગરજનોની વર્ષોની ઝંખના પરિપૂર્ણ કરવા સરથાણા નજીક ૮૧ એકર વિશાળ જગ્યામાં રૂ. ૧૪ કરોડના ખર્ચે આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી કુદરતી વાતાવરણ વચ્ચે પ્રાકૃતિક ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલય ખુલ્લુ મૂક્યું છે. અનેક ક્ષેત્રે દેશ-દુનિયામાં વખણાતા સૂરતની શોભા સગવડતામાં મહાનગરપાલિકાએ વર્ષો પછી શહેરની ખૂટતી કડીમાં ઉમેરો કર્યો છે.

**મેળાઓ અને ઉત્સવો :** આ વિસ્તારના આદિવાસીઓ દિવાસો, હોળી, દિવાળી, દશેરા, દેવદિવાળી, જેરા તહેવારો ઉત્સાહભેર મનાવે છે.

**આગવી ઓળખ : (સૂરતના લોકો સુરતી લાલા તરીકે પ્રખ્યાત છે)** : સૂરતની આગવી ઓળખમાં કાશીનું મરણ અને સૂરતનું જમણ પ્રખ્યાત કહેવત સાર્થક છે. સૂરતનો પોંક અને ઘારી દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. સાથે બેકરીની ચીજ વસ્તુઓ પણ પ્રખ્યાત છે.

# સુરેન્દ્રનગર જિલ્લો






પા ટ ણ
મ હે સા ણા
ક ચ્છ નું
ના નું ર ણ
ક ચ્છ
ભા
ર
ત
મો ર બી
અ મ દા વા દ
રા જ કો ટ
બો ટા દ
સુરેન્દ્રનગર
ધ્રાંગધ્રા
હળવદ
પાટડી
દસાડા
વીરમગામ
લખતર
વઢવાણ
મૂળી
લીંબડી
ચોટીલા
સાયલા
ચુડા
ધંધુકા
રાણપુર
બોટાદ
બરવાળા
માંડલ

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: સુરેન્દ્રનગર** |
| વડું મથક | : સુરેન્દ્રનગર |
| સ્થાપના | : ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સાથે જ સુરેન્દ્રનગર જિલ્લાની સ્થાપના કરવામાં આવી હતી. |
| પૃથ્વી પર સ્થાન | : ભૌગોલિક - ૨૨.૦૦થી ૨૩.૪૫ ઉત્તર, ૬૯.૪૫થી ૭૨.૧૫ પૂર્વ રેખાંશ |
| સીમા સ્થાન | : જિલ્લાની ઉત્તરે કચ્છનું નાનું રણ, પાટણ અને મહેસાણા જિલ્લા, પૂર્વમાં અમદાવાદ જિલ્લો, દક્ષિણમાં બોટાદ અને રાજકોટ જિલ્લા તથા પશ્ચિમમાં મોરબી જિલ્લો. |
| ક્ષેત્રફળ | : ૧૦,૪૮૯ |
| વસ્તી | : કુલ ૧૫૮૬૩૫૧, પુરુષો : ૮૨૨૩૭૦, સ્ત્રી : ૭૮૩૯૮૧ |
| તાલુકા | : ૧૦ (વઢવાણ, લીંબડી, સાયલા, ચોટીલા, મૂળી, ધ્રાંગધ્રા, દસાડા, લખતર, ચુડા અને થાનગઢ) |
| જાતિ પ્રમાણ | : દર ૧૦૦૦ પુરુષોએ ૯૨૯ સ્ત્રીઓ |
| વસતી ગીચતા | : એક ચો. કિ.મી. દીઠ ૧૭૧ વ્યક્તિઓ |
| કૉમ્યુનિટી સેન્ટરો | : ૩૦૫ |
| ગામો | : ૬૮૭ |
| વારિગૃહો | : ૨૨૫ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી |
| પૂરક વ્યવસાય | : પશુપાલન, મીઠા ઉદ્યોગ, અન્ય ઉદ્યોગ |
| ખેતી પાકો | : મુખ્યપાકો રોકડિયા - કપાસ, બાજરી, ઘઉં, જીરૂ |
| તેલીબિયાં | : મગફળી, તલ, એરંડા |
| મુખ્ય ખનિજ | : ફાયર ક્લે સીલીકા સેન્ડ, મોલ્ડીંગ સેન્ડ, વાઈટ ક્લે |
| ઉદ્યોગો | : કેમિકલ, ધાતુકામ, ચર્મોદ્યોગ |
| ગૃહઉદ્યોગ | : વણાટકામ, રંગકામ, પરંપરાગત - વણાટકામ |
| જમીનનો પ્રકાર | : ઉપજાઉ : ૭૧૦૨૦૦, બિન ઉપજાઉ : ૨૭૭૮૦૦ પડતર : ૫૭૮૦૦ |
| આબોહવા | : સરેરાશ વરસાદ :૮૪૭ મી.મી. |
| જંગલો / વનસંપદા | : ૫૩,૧૦૦ |
| નદીઓ | : ભોગાવો, સુખભાદર, બ્રાહ્મણી, ફલકુ, કંકાવતી, ઉમઈ, રૂપેણ |
| જળાશયો | : ૧૩ |
| તળાવો | : ૬૬૦ |
| સરોવરો | : ચેકડેમો - ૧૧૬૦ |
| ગ્રામ્ય | : ૩૩૦૨ |
| જોવાલાયક સ્થાળો | : ઐતિહાસિક : ૨૨, ધાર્મિક : ૫૨, સાંસ્કૃતિક : ૧ |
| ગેસ્ટ હાઉસ | : સરકારી : ૧૨, ખાનગી : ૩૧ , ધર્મશાળાઓ : ૧૩, ભોજનાલયો-૨૩ |
| રેલવે સેવાઓ | : ૨૪ રેલવેસ્ટેશન |
| રાજ્ય પરિવહન સેવા | : દરરોજ ૧૪૬ બસો |
| વિમાની પરિવહન સેવા | : નીલ |
| પોસ્ટ/ટેલિફોન સેવા | : મુખ્ય પોસ્ટ ઓફિસ:૧, પેટા કચેરી : ૩૪, શાખા પોસ્ટ : ૨૯૩ |

| | |
|---|---|
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૬૬૩(૨૦૧૦-૧૧) |
| હોટલો | : ૨ સ્ટાર, ૩-સ્ટાર, ૪-સ્ટાર, ૫-સ્ટાર |
| બેકિંગ સેવાઓ | : અન્ય બેંક-૧૦૫, ખેતી બેંક-૯, ગ્રામીણ બેંકો-૩૧ |
| પોલીસ સેવાઓ | : ૩૬ પોલીસ સ્ટેશન |
| યોજાતા લોકમેળા/ લોકોત્સવ / ધાર્મિક તહેવારો | : ૩૬ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ / માર્કેટ યાર્ડ | : ૯ |
| ગ્રંથાલયો - વાંચનાલયો | : ૨૦ |
| પશુપાલન પ્રવૃત્તિ | : ગાય, ભેંસ, બકરી, ઘેટા, બળદ, ઘોડા, ઊંટ, ગધેડા |
| અભયારણ્ય | : (૧) ઘુડખર અભયારણ્ય - તા. ધ્રાંગધ્રા, (૨) નળસરોવર પક્ષી અભયારણ્ય-તા. લખતર |
| શૈક્ષણિક સંસ્થાઓ | : પ્રાથમિક શાળાઓ - ૯૯૪, માધ્યમિક શાળાઓ-૨૮૦, કૉલેજો - ૨૫ |
| યુનિવર્સિટીઓ | : ૧ (ડીમ્ડ) |
| આરોગ્ય સેવાઓ | : પીએચસી-૩૧, સીએચસી-૧૧, સિવિલ-૨, પેટા કેન્દ્રો : ૨૦૦, મેડિકલ હોસ્પિટલ : ૦૧ |
| સિંચાઈ સેવાઓ | : નાયકા બંધ અને ધોળીધજા બંધ, થોરીયાળી બંધ, ફલકુ બંધ વગેરે ૧૨ મોટી સિંચાઈ યોજના, ૧૦૭ નાની સિંચાઈ યોજના |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : ૫ (૬૦- દસાડા, ૬૧-લીંબડી, ૬૨-વઢવાણ, ૬૩-ચોટીલા, ૫૪-ધ્રાંગધ્રા) |
| લોકસભાની બેઠકો | : ૧ |
| જિલ્લા પંચાયતોની બેઠકો | : ૩૧ |
| તાલુકા પંચાયતોની બેઠકો | : ૧૬૮ |
| નગરપાલિકાઓ | : ૭ |
| લોકજીવન રહેણીકરણી | : ભાતીગળ લોકજીવન |
| સાક્ષરતા દર | : ૭૩.૧૯ |
| જન્મદર | : ૧૯.૩૪ ટકા |
| મૃત્યુદર | : ૭.૦૦ |
| સેવાભાવી સંસ્થાઓ | : ૧૬ |
| સામાજીક સંસ્થાઓ | : ૩ |
| જીવદયા સંસ્થાઓ | : ૧ |
| બાળ-વાડીઓ/આંગણવાડીઓ | : ૧૫૧૦ |
| પાંજરાપોળ / ગૌશાળાઓ | : ૨૮ |
| સખીમંડળો / મહિલામંડળો | : ૫,૯૮૧ |
| સ્વાતંત્ર્ય સેનાનીઓ | : ૧૬ |
| દૈનિકો | : ૭ |
| સાપ્તાહિકો - માન્ય | : ૧૨૦ |





સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર એટલે સુરેન્દ્રનગર જિલ્લો. સૌરાષ્ટ્રની સીમા અહીંથી શરૂ થાય છે. ૧૯૪૮માં નાના રજવાડાઓનું વિલીનીકરણ થયું ત્યારે સૌરાષ્ટ્રના વઢવાણ, લીંબડી, મૂળી, થાન, લખતર, સાયલા, ચુડા, બજાણા, જૈનાબાદ, આણંદપુર, ચોટીલા, ઝીંઝુવાડા, રાયસાંકળી, ભોયકા, દસાડા-થાણ, વિઠ્ઠલગઢ તથા વણોદનું જોડાણ ભારત વર્ષના ગુજરાતમાં વિલીનીકરણ એટલે સુરેન્દ્રનગર જિલ્લાનો જન્મ.

### ઇતિહાસ

એકમાત્ર મૂળી કે જ્યાં પરમાર રાજપૂતો રાજ કરતા હતા તે સિવાય અહીંના તમામ રજવાડા ઉપર ઝાલાવંશનું શાસન હતું. ૧૦મી સદીથી ૧૯૪૮ સુધી ઝાલાઓનું અહીં રાજ હતું અને એટલે આ પ્રદેશ ઝાલાવાડ તરીકે ઓળખાય છે.

### પ્રાચીન ઇતિહાસ

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા નજીક પ્રાગૈતિહાસિક પથ્થર યુગના સાધનો મળ્યા છે. લીંબડી તાલુકાના રંગપુર ખાતેના ઉત્ખનને તેનો નાતો પ્રોહીસ્ટોરીક યુગ સાથે જોડાયો છે. આ ધરતી ઉપર હડપ્પન અને હડપ્પન પછીની સંસ્કૃતિના અણસાર પણ મળ્યા છે.

આ પ્રદેશ ઉપર આઠમી અને નવમી સદી દરમિયાન છપ વંશનું શાસન હતું જેનું વડું મથક વઢવાણ હતું. ગુજરાત પર સિદ્ધરાજ જયસિંહના શાસન વખતે આ પ્રદેશ તેના પ્રભુત્વમાં આવ્યો. વઢવાણનો કિલ્લો અને ભોગાવાના તીરે સતી બનેલી રાણકદેવીનું મંદિર તેમને બનાવ્યું હોવાનું મનાય છે. ઝાલાઓના નામ જન્મની વાત કરીએ તો ઝાલાઓ પહેલા મકવાણા કહેવાતા. દસેક સદી પહેલા તેમના રાજા કેસર મકવાણા, હરપાળ દેવજી તેમના પુત્ર હતા. તેમના માતા પાટણના સોલંકી રાજવી કરણ ઘેલાની પુત્રી હતા. આપત્તિના ટાણે મદદ કરવાના શિરપાવ રૂપે હરપાળ દેવજીના દાદાને ૮૩૮-૮૩૯માં ૧૮૦૦ ગામનો ગરાસ મળ્યો અને હરપાલદેવે તેમનો નિવાસ પાટડી ખાતે ફેરવ્યો. હરપાલદેવને ત્રણ પુત્રો હતા. એક ક્વિદંતી અનુસાર એક દિવસ જ્યારે પુત્રો રમી રહ્યા હતા ત્યારે એક હાથી ગાંડોતુર બની ત્યાં આવી ચઢ્યો. હાથી પોતાના પુત્રોને મારી નાખશે તેવો વિચાર આવતાં જ તેમની માતાને અદ્રશ્ય શક્તિનો હાથ મળ્યો અને ઝરૂખામાં માતાના લાંબા થયેલા એ હાથે બાળકોને ઝાલીને ઊંચકી લીધા અને તેમને બચાવી લીધા. આ દિવસથી પુત્રો ઝાલા કહેવાયા. ઝાલાઓએ એમના નિવાસની આ ભૂમિને ઝાલાવાડ નામ આપ્યું.

સુરેન્દ્રનગર એક વેળાએ બ્રિટીશ પોલિટીકલ એજન્ટનું થાણું હતું અને વઢવાણ કેમ્પ તરીકે જાણીતું હતું. વઢવાણના રાજવીને એક એજન્ટે ૧૯૪૬માં સોંપેલા આ કેમ્પને રાજવીના પુત્ર શ્રી સુરેન્દ્રસિંહજીના નામ ઉપરથી સુરેન્દ્રનગર નામ અપાયું. ૧૯૪૮થી આ સુરેન્દ્રનગર જિલ્લાનું મુખ્ય મથક બની રહ્યું છે.

સૌરાષ્ટ્ર પ્રદેશનો એક અગ્રભાગ એવો સુરેન્દ્રનગર જિલ્લો ૨૨.૦૦થી ૨૩.૪૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૬૯.૪૫ થી ૭૨.૧૫ પૂર્વ રેખાંશ વચ્ચે પથરાયેલો છે.



### ઝીંઝુવાડા દરવાજા :

ગુજરાતના પ્રાચીન બંદરો ઉપરના સેટેલાઈટ દ્વારા કરાયેલાં એક રિમોટ સેન્સીંગ અભ્યાસમાં જણાયું છે કે, હજારો વર્ષ પૂર્વે મૌર્યકાલિન સમયમાં ઈ.સ. ૩૧૨ થી ૧૮૦ દરમિયાનના સમયગાળામાં નદીઓ તથા સમુદ્રોના જળમાર્ગે ગુજરાતનો વ્યવહાર અને વહાણવટું વિકસેલા હતા. દરિયાઈ વ્યાપાર માટે અરબ મહાસાગરનો વ્યાપક ઉપયોગ હતો. ગુજરાતને સુમેર, ફિનિશિયા, રોમ, ઈજિપ્ત, અરેબિયા, ઈરાન, પૂર્વ આફ્રિકા, લંકા, બ્રહ્મદેશ, મલાયા, જાવા, સુમાત્રા અને ચીન જેવા પ્રાચીન રાષ્ટ્રો સાથે દરિયાઈ વ્યાપારના સંબંધો હતા.



મધ્યકાલિન સમયમાં ગુજરાતના સાગર કિનારે ૮૪ જેટલાં નાના-મોટા બંદરો હતા, આમાનાં ૬૨ બંદરો ૧૮૪૨ સુધી સૌરાષ્ટ્રના કિનારે હતા, ભૌગોલિક ફેરફારના કારણે જમીનના તળમાં ફેરફાર થયા અને સમદ્ર દૂર થતો ગયો. આ વખતે સૌરાષ્ટ્ર કાંઠાના બંદરો નામશેષ બનતાં ગયાં. આ નામશેષ બંદરોમાનું એક નામ છે ઝીંઝુવાડા.

રાજબાઈ માતાના મંદિરે આવેલા ઝીંઝુવાડાના ભવ્ય કિલ્લાના બુરજ ઉપર એક પ્રાચીન સ્તંભના આકારમાં ઉભેલી ધાતુની દંડ જેવી રચના દીવાદાંડી હોવાનું આજે ગામ લોકો જણાવે છે.

સોલંકી સિદ્ધરાજ જયસિંહે સંવત ૧૧૬૫ (સને ૧૧૦૯)ના મહા સુદી-૪, રવિવારે ઝીંઝુવાડાનો ગઢ બાંધવાનું મુહૂર્ત કર્યું અને ઉપાધ્યાય ભાણાના પુત્ર વાસેશ્વર વોહરાને સોંપ્યું. કિલ્લાના ચાર હયાત દરવાજાની ભવ્યતા, એની અપ્રતિમ કોતરણી, કિલ્લાની રચના, એનું અદ્‌ભૂત સ્થાપત્ય, સિંહસર તળાવના ઓવારા ઉપર સુંદર કોતરણી એ બધું નજરને સહજ બતાવવાનો વિષય છે, એનું વર્ણન કરવા શબ્દો શોધવા પડે.

## સૂર્ય મંદિર - સૂરજ દેવળ :

થાન જોજનો પહોળા અવની પટ ઉપર વિસ્તરેલું હતું, અહીં ૫૧ હજાર જેટલા વણિકો, ૩૬ હજાર બ્રાહ્મણો, ૭૨ હજાર ક્ષત્રિયો અને ૯૦ હજાર શુદ્રો મળી કુલ ૨,૫૦,૦૦૦ જેટલા માનવીનો નિવાસ હતો. સ્વયં નારાયણ અને લક્ષ્મીજીએ આ પ્રદેશની મુલાકાત લીધી હોવાની દંતકથા પણ છે. થાનનો મધ્યમ કિલ્લો કંડોલ કહેવાતો. આ કંડોલ પાસે જ સૂરજ દેવળનું સ્થાન આજે પણ વિદ્યમાન છે.

થાનને ભારતના અતિ પ્રાચીન પ્રદેશોમાનું એક ગણવામાં આવ્યું છે. એની આસપાસનો સમગ્ર પ્રદેશ જે પવિત્ર સ્થાનો સાચવી બેઠો છે એની મહત્તાએ આ નગર થાનને એક વિશિષ્ટ મહત્ત્વ આપ્યું છે. થાન એટલે આ પ્રદેશના પવિત્ર યાત્રા સ્થળોની મુલાકાતે આવતા અને અહીં જ વસતાં સંતોની ભૂમિ.

આ પવિત્ર સ્થળો એટલે ભગવાન ત્રિનેત્રેશ્વરનું સ્થાન એવું તરણેતર, કંડોળા ખાતેનું સૂર્યદેવની ભવ્ય પ્રતિમા ધરાવતું સૂર્ય મંદિર, સર્પબંધુઓ, વાસુકી અને બાંડુકા જેને અત્યારે વાસંગી અને બાંડીયાબેલી તરીકે ઓળખીએ છીએ. તેમની ભૂમિ જેવા પાંચાળના પવિત્ર તીર્થો.

પાંચાળ પ્રદેશની દ્રૌપદીના વિખ્યાત સ્વયંવરની આ વાત પાંડવકાળની એક અદ્‌ભૂત શૌર્યકથા છે. કિંવદંતી અનુસાર સતયુગની વાત સાથે આ પ્રદેશ જોડાયેલો છે. એવી પુરાણ પ્રખ્યાત કથા છે કે સતયુગમાં સૂર્યવંશના

પ્રતાપી રાજવી માંધાતાના હાથે અહીંના સૂર્ય મંદિર (સૂરજ દેવળ)નું નિર્માણ થયું હતું. એક કથા એવી છે કે, વાલોજી પાછળ પાવાગઢથી જામ આબડાનું કટક પડેલું. જામ વાલોજીએ થાનના કિલ્લામાં આશ્રય લીધો હતો. જામ આબડો ગઢને ઘેરો નાખી પડ્યો હતો. ચિંતિત વાલોજીને કાઢીઓના કૂળ દેવતા સૂર્યદેવે સ્વપ્નમાં આવી દર્શન દઈ સહાયની ખાતરી આપી, વાલોજી કાઢી હિંમતથી જામ આબડા સાથે લડ્યા. જામને કચ્છમાં નાસી જવું પડ્યું અને ઉપકારવશ વાલોજીએ કંડોલા ટેકરી પરના પ્રાચીન સૂર્ય મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

સમયાંતરે અહીં આવેલા અને લાખામાચીના નિર્માણમાં સહયોગી બનેલા લાખા ફુલાણીએ પણ આ મંદિરનું સમારકામ કરાવ્યાનો ઉલ્લેખ છે.

અવારનવાર થયેલા જીર્ણોદ્ધાર-સમારકામોએ મૂળ મંદિરને ખૂબ જ અસર કરી છે અને હાલ એ પુરાતન સૂર્ય મંદિરની ભવ્યતા એવા અવશેષમાં ખોવાયેલી મંદિરની આસપાસ નજરે પડે છે. હાલ આ મંદિર પુરાતત્ત્વ વિભાગના રક્ષિત સ્મારક તરીકે  છે.

## અનંતેશ્વર મહાદેવ

ચોટીલાની દક્ષિણે લગભગ ૨૫ કિ.મિ. દૂર ઠાંગાની ટેકરીઓના નીચાણમાં આવેલું અણહિલવાડના રાજવીઓનું એક થાણુ હતું. અહીંનું વિખ્યાત અનંતેશ્વર મહાદેવનું મંદિર સિદ્ધરાજ જયસિંહે બનાવ્યાનું કહેવાય છે. પણ લોકમુખની વાતો કહે છે કે, તેનું નિર્માણ ૧૦૬૮ વિક્રમ સંવતમાં અનંત કે આનંદ ચુડાસમાએ કર્યું હતું. મહંમદ ગઝનીની ચડાઈઓનો ભોગ આ મંદિર બન્યું હતું.



## ગંગવો કુંડ- દેદાદરા :

વઢવાણથી ૧૨ કિ.મી. અંતરે દેદાસરા ગામ આવેલું છે. ગામની દક્ષિણે ગંગવાકુંડ તરીકે વિખ્યાત કુંડ આવેલો છે. કુંડની ચારે બાજુએ સુંદર સ્થાપત્ય ધરાવતા ચાર મંદિરો છે. જે ચાલુક્ય કાળના હોવાની માન્યતા છે. એક હજાર વર્ષ પહેલાનું આ તમામ સ્થાપત્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.



## રાજબાઈ વાવ

તાલુકાના રામપરા ગામે આવેલી સુંદર સ્થાપત્ય, કોતરણી તથા બેનમૂન કારીગરીથી બનેલી રાજબાઈ વાવ ઈતિહાસના ઓવારણા સમાન છે. આ વાવ પુરાતત્ત્વ્ વિભાગ દ્વારા રક્ષિત છે.



## નવલખા શિવ મંદિર :

સાયલાથી ૧૮ કિ.મી. દૂર આવેલું સેજકપર પ્રાચીન ગામ છે. અહીં પ્રાચીન સ્થાપત્યકલાનું બેનમૂન નવલખા મંદિર ભગવાન શિવજીનું મંદિર આવેલું છે. આ મંદિરનું શિખર સંપૂર્ણ કોતરણીવાળા પથ્થરોથી બનેલું છે. શિખર પરનો એક પણ પથ્થર તેમાં સાદો મૂકવામાં આવેલો નથી. મંદિરના પ્રવેશ પગથિયાં પહેલાં ગણેશજીની મર્તિ સ્થાપવામાં આવેલી છે. મંદિરની ફરતે દિવાલો પર પણ વિવિધ ડિઝાઈનો તથા વિવિધ મુદ્રામાં ઉભેલા આભૂષણધારી માનવાકૃતિની અદ્દ્ભુત કોતરણી કરવામાં આવેલી

છે. અનેક સ્તંભો પર ઊભું કરવામાં આવેલું આ મંદિરના દરેક સ્તંભો પર પણ વિવિધ કોતરણી કંડારવામાં આવેલી છે



## રાણકદેવીનું મંદિર :

ભોગાવો નદી કાંઠે વસેલું વઢવાણ શહેર વર્ધમાનપુરી નામથી ઓળખાતું હતું. એક વાયકા પ્રમાણે જૂનાગઢના રાજા અને રાણકદેવીના પતિ રા'ખેંગાર અને તેના બે પુત્રોની હત્યા બાદ સિદ્ધરાજ જયસિંહ રાણકદેવીને પકડીને લઈ જતા હતા ત્યાં માર્ગમાં વઢવાણ નજીક ભોગાવો નદીમાં તેણી સતિ થઈ હતી. ભોગાવો નદીના દક્ષિણ કાંઠે રાણકદેવીનું મંદિર આવેલું છે.



## ગંગાવાવ તથા માધાવાવ


અહીં સંવત ૧૯૬૯માં બાંધવામાં આવેલી ગંગાવાવ પ્રાચીન વાવ છે. પ્રજા માટે પ્રાણ સમર્પી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઈ.સ. ૧૨૭૫)ના મંત્રીશ્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છીક બલિદાનની દંતકથા ધરાવતી માધાવાવ રાજ્ય સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા સુરક્ષિત છે.

## જિલ્લાની વિશેષતા :


કપાસનું સૌથી વધુ ઉત્પાદન, સૌથી મોટા લોકમેળો તરણેતરમાં ભરાતું ગુજરાતના વેપારનું સૌથી મોટું એસોસિએશન, થાનના પેંડા, સિરામિક ઉદ્યોગ અને માટીનાં રમકડાં માટે જાણીતું છે. વઢવાણનાં પ્રખ્યાત મરચાં, મૂળી તાલુકામાં સૌથી વધુ ફાયર કલે મળે છે. નળ સરોવર અને કચ્છના રણ વચ્ચેનો વિસ્તાર ઝાલાવાડ તરીકે ઓળખાય છે.



# તાપી જિલ્લો






N
ભરૂચ
નર્મદા
મહારાષ્ટ્ર
સૂરત
ભારત
ડાંગ
નવસારી
વ્યારા
સોનગઢ
ઉચ્છલ
માંડવી
ઉમરપાડા
સાગબારા
નંદરબાર
નિઝર

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | : **તાપી** |
| સ્થાપના નોટિફિકેશન વર્ષ | : તા. ૨જી ઓકટોબર, ૨૦૦૭ |
| વડુ મથક | : વ્યારા |
| કુલ ક્ષેત્રફળ | : ૩૪૩૪.૬૪ કિ.મી. |
| ભૌગોલિક સ્થાન | : ૨૧.૫° ઉત્તર અક્ષાંશ અને ૭૩.૨૦° પૂર્વ રેક્ષાંશ |
| વસતી | : કુલ : ૮,૦૭,૦૨૨, પુરુષો : ૪,૦૨,૧૮૮, સ્ત્રીઓ : ૪,૦૪,૮૩૪ |
| તાલુકા | : સાત (વાલોડ, વ્યારા, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુન્ડા) |
| ગામો | : ૫૨૩ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી |
| પૂરક વ્યવસાય | : પશુપાલન |
| ખેતી પાકો | : ડાંગર, શેરડી, કેળ, જુવાર, કપાસ, કઠોળ, મરચા. |
| મુખ્યપાકો | : ખાદ્ય પાકો. |
| રોકડિયાં | : શાકભાજી અને શેરડી, કપાસ, મરચા. |
| પરંપરાગત | : નાગલી, જુવાર, તુવેર, મકાઈ, અડદ |
| તેલીબિયાં | : મગફળી |
| ઉદ્યોગો | : ૯ મોટા, નાના અને મધ્યમ કદના ૧૨૭૬ |
| મુખ્ય ખનીજ | : સાદી રેતી |
| જમીનનો પ્રકાર | : જમીન હલકી, છીછરીથી માંડીને ભારે કાળી |
| જંગલ વિસ્તાર | : ૭૩૩૭૩ હેકટર |
| બિન ખેતી વિસ્તાર | : ૪૮૫૨૩ |
| ગૌચર જમીન વિસ્તાર | : ૮૯૦૮ હેકટર |
| ખેતી હેઠળનો વિસ્તાર | : ૧,૬૬,૭૬૦ હેકટર |
| ખેડી ન શકાય તેવી જમીન | : ૪૩,૬૪૯ હેકટર |
| સિંચાઈ હેઠળનો વિસ્તાર | : ૬૭,૧૪૫ હેકટર |
| આબોહવા | : સમધાત |
| સરેરાશ વરસાદ | : ૧૦૦૦ થી ૧૨૦૦ મી.મી. |
| વનસંપદા | : સાગ, વાંસ અને અન્ય. |
| નદીઓ | : તાપી, મીંઢોળા, અને અંબિકા |
| તળાવો | : ૦૩ (ઉકાઇ, કાકરાપાર અને ડોસવાડા) |
| જિલ્લાના રસ્તા | : ૨૩૨૭.૧૪૯ કિ.મી., રાષ્ટ્રીય ધોરી માર્ગ ઓથોરિટી (મા.મ.) વિભાગ હસ્તક - ૫૪.૩૫ કિ.મી., રાજ્ય (મા.મ.) વિભાગ હસ્તક ૩૯૪.૯૫૪ કિ.મી. |
| રાષ્ટ્રીય ધોરીમાર્ગ | : (મા.મ.) વિભાગ હસ્તક ૩૯૪.૯૫૪ કિ.મી. |
| પંચાયત | : (મા.મ.) વિભાગ હસ્તક ૧૮૨૦.૪૪ કિ.મી. |
| જોવાલાયક સ્થળો | : ઉકાઇ ડેમ, કાકરાપાર ડેમ, અણુમથક, પદમડુંગરી, સોનગઢનો કિલ્લો અને ઘાટાનો વડ |
| ઐતિહાસિક | : ફતેહબુરજ, સોનગઢનો કિલ્લો અને ગૌમુખ. |
| ધાર્મિક | : ગૌમુખ મંદિર, ધારેશ્વર મહાદેવ મંદિર, સી.એન.આઇ ચર્ચ અને જિનાલય. દેવલીમાડીનું મંદિર, ગોવાળ દેવ, ઘુમાઈમાડી. |
| ગેસ્ટ હાઉસો | : ૦૫ |
| ભોજનાલયો | : ૭૦ |
| રેલવે સેવાઓ | : ૬૦ કિ.મી. |
| રાજય પરિવહન સેવા | : એસ.ટી.ની સવલતો ધરાવતા ગામડાં - ૪૫૦ |

| | | |
|---|---|---|
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : | ૫૮૨ |
| બેન્કિંગ સેવાઓ | : | વાણિજ્ય બેંકો - ૫૩, સહકારી બેંકો - ૧૫ |
| કૃષિ સહકારી સોસાયટી | : | ૭૯ |
| લોકમેળા-ધાર્મિક તહેવારો | : | દશેરાનો મેળો, નારણપુરનો મેળો, શ્રાવણી મેળાઓ (૧) ગૌમુખ (૨) ધારેશ્વર |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ/માર્કેટ યાર્ડ | : | ૫ એપીએમસી, ૧૧ માર્કેટ યાર્ડ |
| પશુપાલન પ્રવૃતિઓ | : | સમગ્ર જિલ્લામાં. ૯ પશુ દવાખાના, ૨૩ પશુ દવાખાના સબ સેન્ટર. |
| શૈક્ષણિક સંસ્થાઓ | : | ૭૯૮ પ્રાથમિક શાળા, ૧૨૬ માધ્યમિક શાળા, ૩૯ ઉચ્ચતર માધ્યમિક શાળા, ૦૫ આઈટીઆઈ, ૧૧ કોલેજ, ૧ બી.એચ.એમ.એસ કોલેજ અને ૧ સાયન્સ કોલેજ. |
| આરોગ્ય સેવાઓ | : | ૧ સિવિલ હોસ્પિટલ, ૦૫ સી.એચ.સી, ૩૫ પી.એચ.સી અને ૨૪૧ સબ સેન્ટર. |
| સિંચાઈ સેવાઓ | : | નહેર, ઉદવહન સિંચાઇ યોજના |
| પાવર સ્ટેશનો | : | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન ૧૩૫૦ મેગા વોટ<br>ઉકાઈ કેનલ હાઈડ્રો ૫(પાંચ) મેગા વોટ<br>ઉકાઈ હાઈડ્રો પાવર ૩૦૦ મેગા વોટ<br>કે.એ.પી.એસ. ૪૪૦ મેગા વોટ<br>કુલ ૨૦૯૫ મેગા વોટ |
| કુલ વીજ જોડાણ (HH) | : | ૩૭૧૭૫ |
| ગુજરાત વિધાનસભાની બેઠકો | : | ૦૨ બેઠકો (૧) વ્યારા અ.જ.જા (૨) નિઝર અ.જ.જા. |
| લોકસભાની બેઠકો | : | ૦૧ ૨૩-બારડોલી અ.જ.જા. |
| જિલ્લા પંચાયતની બેઠકો | : | ૨૬ બેઠકો. |
| તાલુકા પંચાયતની બેઠકો | : | ૧૨૪ બેઠકો. |
| ન્યાયાલયો | : | ૧ સેશન્સ એન્ડ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, ૫ તાલુકા અદાલતો |
| નગરપાલિકાઓ | : | ૨ નગરપાલિકા. |
| સાક્ષરતા દર | : | ૬૮.૩૦ ટકા (પુરુષ - ૭૫.૪૪) ( સ્ત્રીઓ-૬૧.૧૬) |
| જન્મ દર | : | ૧૫.૨૦ |
| મૃત્યુ દર | : | ૬.૧૦ |
| બાળ-વાડીઓ/આંગણવાડીઓ | : | ૧૦૪૯ |

## જોવાલાયક સ્થળો :

(૧) વ્યારામાં વડોદરાના રાજા ગાયકવાડનો મહેલ છે. (૨) ઉકાઈમાં તાપી નદી પર બહુહેતુક યોજના ‘‘વલ્લભસાગર સરોવર’’ છે. અહીં પાવર સ્ટેશન અને મત્સ્યોદ્યોગ કેન્દ્ર છે. (૩) સોનગઢમાં પિલાજી ગાયકવાડે બંધાવેલા કિલ્લા પર દરગાહ અને મહાકાળી મંદિર છે તથા સાહિત્યકાર સુરેશ જોષીની જન્મભૂમિ છે. અહીં કાગળ એ પૂંઠા બનાવવાની સેન્ટ્રલ પલ્પ મીલ છે. (૪) વેડછીમાં જગતરામ દવેનો ‘‘વેડછી આશ્રમ’’ છે. ગાંધીજીના અંતેવાસીએ અહીં આદિવાસી અને પછાત લોકોના શિક્ષણ અને ઉત્થાનની પ્રવૃત્તિઓ કરી હતી. અહીં નારાયણ મહાદેવ દેસાઈનું સંપૂર્ણ ક્રાંતિ (જયપ્રકાશનારાયણ પ્રેરિત) મહાવિદ્યાલય છે. (૫) વાલોડમાં પ્રાચીન નામ વડવલ્લી સરદાર, સરદાર સહકારી મંડળીની પ્રવૃત્તિ માટે જાણીતું છે.

## ઇતિહાસની અટારીએથી...

ગુજરાત રાજ્યનાં પૂર્વદ્વારનું બિરુદ પામેલો વ્યારા તાલુકો સાતપુડાનાં જંગલોની લીલી વનરાજીના ઈતિહાસમાં સતત જીવતું આવ્યું છે. ઈતિહાસની તેજછાંઇ એણે ભોગવી છે, પચાવી છે. સામાજિક અને આર્થિક પરિવર્તનો પામતા અન્ય વિસ્તારોથી અત્યાર સુધી અલગ પડી જતા આ તાલુકાની પ્રજાની સરખામણીમાં









આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે વિકસી રહેલો તાલુકો, એનો ઈતિહાસ તો આપણને કયાંય દૂર સુધી એની રૂપેરી ઝલક જોવા લઈ જાય છે.

વ્યારા મોગલાઇ પેશ્વા સમયનું દફતરોમાં નોંધાયેલા અંતાપુર પરગણાનું એક ગામ છે. પરંતુ વ્યારા તે સમયથી પણ પ્રાચીન હોવાની ઘણી સંભાવના ધરાવે છે. વ્યારાની પ્રાચીનતા અંગે વિવિધ માન્યતાઓ અને અટકળો પ્રવર્તે છે. તેમાની એક માન્યતા મુજબ એ મુળ ‘વિજયનગર’ તરીકે ઓળખાતું. તે વ્યારામાં આવેલ ફતેહબુરજ તથા તેના રક્ષણ માટે તેની ફરતે આવેલો કોટ કિલ્લો આ પ્રદેશ ઉપરનાં વિજયનાં એક ચિહ્ન તરીકે ઉભેલા જણાય છે અને તે વિજયનગર નામની શકયતા તરફ અંગુલી નિર્દેશ કરે છે. અન્ય એક માન્યતા મુજબ જુના જમાનામાં, સદીઓ પૂર્વે સૂર્યપુત્રી તાપી નદીના દક્ષિણ કિનારે, અનેક જોજનમાં ફેલાયેલુ આબાદીથી ભરપુર, સુખી અને સમૃદ્ધ એવુ નગર વસતું હતું. આ નગરમાં એક કાળરાત્રિનાં અશુભ ચોઘડિયે અગ્નિનું એક ભયંકર તાંડવ ખેલાયું અને આ અગ્નિકાંડમાં એ સમૃદ્ધ નગર બળીને ભસ્મીભૂત થઇ ગયું. તે નગરની ભૂમિને અપશુકનિયાળ માનીને અથવા તો આ વિકરાળ દશ્યની યાદ ભુલવા માટે બાકી બચેલી વસતી સ્થળાંતર કરીને મીંઢોળા નદીના તટે આવીને વસી તે જ આપણું આજનું આ વ્યારા. તાપી નદીનાં કિનારા ઉપરના તે મૂળ નગરના અવશેષો પણ કાળની ગતિવિધિને કારણે નાશ પામ્યા છે. પરંતુ એ નગર, આજે પણ આદિવાસીઓથી વસેલું ગામ ‘કાળા વ્યારા’ એટલે કે બળેલું વ્યારા તરીકે અવશિષ્ટ રહ્યું છે. આ નગર જે વિસ્તારમાં મોટી મોટી મહેલાતો હતી તે વિસ્તાર આજે ઊંચામાળા તરીકે જાણીતો છે. આ વિસ્તારની દક્ષિણે આવેલી એક નાની નદી, જયાં ધનિકોના કપડા ધોવાતાં તે જગાને આજે પણ ‘ધોબી’ ધોવાણ તરીકે સ્થાનિક આદિવાસીઓ જાણે છે. આ નગરનું કોઇક રીતનું ખંડિત તળાવ આજે ખોડતળાવ ગામ તરીકે ઓળખાય છે.

વ્યારામાં નદીને કાંઠે પુરાણા શિવ મંદિર આવેલા છે. તેમાંનું એક શિવાલય આજે મનકામેશ્વર તરીકે જાણીતું છે, તેનું બાંધકામ બૌદ્ધ વિહાર-મઠોના બાંધકામ સાથે કંઇક અંશે મળતું આવે છે. વિશેષમાં વ્યારાની આજુબાજુનાં વિસ્તારોમાં પણ આ પ્રકારનાં બાંધકામો હોવાનું જાણવા મળે છે, જે પછીના સમયમાં શિવ મંદિરો તરીકે પરિવર્તન પામ્યા હોવાનું સંભવિત છે. અહીંથી દક્ષિણમાં જતાં અજન્ટાની વિશ્વવિખ્યાત બૌદ્ધ ગુફાઓ આવેલી છે. જે અહી બૌદ્ધ ધર્મના અસ્તિત્વનો નિર્દેશ કરે છે. વળી ૧૯૬૧ની વસતિ ગણતરીમાં વ્યારા તાલુકામાં બૌદ્ધ ધર્મ પાળનારાઓની સંખ્યા પાંચની નોંધાયેલી છે અને એ ભૂતકાળમાં આ વિસ્તારમાં બૌદ્ધ ધર્મ પ્રચલિત હશે એમ માનવાને કારણ આપે છે.(પાછળથી સમગ્ર દેશમાં બૌદ્ધ ધર્મનો લય થયો તેની અસર અહી પણ થઇ હશે.) કુલ દશ જેટલી પુરાણી વાવો હતી. જેમાંની ઘણી વાવોનું પુરાણ થઇને આજે વસવાટો થયા છે.

સુરત-બુરહાનપુરનો પ્રાચીન રાજમાર્ગ (અત્યારનો સુરત-ધુલિયા માર્ગ) અહીંથી જ પસાર થાય છે અને તેની આજુબાજુ આવેલી ઉપરોકત પુરાણી વાવો તે સમયના શ્રમણો,સાધુઓ અને મુસાફરોની કે વણઝારાની સુવિધા માટે હશે. અર્થાત નદીકાંઠાની વસાહતો વિહારધામ અને ક્રમેક્રમે વિહારપુર,વિહારપુરા,વિહારા,વિઆરા અને છેલ્લે વ્યારા તરીકે કેમ ન ઓળખાઇ હોય? વ્યારા વિશેના આ બીજા મંતવ્યનાં સમર્થનમાં હજુ આજે પણ લગ્ન પ્રસંગે દેવને લખાતી કંકોત્રીમાં ‘વિહારપર’ લખવાની પ્રથા પ્રચલિત છે. પ્રસિદ્ધ ગુજરાતી નવલકથાકાર સ્વ. રમણલાલ દેસાઇ નોકરી અંગે ગાયકવાડી રાજ દરમિયાન વ્યારામાં હતા. તે સમયે તેમણે એક બે પ્રવચનોમાં વ્યારાને ‘વિહારપુર’ તરીકે વર્ણવ્યું હતું એવી માહિતી મળે છે. વળી તેમણે તેમની નવલકથા ‘ભારેલો અગ્નિ’ માં રુદ્રદત્તનાં રહેઠાણ તરીકે વિહારપુરનો ઉલ્લેખ પણ કર્યો છે, જે વ્યારા હોવાનું

માની શકાય તેમ છે. નવલકથાની વસ્તુકથા સાથે વ્યારાને સીધો સંબંધ નથી, પરંતુ સ્વ.રમણલાલ દેસાઇ પણ વ્યારાને પ્રાચીન વિહારપુર તરીકે માનતા હતા. વ્યારાની પ્રાચીનતા અંગેની અટકળોને બીજી રીતે પણ સમર્થન મળી શકે તેમ છે. વ્યારા આખો જંગલનો પ્રદેશ છે. તેના કેટલાય ગામડાઓના નામો આશ્ચર્ય પમાડે એવા સંસ્કૃતમય છે. વ્યારાના થડમાં ભાટપુર, કાનપુર, ખુશાલપુર, વિરપુર, કર્પુરપુર(કપુરા), ભોજનપુર, રામપુર, ઈન્દુ, પનિહારી વગેરે ગામો આવેલા છે. થોડે દૂર શાહપુર, મેઘપુર, ડોલરપુર(ડોલારા), બાલપુર, અંતઃપુર વગેરે ગામો આવેલા છે. ઉત્તરે અસાગવન(અગાસવાણ), સાદડવન(સાદડવાણ), ચાંપાવાડી વગેરે આવેલાં છે. દક્ષિણે પાનવાડી, સરૈયા, વેલદા, પદ્મડુંગરી, કદલીવન(કેળવાણ), પાઠકવાડી જેવા સંખ્યાબંધ અર્થપુર્ણ નામોવાળા ગામડાં આવેલા છે. વ્યારાની નજીક જ ભેંસકાતરીના જંગલ વિસ્તારમાં 'શવરી' નામનું એક ગામ છે. જે રામભકત શબરીના રહેઠાણનું સ્થળ હોવાનું એક કલ્પના પણ પ્રવર્તે છે. આ જ સંદર્ભમાં વ્યારાથી દક્ષિણે ૨૩ કિલોમીટર અને પૂર્વે ૧૯ કિલોમીટર અરણ્ય પ્રદેશ છે. એ રામાયણમાં વર્ણવેલા દંડકારણ્યની ભૂમિ હોવાનું કલ્પી શકાય. સાથે સાથે એ નોંધવુ જોઇએ કે, રામાયણની ઐતિહાસિકતા અંગેના જુદાજુદા મતોમાં ખેતીવાડી નિષ્ણાતોના મંતવ્ય રામાયણમાં અયોધ્યા તેમજ કૌશલ જનપદથી દંડકાર્ય સુધીના રામના પ્રવાસનું વર્ણન બતાવે છે કે આ પ્રદેશોની જમીન રીતસરની ખેડાયેલી હતી. અયોધ્યાની જાહોજહાલી પણ ખેતીની આબાદી રૂપે હતી. એ ખેતી માટે હળ વગેરે સાધનો લોખંડનાં હતા. આ ઉપરથી એમ કહી શકાય કે, આખો વિસ્તાર ભુતકાળમાં ઉજ્જવળ સંસ્કૃતિવાળા અને આર્થિક રીતે વિકાસ પામેલો હોવો જોઇએ. ઉપર દર્શાવેલ ગામડાઓમાનાં સંસ્કૃતમય નામો જોડે એનો સ્પષ્ટ સંબંધ હોવાની શકયતા છે.

ઇ.સ.૧૭૦૭માં મોગલ બાદશાહ ઔરંગઝેબ મૃત્યુ પામ્યો પછીના ૫૦ વર્ષોમાં મોગલાઇની પડતી થઇ અને તે સમયે મરાઠાઓનો ઉદય થયો હતો. મરાઠાઓને ગુજરાતમાં આવવાનો માર્ગ પીપલનેર, નવાપુર, સોનગઢ તથા નવસારી હતો. આ રસ્તો સહી સલામત રહે અને ભયના પ્રસંગે અડચણ ન પડે તે હેતુથી તેઓએ રસ્તા ઉપર પોતાના થાંણા ઊભા કર્યા હતા. આ રીતે ગુજરાત તથા દક્ષિણ પ્રદેશ વચ્ચેના વેપારના રસ્તા ઉપર મરાઠાઓ સત્તા ચલાવતા હતા.

વ્યારા જે ઇ.સ.૧૯૪૭ સુધી ગાયકવાડી અમલ હેઠળ હતું તે ગાયકવાડ કુટુંબ મૂળ પુના નજીક આવેલા 'દાવડી'ગામમાં રહેતું હતું. પીલાજીરાવ ગાયકવાડ આ કુટુંબના આદિપુરુષ હતા. એમને ખાનદેશ જિલ્લામાંના નવાપુર ગામમાં ઘોડેસવારની ટૂકડીના ઉપરી તરીકે નીમ્યા હતા. નવાપુર ગામ પોતાની હદમાં છે. તેવો દાવો બીજા મરાઠા બાંદેએ કર્યો હતો. તેથી પીલાજીરાવને નવાપુર છોડી દેવાની ફરજ પડી અને ગીચ જંગલોમાં મેવાસી ભીલોના સોનગઢના ડુંગર ઉપર પોતાનું થાણુ જમાવ્યું અને ત્યાંથી ભવિષ્યમાં દરોડા પાડવાના હેતુથી સોનગઢના જંગલી ભીલો પાસેથી એ ડુંગર જીતી લીધો અને મજબૂત કિલ્લેબંધી કરાવી. સુરતના મુત્સદ્દી શેખ ઉલ ઈસ્લામે સૈયદ અકીબની અને મહમ્મદ પનાહની સરદારી નીચે મોકલેલા લશ્કરને તેણે હટાવ્યું અને મહમ્મદ પનાહને ઘાયલ કરીને કેદ કર્યો તથા ભારે રકમ આપતાં છેવટે છૂટકારો કર્યો. આમ ઇ.સ.૧૭૧૯માં સોનગઢમાં રહીને ગાયકવાડે પોતાનું સ્થાન બનાવ્યું. પોતાની તમામ પ્રવૃતિઓનું નિયમન સોનગઢમાં રહીને કરવા લાગ્યા. આથી સોનગઢનો કિલ્લો ગાયકવાડ કુટુંબની આરંભની મિલકત હતી, એટલું જ નહિ પણ ઇ.સ.૧૭૬૬માં દામાજી ગાયકવાડે પાટણને પાટનગર બનાવ્યું ત્યાં સુધી તો સોનગઢ ગાયકવાડી રાજયનું પરગણું ગણાતું હતું.

ગાયકવાડી રાજયની સ્થાપનાના ઈતિહાસમાં સોનગઢની સાથે વ્યારાનો વિસ્તાર પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે એ હકીકત છે. એટલે કે ગાયકવાડી રાજયની શરૂઆતથી વ્યારા પણ તેનો એક ભાગ બની રહ્યું હશે.

વ્યારાની આજુબાજુની ઐતિહાસિક ભૂમિકા ઉપરાંત અહીની જૂની ઈમારતો પણ વ્યારાની ઐતિહાસિક પૂર્વભુમિકા સ્પષ્ટ કરે છે. ફતેહબુરજ વ્યારાની ઉત્તરે અને તળાવની બાજુમાં હજી આજે પણ ઠીક કહેવાય તેવી હાલતમાં મોજૂદ છે. આ ઈમારતનું બાંધકામ પથ્થર અને ઈંટોનું છે. તે જોતાં જ રજવાડી ઠાઠ અને ભવ્યતા સાથે ઐતિહાસિક મહત્ત્વનું દર્શન કરાવે છે. બુરજની ફરતે કોટ છે અને તે બે વિશાળ દરવાજાઓ ધરાવે છે. આ ઈમારતને ભારત સરકારે ઐતિહાસિક ઈમારતોની રક્ષણ યોજના હેઠળ મૂકી છે. તેનું બાંધકામ ૧૭મી સદીના મોગલાઇ સ્થાપત્યને મળતું હોવાનું વડોદરા રાજય તથા ગુજરાત રાજયના પુરાતત્વ ખાતાએ જણાવેલું છે. ઉપરાંત નગરની વસતીના રક્ષણ માટે નગર ફરતે મોટો કોટ હતો જેના અવશેષો હજુ મોજુદ છે. આ કોટમાં અમુક અમુક અંતરે ત્રણ બુરજો હતા, જે હાલ નાશ પામ્યા છે. કોટમાં પ્રવેશવા માટે બે

વિશાળ દરવાજાઓ હતા જેમાનો એક તળાવની સામે હતો, જે લગભગ નાશ પામ્યો છે. બીજા દરવાજાની ઉપરના ભાગે હાલ નગર પંચાયતની કચેરી આવેલી છે. આ દરવાજા ઊંચો અને વિશાળ છે. બુરજ અને કોટ લશ્કર માટેના ગેસ્ટ હાઉસ તરીકે સુલતાનોએ બંધાવ્યા હતા, તેવી પણ એક માન્યતા છે. સર થોમસ રોએ ૧૭મી સદીની પહેલી પચ્ચીસીમાં વ્યારામાં આ બુરજમાં મુકામ કર્યો હતો એવું મનાય છે. પિંઢારાઓનો ત્રાસ નાબૂદ કરવા માટે બ્રિટિશ લશ્કરની છાવણી ઇ.સ.૧૭૬૮માં આ સ્થળે રહી હતી, એવું માનવામાં આવે છે. ઇ.સ.૧૭૫૦થી આ બુરજ વડોદરાના ગાયકવાડના કબજામાં આવ્યો હતો. વ્યારા અને સોનગઢ વચ્ચે વ્યારાથી ઉત્તરે સાત માઇલ દૂર ‘ઘડી’નામનું એક સ્થળ છે. જે સૈનિકો માટે ‘સમર હાઉસ’તરીકે ઉપયોગમાં લેવાતું હોવાનું લોકમુખેથી જાણવા મળે છે. આ ‘ઘડી’નું તથા વ્યારા કોટનું બાંધકામ લગભગ એકબીજાને મળતું આવે છે. આ રીતે જાતાં સોનગઢ અને વ્યારા લાંબા કાળથી ઐતિહાસિક મહત્ત્વનાં સ્થાનો રહ્યાં છે.


કોટમાં આવેલું જૈન દેરાસર વ્યારામાં સૌથી જૂનામાં જૂની ઇમારત છે. આ દેરાસર રંગમંડપ, ભોયરું અને વિશાળ ગર્ભાગાર ધરાવે છે. મંદિરનો ગર્ભાગાર સો માણસો ઊભા રહી શકે તેટલો છે. વળી સિમેન્ટ અને લોખંડ સિવાય માત્ર ચૂના અને ઇંટ વડે મજબૂત દીવાલ અને તેની ઉપરનો ઘુમ્મટ અને ઊંચુ શિખર એ જૂના સ્થાપત્ય અને શિલ્પકળાનો નમુનો પૂરો પાડે છે. આ દેરાસર વ્યારાના કોઇ એક જૈન શેઠિયાએ બંધાવ્યું હતું એમ મનાય છે. સો માણસોની ક્ષમતા ધરાવતો વિશાળ ગર્ભાગાર હજારો વર્ષ ઉપર વ્યારામાં જૈનોની સારી સંખ્યા અને આર્થિક સમૃદ્ધિનું સમર્થન કરે છે. ઇ.સ.૧૯૯૩માં આ જૈન મંદિરનો જિર્ણોદ્ધાર થયો અને ત્યાં પ્રેમસૂરિ મહારાજશ્રીનું ગુરુમંદિર પણ નિર્માણ પામ્યું.

મૂળ વ્યારા ગામ મીંઢોળા નદીના જમણે કાંઠે, જયાં અત્યારે સ્મશાન છે, ત્યાંથી પથ્થરની ખાણો તરફથી પાઘડી પેટે વિસ્તેરેલું હતું. ત્યાં મોટેભાગે બ્રાહ્મણોની મુખ્ય વસતી હતી. રોગચાળાને કારણે અથવા તો બુરજ-કોટ બંધાયા તે કારણે વસતિ નદી કાંઠો છોડી ઉત્તર તરફ કોટ-કિલ્લાની ઓથે ખસતી ગઇ હોવી જોઇએ. નદી કાંઠાના બ્રાહ્મણોના વસવાટના સ્થાનો આજે પણ આ હકીકતને સમર્થન આપે છે. રામજી મંદિર અને પુરાણા શિવ મંદિરો તો હજુ આજે પણ નદી કાંઠે ઊભા છે.

કોટની અંદરના વિસ્તારમાં મૂળ જૈનોની વસતી હશે. એવું અનુમાન કોટમાં ઉપસ્થિત જૈન દેરાસર ઉપરથી કરવું યોગ્ય ગણી શકાય. આ અંગે સ્થાનિક લોકો પાસેથી મળતી માહિતી મુજબ કોટ વિસ્તારમાં આવેલાં ઘણા મકાનોની માલિકી વણિક (કાયસ્થ) લોકોની હતી, એ ઉપરની બાબતને સમર્થન આપે છે. પરંતુ પાછળથી કોઇ કારણોસર રોગચાળો અથવા વેપાર ધંધા પર પડેલી માઠી અસરો (કોટના દરવાજા સાંજે વહેલા બંધ થતાં હોવાને લીધે યાતાયાતની મુશ્કેલી પડતી હશે) જેને લીધે જૈનોએ કોટમાંથી પોતાનું સ્થળ બદલીને કોટની બહાર કાનપુરા વિસ્તારમાં વસવાટ કર્યો અને કેટલાક સ્થળાંતર કરી ગયા હશે. પરિણામે કોટ વિસ્તારમાં તેમના વસવાટ તેમના ખાલી પડેલા વસવાટોમાં ક્રમશઃ બ્રાહ્મણોની વસતી ખસી ગઇ. ઉપરાંત ગાયકવાડી રાજયમાં કર્મચારીઓ, શિક્ષકો, તલાટીઓ, પૂજારીઓ વગેરે મુખ્યત્વે બ્રાહ્મણો રહ્યા હતા, જેમણે કોટની અંદર સલામત વસવાટ પસંદ કર્યો હશે. વ્યારામાંથી પસાર થતા સુરત-બુરહાનપુર (બરહાનુર) રાજમાર્ગ ઉપર વૈષ્ણવ વણિકોએ ધામા નાખ્યા. બુરજની સાથે બારગીર મહોલ્લામાં સૈનિકોએ રહેઠાણ બનાવ્યું. તેને અડીને માળીઓનાં સારી એવી સંખ્યામાં ઘરો હતા. સૈનિકોના વારસદારમાં માત્ર ત્રણ-ચાર મરાઠા કુટુંબો રહેતાં હતા. જોકે આજે એટલે વ્યારામાં ભાટ લોકોની વસતી હશે, એવું અનુમાન કરી શકાય. બળદના કોટે બાંધવાના પિત્તળના ઘૂઘરા બનાવનાર ‘ઉતારા’કોમની પણ એક વખતે સારી એવી વસતી હતી. આમ કેટલીક જ્ઞાતિઓ વ્યારાના જનમંચ ઉપરથી અદ્રશ્ય થતી ગઇ તેમ નવી ઉમેરાતી પણ ગઇ.

ગાયકવાડી રાજય અમલને કારણે ક્રમે ક્રમે વ્યારામાં દક્ષિણી બ્રાહ્મણો આવ્યા. તો વેપાર ધંધા માટે





મારવાડીઓ આવ્યા અને અહિંના જૈન સમાજમાં ઓતપ્રોત થઇ ગયા. ક્ષીણ થયેલી જૈન વસતી ફરીથી દોઢસો-બસો ઘરની થઇ ગઇ. જેમણે કાનપુરા વિસ્તારને વસવાટ બનાવી આબાદ કર્યો. ખાનદેશ, નાસિક તરફથી સોનીઓ આવ્યા અને સો જેટલા ઘરની આખી જ્ઞાતિ ઊભી થઇ. સયાજીરાવે ઢોસવાડાના તળાવમાંથી નહેરનાં પાણી વહેતાં કર્યાં, તેનાથી આકર્ષાઇને ખેતી કરવા બારડોલ બાજુથી કણબીઓ આવ્યા અને તેમણે કણબીવાડ વસાવ્યો. દારૂ તાડીના વેપાર માટે પારસીઓ આવ્યા અને તેમણે બ્રહ્મપુરમાં ડેરા નાખ્યા. આ ઉપરાંત ચરોતર, કાઠિયાવાડ, ઉત્તર હિન્દ અને બીજા પ્રદેશોમાંથી અનેક લોકો આવ્યા અને સ્થિર થયા. છેલ્લે ભારતના ભાગલા બાદ પાકિસ્તાનમાંથી ૨૦-૨૫ નિર્વાસિત સિંધિ કુટુંબો આવ્યા, સ્થિર થયાં, આબાદ થયાં અને ધર્મસ્થાનનું પણ નિર્માણ કર્યું

વ્યારાના સામાજિક માળખામાં જૈન વણિકો, ઔદિચ્ય બ્રાહ્મણો, દશાવિશા વણિકો, કાયસ્થો અને રાણા કોમનો સમાવેશ થાય છે. સુરત-નવસારીને બાદ કરતાં વ્યારાના ગોલવાડ વિસ્તાર જેટલો રાણા જ્ઞાતિનો વ્યાપ બીજે કયાંય નથી. મુસ્લિમવાડ અને કોળીવાડ, ખાલપાવાડ, પારસીવાડ, માળીવાડ, બ્રાહ્મણવાડ અને વાણિયાવાડ એમ જ્ઞાતિ રીતે વસવાટો છે. જો કે હાલ તેમા ફેરફાર જોવા મળે છે. પરંતુ જ્ઞાતિ પ્રમાણે વિસ્તારોની ઓળખ પરંપરાગત જ્ઞાતિપ્રથાઓનો નિર્દેશ કરે છે. વળી જ્ઞાતિ વૈવિધ્યની દ્દષ્ટિએ દરજી, લુહાર, સુથાર, ઘાંચી, તંબોળી, મોચી, હજામ, માછી, દલિત અને રાનીપરજ જેવી અનેક જ્ઞાતિઓની ઠીકઠીક વસતી છે. આજે અહિં કાઠિયાવાડ, રાજસ્થાન,ખાનદેશમાંથી પણ અનેક કુટુંબો આવીને વસ્યાં છે.

આજે વ્યારા નગર ખ્રિસ્તી મિશનથી સોનગઢ ઝાંપા સુધીના ત્રણેક કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલું છે. નગરના પશ્ચિમ દ્વારથી પ્રવેશતા પૂર્વે જમણા હાથે ૧૯૭૨માં શરૂ થયેલી આર્ટસ અને કોમર્સ કૉલેજનું રળિયામણું વિદ્યાસંકુલ નજરે પડે છે. તો ડાબા હાથે કાર્પેટ કેન્દ્ર, શ્રી ઉકાઇ પ્રદેશ ખાંડ-ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળીનું ખાંડનુ વિશાળ કારખાનું અને જંગલ સહકારી મંડળીનું સંકુલ નજરે પડે છે. વ્યારા નગરનું પૂર્વ-પશ્ચિમ પ્રવેશદ્વાર ગાયકવાડી રાજયની ગૌરવગાથા ગાતી તોપ અને સુંદર નગરવાટિકાથી શણગારાયું છે. નગરના પશ્ચિમ દ્વાર આગળ જમણા હાથે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડાયેલો સુરત-ધુળિયા માર્ગ બન્યો છે. આ માર્ગ પર જ દક્ષિણાપથનું શાળા-સંકુલ નજરે પડે છે તો ડાબી તરફ પશ્ચિમથી પૂર્વ તરફ ગામની મધ્યમાં થઇને કાનપુરાને વીંધીને પસાર થતો માર્ગ છે. જે જૂના સમયમાં સુરત-બુરહાનપુર માર્ગ તરીકે જાણીતો હતો.

‘‘સાતપુડાના જંગલોની લીલી વનરાજીના ચરણોમાં રમતું ગુજરાતના પૂર્વદ્વાર સમું વ્યારા ઇતિહાસમાં જીવતું આવ્યું છે.’’ આવા વ્યારાની તવારિખ ભાતીગળ હોઇ તેનું વિસ્તૃત વર્ણન વ્યારા કૉલેજના ૧૯૭૫-૭૬ના વિશેષાંક આરણ્યકમાં આ પ્રમાણે થઇ છે. તેમાંથી મહત્ત્વની નોંધ અહિં પ્રસ્તુત છે.

પેશ્વાઇ દફતરોમાં વ્યારાને અંતાપુર પરગણાનું એક ગામ એવી નોંધ છે. ગામનો ફતેહબુરજ અને તેને અડીને આવેલી કોર્ટની દીવાલ આ પ્રદેશના વિજયના પ્રતિક જેવી હોઇ તેનું પહેલું નામ વિજયનગર હોવાની શાખ પૂરે છે. ત્યાર પછીની બૌદ્ધકાલીન વસાહતોને કારણે વિરળપુર,વિહારા અને છેવટે વ્યારાએ આકાર લીધાનો સંભવ છે. નવલકથાકાર ર.વ.દેસાઇએ વ્યારામાં જ લખેલી ભારેલો અગ્નિમાં વ્યારાને વિરાટપુર વર્ણવ્યું છે, તે જાણ નોંધપાત્ર છે.

**જંગલોથી ભરપૂર એવા આ તાલુકાના નામો સંસ્કૃતમય છે.**

દા.ત. કપુરાપુર(કપુરા) અસલાવાન (અગાસવાણ) અને કદલીવાન (કેળવણ) વ્યારાનો દક્ષિણ વિસ્તાર દંડ કારણ્યની ભૂમિ હોવાનું મનાય છે. ઇ.સ. ૧૭૦૭માં મોગલ બાદશાહ ઔરંગઝેબ મૃત્યુ પામતાં મોગલાઇ અસ્ત થવા લાગી અને મરાઠાયુગના મંડાણ થયા. ત્યાંના આદિપુરુષ મિલાજીરાવે ભીલો પાસે સોનગઢનો કિલ્લો જીતી લઇ ૧૭૧૯માં ગાયકવાડ શાસનનું પહેલું પાટનગર બનાવ્યું આજ નિમિત્તે પાડોશનું વ્યારા વડોદરા રાજયના તાબામાં ગયું. વર્ષો સુધી વ્યારાની ઓળખ સોનગઢ-વ્યારા જોડિયા નામ તરીકે ચાલુ રહી.


મોગલાઇ સ્થાપત્યના ફતેહબુરજમાં ૧૭મી સદીમાં અંગ્રેજ રાજદૂત થોમસ રોએ મુકામ કર્યાનો ઇતિહાસ છે. કોટની દીવાલની અડોઅડ આવેલું જૈનમંદિર દીવાલ પહેલાનું હોવાનું મનાય છે. તેમાં પૂજાનું પંચધાતુનું પતરું ૧૫મી સદીનું જણાયું છે.



# વડોદરા જિલ્લો






ખે ડા
આ ણં દ
પં ચ મ હા લ
છોટા ઉદેપુર
ભ રુ ચ
ન ર્મ દા
ભા ર ત
વડોદરા
વડોદરા રે. સ્ટે.
ગોધરા
આણંદ
કાલોલ
હાલોલ
ડાકોર
ઉમરેઠ
બોરસદ
આમોદ
તિલકવાડા
સાવલી
પાદરા
ડભોઈ
કરજણ
વાઘોડિયા
શિનોર

| | | |
|---|---|---|
| **જિલ્લાનું નામ** | : | **વડોદરા** |
| વડુ મથક | : | વડોદરા |
| ભૌગોલિક વિસ્તાર | : | ૪૧૧૧.૯૧ ચો. કિ.મી. |
| વાવેતર વિસ્તાર | : | ૩૦૨૬૬૭ હેક્ટર |
| પિયત વિસ્તાર | : | ૧૮૦૩૮૦ હેક્ટર |
| આબોહવા | : | ગરમ અને સૂકી |
| તાપમાન | : | મહત્તમ - ૪૩.૧, લઘુત્તમ - ૯.૪ |
| સરેરાશ વરસાદ | : | ૫૦૬ મી.મી. |
| નદીઓ | : | નર્મદા, વિશ્વામિત્રી, મહી, જાંબવા, સૂર્યા |
| જિલ્લાનો કુલ પાકો | : | કપાસ, ડાંગર, જુવાર, તુવેર, મકાઈ, ઘઉં, શાકભાઈ |
| જિલ્લાના કુલ તાલુકા | : | ૮ (વડોદરા, પાદરા, કરજણ, વાઘોડિયા, સાવલી, ડભોઈ, શિનોર, ડેસર) |
| કુલ વસવાટી ગામો | : | ૬૫૪ |
| કુલ ગ્રામપંચાયતોની સંખ્યા | : | ૫૪૦ |
| કુલ શહેરો | : | ૧૯ |
| નગરપાલિકાઓ | : | ૪ (પાદરા, સાવલી, ડભોઇ, કરજણ) |
| કુલ વસતી (૨૦૧૧ મુજબ) | : | કુલ : ૩૦૯૩૭૪૫, પુરુષો : ૧૬૦૮૮૩૭, સ્ત્રીઓ : ૧૪૮૪૯૦૮<br>ગ્રામ્ય વસતી : ૧૧૦૦૪૩૯ (૩૫.૫૭ ટકા)<br>પુરુષ : ૫૭૦૨૪૧, સ્રીઓ : ૫૩૦-૧૯૮<br>શહેરી વસતી : ૧૯૯૪૩૫૬ (૬૪.૪૩ ટકા)<br>પુરુષ : ૧૦૩૯૩૬૪, સ્રીઓ : ૯૫૪૭૧૦ |
| જાતિ પ્રમાણ | : | દર ૧૦૦૦ પુરુષોએ ૯૩૪ મહિલાઓ |
| વસતી ગીચતા | : | દર ચો. કિ.મી. દીઠ ૩૯૭ વ્યક્તિઓ |
| દર હજાર પુરુષે સ્રીનું પ્રમાણ | : | કુલ ૯૨૩ (ગ્રામ્ય-૬૯૬), (શહેરી-૯૩૦) |
| અનુસૂચિત જાતિની વસતી | : | કુલ ૧૯૬૩૫૦ (૬૩.૪૭ ટકા), પુરુષ-૧૦૧૫૭૦, સ્રી-૯૪૭૮૦<br>ગ્રામ્ય કુલ ૬૨૫૦૩, પુરુષ-૩૨૩૨૫, સ્રી-૩૦૧૭૮<br>શહેરી કુલ ૧૩૩૮૪૭, પુરુષ-૬૯૨૪૫, સ્રી-૬૪૬૦૨ |
| અનુસૂચિત જનજાતિની વસતી | : | કુલ ૨૯૩૦૩૯ (૯.૪ ટકા) પુરુષ-૧૫૨૭૬૫, સ્રી-૧૪૦૨૭૪<br>ગ્રામ્ય કુલ ૨૦૨૩૭૧, પુરુષ - ૧૦૪૮૯૫, સ્રી-૯૭૪૭૬<br>શહેરી કુલ ૯૦૬૬૮, પુરુષ-૪૭૮૭૦, સ્રી-૪૨૭૯૮ |
| સાક્ષર વસતી | : | ૨૩૮૫૨૦૩ |
| સાક્ષરતાનો કુલ દર | : | ૮૬.૪૫ ટકા, ગ્રામ્ય-૭૯.૯૬ ટકા, શહેરી - ૮૯.૯૬ ટકા<br>પુરુષ - ૯૧.૫૫, સ્રી - ૮૦.૯૭ ટકા |
| ગરીબી રેખા હેટળના કુટુંબો | : | ૦ થી ૧૬ - ૬૨,૯૩૨<br>૧૭ થી ૨૦ - ૫૬,૯૫૫ |
| આરોગ્ય સેવાઓ | : | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો - ૪૨, સામૂહિક આરોગ્ય કેન્દ્રો - ૧૦<br>પેટા આરોગ્ય કેન્દ્રો - ૨૪૨ |
| આરોગ્યની સગવડો | : | કુલ ઘટકો - ૧૦, આંગણવાડી કેન્દ્રો - ૧૩૪૪ |
| પ્રાથમિક શાળાઓ | : | ૧૧૭૨ |
| માધ્યમિક શાળાઓ | : | ૨૬૧ |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | : | ૩૦૩ |
| બેન્કીંગ સેવાઓ | : | ૬૧૯ |
| સહકારી મંડળીઓ | : | ૪૪૫૯ |

| | | |
|---|---|---|
| પશુધન (૨૦૧૨ મુજબ) | : | ગાયો-૧૪૭૩૫૨, ભેંસો-૨,૬૩,૬૮૯, ઘેટા-બકરાં-૧૨૫૮૦૦ ઘોડા અને ટટ્ટુઓ - ૩૪૪, અન્ય પશુધન - ૭૮૩૧ |
| પશુ દવાખાના | : | ૧૪ |
| પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો | : | ૧૭ |

## ઈતિહાસ :

પશ્ચિમ ભારતના પ્રાચીન અંકોટક અને વટપટક ગામેથી આજના વડોદરા સુધીના વિકાસની યાત્રા બે હજાર વર્ષો કરતાં પણ વધુ લાંબી છે. હજારો વર્ષો અગાઉ દરિયાપારના રોમ જેવા દેશો સાથે વ્યાપાર-વ્યવહાર કરનાર નગર આજે આધુનિક જગતમાં પણ અસ્તિત્વનું એક આગવું ઓજસ ધરાવે છે. સ્વતંત્રતા પૂર્વે આ નગરની સાથે સંકળાયેલો જિલ્લાનો ગ્રામ વિસ્તાર અંશતઃ ગાયકવાડ શાસન હેઠળ અને દેશી રજવાડાઓ/ઠકરાતોના શાસન હેઠળ હતો.

વિશ્વામિત્રી કાંઠે વસેલા વડોદરાને ગુજરાતના સાંસ્કૃતિક પાટનગરની ગરવી ઉપમા મળી છે. પુરાતન તામ્રપત્રો તેમજ પુરાવાઓ દર્શાવે છે કે, વડોદરા એ ગાયકવાડ શાસન પૂર્વે રાષ્ટ્રકુટ, ગુપ્ત વંશ, ચાલુકય વંશ, સોલંકી યુગ, મુઘલ કાળ, મુસ્લિમ અને મરાઠા શાસકોનો રાજ્યાનુભવ કર્યો છે. એક સમયે ચાર દરવાજાઓ વચ્ચેનું આ નગર કિલ્લા-એ-દૌલતાબાદ તરીકે પણ ઓળખાયું હતું.

મહારાજા સયાજીરાવ ત્રીજા આધુનિક વડોદરાના ભાગ્યવિધાતા ગણાય છે. ઇ.સ. ૧૮૮૫ થી ૧૯૩૬નો તેમનો શાસનકાળ વડોદરાના ઇતિહાસનું સુવર્ણપૃષ્ઠ ગણાય છે.

દૂરંદેશી અને પ્રજાવત્સલ સયાજીરાવ વિવિધ બહુલક્ષી સુધારાઓના જનક બન્યાં અને વડોદરા રાજ્યને વિદ્યુતશક્તિ, યાંત્રિક ઉદ્યોગો, રેલવે, પુસ્તકાલયો અને સહકારી ચળવળ, મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ તેમજ દારૂબંધી જેવા સુધારાઓના નવયુગમાં પ્રવેશ કરાવ્યો. તેમના શાસનકાળમાં સંગીત, નાટક, ચિત્ર, શિલ્પ, નૃત્ય, ગાયન જેવી કલાઓનો અપૂર્વ અને અપરંપાર વિકાસ થયો.

નર્મદા અને મહી નદી વચ્ચેના ફળદ્રુપ પ્રદેશમાં વિકસેલું આજનું વડોદરા વિશ્વવિખ્યાત શિક્ષણ સંસ્થાઓ, વિશાળ બાગ-બગીચાઓ, ભવ્ય રાજમહેલો, અતિઆધુનિક ઉદ્યોગો, વેપાર-વાણિજ્ય અને વિકાસલક્ષી પ્રવાહોનું ચેતના કેન્દ્ર છે જેણે વિવિધ પ્રદેશોના લોકોને વટવૃક્ષી વિશાળતામાં સમાવી લીધાં છે.

વડોદરા એક સંવેદના, આંદોલન, પ્રેમાનંદ, ડભોઇના દયારામ, ઉસ્તાદ ફૈયાઝખાં, મૌલાબક્ષ, શ્રીમદ્ર નૃસિંહાચાર્ય, મહર્ષિ અરવિંદ ઘોષ, શ્રી ઉપેન્દ્રચાર્ય, ડોંગરેજી મહારાજ, પૂ.પ્રમુખ સ્વામી, સાક્ષર રમણલાલ વસંતલાલ દેસાઇ, સુરેશ જોષી, રાજા રવિવર્મા, ભૂપેન ખખ્ખર, બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકર, ડૉ. આઇ.જી.પટેલ, ડૉ. વિક્રમ સારાભાઇ, નાનુભાઇ અમીન, કેપ્ટન વિજય હજારે, ચં.ચી.મહેતાથી લઈને નવયુગના સાક્ષર પદમશ્રી સિતાંશુભાઇ, શિલ્પકાર નાગજી પટેલ, સ્થપતિ કરણ ગ્રોવર, વિચારક ડૉ. ગુણવંત શાહ અને ક્રિકેટ સેન્સેશન અંશુમાન ગાયકવાડ, કિરણ મોરે, નયન મોંગિયા અને ઇરફાન પઠાણ જેવા વિલુપ્ત અને હયાત, અનેકાનેક નવરત્નોના વ્યક્તિત્વોમાં ગુંથાઇ ગયા છે. વડોદરાવાસીઓ વિશ્વના ખૂણે ખૂણે જઈને વસ્યા છે એટલે જ્યાં જ્યાં વસે વડોદરાવાસી ત્યાં ત્યાં ધબકે છે વડોદરા.

વડોદરા જિલ્લાના ઐતિહાસિક સ્થાપત્યોમાં કુતબુદ્દીનનો હજીરો, લક્ષ્મી વિલાસ પેલેસ તેમજ નગરશેઠની હવેલીના ભીંત ચિત્રો, સેવાસીની વાવ સહિત અનેક વાવો, ડભોઇનો કિલ્લો, હીરાભાગોળ ઇત્યાદીનો સમાવેશ થાય છે. કરનાળી, ચાંદોદ, માલસર, નારેશ્વર, શિનોર જેવા સ્થળો ધાર્મિક અને પૌરાણિક પ્રવાસન સ્થળ તરીકે મહત્ત્વના છે.

## શિલ્પ સ્થાપત્ય :

વડોદરા શહેર  કલા-સાહિત્યની સાથોસાથ શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ આગવું સ્થાન ધરાવે છે. વર્તમાન વડોદરાના શિલ્પી સયાજીરાવ ગાયકવાડને નગરરચના અને શિલ્પકલા પ્રત્યે અનેરો લગાવ હતો, જેનું પ્રતિબિંબ આજે વડોદરા શહેરની અનેક ઈમારતોમાં જોવા મળે છે. વડોદરા શહેરનું ન્યાયમંદિર,. પ્રતાપ વિલાસ પેલેસ, સંગ્રહાલયનાં સ્થાપત્યો વગેરે વિકટોરિયન યુગની યાદ અપાવે છે. આ ઉપરાંત ખંડેરાવ મહારાજએ બનાવેલ



મકરપુરા પેલેસ નજરબાગ પેલેસ, ઈન્દુમતિ પેલેસ, લક્ષ્મીવિલાસ પેલેસ, સ્થાપત્યનો ઉત્તમ બેનમૂન નમૂનો છે. ઈંટોથી બનાવેલ આ મહેલની બાંધણી ઈટાલિયન પદ્ધતિથી કરવામાં આવી છે. જેમાં સંગેમરમરના ફુવારા, તથા જાપાની પદ્ધતિનો સ્વિમિંગ પૂલ કલાનકશી ૧૩૦ એકરમાં વિશાળ બગીચા સાથે આવેલ છે. નજર બાગ પેલેસ, પ્રતાપ વિલાસ પેલેસ, ઈન્દુમતી પેલેસ, લક્ષ્મી વિલાસ પેલેસ, ન્યાયમંદિર જેવાં સ્થળોનો સમાવેશ થાય છે.

**લક્ષ્મી વિલાસ પેલેસ :**

આ પેલેસ મહારાજા સયાજીરાવ ત્રીજા દ્વારા બાંધવામાં આવ્યો હતો અને તેનું બાંધકામ ઈ.સ. ૧૮૯૦માં પૂર્ણ થયું હતું. જે રાજવી કુટુંબનું નિવાસસ્થાન બન્યું. આ મહેલમાં જૂના જમાનામાં વપરાતાં હથિયારો તથા ધાતુ અને આરસનાં શિલ્પસ્થાપત્યો મોજૂદ છે. તે સમયે પચ્ચીસ લાખના ખર્ચે તૈયાર થયેલા આ પેલેસ મહારાજા સાહેબનો પત્ની પિયરમાં "લક્ષ્મી અમ્મા"ને નામે ઓળખાતાં તેને આધારે લક્ષ્મી વિલાસ પેલેસ નામ પડ્યું છે.

**રેલવે સ્ટાફ કૉલેજ :** ૧૯૧૪માં બંધાયેલું આ મકાન પ્રતાપ વિલાસ પેલેસ તરીકે જાણીતું હતું.

**ફેકલ્ટી ઓફ આર્ટસ :** ઈ.સ. ૧૮૮૦માં બંધાયેલ આ ઈમારતની મધ્યમાં આવેલો ઘુમ્મટ ૧૪૪ ફૂટ ઊંચો છે, જે ભારતભરમાં બીજા સ્થાને છે.



**ન્યાય મંદિર :**

મહારાણી ચીમનબાઈના નામ ઉપરથી તૈયાર કરાયેલા આ ન્યાયમંદિરના મકાનના બાંધકામ પાછળ તે સમયે સાત લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. તે સમયે અહીં સભાઓ ભરાતી હતી. શહેરની મધ્યમાં સ્થિત શિલ્પના અદ્‌ભુત નમુનારૂપ આ ન્યાયમંદિરની ઈમારતમાં વડોદરા જિલ્લા કક્ષાની અદાલતની કામગીરી ચાલે છે.



**બરોડા મ્યુઝિયમ :**

સયાજી બાગમાં આવેલું આ મ્યુઝિયમ ૧૯૦૪માં પૂર્ણ થયું અને ત્યારબાદ દર વર્ષે પિક્ચર ગેલેરી તૈયાર કરવામાં આવી. પાંચમી સદીની ધાતુઓ અને કલાકારીગરીના નમૂનાઓ તેમજ તિબેટની કલાના નમૂનાઓ તથા યુરોપીયો ચિત્રોનો અહીં સંગ્રહ કરવામાં આવ્યાં છે.

**કીર્તિ મંદિર :**

ગાયકવાડ પરિવારની સ્મૃતિમાં ૧૧૦ ફૂટ ઊંચા શિખરવાળું આ કીર્તિ મંદિર બાંધવામાં આવ્યું. નંદલાલ બોઝનાં અનેક ચિત્રોએ આ ઈમારતને આકર્ષક બનાવી છે.



**કાલાઘોડા :**

વડોદરાના સયાજી બાગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે ઘોડા ઉપર સવાર મહારાજ સયાજીરાવ ગાયકવાડનું સુંદર બાવલું મૂકવામાં આવ્યું છે.

**સરદાર પટેલ પ્લેનેટોરિયમ :**

સયાજી બાગમાં આવેલા આ પ્લેનેટોરિયમમાં તારા, ગ્રહ, નક્ષત્રની જાણકારી માટે અંગ્રેજી, હિંદી અને ગુજરાતીમાં શો યોજવામાં આવે છે.

### સૂરસાગર તળાવ :

વડોદરા શહેરની મધ્યે આવેલા આ સૂરસાગર તળાવ સરેરાશ ૧૨ ફૂટની ઊંડાઈ ધરાવે છે. તેમ જ ૬૬૫ ફૂટ પહોળું અને ૧૦૬૦ ફૂટ લાંબું છે, જે પથ્થરોનાં પગથિયાં અને કિનારાઓથી સુશોભિત છે. ઉપરાંત કાયમી પાણીથી ભરેલું રહે છે.

### સયાજીબાગ પ્રાણી સંગ્રહાલય :

મહારાજ સયાજીરાવે ૧૮૭૯ની ૮મી જાન્યુઆરીએ જાહેર જનતા માટે ખુલ્લું મૂકેલું આ સંગ્રહાલય વડોદરા માટે યશકલગી સમાન છે. ૧૦૦ પ્રકારનાં પશુ-પંખીઓ અને જળચર પ્રાણીઓ છે. જુદા જુદા ૨૯ પ્રકારના ૨૦૫ની સંખ્યામાં સસ્તન પ્રાણીઓ સહિત બેનમૂન પક્ષીઓ આકર્ષણનું કેન્દ્ર છે.

### ઈ.એમ.ઈ. ટેમ્પલ :

જ્ઞાન દક્ષિણા મૂર્તિનું આ મંદિર છે. એલ્યુમિનિયમના પતરાથી ટંકાયેલ અને લાકડાથી બનેલાં આ મંદિરની ડિઝાઈન અદ્‌ભુત છે.

### લાલ બાગ પેલેસ :

લાલ બાગ પેલેસનું મૂળ નામ પ્રતાપ વિલાસ પેલેસ હતું. મુંબઈના શિલ્પશાસ્ત્રી સ્ટીવન્સે તૈયાર કરેલા પ્રતાપ વિલાસ પેલેસમાં પ્રતાપસિંહરાવ રહેતા હતા.

### નજરબાગ પેલેસ :

મલ્હારરાવ મહારાજાએ ૧૮૭૧માં આ મહેલ બંધાવ્યો હતો. રાજકુટુંબોમાં જ્યારે જ્યારે લગ્ન જેવા પ્રસંગો ઊજવાતા ત્યારે ગ્રામજનો તથા મહેમાનોને મહેલના પાછળના ભાગે ઉતારો અપાતો. આવા પ્રસંગોએ તેમને રાજાશાહી વિવાહ જોવા-જાણવા મળતા. અહીં મહેલના નીચેના ભાગે જમાદાર બાનું સરકારી ઝવેરાત, અમૂલ્ય વસ્તુઓ સાચવવામાં આવતી.

### મકરપુરા પેલેસ :

ઈટાલિયન પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલો આ પેલેસ મહારાજા ખંડેરાવે ૧૩૦ એકર જમીનમાં બંધાવ્યો હતો. કલા નકશીના બેનમૂન નમૂનાઓવાળી આ ઈમારત એક મહેલ જેવી દેખાય છે, જેમાં સંગેમરમરના ફુવારા, ઈલેક્ટ્રિક ફુવારા, જાપાની પદ્ધતિનો સ્વિમિંગ પૂલ, હંસો માટે તળાવ વગેરે આવેલાં છે.

### ઈન્દુમતી પેલેસ :

મહારાજા પ્રતાપસિંહનાં મોટા બહેનના નામ ઉપરથી આ નામ આપવામાં આવ્યું છે.

### આજવા - નિમેટા :



શહેરથી ૨૦ કિ.મી. દૂર આવેલા અને શહેરને પાણી પૂરું પાડનાર આજવા સરોવર પણ રમણીય અને સહેલગાહનું સુંદર સ્થળ છે. આજવા સરોવરને સંલગ્ન મહિસુરના બેનમૂન વૃંદાવન ગાર્ડનની યાદ અપાવે તેવા અનેક રંગબેરંગી ફુવારાઓથી શોભતો ઉદ્યાન આવેલો છે. આ ઉપરાંત નિમેટા પાસે આવેલો સુંદર બગીચો પર્યટકો માટે આકર્ષણરૂપ બની રહ્યો છે.

### ડભોઈ :

વડોદરાની પૂર્વ દિશામાં ૩૦ કિ.મી.ના અંતરે આવેલો ડભોઈની હીરાભાગોળનો દરવાજો કોતરકામનો સુંદર નમૂનો છે. આ ઉપરાંત વડોદરા ખાતે સરકાર દ્વારા ચાલતી પોલીસ તાલીમ શાળા, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતું નારી સંરક્ષણ ગ્રહ, સરકારી અંધ વિદ્યાલય, અપંગ બાળગૃહ, વડોદરા જિલ્લા બાળ સંરક્ષણ ગૃહ, રાષ્ટ્રીય અંધજન મંડળ, અંધકન્યા વિકાસ ગૃહ વગેરે જેવી સંસ્થાઓ વડોદરાનું જમા પાસું છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અંધ, અપંગ સ્ત્રી-બાળકો માટે તેમજ અંતેવાસી બહેનો અને અનાથ-નિરાધાર બાળકો માટે અનેકવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.






ન વ સા રી
ડાંગ
મ હા રા ષ્ટ્ર
મ હા રા ષ્ટ્ર
દાદરા અને
નગર હવેલી
દ મ ણ
દમણ
(દમણ અને દીવ)
અ ર બ   સા ગ ર
ભા
ર
ત
વલસાડ
ધરમપુર
પારડી
કપરાડા
ઉમરગામ
સેલવાસ
વાપી

| | |
|---|---|
| **જિલ્લાનું નામ** | **: વલસાડ** |
| સ્થાપના વર્ષ | : ૧૯૬૪માં સુરતમાંથી વલસાડ જિલ્લાની રચના કરવામાં આવી હતી. સુરતનું વિભાજન થતાં વલસાડ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો અને ૧૯૯૭માં વલસાડમાંથી નવસારી જિલ્લાની રચના થઈ. |
| જિલ્લાનુ વડું મથક | : વલસાડ |
| સ્થાન | : ૨૦.૮૦ થી ૨૧.૯ ઉત્તર અક્ષાંશ. ૬૨.૩૯ થી ૭૩.૩૦ પૂર્વ રેખાંશ |
| ક્ષેત્રફળ | : ૨૯૪૭ ચો.કિ.મી., ૨૯૪૪૧૨ હેક્ટર, |
| વસતી | : પુરુષ - ૮,૮૭,૨૨૨, સ્ત્રી - ૮,૧૮,૪૫૬ કુલ - ૧૭,૦૫,૬૭૮ |
| તાલુકા | : ૬ (વલસાડ, પારડી, વાપી, ઉમરગામ, કપરાડા અને ધરમપુર) |
| કુલ ગામો | : ૪૬૭ |
| મુખ્ય વ્યવસાય | : ખેતી, પશુપાલન, વેપાર-ઉદ્યોગ, |
| ખેતી પાકો | : ડાંગર, કેરી, ચીકુ, કેળ, કાજ. બાગાયત પાકો. વગેરે |
| ખનિજ મુખ્ય ખનીજ/ ગૌણ ખનીજ | : બ્લેક ટ્રેપ, રેતી, ઈંટ, લાઈમ સ્ટોન, મોરમ, ગ્રાવલ |
| જમીનનો પ્રકાર | : ડુંગરાળ પ્રદેશ, મેદાની પ્રદેશ, કાંઠા વિસ્તારમાં ખારપાટનો પ્રદેશ અને ખાંજણ વિસ્તાર |
| સમુદ્ર કિનારો | : ૬૩ કિ.મી. |
| હવામાન | : ૧૦ થી ૪૦ ડિગ્રી સુધીનું હવામાન |
| આબોહવા | : ગરમ, ભેજવાળી, સમઘાત તથા ખુશનુમાં પ્રકારની આબોહવા |
| વરસાદ સરેરાશ | : ૩૦૦૦ મી.મી. વરસાદ |
| જંગલો/વન સંપદા આરક્ષિત વન વિસ્તાર | : ૩૮,૭૮૫.૨૪ હેક્ટર, સાગ, સીસમ, ખેર, ચંદન, મહુડો |
| નદીઓ | : ઔરંગા, પાર, કોલક, દમણગંગા, |
| જળાશયો | : મધુબન ડેમ |
| ઉદ્યોગો | : જાહેર ક્ષેત્ર : ૪, ખાનગી ક્ષેત્ર : ૨૪૪૪ |
| લઘુ ઉદ્યોગો | : ૫૮૪ |
| રંગ અને રસાયણ | : ન્યૂઝ પ્રિન્ટ, ક્રાફટ પેપર, પ્લાસ્ટિક, રબર, ઉન, રેશમ, સિન્થેટિક ફાયબર, ધાતુની પેદાશ, બાંધકામ સંલગ્ન ઉત્પાદનો ખાંડ ઉદ્યોગ |
| ઔદ્યોગિક વસાહતો | : ૫ (વાપી, પારડી, સરીગામ, ગુંદલાવ, ઉંમરગામ) |
| રેલવે માર્ગ | : ૭૫ કિ.મી., રેલવે સ્ટેશન-૧૦ |
| રાજ્ય પરિવહન સેવા | : તમામે તમામ ૪૬૯ ગામોમાં બસ સેવા ઉપલબ્ધ છે |
| નજીકના હવાઈ મથકો | : દમણ-૪૦ કિલોમીટર, સૂરત-૯૦ કિલોમીટર મુંબઈ-૨૨૫ કિલોમીટર |
| યાર્ડબજાર સમિતિઓ | : ૫ (વલસાડ, પારડી, ધરમપુર, કપરાડા અને ઉમરગામ) |
| માર્કેટ યાર્ડ | : ૧૧ (વલસાડ-૩, પારડી-૪, ધરમપુર-૨ અને કપરાડા-૨) |
| દૂધ ઉત્પાદક મંડળીઓ | : ૩૯૧, સભ્ય સંખ્યા : ૪૨,૫૭૮ |
| માછીમાર સહકારી મંડળીઓ | : ૨૩, સભ્ય સંખ્યા : ૧૨,૭૬૬ |
| મીઠાના અગરો | : ૧૧ |
| શૈક્ષણિક સંસ્થાઓ | : પ્રાથમિક શાળાઓ - ૯૯૫, માધ્યમિક શાળાઓ - ૨૨૩ |

| | |
|---|---|
| કૉલેજો | : ૧૩ |
| ગ્રંથાલયો/વાંચનાલયો | : ૪૭ |
| વાંચનાલયો | : ૩૭ |
| આરોગ્ય સેવાઓ-હોસ્પિટલો | : (સરકારી-૧૨, ન.પા.સંચાલિત-૨, ન.પા. સિવાયની સરકારી સહાય મેળવણી હોસ્પિટલ-૨) |
| દવાખાનાઓ | : (સરકારી-૩૯, સરકારી સહાય મેળવતા-૨, આયુર્વેદિક દવાખાના-૭) |
| આંગણવાડી કેન્દ્રો | : ૧૮૬૦ |
| સિંચાઇ સવલત | : ૩૮૦ ગામોમાં, ઉત્પન્ન સિંચાઇ શક્તિ : ૧૨,૬૮૪ હેક્ટર |
| કુલ માર્ગોની સંખ્યા | : ૬૬ માર્ગો, રાષ્ટ્રીય ધોરીમાર્ગ -૬૩ કિ.મી., રાજ્ય ધોરીમાર્ગ - ૩૭૭ કિ.મી., જિલ્લા માર્ગ - ૧૧૦ કિ.મી., ગ્રામ્ય માર્ગ - ૩૩ કિ.મી., અન્ય માર્ગો - ૪૩ કિ.મી. |
| જિલ્લા પંચાયત | : ૦૧ |
| તાલુકા પંચાયતો | : ૦૫ |
| ગ્રામ પંચાયતો | : ૩૭૩ |
| નગરપાલિકાઓ | : ૫ (વલસાડ, પારડી, વાપી, ઉમરગામ અને ધરમપુર) |
| સાક્ષરતા દર | : ૮૦.૯૪ ટકા (પુરુષ-૮૭ ટકા, સ્ત્રી-૭૪.૪૦ ટકા) |
| જન્મ દર | : ૧૯.૮ ટકા |
| મૃત્યુ દર | : ૬ ટકા |
| સેક્સ રેશિયો(૧૦૦૦ પુરુષે) | : ૯૨૬ સ્ત્રીઓ |
| સખી મંડળો/મહિલા મંડળો | : ૮૪૦૦ |
| યુવક મંડળો | : ૨૫૫ |
| લોકસભાની બેઠકો | : ૧, ૨૬ : વલસાડ (અ.જ.જા.) |
| વિધાનસભાની બેઠકો | : ૫<br>૧૭૮ : વલસાડ (જનરલ), ૧૭૯ : ધરમપુર (અ.જ.જા.)<br>૧૮૦ : કપરાડા (અ.જ.જા.), ૧૮૧ : પારડી (જનરલ)<br>૧૮૨ : ઉમરગામ (અ.જ.જા.) |
| જિલ્લા પંચાયતની બેઠકો | : ૩૧ |
| તાલુકા પંચાયતની બેઠકો | : વલસાડ : ૩૧, પારડી/વાપી : ૨૭, ઉમરગામ : ૨૫, કપરાડા : ૨૫ ધરમપુર : ૨૧ |
| દૈનિક અખબારો | : ૪ (ચાર) સત્ય ડે : વલસાડ, દમણગંગા ટાઈમ્સ : વાપી, પ્રજા સમાચાર : વાપી, ગુજરાત ચિત્ર : ભીલાડ, |
| જોવાલાયક સ્થળો | : ધરાસણા, ઊંટડી, પારનેરા, તીથલનો ગોલ્ડન બીચ, તડકેશ્વર, ફલધરા, ઉદવાડા, બગવાડા, સંજાણ, નારગોલ, ઉમરગામ વર્જિન બીચ, પાનસનું વનૌષધિ ઉદ્યાન, દાબખલનું સહ્યાદ્રી સૃષ્ટિ કેન્દ્ર, ધરમપુરનું લેડી વિલ્સન મ્યુઝીયમ તથા સાયન્સ સેન્ટર, ઉમર ગામનો વૃંદાવન સ્ટુડિયો, મધુબન ડેમ, નારગોલ બીચ. |

## વડની વડવાઇએ વનપરીને ઝૂલાવતો પ્રદેશ - વલસાડ જિલ્લો

વલસાડ જિલ્લો વલસાડ, ધરમપુર, કપરાડા, પારડી અને ઉમરગામ તાલુકાઓનો બનેલો છે. કુદરત આ જિલ્લા પર ચારે હાથે વરસતી હોય તેવી એની ભૌગોલિક રચના છે.

ઘૂઘવતા અરબી સમુદ્રમાં પગ બોળીને બેઠો હોય કે સહ્યાદ્રિ પર્વતમાળાની ટેકરીઓના ઓશીકે

માથું ટેકવી આડો પડ્યો હોય, લીલાછમ્મ લિબાસમાં આકાશમાંથી પણ ઓળખાય તેવો સોહામણો પ્રદેશ એટલે વલસાડ જિલ્લો.

વિશ્વ પ્રવાસી આગંતુક પંખીઓથી, વિશાળ પટવાળી નદીઓથી ગુંજતો, લીલીછમ્મ વાડીઓ અને ચીકુ, કેરી વગેરે ફળોથી મઘમઘતો, વન અને નગર સંસ્કૃતિના સમાંતર પ્રવાહે ગતિશીલ આ જિલ્લાને વિજ્ઞાન અને અધ્યાત્મના સંગમતીર્થ બનવાનું પણ સદ્ભાગ્ય સાંપડ્યું છે. સંસ્કૃતિઓના સુભગ સમન્વયથી ખરેખર કવિશ્રી ઉશનસ્‌ના ''ધન્ય ધરા વલસાડી'' શબ્દોથી નવાજવાને લાયક બન્યો છે.

આ ધરતીએ ઇતિહાસને કેટકેટલીવાર કરવટ બદલતો જોયો છે. ઇતિહાસને પાને અધિકૃત થોડું ઘણું નોંધાયું હશે અને ઘણું અજાણ્યું રહ્યું હોય એવું આ ધરા પાસે ભૌગોલિક રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક અને આયામોનું સમૃદ્ધ ભાથું છે. કોઇ પણ પ્રદેશનો પિંડ ફકત તેમાં રહેતા માણસોથી નહીં પણ સમગ્ર વાતાવરણ અને પરિવેશથી ઘડાતો હોય છે. વલસાડ પ્રદેશનો પિંડ તેના નદી, નાળાં, સમુદ્ર, સરોવર, કૂવા, વાવ, ફળ, ફૂલ વૃક્ષો, પંખી, પ્રાણીસૃષ્ટિથી જીવંત રહ્યો છે, સાચે સાચ સજીવ રહ્યો છે.

વલસાડ જિલ્લા પર પ્રકૃતિ મન મૂકીને વરસી છે અને દરેક ચોમાસામાં વલસાડ પર વરસાદ પણ મન મૂકીને વરસે છે એ જિલ્લાનું સૌભાગ્ય છે. પૌરાણિક માન્યતા અનુસાર આ ધરા પરશુરામના આશીર્વાદથી અલંકૃત છે. એવી લોકવાયકા છે કે, વનવાસ દરમિયાન રામ, લક્ષ્મણ તથા સીતાજી અહીં વિચર્યા હતાં. હનુમાનજી અને સુગ્રિવના પ્રથમ મિલનનું સ્થાન પણ આ જિલ્લામાં છે. સુવર્ણમૃગ દર્શન ઘટના પણ અહીંના મૃગમાળ ગામે બનેલી જ્યાં રામે મૃગરૂપી મારીચને તાન નદી પાસે માર્યો હતો.

ભારતના પ્રાચીન ૧૮ મુખ્ય પર્વતોમાંથી સહ્યાદ્રિ પર્વતમાળા, પુરાણોમાં જેનો ઉલ્લેખ દંડકવન/દંડકારણ્ય તરીકે છે, તે પર્વતમાળામાંથી ઔરંગા, ખરેરા, પાર, માન, તાન, નાર, કોલક, દમણગંગા જેવી વહેતી નદીઓ જિલ્લાના હૃદયને તાજગી બક્ષતી ધમનીઓની જેમ વહી રહી છે. આ નદીઓ અરબી સમુદ્રને મળે છે. વિવિધ ઋતુઓના નિખારમાં આ જિલ્લાની આબોહવા ખુશનુમા રહે છે. અહીં લગભગ સમઘાત હવામાનની હાજરી હોય છે. એના લીધે પ્રજા પણ સમમાં જીવે છે, પ્રજાના જીવનમાં સમતા છે. આત્યંતિકતાનો અભાવ છે. પ્રજા પર ભૂગોળના ભરપૂર આશીર્વાદ છે. એક બાજુ પશ્ચિમે પરદેશ સાથે વેપારી સંબંધો જોડી આપતો અરબી સમુદ્ર છે, તો પૂર્વે ડાંગ, ઉત્તરે નવસારી અને દક્ષિણે મહારાષ્ટ્ર તથા દાદરા નગર હવેલીના પ્રદેશો છે, જે બધા લીલાંછમ વિસ્તારો છે. એ રીતે દક્ષિણ ગુજરાતનો હર્યોભર્યો પ્રદેશ વલસાડ જિલ્લો છે. મુંબઇના સાંનિધ્યથી વલસાડને વેપાર ઉદ્યોગમાં ખૂબ મહેર થઇ છે. અત્યારે અતિ વિકસિત નેશનલ હાઇવે નં.૮ ને લીધે, રેલવેની જેમ, રોડથી પણ ત્રણેક કલાકમાં મુંબઇ પહોચવું શક્ય છે. ભવિષ્યમાં જાપાનની મદદથી આકાર લેનાર મુંબઇ-દિલ્હી ઔદ્યોગિક કોરિડોરમાં વલસાડનું ઔદ્યોગિક નસીબ વધુને વધુ ખૂલતું જાય છે.

વલસાડમાં નદીઓની હાજરીથી જમીન ફળદ્રુપ છે. સમુદ્રને સ્પર્શતી ખારાપાટની જમીનને બાદ કરતાં, બાકીની જમીન, ખાસ તો વલસાડ અને પારડી તાલુકામાં કાળી જમીન છે. જે કપાસ, ડાંગર-શેરડી જેવા પાકો માટે અનુકૂળ છે, તો આદિવાસી વિસ્તારો ધરમપુર તથા કપરાડા તાલુકા (એક સમયે અવિભાજિત ધરમપુર તાલુકો/બીજા રાજ્યોના ઘણા જિલ્લા કરતાં પણ મોટો હતો !)માં ગોરાડું જમીન છે. જ્યાં કોદરા, નાગલી, કાજુ, નારિયેળ, જાંબુ, રાયણ, ચીકુ વગેરે ધાન્ય તથા ફળ પાકે છે, તથા મગ, તુવેર, વાલ જેવાં કઠોળ પણ મબલખ પાકે છે. વલસાડી હાફૂસને લીધે તો વલસાડ વિશ્વ વિખ્યાત છે. આ સિવાય પણ ભારતભરમાં ક્યાંય નહીં હોય એટલી વિવિધતાવાળી કેરીઓનો પાક અહીં થાય છે. હવે વલસાડી કેસર પણ જૂનાગઢની કેસર જેવી વખણાય છે. ટૂંકમાં બારે મહિના ફળફળાદિની સોડમથી જિલ્લાની પોતિકી મહેક છે. વલસાડી સાગ પણ આખા ભારતમાં તેની ગુણવત્તાને લીધે પ્રખ્યાત છે. અંગ્રેજીમાં ટીમ્બર શબ્દના બે અર્થ થાય છે, બીજો અર્થ આંતરિક તાકાત એ રીતે પણ વલસાડનું ટીમ્બર જાણીતું છે. વલસાડના પનોતા પુત્રો ભુલાભાઇ દેસાઇ તથા મોરારજી દેસાઇમાં આ વલસાડી ટીમ્બર પૂરેપૂરું ઉજાગર થયું હતું.

વલસાડ જિલ્લા પાસે ભવ્ય ઐતિહાસિક વારસો પણ છે. વલસાડના મૂળ/પ્રાચીન નામથી શરૂઆત કરીએ. વલસાડનું મૂળ નામ 'ન્યગ્રોધપુર' હતું. ન્યગ્રોધ એટલે વડ. શરૂઆતમાં વડસાળ હશે જે પાછળથી વલસાડ થયું. આજે પણ આ જિલ્લામાં સૈકાઓ જૂના ભવ્ય વડ હયાત છે. વેદ વ્યાસે વિષ્ણુ સહસ્ત્રમાં ઈશ્વરીય શકિતધારી વૃક્ષોમાં ન્યગ્રોધ (ન્યગ્રોધ, ઉદુંબર, અશ્વત્થ)ને પ્રથમ સ્થાન આપ્યું છે. આ ઈશ્વરી શકિતનો વિકાસ અને વિકાસના પરચા પારનેરા પર્વત, તીથલ (મૂળે તીર્થ સ્થળ)ના દરિયા કિનારે તથા બીજા કેટલાંય આંતરિક સ્થાનો (દા.ત. નંદિગ્રામ, બગવાડા) ખાતે મળે છે. આખા ગુજરાતમાં એકમાત્ર શારદામઠ વલસાડ ખાતે છે. જ્યાં ઠાકુર રામકૃષ્ણ અને મા શારદામણિની હાજરી અનુભવાય છે. કહેવાય છે કે વિશ્વામિત્ર ઋષિએ નદી પાર કરવા પારનેરા પર્વત પરના મહાકાલીની સાધના કરી, આશીર્વાદ મેળવી જળમાર્ગને પાર કરી ગયેલા, એટલે નદીનું નામ 'પાર' થયું છે તથા તેના કિનારે આવેલું નગરનું નામ પણ પારડી છે. આજે બધા ધર્મોના સંપ્રદાયો તથા ફિરકાઓનું પોતપોતાની રીતે ગૌરવભર્યુ સહઅસ્તિત્વ વલસાડ જિલ્લામાં છે. અહીંના અનુપમ પ્રજાકીય સુમેળ પાછળ ઈશ્વરીય શકિતઓની પરમ કૃપા છે.

ગુજરાતનો પ્રામાણિક ઈતિહાસ મૌર્યકાળથી શરૂ થાય છે, ત્યારથી જ સમસ્ત તળ પ્રદેશ પર તે ઈતિહાસ ધારા પ્રવર્તે છે. ત્યાર બાદ અનુમૌર્ય કાળ, ક્ષત્રપકાળ, ગુપ્તકાળ, ચૈત્રકકાળ, નવસારીના ચૌલુક્યો, રાષ્ટ્રકૂટ શાસન, અનુમૈત્રક કાળ, સોલંકીકાળ, નાંદિપુરના ચૌલુક્યો, વાંસદાના ચૌલુક્યો, મધ્યકાલીન દિલ્હીના સુલતાનના શાસન, પોર્ટુગીઝ શાસન, મુગલ શાસન, મરાઠી (પેશ્વાઇ) શાસન, બ્રિટીશ શાસન આઝાદી ચળવળના ક્રાન્તિ બીજની રોપણીનો સમય, ૧૮૫૭ના બળવાના પ્રવાહ, ધરમપુર તથા વાંસદાનું રાજ્યશાસન, સ્વાતંત્ર્ય સંગ્રામોમાં જનપદની સામેલગીરી, બંગભંગ ચળવળ વગેરે પ્રવાહોની અસરો આ જિલ્લાના પ્રજાજીવન પર પડી છે. છેલ્લી સદીમાં ગુજરાતમાં જહાલપક્ષ અને હોમરુલ આંદોલનમાંનો પ્રભાવ, અસહકાર આંદોલન, સવિનય કાનૂન ભંગ, ધરાસણા તથા દાંડી-મીઠા સત્યાગ્રહ, હરિપુરા કોંગ્રેસ અધિવેશન (મૂળે વલસાડ જિલ્લો સુરત જિલ્લાનો ભાગ હતો, અત્યારનો નવસારી જિલ્લો પણ વલસાડ જિલ્લાનો ભાગ હતો.) દાંડીયાત્રા, ધરાસણા સત્યાગ્રહ, ૧૯૪૨નું હિન્દ છોડો આંદોલન વગેરે અહીંના વડીલવર્ગ માટે આજે પણ તરોતાજી ઘટનાઓ છે.

ઈતિહાસના પ્રવાહોની નોંધપાત્ર ઘટનાઓમાં પ્રજાકીય અસરની દૃષ્ટિએ અનુમૈત્રક તબક્કામાં જરથોસ્તીઓનું આગમન એ ખૂબ મોટી ઘટના છે. દૂધમાં સાકરની જેમ ભળી જવાની ભાવનાથી સવાઇ ગુજરાતી તથા આગળ વધી સવાઇ ભારતીય થવાનું ગૌરવ લેવાની લાયકાત આ કોમે બતાવી છે. અર્વાચીન ભારતનો વિજ્ઞાન, ઉદ્યોગ, લશ્કરી દૂરંદેશી વગેરેમાં આ પારસીકોમનો ખૂબ મોટો ફાળો છે. વિશ્વભરમાં ફેલાયેલા ઉચ્ચ પારસી સજ્જનો પાછળ લાગતી તેમની અવટંક (અટક) વલસાડ જિલ્લાના શહેરો/ગામોની યાદ અપાવે છે.

સામાજિક જીવન તપાસતાં અહીં આદિવાસીઓની વિશાળતા ઉડીને આંખે વળગે છે. સાથે સમુદ્ર કિનારે વસતી માછીમાર સમાજની આગવી રીતભાતો પણ નોંધનીય છે. ભારતના પ્રમુખ ધર્મો હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, જૈન, જરથોસ્તી વગેરે પાળતા, પણ પોતપોતાના પંથ કે ફિરકાઓથી આગવી ઓળખ જાળવતા પ્રજા સમૂહોના સહઅસ્તિત્વ અને સહિષ્ણુતાથી સામાજિક પોત ઘટ્ટ છે. લગભગ આખા ગુજરાતની જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ તથા તેમનાં ગોળ પરગણાં એ બધાની હાજરી, બીજા જિલ્લાઓની જેમ અહીં યથાવત છે.



અનુસૂચિત જાતિ મહદ અંશે શહેરી વિસ્તારોમાં છે. વલસાડ જિલ્લાની ઉદારમત સંસ્કૃતિને લીધે તથા સતત વધતા જતા કેળવણી અને શહેરી પ્રવાહો સાથે સમત્વ સાધવાને લીધે

જિલ્લામાં સદભાવનાનું આગવું સ્થાન છે.

અનુસૂચિત જનજાતિની વિવિધ પેટા જાતિઓથી વલસાડ જિલ્લો ભર્યોભાદર્યો છે અને વલસાડની સંસદીય બેઠક તેમના માટે અનામત છે. આદિવાસીઓ વન અને ડુંગરાળ પ્રદેશમાં વસનારા છે અને હિન્દમાં આવી વસનારી અન્ય પ્રજાઓ (દા.ત. આર્યો કે બીજી આક્રમણ પછી આવી સ્થાયી થયેલ પ્રજાઓ)ના આગમન પૂર્વેથી આ લોકો અહીં વસે છે. ધોડિયા ધરમપુર, વલસાડ તથા પારડી, કોંકણા કપરાડા તથા ધરમપુર, હળપતિ મોટા ભાગે વલસાડ તથા પારડી તાલુકામાં, તથા વારલી સમુહ ઉમરગામ તાલુકામાં જોવા મળે છે. આદિમ જૂથના કોળચા સમૂહો વલસાડ, ધરમપુર અને કપરાડા તાલુકાઓમાં છે. પ્રકૃતિ તથા તેનાં તત્વોના/પ્રાણીઓના આ લોકો પૂજક છે. રાનીપાડા, નંદરવો, ઘોડાદેવ, વાઘદેવ, બહ્મા-ભરમ દેવ વગેરે તેમના દેવો છે, જ્યારે દેવી રાણી પાંઢર માતા છે. અગાસી (મૂળે અઘનાશિની સંસ્કૃત નામ પરથી અપભ્રંશ) માતા છે. ગામ દેવ, ડુંગર દેવ, સીમાડિયા દેવ પણ ખરા, ગુજરાતમાં વ્યાપક શીતળા દેવી પણ ખરાં. ધરમપુર તાલુકામાં કામળી જાતિના લોકો પણ કોંકણ પટ્ટીની જેમ વરૂણ વરસાદને પણ દેવ તરીકે માને છે. અહીંના આદિવાસી, ગુજરાતના પૂર્વાંચલમાં વસતા આદિવાસીઓની જેમ સહજ રીતે કુદરતી જીવન જીવે છે. અહીં રાજપૂત, ક્ષત્રિય અસરો સાથે કોંકણી તથા મરાઠી જીવન શૈલીની પણ અસર છે. એક સમયે ડુંગરાળ પ્રદેશમાં આદિવાસી પુરુષો લંગોટીભેર કે સ્ત્રીઓ કાછડી મારેલ કપડાં અને કાંચળીમાં જીવતાં, પણ આજે શહેરીકરણની અસરને લીધે પુરુષો ધોતી ઉપર પહેરણ કે પેન્ટ શર્ટ તથા સ્ત્રીઓ વ્યવસ્થિત કપડાંમાં સજ્જ થતી જાય છે.

માતૃપ્રધાન સમાજ વૈવાહિક સંબંધોમાં વધારે ખુલ્લો છે. જીવન શૈલી પણ બંધિયાર નથી. ખોરાક શાકાહારી તથા માંસાહારી બંને ચાલે છે. તહેવારોમાં ઉજળિયાતના તહેવારો દિવાળી, દિવાસો પણ ખરા, પણ હોળી આ લોકોનો મુખ્ય તહેવાર છે. તેમનાં 'ભવાડા નૃત્યો' તેમની વિશિષ્ટતા છે.

ખાસ ઉલ્લેખનીય બાબત અહીંના વારલી આદિવાસી કલાકારોએ ઊભી કરેલી વિશિષ્ટ 'વારલી ચિત્રકારી' છે. દેશ પરદેશમાં બંગાળી 'અલ્પના'ની જેમ આંગણાની ભીંતો આ પ્રજા, ચોખાના લોટની પેસ્ટથી શણગારતી, આવાં વારલી ભીંત ચિત્રો હવે તો કાપડ પર પણ ચીતરાઇ દેશ પરદેશમાં પ્રખ્યાત થયાં છે.

સાગર કિનારે વસતા માછીમારો મત્સ્ય ખેડૂતો તરીકે જાણીતા છે. નજીકના દરિયામાં નાનકડી હોડીઓ/હોડકાંથી માછલીઓ પકડી, નજીકના બજારમાં વેચી પોતાનું ગુજરાન ચલાવતી આ પ્રજા ખમીરવંતી છે. તેમજ યાંત્રિક બોટથી દૂર દરિયામાં સાગરખેડુ મત્સ્યોદ્યોગ દ્વારા રોજી મેળવે છે. માછીમારી બોલીમાં સૂરતી લોકબોલીની છાંટ છે તો પણ સૂરતી બોલીથી તે ઘણી રીતે જૂદી પડે છે. સ્વતંત્ર બોલી ગણી શકાય તેમ છે, છતાં પણ સંસર્ગને લીધે કાઠિયાવાડી, મરાઠી, કોંકણીની આ બોલી પર અસર છે. પહેરવેશમાં તળ વિસ્તારમાં પુરુષો પોતડી/લૂંગી અને બંડી જ્યારે સ્ત્રીઓ કછોર અને ઓઢણી પહેરે છે. પુરુષો લગભગ ચોમાસા સિવાય બહાર રહેતા હોઈ સ્ત્રીઓ વધુ આત્મનિર્ભર અને માનસિક રીતે મજબૂત છે.



વિશેષ ઉલ્લેખનીય છે કે, પારસી કોમની બધી રીતભાત પાશ્ચાત અસર હેઠળની તથા ઉચ્ચવર્ગને મળતી આવે છે. પહેલાં જમીનદારી તથા દારૂ તાડીના ધંધાને લીધે તથા ઉચ્ચ શિક્ષણને લીધે પ્રમાણમાં સમૃદ્ધ પ્રજા પણ આજુબાજુની બધી પ્રજાઓના પહેરવેશ પાઘડી, અલંકારો એ લોકોએ વખતો વખત અપનાવેલા છે પણ ધાર્મિક સ્થળની મૂળભૂત ઓળખ આતશબહેરામ તથા

દેવ તરીકે અગ્નિની પૂજા એમણે સાંગોપાંગ જાળવી રાખી છે. દરરોજ ઘરના આંગણે રંગોળી પૂરવી (ખાસ તો બીબાંથી), લગ્નની વિધિ હંમેશ માટે સાંજે જ કરવી વગેરે રિવાજો અકબંધ છે, એક જાનદાર અને રમૂજવૃત્તિવાળી કોમ મૃતઃપ્રાય થવાને આરે છે. હાલમાં પારસી કોમ પોતાનું અસ્તિત્વ જાળવવા માટે જાગૃત બની છે અને કેટલાક નક્કર આયોજન પણ વિચારાઈ રહ્યા છે.



વિચાર શ્રેણીમાં અત્યંત અર્વાચીન ખ્રિસ્તીઓ અહીંના લોક પ્રવાહમાં સમરસ થઈ ગયા છે. ટૂંકમાં આ બધાં જ્ઞાતિ તથા ધર્મોના પ્રજાસમૂહોના સહઅસ્તિત્વથી આખો જિલ્લો ભાતીગળ સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, લોકજીવનથી એક રમણીય ગુલદસ્તા જેવો ભાસે છે.

જીવનશૈલી રહેણી-કરણી તથા સામાજિક રીત-રિવાજોમાં એક બીજાની અસરને લીધે બધું એકવિધ (મોનોટોનસ) બનતું અટકે છે અને બધે જ ભાતીગળતાની છાપ ઉપસે છે.

સમાજમાં સ્ત્રીઓ, વૃધ્ધો, બાળકો, વિકલાંગો સંક્ષિપ્તમાં કહીએ તો 'આશ્રિત'ની કક્ષામાં ગણાતાં પરિવારજનોનો દરજ્જો ભારતીય સંસ્કૃતિમાં હંમેશા પ્રેમ અને સહાનુભૂતિ ભર્યો અપેક્ષિત રહ્યો છે. ખાસ કરી સ્ત્રીઓને ભારતીય સંસ્કૃતિમાં માન સન્માન મળ્યું છે. વલસાડ જિલ્લામાં સ્ત્રીઓ વિશે એમના સ્વતંત્ર સ્વભાવ, વાચાળ અભિગમ, સ્વનિર્ભરતા અને સહજ વર્તનની હકારાત્મક અને ઊંચી કહેવાય તેવી છાપ ઊભી થાય છે. આદિવાસી સ્ત્રી મધ્યમ વર્ગી હિન્દુ માપદંડમાં ઘણી સ્વતંત્રતા મેળવે છે. ગરીબી, શ્રમ, સંસાધનોની પહોંચના માપદંડમાં મધ્યમ વર્ગીય અને ઉચ્ચ-સ્તરિય તમામ કોમની સ્ત્રીઓની પહોંચ આદિવાસી-શ્રમજીવી ગરીબ કરતાં વધારે છે. સંક્ષિપ્તમાં અરસ-પરસ એવી છાપ છે કે આ વિસ્તારની સ્ત્રીઓ સરેરાશ સુખી છે, એમને ખાસ કોઈ સમસ્યા નથી.

**પ્રવાસન સૌંદર્ય :**

વલસાડ જિલ્લાના પ્રવાસ અને તીર્થ સ્થળો તીથલ-તીર્થભૂમિ છે. સાંઈબાબા, સ્વામિનારાયણ, મહાવીર સ્વામી, વિષ્ણુ ભગવાન, રણછોડરાય બધાના મંદિરો તીથલના દરિયા કિનારે હાજરાહજૂર છે. વલસાડ જિલ્લાને દરિયા કિનારાની અદ્‌ભુત ભેટ છે અને વળી દરિયાદાદા જેવું ધીરગંભીર-દરિયા દિલ છે. દીવાદાંડી પણ છે. પરિવાર સાથે નિરાંતે અહીં ફરી શકાય છે. જૈનોનું શાન્તિનિકેતન હવે તો ખાસ ધાર્મિક-સાંસ્કૃતિક- સાહિત્યિક-યૌગિક અને અધ્યાત્મ કેન્દ્ર બન્યું છે, તો સ્વામિનારાયણ મંદિર વિશિષ્ટ પ્રતિભા સાથે ધ્યાનાકર્ષક બને છે. અચલ વિહાર તીથલ ખાતે ભૂલાભાઈ દેસાઈના બંગલે ગાંધીજી રહેલા તો શ્રીમદ્‌ રાજચંદ્રજીએ અહીં સાધના કરી હતી. પારડીનો પરમ આશ્રમ હાલમાં જ વિકસી રહયો છે. ''જયજય ગરવી ગુજરાત''ના રચયિતા કવિ નર્મદના વિખ્યાત ગીતમાં ઉલ્લેખ પામેલું કુંતેશ્વર મહાદેવનું મંદિર ''કુંતા'' ગામે છે. કુંતા માતાના નામ પરથી વિખ્યાત આ સ્થળ ધાર્મિક પૌરાણિક પ્રવાસ સ્થળ છે.





વલસાડની જુમ્મા મસ્જિદ, બાલેશ્વર-સતી મંદિર, સિદ્ધનાથ, તડકેશ્વર, કોટેશ્વર, પશુપતિનાથ, જ્યોતિ મિનાર, વિદ્યામૃતવર્ષિણી પાઠશાળા, બી.ડી.સી.એ. સ્ટેડિયમ, મોટા બજાર જૈન મંદિર, ઘડુચી તળાવ, દરગાહ, ગણપતિ મંદિર અને વિઠ્ઠલનાથનું મંદિર શ્રદ્ધાળુઓને, પર્યટકોને, ઐતિહાસિક સ્થળોમાં રસ લેનારાને આકર્ષે છે. પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઇનું જન્મ સ્થળ ભદેલીમાં હિંગળાજ માતાજીનું મંદિર અને તળાવ જોવાલાયક સ્થળોની હરોળમાં મહત્ત્વના છે. ભદેલી કોસંબાની વચ્ચે વેકરિયા હનુમાનનું પ્રાચીન મંદિર છે.

વલસાડથી છ કિલોમીટર દૂર પારનેરાનો ડુંગર ઐતિહાસિક-ધાર્મિક મહત્ત્વ સાથે ટ્રેકિંગનું મહત્ત્વ ધરાવે છે. ડુંગર પર જૂની વાવ અને માતાજી તથા હનુમાનજીના મંદિર છે. અહીં આસો સુદ આઠમના મેળાનું મહાત્મ્ય છે.

ધરાસણા મીઠા સત્યાગ્રહની દૃષ્ટિએ ધરાસણા સ્મૃતિ સ્મારકનું અદકેરું મહત્ત્વ છે. દાંડી પછી 'ધરાસણાની ધાડ' નામનો પ્રસંગ હજી પણ લોકોને હૃદયસ્થ છે. આ સ્થળ પ્રજાના ખમીર, બહાદુરી, શહીદીનું પ્રતીક છે. આ સ્થળ આપણી રાષ્ટ્રભક્તિનું મહત્ત્વનું સ્મારક છે, તો મીઠાના અગરોથી પણ જિજ્ઞાસુઓનું ધ્યાન ખેંચે છે...

ધરમપુર શહેર જ્યારે રામનગર રાજ્ય તરીકે જાણીતું હતું ત્યારનું મુખ્ય શહેર-મથક છે. એની સ્થાપના મેવાડના રાજા કે જેઓ ચિતોડના સીસોદીયા રાજાના વંશજ હતા તેમણે ઇ.સ.૧૨૬૨માં કરી હતી. ઇ.સ.૧૩૬૦માં રાણા ધરમશાહે એને ધરમપુર નામ આપ્યું. ધરમપુરના રાજવી અવશેષો હજી છે. છતાં કેટલીક ઈમારતો જૂનો કોટ-રાજમહેલ હવે નામશેષ છે. તો પણ રાધાકૃષ્ણ મંદિર, અગ્નિનારાયણ, લક્ષ્મીનારાયણ તથા કાળારામજીના મંદિર વિશેષ ઉલ્લેખનીય છે. રાધાકૃષ્ણ મંદિર પુરાતત્ત્વીય દૃષ્ટિએ આરક્ષિત જાહેર કરાયેલું છે. ધરમપુર પ્રવેશદ્વાર, લેડી વિલ્સન મ્યુઝિયમ, અવધૂતવાડી, મોહનગઢ-શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ જોવા લાયક છે. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે છે તેનું ખાસ મહત્ત્વ છે. આ કેન્દ્ર વિવિધ પ્રવૃત્તિથી હંમેશા ધબકતું રહે છે. એ તેની વિશિષ્ટતા છે. આદિવાસી વિસ્તારમાં એને અજાયબી કહેવી જોઇએ. તો પણ ધરમપુરનો ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક અને સંગીત-કલાનો ઈતિહાસ જોતાં એ ઉચિત જ છે. અપ્રતિમ કુદરતી સૌંદર્યથી સભર ધરમપુર અને કપરાડા જેવા વિસ્તારો એના અપ્રદૂષિત પર્યાવરણના કારણે જ વધારે રોચક અને મનમોહક બન્યાં છે.

ધરમપુરથી સાત કિ.મી.ના અંતરે બરુમાળ ખાતે શ્રી ભાવભાવેશ્વરનું ભવ્ય મંદિર છે. અન્ય દેવીદેવતા અને દ્વાદશ શિવલિંગ અહીંના અન્ય આકર્ષણ છે. વિશાળ પરિસર, ગૌશાળા અને આદિવાસી વિદ્યાર્થીઓ માટે અહીં શિક્ષણની વ્યવસ્થા છે. મંદિરની બાજુમાં નદીનું સૌંદર્ય મનમોહક છે.

શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ એની સેવાકીય અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે મોહનગઢ ખાતે પ્રખ્યાત કેન્દ્ર બન્યું છે. અહીં વિવિધ વિષયોના જ્ઞાનપ્રસાર માટે શિબિરો થાય છે. યુવા શિબિરોમાં નારાયણ દેસાઇની ગાંધીકથાએ પ્રભાવક અસર ઊભી કરેલી, જ્યારે રાકેશભાઇની નિષ્ઠા અને સાધના પણ પ્રેરક પરિબળ છે.

ત્રણ બાજુ ટેકરીઓ અને ચોથી દિશામાં સમુદ્ર મનોહર દ્રશ્ય ખડું કરે છે. આ વર્ણન ધરમપુરથી ૨૭ કિ.મી.ના અંતરે ૨૩૦૦ ફૂટની ઊંચાઇએ પંગારબારી ગામ ખાતે આવેલા 'વિલ્સન હિલ'નું છે.



આ સ્થળનો વિકાસ હવાખાવાના સ્થળ તરીકે કરવાનું સ્વપ્ન ધરમપુરના રાજવીનું હતું તેથી એમણે ટોચ સુધીનો રસ્તો પણ બંધાવ્યો હતો. હાલમાં ત્યાં છત્રી છે. ઈ.સ.૧૯૨૮માં ગવર્નર વિલ્સને ધરમપુર રાજ્યની મુલાકાત વખતે એમની પ્રતિમા અને ઉપર સરસ છત્ર સાથે આ સ્મૃતિસ્થળ ખુલ્લું મૂક્યું હતું. હવે પ્રતિમા લેડી વિલ્સન મ્યુઝિયમમાં છે. પ્રવાસન સ્થળ તરીકે આ સ્થળના વિકાસની વાત હવે વેગીલી બની ગઈ છે.

વિલ્સન હિલ જેટલું સૌંદર્ય ધરમપુરના જંગલમાં ઠેરઠેર પથરાયેલું છે. ચોમાસામાં એનું સ્વરૂપ ખીલી ઉઠે છે. નદીઓ મસ્તમોજીલી વહે છે. પ્રકૃતિ ચાહકો માટે એ સમય અને સ્થળ ખાસ આકર્ષક છે. ઈકો ટુરીઝમ અને મોન્સુન ટુર માટે એના વિકાસને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

વનૌષધી માટે કપરાડા તાલુકાના પાનસ ખાતે દેશનો સૌ પ્રથમ ઔષધીય ઉદ્યાન બનાવાયો છે. આવું જ પ્રાકૃતિક માહિતી સભર કેન્દ્ર અને વનરાજીથી શોભતા દાબખલ ગામે 'સહ્યાદ્રિ સૃષ્ટિ સેન્ટર' શરૂ કરાયું છે. દાબખલ ધરમપુર-નાસિક રોડ પર કપરાડાથી ૧૦ કિ.મી.ના અંતરે છે. પાનસમાં જ પૂ.પાંડુરંગજી દાદા પ્રેરિત સ્વાધ્યાય પરિવાર દ્વારા ધૌમ્યવૃક્ષ મંદિર છે. આવું જ વૃક્ષ મંદિર વલસાડમાં ભગોદ ખાતે અગત્સ્ય વૃક્ષ મંદિર છે. જેમાં વૃક્ષોનું જતન થાય છે.

કપરાડા તાલુકામાં વલસાડ-નાસિક રાજ્ય ધોરીમાર્ગ પર પાનસ ગામના પાટિયાથી આશરે બાર કિ.મી. દૂર અરણાઈ ગામે ગરમ પાણીના કુંડ છે. અહીં શિવજી અને માતાજીનું મંદિર છે.

વલસાડ તાલુકાના ભૂતસર ગામે મહાલક્ષ્મી માતાજીનું હજારો વર્ષ જૂનું પ્રાચીન મંદિર છે. જે સ્વયં પ્રગટ થયાની લોકવાયકા છે. ચૈત્રી પૂનમે અહીં ભવ્ય મેળો ભરાય છે.

ધરમપુર-વલસાડ રોડ પર વાંકલની બાજુમાં ફલધરા ગામે જલારામ મંદિર છે. અહીં દર્શનાર્થીઓ માટે રોજ અન્નક્ષેત્ર ચાલે છે. વિના મૂલ્યે દવાખાનું પણ ચાલે છે.

સાહિત્ય, આધ્યાત્મ, પર્યાવરણ અને સેવા પ્રવૃત્તિઓના સમન્વયનો સંગમ એટલે ઋષિ કવિ મનિષી પૂ.મકરન્દભાઈ દવે અને સાત પગલાં આકાશમાં જેવી નારી ચેતનાની દીવાદાંડી જેવી નવલકથાના સર્જક કુન્દનિકાબહેનની આનંદ આશ્રમની પરિકલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવા કાર્યરત કેન્દ્ર એટલે નંદિગ્રામ. મહાનગરથી તળપદા જનપદ સુધીની યાત્રા બાદ ધરમપુર-વાંકલ રોડ પર વલસાડ તાલુકામાં 'નંદિગ્રામ' નામના સ્વપ્નનું સર્જન કરી તેઓ બન્ને મિત્રો સાથે સ્થાયી થયાં. અહીં મકરન્દભાઈની સ્મૃતિમાં શાંતિમય-કલામય સમાધિ સ્થળ છે.

આઝાદી પછી ખેડ સત્યાગ્રહથી વિખ્યાત બનેલું પારડી ઐતિહાસિક સ્થળ છે. પારડીનું સાચું નામ કિલ્લા પારડી છે. જે સોળમી સદીમાં બનેલા કિલ્લાના કારણે પ્રખ્યાત છે. સૂરત પર ચઢાઈ કરતાં પહેલાં શિવાજીએ અહીંના શિવ મંદિરમાં પૂજા કરી હતી. દમણમાં પોર્ટુગીઝના અમલમાં પારડી મહત્ત્વનું લશ્કરી થાણું હતું. પારડી પંડિત સાતવળેકરજીના સ્વાધ્યાય મંડળ થકી પણ મહત્ત્વની ઓળખ ધરાવે છે. અહીંથી વેદ-સંદેશ સામયિકનું પ્રકાશન થાય છે. અહીં વિશાળ તળાવ છે.

બગવાડા એના પ્રાચીન જૈન દેરાસરથી, નાનામોટાં વીસ મંદિરોમાં અલ્લશકિત થકી બનાવાયેલા સિધ્ધનાથના શિવ મંદિર અને અર્જુનગઢ પરના મહાલક્ષ્મી મંદિરના કારણે ઐતિહાસિક-ધાર્મિક મહત્ત્વના પ્રવાસન સ્થળ તરીકે નોંધનીય છે. જૈન મંદિર પાલિતાણાની યાદ અપાવે છે.

ધૌમ્ય ઋષિના નામ પરથી ધૌમ્ય ગંગા અને એનું અપભ્રંશ 'દમણગંગા' નામાભિધાન થયું.



અહીં લવાછામાં શિવજીનું મંદિર છે જે સ્વયંભૂ મનાય છે. મંદિર પરિસરમાં પીપળાના વૃક્ષ નીચે ઘસાયેલા શિલાલેખ પર ૧૩૧૦ કે ૧૩૧૭ જેવો આંકડો વંચાય છે. લવાછામાં હોળી ધૂળેટી પર ત્રિદિવસીય મેળો ભરાય છે. જેમાં ગુજરાત, સેલવાસ તેમજ દાદરા-નગરહવેલીના લોકો મોટા પાયે ઘૂમે છે. આ મંદિર એની પ્રાચીનતા સાથે પ્રાકૃતિક સૌંદર્યથી પણ સદાબહાર રહે છે.

દમણગંગા નદી પરનો મધુબન બંધ વલસાડથી ૫૫ કિ.મી. દૂર દાદરા નગરહવેલીને અડીને આવેલો છે. જૂન ૧૯૮૯માં એ બંધાયો, સહ્યાદ્રિમાંથી નીકળતી નદીની લંબાઇ ૧૩૧ કિ.મી. છે. કુલ સ્ત્રાવ વિસ્તાર ૧૮૧૩ ચો.કિ.મી. છે. આ ડેમના પાણીનો લાભ ગુજરાત, દાદરા નગર હવેલી અને દમણને ખેતી તથા ઉદ્યોગ માટે મળે છે.

પારડી પાસે આવેલું પલસાણા (ગંગાજી) રામેશ્વર મહાદેવનું મંદિર અને કુદરતી પાણીના કુંડના કારણે વિખ્યાત છે. લોકવાયકા એવી છે કે, શ્રી રામે તીર મારી અહીં પાણીનું ઝરણું ફોડયું હતું. અહીં શિવલિંગની પૂજા કરી હતી. અહીં શિવરાત્રિએ મોટો મેળો ભરાય છે. ગ્રામજનો અહીં પિતૃ પૂજા પણ કરે છે.

ઉદવાડાના પારસી તીર્થસ્થળ અંગે આ પ્રકરણમાં ઉલ્લેખ આગળ કર્યો છે. ઉદવાડા દરિયા કિનારે આવેલું છે. નદીનું નામ પરીઆરી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ અહીંથી આઠ કિ.મી.ના અંતરે, જિલ્લાનું અંતર ૩૦ કિ.મી. અને તાલુકા મથકથી ૧૫ કિ.મી. દૂર છે. ૧૭૪૨માં નવસારીથી આતશબહેરામ અહીં છુપી રીતે લાવ્યા બાદ સ્થાપના થઇ ત્યારથી આ સ્થળ પારસીઓનું પવિત્ર યાત્રાધામ છે. તેની સાથે આપણા માટે અલભ્ય 'હેરિટેજ' છે.

તે રીતે સંજાણ પારસીઓ માટે 'ગેટ વે ઓફ ઇન્ડિયા' કહી શકાય. અહીં પારસી અગિયારીના ચોગાનમાં કીર્તિસ્તંભ પર જાદીરાણાએ પારસીઓના કરેલા સત્કારનો શિલાલેખ છે. સ્તંભ પર ધરોહરનું પ્રતીક છે. પુરાતત્ત્વીય સંશોધન દ્વારા સાબિત થયું છે કે સંજાણ 'સિલ્કરૂટ' પરનું અતિ મહત્ત્વનું બંદર હતું. ઉપરાંત અહીંનો 'ચાલતો આંબો' અજાયબી જેવો જ છે. સંજાણ જિલ્લા મથકથી ૫૬ કિ.મી. દૂર છે. અમદાવાદ-મુંબઇ રેલવે લાઇન પર છે. નેશનલ હાઇવે નંબર આઠથી બાર કિ.મી.દૂર છે.

ઉમરગામ તાલુકો મહારાષ્ટ્રની સરહદ પર છે. ઉમરગામ વૃંદાવન સ્ટુડિયોના કારણે ખાસ પ્રખ્યાત છે. જ્યાં રામાયણ સિરિયલનું શૂટિંગ થયું હતું. ઉમરગામનો દરિયો શાંત, રમણીય છે. દીવાદાંડી પણ છે. નારગોલનો દરિયો પણ મોહક છે. ફાઇન આર્ટસ કોલેજ, નવસર્જન સ્કૂલ ખાતે આવેલી મહર્ષિ અરવિંદની સમાધિ પણ પ્રવાસીઓ માટે મહત્ત્વ ધરાવે છે.

ભીલાડ સ્ટેશનથી ૧૪ કિ.મી. દૂર ઉમરગામના કલગામ ખાતે ૫૦૦ વર્ષ જૂના રાયણના વૃક્ષના થડમાં હનુમાનજીની મૂર્તિ પ્રગટી જે રાયણીવાળા દાદા તરીકે પ્રખ્યાત છે. શ્રાવણ માસના ચોથા શનિવારે અહીં મેળો ભરાય છે.

ભીલાડથી ચાર કિ.મી. દૂર નંદિગામે સીમંધર સ્વામી જિન મંદિર છે. એમની ૮૧' ની ભવ્ય પ્રતિમા અહીં બિરાજમાન છે. અહીં ઉદ્યાન, ધર્મશાળા, ગૌશાળા, બાળ ક્રીડાંગણ, ભોજનશાળા અને વિરામગૃહની સગવડ છે.

અહીં ધાર્મિક આસ્થાના સ્થાનકો, કુદરતી સ્થળો, દરિયા કિનારા, મ્યુઝિયમ, વનૌષધિ બગીચા, વિજ્ઞાન કેન્દ્ર, આધ્યાત્મ કેન્દ્ર, ઐતિહાસિક સ્થળ, ફિલ્મીસ્તાન આવા અનેક પર્યટન સ્થળની ઝલક

લીધી. પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે આ જિલ્લો પસંદગી પામ્યો છે. અહીં ઇકો ટુરીઝમ ટચ ધરાવતા ફૂડ-હેન્ડીક્રાફ્ટ-મેળા, ખાદી-વસ્ત્ર મેળા, આદિવાસી-ગુજરાતી અલંકાર આભૂષણોના પ્રદર્શન, આદિવાસી કલા કેન્દ્રની પવૃત્તિઓ, સાહિત્ય-સંગીત-નૃત્યના વિશિષ્ટ કાર્યક્રમો, અદ્યતન નાટ્યગૃહો, ફિલ્મીસ્તાન સાથે તાલીમ કેન્દ્ર જેવી પ્રવૃત્તિઓ વિકસી છે. ઇકો ટુરીઝમમાં પક્ષીઓનું મહત્ત્વ ખાસ આ વિસ્તાર સંદર્ભે સમજવા જેવું છે. વલસાડ જિલ્લામાં ૭૮ પ્રકારના પક્ષીઓ નોંધાયેલા છે. જેમાં વિવિધ બતકો, ઝાડચડ, બલેડા, બુલબુલ, નીલકંઠી, પાન્ડુશામા, દૂધરાજ, માખીમાર, નાચણ, લટોરા, રાજાલાલ, ભીમરાજ, વૈયું, કાબર, સુઘરી, પીલકીયો, ભોંચકલી, અગીયા, ખેતરીયો, ફૂલ સુંઘણી, શક્કરખોરો, લાજના, લક્કડખોદ, પોપટ, કોયલ, કલકલિયો, માલકોહા, ઘુવડ, વનચીબરી, સાપમાર, હરિયાળ, બાજ, દરિયાઇ અબલખ, સળીપુચ્છ ગારાખોદ, પાનકાંકણાસર, ટીટોડી, ધોંમડા ધોંમડી, કરકરા, ઢોંક, ડુબકી, ચકલી, કાગડા, સુરખાબ અને મોર-ઢેલ વગેરે છે.


આ પક્ષીઓ ‘પ્રવાસી પરિવાર’ જેવાં છે. એમનાં પ્રજનન સ્થળોનું વૈવિધ્ય દેશ-પરદેશ છે. કાશ્મીર, એશિયા, યુરોપ, રશિયા, બલુચીસ્તાન, સાબિરીયા, ઇરાન, આફ્રિકા, ચીન, તિબેટ, તુર્કિસ્તાન, હિમાલય, સમગ્ર રાજ્ય, સમગ્ર રાષ્ટ્ર અને સ્થાનિક સ્તર સુધી છે.


વલસાડી શું શું વખણાય ? વિલ્સન હિલ, વલસાડી હાફુસ, વલસાડી હાઇકુ, વલસાડી ખાયણાં, વલસાડી દરિયો, વલસાડી ઘેરૈયા, વલસાડી વડ અને સાગ, વલસાડી ઉબાડિયું અને તમામથી વિશેષ ‘વલસાડી વાત...’













પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય ● પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ